યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# યોગબિંદુ

## શબ્દશઃ વિવેચન

ભાગ-૩



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# યોગબિંદુ ભાગ-૩

## શબ્દશઃ વિવેચન


✤ ગ્રંથકાર ✤

યાકિનીમહત્તરાસૂનુ આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા

✤ ટીકાકાર ✤

આચાર્યદેવ શ્રીમદ્ મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવેત્તા, પ્રાવચનિકપ્રતિભાધારક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
શ્રી મોહજિતવિજયજી મહારાજા તથા વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

✻ સંકલન-સંશોધનકારિકા ✻

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના
સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.



✤ પ્રકાશક ✤

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# યોગબિંદુ ભાગ-૩ શબ્દશઃ વિવેચન

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


વીર સં. ૨૫૩૮ ✦ વિ. સં. ૨૦૬૮ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

મૂલ્ય : રૂ. ૩૪૫-૦૦


卐 આર્થિક સહયોગ 卐

પરમપૂજ્ય શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબના
વાંચનાના આરાધક જૈન તરફથી


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૧૩૭

શ્રુતદેવતા ભુવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

❖ મુદ્રક ❖

શાલિભદ્ર ઓફસેટ પોઈન્ટ

૩૧, અમૃત ઈન્ડ. એસ્ટેટ, દૂધેશ્વર બ્રિજ પાસે, દૂધેશ્વર, અમદાવાદ-૪. મો. ૯૮૨૫૦૫૭૦૨૪



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રાપ્તિસ્થાન


**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા,**

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,

ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦

**Email : gitarthganga@yahoo.co.in**
**gitarthganga@gmail.com**

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**

'દર્શન' ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,

વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,

હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.

☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬

**Email : saurin108@yahoo.in**

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**

૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,

જવાહરલાલ નહેરૂ રોડ,

સર્વોદય પાર્શ્વનાથનગર, જૈન દેરાસરની પાછળ,

મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.

☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬

**Email : lalitent@vsnl.com**

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,

દફતરી રોડ, ગૌશાળા લેન,

બીના જ્વેલર્સની ઉપર,

મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.

☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

**Email : divyaratna_108@yahoo.co.in**

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,

બાબુનિવાસની ગલી,

ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.

☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩

**✤ જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,

C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,

જામનગર-૩૬૧૦૦૧.

☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦

**Email : karan.u.shah@hotmail.com**

**✤ BANGALORE :**

**Shri Vimalchandji**

**C/o. J. Nemkumar & Co.**

**Kundan Market, D. S. Lane,**

**Chickpet Cross, Bangalore-560053.**

☎ **(080) (O) 22875262 (R) 22259925**
**(Mo.) 9448359925**

**Email : amitvgadiya@gmail.com**

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,

રાજકોટ-૩૬૦૦૦૧.

☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩

**Email : shreeveer@hotmail.com**

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા **Encyclopedia** (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ.

તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. યોગદૃષ્ટિસમુચ્ચય
૩. કર્મવાદ કર્ણિકા
૪. સદ્ગતિ તમારા હાથમાં !
૫. દર્શનાચાર
૬. શાસન સ્થાપના
૭. અનેકાંતવાદ
૮. પ્રશ્નોત્તરી
૯. ચિત્તવૃત્તિ
૧૦. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૧. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૨. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૩. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૪. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૫. जैनशासन स्थापना
૧૬. चित्तवृत्ति
૧૭. श्रावक के बारह व्रत एवं विकल्प
૧૮. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૯. प्रश्नोत्तरी

२०. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
२१. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
२२. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
२३. जिनशासन स्वतंत्र धर्म या संप्रदाय ?
२४. Is Jaina Order Independent Religion or Denomination ?
२५. Status of religion in modern Nation State theory
२६. ગૃહજિનાલય મહામંગલકારી
२७. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી

| | |
|---|---|
| ૧. શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૨. શ્રી નવપદ આરાધના વિધિ | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૪. स्वतंत्र भारत में धर्म परतंत्र !!!!! (હિન્દી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૫. Right to Freedom of Religion !!!!! (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૬. 'રક્ષાધર્મ' અભિયાન (ગુજરાતી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૭. 'Rakshadharma' Abhiyaan (અંગ્રેજી) | સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ |
| ૮. સેવો પાસ સંખેસરો (ગુજ.) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |
| ૯. सेवो पास संखेसरो (હિન્દી) | સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનનાં ગ્રંથો

### વિવેચનકાર :– પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક–વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧ (સૂત્ર ૧–૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ–૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૨ (સૂત્ર ૩–૪–૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૩
૨૦. દાનદ્વાત્રિંશિકા–૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા–૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા–૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા–૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા–૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા–૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા–૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા–૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા–૧૧ શબ્દશઃ વિવેચન

૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા-૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા-૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા-૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા-૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા-૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા-૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા-૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા-૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા-૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા-૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા-૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા-૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા-૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા-૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧

૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા-૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન
૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩

## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

# યોગબિંદુ ભાગ-૩ના
# સંકલનની વેળાએ પ્રાસ્તાવિક

અનાદિકાળથી સંસારની કદર્થના પામતાં જીવોને આ કદર્થનાથી સર્વથા છૂટવું હોય તો નિરુપદ્રવ એવા મોક્ષને પ્રાપ્ત કરવો પડે અને મોક્ષને પામવો હોય તો સંસારપથને છોડીને મોક્ષપથ પર ચાલવું પડે. મોક્ષમાર્ગ ઢીલા-પોચાને માટે ઘણો લાંબો-કઠિન અને કષ્ટસાધ્ય છે, જ્યારે ઉદ્યમી-ઉત્સાહીને માટે ટૂંકો-સરળ-અલબેલો-મનોહર-સુખકર અને આનંદકર છે. આવો મોક્ષમાર્ગ ભવ્યજીવોને બતાવવા માટે તથા મોક્ષની સાચી ઓળખ, સમજ અને પ્રતીતિ કરાવવા માટે પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગબિંદુ ગ્રંથની રચના કરી અને એવી સુંદર યુક્તિ-પ્રયુક્તિઓ દ્વારા મોક્ષમાર્ગ=અધ્યાત્મમાર્ગ=યોગમાર્ગ સમજાવ્યો કે બિંદુમાં સિંધુનો સમાવેશ કરી દીધો. યોગબિંદુને યોગસિંધુ એટલા માટે કહું છું કે જો આ યોગબિંદુ યથાર્થ સમજાય તો યોગની આરાધના મુક્તિનગર સુધી પહોંચાડવા સમર્થ છે.

વળી, ૫૨૭ શ્લોક પ્રમાણ આ વિશાળ ગ્રંથમાં જો યોગશાસ્ત્રનું બિંદુ જ નિર્માણ થતું હોય તો સંપૂર્ણ યોગશાસ્ત્રનું અવગાહન કેટલું ઊંડું રહસ્યમય વિશાળ હશે તેની તો કલ્પનામાત્ર જ કરવાની રહે છે, અલબત્ત કલ્પનાતીત છે.

મોક્ષમાર્ગ ચાલવાની પથ્થરની સડક નથી, એ તો ક્રમસર મનની ઉચ્ચ-ઉચ્ચતર ભૂમિકા છે. આત્માની અશુદ્ધ અવસ્થા સંસારમાર્ગ છે અને ક્રમસર આત્માની વધતી શુદ્ધિ એ જ મોક્ષમાર્ગ છે, તેમાં મહત્ત્વની શુદ્ધિરૂપ મોક્ષમાર્ગની ચરમાવર્ત, સમ્યગ્દર્શન આદિ ભૂમિકાઓનું વર્ણન કરીને પૂ. આ.ભ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજાએ અમારા સરીખા પામર જીવો ઉપર અસીમ ઉપકાર કર્યો છે, કોટી ભવે પણ તેમના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી.

પૂર્વના પરમ સુપુણ્યના વિપાકોદયે તથા પૂ. નિર્મળચંદ્રસૂરિ મહારાજાની (સંસારી પક્ષે ભાઈ મહારાજની) આજ્ઞાથી પંડિતપ્રવર શ્રી પ્રવીણભાઈ મોતા પાસે આ ગ્રંથનો અભ્યાસ કરવાનો મને સુયોગ સાંપડ્યો, તેઓની હું ઋણી છું.

'कल्याणमस्तु सर्वजीवानाम्'

વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,
તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર.

શાસનસમ્રાટ પૂજ્ય નેમિસૂરિ મહારાજ સાહેબ
સમુદાયના પૂ. સાધ્વી શ્રી ચારિત્રશ્રીજી મ.સા.ના
પ્રશિષ્યા સાધ્વી શ્રી ઋજુમતિશ્રીજી.

# યોગબિંદુ ભાગ-૩ની
# સંકલના

પ્રથમ ભાગમાં પરિણામી આત્મા સ્વીકારવાથી પુરુષાર્થની સિદ્ધિ પ્રત્યે દૈવ અને પુરુષકાર તુલ્ય કારણરૂપે સંગત થાય છે તેમ શ્લોક-૨૧માં કહેલ અને કહેલ કે દૈવ અને પુરુષકાર કઈ રીતે તુલ્ય કારણ છે તે આગળ બતાવાશે. તેથી હવે શ્લોક-૩૧૮થી દૈવ અને પુરુષકાર કઈ રીતે પરસ્પર આશ્રય કરીને જીવના પ્રયત્નને સફળ કરે છે અને કઈ રીતે જીવના પ્રયત્નને નિષ્ફળ કરે છે અને સુખનો અર્થી જીવ સમ્યગ્ પુરુષકાર દ્વારા કઈ રીતે ઇષ્ટ એવા સુખને પ્રાપ્ત કરી શકે છે અને ચરમાવર્ત પૂર્વે દૈવ બલવાન હોવાથી આત્મહિત માટેનો જીવનો પુરુષકાર કેમ નિષ્ફળ થાય છે અને ચરમાવર્તમાં વિવેકસંપન્ન જીવ કઈ રીતે સમ્યક્ પુરુષકાર કરીને આત્મહિત સાધી શકે છે તેનો બોધ કરાવવા અર્થે દૈવ અને પુરુષકારનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે, જેનાથી બોધ થાય કે યોગમાર્ગની નિષ્પત્તિમાં પણ માત્ર પુરુષકાર કારણ નથી, પરંતુ દૈવ અને પુરુષકાર પરસ્પર સાપેક્ષ રીતે જોડાયેલા કારણ છે, આ રીતે દૈવ અને પુરુષકારનું પરસ્પર સાપેક્ષપણું બતાવ્યા પછી ચરમાવર્તમાં આવેલા જીવો પુરુષકારથી કઈ રીતે ગ્રંથિભેદ કરે છે અને ત્યારપછી દૈવનો બાધ કરીને અધ્યાત્માદિ યોગોને પ્રાપ્ત કરે છે અને તે વખતે તેઓનું ઉત્તમમાનસ કેવા પ્રકારનું હોય છે અને તેવા જીવોને ઉપદેશ કઈ રીતે નિમિત્તકારણ બને છે તેનું સ્વરૂપ બતાવ્યા પછી અધ્યાત્માદિ પાંચ પ્રકારના યોગોનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે.

વળી તાત્ત્વિક-અતાત્ત્વિક આદિ યોગના ભેદો છે તેમ પૂર્વમાં કહેલ તે સર્વનું પણ વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે.

વળી આદ્યભૂમિકામાં યોગ્ય જીવોએ અધ્યાત્મની નિષ્પત્તિ માટે કઈ રીતે જપ કરવો જોઈએ અને જેઓ તે જપવિધિનો વિચાર કર્યા વગર યથા-તથા જપ કરે છે તે મિથ્યાચાર છે તેનાથી અધ્યાત્મ પ્રગટે નહિ, માટે અધ્યાત્મના અર્થીએ જપની, પ્રતિક્રમણ આદિ ક્રિયાની ઉચિત વિધિ જાણીને તે રીતે યત્ન કરવો જોઈએ જેથી અધ્યાત્મની પ્રાપ્તિ થાય તેનું વિસ્તારથી સ્વરૂપ બતાવેલ છે.

આ રીતે યોગવિશેષના બળથી તીર્થંકરો કેવળજ્ઞાનને પામીને સદ્દેશનામાં પ્રવર્તે છે, તેથી સાક્ષાત્ કેવળજ્ઞાનથી જોઈને યોગમાર્ગનું નિરૂપણ કરનારા તીર્થંકરો છે, માટે તેમના વચનાનુસાર સેવાયેલો યોગમાર્ગ જ કલ્યાણનું એક કારણ છે, ઇત્યાદિ વર્ણન કરીને સદ્ગોચરાદિની સંશુદ્ધિ યોગવિષયક શું છે તેનું આલોચન કરીને બુદ્ધિમાન પુરુષે યોગમાર્ગમાં પ્રવર્તવું જોઈએ, પરંતુ આ અમારો સિદ્ધાંત છે કે આ પરકીય છે તે પ્રકારનો આગ્રહ કરીને સ્વદર્શનના રાગથી કે પરદર્શનના દ્વેષથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ નહિ, તે પ્રકારે સંક્ષેપ કથન કરેલ છે.

છદ્મસ્થતાને કારણે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયથી વિરુદ્ધ જો કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**– પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

**વિ. સં. ૨૦૬૭, શ્રાવણ સુદ-૩,**
**તા. ૨-૮-૨૦૧૧, મંગળવાર,**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ-૭.**
**ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪**

# અનુક્રમણિકા



| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૧૮ | અનેકાંતવાદમાં દૈવ અને પુરુષકારની સંગતી. | ૧-૩ |
| ૩૧૯-૩૨૪ | વ્યવહારનયથી અને નિશ્ચયનયથી દૈવ અને પુરુષકારનું સ્વરૂપ. | ૩-૧૫ |
| ૩૨૫ | દૈવ અને પુરુષકારનું સ્વરૂપ. | ૧૫-૧૭ |
| ૩૨૬ | પુરુષકાર વગર દૈવની સ્વફલ અસાધકતા. | ૧૭-૧૮ |
| ૩૨૭-૩૨૯ | દૈવ અને પુરુષકારમાં પરસ્પર ઉપઘાત્ય-ઉપઘાતક ભાવ. | ૧૮-૨૫ |
| ૩૩૦ | પુરુષ અને કર્મના તથા સ્વભાવને કારણે જ દૈવ અને પુરુષકારથી ફલની પ્રાપ્તિ. | ૨૬-૨૭ |
| ૩૩૧-૩૩૩ | દૃષ્ટાંતથી દૈવ અને પુરુષકારના બાધ્ય-બાધક ભાવનું સ્વરૂપ. | ૨૮-૩૩ |
| ૩૩૪-૩૩૬ | પુરુષકારથી દૈવને બાધ્ય સ્વીકારવામાં યુક્તિ. | ૩૪-૩૯ |
| ૩૩૭-૩૩૮ | ચરમાવર્તમાં પ્રાયઃ પુરુષકારથી દૈવનો બાધ. | ૩૯-૪૪ |
| ૩૩૯ | પુરુષકારથી ગ્રંથિભેદ અને ઉત્તરના યોગમાર્ગની પ્રાપ્તિ. | ૪૪-૪૬ |
| ૩૪૦-૩૪૩ | ગ્રંથિભેદ થવાથી જીવની વિવેકપૂર્વકની પ્રવૃત્તિ. | ૪૬-૫૨ |
| ૩૪૪-૩૪૬ | સમ્યગ્દૃષ્ટિની ભાવથી ઉચિત પ્રવૃત્તિ, તેનું સ્વરૂપ. | ૫૨-૫૭ |
| ૩૪૭-૩૪૯ | સમ્યગ્દૃષ્ટિને વિશિષ્ટ ઉચિત પ્રવૃત્તિ કરાવવા અર્થે ઉપદેશના સાફલ્યનું સ્વરૂપ. | ૫૭-૬૪ |
| ૩૫૦ | સત્ક્ષયોપશમથી અનુષ્ઠાનના શુભપણાની પ્રાપ્તિ. | ૬૪-૬૫ |
| ૩૫૧ | સત્ક્ષયોપશમથી કરાયેલા અનુષ્ઠાન દ્વારા ધ્રુવ ભાવવૃદ્ધિ. | ૬૫-૬૭ |
| ૩૫૨ | સમ્યગ્દૃષ્ટિને પલ્યોપમ પૃથક્ત્વ કર્મના હ્રાસથી ચારિત્રની પ્રાપ્તિ. | ૬૭-૬૯ |
| ૩૫૩-૩૫૫ | સમ્યગ્દૃષ્ટિના લિંગો. | ૬૯-૭૪ |
| ૩૫૬ | માર્ગાનુસારી લિંગો વગરના જીવોનું આચરણાત્મક ચારિત્ર શબ્દમાત્રરૂપ. | ૭૪-૭૬ |
| ૩૫૭ | દેશ અને સર્વ ચારિત્રીને અધ્યાત્માદિ યોગની પ્રાપ્તિ. | ૭૭-૭૮ |
| ૩૫૮ | અધ્યાત્મનું સ્વરૂપ. | ૭૮-૭૯ |
| ૩૫૯ | અધ્યાત્મનું ફલ. | ૮૦-૮૧ |
| ૩૬૦ | ભાવનાનું સ્વરૂપ. | ૮૧-૮૨ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૬૧ | ભાવનાનું ફલ. | ૮૩-૮૪ |
| ૩૬૨ | ધ્યાનનું સ્વરૂપ. | ૮૪-૮૬ |
| ૩૬૩ | ધ્યાનનું ફલ. | ૮૬-૮૮ |
| ૩૬૪ | સમતાનું સ્વરૂપ. | ૮૮-૮૯ |
| ૩૬૫ | સમતાનું ફલ. | ૯૦-૯૧ |
| ૩૬૬ | વૃત્તિસંક્ષયનું સ્વરૂપ. | ૯૧-૯૩ |
| ૩૬૭ | વૃત્તિસંક્ષયનું ફલ. | ૯૩-૯૪ |
| ૩૬૮ | તાત્ત્વિક-અતાત્ત્વિક યોગના ભેદનું સ્વરૂપ. | ૯૫-૯૬ |
| ૩૬૯ | અપુનર્બંધકને વ્યવહારથી અધ્યાત્મ-ભાવનારૂપ તાત્ત્વિકયોગ નિશ્ચયથી ચારિત્રીને અધ્યાત્મ-ભાવનારૂપ તાત્ત્વિકયોગ. | ૯૬-૯૭ |
| ૩૭૦ | સકૃદ્‌બંધકાદિને અતાત્ત્વિકયોગ. | ૯૭-૯૯ |
| ૩૭૧ | ચારિત્રીને ધ્યાનાદિરૂપ તાત્ત્વિકયોગ. | ૯૯-૧૦૦ |
| ૩૭૨ | સાનુબંધ અને નિરનુબંધ યોગનું સ્વરૂપ. | ૧૦૧-૧૦૨ |
| ૩૭૩ | યોગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત અપાયનું સ્વરૂપ. | ૧૦૨-૧૦૪ |
| ૩૭૪ | યોગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત ૩ અપાયનું સ્વરૂપ. | ૧૦૪-૧૦૭ |
| ૩૭૫-૩૭૭ | સાસ્રવ-અનાસ્રવ યોગનું સ્વરૂપ. | ૧૦૭-૧૧૨ |
| ૩૭૮ | સયોગી કેવલીમાં વ્યવહારથી અનાસ્રવ યોગ, અયોગી કેવલીમાં નિશ્ચયથી અનાસ્રવ યોગ. | ૧૧૨-૧૧૪ |
| ૩૮૦ | અધ્યાત્મના અનેક ભેદો. | ૧૧૫-૧૧૭ |
| ૩૮૧ | આદિધાર્મકને આશ્રયીને જપ અધ્યાત્મરૂપ. | ૧૧૭-૧૧૮ |
| ૩૮૨ | જપનું સ્વરૂપ. | ૧૧૮-૧૨૦ |
| ૩૮૩-૩૮૮ | જપ કરવાની વિધિ. | ૧૨૦-૧૨૯ |
| ૩૮૯ | મતાંતરથી અધ્યાત્મનું સ્વરૂપ. | ૧૨૯-૧૩૦ |
| ૩૯૦ | યોગ સ્વીકરાવા માટે સ્વઔચિત્યના આલોચનનું સ્વરૂપ. | ૧૩૦-૧૩૨ |
| ૩૯૧ | યોગમાર્ગ સ્વીકારવા માટેના લિંગો. | ૧૩૨-૧૩૪ |
| ૩૯૨-૩૯૩ | ઔચિત્યાદિના આલોચનપૂર્વક કરાયેલી ધર્મપ્રવૃત્તિ અત્યંત ફલને દેનાર. | ૧૩૪-૧૩૭ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૯૪ | સ્વીકારાયેલ યોગમાર્ગમાં પાતથી રક્ષણ અર્થે આત્મસંપ્રેક્ષણ. | ૧૩૭-૧૩૮ |
| ૩૯૫ | યોગથી પાતના ભયાદિમાં રક્ષણના ઉચિત ઉપાયો. | ૧૩૮-૧૪૦ |
| ૩૯૬ | સર્વ ઉચિતપ્રવૃત્તિઓ અધ્યાત્મરૂપ. | ૧૪૦-૧૪૧ |
| ૩૯૭-૪૦૦ | મતાંતરથી અધ્યાત્મનું સ્વરૂપ. | ૧૪૨-૧૫૦ |
| ૪૦૧ | પ્રતિક્રમણ કરવાનું પ્રયોજન. | ૧૫૦-૧૫૧ |
| ૪૦૨ | મૈત્રી આદિ ચારનું સ્વરૂપ. | ૧૫૧-૧૫૩ |
| ૪૦૩ | મૈત્રી આદિ ભાવો કરવા માટે યોગ્યતાવાળા જીવોનું સ્વરૂપ. | ૧૫૩-૧૫૪ |
| ૪૦૪ | ચિત્ર પ્રકારના અધ્યાત્મ. | ૧૫૫-૧૫૬ |
| ૪૦૫ | ભાવનાદિ ત્રણના અભ્યાસથી વૃત્તિસંક્ષયની પ્રાપ્તિ. | ૧૫૭-૧૫૮ |
| ૪૦૬-૪૦૯ | વૃત્તિસંક્ષયનું સ્વરૂપ. | ૧૫૮-૧૬૪ |
| ૪૧૦ | ઉપાયથી અધ્યાત્મની પ્રાપ્તિ. | ૧૬૪-૧૬૬ |
| ૪૧૧ | અધ્યાત્માદિની પ્રાપ્તિના ૬ ઉપાયો. | ૧૬૬-૧૬૮ |
| ૪૧૨-૪૧૩ | અધ્યાત્માદિની પ્રાપ્તિમાં ૬ ઉપાયોમાંથી નિશ્ચય ઉપાયનું સ્વરૂપ. | ૧૬૮-૧૭૪ |
| ૪૧૪ | આત્માનો સ્વભાવ સ્વીકાર કરાયે છતે પુરુષકારનું સાફલ્ય. | ૧૭૪-૧૭૬ |
| ૪૧૫ | અકરણ નિયમથી વૃત્તિઓનો નિરોધ. | ૧૭૬-૧૭૮ |
| ૪૧૬-૪૧૭ | ગ્રંથિભેદના અને બે ગતિના ઉચ્છેદના અકરણનિયમની પ્રાપ્તિ. | ૧૭૮-૧૮૧ |
| ૪૧૮ | બે ગતિના ઉચ્છેદમાં પ્રધાન કારણ કરુણા. | ૧૮૧-૧૮૪ |
| ૪૧૯ | સંપ્રજ્ઞાત સમાધિનું સ્વરૂપ. | ૧૮૪-૧૮૫ |
| ૪૨૦ | સંપ્રજ્ઞાત સમાધિનું ફલ. | ૧૮૬-૧૯૦ |
| ૪૨૧ | અસંપ્રજ્ઞાત સમાધિનું ફલ. | ૧૮૭-૧૯૦ |
| ૪૨૨ | અસંપ્રજ્ઞાત સમાધિના વાચક અન્ય નામો. | ૧૯૦-૧૯૨ |
| ૪૨૩ | સર્વ સમાધિઓનું ફળ. | ૧૯૨-૧૯૩ |
| ૪૨૪ | અધ્યાત્માદિ પ્રાપ્તિ પ્રત્યે તથાભવ્યત્વ હેતુ. | ૧૯૪-૧૯૫ |
| ૪૨૫ | તીર્થંકરોની અધિકારવશ દેશનામાં પ્રવૃત્તિ. | ૧૯૫-૧૯૭ |
| ૪૨૬ | તીર્થંકરોની અવંધ્ય દેશના. | ૧૯૭-૧૯૮ |
| ૪૨૭ | કેટલાક દર્શનકારોના મતે કેવલજ્ઞાનનો અસ્વીકાર. | ૧૯૮-૨૦૦ |
| ૪૨૮ | કેવલજ્ઞાનના સ્વીકારની યુક્તિ. | ૨૦૦-૨૦૨ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૪૨૯ | કેવલજ્ઞાનની પ્રાપ્તિથી જ સદ્દેશના અને આગમની પ્રાપ્તિ. | ૨૦૨-૨૦૪ |
| ૪૩૦ | આત્માના જ્ઞ સ્વભાવને કારણે આત્માનું ચિત્ સ્વરૂપ. | ૨૦૪-૨૦૬ |
| ૪૩૧-૪૩૨ | આત્માનાં જ્ઞ સ્વભાવની સ્થાપક યુક્તિ. | ૨૦૬-૨૦૯ |
| ૪૩૩-૪૩૪ | દેશના વિપ્રકર્ષમાં પણ કેવલીને સર્વવિષયક બોધનો સંભવ. | ૨૦૯-૨૧૩ |
| ૪૩૫-૪૩૭ | કેવલજ્ઞાનની સ્થાપક યુક્તિ. | ૨૧૩-૨૧૮ |
| ૪૩૯-૪૪૩ | સર્વજ્ઞના પ્રતિષેધ વિષયક કુમારિલની યુક્તિનું નિરાકરણ. | ૨૨૦-૨૨૮ |
| ૪૪૪-૪૫૭ | સાંખ્ય મતાનુસાર સિદ્ધ અવસ્થામાં સર્વ જ્ઞેયના જ્ઞાનના અભાવ, તેનું નિરાકરણ. | ૨૨૮-૨૫૧ |
| ૪૫૮-૪૭૭ | નૈરાત્મ્યદર્શનથી મોક્ષને સ્વીકારનાર બૌદ્ધમતનું નિરાકરણ. | ૨૫૧-૨૮૩ |
| ૪૭૮-૪૮૩ | એકાંત નિત્ય આત્માના અસ્વીકારની યુક્તિ. | ૨૮૪-૨૯૩ |
| ૪૮૪-૪૮૫ | પરિણામી આત્માની સ્થાપક યુક્તિ. | ૨૯૩-૨૯૫ |
| ૪૮૬ | બંધથી ભવની પ્રાપ્તિ આત્માના એકાંત નિત્ય સ્વભાવમાં બંધની અપ્રાપ્તિ. | ૨૯૬-૨૯૭ |
| ૪૮૭ | આત્માને એકાંત નિત્ય સ્વીકારનાર સાંખ્યમતાનુસાર બંધનું સ્વરૂપ. | ૨૯૭-૨૯૯ |
| ૪૮૮-૪૮૯ | સાંખ્યમતાનુસાર યોગમાર્ગ અને મોક્ષ કલ્પનામાત્રથી ભદ્રક. | ૨૯૯-૩૦૨ |
| ૪૯૦-૪૯૧ | પરિણામી આત્મા સ્વીકારવાથી યોગમાર્ગનો સંભવ. | ૩૦૨-૩૦૫ |
| ૪૯૨ | યોગના અભ્યાસથી ભવને લાવનાર પરિણામનો જય. | ૩૦૫-૩૦૬ |
| ૪૯૩ | પરિણામી આત્મા સ્વીકારવાથી જ તાત્ત્વિક યોગની સંગતિ. | ૩૦૬-૩૦૮ |
| ૪૯૪ | મુક્તિના સ્વરૂપ વિષયક અન્ય અન્ય દર્શનના ભિન્ન ભિન્ન નામો. | ૩૦૮-૩૦૯ |
| ૪૯૫ | કર્મક્ષયથી થનારી સમાધિનું સ્વરૂપ. | ૩૧૦-૩૧૧ |
| ૪૯૬ | સમાધિ અને મુક્તિનો ભેદ. | ૩૧૧-૩૧૨ |
| ૪૯૭ | સંયોગની યોગ્યતાના અભાવને કારણે મુક્તજીવોને ફરી ભવની અપ્રાપ્તિ. | ૩૧૨-૩૧૪ |
| ૪૯૮-૫૦૦ | કર્મબંધની યોગ્યતા જીવના સ્વભાવભૂત હોવ છતાં તેના નિવર્તનની યુક્તિ. | ૩૧૪-૩૧૮ |
| ૫૦૧-૫૦૨ | પરિણામીપણામાં જ સ્વભાવની નિવૃત્તિ. | ૩૧૯-૩૨૧ |

| શ્લોક નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૫૦૩-૫૦૫ | કર્મસંયોગની યોગ્યતાના અભાવમાં પ્રગટ થતું જીવનું સ્વરૂપ. | ૩૨૧-૩૨૫ |
| ૫૦૬ | યોગના સેવનનું મુખ્ય ફળ. | ૩૨૫-૩૨૬ |
| ૫૦૭-૫૦૯ | યોગમાર્ગની પ્રાપ્તિના અર્થીએ સદ્ગોચરાદિની સંશુદ્ધિ અવશ્ય આશ્રયણીય. | ૩૨૭-૩૩૧ |
| ૫૧૧-૫૧૨ | ગોચરાદિશુદ્ધિથી યોગભેદનું વર્ણન રમ્ય અને ગોચરાદિ શુદ્ધિ વગરના યોગભેદનું વર્ણન અરમ્ય. | ૩૩૨-૩૩૫ |
| ૫૧૩-૫૨૩ | પુરુષ અદ્વૈતમતમાં અને બૌદ્ધમતમાં સંસારમુક્તનું વર્ણન વંધ્યા સ્ત્રીના પુત્રના ભેદના વર્ણન તુલ્ય. | ૩૩૫-૩૫૫ |
| ૫૨૪-૫૨૫ | મધ્યસ્થતાપૂર્વક ગોચરાદિ શુદ્ધિની મીમાંસાથી સમ્યગ્દૃષ્ટિપણાની પ્રાપ્તિ. | ૩૫૬-૩૫૮ |
| ૫૨૬ | યોગબિંદુના ઉદ્ધારનું પ્રયોજન. | ૩૫૯-૩૬૦ |
| ૫૨૭ | ગ્રંથકર્તાનું પ્રણિધાન. | ૩૬૦-૩૬૧ |


❋ ❖ ❋

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

**સૂરિપુરંદર, યાકિનીમહત્તરાસૂનુ આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા વિરચિત**
**આ. શ્રી મુનિચંદ્રસૂરિ વિરચિત ટીકા સમન્વિત**

# યોગબિંદુ ભાગ-૩

## શબ્દશઃ વિવેચન

**અવતરણિકા :-**

**अथ दैवपुरुषकारश्चेत्यादि (२१तमे श्लोके) यत्प्रागुक्तमासीत्तत्तथैवानूद्य समर्थयमान आह –**

**અવતરણિકાર્થ :-**

**હવે દૈવ અને પુરુષકાર ઈત્યાદિ જે પૂર્વમાં કહેલું હતું=શ્લોક-૨૧માં કહેલું હતું, તેને તે પ્રકારે જ ઉદ્દેશીને=જે પ્રકારે શ્લોક-૨૧માં કહેલ તે પ્રકારે જ ઉદ્દેશીને, સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૧માં કહેલું કે આત્માને નિત્ય-અનિત્ય, સદ્-અસદ્રૂપ સ્વીકારવામાં આવે તો દૈવ અને પુરુષકાર સર્વ કાર્ય પ્રત્યે સમ સામર્થ્યવાળા છે એ પ્રકારે સ્પષ્ટ ઘટે છે એ કથનને તે પ્રકારે જ ઉદ્દેશીને હવે તે દૈવ અને પુરુષકાર કઈ રીતે સમ સામર્થ્યવાળા છે તે કહેવાના આશયથી કહે છે.

અહીં વિશેષ એ છે કે તથાભવ્યત્વને કારણે જીવો તીર્થંકર, ગણધર કે મુંડકેવલી થાય છે તે યુક્તિથી અત્યાર સુધી સ્થાપન કર્યું અને બતાવ્યું કે દરેક જીવનો જે પ્રકારનો સ્વભાવ છે તે સ્વભાવ અનુસાર જ સંસારમાં તે તે ભાવોને પામીને ચરમભવને પ્રાપ્ત કરે છે.

તેથી એ ફલિત થયું કે જે જીવનો જે પ્રકારનો ભવ્યત્વ સ્વભાવ છે તે પ્રકારે ચરમભવને પામીને તે જીવ મુક્તિને પામે છે, તેથી કોઈને ભ્રમ થાય કે જીવમાં રહેલી નિયતિ અનુસાર જ તે જીવ ચરમભવને પામીને

મોક્ષ પ્રાપ્ત કરશે. માટે મોક્ષરૂપ પુરુષાર્થ સિદ્ધિ પ્રત્યે જીવનો પુરુષકાર આવશ્યક નથી, પરંતુ તેના ભવ્યત્વથી જ ફળની પ્રાપ્તિ થશે એ પ્રકારના ભ્રમના નિવારણ અર્થે પુરુષાર્થ સિદ્ધિ પ્રત્યે દૈવ અને પુરુષકાર કઈ રીતે સમાન સ્વરૂપે કારણ છે તે યુક્તિ અનુસાર સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**दैवं पुरुषकारश्च, तुल्यावेतदपि स्फुटम् ।**
**एवं व्यवस्थिते तत्त्वे, युज्यते न्यायतः परम् ।।३१८।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું એ પ્રમાણે પરિણામિત્વ આદિ પ્રકારથી, तत्त्वे व्यवस्थिते=તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે=જીવાદિ પદાર્થ વ્યવસ્થિત હોતે છતે, दैवं पुरुषकारश्च=દૈવ અને પુરુષકાર, तुल्यौ=તુલ્ય છે=પુરુષાર્થ સિદ્ધિ પ્રત્યે સમ સામર્થ્યવાળા છે, एतदपि=એ પણ=શાસ્ત્રાંતરમાં જે કહેવાયું છે એ પણ, स्फुटं=સ્પષ્ટ, न्यायतः=ન્યાયથી, परम्=કેવલ, युज्यते=ઘટે છે. (અન્યથા ઘટતા નથી.) ॥૩૧૮॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે દૈવ અને પુરુષકાર તુલ્ય છે એ પણ સ્પષ્ટ ન્યાયથી કેવલ ઘટે છે. ॥૩૧૮॥**

**ટીકા :-**

**'दैवं पुरुषकारश्च तुल्यावेतदपि स्फुटम्' इति प्राग्वत्, एवं=उक्तरूपेण, परिणामित्वादिना व्यवस्थिते= प्रतिष्ठिते, तत्त्वे जीवादौ युज्यते=घटते, न्यायतो=नीत्या, परं=केवलं, न पुनरन्यथेति ।।३१८।।**

**ટીકાર્થ :-**

**'दैवं ..... पुनरन्यथेति ।। દૈવ અને પુરુષકાર તુલ્ય છે એ પણ સ્પષ્ટ ઘટે છે એ પ્રકારનો શ્લોકના પૂર્વાર્ધનો અર્થ પૂર્વની જેમ છે=શ્લોક-૨૧માં કહેલ છે એ પ્રમાણે છે. આ રીતે=ઉક્તસ્વરૂપથી, પરિણામિત્વાદિ રૂપે જીવાદિ તત્ત્વ વ્યવસ્થિત હોતે છતે=પ્રતિષ્ઠિત હોતે છતે, ઘટે છે=દૈવ અને પુરુષકાર તુલ્ય ઘટે છે, કઈ રીતે ઘટે છે ? ન્યાયથી કેવલ ઘટે છે=નીતિથી ઘટે છે, વળી અન્યથા=જીવાદિ તત્ત્વ પરિણામી ન હોય તો, ઘટતા નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૧૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે ઈશ્વર અને પ્રધાનનું પરિણામીપણું કાલાતીતના વચનાનુસાર સ્થિત છે, તેથી જીવ અને કર્મ બંને પરિણામી છે અને દરેકનો તે તે પ્રકારનો પરિણામ પામવાનો સ્વભાવ

છે એ પ્રમાણે વસ્તુ સ્વીકારવામાં આવે તો અન્ય શાસ્ત્રોમાં દૈવ અને પુરુષકાર પુરુષાર્થની પ્રાપ્તિ પ્રત્યે સમાન સામર્થ્યવાળા છે એમ જે કહ્યું છે એ કથન યુક્તિથી ઘટે છે અને જો આત્માનો પરિણામી સ્વભાવ ન હોય, વળી આત્માનો અને કર્મનો જે જે ભાવરૂપે થાય છે તે તે ભાવરૂપે થવાનો સ્વભાવ ન હોય તો સંસારી જીવો પુરુષાર્થની પ્રાપ્તિ માટે જે વખતે પ્રયત્ન કરે છે તે વખતે દૈવ અને પુરુષકાર સમાન રીતે ફળ - પ્રાપ્તિ પ્રત્યે કારણ છે એ કથન સંગત થાય નહિ, માટે આત્માદિ તત્ત્વને પરિણામી સ્વીકારવા જોઈએ અને આત્માના જે જે પ્રકારે ભાવો થાય છે તે તે પ્રકારના ભાવોરૂપે થવાનો આત્માનો સ્વભાવ છે તેમ સ્વીકારવું જોઈએ અને કર્મના પણ જે જે પ્રકારે ભાવો થાય છે તે તે પ્રકારે થવાનો સ્વભાવ છે તેમ સ્વીકારવું જોઈએ. તેમ સ્વીકારવાથી જીવ દૈવની સહાયતાથી પુરુષકાર કરીને પોતાના પુરુષાર્થને સાધી શકે છે, એ પ્રકારનું શાસ્ત્રાંતરનું વચન સ્પષ્ટ સંગત થાય છે. **॥૩૧૮॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પુરુષાર્થની પ્રાપ્તિ પ્રત્યે દૈવ અને પુરુષકાર સમ સામર્થ્યવાળા છે એને જ, ભાવન કરે છે=શ્લોક-૩૩૬ સુધી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**दैवं नामेह तत्त्वेन, कर्मैव हि शुभाशुभम् ।**
**तथा पुरुषकारश्च, स्वव्यापारो हि सिद्धिदः ।।३१९।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=દૈવ અને પુરુષકારની તુલ્યતાની વિચારણામાં, तत्त्वेन=તત્ત્વથી, दैवं=દૈવ, नाम=નામવાળું, शुभाशुभं कर्मैव हि=શુભાશુભ કર્મ જ છે, तथा=અને, पुरुषकारः=પુરુષકાર, सिद्धिदः=સિદ્ધિને દેનારો=વિવક્ષિત કાર્યની નિષ્પત્તિને કરનારો, स्वव्यापारो हि=સ્વવ્યાપાર જ છે. ॥૩૧૯॥**

**શ્લોકાર્થ :-**

**અહીં તત્ત્વથી દૈવ નામવાળું શુભાશુભ કર્મ જ છે અને પુરુષકાર સિદ્ધિને દેનારો સ્વવ્યાપાર જ છે. ॥૩૧૯॥**

**ટીકા :-**

**दैवं नाम=दैवमिति नामवत्, इह=दैवपुरुषकारयोस्तुल्यताचिन्तायाम्, तत्त्वेन=निश्चयवृत्त्या, कर्मैव हि=कर्मैव केवलम्, शुभाशुभं=प्रशस्ताप्रशस्तलक्षणं, नापरं किञ्चित्, देवस्येदमिति व्युत्पत्तेर्देवता-**

**कृतानुग्रहादि 'तथा' इति समुच्चये, पुरुषकारश्च स्वव्यापारो हि=आत्मव्यापार एव, न पुनः परमपुरुष-व्यापारः कश्चित् सिद्धिदो=विवक्षितकार्यनिष्पत्तिप्रदः ।।३१९।।**

**ટીકાર્થ :-**

**दैवंनाम ..... विवक्षितकार्यनिष्पत्तिप्रदः ।। દૈવ નામ=દૈવ એ પ્રકારના નામવાળું, અહીં=દૈવ-પુરુષકારની તુલ્યતાની ચિંતામાં, તત્ત્વથી=નિશ્ચયવૃત્તિથી, કર્મ જ છે=કર્મ જ કેવલ શુભાશુભ રૂપ છે અર્થાત્ પ્રશસ્તાપ્રશસ્ત સ્વરૂપ છે, બીજું કંઈ નથી, 'દેવનું આ છે' એ પ્રકારની વ્યુત્પત્તિ હોવાથી દેવતાકૃત અનુગ્રહાદિ રૂપ કર્મ છે, તથા એ સમુચ્ચયમાં છે અને પુરુષકાર સ્વવ્યાપાર જ છે=આત્મવ્યાપાર જ છે, પરંતુ કોઈ પરમપુરુષનો વ્યાપાર નથી.**

કેવો આત્માનો વ્યાપાર છે ? એથી કહે છે –

**સિદ્ધિને દેનારો=વિવક્ષિત કાર્યની નિષ્પત્તિને કરનારો આત્માનો વ્યાપાર છે. ।।૩૧૯।।**

**ભાવાર્થ :-**

કોઈપણ કાર્યની નિષ્પત્તિ પ્રત્યે જીવ યત્ન કરે છે તે વખતે તેનું દૈવ અને તેનો પુરુષકાર પોતપોતાના સ્થાનમાં કાર્ય કરે છે અને ઉભયના વ્યાપારથી ફળ નિષ્પન્ન થાય છે, તેમાં દૈવ શું છે ? તે સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે – શુભ-અશુભ એવું કર્મ જ દૈવ છે, બીજું કંઈ દૈવ નથી; કેમ કે 'દેવનું આ છે' એ પ્રકારની દૈવ શબ્દની વ્યુત્પત્તિ છે, તેથી દેવતાકૃત અનુગ્રહાદિ રૂપ શુભ-અશુભ કર્મ દૈવ છે.

આશય એ છે કે દેવતા સર્વજ્ઞ વીતરાગ છે, તેમની આજ્ઞાનું પાલન કરવાથી શુભ કર્મ બંધાય છે, તે દેવતાનો અનુગ્રહ છે અને તેમની આજ્ઞાની વિરાધના કરવાથી અશુભ કર્મ બંધાય છે તે તેમનો નિગ્રહ છે, તેથી દેવતાના અનુગ્રહ અને નિગ્રહથી બંધાયેલું કર્મ હોવાને કારણે કર્મને દૈવ કહેવાય છે.

વળી પુરુષકાર એ આત્માનો જ વ્યાપાર છે, પરંતુ પરમપુરુષ એવા ઈશ્વરનો વ્યાપાર નથી અને જે કાર્યને અનુકૂળ સમ્યગ્ વ્યાપાર કરાયો હોય તે વિવક્ષિત કાર્યની નિષ્પત્તિને દેનારો છે અને જે વ્યાપાર જે કાર્યના ઉદ્દેશથી કરાયો છે છતાં તે કાર્યને કરનારો તે વ્યાપાર ન હોય તો તે કાર્યને અનુકૂળ તે પુરુષકાર નથી, માટે તે પુરુષકાર નથી, પરંતુ ધાવન-વલ્ગનની ક્રિયા છે. એમ કહેવાય છે. **।।૩૧૯।।**

**અવતરણિકા :-**

**નિશ્ચયનયથી અને વ્યવહારનયથી દૈવનું અને પુરુષકારનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**स्वरूपं निश्चयेनैतदनयोस्तत्त्ववेदिनः ।**
**ब्रुवते व्यवहारेण, चित्रमन्योन्यसंश्रयम् ।।३२०।।**

**અન્વયાર્થ :-**

तत्त्ववेदिनः=તત્ત્વના જાણનારાઓ, अनयोः=આ બેનું=દૈવ અને પુરુષકારનું, निश्चयेन=નિશ્ચયનયથી, एतद् स्वरूपं=આ સ્વરૂપ=પૂર્વશ્લોકમાં બતાવ્યું એ સ્વરૂપ, व्यवहारेण=વ્યવહારનયથી, अन्योन्यसंश्रयं=પરસ્પર આશ્રયવાળું, चित्रं=અનેક પ્રકારનું સ્વરૂપ, ब्रुवते=કહે છે. ।।૩૨૦।।

**શ્લોકાર્થ :-**

**તત્ત્વના જાણનારાઓ આ બેનું નિશ્ચયનયથી આ સ્વરૂપ, વ્યવહારનયથી પરસ્પર આશ્રયવાળું અનેક પ્રકારનું સ્વરૂપ કહે છે. ।।૩૨૦।।**

**ટીકા :-**

स्वरूपं स्वभावलक्षणम् निश्चयेन=निश्चयनयमतेन, एतत्=प्रागुक्तम्, अनयोः=दैवपुरुषकारयोः, तत्त्ववेदिनः=परमार्थदृशः, ब्रुवते=वदन्ति, व्यवहारेण=व्यवहारनयमतेन, तु चित्रं=नानारूपम्, अन्योन्यसंश्रयं=परस्परेण विहितोपष्टम्भं, ब्रुवते, अयमत्र भावः-निश्चयनयः पुरुषकारप्रवृत्तौ तमेव कार्यहेतुतया प्रतिपद्यते, न पुनः सदपि दैवं, दैवप्रवृत्तौ च दैवमेव न तु सन्तमपि पुरुषकारं, अन्यथाऽन्योन्यसापेक्षत्वेनानयोरसामर्थ्यं स्यात्, 'सापेक्षमसमर्थं' इति वचनात्, तस्मिंश्च सत्यर्थक्रिया-कारित्वविरहलक्षणमवस्तुत्वं बलादाढौकेत, तस्माद्यद्यदा प्रधानभावेन व्याप्रियते तदेव तदा कार्यहेतुरिति प्रतिपत्तव्यम्, व्यवहारनयस्तु पर्यायेण प्रतिपन्नप्रधानोपसर्जनभावद्वयमप्येतत्तत्कार्यकरणक्षमं सम्पद्यत इति प्रतिजानीते ।।३२०।।

**ટીકાર્થ :-**

स्वरूपं ..... प्रतिजानीते ।। સ્વભાવરૂપ સ્વરૂપ આ=પૂર્વમાં કહેલું=શ્લોક-૩૧૯માં કહેલું, આ બન્નેનું=દૈવ અને પુરુષકાર બન્નેનું, નિશ્ચયથી=નિશ્ચયનયના મતથી, તત્ત્વના જાણનારાઓ=પરમાર્થને જોનારાઓ, કહે છે, વળી વ્યવહારથી=વ્યવહાર નયના મતથી, ચિત્ર=જુદા જુદા રૂપવાળું, અન્યોન્ય સંશ્રયવાળું= પરસ્પરથી કરાયેલા ઉપષ્ટંભવાળું, સ્વરૂપ કહે છે.

અહીં=શ્લોકના કથનમાં, આ ભાવ છે – નિશ્ચયનય પુરુષકારની પ્રવૃત્તિ હોતે છતે=પુરુષકાર જ મુખ્ય રૂપે પ્રવર્ત્યે છતે, તેને જ=પુરુષકારને જ, કાર્યના હેતુપણાથી સ્વીકારે છે, વળી વિદ્યમાન પણ દૈવને સ્વીકારતો નથી અને દૈવની પ્રવૃત્તિ હોતે છતે=કાર્યની નિષ્પત્તિને અનુકૂળ કર્મ જ મુખ્ય રૂપે વ્યાપૃત હોતે છતે, દૈવને જ સ્વીકારે છે, પરંતુ વિદ્યમાન પણ પુરુષકારને કારણરૂપે સ્વીકારતો નથી, અન્યથા='નિશ્ચયનય મુખ્યને જ સ્વીકારે છે ગૌણને નહિ' એમ ન સ્વીકારીએ તો, અન્યોન્ય સાપેક્ષપણાને કારણે આ બેનું=દૈવ અને પુરુષકાર બન્નેનું, અસામર્થ્ય થાય; કેમ કે સાપેક્ષ અસમર્થ છે એ પ્રકારનું વચન છે અને તે હોતે છતે= સાપેક્ષ એવા દૈવ અને પુરુષકાર કાર્ય કરવા અસમર્થ હોતે

**છતે, અર્થક્રિયાકારિત્વના વિરહ સ્વરૂપ અવસ્તુપણું=દૈવ અને પુરુષકાર બન્નેમાં અવસ્તુપણું, બળાત્કારે પ્રાપ્ત થાય, તે કારણથી=નિશ્ચયનય દૈવ અને પુરુષકાર બન્નેમાંથી જે કાર્ય કરવા માટે વ્યાપારવાળા હોય તેને જ સ્વીકારે છે અન્યને નહિ તે કારણથી, જે=જે કારણ, જ્યારે પ્રધાનભાવથી વ્યાપાર કરે છે તે જ=દૈવ અને પુરુષકાર બેમાંથી તે જ એક કારણ, ત્યારે કાર્યનો હેતુ છે એ પ્રમાણે સ્વીકારવું જોઈએ. વળી પર્યાયથી સ્વીકારાયેલા પ્રધાન-ગૌણ ભાવદ્વયવાળું પણ આ=કારણ, તે કાર્ય કરવામાં સમર્થ=વિવક્ષિત કાર્ય કરવામાં સમર્થ; પ્રાપ્ત થાય છે એ પ્રમાણે વ્યવહારનય સ્વીકારે છે. ॥૩૨૦॥**

**ભાવાર્થ :-**

કોઈપણ કાર્યની નિષ્પત્તિ પ્રત્યે દૈવ અને પુરુષકાર બન્ને વ્યાપારવાળા હોય છે તોપણ કાર્યનિષ્પત્તિ પ્રત્યે જે પ્રધાન કારણ હોય તેને જ કાર્યનો હેતુ નિશ્ચયનય સ્વીકારે છે, જેમ કોઈ જીવ સ્ત્રીશરીર બનાવે ત્યારે ગર્ભઅવસ્થામાં સ્ત્રીશરીરને અનુરૂપ વિલક્ષણ વ્યાપાર તે જીવ કરે છે, તેથી તેનું શરીર સ્ત્રીરૂપે બને છે તોપણ પ્રધાનરૂપે કર્મ જ સ્ત્રીશરીરની નિષ્પત્તિમાં વ્યાપારવાળું છે, તેથી નિશ્ચયનય કર્મથી જ સ્ત્રી-શરીરની નિષ્પત્તિ થાય છે, પુરુષકારથી નહિ તેમ સ્વીકારે છે, તે કાર્યનિષ્પત્તિ પ્રત્યે તે જીવનો તે પ્રકારનો પુરુષકાર વિદ્યમાન હોવા છતાં નિશ્ચયનય તેને સ્વીકારતો નથી; કેમ કે નિશ્ચયનય કહે છે કે 'અન્યોન્ય સાપેક્ષ દૈવ અને પુરુષકાર કાર્ય કરે છે તેમ સ્વીકારવામાં આવે તો તે બન્ને સ્વયં કાર્ય કરવા સમર્થ નથી તેમ સિદ્ધ થાય;' કેમ કે જે કારણ બીજાની અપેક્ષા રાખે છે તે કારણ સ્વયં કાર્ય કરવા સમર્થ નથી એ પ્રકારનું નિશ્ચયનયનું વચન છે, તેથી સ્ત્રીશરીરની નિષ્પત્તિ પ્રત્યે દૈવ અને પુરુષકાર બન્ને પરસ્પર આશ્રય કરીને કાર્ય કરે છે તેમ સ્વીકારીએ તો બન્નેમાં કાર્ય કરવાની શક્તિ નથી તેમ સિદ્ધ થાય અને તેમ સ્વીકારીએ તો દૈવમાં તે કાર્ય કરવાનું સામર્થ્ય નથી માટે તે કાર્ય કરવા રૂપ અર્થક્રિયાકારિપણાના વિરહને કારણે તેને દૈવ કહી શકાય નહિ, તે રીતે પુરુષકારમાં પણ તે કાર્ય કરવાનું સામર્થ્ય નથી, માટે તે કાર્ય કરવા રૂપ અર્થક્રિયાકારિપણાના વિરહને કારણે તેને પુરુષકાર કહી શકાય નહિ, માટે જે વખતે જે કાર્ય થતું હોય તે કાર્ય કરવામાં સાક્ષાત્ જેનો વ્યાપાર હોય તે કાર્ય કરે છે તેમ માનવું જોઈએ, અન્ય કારણ વિદ્યમાન હોવા છતાં તે કાર્ય કરવામાં સાક્ષાત્ વ્યાપારવાળું નથી, માટે તે કાર્ય પ્રત્યે તે કારણ નથી એમ માનવું જોઈએ. આથી નિશ્ચયનયની દૃષ્ટિથી સ્ત્રીશરીરની નિષ્પત્તિ તે પ્રકારના દૈવથી થાય છે, જીવના પ્રયત્નથી નહિ અને જ્યારે જીવ કોઈક કાર્ય કરવા માટે સમ્યગ્ પ્રયત્ન કરે છે અને તે કાર્ય થાય છે ત્યારે તે કાર્ય તેના પ્રયત્નથી જ થાય છે તેમ સ્વીકારે છે, આથી જ શમભાવના પરિણામનો સમ્યગ્ બોધ જેને છે અને આ રીતે ઉપયોગપૂર્વક સામાયિક ગ્રહણની ક્રિયાથી સ્ફુરાયમાન થતો શમભાવને અનુકૂળ વ્યાપાર અવશ્ય સામાયિકના પરિણામને પ્રગટ કરે છે તેવા નિર્ણયપૂર્વક કોઈ મહાત્મા વ્યાપાર કરે અને સામાયિકનો પરિણામ પ્રગટ થાય ત્યારે સ્વપરાક્રમથી સામાયિક પ્રગટ થયું છે એમ નિશ્ચયનય કહે છે અને ચારિત્રમોહનીય નષ્ટપ્રાયઃ કર્યું છે એવા ભરતમહારાજાને અરીસાભવનમાં કેવળજ્ઞાન થાય છે ત્યારે ચારિત્રમોહનીયાદિ ઘાતિકર્મોનો બલવાન ક્ષયોપશમભાવ રૂપ દૈવ જે ભરત મહરાજામાં વિદ્યમાન હતું તે દૈવ જ ક્ષાયિકભાવની પ્રાપ્તિ પ્રત્યે કારણ બને છે તે વખતે દૈવથી જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે તેમ નિશ્ચયનય સ્વીકારે છે.

વળી વ્યવહારનય નિશ્ચયનય કરતાં અન્ય પ્રકારે કહે છે –

દૈવ અને પુરુષકાર બેમાંથી એક કારણ પ્રધાનરૂપે અને બીજું ગૌણરૂપે વ્યાપારવાળું થઈને વિવક્ષિત કાર્ય કરવા સમર્થ થાય છે, એમ વ્યવહારનય કહે છે. તેથી વ્યવહારનય કહે છે કે કોઈ સ્ત્રીશરીર બનાવે ત્યારે પણ જીવના પુરુષકાર નિરપેક્ષ દૈવ સ્વયં વ્યાપાર કરીને સ્ત્રીશરીર કરવા સમર્થ નથી, પરંતુ બલવાન એવું દૈવ કિંકરની જેમ જીવને પકડીને સ્ત્રીશરીર બનાવાને અનુકૂળ વ્યાપારવાળો કરે છે, તેથી વિવક્ષિત કાર્યનું કારણ બે પર્યાયવાળું છે – એક પર્યાય પ્રધાન ભાવવાળો છે, બીજો પર્યાય ઉપસર્જન=ગૌણ ભાવવાળો છે. એવા પ્રધાન-ગૌણ પર્યાયવાળા કારણથી કાર્ય થાય છે તેમ વ્યવહારનય સ્વીકારે છે, તેથી વ્યવહારનયના મતે દૈવ અને પુરુષકારમાંથી જે બલવાન હોય તે અબલવાનને પોતાનું કાર્ય કરવા માટે વ્યાપારવાળું કરે છે, આથી જ મહાત્માઓ શાસ્ત્ર-અધ્યયનની ક્રિયા દ્વારા તે તે પ્રકારના સમ્યગ્ જ્ઞાનના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીયકર્મને યથાર્થ બોધમાં સહાયક થાય તે પ્રકારે ક્ષયોપશમભાવવાળા કરીને પોતાના બોધમાં તે કર્મને કારણરૂપે વ્યાપારવાળું કરે છે તે વખતે પ્રધાનરૂપે તે મહાત્માનો વ્યાપાર બોધ પ્રત્યે કારણ છે અને ગૌણરૂપે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ કારણ છે.

વળી જે મહાત્માઓનું તે પ્રકારનું વિપર્યાસ આધાયક કર્મ બલવાન છે તે મહાત્માઓ બોધ કરવા યત્ન કરે છે ત્યારે પણ વિપર્યાસ આધાયક બલવાન કર્મ તેમના પ્રયત્નને સ્ખલના કરાવીને સમ્યગ્ બોધ પ્રાપ્ત કરતાં અટકાવે છે તે વખતે વિપર્યાસ આધાયક બલવાન કર્મ તે મહાત્માને વિપરીત બોધ કરાવે છે અને તે મહાત્માના સમ્યગ્ બોધને અનુકૂળ કરાયેલા પ્રયત્નને ગળે પકડીને તે મહાત્માનું દૈવ વિપરીત બોધ કરાવવામાં તે મહાત્માને વ્યાપારવાળો કરે છે. **॥૩૨૦॥**

**અવતરણિકા :-**

**अथ व्यवहारमतमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે વ્યવહારનયના મતને જ ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**न भवस्थस्य यत्कर्म विना व्यापारसम्भवः।**
**न च व्यापारशून्यस्य फलं यत्कर्मणोऽपि हि।।३२१।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી, कर्म विना=કર્મ વગર, भवस्थस्य=ભવસ્થજીવના, न व्यापारसम्भवः=વ્યાપારનો સંભવ નથી=વિવક્ષિત કાર્યની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપારનો સંભવ નથી, च=અને, यत्=જે કારણથી, व्यापारशून्यस्य कर्मणोऽपि हि=વ્યાપારશૂન્ય એવા કર્મનું પણ, फलं न=ફળ નથી=વિવક્ષિત પુરુષાર્થ**

સિદ્ધિરૂપ ફળ નથી. (તે કારણથી અન્યોન્ય સંશ્રયવાળા દૈવ અને પુરુષકાર છે એમ શ્લોક-૩૨૦ સાથે સંબંધ છે.) ॥૩૨૧॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી કર્મ વગર ભવસ્થજીવના વ્યાપારનો સંભવ નથી અને જે કારણથી વ્યાપારશૂન્ય એવા કર્મનું પણ ફળ નથી. ॥૩૨૧॥**

**ટીકા :-**

न=नैव, भवस्थस्य=जन्तोः यद्=यस्मात्, कर्म=दैवम्, विना=अन्तरेण, व्यापारसम्भवो गमनादिचेष्टारूपः, न च व्यापारशून्यस्य=पुरुषकारविकलस्य, फलं पुरुषार्थसिद्धिरूपम्, यद्= यस्मात्, कर्मणोऽपि हि किं पुनः कर्मशून्यस्य पुरुषकारस्येत्यपिहिशब्दार्थः, अतोऽन्योन्यसंश्रयमिदं द्वयमिति ।।३२१।।

**ટીકાર્થ :-**

न=नैव, ..... द्वयमिति ।। જે કારણથી કર્મ વગર=દૈવ વગર, ભવસ્થ જંતુના ગમનાદિ ચેષ્ટારૂપ વ્યાપારનો સંભવ નથી જ, અને જે કારણથી વ્યાપારશૂન્ય=પુરુષકાર વિકલ એવા, કર્મનું પણ પુરુષાર્થ સિદ્ધિરૂપ ફલ નથી, શું વળી કર્મશૂન્ય એવા પુરુષકારનું ? એ પ્રકારે 'कर्मणोऽपि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ છે. આથી=પૂર્વમાં કહ્યું કે ફલ પ્રત્યે દૈવ અને પુરુષકાર બન્ને પરસ્પર અપેક્ષા રાખ્યા વગર કારણ નથી આથી, અન્યોન્ય સંશ્રયવાળું એવું આ દ્વય છે=દૈવ અને પુરુષકાર રૂપ આ કારણ દ્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૨૧॥

**ભાવાર્થ :-**

સંસારી જીવ જે કંઈ મન-વચન-કાયાની પ્રવૃત્તિ કરે છે તેમાં તે પ્રવૃત્તિને અનુકૂળ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ, વીર્યાંતરાયનો ક્ષયોપશમ અને જે કોઈ બાહ્ય પ્રવૃત્તિ કરે છે તેને અનુકૂળ લાભાંતરાયનો ક્ષયોપશમ ન હોય તો સંસારી જીવ તે તે વિવક્ષિત ફળની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપાર કરી શકે નહિ, તેથી ધર્મ-અર્થ-કામ અને મોક્ષપુરુષાર્થની સિદ્ધિ પ્રત્યે જીવ જે કંઈ વ્યાપાર કરે છે તેને અનુકૂળ સહાયક કર્મ ન હોય તો તે જીવ તે કાર્યની નિષ્પત્તિને અનુકૂળ કોઈ યત્ન કરી શકે નહિ, આથી જ છેદન-ભેદન આદિ દુઃખથી આર્ત એવા એકેન્દ્રિય જીવો તેનાથી પોતાનું રક્ષણ કરવાની ઇચ્છાવાળા હોવા છતાં તે પ્રકારના ગમનને અનુકૂળ સામર્થ્ય નહિ હોવાથી પોતાનું રક્ષણ કરવા માટે સ્થાનાંતરમાં જઈ શકતા નથી, તેમ મોક્ષના અર્થી જીવો પણ તપ-સંયમની બાહ્ય ક્રિયા કરીને નિર્જરાના અર્થી હોવા છતાં નિર્જરાને અનુકૂળ કેવો ઉદ્યમ કરવો જોઈએ તેને અનુકૂળ બોધ કરાવે તેવા ક્ષયોપશમ ભાવવાળાં જ્ઞાનાવરણીયકર્મો નહિ

હોવાથી કે તે પ્રકારે પ્રયત્ન કરવાને અનુકૂળ વીર્યાંતરાયના ક્ષયોપશમ ભાવવાળાં કર્મો નહિ હોવાથી તે પ્રકારનો યત્ન કરી શકતા નથી.

વળી કેટલાક મહાત્માઓને અંતરંગ કેવો ઉદ્યમ કરવો જોઈએ તેનો બોધ હોય, અંતરંગ ઉદ્યમ કરવાનું સત્ત્વ હોય, પરંતુ બલવાન ચારિત્રમોહનીય કર્મ વિદ્યમાન હોય તો તે અંતરંગ ઉદ્યમને પ્રવર્તાવવા સમર્થ થતા નથી, આથી જ દશપૂર્વધર નંદિષેણ મુનિ 'સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી હતા અને નંદિષેણ મુનિને સંસારના ઉચ્છેદનો ઉપાય અસંગ પરિણતિ છે તેવો સ્થિર બોધ હતો અને તે અસંગ પરિણતિની નિષ્પત્તિનો ઉપાય શાસ્ત્રોથી આત્માને ભાવિત કરવો એ છે એવો સ્પષ્ટ નિર્ણય હતો, તેથી જ રાત્રિ-દિવસ શ્રુતથી આત્માને ભાવિત કરતા હતા', છતાં સંયમના કંડકોની વૃદ્ધિમાં સહાયક એવું ચારિત્રમોહનીય કર્મ ક્ષયોપશમ ભાવવાળું થાય તેવું વિદ્યમાન ન હતું, તેથી નંદિષેણ મુનિ ક્ષયોપશમભાવને પામે તેવા સોપક્રમ ચારિત્રમોહનીય કર્મરૂપ દૈવના અભાવને કારણે સંયમ વૃદ્ધિને અનુકૂળ વ્યાપાર કરવા સમર્થ થયા નહિ, માટે જગતુવર્તિ જે કોઈ કાર્ય છે તે કાર્યની નિષ્પત્તિને અનુકૂળ વ્યાપાર દૈવની સહાયતા વગર સંભવી શકે નહિ.

વળી કોઈ જીવનું કર્મ તે કાર્ય કરવા સમર્થ હોય, પરંતુ તે જીવ તે કાર્યને અનુકૂળ વ્યાપાર ન કરે તો વ્યાપારશૂન્ય એવું તે કર્મ ફળ આપવા સમર્થ નથી, આથી જ જેઓનું ચારિત્રમોહનીય કર્મ શિથિલ છે છતાં જ્યાં સુધી તે મહાત્મા તે પ્રકારનો વ્યાપાર કરે નહિ ત્યાં સુધી તે=ક્ષયોપશમભાવને પામે તેવા સોપક્રમભાવવાળું કર્મ તે પ્રકારના વ્યાપારવિકલ હોવાથી=શાસ્ત્રવચનના સમ્યગ્બોધથી નિયંત્રિત ઉચિત પ્રવૃત્તિ દ્વારા આત્માને અસંગભાવથી ભાવિત કરે તે પ્રકારના વ્યાપારવિકલ હોવાથી, ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ચારિત્રની પરિણતિરૂપ ફળ આપવા સમર્થ નથી, આથી જ બલવાન ક્ષયોપશમભાવને પામે તેવું ચારિત્રમોહનીય કર્મ ભરતમહારાજાને વિદ્યમાન હતું તે પણ ભરતમહારાજાના પુરુષકારશૂન્ય કેવલજ્ઞાન આપવા સમર્થ ન હતું, પરંતુ ભરતમહારાજાના તે પ્રકારના ઊહરૂપ વ્યાપારને અવલંબીને તે કર્મ ક્ષાયિક ભાવની પ્રાપ્તિનું કારણ બન્યું. માટે ચારે પ્રકારના પુરુષાર્થની સમ્યગ્ નિષ્પત્તિ પ્રત્યે કેટલાક સ્થાને દૈવ તે કાર્યને અનુકૂળ ઉચિત પુરુષકાર કરાવીને તે કાર્ય કરે છે આથી કેટલાક જીવોનો તે પ્રકારનો માર્ગાનુસારી ક્ષયોપશમ જ બલવાન હોય છે તેની પ્રેરણાથી તે જીવો સહજ તે તે ઇષ્ટકાર્ય સાધી શકે છે અથવા કેટલાક સ્થાને જીવનો પુરુષકાર, અનુકૂળ એવા તે દૈવને કાર્યને અભિમુખ વ્યાપારવાળું કરીને સ્વકાર્ય સાધે છે. આથી સંસારથી ભય પામેલા કેટલાક જીવો સતત તત્ત્વને જાણવા સમ્યગ્ યત્ન કરીને કષ્ટથી ક્ષયોપશમભાવને પામે તેવા પણ કર્મને સ્વપરાક્રમ દ્વારા કાર્યને અનુકૂળ થાય તે રીતે પ્રવર્તાવે છે. માટે દૈવ અને પુરુષકાર પરસ્પર આશ્રય કરીને ફલ પ્રત્યે કારણ છે એ પ્રકારે વ્યવહારનય માને છે. **॥૩૨૧॥**

**અવતરણિકા :-**

**अथानयोः पुनरपि स्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ફરી પણ આ બન્નેના=દૈવ અને પુરુષકાર બન્નેના, સ્વરૂપને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં દૈવ અને પુરુષકાર એકબીજાના આશ્રયવાળા થઈને કામ કરે છે એ રૂપ દૈવ અને પુરુષકારનું સ્વરૂપ બતાવ્યું. હવે બે શ્લોકથી=૩૨૨/૩૨૩ શ્લોકથી, દૈવ અને પુરુષકારનું અન્ય પ્રકારનું સ્વરૂપ બતાવે છે, જેનાથી ક્યાં દૈવ બલવાન છે અને ક્યાં પુરુષકાર બલવાન છે તેનો બોધ થાય, તે પ્રકારે બતાવે છે -

**શ્લોક :-**

**व्यापारमात्रात्फलदं, निष्फलं महतोऽपि च ।**
**अतो यत्कर्म तद्दैवं, चित्रं ज्ञेयं हिताहितम् ।।३२२।।**

**અન્વયાર્થ :-**

**यत्कर्म=જે કર્મ, व्यापारमात्रात्=વ્યાપારમાત્રથી, फलदं=ફલને દેનારું છે, च=અને, महतोऽपि अतो=મોટા પણ આનાથી=મોટા પણ પુરુષકારથી, निष्फलं=નિષ્ફળ છે, तद्=તે=તે કર્મ, हिताहितं=હિતાહિતને કરનારું, चित्रं=વિવિધ પ્રકારનું, दैवं=દૈવ, ज्ञेयं=જાણવું. ।।૩૨૨।।**

**શ્લોકાર્થ :-**

**જે કર્મ વ્યાપારમાત્રથી ફળને દેનારું છે અને મોટા પણ આનાથી નિષ્ફળ છે તે હિતાહિતને કરનારું વિવિધ પ્રકારનું દૈવ જાણવું. ।।૩૨૨।।**

**ટીકા :-**

**व्यापारमात्रात्=तुच्छादपि व्यापारात्, फलदं=स्वफलप्रदायि, निष्फलं=फलविकलं, क्वचित्तथाविध-कालक्षेत्रादिबलवैकल्यात् महतोऽपि च अतः=पुरुषकारात्, यत्कर्म, तद्दैवं=दैवसंज्ञम्, चित्रं=नानारूपम्, ज्ञेयं हिताहितं=शुभाशुभरूपम्।।३२२।।**

**ટીકાર્થ :-**

**व्यापारमात्रात् ..... शुभाशुभरूपम् ।। વ્યાપારમાત્રથી=તુચ્છ પણ વ્યાપારથી=અલ્પ પણ વ્યાપારથી, ફલને દેનારું=તે દૈવના પોતાના કાર્યરૂપ ફલને દેનારું, જે કર્મ છે અને મોટા પણ આનાથી=પુરુષકારથી, જે કર્મ નિષ્ફલ છે=ક્યારેક તેવા પ્રકારના કાલ-ક્ષેત્રાદિના બલના વૈકલ્યને કારણે ફલવિકલ છે, તે=કર્મ, ચિત્ર=નાના રૂપવાળું, હિતાહિત રૂપ=શુભાશુભરૂપ, દૈવ=દૈવ સંજ્ઞાવાળું, જાણવું. ।।૩૨૨।।**

**ભાવાર્થ :-**

દૈવ અને પુરુષકારમાં દૈવ શું છે ? અને કેવા સ્વરૂપવાળું છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

કોઈ જીવ પોતાના ઇષ્ટ ફળ અર્થે અલ્પ પણ વ્યાપાર કરે અને તે વ્યાપારથી ફળ પ્રાપ્ત થાય તે હિતને કરનારું દૈવસંજ્ઞાવાળું કર્મ છે અને તે હિતને કરનારું કર્મ અનેક પ્રકારનું છે, જેમ કોઈ જીવ અલ્પ પ્રયત્ન

કરે અને વિપુલ ધનની પ્રાપ્તિ થાય તે વખતે તે જીવને હિતને કરનારું એવું લાભાંતરાયના ક્ષયોપશમરૂપ કર્મ છે જે કર્મ તે કાર્યને કરાવી આપે છે, તેથી તે ધનની પ્રાપ્તિ દૈવથી થઈ છે તેમ કહેવાય છે.

વળી કોઈ જીવ કોઈક ફળનો અર્થી હોય અને તે ફળ માટે ઘણો પ્રયત્ન કરે છતાં તેવા પ્રકારના અનુકૂળ કાળ-ક્ષેત્રાદિના સામર્થ્યના અભાવને કારણે તેને ફળ પ્રાપ્ત થાય નહિ ત્યારે, તેના પ્રયત્નને નિષ્ફળ કરનાર અશુભ દૈવ છે તેમ કહેવાય છે, જેમ કોઈ જીવ ધનનો અર્થી હોય, નિપુણતાપૂર્વક ધનના ઉપાયોને જાણીને ધન-અર્જન માટે યત્ન કરતો હોય, છતાં તે પ્રકારના અનુકૂળ કાળ કે અનુકૂળ ક્ષેત્ર ન હોય કે અન્ય કોઈ વ્યાઘાતક સામગ્રીની પ્રાપ્તિ થાય, જેનાથી નિપુણતાપૂર્વક કરાયેલા ઘણા પુરુષકારથી પણ તેને ધન પ્રાપ્ત થતું નથી; તે સ્થાનમાં અહિતને કરનારું એવું લાભાંતરાયના ઉદયરૂપ કર્મ છે, જેના કારણે ફળની પ્રાપ્તિ થતી નથી, તેથી તેના પુરુષકારને નિષ્ફળ કરનાર કર્મ છે એમ કહેવાય છે.

વળી કોઈ મહાત્મા શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે અધ્યયનમાં અલ્પ પ્રયત્ન કરે અને શાસ્ત્રનો મર્મસ્પર્શી સૂક્ષ્મ બોધ થાય ત્યારે અલ્પ વ્યાપારથી ફળ આપનારું જ્ઞાનાવરણીય કર્મ છે એમ કહેવાય છે, જેમ વજસ્વામીને બાલ્યાવસ્થામાં તેવા પ્રકારના જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમભાવવાળું દૈવ વિદ્યમાન હતું, જેથી સ્વાધ્યાય કરનાર મહાત્માઓનાં વચનોને સાંભળીને પણ જે સ્થાનમાં વિદ્વાનો પણ તત્ત્વનો નિર્ણય કરવા અસમર્થ હતા તેવા સ્થાનનો યથાર્થ બોધ કરવા સમર્થ થયા, તેથી જ્ઞાનાવરણીયના વિશિષ્ટ ક્ષયોપશમભાવને પામે એવું સોપક્રમ શુભકર્મ તે મહાત્માના અલ્પ પ્રયત્નથી વિશિષ્ટ પ્રકારના શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે કારણ થયું.

વળી કેટલાક આરાધક જીવો કલ્યાણના અર્થે શાસ્ત્ર ભણવા ઘણો પ્રયત્ન કરે છે, પરંતુ તેવા પ્રકારના કાળ-ક્ષેત્રાદિના સામર્થ્યના વૈકલ્યને કારણે શાસ્ત્ર-અધ્યયનથી પણ યોગમાર્ગની પ્રવૃત્તિમાં કઈ રીતે યત્ન કરવો જોઈએ તેને અનુકૂળ માર્ગાનુસારી બોધ કરી શકતા નથી, તેથી તેઓના કલ્યાણના અર્થે કરાતા શાસ્ત્ર-અધ્યયનના યત્નને નિષ્ફળ કરનાર બલવાન જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપ અશુભ દૈવ છે, તેથી તેઓની શ્રુત-અધ્યયનની ક્રિયાથી પણ વિશેષ ફળ મળતું નથી. એટલું જ નહીં પણ ક્યારેક તે શ્રુત-અધ્યયનની ક્રિયાથી વિપરીત બોધ થાય તો હિતને બદલે અહિતની જ પ્રાપ્તિ થાય છે. **॥૩૨૨॥**

**શ્લોક :-**

**एवं पुरुषकारस्तु, व्यापारबहुलस्तथा ।**
**फलहेतुर्नियोगेन, ज्ञेयो जन्मान्तरेऽपि हि ।।३२३।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, एवं=આ રીતે=કર્મની જેમ, पुरुषकारस्तु=પુરુષકાર પણ, व्यापारबहुलः=કર્મની અપેક્ષાએ અધિક વ્યાપારવાળો, जन्मान्तरेऽपि हि=જન્માંતરમાં પણ, नियोगेन=નિયોગથી, फलहेतुः ज्ञेयः=ફલનો હેતુ જાણવો. ॥૩૨૩॥**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે પુરુષકાર પણ કર્મની અપેક્ષાએ અધિક વ્યાપારવાળો જન્માંતરમાં પણ નિયોગથી ફળનો હેતુ જાણવો. ।।૩૨૩।।**

**ટીકા :-**

**एवं=कर्मवत्, पुरुषकारस्तु=पुरुषकारोऽपि, व्यापारबहुलो=व्यापारो बहुलो भूयान् कर्मापेक्षया यत्र स तथा, 'तथा' इति समुच्चये, फलहेतुः=फलनिमित्तम्, नियोगेन=निश्चयेन, ज्ञेयो जन्मान्तरेऽपि हि न केवलमिह भव इत्यपिहिशब्दार्थः, यथा हि पुरुषकार इह तत्तच्चित्रफलः प्रत्यक्षत एवोपलभ्यते तथा जन्मान्तरेऽप्यसौ तथाविधफलहेतुतया ज्ञातव्यः, तत्तद्व्यापारोपार्जितकर्मणः प्रेत्यफलमदत्त्वापि निवृत्त्यभावादिति ।।३२३।।**

**ટીકાર્થ :-**

**एवं=कर्मवत् ..... निवृत्त्यभावादिति ।। આ રીતે=કર્મની જેમ, પુરુષકાર પણ વ્યાપારબહુલ છે=કર્મની અપેક્ષાએ વ્યાપાર છે ઘણો જેમાં તે તેવું છે અર્થાત્ વ્યાપારબહુલ છે. 'तथा' એ સમુચ્ચયમાં છે= પૂર્વશ્લોક સાથે પ્રસ્તુત શ્લોકના સમુચ્ચયમાં છે. વ્યાપારબહુલ પુરુષકાર પણ નિયોગથી=નિશ્ચયથી, જન્માંતરમાં પણ ફલનો હેતુ છે=ફળનું નિમિત્ત છે, કેવલ આ ભવમાં નહિ, એ 'जन्मान्तरेऽपि हि'માં રહેલા 'अपि हि' શબ્દનો અર્થ છે.**

શ્લોકના તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે અહીં=આ લોકમાં, તે તે પ્રકારના ચિત્ર ફલવાળો પુરુષકાર પ્રત્યક્ષથી જ પ્રાપ્ત થાય છે, તે પ્રકારે જન્માંતરમાં પણ આ=વર્તમાનનો પુરુષકાર, તેવા પ્રકારના ફલના હેતુપણાથી જાણવો; કેમ કે તે તે વ્યાપારથી ઉપાર્જિત કર્મની=વર્તમાનના ભવમાં જે જીવ જે જે પ્રકારના શુભ કે અશુભ વ્યાપાર કરે છે તેનાથી ઉપાર્જિત કર્મની, જન્માંતરમાં ફલને આપ્યા વગર પણ નિવૃત્તિનો અભાવ છે.**

**'इति' શબ્દ 'यथा हि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ।।૩૨૩।।**

**ભાવાર્થ :-**

જે સ્થાનમાં અલ્પ પ્રયત્નથી ફળ મળે છે તે સ્થાનમાં પ્રયત્નની અપેક્ષાએ દૈવ અધિક છે, તેથી દૈવથી ફલ મળ્યું તેમ કહેવાય છે, એ રીતે કોઈક સ્થાનમાં દૈવ કરતાં પુરુષકાર બહુ હોય તે સ્થાનમાં પુરુષકારથી ફળ મળ્યું તેમ કહેવાય છે, જેમ કોઈ વ્યક્તિ નિપુણતાપૂર્વક ધનઅર્જનના કારણનો નિર્ણય કરીને ધન-અર્જનમાં પ્રયત્ન કરે ત્યારે તેના પુરુષકારને અનુરૂપ ધન પ્રાપ્ત થાય છે, તે સ્થાનમાં તેનો લાભાંતરાયનો ક્ષયોપશમ અબલવાન છે, તેથી જો તે નિપુણતાપૂર્વક ઉચિત યત્ન ન કરે તો ધન મળે તેમ નથી, છતાં વર્તમાનના સંયોગનો નિર્ણય કરીને ઉચિત રીતે ધનઅર્જનમાં યત્ન કરે છે ત્યારે પુરુષકારબહુલને કારણે તેને ધનની પ્રાપ્તિ થાય છે, તેથી વ્યાપારબહુલ એવો તેનો પુરુષકાર ધનઅર્જનરૂપ ફલનો હેતુ બને છે.

વળી સંસારી જીવો જે કોઈ વ્યાપાર કરે છે તે સર્વ વ્યાપારમાં તે વ્યાપારને અનુકૂળ જે પ્રકારનો અધ્યવસાય થાય છે તે અધ્યવસાયથી તે તે પ્રકારનું ઉપાર્જિત કર્મ જન્માંતરમાં પણ ફળ આપે છે, તેથી વર્તમાનનો સર્વ કંઈ વ્યાપાર કર્મઅર્જન દ્વારા જન્માંતરમાં ફલનો હેતુ નિયોગથી છે.

તેથી એ પ્રાપ્ત થાય કે વર્તમાનનો પુરુષકાર વર્તમાનમાં તો ફળ આપે પણ છે અને અહિતને કરનારું બલવાન કર્મ હોય તો વર્તમાનમાં નિષ્ફળ પણ જાય છે, છતાં વર્તમાનમાં જીવ જે કંઈ પ્રયત્ન કરે છે તે સર્વ પ્રયત્નથી કર્મબંધ કે કર્મનો ક્ષયોપશમ થવાથી તેને અનુરૂપ તે પ્રયત્નનું ફળ તેને જન્માંતરમાં અવશ્ય પ્રાપ્ત થાય છે, જેમ શાલિભદ્રના જીવે પૂર્વભવમાં મહાત્માને દાન આપ્યું, જેનાથી લાભાંતરાયનો ક્ષયોપશમ અને દર્શનમોહનીયનો ક્ષયોપશમ થવાથી તત્ત્વ પ્રત્યેની રુચિ થાય એવા વિપુલ ભોગસામગ્રીથી યુક્ત શાલિભદ્રના ભવની પ્રાપ્તિ થઈ, તે રીતે વર્તમાનમાં જીવ જે કંઈ શુભ કે અશુભ પ્રયત્ન કરે છે તેને અનુરૂપ ફલની જન્માંતરમાં પણ નક્કી પ્રાપ્તિ થાય છે, આથી જ જે મહાત્માઓ વર્તમાનના ભવમાં સ્વભૂમિકા અનુસાર સર્વજ્ઞ કથિત ધર્મનું સમ્યગ્ સેવન કરે છે, તેનાથી દર્શનમોહનીય-ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત લાભાંતરાયના ક્ષયોપશમને કારણે જન્માંતરમાં તે પ્રકારની ઉચિત ધર્મસામગ્રીથી યુક્ત દેવભવને પ્રાપ્ત કરીને ફરી ઉત્તર-ઉત્તરના ઉત્તમ જન્મનું કારણ બને તેવું ઉચિત કૃત્ય દેવભવમાં કરીને અને સુંદર ભોગો ભોગવીને ફરી જન્માંતરમાં વિશિષ્ટ ધર્મસામગ્રીથી યુક્ત ભોગસામગ્રી બહુલ ભોગોને પ્રાપ્ત કરીને પણ ચારિત્રના પરિણામવાળા થાય છે તે સર્વ પૂર્વભવમાં કરાયેલા સમ્યગ્ પુરુષકારનું સુંદર ફળ છે. વળી જેઓ વર્તમાનમાં ભોગવિલાસના અત્યંત અર્થી છે અને નિપુણ પ્રયત્નપૂર્વક ધનઅર્જન કરીને ભોગ-વિલાસમય જીવન જીવે છે તેઓ વર્તમાનમાં જે કંઈ પુરુષકાર કરે છે તેને અનુરૂપ અશુભ અધ્યવસાયો પ્રાપ્ત કરીને જન્માંતરમાં દુઃખની પરંપરાની પ્રાપ્તિ થાય તેવા ફળને પ્રાપ્ત કરે છે, તેથી વર્તમાનનો તેઓનો સર્વ પુરુષકાર આ ભવમાં જેમ તુચ્છ ભોગોનો હેતુ બન્યો, તેમ જન્માંતરમાં પણ અનર્થોની પરંપરારૂપ ફલનો હેતુ થાય છે. **II૩૨૩II**

**અવતરણિકા :-**

**उपसंहारमाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉપસંહારને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૨૧થી વ્યવહારનયનો મત બતાવવાનો પ્રારંભ કર્યો, તેના ઉપસંહારને કહે છે –

**શ્લોક :-**

**अन्योन्यसंश्रयावेवं, द्वावप्येतौ विचक्षणैः ।**
**उक्तावन्यैस्तु कर्मैव, केवलं कालभेदतः ।।३२४।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં શ્લોક-૩૨૨-૩૨૩માં બતાવ્યું એ રીતે, अन्योन्यसंश्रयौ द्वावपि=અન્યોન્ય સંશ્રયવાળા એવા બન્ને પણ, एतौ=આ=દૈવ અને પુરુષકાર, विचक्षणैः=વિચક્ષણ વડે, उक्तौ=કહેવાયા છે=ફ્લના હેતુપણાથી કહેવાયા છે, तु=વળી, अन्यैः=અન્ય એવા સાંખ્ય વડે, कालभेदतः=કાલના ભેદથી, केवलं=કેવલ, कर्मैव=કર્મ જ ફ્લને દેનારું કહેવાયું છે. ॥૩૨૪॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે અન્યોન્ય સંશ્રયવાળા એવા બન્ને પણ આ વિચક્ષણ વડે કહેવાયા છે. વળી અન્ય એવા સાંખ્ય વડે કાલના ભેદથી કેવલ કર્મ જ ફ્લને દેનારું કહેવાયું છે. ॥૩૨૪॥**

**ટીકા :-**

**अन्योन्यसंश्रयौ=परस्परोपष्टम्भौ, एवं=उक्तक्रमेण, द्वावप्येतौ=दैवपुरुषकारौ, विचक्षणैः=विपश्चिद्भिः, उक्तौ=भणितौ, फलहेतुतयेति, अत्रैव मतान्तरमाह–अन्यैस्तु=स्मद्विलक्षणैर्वादिभिः सांख्यैरित्यर्थः, कर्मैव प्रधानापराभिधानं, केवलं=पुरुषकारशून्यं, फलदं इत्यनुवर्तते कालभेदतः=कालविशेषमासाद्य, उक्तम् ।।३२४।।**

**ટીકાર્થ :-**

**अन्योन्यसंश्रयौ ..... उक्तम् ।। આ રીતે=ઉક્તક્રમથી=શ્લોક-૩૨૨-૩૨૩માં બતાવ્યું એ ક્રમથી, અન્યોન્ય સંશ્રયવાળા=પરસ્પર ઉપષ્ટંભવાળા, બન્ને પણ આ=દૈવ અને પુરુષકાર, બુદ્ધિમાન પુરુષો વડે ફ્લના હેતુપણારૂપે કહેવાયા છે. 'इति' શબ્દ વિચક્ષણ પુરુષોના કથનની સમાપ્તિ માટે છે.**

**આમાં જ=ફ્લના હેતુમાં જ, મતાંતરને કહે છે – અન્ય વડે વળી=અમારાથી વિલક્ષણ વાદી એવા સાંખ્યો વડે, પ્રધાન અપર નામવાળા કર્મને જ કેવલ=પુરુષકારશૂન્ય, કાલના ભેદથી=કાલવિશેષને આશ્રયીને, ફ્લદં=ફ્લને દેનારું, કહેવાયું છે. શ્લોક-૩૨૨માં રહેલ 'फलदं' શબ્દ અહીં અનુવર્તન પામે છે. ॥૩૨૪॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૨૨-૩૨૩માં સ્પષ્ટ કર્યું કે કેટલાક સ્થાને અલ્પ પુરુષકારથી દૈવ ફળ આપે છે વળી કેટલાક સ્થાને ઘણા પણ પુરુષકારને કે થોડાપણ પુરુષકારને દૈવ નિષ્ફળ કરે છે તે સ્થાનોમાં ફળની પ્રાપ્તિ અથવા પુરુષકારની નિષ્ફળતાની પ્રાપ્તિ દૈવથી થયેલી છે છતાં કઈ રીતે તે બન્ને પરસ્પર આશ્રય કરીને ફળ દેનારા બને છે, તે સ્પષ્ટ કરે છે જેમ અલ્પપ્રયત્નથી ફળ મળે છે ત્યાં દૈવ બહુલ અને અલ્પ પ્રયત્ન પરસ્પર આશ્રય કરીને ફળ આપે છે અને જ્યાં ઘણો પુરુષકાર છે કે અલ્પ પુરુષકાર છે છતાં તે પ્રયત્નથી ઇચ્છાયેલ ફળ મળતું નથી તે સ્થાનમાં તે પુરુષકારનું ઉપઘાતક દૈવ અને ઇષ્ટફળનું કારણ ન બને તેવો વિપરીત પુરુષકાર પરસ્પર મિશ્રિત થઈને પ્રયત્ન નિષ્ફળ કરે છે તેથી તે સ્થાનમાં તેના પુરુષકારનું

સાક્ષાત્ ફળ નથી, પરંતુ ઉપઘાતક દૈવને કારણે તે જ પુરુષકારનું નિષ્ફળતારૂપ ફળ છે. વળી, તે પુરુષકારથી જે નવું કર્મ બંધાયું તે જન્માંતરમાં તેને ફળ આપશે, તેથી વર્તમાનમાં ઉપઘાતક કર્મને કારણે તેનો ઇચ્છિત ફળ અર્થે કરાયેલો પણ પ્રયત્ન નિષ્ફળ ગયો છતાં તે વખતે કરાયેલા તે પ્રયત્નથી થતા તેનાં અધ્યવસાયને અનુરૂપ નવું કર્મ બંધાય છે અને તેનું જન્માંતરમાં ફળ મળે છે, એ રીતે દૈવ અને પુરુષકાર પરસ્પર આશ્રયવાળા છે. વળી જ્યાં અલ્પ પ્રયત્નથી ફળ મળ્યું ત્યાં પણ તેના પુરુષકારથી થતા તેના અધ્યવસાયને અનુરૂપ નવું કર્મ અર્જન થાય છે અને તે જન્માંતરમાં ફળ આપે છે, તે રીતે વર્તમાનનો અલ્પ પ્રયત્ન અને બલવાન કર્મ પરસ્પર મિશ્રિત થઈને વર્તમાનમાં ફળ આપે છે અને વર્તમાનનો પ્રયત્ન નવા કર્મબંધ દ્વારા જન્માંતરમાં ફળ આપે છે, એ રીતે પણ બન્ને પરસ્પર આશ્રિત થઈને ફળ પ્રાપ્ત કરાવે છે.

વળી કેટલાક જીવો વર્તમાનમાં ઉદયમાન કર્મના ફળ આપવાના સામર્થ્ય કરતાં અધિક પુરુષકાર કરે તો તેઓના તે પ્રકારના પ્રચુર પ્રયત્નને કારણે તે કર્મો વિશેષ પ્રકારે ક્ષયોપશમભાવને પ્રાપ્ત કરીને વર્તમાનમાં અધિકપણ ફળ પામે છે ત્યાં પણ દૈવ અને પુરુષકાર પરસ્પર આશ્રિત છે. વળી તે જીવો તે પુરુષકાર દ્વારા વર્તમાનમાં ફળ મેળવીને તે પુરુષકાર કરતી વખતે તે પુરુષકારથી જે પ્રકારનો અધ્યવસાય કરે છે તેને અનુરૂપ નવું કર્મ અર્જન કરે છે તેથી તેઓનો વર્તમાનનો પુરુષકાર અને તેનાથી અર્જન થયેલું કર્મ પરસ્પર આશ્રય કરીને જન્માંતરમાં તેઓને ફળ આપશે. આ રીતે સંસાર ચક્રવાલમાં જે જે પ્રયત્ન જે જે જીવો કરે છે તે તે પ્રયત્નનું વર્તમાનમાં ફળ મેળવે છે કે વર્તમાનમાં તેમનો પ્રયત્ન નિષ્ફળ જાય છે તે સ્થાનમાં પણ તેઓનો પુરુષકાર અને દૈવ પરસ્પર આશ્રિત છે અને વર્તમાનનો તેમનો પુરુષકાર નવા કર્મબંધ દ્વારા કે નવા તે તે કર્મના ક્ષયોપશમભાવને પામે તેવાં સોપક્રમકર્મો દ્વારા જન્માંતરમાં પણ વર્તમાનના પ્રયત્નનું ફળ પામે છે; અને જન્માંતરમાં તે ફળપ્રાપ્તિ વખતે ફરી તે દૈવ અને જન્માંતરમાં થનારો પુરુષકાર પરસ્પર આશ્રિત થઈને તે તે કાર્ય કરે છે. આ પ્રમાણે જગત્વર્તિ જીવને પ્રાપ્ત થતા તમામ ફલ પ્રત્યે દૈવ અને પુરુષકાર પરસ્પર આશ્રિત છે તેમ વિચક્ષણ એવા તીર્થંકરો કહે છે.

વળી અન્ય એવા સાંખ્ય પુરુષ અને પ્રકૃતિ એમ બે પદાર્થ માને છે અને પુરુષને કૂટસ્થ નિત્ય માને છે, તેથી પુરુષ કર્મનો કર્તા નથી કે કર્મનો ભોક્તા નથી, પરંતુ જગતમાં જે કંઈ દેખાય છે તે પ્રકૃતિનો જ વિલાસ છે તેમ માને છે, તેથી પુરુષકારથી શૂન્ય=જીવના પ્રયત્નથી રહિત, પ્રધાન અપર નામવાળું કર્મ કાલવિશેષને આશ્રયીને તે તે ફલ આપે છે, એ પ્રકારે સાંખ્ય કહે છે જે સ્યાદ્વાદની દૃષ્ટિએ ઉચિત નથી, તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ કહેશે. **॥૩૨૪॥**

**અવતરણિકા :-**

**अथैतत्प्रतिविधानायाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના પ્રતિવિધાન માટે=પૂર્વશ્લોકમાં કહેલ સાંખ્ય મતના નિરાકરણ માટે, ગ્રંથકારશ્રી કહે છે –**

શ્લોક :-

दैवमात्मकृतं विद्यात् कर्म यत्पौर्वदेहिकम् ।
स्मृतः पुरुषकारस्तु, क्रियते यदिहापरम् ।।३२५।।

અન્વયાર્થ :-

आत्मकृतं दैवं विद्यात्=આત્મકૃત એવું દૈવ જાણવું, यत्पौर्वदेहिकं कर्म=જે પૌર્વદેહિક કર્મ છે, तु=વળી, यद्=જે, इह=અહીં, अपरं=બીજું, क्रियते=કરાય છે, पुरुषकारः स्मृतः=તે પુરુષકાર કહેવાયો છે. ॥૩૨૫॥

શ્લોકાર્થ :-

**આત્મકૃત એવું દૈવ જાણવું, જે પૌર્વદેહિક કર્મ છે. વળી જે અહીં બીજું કરાય છે તે પુરુષકાર કહેવાયો છે. ॥૩૨૫॥**

ટીકા :-

**दैवमात्मकृतं=मिथ्यात्वादिभिर्हेतुभिर्जीवेन विहितम्, विद्यात्=जानीयात्, किमित्याह—कर्म यत्पौर्वदेहिकं=पूर्वदेहभवं, स्मृतः=अनुध्यातः, पुरुषकारस्तु=पुरुषकारः पुनः, क्रियते व्यवहारिभिः यदिहापरं=तथाविधे कर्मणि सत्यपि वाणिज्यराजसेवादि ।।३२५।।**

ટીકાર્થ :-

दैवमात्मकृतं ..... वाणिज्यराजसेवादि ।। **આત્મકૃત દૈવ જાણવું=મિથ્યાત્વાદિ હેતુઓથી જીવ વડે કરાયેલું કર્મ છે તે દૈવ જાણવું, શું જાણવું=જીવ વડે કરાયેલું દૈવ શું જાણવું ? એથી કહે છે – જે પૌર્વદેહિક=પૂર્વ દેહથી થયેલું કર્મ છે તે દૈવ જાણવું એમ અન્વય છે. વળી વ્યવહારી વડે જે અહીં અપર=તેવા પ્રકારનું કર્મ હોતે છતે પણ વાણિજ્ય રાજસેવાદિ અપર, કરાય છે તે પુરુષકાર સ્મૃત છે=અનુધ્યાત છે=કહેવાયો છે. ॥૩૨૫॥**

ભાવાર્થ :-

સાંખ્ય દર્શનકાર માત્ર પ્રકૃતિનો જ આ વિલાસ છે એમ કહીને કર્મ જ સર્વ ફળ આપે છે, પુરુષકાર ફળ પ્રત્યે કારણ નથી એમ માને છે, તેના નિરાકરણ અર્થે ગ્રંથકારશ્રી પ્રથમ દૈવ શું છે અને પુરુષકાર શું છે તે અનુભવ અનુસાર સ્પષ્ટ કરે છે, ત્યારપછી પુરુષકાર વગર માત્ર દૈવ ફલને કરનાર નથી તે આગળના શ્લોકમાં સ્પષ્ટ કરશે, જેથી સાંખ્ય મતનું નિરાકરણ થશે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ હેતુથી જીવ વડે દૈવ કરાય છે, જેમ સંસારી જીવો મિથ્યાત્વ, અવિરતિ આદિ ભાવોને કારણે સતત પોતાના ભાવોને અનુરૂપ કર્મો બાંધે છે, તે દૈવ છે અને વર્તમાનમાં જે ફલની પ્રાપ્તિ થાય છે તેમાં પૂર્વભવનું કરાયેલું કર્મરૂપ દૈવ કારણ છે અને વર્તમાનમાં સંસારી

જીવો પોતાને ફળ પ્રાપ્ત થાય તેવું પૂર્વભવનું કરાયેલું કર્મ વિદ્યમાન હોવા છતાં પણ વાણિજ્ય રાજસેવાદિ કૃત્યો કરે છે તે પુરુષકાર છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વભવનું તેવા પ્રકારનું લાભાંતરાયાદિના ક્ષયોપશમભાવને પામે તેવું કર્મ વિદ્યમાન હોય અને વર્તમાનમાં વાણિજ્ય રાજસેવાદિ પુરુષકાર કરે તેનાથી ફળ પ્રાપ્ત થાય છે, એ રીતે જેઓને મોક્ષમાર્ગ પ્રત્યે રુચિ પ્રગટ થાય તેવા ક્ષયોપશમવાળું પૂર્વભવનું દર્શનમોહનીય આદિ કર્મ વિદ્યમાન હોય અને વર્તમાનમાં તે ક્ષયોપશમને અનુરૂપ ઉચિત યોગમાર્ગનું સેવન કરે તો આત્મામાં વિશેષ નિર્મળતારૂપ ગુણસંપત્તિ પ્રગટ થાય છે, જેમ પૂર્વભવનું લાભાંતરાયના ક્ષયોપશમભાવને પામે તેવું કર્મ વિદ્યમાન હોય અને વાણિજ્ય આદિ પુરુષકાર કરે તેનાથી બાહ્ય સંપત્તિ મળે છે તેમ અંતરંગ સંપત્તિરૂપ ફલને અનુરૂપ ક્ષયોપશમભાવવાળું દર્શનમોહનીય આદિ કર્મ વિદ્યમાન હોય અને તેને અનુકૂલ ઉચિત અનુષ્ઠાનરૂપ પુરુષકાર કરવામાં આવે તો તે તે પ્રકારના ક્ષયોપશમભાવની વૃદ્ધિ થવાથી અંતરંગ સંપત્તિ રૂપ ફલની પ્રાપ્તિ થાય છે. **॥૩૨૫॥**

**અવતરણિકા :-**

**एवं च –**

**અવતરણિકાર્થ :-**

**અને આ રીતે=શ્લોક-૩૨૫માં દૈવ શું છે અને પુરુષકાર શું છે ? એ બતાવ્યું એ રીતે, શું પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**नेदमात्मक्रियाऽभावे, यतः स्वफलसाधकम् ।**
**अतः पूर्वोक्तमेवेह, लक्षणं तात्त्विकं तयोः ।।३२६।।**

**અન્વયાર્થ :-**

**यतः=જે કારણથી, आत्मक्रियाऽभावे=આત્માની ક્રિયાના અભાવમાં=ફ્લપ્રાપ્તિને અનુકૂળ જીવવ્યાપારના અભાવમાં, इदं=આ=કર્મ, स्वफलसाधकं न=સ્વફલ સાધક નથી જ, अतः=આથી=આત્માની ક્રિયાના અભાવમાં કર્મ સ્વફલ સાધક નથી આથી, इह=અહીં=દૈવ અને પુરુષકારના પ્રક્રમમાં, तयोः=તે બેનું=દૈવ અને પુરુષકારનું, पूर्वोक्तमेव लक्षणं=પૂર્વોક્ત જ લક્ષણ=શ્લોક-૩૨૨-૩૨૩માં કહેલ લક્ષણ, तात्त्विकं=તાત્ત્વિક જાણવું. ॥૩૨૬॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આત્માની ક્રિયાના અભાવમાં આ સ્વફલ સાધક નથી જ, આથી અહીં દૈવ અને પુરુષકારના પ્રક્રમમાં તે બેનું પૂર્વોક્ત લક્ષણ જ તાત્ત્વિક જાણવું. ॥૩૨૬॥**

**ટીકા :-**

**न=नैव, इदं=कर्म, आत्मक्रियाभावे=जीवव्यापारविरहे, यतो=यस्मात्, स्वफलसाधकं=निजफलकारि, क्वचिदुपलभ्यते, अतो=ऽस्माद्धेतोः, पूर्वोक्तमेव=यत्परस्परोपष्टम्भवत् प्रागुपन्यस्तम्, इह=प्रक्रमे, लक्षणं=स्वरूपम्, तात्त्विकं=सद्भूतम्, तयोः=दैवपुरुषकारयोः ।।३२६।।**

**ટીકાર્થ :-**

**न=नैव ..... तयोर्दैवपुरुषकारयोः ।। જે કારણથી આત્માની ક્રિયાના અભાવમાં=ફલનિષ્પત્તિને અનુકૂળ જીવવ્યાપારના અભાવમાં, આ=કર્મ ક્યારે ય સ્વફલસાધક=નિજફલકારિ, પ્રાપ્ત થતું નથી જ, આથી=આ હેતુથી, અહીં=પ્રક્રમમાં=ફલનિષ્પત્તિના પ્રક્રમમાં, પૂર્વમાં કહેલું જ=પરસ્પર ઉપષ્ટંભવાળું જે પૂર્વમાં કહેલું જ, તે બેનું=દૈવ-પુરુષકારનું, લક્ષણ=સ્વરૂપ, તાત્ત્વિક છે=સદ્ભૂત છે. ।।૩૨૬।।**

**ભાવાર્થ :-**

સંસારમાં ધનપ્રાપ્તિને અનુકૂળ અલ્પ કે અધિક વ્યાપાર વગર ધનપ્રાપ્તિને અનુકૂળ એવું પૂર્વભવનું કર્મ ક્યારેય ફલ આપતું નથી, પરંતુ પૂર્વભવમાં બાંધેલું પુણ્યકર્મ પણ તેને અનુકૂળ ઉચિત વ્યાપારથી ફળ આપે છે, તે રીતે યોગમાર્ગને અનુકૂળ પૂર્વભવનું ક્ષયોપશમભાવવાળું કર્મ વર્તમાનમાં તેની વૃદ્ધિને અનુકૂળ ઉચિત વ્યાપાર વગર ગુણસ્થાનકની વૃદ્ધિ રૂપ ફળ આપતું નથી, તેથી નક્કી થાય છે કે દૈવ અને પુરુષકાર પરસ્પર ઉપષ્ટંભવાળા થઈને સ્વફલના સાધક છે, માટે સાંખ્ય દર્શનકાર કહે છે કે પ્રકૃતિ જ સ્વફલસાધક છે, પુરુષ નિષ્ક્રિય છે તે વચન અનુભવથી વિરુદ્ધ છે. **।।૩૨૬।।**

**અવતરણિકા :-**

**अत्रापि विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં પણ=ફલપ્રાપ્તિ પ્રત્યે પરસ્પર ઉપષ્ટંભવાળા દૈવ અને પુરુષકારમાં પણ, વિશેષને કહે છે. અર્થાત્ પરસ્પર ઉપષ્ટંભ હોવા છતાં તે બેનો પરસ્પર ઘાત્ય-ઘાતક ભાવ છે એ રૂપ વિશેષને કહે છે –**

**શ્લોક :-**

**दैवं पुरुषकारेण, दुर्बलं ह्युपहन्यते ।**
**दैवेन चैषोऽपीत्येतन्नान्यथा चोपपद्यते ।।३२७।।**

**અન્વયાર્થ :-**

**दुर्बलं दैवं=દુર્બલ એવું દૈવ, पुरुषकारेण=પુરુષકારથી, हि=સ્પષ્ટ, उपहन्यते=હણાય છે, च=અને,**

दैवेन=દૈવ વડે, एषोऽपि=આ પણ=પુરુષકાર પણ હણાય છે, इत्येतद्=આ=પરસ્પર ઉપહતિ રૂપ આ વસ્તુ, अन्यथा=અન્યથા=સમાન બલવાળા દૈવ-પુરુષકાર હોતે છતે, उपपद्यते न=ઘટતા નથી જ. ॥૩૨૭॥

**શ્લોકાર્થ :-**

**દુર્બલ એવું દૈવ પુરુષકારથી સ્પષ્ટ હણાય છે અને દૈવ વડે આ પણ હણાય છે, આ અન્યથા ઘટતા નથી જ. ॥૩૨૭॥**

**ટીકા :-**

**दैवं पुरुषकारेण वीर्यातिरेकलक्षणेन दुर्बलं=तथाविधबलविकलम्, हिः=स्फुटम्, उपहन्यते= स्वफलमुपदधानं प्रतिस्खल्यते, उपदेशपदप्रसिद्धज्ञानगर्भमहामन्त्रिपुरुषकारेणेव स्वकुटुम्बवधाढौककं कर्मेति। दैवेन च=दैवेन पुनर्बलवता, एषोऽपि=पुरुषकारोऽपि, उपहन्यते किं पुनः पुरुषकारेण दैवमित्यपिशब्दार्थः, द्वारकावतीदाहप्रवृत्तौ वासुदेवबलदेवपुरुषकार इव। विपर्यये बाधामाह–इति=एतत्, पूर्वोक्तं परस्परोपहतिलक्षणं वस्तु, न=नैव, अन्यथा=समबलतायां सत्यां, उपपद्यते=घटत इति ।।३२७।।**

**ટીકાર્થ :-**

दैवं ..... घटत इति ।। દુર્બલ=તથા પ્રકારના બલથી વિકલ=પુરુષકારથી ઉપઘાત ન પામે તેવા બલથી રહિત એવું, દૈવ વીર્યના અતિશય રૂપ પુરુષકારથી=દુર્બળ એવા દૈવને હણવા માટે સમર્થ એવા વીર્યના અતિશયરૂપ પુરુષકારથી, हि=સ્પષ્ટ, હણાય છે=સ્વફલને આપતું પ્રતિસ્ખલના કરાય છે=પોતાના ફળને આપવા માટે વ્યાપારવાળું દૈવ પ્રતિસ્ખલના કરાય છે, ઉપદેશપદ પ્રસિદ્ધ-જ્ઞાનગર્ભ મહામંત્રીના પુરુષકારથી સ્વકુટુંબના વધના ઉપઢૌકક કર્મની જેમ.

'इति' શબ્દ શ્લોકના પૂર્વાર્ધના કથનની સમાપ્તિ માટે છે.

વળી દૈવથી=બલવાન એવા દૈવથી આ પણ=પુરુષકાર પણ ઉપઘાત કરાય છે, શું વળી પુરુષકારથી દૈવ ? એ 'एषोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, દ્વારિકાવતીના દાહની પ્રવૃત્તિમાં વાસુદેવ અને બલદેવના પુરુષકારની જેમ. વિપર્યયમાં=પરસ્પર સંશ્રય વગર દૈવ અને પુરુષકાર પ્રવર્તતા હોય એ રૂપ વિપર્યયમાં, બાધાને કહે છે – આ=પૂર્વમાં કહેલ પરસ્પર ઉપહતિ લક્ષણ વસ્તુ, અન્યથા=સમાન બલવાળા બન્ને હોતે છતે, ઘટતી નથી જ.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૨૭॥

**ભાવાર્થ :-**

ઉપદેશપદમાં પ્રસિદ્ધ એવા મંત્રીએ=જ્ઞાન છે ગર્ભમાં જેમને એવા બુદ્ધિશાળી મંત્રીએ, પોતાના પુરુષકાર દ્વારા સ્વકુટુંબના નાશ માટે સન્મુખ થયેલા એવા કર્મને બુદ્ધિપૂર્વક ઉચિત વ્યાપાર કરીને નિષ્ફળ કર્યું, તેમ જે જીવોનું યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક એવું કર્મ પુરુષકારથી હણાય તેવું છે, અર્થાત્ યોગમાર્ગની

પ્રવૃત્તિમાં બાધકકર્મ સોપક્રમ હોવાથી તેવા પ્રકારના બળથી રહિત છે, તેથી જો તે બુદ્ધિમાન્ પુરુષ જિનવચનનું દઢ અવલંબન લઈને સમ્યગ્ પ્રયત્ન કરે તો તેમનું યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક એવું દર્શનમોહનીય, જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીય કર્મ ક્ષયોપશમભાવને પામે છે. અને જો સોપક્રમકર્મવાળા પણ તે જીવો કોઈ પ્રકારનો પ્રયત્ન ન કરે અથવા જિનવચનનું દઢ અવલંબન લીધા વગર યથાતથા પ્રવૃત્તિ કરે તો તેઓનું યોગમાર્ગની પ્રવૃત્તિનું બાધકકર્મ ક્ષયોપશમભાવને પામતું નથી તેથી તેઓને ગુણની પ્રાપ્તિ થતી નથી.

તેથી એ ફલિત થાય કે જેમ બુદ્ધિશાળી એવો તે મંત્રી પોતાની બુદ્ધિનો સમ્યગ્ ઉપયોગ ન કરત તો તેના કુટુંબનું રક્ષણ થાત નહિ, તેમ સંસારમાં બુદ્ધિમાન્ પુરુષ જિનવચનનું યથાર્થ રહસ્ય જાણવા યત્ન ન કરે અને યથાતથા પ્રવૃત્તિ કરે તો દુર્બલ એવું પણ રત્નત્રયીનું પ્રતિબંધક કર્મ સ્ખલના પામતું નથી, પરંતુ પોતાનું ફળ આપવા સમર્થ બને છે અને બુદ્ધિમાન્ મંત્રીની જેમ જિનવચનના તાત્પર્યના ગ્રહણમાં બુદ્ધિમાન પુરુષ જિનવચન કઈ રીતે ઉચિત પ્રવૃત્તિ કરાવીને ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ છે તેના પરમાર્થને જાણીને નિપુણબુદ્ધિપૂર્વક સ્વભૂમિકાનું અનુષ્ઠાન કરે તો ઉત્તરની રત્નત્રયીની ભૂમિકામાં જવા બાધક એવું કર્મ ક્ષયોપશમભાવવાળું થવાથી તે અનુષ્ઠાનનાં સેવનથી તે મહાત્મા ઉત્તરના ગુણને પ્રાપ્ત કરે છે, ત્યારે તે દૈવ તેમના પુરુષકારથી સ્ખલના પામે છે અર્થાત્ તે દૈવનું કાર્ય થતું નથી, પરંતુ પુરુષને અભિમત રત્નત્રયીની વૃદ્ધિરૂપ ફળ પ્રાપ્ત થાય છે.

વળી દ્વારકાના નાશની પ્રવૃત્તિ દ્વૈપાયન ઋષિથી કરાઈ; તેને બાધ કરવા માટે વાસુદેવ અને બલદેવ નિપુણતાપૂર્વક પુરુષકાર કરે છે, છતાં બલવાન એવા દૈવથી વાસુદેવનો અને બલદેવનો પુરુષકાર નિષ્ફળ બને છે, તેમ યોગમાર્ગની પ્રવૃત્તિમાં જિનવચનનું દઢ અવલંબન લઈને પ્રવૃત્તિ કરનારા નંદિષેણ મુનિનું બલવાન ચારિત્રમોહનીય કર્મ તે મહાત્માના સમ્યગ્ પુરુષકારને સ્ખલના કરાવીને પોતાનું કાર્ય કરે છે, જેમ દ્વારિકાનાશનું કારણ બને તેવું બલવાન દૈવ વાસુદેવના અને બલદેવના પ્રયત્નને સ્ખલના કરાવીને દ્વારિકાનાશનું કારણ બન્યું.

વળી જો આ દૈવ અને પુરુષકાર સમાન બલવાળા હોય તો એકબીજાનો ઉપઘાત કરીને પોતાનું કાર્ય કરી શકે નહિ, પરંતુ બેમાંથી જે દુર્બળ હોય તે અન્ય દ્વારા નાશ કરી શકાય છે. અહીં જ્ઞાનગર્ભ મંત્રીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે –

કોઈક રાજાની સભામાં વિશિષ્ટ નિમિત્તશાસ્ત્રને જાણનાર નૈમિત્તિક આવેલ, તેને રાજાએ પૃચ્છા કરી કે મારા રાજ્યમાં નજીકમાં કંઈક નવું થાય તેવું હોય તો કહો, જેથી તમારા નિમિત્તશાસ્ત્રનો સાક્ષાત્ પરિચય થાય. ત્યારે તે નૈમિત્તિક કહે છે કે પંદર દિવસમાં મહામંત્રીના કુટુંબનો નાશ થશે. નૈમિત્તિકના તે વચનને સાંભળીને બુદ્ધિમાન્ મંત્રી વિચારે છે કે, 'આ વિષયમાં તે નૈમિત્તિક પાસેથી મારે વિશેષ જાણવા યત્ન કરવો જોઈએ; જેથી ઉચિત યત્ન કરી શકાય,' તેથી તે મંત્રી તે નૈમિત્તિકને બહુમાનપૂર્વક બોલાવે છે અને ભક્તિ

કરીને પૃચ્છા કરે છે કે કઈ રીતે મારા કુટુંબનો નાશ થશે ? નિમિત્ત જાણનાર તે પુરુષ કહે છે કે તમારા મોટા પુત્રથી નાશ થશે એટલું જ હું જાણી શકું છું, અધિક કંઈ નિર્ણય થતો નથી, તેથી બુદ્ધિમાન્ એવો મંત્રી નિપુણતાપૂર્વક વિચાર કરીને પોતાના મોટા પુત્રને ઉચિત રીતે પેટીમાં પૂરીને, તે જીવી શકે તેવી સર્વ વ્યવસ્થા પેટીમાં કરીને તે પેટી રાજાને આપે છે અને કહે છે કે મારા કુટુંબનો નાશ થવાની સંભાવના છે, તેથી મે મારું સર્વસ્વ આમાં રાખેલ છે અને મારા સીલ ઉપર તમે તમારું સીલ લગાડીને પેટીનું રક્ષણ કરવા માટે વિશ્વાસુ માણસોને સોંપો, જેથી તમારી દેખરેખ નીચે પંદર દિવસ સુધી તેનું રક્ષણ રહે અને રાજાએ પણ સર્વ તે પ્રમાણે કર્યું. પંદર દિવસ પછી રાજાની રાજપુત્રીનો ચોટલો ખેંચીને મંત્રીનો મોટો પુત્ર ભાગી જાય છે, તેથી રાજા ગુસ્સે થઈને કહે છે કે મંત્રી સહિત કુટુંબનો વિનાશ કરો, ત્યારે રાજા સામે ઉપસ્થિત થયેલ મંત્રી કહે છે કે મેં સ્થાપન કરેલી પેટીને તમારી સામે ખોલીને જુઓ, જેથી સાચો નિર્ણય થશે. ત્યારપછી પેટી મંગાવી, તે પેટી ઉપર રાજાનું સીલ અકબંધ હતું. પેટી ખોલી, તેમાં મંત્રીપુત્ર હતો અને તેની બાજુમાં રાજપુત્રીનો ચોટલો અને છરી પણ હતાં, તેથી રાજાને થયું કે આ કઈ રીતે સંભવે ?

વસ્તુતઃ તે મંત્રીપુત્રના પૂર્વભવના વૈરી એવા વ્યંતરે તેના નાશ માટે આ પ્રમાણે કરેલ, તેથી રાજાને નિર્ણય થયો કે મંત્રી નિર્દોષ છે, તેથી તેના કુટુંબનું રક્ષણ થયું. માટે કોઈપણ સંયોગનો નિપુણતાપૂર્વક વિચાર કરીને ઉચિત ઉપાયમાં યત્ન કરવામાં આવે તો જ્ઞાનગર્ભ મંત્રીના દૈવની જેમ દુર્બળ દૈવ નિષ્ફળ જાય છે, તે રીતે સંસારનાં સર્વ ક્ષેત્રમાં કે યોગમાર્ગની પ્રવૃત્તિમાં પણ નિપુણતાપૂર્વક યત્ન કરવામાં આવે તો દુર્બળ દૈવ પુરુષકારથી હણાય છે.

વળી વાસુદેવનું અને બળદેવનું તેમની પ્રિય દ્વારિકા નગરી નાશ પામે તેવું કર્મ હતું અને ભગવાનના વચનથી તેનું જ્ઞાન કરીને તેના રક્ષણ માટે નિપુણતાપૂર્વક સર્વ ઉપાયો વિચારીને વાસુદેવે અને બળદેવે પ્રયત્ન કર્યો તોપણ બલવાન એવા દૈવથી દ્વારિકાનો નાશ થયો, તેમ સંસારના કોઈપણ ક્ષેત્રમાં નિપુણતાપૂર્વક પ્રયત્ન કરનાર પુરુષના પ્રયત્ન કરતાં બલવાન દૈવ હોય તો તે પ્રયત્નને નિષ્ફળ કરીને પણ તે દૈવ પોતાનું કાર્ય કરે છે, આથી જ બલવાન એવા દૈવથી નંદિષેણ મુનિ ચારિત્રનું રક્ષણ કરવા અસમર્થ થયા.

આથી જ જેનું ચારિત્રમોહનીય શિથિલ છે, પ્રયત્નથી બાધ પામે તેવું છે તેવો સમ્યગ્દૃષ્ટિ જીવ ચારિત્રનો અત્યંત અર્થી હોવા છતાં ઉચિત ઉપદેશક ન મળે તો તીવ્ર સંવેગપૂર્વકના ચારિત્રના સ્વરૂપનો બોધ કરાવે તેવો ઉપદેશ તેને પ્રાપ્ત થાય નહિ અને પોતાના સમ્યક્ત્વકાલીન બોધથી ચારિત્રમોહનીય નિવર્તન પામે તેવું ન હોય તો ચારિત્રને પ્રાપ્ત કરી શકતો નથી. તે વખતે જો વિશિષ્ટ ઉપદેશક મળે તો તેમના ઉપદેશના બળથી ઉત્થિત થયેલા વીર્યને કારણે દુર્બળ એવું તેનું ચારિત્રમોહનીયકર્મ બાધ પામે છે, તેથી જેમ તે જ્ઞાનગર્ભ મંત્રીને નૈમિત્તિક ન મળ્યો હોત તો તેના કુટુંબનો વિનાશ થાત, તેથી દુર્બળ પણ દૈવ પોતાનું કાર્ય કરવા સમર્થ બનત, તેમ કેટલાક યોગ્ય સમ્યગ્દૃષ્ટિ જીવોનું દુર્બળ પણ ચારિત્રમોહનીયકર્મ ઉપદેશકના અભાવને કારણે તેના ચારિત્ર ગુણનો ઘાત કરે છે અને પોતાનું ફળ પ્રાપ્ત કરાવે છે. **॥૩૨૭॥**

**અવતરણિકા :-**

एवं परस्परोपघात्योपघातकभावे यत्सिद्धं तदाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે=શ્લોક-૩૨૭માં કહ્યું એ રીતે, પરસ્પર ઉપઘાત્ય-ઉપઘાતક ભાવ હોતે છતે=દૈવ અને પુરુષકાર બન્ને વચ્ચે પરસ્પર ઉપઘાત્ય-ઉપઘાતક ભાવ હોતે છતે, જે સિદ્ધ થાય છે તેને કહે છે –

**શ્લોક :-**

**कर्मणा कर्ममात्रस्य, नोपघातादि तत्त्वतः ।**
**स्वव्यापारगतत्वे तु, तस्यैतदपि युज्यते ।।३२८।।**

**અન્વયાર્થ :-**

कर्मणा=કર્મ વડે=કેવલ એવા દૈવ વડે, कर्ममात्रस्य=કર્મમાત્રનું=કેવલ એવા દૈવરૂપ કર્મમાત્રનું, तत्त्वतः=તત્ત્વથી, नोपघातादि=ઉપઘાત આદિ નથી, तु=વળી, स्वव्यापारगतत्वे=સ્વવ્યાપારગતપણું હોતે છતે=જીવની ક્રિયાથી પ્રતિબદ્ધપણું હોતે છતે, तस्य=તેનું=કર્મનું, एतदपि=આ પણ=પરસ્પર ઉપઘાતાદિ=એક કર્મ બીજા કર્મનો ઉપઘાત કરે એ પણ, युज्यते=ઘટે છે. ।।૩૨૮।।

**શ્લોકાર્થ :-**

**કર્મ વડે કર્મમાત્રનું તત્ત્વથી ઉપઘાત આદિ નથી, વળી સ્વવ્યાપારગતપણું હોતે છતે તેનું આ પણ ઘટે છે. ।।૩૨૮।।**

**ટીકા :-**

**कर्मणा केवलेनैव कर्ममात्रस्य=केवलस्यैव कर्मणः, नोपघातादि=उपघातानुग्रहौ, तत्त्वतो=अनुपचारेण, न हि केवलं कर्म कञ्चिदनुग्रहीतुं वा क्षमसहायत्वात्, तर्हि कथं स्यादित्याह–स्वव्यापारगतत्वे तु= जीवक्रियाप्रतिबद्धत्वे पुनः, तस्य=कर्मणः, एतदपि=परस्परोपघात्यादि, युज्यते ।।३२८।।**

**ટીકાર્થ :-**

कर्मणा ..... युज्यते ।। કેવલ જ કર્મ વડે=કેવલ જ દૈવ વડે, કર્મમાત્રનું=કેવલ જ દૈવરૂપ કર્મનું, ઉપઘાતાદિ=ઉપઘાત-અનુગ્રહ, તત્ત્વથી=અનુપચારથી, નથી.

કેમ નથી તે સ્પષ્ટ કરે છે –

**કેવલ કર્મ=કેવલ દૈવ, કોઈને અનુગ્રહ કરવા માટે અથવા નિગ્રહ કરવા માટે સમર્થ નથી જ; કેમ કે અસહાયપણું છે=પુરુષકારની સહાયતા વગરનું છે, તો કઈ રીતે થાય ?=તો કઈ રીતે કર્મ અન્ય**

**કર્મને અનુગ્રહ કરવા સમર્થ થાય ? એથી કહે છે – વળી તેનું સ્વવ્યાપારગતપણું હોતે છતે=કર્મનું જીવની ક્રિયા સાથે પ્રતિબદ્ધપણું હોતે છતે, આ પણ=એક કર્મ બીજા કર્મને પરસ્પર ઉપઘાત આદિ કરે એ પણ, ઘટે છે. ॥૩૨૮॥**

❖ ટીકામાં 'कश्चिदनुग्रहीतुं वा' પાઠ છે તે સ્થાને 'कश्चिदनुग्रहीतुं निगृहीतुं वा,' પાઠ હોવાની સંભાવના છે.

**ભાવાર્થ :-**

જીવમાં વર્તતું કોઈક કર્મ અન્ય કર્મનો ઉપઘાત કે અન્ય કર્મનો અનુગ્રહ પણ કરે છે, તે વસ્તુની સંગતિ ત્યારે જ થઈ શકે કે જીવના વ્યાપાર સાથે તે કર્મ પ્રતિબદ્ધ હોય અને જો તે કર્મ જીવના વ્યાપાર સાથે પ્રતિબદ્ધ ન હોય તો એક કર્મ બીજા કર્મનો ઉપઘાત કે અનુગ્રહ કરે છે તે કથન સંગત થાય નહિ, જેમ કોઈક જીવને કોઈક રોગ થયો હોય ત્યારે રોગ આપાદક કર્મ વિપાકમાં વર્તે છે અને જીવ ઉચિત ઔષધાદિ કરે તો ઉચિત ઔષધાદિના વ્યાપાર સાથે પ્રતિબદ્ધ એવું આરોગ્ય આપાદક કર્મ જીવના રોગ આપાદક કર્મનો ઉપઘાત કરે છે અને જો જીવ કોઈ પ્રયત્ન ન કરે તો રોગ આપાદક કર્મ તેના અવધિકાળ સુધી પોતાનું સામર્થ્ય બતાવે અને જ્યારે આરોગ્ય આપાદક કર્મ વિપાકમાં આવે ત્યારે આરોગ્યની પ્રાપ્તિ થાય અને જો જીવનના અંત સમય સુધી રોગ આપાદક કર્મ વિદ્યમાન હોય તો નિર્બળ એવું આરોગ્ય આપાદક કર્મ સ્વફળ આપી શકે નહિ અને જીવના ઉચિત પ્રયત્ન સાથે પ્રતિબદ્ધ એવું આરોગ્ય આપાદક કર્મ રોગ આપાદક કર્મને સ્ખલના કરાવીને આરોગ્યની પ્રાપ્તિ કરાવે છે.

વળી યોગમાર્ગની પ્રવૃત્તિમાં પણ કોઈક જીવનું દર્શનમોહનીયકર્મ મંદ થયેલું હોય છતાં જીવવ્યાપારથી પ્રતિબદ્ધ ન થાય તો દર્શનગુણની પ્રાપ્તિમાં બાધક એવું ઉત્તરનું દર્શનમોહનીયકર્મ સ્ખલના પામે નહિ, જેથી જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય નહિ, પરંતુ તે જીવ ઉચિત ઉપદેશ આદિને પામીને તત્ત્વના નિર્ણયને અનુકૂળ વ્યાપારવાળો થાય તો મંદ એવું પણ દર્શનમોહનીયકર્મ પુરુષ વ્યાપારથી પ્રતિબદ્ધ થઈને ઉત્તરના દર્શનમોહનીયકર્મને પોતાનું કાર્ય કરતાં ઉપઘાત કરે છે, જેથી તે દર્શનમોહનીયકર્મ ક્ષયોપશમભાવને પામીને દર્શનની પ્રાપ્તિનું કારણ બને છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવપ્રયત્નથી પ્રતિબદ્ધ એવું મંદ દર્શનમોહનીય ઉત્તરના દર્શનમોહનીયને સ્વકાર્ય કરતાં નિગ્રહ કરીને ક્ષયોપશમભાવવાળા દર્શનમોહનીયરૂપે કરે છે તેથી ઉત્તરના દર્શનમોહનીકર્મનું કાર્ય થતું નથી, તેથી જીવના પ્રયત્નથી પ્રતિબદ્ધ એવું મંદ દર્શનમોહનીયકર્મ ઉત્તરના દર્શનમોહનીયકર્મનો ઉપઘાત ક્ષયોપશમભાવવાળું થાય છે ત્યારે જીવમાં સમ્યગ્દર્શનગુણની પ્રાપ્તિ રૂપ કાર્ય કરે છે.

વળી કોઈ જીવને જ્ઞાનાવરણીયનો સમ્યગ્ ક્ષયોપશમ હોય તો ભગવાને બતાવેલ સંયમની ક્રિયાઓ કઈ રીતે સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ છે તેનો યથાર્થ બોધ થાય છે અને તેવા બોધવાળો જીવ ચારિત્રાચારની ક્રિયા રૂપ જીવવ્યાપારવાળો હોય તો તેનું ક્ષયોપશમભાવવાળું જ્ઞાનાવરણીયકર્મ તેવા પ્રકારના જીવવ્યાપારથી

પ્રતિબદ્ધ થઈને ક્ષયોપશમભાવવાળા ચારિત્રને અતિશયવાળું કરે છે, તેથી જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જીવવ્યાપારથી યુક્ત થઈને ચારિત્રમોહનીયના ક્ષયોપશમને અતિશય કરવા માટે અનુગ્રહવાળું થાય છે, તેથી એક ક્ષયોપશમભાવવાળું કર્મ જીવવ્યાપારથી પ્રતિબદ્ધ થઈને અન્ય કર્મના ક્ષયોપશમમાં અતિશયતા કરે છે અને જો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જીવવ્યાપારથી પ્રતિબદ્ધ ન હોય તો ચારિત્રના ક્ષયોપશમમાં અતિશયતા કરવા સમર્થ બનતો નથી.

તેથી એ ફલિત થાય કે કેવલ કર્મ અન્ય કર્મને ઉપઘાત કરવા માટે કે અનુગ્રહ કરવા માટે સમર્થ બનતું નથી, પરંતુ જીવવ્યાપાર પ્રતિબદ્ધ થઈને એક કર્મ અન્ય કર્મને ક્યારેક ઉપઘાત પણ કરે છે અને ક્યારેક અનુગ્રહ પણ કરે છે, તેથી શ્લોક-૩૨૭માં કહ્યું એ પ્રમાણે દુર્બળ દૈવ પુરુષકારથી હણાય છે અને બલવાન દૈવથી દુર્બળ પુરુષકાર હણાય છે તેમ સ્વીકારવાથી પુરુષકારથી પ્રતિબદ્ધ એવું દૈવ અન્ય દૈવનો ઉપઘાત કરે છે અથવા પુરુષકારથી પ્રતિબદ્ધ એવું એ જ દૈવ અન્ય દૈવને અનુગ્રહ કરે છે એ પણ સંગત થાય છે, માટે સર્વત્ર દૈવ અને પુરુષકાર અન્યોન્ય સંશ્રયવાળાં જ કાર્ય કરે છે તેમ સ્વીકારવું ઉચિત છે. **॥૩૨૮॥**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुतमेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુતને જ આશ્રયીને કહે છે=દૈવ અને પુરુષકાર પરસ્પર સંશ્રયવાળા છે એ રૂપ પ્રસ્તુતને જ આશ્રયીને કહે છે –**

**શ્લોક :-**

**उभयोस्तत्स्वभावत्वे, तत्तत्कालाद्यपेक्षया ।**
**बाध्यबाधकभावः स्यात्, सम्यग्न्यायाऽविरोधतः ।।३२९।।**

**અન્વયાર્થ :-**

**उभयोः=ઉભયનું=દૈવ અને પુરુષકાર રૂપ ઉભયનું, तत्तत्कालाद्यपेक्षया=તે તે કાલાદિની અપેક્ષાથી=સહકારી કારણ એવા તે તે કાળ-ક્ષેત્રાદિની અપેક્ષાથી, तत्स्वभावत्वे=તે સ્વભાવપણું હોતે છતે=પરસ્પર બાધ્ય-બાધક સ્વભાવપણું હોતે છતે, सम्यग्न्यायाऽविरोधतः=સમ્યગ્ ન્યાયના અવિરોધથી, बाध्यबाधकभावः स्यात्=બાધ્ય-બાધકભાવ થાય=દૈવ અને પુરુષકાર વચ્ચે બાધ્ય-બાધકભાવ થાય. ॥૩૨૯॥**

**શ્લોકાર્થ :-**

**ઉભયનું તે તે કાલાદિની અપેક્ષાથી તે સ્વભાવપણું હોતે છતે સમ્યગ્ ન્યાયના અવિરોધથી બાધ્ય-બાધક ભાવ થાય. ॥૩૨૯॥**

**ટીકા :-**

**उभयोः=दैवपुरुषकारयोः, तत्स्वभावत्वे=परस्परं बाध्यबाधकस्वभावत्वे, तत्तत्कालाद्यपेक्षया=तानि तानि कालादीनि सहकारिकारणान्यपेक्ष्य, किमित्याह–बाध्यबाधकभावः=उपघात्योपघातकभावः, स्यात्सम्यग्न्यायाविरोधतः=सम्यग्युक्तेरविघटनेन ।।३२९।।**

**ટીકાર્થ :-**

**उभयोः ..... सम्यग्युक्तेरविघटनेन ।। તે તે કાલાદિની અપેક્ષાથી=તે તે કાલાદિ સહકારી કારણની અપેક્ષા રાખીને, ઉભયનું=દૈવ અને પુરુષકાર બન્નેનું, તત્સ્વભાવપણું હોતે છતે=પરસ્પર બાધ્ય-બાધક સ્વભાવપણું હોતે છતે, શું ? એથી કહે છે – બાધ્ય-બાધકભાવ=ઉપઘાત્ય-ઉપઘાતકભાવ, સમ્યગ્ ન્યાયના અવિરોધથી=સમ્યગ્ યુક્તિના અવિઘટનથી, થાય. ॥૩૨૯॥**

**ભાવાર્થ :-**

દૈવ અને પુરુષકાર બન્નેમાંથી કોઈ એકનો તે તે કાળ, તે તે ક્ષેત્ર અને તે તે સામગ્રીરૂપ સહકારી કારણને પ્રાપ્ત કરીને બાધ્ય થવાનો સ્વભાવ હોય અને અન્યનો બાધક થવાનો સ્વભાવ હોય તો સમ્યગ્ યુક્તિ અનુસાર દૈવ અને પુરુષકાર વચ્ચે ઉપઘાત્ય-ઉપઘાતક ભાવ સંગત થાય, જેમ સંસારી જીવોનું દૈવ ચરમાવર્તની પ્રાપ્તિ પૂર્વે અનાદિકાળથી તેવા જ સ્વભાવવાળું હતું, જેથી જીવના યોગમાર્ગના પુરુષકારને બાધ કરતું હતું અને જીવના પુરુષકારનો તેવો જ સ્વભાવ હતો કે જીવના દૈવથી બાધ પામતું હતું તેથી તે જીવ યોગમાર્ગની પ્રવૃત્તિ કરવા સમર્થ બનતો નથી અને જ્યારે તે જીવને ચરમાવર્તની પ્રાપ્તિ થાય છે ત્યારે ચરમાવર્તરૂપ સહકારી કારણને, ઉચિત ભવરૂપ સહકારી કારણને અને ઉચિત ક્ષેત્રરૂપ સહકારી કારણને, પામીને તે જીવના પુરુષકારથી દૈવ બાધ પામે છે, તે વખતે તે જીવના દૈવમાં બાધ્ય સ્વભાવ પ્રાપ્ત થાય છે અને તે જીવના પુરુષકારમાં બાધક સ્વભાવ પ્રાપ્ત થાય છે, તેથી તે જીવનો બાધક સ્વભાવવાળો એવો પુરુષકાર અનુકૂળ સહકારી કાલાદિને પ્રાપ્ત કરીને તે જીવના દૈવને હંમેશાં ઉપઘાત કરે છે અને જ્યારે જ્યારે ચરમાવર્તમાં આવેલા પણ જીવના દૈવનો બાધક સ્વભાવ અનુકૂળ સહકારી કારણને પ્રાપ્ત કરીને પ્રગટ થાય છે ત્યારે દૈવથી પુરુષકાર બાધ્ય થાય છે, આથી જ ઉપદેશાદિ સહકારી સામગ્રીને પ્રાપ્ત કરીને ચરમાવર્તમાં આવેલા નંદિષેણ મુનિનો પુરુષકાર ચારિત્રમોહનીયને બાધ કરીને સંયમની પ્રાપ્તિ કરાવે છે, ત્યારે તેમના દૈવમાં બાધ્ય સ્વભાવ હતો અને પુરુષકારમાં બાધક સ્વભાવ હતો અને જ્યારે નંદિષેણ મુનિનું દૈવ પોતાને અનુકૂળ કાલાદિને પ્રાપ્ત કરે છે ત્યારે નંદિષેણમુનિના ચારિત્રના યત્નરૂપ પુરુષકારનો બાધ કરીને નંદિષેણ મુનિનું દૈવ અચારિત્રરૂપ પોતાનું કાર્ય કરે છે, તેથી એક જ જીવમાં ભિન્ન ભિન્ન કાળના સહકારીને પ્રાપ્ત કરીને નંદિષેણ મુનિનું દૈવ પુરુષકારથી બાધ્ય થયું અને ભિન્નકાળમાં અનુકૂળ કાલાદિ સહકારીને પ્રાપ્ત કરીને નંદિષેણ મુનિનું દૈવ પુરુષકારનું બાધક થયું. માટે દૈવ અને પુરુષકારમાં તે તે કાલાદિરૂપ સહકારીને પ્રાપ્ત કરીને પરસ્પર બાધ્ય-બાધક સ્વભાવ છે તે યુક્તિ અનુસાર સ્વીકારવું જોઈએ. **॥૩૨૯॥**

**અવતરણિકા :-**

अत्रैवाभ्युच्चयमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=દૈવ અને પુરુષકારમાં તે તે કાલાદિ અપેક્ષાએ બાધ્ય-બાધક સ્વભાવ સ્વીકારવામાં જ, અભ્યુચ્ચયને કહે છે=અન્ય યુક્તિના સમુચ્ચયને કહે છે –

**શ્લોક :-**

**तथा च तत्स्वभावत्वनियमात्कर्तृकर्मणोः ।**
**फलभावोऽन्यथा तु स्यान्न काङ्कटुकपक्तिवत् ।।३३०।।**

**અન્વયાર્થ :-**

तथा च=અને તે રીતે=શ્લોક-૩૨૯માં બતાવ્યું એ રીતે, कर्तृकर्मणोः तत्स्वभावत्वनियमात्=કર્તા અને કર્મના તત્સ્વભાવપણાનો નિયમ હોવાથી, फलभावो=ફલભાવ છે, अन्यथा तु=અન્યથા વળી=કર્તા અને કર્મના તત્સ્વભાવપણાના નિયમના અભાવપણાથી, काङ्कटुकपक्तिवत्=કાંકટુકપક્તિની જેમ=કોરડા મગને પકાવવાની ક્રિયાની જેમ, स्यान्न=ન થાય=ફલભાવ ન થાય. ।।૩૩૦।।

**શ્લોકાર્થ :-**

**અને તે રીતે કર્તા અને કર્મના તત્સ્વભાવપણાનો નિયમ હોવાથી ફલભાવ છે, અન્યથા વળી કાંકટુકપક્તિની જેમ ન થાય. ।।૩૩૦।।**

**ટીકા :-**

**तथा च=एवं च सति, तत्स्वभावत्वनियमात्=तत्स्वभावताप्रतिनियतभावात्, कर्तृकर्मणोः बाधकबाध्यादिलक्षणयोः, फलभावः बाधादिसिद्धिरूपः, विपक्षे बाधामाह–अन्यथा तु=तत्स्वभावत्वनियमाभावात्पुनः, स्यान्न काङ्कटुकपक्तिवत्=पाकानर्हेषु मुद्गादिषु पक्तिरिवेति ।।३३०।।**

**ટીકાર્થ :-**

तथा च ..... पक्तिरिवेति ।। અને તે રીતે=આમ હોતે છતે=શ્લોક-૩૨૯માં કહ્યું એમ હોતે છતે, બાધક-બાધ્યાદિ સ્વરૂપવાળા કર્તૃકર્મના=કર્તૃ અને કર્મમાંથી એક બાધક અને અન્ય બાધ્ય અથવા એક અનુગ્રાહ્ય અને અન્ય અનુગ્રાહક સ્વરૂપવાળા કર્તા અને કર્મના, તત્સ્વભાવપણાના નિયમથી=તત્સ્વભાવતાના પ્રતિનિયતભાવથી, બાધાદિ સિદ્ધિરૂપ ફલભાવ છે=બાધા કે અનુગ્રહની સિદ્ધિરૂપ ફલભાવ છે.

**વિપક્ષમાં બાધાને કહે છે – અન્યથા=તત્સ્વભાવત્વના નિયમના અભાવથી, વળી કાંકટુકપક્તિની જેમ=પાકવાને અયોગ્ય એવા કોરડુ મગ આદિમાં પાચનની ક્રિયાની જેમ, ન થાય=ફલભાવ ન થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૩૦॥**

**ભાવાર્થ :-**

દૈવમાં અને પુરુષકારમાં ક્યારેક તે બેમાંથી કોઈકનો બાધ્ય સ્વભાવ થાય છે અને અન્યનો બાધક સ્વભાવ થાય છે અથવા તે બેમાંથી કોઈ એકનો અનુગ્રાહ્ય સ્વભાવ થાય છે તો અન્યનો વળી અનુગ્રાહક સ્વભાવ થાય છે તેમ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું, એ રીતે કર્તા એવા પુરુષમાં અને કર્મ એવા દૈવમાં તત્સ્વભાવત્વનો નિયમ સ્વીકારવામાં આવે અર્થાત્ પ્રતિનિયતકાળમાં કર્તામાં અને કર્મમાં તત્સ્વભાવતાનો નિયમ સ્વીકારવામાં આવે તો ક્યારેક દૈવથી પુરુષકાર બાધ થાય છે અને ક્યારેક પુરુષકારથી દૈવ બાધ થાય છે તે કથન સંગત થાય અને ક્યારેક પુરુષકારથી દૈવનો અનુગ્રહ થાય છે તો ક્યારેક દૈવથી પુરુષકારનો અનુગ્રહ થાય છે તે કથન સંગત થાય અને દૈવ અને પુરુષકારમાં તે તે કાલાદિ સહકારીને આશ્રયીને બાધ્ય-બાધક સ્વભાવ કે અનુગ્રાહ્ય-અનુગ્રાહક સ્વભાવનો પ્રતિનિયતભાવ સ્વીકારવામાં ન આવે તો કોરડા મગને પકવવાની ક્રિયાથી જેમ ફળ પ્રાપ્ત થાય નહિ, તેમ જીવના પુરુષકારથી કર્મનો બાધ થવા રૂપ ફળ પ્રાપ્ત થાય નહિ કે કર્મના ઉદયથી જીવના પુરુષકારનો બાધ થવા રૂપ ફળ પ્રાપ્ત થાય નહિ અથવા કર્મથી પુરુષકારને અનુગ્રહ પ્રાપ્ત થાય નહિ અને પુરુષકારથી કર્મને અનુગ્રહ પ્રાપ્ત થાય નહિ અને જગતમાં કર્મ અને પુરુષકાર વચ્ચે બાધાદિ ફલની પ્રાપ્તિ થતી દેખાય છે, તેથી કર્તા અને કર્મમાં તત્સ્વભાવતાનો પ્રતિનિયત ભાવ છે તેમ સ્વીકારવું જોઈએ, જેથી અનુભવ અનુસાર દૈવ અને પુરુષકારની વ્યવસ્થાની સંગતિ થાય.

અહીં વિશેષ એ છે કે કોઈક જીવને કોઈક પ્રકારનું ક્ષયોપશમભાવનું જ્ઞાનાવરણીય કર્મ હોય તો કર્મ વિશેષજ્ઞાન માટેના જીવના પુરુષકારમાં અનુગ્રાહક બને છે તે પ્રત્યક્ષથી દેખાય છે. વળી કોઈક જીવ કોઈક પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિ માટે પુરુષકાર કરતો હોય અને તે પદાર્થ વિષયક બોધ કરવામાં બાધક જ્ઞાનાવરણીય કર્મ પ્રચુર હોય તો તે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય પદાર્થ વિષયક યથાર્થ બોધ કરવા માટે કરાતા પુરુષકારનો ઉપઘાત કરે છે, તેથી તેને વિપરીત બોધ થાય છે એ પણ પ્રત્યક્ષથી દેખાય છે. તે રીતે કોઈક સ્થાને જીવનો પ્રયત્ન પણ બાધક એવા કર્મનો ઉપઘાત કરે છે અને કોઈક સ્થાનમાં કોઈક કર્મના વ્યાપારને જીવનો પુરુષકાર અનુગ્રહ પણ કરે છે તે પ્રત્યક્ષથી દેખાય છે, તેથી તે તે કાલાદિ સહકારીને પામીને દૈવમાં અને પુરુષકારમાં તત્સ્વભાવતા પ્રતિનિયત છે, તેમ સ્વીકારવું જોઈએ.

શ્લોકમાં 'कर्तृकर्मणोः' શબ્દમાં 'कर्तृ' શબ્દથી પુરુષકારને કરનાર એવા પુરુષનો અભેદ કરીને પુરુષને ગ્રહણ કરેલ છે, તેથી અર્થથી પુરુષકારનું ગ્રહણ કરવું. **॥૩૩૦॥**

**અવતરણિકા :-**

अथानयोरेव प्रकारान्तरेण बाध्यबाधकभावमधिकृत्याह –

**અવતરણિકાર્થ :-**

હવે આ બેના જ=દૈવ અને પુરુષકારના જ, પ્રકારાંતરથી=અન્ય પ્રકારથી, બાધ્ય-બાધકભાવને આશ્રયીને કહે છે –

**શ્લોક :-**

कर्माऽनियतभावं तु, यत्स्याच्चित्रं फलं प्रति ।
तद् बाध्यमत्र दार्वादिप्रतिमायोग्यतासमम् ।।३३१।।

**અન્વયાર્થ :-**

चित्रं फलं प्रति=ચિત્ર પ્રકારના ફલ પ્રત્યે, यत्=જે, अनियतभावं तु=અનિયતસ્વભાવવાળું જ, कर्म=કર્મ, स्यात्=હોય, तद्=તે, अत्र=અહીં=બાધ્ય-બાધકની વિચારણામાં, दार्वादिप्रतिमायोग्यतासमं=લાકડા આદિમાં પ્રતિમાની યોગ્યતા જેવું, बाध्यं=બાધ્ય થાય. ।।૩૩૧।।

**શ્લોકાર્થ :-**

ચિત્ર પ્રકારના ફલ પ્રત્યે જે અનિયત સ્વભાવવાળું જ કર્મ હોય તે અહીં લાકડા આદિમાં પ્રતિમાની યોગ્યતા જેવું બાધ્ય થાય. ।।૩૩૧।।

**ટીકા :-**

कर्मानियतभावं तु=अनियतपरिणाममेव, यत्स्याच्चित्रं=नानारूपं, फलं सुखदुःखादिसमर्पणरूपं प्रति= समाश्रित्य, तद् बाध्यं=निवर्त्तनीयं, पुरुषकारेण अत्र=बाध्यबाधकचिन्तायाम् कीदृशमित्याह- दार्वादेर्दलविशेषस्य या प्रतिमायोग्यता तत्समम् ।।३३१।।

**ટીકાર્થ :-**

कर्मानियतभावं ..... तत्समम् ।। કર્મ અનિયતભાવવાળું જ=અનિયત પરિણામવાળું જ, જે ચિત્ર=નાના રૂપવાળું, સુખ-દુઃખાદિ સમર્પણરૂપ ફલ પ્રત્યે=ફલને આશ્રયીને છે, તે પુરુષકારથી બાધ્ય=નિવર્તનીય છે. અહીં=બાધ્ય-બાધકની વિચારણામાં, કેવા પ્રકારનું બાધ્ય છે ? એથી કહે છે – લાકડા આદિ દલ-વિશેષની જે પ્રતિમા યોગ્યતા છે તેના જેવું છે=તેના જેવું બાધ્ય છે. ।।૩૩૧।।

**ભાવાર્થ :-**

જે જીવો ચરમાવર્તમાં પ્રવેશેલા છે અને જે જીવોનાં કષાય આપાદક કર્મો અનિયત પરિણામવાળાં છે=

સુખ-દુઃખાદિ રૂપ ચિત્ર ફળ પ્રાપ્ત કરવા પ્રત્યે અનિયત ભાવવાળાં છે, તેવાં કર્મો પુરુષકારથી બાધ્ય છે; કેવા પ્રકારના બાધ્ય છે તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

લાકડું આદિ દલ પ્રતિમા યોગ્ય હોય તેમાં જેમ પ્રતિમા થવાની યોગ્યતા છે તેમ તે અનિયત સ્વભાવવાળાં કર્મો પુરુષકારથી ક્ષયોપશમ ભાવ પામે તેવાં છે.

આશય એ છે કે જે જીવોનું કર્મ સમ્યગ્ પ્રયત્નથી ક્ષયોપશમ ભાવ પામે તેવું છે તેવા જીવો જિનવચનનું દૃઢ અવલંબન લઈને પ્રયત્ન કરે તો તેઓનું કર્મ વીતરાગતાને અનુકૂળ ક્ષયોપશમ ભાવ રૂપે પરિણમન પામે તેવું છે, તેથી તેવું કર્મ તે જીવને સુખની પ્રાપ્તિ અને સુગતિની પ્રાપ્તિનું કારણ બને તેવું છે અને તેનું તે જ કર્મ જો જિનવચનના દૃઢ અવલંબનથી સમ્યગ્ રીતે ક્ષયોપશમભાવરૂપે કરવામાં ન આવે તો મોહના તરંગો ઉત્પન્ન કરીને દુઃખ અને દુર્ગતિની પ્રાપ્તિરૂપ ફળ આપે તેવું છે, તેથી જ યોગ્ય એવા લાકડામાં સમ્યગ્ પુરુષકાર કરવામાં આવે તો તે પુરુષકારથી પ્રતિમા નિષ્પન્ન થાય છે તેમ પ્રતિમા થવાની યોગ્યતાવાળા તે લાકડાની જેમ અનિયત સ્વભાવવાળાં કર્મો છે અને તેને ઘડવામાં ન આવે તો પુરુષકારથી તે બાધ પામે નહિ અને જો તે કર્મ બાધ પામે નહિ તો તે કર્મો અનર્થકારી ફળ આપે તેવાં છે અને પુરુષકારથી બાધ પામે તો સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષફળ આપે તેવાં છે.

વળી ચરમાવર્તમાં કે ચરમાવર્ત પહેલાં કેટલાક જીવોનું ધનાદિ પ્રાપ્તિને અનુકૂળ લાભાંતરાય કર્મ અનિયતભાવવાળું હોય છે, તેથી જો તે જીવ ધનઅર્જનને ઉચિત પ્રવૃત્તિ કરે તો લાભાંતરાયનો ક્ષયોપશમ થાય તેમ હોય છે અને ઉચિત પ્રવૃત્તિ ન કરે અને યથાતથા પ્રવૃત્તિ કરે તો તેના પુરુષકારથી કર્મ ક્ષયોપશમ ભાવરૂપે પરિણમન પામે નહિ, તેથી ધનપ્રાપ્તિ ન થાય, જેમ યોગ્ય પણ લાકડામાં પ્રતિમા ઘડવાને ઉચિત પ્રયત્ન ન કરાય તો પ્રતિમા થાય નહિ, તેમ લાભાંતરાય કર્મ પણ ઉચિત પ્રયત્ન વગર ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામે નહિ, તેથી ફળ પ્રાપ્ત થાય નહિ, તે રીતે અન્ય સર્વ ફળનિષ્પત્તિને અનુકૂળ અનિયતસ્વભાવવાળું કર્મ હોય તો ઉચિત પુરુષકારથી તે બાધ પામે છે. **॥૩૩૧॥**

**અવતરણિકા :-**

**योग्यतामेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**યોગ્યતાને જ આશ્રયીને=લાકડા આદિ દલમાં પ્રતિમા થવાની યોગ્યતાને જ આશ્રયીને, કહે છે –**

**શ્લોક :-**

**नियमात्प्रतिमा नात्र, न चातोऽयोग्यतैव हि ।**
**तल्लक्षणनियोगेन, प्रतिमेवास्य बाधकः ।।३३२।।**

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=યોગ્ય એવા લાકડાદિમાં, नियमात्=નિયમથી, प्रतिमा न=પ્રતિમા નથી, च=અને, अतः= આથી=પ્રતિમા નહિ થવાથી, अयोग्यतैव हि न=અયોગ્યતા જ નથી, तल्लक्षणनियोगेन=કેમ કે તેના લક્ષણનો નિયોગ છે=પ્રતિમાની યોગ્યતાના લક્ષણનો યોગ છે, प्रतिमेव=પ્રતિમાની જેમ, अस्य= આનો=કર્મનો, बाधकः=બાધક છે=પુરુષકાર બાધક છે. ॥૩૩૨॥

**શ્લોકાર્થ :-**

**અહીં નિયમથી પ્રતિમા નથી અને આથી અયોગ્યતા જ નથી; કેમ કે તેના લક્ષણનો નિયોગ છે, પ્રતિમાની જેમ આનો બાધક છે. ॥૩૩૨॥**

**ટીકા :-**

नियमाद्=अवश्यंतया, प्रतिमा दैवतादिप्रतिबिम्बरूपा न=नैव, अत्र दार्वादौ योग्यतायां सत्यामपि, न चातः=प्रतिमाया, अभवनाद्=अयोग्यतैव हि, कथमित्याह—तल्लक्षणनियोगेन अयोग्यतालक्षणाभावेन, तथा लोकरूढेः, ततः प्रतिमेव=प्रतिबिम्बनिष्पत्तिरिव दार्वादेर्योग्यतायाः, अस्य=कर्मणः, बाधकः= पुरुषकारः, यथा हि दार्वादीनां योग्यता तावदेव व्यपदिश्यते यावत्प्रतिमालक्षणं कार्यं न निष्पद्यते, कार्यनिष्पत्तौ सर्वत्र कारणस्याकारणीभूततया रूढत्वात्, एवं कर्मापि यावत्पुरुषकारेण विक्रियामन्यथा-परिणतिलक्षणां नानीयते तावत्तदबाधितरूपमेवास्ते, पुरुषकारप्रवृत्तौ तु तयोर्बाध्यबाधकभावः सम्पद्यत इति ।।३३२।।

**ટીકાર્થ :-**

नियमादवश्यंतया ..... सम्पद्यत इति ।। નિયમથી=અવશ્યપણાથી, યોગ્યતા હોતે છતે પણ આ લાકડા આદિમાં દેવતાદિ પ્રતિબિંબરૂપ પ્રતિમા નથી જ, આથી=પ્રતિમાના અભવનથી, અયોગ્યતા જ નથી, કેમ અયોગ્યતા જ નથી ? એથી કહે છે – તેના લક્ષણનો નિયોગ હોવાથી=અયોગ્યતા લક્ષણના અભાવરૂપ યોગ્યતાના લક્ષણનું નિયોજન હોવાથી, યોગ્યતા છે એમ અન્વય છે.

યોગ્યતાના લક્ષણનું નિયોજન કેમ છે ? તેમાં હેતુ કહે છે –

તે પ્રકારે લોકમાં રૂઢિ છે=જે લાકડાથી પ્રતિમા ન થઈ હોય છતાં પ્રતિમા થાય તેવી યોગ્યતાનો નિર્ણય જાણકાર કરી શકતો હોય તેના બળથી આ લાકડું પ્રતિમા યોગ્ય છે એ પ્રકારની લોકની રૂઢિ છે, તેથી પ્રતિમાની જેમ=યોગ્યતાવાળા લાકડા આદિથી પ્રતિબિંબની નિષ્પત્તિની જેમ, આનો=કર્મનો, બાધક પુરુષકાર છે. જે પ્રમાણે લાકડા આદિની યોગ્યતા=પ્રતિમાની યોગ્યતા, ત્યાં સુધી જ કહેવાય છે જ્યાં સુધી પ્રતિમા રૂપ કાર્ય નિષ્પન્ન થતું નથી; કેમ કે કાર્યની નિષ્પત્તિ થયે છતે સર્વત્ર=સર્વ

**ઉપાદાન કારણમાં, કારણનું અકારણીભૂતપણાથી રૂઢપણું છે, એ રીતે કર્મ પણ જ્યાં સુધી પુરુષકાર દ્વારા અન્યથા પરિણતિરૂપ વિક્રિયાને પ્રાપ્ત કરાતું નથી, ત્યાં સુધી તે= કર્મ, અબાધિત રૂપવાળું જ રહે છે, વળી પુરુષકારની પ્રવૃત્તિ થયે છતે તે બેનો=કર્મ અને પુરુષકારનો બાધ્ય-બાધક ભાવ પ્રાપ્ત થાય છે.**

**'इति' શબ્દ 'यथा हि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૩૩૨॥**

**ભાવાર્થ :-**

જે લાકડા આદિ દલમાં પ્રતિમા નિષ્પન્ન થવાની યોગ્યતા હોય છતાં કોઈ પુરુષ તેમાંથી પ્રતિમા બનાવવા યત્ન ન કરે તો પ્રતિમા થતી નથી, છતાં તે લાકડા આદિ દલમાં પ્રતિમા થવાની યોગ્યતા છે તે પ્રકારનો લોકરૂઢ વ્યવહાર છે, તેથી તેમાં પ્રતિમા થવાની યોગ્યતા નથી તેમ કહી શકાય નહિ, તે રીતે કેટલાક જીવોનું કર્મ સમ્યગ્ પુરુષકારથી બાધ પામે તેવું હોય, છતાં તે જીવ તે પ્રકારનો પ્રયત્ન ન કરે તો તે કર્મ બાધ પામે નહિ, જેમ ચરમાવર્તવર્તી જીવનું કર્મ પુરુષકારથી બાધ પામે તેવું સોપક્રમ વિદ્યમાન હોય, છતાં ઉપદેશાદિ યોગ્ય સામગ્રી પ્રાપ્ત ન થાય અને તે જીવ યોગમાર્ગના પરમાર્થને જાણવા માટે અભિમુખભાવવાળો ન થાય તો અનિયત સ્વભાવવાળું પણ તેનું સોપક્રમ કર્મ ઉચિત પ્રયત્નના અભાવને કારણે બાધ પામતું નથી, છતાં તે જીવનો પુરુષકાર તે કર્મનો બાધક છે અને યોગમાર્ગના બોધમાં રુચિ કરાવવામાં બાધક એવું તેનું કર્મ ક્ષયોપશમભાવ પામે તેવું છે તેમ સ્વીકારવું જોઈએ.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રતિમાયોગ્ય લાકડામાં જ્યાં સુધી પ્રતિમારૂપ કાર્ય કરવાનો પ્રારંભ ન થાય ત્યાં સુધી તેનામાં પ્રતિમાની યોગ્યતા છે તેમ કહેવાય છે અને જ્યારે પુરુષકારથી પ્રતિમા ઘડવાની ક્રિયાનો પ્રારંભ થાય છે ત્યારથી તેની યોગ્યતા બાધ પામતી જાય છે અને પ્રતિમા નિષ્પન્ન થાય છે ત્યારે તે યોગ્યતા નાશ પામે છે તેમ જીવના યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક એવા કર્મને ક્ષયોપશમભાવરૂપે કરવાને અનુકૂળ પુરુષકારનો પ્રારંભ જ્યાં સુધી થતો નથી ત્યાં સુધી તે કર્મમાં બાધ થવાની યોગ્યતા છે અને જીવના પુરુષકારના પ્રારંભથી તે કર્મમાં રહેલી બાધ થવાથી યોગ્યતા કંઈક કંઈક બાધ પામે છે અને જ્યારે તે કર્મ ક્ષયોપશમભાવરૂપે પરિણમન પામે છે ત્યારે તે કર્મમાં બાધ થવાથી યોગ્યતાનો નાશ થાય છે અને તે કર્મો ક્ષયોપશમભાવરૂપે પોતાનું કાર્ય કરે છે છતાં સત્તામાં રહેલા તે કર્મો ફરી નિમિત્તને પ્રાપ્ત કરીને ઉદયને પણ પ્રાપ્ત કરે છે અને કોઈ યોગ્ય જીવ યોગમાર્ગનાં બાધક તે કર્મોનાં ક્ષયોપશમભાવને પુરુષકાર દ્વારા વજ્રની ભીંત જેવો મજબૂત કરે તો તે કર્મમાં યોગમાર્ગની પ્રવૃત્તિની બાધકતા સદા માટે પણ નિવર્તન પામે છે અને દૃઢ ક્ષયોપશમવાળા તે મહાત્મા સુખપૂર્વક યોગમાર્ગની પ્રવૃત્તિ કરીને ઉત્તર-ઉત્તરના યોગમાર્ગને પ્રાપ્ત કરે છે અને અંતે મહાપરાક્રમથી સર્વકર્મનો નાશ કરીને મુક્ત અવસ્થાને પ્રાપ્ત કરે છે. **॥૩૩૨॥**

**અવતરણિકા :-**

**न च वक्तव्यं योग्यतैव प्रतिमामाक्षेप्स्यति किं तद्बाधकेन पुरुषकारेणेत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને યોગ્યતા જ પ્રતિમાનો આક્ષેપ કરશે તેના બાધક એવા પુરુષકાર વડે શું ?=યોગ્યતાના બાધક એવા પુરુષકાર વડે શું ? એ પ્રમાણે ન કહેવું એ પ્રમાણે આશંકા કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

જે લાકડા આદિ દલમાં પ્રતિમા થવાની યોગ્યતા હોય તે યોગ્યતા જ અવશ્ય પુરુષકારનો આક્ષેપ કરીને પ્રતિમાની નિષ્પત્તિ કરાવે છે એ પ્રકારે નિશ્ચયનય સ્વીકારે છે, તે દૃષ્ટિને સામે રાખીને શંકા કરે છે કે પ્રતિમામાં રહેલી યોગ્યતા જ પ્રતિમાનો આક્ષેપ કરશે, પુરુષકારને યોગ્યતાને બાધક સ્વીકારવાની આવશ્યકતા નથી, એ પ્રમાણે કહેવું નહિ એ બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**दार्वादेः प्रतिमाक्षेपे, तद्भावः सर्वतो ध्रुवः ।**
**योग्यस्याऽयोग्यता चेति, न चैषा लोकसिद्धितः ।।३३३।।**

**અન્વયાર્થ :-**

**दार्वादेः प्रतिमाक्षेपे=લાકડા આદિથી પ્રતિમાનો આક્ષેપ થયે છતે=પ્રતિમાને યોગ્ય એવા લાકડા આદિ દલથી પ્રતિમાની અવશ્ય નિષ્પત્તિ થયે છતે, तद्भावः=તેનો ભાવ=પ્રતિમાનો ભાવ, सर्वतो=સર્વથી, ध्रुवः=ધ્રુવ પ્રાપ્ત થાય=યોગ્ય એવા બધા લાકડાથી નિયમા પ્રતિમા પ્રાપ્ત થાય, च=અને, योग्यस्य=યોગ્યની=પ્રતિમાને યોગ્ય એવા લાકડા આદિની, अयोग्यता=અયોગ્યતા=પ્રતિમા નિષ્પન્ન ન થાય તો અયોગ્યતા, इति=એ પ્રાપ્ત થાય, च एषा=અને આ=જે લાકડામાંથી પ્રતિમા થઈ નથી તેમાં અયોગ્યતા છે એ, लोकसिद्धितः न=લોકસિદ્ધિથી નથી. ।।૩૩૩।।**

**શ્લોકાર્થ :-**

**લાકડા આદિથી પ્રતિમાનો આક્ષેપ થયે છતે તેનો ભાવ સર્વથી ધ્રુવ પ્રાપ્ત થાય અને યોગ્યની અયોગ્યતા થાય અને આ લોકસિદ્ધિથી નથી. ।।૩૩૩।।**

**ટીકા :-**

**दार्वादेर्दलस्य स्वयोग्यतयैव प्रतिमाक्षेपे=प्रतिमानिष्पत्त्याकर्षणे, तद्भावः=प्रतिमाभावः, सर्वतः= सर्वस्माद्दार्वादेः, ध्रुवो=निश्चित, प्रसज्येत योग्यस्य=दार्वादेरेव 'अयोग्यता' प्रतिमानाक्षेपवतीत्यथवा इत्येतत्प्रसज्येत, भवतु नामैवं; तथापि को दोष इत्याशंक्याह–न च=न पुनः, एषा=अयोग्यता,**

**लोकसिद्धितः=लोकप्रसिद्धेः, न हि दार्वादीनि प्रतिमानिष्पत्त्यभावेऽप्ययोग्यानीति प्रसिद्धिरस्ति, तत्रापि योग्यतयैव तेषां रूढत्वात् ।।३३३।।**

**ટીકાર્થ :-**

दार्वादेर्दलस्य ..... रूढत्वात् ।। **લાકડા આદિ દલની સ્વયોગ્યતાથી જ પ્રતિમાનો આક્ષેપ થયે છતે=પ્રતિમાની નિષ્પત્તિનું આકર્ષણ થયે છતે, તેનો ભાવ=પ્રતિમાનો ભાવ, સર્વથી=સર્વ લાકડા આદિ દલથી, ધ્રુવ=નિશ્ચિત, પ્રાપ્ત થાય અથવા યોગ્ય એવા લાકડું આદિ જ દલની અયોગ્યતા=પ્રતિમાને નહિ આક્ષેપ કરનારી એવી અયોગ્યતા થાય, એ પ્રસંગ પ્રાપ્ત થાય.**

**આ પ્રમાણે હો=જે લાકડા આદિમાંથી પ્રતિમા થતી નથી તે લાકડા આદિમાં અયોગ્યતા છે એમ હો, તોપણ શું દોષ છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે – વળી આ=અયોગ્યતા, લોકસિદ્ધિથી=લોકપ્રસિદ્ધિથી, નથી.**

કેમ લોકપ્રસિદ્ધિથી અયોગ્યતા નથી ? એથી કહે છે –

**हि=જે કારણથી, પ્રતિમાની નિષ્પત્તિના અભાવમાં પણ લાકડું આદિ દલ અયોગ્ય છે એ પ્રમાણે પ્રસિદ્ધિ નથી; કેમ કે ત્યાં પણ= પ્રતિમાની અનિષ્પત્તિવાળા લાકડા આદિમાં પણ, યોગ્યપણાથી જ તેઓનું રૂઢપણું છે=શિષ્ટલોકોનું રૂઢપણું છે. શિષ્ટલોકનું સંમતપણું છે. ।।૩૩૩।।**

**ભાવાર્થ :-**

જે લાકડા આદિમાં પ્રતિમા થવાની યોગ્યતા છે તે લાકડામાં રહેલી યોગ્યતા જ પ્રતિમાનો આક્ષેપ કરશે એમ સ્વીકારવામાં આવે તો જગત્વર્તી સર્વ યોગ્ય લાકડા આદિથી નક્કી પ્રતિમા નિષ્પન્ન થવાની આપત્તિ આવે અને તેમ સ્વીકારીએ તો જે જે લાકડા આદિમાંથી પ્રતિમા નિષ્પન્ન થતી નથી, તેવું પ્રત્યક્ષથી દેખાય છે, તે સર્વ લાકડા આદિ દલમાં પ્રતિમાની યોગ્યતા નથી તેમ માનવું પડે. અહીં નિશ્ચયનયને એકાંત દૃષ્ટિથી જોનાર પૂર્વપક્ષી કહે કે જે લાકડા આદિ દલમાંથી પ્રતિમા થાય છે તે જ લાકડા આદિ દલ પ્રતિમાને યોગ્ય છે, અન્ય સર્વ લાકડા આદિ દલ પ્રતિમાને યોગ્ય નથી, માટે તેમાંથી પ્રતિમા થઈ નથી, એ અમને ઇષ્ટ જ છે તેને ગ્રંથકારશ્રી કહે છે – જે લાકડા આદિમાંથી પ્રતિમા થઈ નથી તે સર્વ લાકડામાં અયોગ્યતા લોકપ્રસિદ્ધિથી નથી; કેમ કે શિષ્ટલોક અનુભવથી કહી શકે કે જો આ લાકડા આદિ દલમાં પ્રતિમા ઘડવાનો પ્રયત્ન કરવામાં આવશે તો અવશ્ય પ્રતિમા થશે, માટે પ્રતિમા થવાને યોગ્ય એવા લાકડા આદિ દલમાં કોઈનાથી પ્રતિમા ન કરવામાં આવે એટલામાત્રથી તેમાં અયોગ્યતા છે તેમ કહી શકાય નહિ, તે રીતે પુરુષકારથી બાધ પામે એવું કર્મ હોવા છતાં કોઈ સમ્યક્ પુરુષકાર ન કરે અને તેના કારણે તેનું કર્મ બાધ ન પામે એટલામાત્રથી તે કર્મમાં બાધ્ય સ્વભાવ નથી તેમ કહી શકાય નહિ. **।।૩૩૩।।**

**અવતરણિકા :-**

अथेदमेव प्रस्तुते योजयन्नाह –

**અવતરણિકાર્થ :-**

હવે આને જ=શ્લોક-૩૩૩માં કહ્યું કે પ્રતિમા ન ઘડવામાં આવે તોપણ પ્રતિમાને યોગ્ય લાકડામાં પ્રતિમાની યોગ્યતા છે એને જ, પ્રસ્તુતમાં=કર્મ અને પુરુષકારમાં, યોજન કરતાં કહે છે –

**શ્લોક :-**

**कर्मणोऽप्येतदाक्षेपे, दानादौ भावभेदतः ।**
**फलभेदः कथं नु स्यात्, तथा शास्त्रादिसङ्गतः ।।३३४।।**

**અન્વયાર્થ :-**

कर्मणोऽपि=કર્મના પણ, एतदाक्षेपे=આના આક્ષેપમાં=ફલના હેતુ એવા પુરુષકારના આક્ષેપમાં, भावभेदतः=ભાવભેદથી, दानादौ=દાનાદિમાં, तथा=તે પ્રકારે, शास्त्रादिसङ्गतः फलभेदः=શાસ્ત્રાદિસંગત ફલભેદ, कथं नु स्यात्=કેવી રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહિ. ॥૩૩૪॥

**શ્લોકાર્થ :-**

**કર્મના પણ આના આક્ષેપમાં ભાવભેદથી દાનાદિમાં તે પ્રકારે શાસ્ત્રાદિસંગત ફલભેદ કેવી રીતે થાય ? ॥૩૩૪॥**

**ટીકા :-**

कर्मणोऽपि दैवसंज्ञितस्य एतदाक्षेपे=फलहेतुपुरुषकाराक्षेपे, न केवलं दार्वादियोग्यतायाः प्रतिमाक्षेपे सर्वत्र तद्भाव इत्यपिशब्दार्थः, दानादौ सुकृतविशेषे विधीयमाने भावभेदतः=परिणामविशेषतः तत्तारतम्यलक्षणात्, फलभेदः प्रकृष्टाऽप्रकृष्टरूपः कथं नु स्याद्=न कथंचिदित्यर्थः, तथा=तेन तेन प्रकारेण, शास्त्रादिसङ्गतः=शास्त्रलोकप्रसिद्धः, कर्ममात्रात्तथाविधपुरुषकारविकलात् फलाभ्युपगमे न कथंचित्तच्चित्रता युज्यते, फलहेतोः कर्मणः पुरुषकारमन्तरेणैकाकारतापत्तेरिति परस्परापेक्षमेतद्द्वितयं प्रतिपत्तव्यमिति ।।३३४।।

**ટીકાર્થ :-**

कर्मणोऽपि ..... प्रतिपत्तव्यमिति ।। દૈવસંજ્ઞિત એવા કર્મના પણ આના આક્ષેપમાં=ફલના હેતુ એવા પુરુષકારના આક્ષેપમાં, ભાવભેદથી=તેના તારતમ્ય સ્વરૂપ પરિણામ વિશેષથી, કરાતા સુકૃત વિશેષરૂપ દાનાદિમાં તે રીતે=તે તે પ્રકારથી, શાસ્ત્રાદિસંગત=શાસ્ત્ર-લોકપ્રસિદ્ધ પ્રકૃષ્ટ-અપકૃષ્ટરૂપ ફલભેદ કેવી રીતે થાય ? અર્થાત્ કોઈ રીતે ન થાય, તેવા પ્રકારના પુરુષકારવિકલ કર્મમાત્રથી=અનિયત સ્વભાવવાળા

**કર્મને બાધ કરે તેવા પ્રકારના પુરુષકારવિકલ કર્મમાત્રથી, ફલ અભ્યુપગમ કરાયે છતે કોઈ રીતે તેની ચિત્રતા ન ઘટે=ફલભેદના કારણભૂત ભાવભેદ ન ઘટે; કેમ કે ફલના હેતુ એવા કર્મની પુરુષકાર વગર એકાકારતાની આપત્તિ છે=જેવું કર્મ હોય તેવું જ એક પ્રકારનું ફળ આપી શકે એવા જ કર્મની પ્રાપ્તિ થાય પરંતુ પુરુષકારકૃત કર્મનાં ફળમાં વિલક્ષણતા પ્રાપ્ત થાય નહીં. એથી પરસ્પરની અપેક્ષાવાળું આ દ્વિતય=દૈવ અને પુરુષકાર રૂપ દ્વિતય, સ્વીકારવું જોઈએ.**

**લાકડા આદિની યોગ્યતાના પ્રતિમાના આક્ષેપમાં કેવલ નહિ, સર્વત્ર તેના ભાવમાં=ફલના ભાવમાં, એ 'कर्मणोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૩૪॥**

**ભાવાર્થ :-**

ગાથા-૩૨૯માં કહ્યું કે દૈવ-પુરુષકારનો પરસ્પર બાધ્ય-બાધક સ્વભાવ છે. ત્યાર પછી ગાથા-૩૩૧માં સ્થાપન કર્યું કે જે અનિયત સ્વભાવવાળું સોપક્રમકર્મ છે તે પુરુષકારથી બાધા પામે છે. ત્યાં દૃષ્ટાંત આપ્યું કે જેમ લાકડા આદિમાં પ્રતિમાની યોગ્યતા છે તે યોગ્યતાનો પ્રતિમાને ઘડવાની ક્રિયારૂપ પુરુષકારથી બાધ થાય છે તેથી લાકડાદિમાં પ્રતિમાની યોગ્યતાને બાધ થવાના કારણે પ્રતિમા પ્રગટ થાય છે ત્યાં એકાંત દૈવવાદી કહે છે કે કર્મ જ પુરુષકારનો આક્ષેપ કરીને તે તે કાર્ય કરે છે પરંતુ જીવના પ્રયત્નરૂપ પુરુષકારથી કર્મનો બાધ થાય છે તેમ સ્વીકારી શકાય નહીં. તેનું નિરાકરણ કરતાં ગાથા-૩૩૩માં કહ્યું કે લાકડામાં પ્રતિમાના આક્ષેપને કરનાર સ્વભાવનો સ્વીકાર કરવામાં આવે તો જેટલા પ્રતિમા યોગ્ય લાકડા છે. તેમાંથી અવશ્ય પ્રતિમા થવી જોઈએ તેમ માનવું પડે અથવા લોકમાં પ્રસિદ્ધ એવા પ્રતિમાયોગ્ય લાકડાને પણ પ્રતિમા અયોગ્ય છે તેમ માનવું પડે માટે જેમ પ્રતિમાયોગ્ય લાકડામાંથી પ્રતિમાં ઘડવામાં આવે છે તે લાકડામાં પ્રતિમાની યોગ્યતાનો બાધ થાય છે તેમ જે જીવે જે કર્મો સોપક્રમકર્મ બાંધ્યા છે તે જીવ તે કર્મોના નાશને અનુકૂળ પુરુષકાર કરે તો તે સોપક્રમકર્મનો તે જીવના પુરુષકારથી બાધ થાય છે તેથી તે કર્મો ફલ આપવા સમર્થ બનતા નથી. આ કથનને જ દૃઢ કરવા કહે છે.

જો કર્મ જ પુરુષકારનો આક્ષેપ કરીને કાર્ય કરે છે તેમ એકાંતે સ્વીકારવામાં આવે અને પુરુષકારથી કર્મનો બાધ થઈ શકે નહીં તેમ સ્વીકારવામાં આવે તો કેટલાક જીવો દાનાદિ શુભ કાર્યો કરે છે ત્યારે તેઓને પરિણામોની તરતમતારૂપ ભાવ ભેદ થાય છે અને તેના કારણે તેઓને તે ભાવોને અનુરૂપ ફલભેદની પ્રાપ્તિ થાય છે તે પ્રકારે શાસ્ત્રમાં અને લોકમાં પ્રસિદ્ધ છે તે કઈ રીતે સંગત થાય ? અર્થાત્ થઈ શકે નહિ તે કથનને સંગત સ્વીકારવા માટે તેમ જ સ્વીકારવું જોઈએ કે કોઈક સ્થાનમાં જીવ પુરુષકારથી કર્મનો બાધ કરે છે તો કોઈક સ્થાનમાં કર્મ જીવના પુરુષકારનો બાધ કરે છે વળી કોઈ સ્થાનમાં કર્મ જીવના પ્રયત્નનો આક્ષેપ કરીને ફળ પ્રાપ્ત કરે છે તો કોઈક સ્થાનમાં જીવ પ્રયત્ન કરીને કર્મને ફળ આપવાને સન્મુખ કરે છે. જેથી કર્મ અને પુરુષકારનો સ્યાદ્વાદ સંગત થાય વળી જો એકાંતે દૈવ જ પુરુષકારનો આક્ષેપ કરીને ફલ પ્રાપ્ત કરે છે તેમ સ્વીકારવામાં આવે તો દાનાદિ શુભ કાર્યમાં જીવો તે પ્રકારના ભાવો કરે છે તે રૂપ પુરુષકારથી તે તે પ્રકારના કર્મોને બાંધીને શુભફળ પ્રાપ્ત કરે છે. તે શાસ્ત્રવચન અને લોકવચન સંગત થાય નહીં. **॥૩૩૪॥**

અવતરણિકા :-

नन्विदमपि कथं सिध्यति यथा दानादौ भावभेदस्ततोऽपि च फलभेद इत्याशंक्याह –

અવતરણિકાર્થ :-

આ પણ કેવી રીતે સિદ્ધ થાય ? જે પ્રકારે દાનાદિમાં ભાવભેદ છે તેનાથી પણ ફ્લભેદ છે એ પ્રકારની આશંકા કરીને કહે છે –

શ્લોક :-

शुभात्ततस्त्वसौ भावो, हन्तायं तत्स्वभावभाक् ।
एवं किमत्र सिद्धं स्यात्, तत एवास्त्वतो ह्यदः ।।३३५।।

અન્વયાર્થ :-

शुभात् तु ततः=શુભ જ એવા તેનાથી=શુભ એવી દાનાદિ ક્રિયાઓથી, असौ भावः=આ ભાવ=દાનાદિ કાળમાં આ ભાવ થાય છે, हन्त=ખરેખર, अयं=આ દાનાદિ ક્રિયામાં થતો ભાવ, तत्स्वभावभाक्=તત્સ્વભાવભાક્ છે=તે પ્રકારના કર્મોને બાંધીને તેને અનુરૂપ શુભફળ આપવાના સ્વભાવવાળો છે, एवं=આ રીતે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, अत्र=અહીં=પુરુષકારથી કર્મનો આક્ષેપ થાય છે કે પુરુષકારથી કર્મનો બાધ થાય છે એ કથનમાં, किं सिद्धं स्यात् ?=શું સિદ્ધ થાય ? (એથી કહે છે -), ततः एव अस्तु=તેનાથી જ હો=પુરુષકારથી જ કર્મનો આક્ષેપ હો, अतो हि=આનાથી જ=પુરુષકારથી આક્ષેપ થયેલા કર્મથી જ, अदः=આ=ફ્લ છે. ।।૩૩૫।।

શ્લોકાર્થ :-

શુભ એવા તેનાથી=શુભ એવા દાનાદિ ક્રિયાઓથી, આ ભાવ થાય છે. ખરેખર આ=દાનાદિક ક્રિયાઓમાં થતો ભાવ, તદ્સ્વભાવવાળો છે=તે પ્રકારના કર્મોને બાંધીને તેને અનુરૂપ શુભફળ આપવાના સ્વભાવવાળો છે આ રીતે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, અહીં=પુરુષકારથી કર્મનો આક્ષેપ થાય છે કે પુરુષકારથી કર્મનો બાધ થાય છે એ કથનમાં, શું સિદ્ધ થાય ? એથી તે કહે છે તેનાથી જ હો=દાનાદિક કાળમાં વર્તતા શુભભાવરૂપ પુરુષકારથી જ કર્મનો આપેક્ષ થાઓ, આનાથી જ=પુરુષકારથી આક્ષેપ થયેલા કર્મથી જ, આ છે=ફ્લ છે. ।।૩૩૫।।

ટીકા :-

शुभात्ततस्तु=शुभत एव कर्मणः प्राङ्नानानिमित्तोपार्जितात्, असौ=दानादिकाले भिन्नरूपतया प्रवृत्तः, भावः=परिणामः, 'हन्त' इति प्राग्वत्, अयं च फलभेदः तत्स्वभावभाक्=तं भावभेदापेक्षोत्पत्तिरूपं स्वभावं स्वरूपं भजते यः स तथा, अथ परः पृच्छति – एवं=परस्परापेक्षायां, किं इष्टं अत्र=विचारे, सिद्धं=निष्पन्नं, स्यात्=भवेत्, उच्यते – तत एव=कर्मणः शुभाशुभरूपात्सकाशात्,

**अस्तु=भवतु भावः, तथा अतो हि=अत, एव=भावतः, अदः, कर्मास्तु, तथाविधकर्मणः सकाशात्पुरुषकारस्तस्माच्च कर्मेति स्थितम् ।।३३५।।**

❖ શ્લોક-૩૩૫ની ટીકા પૂર્વાપર સાથે અનુસંધાનથી જોડાતી નથી તેથી ટીકાને છોડીને શ્લોકનો અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-**

દાનાદિક કાળમાં જીવોને પોતપોતાના પુરુષકારને અનુરૂપ તરતમતાવાળો શુભ ભાવ થાય છે અને તે શુભભાવનો તેવો જ સ્વભાવ છે કે પોતાના શુભભાવને અનુરૂપ શુભ કર્મોનો આક્ષેપ કરીને જીવને શુભ ફલ આપે આ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધથી સ્થાપન કર્યું. ત્યાં કોઈક વિચારકને શંકા થાય કે પુરુષકારથી કર્મનો આક્ષેપ થાય છે અથવા પુરુષકારથી કર્મનો બાધ થાય છે તે કથન સિદ્ધ કરવાના વિષયમાં શ્લોકના પૂર્વાર્ધથી શું સિદ્ધ થાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે.

જીવો દાનાદિક શુભ ક્રિયા કરે છે તે કાળમાં તેઓને શુભભાવ થાય છે તેનાથી જ શુભ કર્મો બંધાય છે તેમ સ્વીકારવું જોઈએ અને તે શુભકર્મો શુભફલ આપે છે તેમ સ્વીકારવું જોઈએ આ પ્રકારે સ્વીકારવાથી પૂર્વપક્ષી એકાંતથી માને છે કે કર્મથી જ પુરુષકારનો આક્ષેપ થાય છે અને તેનાથી જ ફલ મળે છે. તેનું નિરાકરણ થાય છે અને સ્થાપન થાય છે કે દાનાદિક કાળમાં થતાં જીવના પુરુષકારથી કર્મનો આક્ષેપ થાય અને તેનાથી ફલ મળે છે.

આ સર્વ કથનથી એ ફલિત થાય કે કોઈક સ્થાનમાં કર્મ જીવનો પુરુષકાર આક્ષેપ કરીને ફલ પ્રાપ્ત કરાવે છે આથી જ જે જીવોએ સ્ત્રી શરીર અનુકૂળ કર્મ બાંધ્યુ છે તે જીવોનું કર્મ સ્ત્રી શરીરની રચનાને અનુકૂળ પુરુષકારનો આક્ષેપ કરીને તે જીવ દ્વારા સ્ત્રી શરીરનું નિર્માણ કરાવે છે તો વળી જે જીવો વિવેક સંપન્ન થયા છે તે જીવો દાનાદિક સુકૃતોના અવલંબનથી શુભભાવો કરે છે ત્યારે તે જીવોના શુભ ભાવને અનુરૂપ ભાવિમાં સુંદર ફલ મળે તેવા કર્મનો આક્ષેપ થાય છે તે કર્મના ઉદયથી તેઓને શુભ ફળ મળે છે વળી કેટલાક સ્થાને જીવોના જ્ઞાવરણીયાદિ કર્મો સોપક્રમ હોય છે અને તે જીવો સમ્યગ્ પુરુષકાર કરીને જ્ઞાનના બાધક એવા કર્મોને ક્ષયોપશમરૂપે કરે છે ત્યારે જીવના પુરુષકારથી જ્ઞાનના આવારક કર્મો બાધ્ય બને છે અને જીવનો પુરુષકાર બાધક બને છે. આ પ્રકારની સ્યાદ્વાદની મર્યાદા છે. **॥૩૩૫॥**

**અવતરણિકા :-**

**अथोपसंहर्तुमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહાર કરવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૩૧થી લાકડા આદિની પ્રતિમાની યોગ્યતાના દૃષ્ટાંતથી દૈવ અને પુરુષકાર વચ્ચે બાધ્ય-બાધક ભાવ બતાવવાનો પ્રારંભ કર્યો તે કથનનો ઉપસંહાર કરવા માટે કહે છે –

શ્લોક :-

तत्त्वं पुनर्द्वयस्यापि, तत्स्वभावत्वसंस्थितौ ।
भवत्येवमिदं न्यायात्, तत्प्राधान्याद्यपेक्षया ।।३३६।।

અન્વયાર્થ :-

पुनः=વળી, द्वयस्यापि=બન્નેનું પણ=દૈવ-પુરુષકાર રૂપ બન્નેનું પણ, तत्स्वभावत्वसंस्थितौ=તત્સ્વભાવત્વ સંસ્થિત હોતે છતે=બાધ્યબાધક રૂપ તત્સ્વભાવત્વ સંસ્થિત હોતે છતે, न्यायात्=ન્યાયથી=યુક્તિથી, तत्प्राधान्याद्यपेक्षया=તેના પ્રાધાન્ય આદિની અપેક્ષાએ=દૈવ અને પુરુષકારના પ્રાધાન્ય-ગૌણ ભાવની અપેક્ષાએ, एवं इदं तत्त्वं=આ પ્રકારે આ તત્ત્વ=શ્લોક-૩૩૧થી અત્યાર સુધી બતાવ્યું એ પ્રમાણે પૂર્વમાં કહેલું તત્ત્વ, भवति=થાય છે. ।।૩૩૬।।

શ્લોકાર્થ :-

**વળી, બન્નેનું પણ તત્સ્વભાવત્વ સંસ્થિત હોતે છતે ન્યાયથી તેના પ્રાધાન્ય આદિની અપેક્ષાએ આ પ્રકારે આ તત્ત્વ થાય છે. ।।૩૩૬।।**

ટીકા :-

तत्त्वं बाध्यबाधकलक्षणं पुनर्द्वयस्यापि=दैवपुरुषकारलक्षणस्य न पुनरेकैकस्येत्यपि-शब्दार्थः, तत्स्वभावत्वसंस्थितौ=तत्स्वाभाव्यनियमे बाध्यबाधकस्वभावलक्षणे स्थिते सति, भवत्येवमुक्तनीत्या इदं=प्रागुक्तम्, कथमित्याह – न्यायात्=युक्तेः, सः (=बाध्यबाधकभावः) अपि कथमित्याह – तत्प्राधान्याद्यपेक्षया=तयोर्दैवपुरुषकारयोः कदाचित्प्राधान्यं, आदिशब्दादुपसर्जनभावं चापेक्ष्येति ।।३३६।।

ટીકાર્થ :-

तत्त्वं ..... चापेक्ष्येति ।। વળી દૈવ-પુરુષકાર રૂપ બન્નેનું પણ તત્સ્વભાવપણું સંસ્થિત હોતે છતે=બાધ્ય-બાધક સ્વભાવરૂપ તત્સ્વાભાવ્યનો નિયમ સ્થિત હોતે છતે, આ પ્રકારની ઉક્તનીતિથી=શ્લોક-૩૩૧થી અત્યાર સુધી બતાવ્યું એ પ્રકારની ઉક્તનીતિથી, આ=પૂર્વમાં કહેલું, બાધ્ય-બાધક સ્વરૂપ તત્ત્વ થાય છે, કેવી રીતે થાય છે ? એથી કહે છે –

ન્યાયથી=યુક્તિથી, થાય છે, એમ અન્વય છે. તે પણ=બાધ્ય-બાધકરૂપ તત્ત્વ પણ, કેવી રીતે થાય છે ? એથી કહે છે – તેના પ્રાધાન્યાદિની અપેક્ષાએ=દૈવ અને પુરુષકાર રૂપ તે બેનું ક્યારેક પ્રધાન્ય, અને 'आदि' શબ્દથી ઉપસર્જનભાવની અપેક્ષાએ, આ તત્ત્વ થાય છે એમ અન્વય છે.

વળી એકેકની નહિ, એ 'द्वयस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૩૬।।

**ભાવાર્થ :-**

શ્લોક-૩૩૧થી અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે લાકડા આદિમાં પ્રતિમાની યોગ્યતા જેવું કર્મ છે અને પુરુષકાર પ્રતિમાને ઘડવાની ક્રિયાસ્વરૂપ છે. હવે તે કથનથી શું ફલિત થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

દૈવ અને પુરુષકાર બન્નેમાં પ્રાધાન્ય-ઉપસર્જનભાવરૂપે બાધ્ય-બાધક સ્વભાવ વિદ્યમાન હોય તો પૂર્વમાં કહેલું તત્ત્વ યુક્તિથી સંગત થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈક સ્થાનમાં પુરુષકારથી દૈવ બાધ પામે તેવું હોય છે અને પુરુષકાર દૈવને બાધ કરે તેવું હોય તે સ્થાનમાં પુરુષકારની પ્રધાનતા છે અને દૈવ ઉપસર્જન ભાવ રૂપે છે, જેમ કોઈ યોગ્ય જીવ ઉચિત સામગ્રીને પામીને પોતાની શક્તિ અનુસાર શાસ્ત્રનો યથાર્થ બોધ કરવા યત્ન કરે તો શાસ્ત્રના યથાર્થ બોધનાં બાધક જ્ઞાનાવરણીય આદિ કર્મો તેના સમ્યક્ પુરુષકારથી બાધ પામે છે ત્યારે શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય કરીને તે મહાત્મા પરલોક અર્થે પોતાના હિતને અનુકૂળ ઉચિત પ્રયત્ન કરી શકે તેવો બોધ તે મહાત્માને થાય છે તે વખતે તેના જ્ઞાનાવરણીય આદિ કર્મમાં બાધ્ય સ્વભાવ હતો અને તેના અધ્યયનને અનુકૂળ પુરુષકારમાં તે જ્ઞાનાવરણીય કર્મને બાધ કરવાનો સ્વભાવ હતો, તેથી તેના પુરુષકારથી તેને સમ્યગ્ બોધની પ્રાપ્તિ થઈ.

વળી કેટલાક જીવોનું તત્ત્વને અનુકૂળ બોધ કરાવવામાં બાધક એવું જ્ઞાનાવરણીય કર્મ બલવાન હોય છે, તેથી તે જીવો શાસ્ત્ર-અધ્યયન આદિ કરે તોપણ શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય કરી શકતા નથી, તેથી તેવા સ્થાનમાં બલવાન એવું દૈવ શાસ્ત્રઅધ્યયનની ક્રિયારૂપ પુરુષકારને નિષ્ફળ કરીને તે જીવોના વિપર્યાસનું જ કારણ બને છે, તેથી તે સ્થાનમાં બલવાન એવું દૈવ પુરુષકારને બાધ કરે છે, માટે દૈવનું પ્રાધાન્ય છે અને પુરુષકારનો ગૌણ ભાવ છે; કેમ કે તેના દૈવથી તેનો પુરુષકાર બાધ પામ્યો છે.

આ રીતે દૈવ અને પુરુષકારના પ્રાધાન્ય-ગૌણ ભાવની અપેક્ષાએ બાધ્ય-બાધક સ્વભાવ રૂપ તત્ત્વ ત્યારે જ સંગત થાય, જ્યારે દૈવ અને પુરુષકાર બન્નેમાં તે તે પ્રકારનો સ્વભાવ સ્થિત હોય. **॥૩૩૬॥**

**શ્લોક :-**

**एवं च चरमावर्ते, परमार्थेन बाध्यते ।**
**दैवं पुरुषकारेण, प्रायशो व्यत्ययोऽन्यदा ।।३३७।।**

**અન્વયાર્થ :-**

**एवं च=અને આ રીતે=શ્લોક-૩૩૬માં કહ્યું એ રીતે, चरमावर्ते=ચરમાવર્તમાં, परमार्थेन=પરમાર્થથી, प्रायशः=પ્રાયઃ, दैवं=દૈવ, पुरुषकारेण=પુરુષકારથી, बाध्यते=બાધ પામે છે, अन्यदा=અચરમાવર્તમાં, व्यत्ययः=વ્યત્યય છે=દૈવથી પુરુષકાર બાધ પામે છે એ પ્રકારનો વ્યત્યય છે. ॥૩૩૭॥**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે ચરમાવર્તમાં પરમાર્થથી પ્રાયઃ દૈવ પુરુષકારથી બાધ પામે છે, અન્યદા વ્યત્યય છે. ll૩૩૭ll**

**ટીકા :-**

**एवं च दैवपुरुषकारयोर्बाध्यबाधकभावे सिद्धे सति चरमावर्ते पश्चिमपुद्गलपरावर्तरूपे परमार्थेन कृत्स्नकर्मक्षयलक्षणमोक्षासन्नभावरूपेण बाध्यते=निराक्रियते, दैवं पुरुषकारेण जीववीर्यशुद्धिरूपेण प्रायशो=बाहुल्येन, कदाचित्तथाविधसंक्लेशावस्थायां नन्दिषेणादीनामिव व्यत्ययोऽपि स्यादिति प्रायोग्रहणम्, व्यत्ययः पूर्वोक्तविधिविपर्यासरूपः अन्यदा=अचरमावर्तेषु, दैवेन पुरुषकारो बाध्यत इत्यर्थः ।।३३७।।**

**ટીકાર્થ :-**

**एवं च ..... बाध्यत इत्यर्थः ।। અને આ રીતે=શ્લોક-૩૩૬માં વર્ણન કર્યું એ રીતે, દૈવ અને પુરુષકારનો બાધ્ય-બાધક ભાવ સિદ્ધ થયે છતે, પશ્ચિમ પુદ્ગલપરાવર્ત રૂપ ચરમાવર્તમાં, સંપૂર્ણ કર્મક્ષય રૂપ મોક્ષના આસન્ન ભાવ રૂપ પરમાર્થથી પ્રાયઃ=બાહુલ્યથી, દૈવ=કર્મ, જીવવીર્યની શુદ્ધિરૂપ પુરુષકારથી બાધ કરાય છે=નિરાકરણ કરાય છે,**

પ્રાયઃ કેમ કહ્યું ? તેથી કહે છે –

**ક્યારેક તેવા પ્રકારની સંક્લેશ અવસ્થામાં=દૈવને બાધ કરવાની ઉત્કટ ઇચ્છા હોવા છતાં દૈવને બાધ કરવા અસમર્થ બને તેવા પ્રકારની સંક્લેશ અવસ્થામાં, નંદિષેણ મુનિ આદિની જેમ વ્યત્યય પણ થાય=ચરમાવર્તમાં દૈવથી પુરુષકારનો બાધ થાય એ પ્રકારનો વ્યત્યય પણ થાય, એથી 'પ્રાયઃ' શબ્દનું ગ્રહણ છે.**

**અન્યદા=અચરમાવર્તમાં, પૂર્વોક્ત વિધિના વિપર્યાસ રૂપ વ્યત્યય છે=પુરુષકારથી દૈવ બાધ પામે છે એ રૂપ પૂર્વોક્ત વિધિના વિપર્યાસરૂપ વ્યત્યય છે=દૈવથી પુરુષકાર બાધ પામે છે એ પ્રકારનો વ્યત્યય છે. ll૩૩૭ll**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૩૧થી અત્યાર સુધી સ્થાપન કર્યું એ રીતે ચરમાવર્તમાં જીવના શુદ્ધ પુરુષકારથી પ્રાયઃ દૈવ બાધ પામે છે. કઈ અપેક્ષાએ બાધ પામે છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે – ધનાદિ અર્જન અર્થે કરાતો પુરુષકાર ચરમાવર્તમાં અથવા અચરમાવર્તમાં દૈવને બાધ કરે પણ છે અને નથી પણ કરતો, પરંતુ મોક્ષના આસન્ન ભાવની પ્રાપ્તિ કરાવે તેવો જીવનો પુરુષકાર ચરમાવર્તમાં પ્રાયઃ દૈવને બાધ કરે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે ચરમાવર્તમાં જીવનાં મિથ્યાત્વ આપાદક કર્મો કંઈક મંદ થયાં છે, તેથી જીવને આત્માના હિત વિષયક યત્ન કરાવે તેવા જીવવીર્યની શુદ્ધિ પ્રગટ થઈ છે, તેથી ચરમાવર્તમાં આવેલા જીવો સંસારની વાસ્તવિકતાનો યથાર્થ વિચાર કરવા માટે સમર્થ બને તેવી નિર્મળમતિવાળા થયા છે અને ઉચિત ઉપદેશાદિની સામગ્રી પ્રાપ્ત કરે તો તેઓને સ્થિર નિર્ણય થાય છે કે "કર્મવાળી અવસ્થા જીવની વિડંબના છે અને કર્મ વગરની અવસ્થા જીવની સુંદર અવસ્થા છે અને કર્મને નિષ્પન્ન કરે તેવો બાહ્ય પદાર્થ વિષયક સંશ્લેષ પોતાનામાં વર્તે છે, તેથી જ નવા નવા કર્મો બાંધે છે અને તે કર્મને પરતંત્ર થઈને પોતે સંસારમાં સર્વ વિડંબના પ્રાપ્ત કરે છે," આ પ્રકારનો કંઈક વિવેક પ્રગટ્યો છે એવા જીવો સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સેવીને મોહના નાશ માટે યત્ન કરે છે તેથી મોક્ષના આસન્ન ભાવને પ્રાપ્ત કરે છે અને તે વખતે જીવવીર્યની શુદ્ધિરૂપ પુરુષકારથી મોહ આપાદક કર્મ કંઈક કંઈક નિરાકરણ કરાય છે અર્થાત્ સતત ક્ષીણ-ક્ષીણતર કરાય છે, તેથી ચરમાવર્તમાં રહેલા જીવો સ્વ-પુરુષકાર દ્વારા દૈવનો બાધ કરીને પોતાને ઇષ્ટ એવા મોક્ષને આસન્ન-આસન્નતર ભાવવાળા થાય છે, છતાં ચરમાવર્તમાં પણ ક્યારેક કેટલાક જીવોને તેવી સંક્લેશ અવસ્થા પ્રાપ્ત થાય છે, જેથી તેઓનો મોક્ષને અનુકૂળ પુરુષકાર દૈવથી બાધ પામે છે. જેમ નંદિષેણ મુનિએ મોહનો નાશ કરવા અર્થે મહાપરાક્રમ કરીને સંયમ સ્વીકાર્યું, વિધિપૂર્વક શાસ્ત્રઅધ્યયન કર્યું, દશ પૂર્વધર થયા અને આત્માને સતત શાસ્ત્રોથી ભાવિત કરતા હતા, જેથી તેમનું દૈવ સતત ક્ષીણ-ક્ષીણતર થતું હતું, છતાં ભૂતકાળના તેવા પ્રકારના બલવાન કર્મને કારણે વિરતિમાં સ્ખલના કરાવે તેવી સંક્લેશ અવસ્થાને જ્યારે નંદિષેણમુનિ પ્રાપ્ત કરે છે, ત્યારે નંદિષેણ મુનિનું દૈવ મોહના નાશ માટેના તે પ્રકારના તેમના યત્નને સ્ખલિત કરે છે, તેથી નંદિષેણ મુનિ ચરમાવર્તમાં આવેલા હોવા છતાં તેમના દૈવથી તેમનો પુરુષકાર ત્યારે બાધ પામ્યો, તે રીતે કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાનાં અવિરતિ આપાદક કર્મો સામે પુરુષકાર દ્વારા યત્ન કરીને પોતાનાં કર્મોને ક્ષીણ કરવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓના પુરુષકારથી દૈવ સતત બાધ પામે છે, છતાં ક્યારેક તેવા પ્રકારની પ્રમાદ આપાદક સંક્લેશ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે સમ્યગ્દૃષ્ટિનો પુરુષકાર પણ દૈવથી બાધ પામે છે, છતાં કેટલાક યોગ્ય જીવો તત્કાલ સાવધ થઈને ફરી જિનવચનનું દૃઢ અવલંબન લઈને સમ્યગ્ પુરુષકાર કરે તો તેઓ સુખપૂર્વક દૈવને બાધા કરી શકે છે અને કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવો સાવચેત ન થાય તો પ્રમાદ આપાદક તેવો સંક્લેશ તેમને અધિક અધિક પ્રમાદ કરાવીને દુર્ગતિમાં પણ લઈ જાય છે તે વખતે કિંચિત્ કાળ સુધી તેઓનો પુરુષકાર દૈવથી બાધા પામે છે, આથી મોહના નાશને અનુકૂળ ઉદ્યમનો ત્યાગ કરીને તેઓ મોહવૃદ્ધિમાં યત્નવાળા થાય છે.

વળી કેટલાક મહાત્માઓ ચરમાવર્તને પ્રાપ્ત કર્યા પછી મહાપરાક્રમ કરીને સર્વવિરતિને પ્રાપ્ત કરે છે અને સતત મોહનો નાશ કરવા ઉદ્યમ કરે છે, તોપણ તેવા સંક્લેશ આપાદક કર્મના બળથી વારંવાર સ્ખલનાઓ પણ પામે છે ત્યારે તેઓનો પુરુષકાર દૈવથી બાધ પામે છે, તોપણ ફરી જાગ્રત થઈને દૈવને બાધ કરવા ઉદ્યમ કરે છે તેવા સાધુઓ બહુલતાએ દૈવથી બાધિત થતા નથી, પરંતુ કંઈક સ્ખલનાપૂર્વક પણ સતત દૈવનો બાધ કરે છે.

વળી કેટલાક મહાત્માઓ તેવા પ્રકારની સંક્લેશ અવસ્થાને પ્રાપ્ત કરે છે, જેથી ચૌદ પૂર્વ આદિનો અભ્યાસ કરેલો હોવા છતાં રસગારવ આદિને વશ થઈને નિગોદમાં પણ જાય છે, તેથી ચરમાવર્તમાં પણ અનેક પ્રકારની સંક્લેશ આપાદક અવસ્થાને પામીને દૈવથી પુરુષકારનો બાધ થાય છે, તોપણ ચરમાવર્તમાં બહુલતાએ મોહનાશને અનુકૂળ પુરુષકાર પ્રગટ થયેલો હોવાથી દૈવ જ પુરુષકારથી બાધ પામે છે. વળી અચરમાવર્તમાં તો મોહઆપાદક કર્મ જ પ્રચુર હોવાથી મોહનાશને અનુકૂળ વીર્ય જ ઉલ્લસિત થતું નથી, તેથી દૈવથી મોહનાશને અનુકૂળ એવો પુરુષકાર સદા બાધ પામે છે. **॥૩૩૭॥**

**અવતરણિકા :-**

**एवं सति यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૩૧૮થી દૈવ અને પુરુષકાર તુલ્ય છે એ બતાવવાનો પ્રારંભ કર્યો એમ હોતે છતે જે સિદ્ધ થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तुल्यत्वमेवमनयोर्व्यवहाराद्यपेक्षया ।**
**सूक्ष्मबुद्ध्यावगन्तव्यं, न्यायशास्त्राऽविरोधतः ।।३३८।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=શ્લોક-૩૧૮થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, न्यायशास्त्राऽविरोधतः=ન્યાય અને શાસ્ત્રના અવિરોધથી, व्यवहाराद्यपेक्षया=વ્યવહાર આદિની અપેક્ષાએ=વ્યવહારનયની અને નિશ્ચયનયની અપેક્ષાએ, अनयोः=આ બેનું=દૈવ અને પુરુષકારનું, तुल्यत्वं=તુલ્યપણું, सूक्ष्मबुद्ध्या=સૂક્ષ્મબુદ્ધિથી, अवगन्तव्यं= જાણવું. ॥૩૩૮॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે ન્યાય અને શાસ્ત્રના અવિરોધથી વ્યવહાર આદિની અપેક્ષાએ દૈવ અને પુરુષકારનું તુલ્યપણું સૂક્ષ્મબુદ્ધિથી જાણવું. ॥૩૩૮॥**

**ટીકા :-**

तुल्यत्वं=सदृशभावः, एवम्=उक्तनीत्या, अनयोः=दैवपुरुषकारयोः, व्यवहाराद्यपेक्षया व्यवहारमादिशब्दान्निश्चयं चापेक्ष्येति सूक्ष्मबुद्ध्या=निपुणाभोगेन, अवगन्तव्यम्, कथमित्याह – न्यायशास्त्राऽविरोधतः=युक्तिशास्त्रयोरविघटनेन, अयमत्र भावः – **निश्चयनयमतेन दैवपुरुषकारौ स्वकार्यकाले स्वप्रधानावेव वर्तेते इत्येवमनयोस्तुल्यतेति, व्यवहारनयमतेन त्वेतौ परस्पराश्रयौ पर्यायेण प्राप्तप्रधानगुणभावौ बाध्यबाधकभावापन्नौ वर्तेते इति तुल्यत्वमनयोर्भावनीयमिति** ।।३३८।।

**ટીકાર્થ :-**

**तुल्यत्वं ..... र्भावनीयमिति ।। આ રીતે=ઉક્તનીતિથી=શ્લોક-૩૧૮થી અત્યાર સુધી બતાવ્યું એ નીતિથી, આ બેનું=દૈવ અને પુરુષકારનું, વ્યવહાર આદિની અપેક્ષાથી=વ્યવહાર અને 'आदि' શબ્દથી નિશ્ચયનયની અપેક્ષાથી તુલ્યપણું=સદૃશભાવ છે, इति=એ પ્રમાણે, સૂક્ષ્મબુદ્ધિથી=નિપુણ ઉપયોગથી, જાણવું. કેવી રીતે સદૃશપણું જાણવું ? એથી કહે છે – ન્યાયના અને શાસ્ત્રના અવિરોધથી=યુક્તિના અને શાસ્ત્રના અવિઘટનથી જાણવું.**

**આ=આગળ કહે છે એ, અહીં=શ્લોકના કથનમાં, ભાવ છે – નિશ્ચયનયના મતથી દૈવ અને પુરુષકાર સ્વકાર્યકાળમાં સ્વપ્રધાન જ વર્તે છે અર્થાત્ બેમાંથી જે વખતે જે પ્રધાન હોય તેને જ નિશ્ચયનય સ્વીકારે છે, અન્યને નહિ એ રૂપ સ્વપ્રધાન જ વર્તે છે, એ રીતે આ બેની=દૈવ અને પુરુષકારની, તુલ્યતા છે, 'इति' શબ્દ નિશ્ચયનયના કથનની સમાપ્તિ માટે છે.**

**વળી વ્યવહારનયના મતથી પર્યાયથી પરસ્પર આશ્રયવાળા આ બન્ને=દૈવ અને પુરુષકાર બન્ને, પ્રાપ્ત પ્રધાન-ગુણભાવવાળા, બાધ્ય-બાધક ભાવને પામેલા વર્તે છે એથી આ બેનું=દૈવ અને પુરુષકારનું, તુલ્યપણું ભાવન કરવું.**

**'इति' શબ્દ વ્યવહારનયના મતની સમાપ્તિ માટે છે. ॥૩૩૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૮માં કહ્યું કે આત્માદિ તત્ત્વ પરિણામિત્વાદિ હોય તો દૈવ અને પુરુષકાર તુલ્ય છે એ ઘટે છે, ત્યારપછી નિશ્ચયનય અને વ્યવહારનય કઈ રીતે દૈવ અને પુરુષકારનું સ્વરૂપ સ્વીકારે છે તે શ્લોક-૩૨૦માં બતાવ્યું, ત્યારપછી સંસારની સર્વ પ્રવૃત્તિઓમાં દૈવ અને પુરુષકાર પરસ્પર આશ્રયવાળા થઈને કાર્ય કરે છે તેની અત્યાર સુધી સ્પષ્ટતા કરી.

તેનાથી એ ફલિત થયું કે વ્યવહારનયની અપેક્ષાએ અને નિશ્ચયનયની અપેક્ષાએ દૈવ અને પુરુષકારનું તુલ્યપણું છે અને તે તુલ્યપણું યુક્તિ અને શાસ્ત્રવચનના અવિરોધથી બુદ્ધિમાને સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ, જેથી સંસારની સર્વ પ્રવૃત્તિઓમાં યાવત્ મોક્ષમાર્ગની સર્વ પ્રવૃત્તિઓમાં સર્વત્ર કઈ રીતે દૈવ અને પુરુષકાર તુલ્ય રીતે કાર્ય કરે છે તેનો સ્વ-અનુભવ અનુસાર અને શાસ્ત્રવચનથી યથાર્થ નિર્ણય થાય.

કઈ રીતે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે – કોઈપણ કાર્ય થતું હોય ત્યારે દૈવ અને પુરુષકારમાંથી જે પ્રધાન હોય તેને જ તે કાર્ય પ્રત્યે નિશ્ચયનય કારણ સ્વીકારે છે, અન્યને કારણ સ્વીકારતો નથી, તેથી જગત્વર્તી કાર્યોમાં કોઈક સ્થાને દૈવ કારણ છે, તો કોઈક સ્થાને પુરુષકાર કારણ છે, તેથી દૈવ અને પુરુષકાર નિશ્ચનયના મતથી તુલ્ય છે.

વળી વ્યવહારનય દૈવ અને પુરુષકાર દરેક કાર્ય પ્રત્યે પરસ્પર એકબીજાનો આશ્રય કરે છે અને કોઈક દૈવરૂપ પર્યાય અથવા પુરુષકારરૂપ પર્યાય તે તે કાર્યમાં તેનાથી અન્ય પ્રધાન છે અને કોઈક પર્યાય તે તે

કાર્યમાં ગૌણ છે તેમ સ્વીકારીને બાધ્ય-બાધક ભાવ પામેલા તે દૈવ અને પુરુષકાર બન્નેનો સ્વીકાર કરે છે, તેથી વ્યવહારનયના મતથી દરેક કાર્યમાં દૈવ અને પુરુષકારનું તુલ્યપણું છે.

આશય એ છે કે વ્યવહારનયની દૃષ્ટિથી જીવ પુરુષકાર કરીને બાહ્ય વસ્તુ મેળવવા પ્રયત્ન કરતો હોય કે અંતરંગ ગુણસંપત્તિ મેળવવા પ્રયત્ન કરતો હોય ત્યારે તેના પ્રયત્ન સહવર્તી દૈવ પણ તે કાર્ય કરવામાં વ્યાપારવાળું થાય છે, છતાં કેટલીક વખત તે કાર્યનિષ્પત્તિમાં દૈવ પ્રધાન બને છે, પુરુષકાર ગૌણ બને છે, જેમ અલ્પ યત્નથી ઘણું ધન મળે ત્યાં દૈવ પ્રધાન બને છે, પુરુષકાર ગૌણ બને છે, તેથી તે કાર્ય પ્રત્યે દૈવ પ્રધાન પ્રાપ્ત થાય છે, પુરુષકાર ગૌણ પ્રાપ્ત થાય છે.

વળી કેટલીક વખત જીવના પુરુષકારથી દૈવ બાધ પામે છે ત્યારે દૈવમાં બાધ્ય ભાવ પ્રાપ્ત થાય છે અને પુરુષકાર દૈવનો બાધ કરીને કાર્ય કરે છે, તેથી પુરુષકારમાં બાધક ભાવ પ્રાપ્ત થાય છે. જેમ કોઈ પુરુષ ભવ વિરક્ત થયેલ હોય અને ભવના ઉચ્છેદનાં ઉપાયને જાણવા નિપુણતા પૂર્વક શાસ્ત્ર અધ્યયન કરે જેનાથી તેને માર્ગનુસારી ક્ષયોપશમ થાય છે ત્યારે તેના પ્રયત્નથી જ્ઞાનાવરણાદિકર્મ બાધ પામે છે અર્થાત્ ક્ષયોપશમભાવને પામે છે ત્યારે પુરુષકારમાં બાધકભાવ પ્રાપ્ત થાય છે અને દૈવમાં બાધ્યભાવ પ્રાપ્ત થાય છે. એ રીતે પરસ્પર આશ્રયવાળા દૈવ અને પુરુષકાર સર્વ કાર્ય પ્રત્યે કારણરૂપે વર્તે છે, માટે દૈવ અને પુરુષકારમાં સમાનપણું છે; કેમ કે બાધ્ય-બાધક ભાવ પણ નિયત નથી, પ્રધાન-ગુણ ભાવ પણ નિયત નથી, પરંતુ દૈવ અને પુરુષકાર બેમાંથી કોઈકનો ક્યારેક પ્રધાન ભાવ થાય છે તો અન્યત્ર તેનો જ ગૌણ ભાવ થાય છે અને ક્યારેક જે ગૌણ હતું તે જ અન્યત્ર પ્રધાન બને છે, તેથી પ્રધાન-ગૌણ ભાવ પણ બન્નેમાં સમાન છે, એ રીતે દૈવ અને પુરુષકાર બેમાંથી કોઈક સ્થાને દૈવમાં બાધ્ય ભાવ પ્રાપ્ત થાય છે તો વળી અન્ય સ્થાને દૈવમાં બાધક ભાવ પ્રાપ્ત થાય છે, વળી કોઈ સ્થાનમાં દૈવ પ્રધાન કારણ બને છે તો કોઈ સ્થાનમાં તે જ કાર્ય પ્રત્યે પુરુષકાર પ્રધાન કારણ બને છે. તેથી બાધ્ય-બાધક ભાવ પણ દૈવ અને પુરુષકારમાં સમાન છે અને પ્રધાન ગૌણભાવ પણ દૈવ અને પુરુષકારમાં સમાન છે એ પ્રમાણે વ્યવહારનયથી ભાવન કરવું જોઈએ. **॥૩૩૮॥**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुते योजयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુતમાં=સમ્યક્ત્વની પ્રાપ્તિમાં જે ગ્રંથિભેદ પ્રસ્તુત હતો તેમાં, યોજન કરે છે=દૈવ અને પુરુષકારનું યોજન કરે છે –**

**શ્લોક :-**

**एवं पुरुषकारेण, ग्रन्थिभेदोऽपि सङ्गतः ।**
**तदूर्ध्वं बाध्यते दैवं, प्रायोऽयं तु विजृम्भते ।।३३९।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=શ્લોક-૩૩૭માં કહ્યું કે ચરમાવર્તમાં પરમાર્થથી પુરુષકાર દ્વારા દૈવ બાધ પામે છે એ રીતે, पुरुषकारेण=પુરુષકાર દ્વારા, ग्रन्थिभेदोऽपि=ગ્રંથિભેદ પણ, सङ्गतः=સંગત છે, तदूर्ध्वं=તેના ઊર્ધ્વમાં=ગ્રંથિભેદ થયા પછી, प्रायः=પ્રાયઃ, दैवं=દૈવ, बाध्यते=બાધ પામે છે, तु=વળી, अयं=આ=પુરુષકાર, विजृम्भते=ઊછળે છે. ।।૩૩૯।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે પુરુષકાર દ્વારા ગ્રંથિભેદ પણ સંગત છે, ગ્રંથિભેદ થયા પછી પ્રાયઃ દૈવ બાધ પામે છે, વળી આ ઊછળે છે. ।।૩૩૯।।**

**ટીકા :-**

**एवं चरमावर्ते पुरुषकाराधिक्याद्धेतोः पुरुषकारेण प्रसिद्धरूपेण ग्रन्थिभेदोऽपि किं पुनः सामान्येन दैवबाधेत्यपिशब्दार्थः, सङ्गतो=घटमानः, तदूर्ध्वं=ग्रन्थिभेदोर्ध्वं, बाध्यते=प्रतिहतशक्तिः क्रियते, दैवम्, प्रायो=बाहुल्येन, अयं तु=पुरुषकारः पुनः, विजृम्भते=समुच्छलति ।।३३९।।**

**ટીકાર્થ :-**

**एवं-चरमावर्ते ..... समुच्छलति ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ચરમાવર્તમાં પુરુષકારના અધિકપણારૂપ હેતુથી પ્રસિદ્ધ સ્વરૂપવાળા પુરુષકારથી=તત્ત્વાતત્ત્વના નિર્ણયને અનુકૂળ વ્યાપારરૂપ પુરુષકારથી, ગ્રંથિભેદ પણ સંગત છે=ઘટમાન છે, શું વળી સામાન્યથી દૈવની બાધા ? એ પ્રકારે 'ग्रन्थिभेदोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, તેના ઊર્ધ્વમાં=ગ્રંથિભેદથી ઊર્ધ્વમાં, પ્રાયઃ=બાહુલ્યથી, દૈવ બાધ કરાય છે=હણાયેલી શક્તિવાળું કરાય છે, વળી આ=પુરુષકાર, ઊછળે છે. ।।૩૩૯।।**

**ભાવાર્થ :-**

ચરમાવર્તમાં આવેલો જીવ પ્રાયઃ તત્ત્વાતત્ત્વનો વિચાર કરનારો હોય છે, તેથી મોક્ષપ્રાપ્તિનાં બાધક કર્મો તેના પુરુષકારથી હંમેશાં ક્ષીણ શક્તિવાળા કરાય છે. વળી કોઈક નિમિત્તને પામીને તેનું સદ્વીર્ય ઉલ્લસિત થાય તો અનાદિકાળથી તત્ત્વને જોવામાં બાધક એવી રાગદ્વેષની પરિણતિરૂપ જે ગ્રંથિ તેનો પણ તે મહાત્મા ભેદ કરે છે, તેથી ચરમાવર્તમાં ગ્રંથિભેદ પણ ઘટમાન છે જે અતિદુષ્કર કાર્ય છે, આથી જ અનાદિકાળમાં જીવ ક્યારે પણ તે ગ્રંથિનો ભેદ કરી શક્યો નહિ તેવો ગ્રંથિનો ભેદ પણ ચરમાવર્તમાં કરી શકે છે.

વળી જે મહાત્મા ગ્રંથિનો ભેદ કરે છે તે મહાત્માને સંસાર જીવની અત્યંત વિષમ અવસ્થારૂપ દેખાય છે અને કર્મરહિત અવસ્થા જ અત્યંત સાર જણાય છે અને તેનો ઉપાય ભગવાનના વચન અનુસાર કરાયેલી સર્વ ઉચિત પ્રવૃત્તિઓ જણાય છે, તેથી ગ્રંથિભેદ પછી તે મહાત્માનું દૈવ બાહુલ્યથી પ્રતિહત શક્તિવાળું કરાય છે અને તે મહાત્માનો મોહનાશને અનુકૂળ પુરુષકાર સતત ઊછળે છે.

અહીં બાહુલ્ય કહેવાથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ પણ ક્યારેક બલવાન નિમિત્તોને પામીને યોગમાર્ગમાં સ્ખલના પામે છે ત્યારે પુરુષકાર ઊછળતો નથી તોપણ અંતરંગ વિવેકચક્ષુ પ્રગટ થયેલી હોવાથી બહુલતાએ મોહનાશ કરવા માટે સદા ઉદ્યમ કરે છે. આથી જ જો સમ્યક્ત્વથી પાત ન થાય તો તે મહાત્મા ઉત્કૃષ્ટથી ૬૬ સાગરોપમમાં અવશ્ય સર્વ કર્મોનો નાશ કરીને મોક્ષની પ્રાપ્તિ કરે છે. **॥૩૩૯॥**

**અવતરણિકા :-**

**तस्मिंश्च विजृम्भिते यत्स्यात्तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**અને તે વિજૃંભિત થયે છતે=મોક્ષને અનુકૂળ સત્પુરુષાર્થ ઉલ્લસિત થયે છતે, જે થાય=જીવને જેની પ્રાપ્તિ થાય, તેને બતાવે છે=શ્લોક-૩૪૨ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**अस्यौचित्यानुसारित्वात्, प्रवृत्तिर्नासती भवेत् ।**
**सत्प्रवृत्तिश्च नियमाद्, ध्रुवः कर्मक्षयो यतः ।।३४०।।**

**અન્વયાર્થ :-**

**अस्य=આનું=ભિન્નગ્રંથિ જીવનું, औचित्यानुसारित्वात्=ઔચિત્ય અનુસારિપણું હોવાથી, असती प्रवृत्तिः= અશોભન પ્રવૃત્તિ, न भवेत्=ન થાય, च=અને, नियमाद्=નિયમથી, सत्प्रवृत्तिः=સત્પ્રવૃત્તિ થાય, यतः=જે કારણથી, ध्रुवः=નિશ્ચિત, कर्मक्षयः=કર્મક્ષય છે. ।।૩૪૦।।**

**શ્લોકાર્થ :-**

**આનું ઔચિત્ય અનુસારિપણું હોવાથી અશોભન પ્રવૃત્તિ ન થાય અને નિયમથી સત્પ્રવૃત્તિ થાય, જે કારણથી નિશ્ચિત કર્મક્ષય છે. ।।૩૪૦।।**

**ટીકા :-**

**अस्य=भिन्नग्रन्थेः, औचित्यानुसारित्वात्=सर्वार्थेषूचितवृत्तिप्रधानत्वात्, प्रवृत्तिर्धर्मार्थादिगोचरा न=नैव, असती=अशोभना, भवेत्-जायेत, सत्प्रवृत्तिश्च=सुन्दरचेष्टारूपा, नियमात्=निश्चयेन, अत्र हेतुः– ध्रुवो=निश्चितः, कर्मक्षयः सत्प्रवृत्तिबाधककर्महासलक्षणो यतो=यस्माद्धेतोः सम्पन्नो वर्तते, अन्यथौ-चित्यानुसारित्वमेव न स्यात् ।।३४०।।**

**ટીકાર્થ :-**

**अस्य=भिन्नग्रन्थेः ..... न स्यात् ।। આનું=ભિન્નગ્રંથિ જીવનું=સમ્યગ્દૃષ્ટિ જીવનું, ઔચિત્ય અનુસારિપણું**

**હોવાથી=સર્વ પ્રયોજનોમાં ઉચિત પ્રવૃત્તિ પ્રધાનપણું હોવાથી, અસતી પ્રવૃત્તિ=અશોભન ધર્મ-અર્થ-કામ વિષયક પ્રવૃત્તિ, થતી નથી જ અને સત્પ્રવૃત્તિ=ધર્મ-અર્થ-કામ વિષયક સુંદર ચેષ્ટારૂપ સત્પ્રવૃત્તિ, નિયમથી=નિશ્ચયથી છે. આમાં=સત્પ્રવૃત્તિ નિયમથી છે એમાં, હેતુ કહે છે – જે કારણથી સત્પ્રવૃત્તિના બાધક કર્મહ્રાસ સ્વરૂપ કર્મક્ષય ધ્રુવ=નિશ્ચિત થયેલો, વર્તે છે=સમ્યગ્દૃષ્ટિમાં નિયમા વર્તે છે, અન્યથા=ધ્રુવ કર્મક્ષય ન હોય તો, ઔચિત્ય અનુસારિપણું જ ન થાય. ॥૩૪૦॥**

**ભાવાર્થ :-**

જીવ ચરમાવર્તમાં આવ્યા પછી ગ્રંથિભેદ કરે છે ત્યારે નિર્મળ અંતરંગ ચક્ષુ પ્રાપ્ત થયેલી હોવાથી તે મહાત્મા પોતાની ભૂમિકા અનુસાર ધર્મ-અર્થ-કામ વિષયક જે પ્રવૃત્તિ કરે તે સર્વ પ્રવૃત્તિમાં ઔચિત્યનું પ્રધાનપણું હોય છે અર્થાત્ ધર્મ સેવે ત્યારે દૃઢ પ્રણિધાનપૂર્વક ધર્મનાં અનુષ્ઠાનો કરે છે, જેથી શીઘ્ર મોહનીયકર્મ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને અર્થ-કામ વિષયક પ્રવૃત્તિ કરે ત્યારે પણ દૃષ્ટિવાદના ઉપદેશથી વાસિત મતિ હોવાને કારણે 'સલ્લં કામા વિસં કામા' ઇત્યાદિ શાસ્ત્રવચનો સ્મૃતિમાં ઉલ્લસિત થવાથી વ્રણલેપની જેમ ભોગની પ્રવૃત્તિ કરે છે, જેથી ભોગકાળમાં પણ ભોગનાશને અનુકૂળ સદ્વીર્ય હણાતું નથી, તેથી તે મહાત્માની અશોભન પ્રવૃત્તિ ક્યારેય થતી નથી, પરંતુ નિયમથી સુંદર ચેષ્ટારૂપ જ ધર્મ-અર્થ-કામની પ્રવૃત્તિ થાય છે.

અહીં પ્રશ્ન થાય કે અર્થ-કામની પ્રવૃત્તિના કાળમાં સુંદર ચેષ્ટારૂપ સત્પ્રવૃત્તિ નિયમથી કેમ છે ? તેમાં હેતુ કહે છે –

સમ્યગ્દૃષ્ટિ જીવને હંમેશાં સત્પ્રવૃત્તિના બાધક કર્મહ્રાસલક્ષણ કર્મક્ષય ધ્રુવ પ્રાપ્ત થયેલો છે, એથી જ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરી શકે છે. આથી જ અર્થ ઉપાર્જનકાળમાં કે ભોગકાળમાં પણ મોક્ષ પ્રત્યેનું આકર્ષણ બલવાન હોવાથી સંવેગસાર જ પાપપ્રવૃત્તિઓ થાય છે, તેથી સ્થૂલબુદ્ધિથી તે અર્થકામની પ્રવૃત્તિ પાપપ્રવૃત્તિ કહેવાય છે, પરમાર્થથી તો સમ્યગ્દૃષ્ટિની પોતાની ભૂમિકા અનુસાર વિવેકપૂર્વકની કરાયેલી ઉચિત પ્રવૃત્તિ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ દ્વારા મોક્ષમાં જ પર્યવસાન પામે છે, આથી જ ભોગાદિકાળમાં પ્રમાદને વશ સમ્યક્ત્વ નાશ ન પામે તો કાયાથી ભોગની ક્રિયા હોવા છતાં અને ભોગની ઇચ્છા સ્પષ્ટ હોવા છતાં મોક્ષની ઉત્કટ ઇચ્છાથી ભોગકાલીન ભોગની વૃત્તિ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને ભોગકાલ સહવર્તી વર્તતા વિવેકને કારણે પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે, માટે સમ્યગ્દૃષ્ટિને નિયમથી સત્પ્રવૃત્તિ હોય છે. **॥૩૪૦॥**

**શ્લોક :-**

**संसारादस्य निर्वेदस्तथोच्चैः पारमार्थिकः ।**
**संज्ञानचक्षुषा सम्यक्, तन्नैर्गुण्योपलब्धितः ।।३४१।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, अस्य=આને=ભિન્નગ્રંથિ જીવને, संसाराद्=સંસારથી, उच्चैः=અત્યંત, पारमार्थिकः निर्वेदः=**

**પારમાર્થિક નિર્વેદ થાય છે, संज्ञानचक्षुषा सम्यक् तन्नैर्गुण्योपलब्धितः=કેમ કે સંજ્ઞાનચક્ષુથી અર્થાત્ નિર્મળ અંતરંગ ચક્ષુથી યથાવત્ તેના નૈર્ગુણ્યની ઉપલબ્ધિ છે અર્થાત્ સંસારના નૈર્ગુણ્યની ઉપલબ્ધિ છે. ॥૩૪૧॥**

**શ્લોકાર્થ :-**

**અને આને સંસારથી અત્યંત પારમાર્થિક નિર્વેદ થાય છે; કેમ કે સંજ્ઞાનચક્ષુથી સમ્યક્ તેના નૈર્ગુણ્યની ઉપલબ્ધિ છે. ॥૩૪૧॥**

**ટીકા :-**

**संसाराद्=नरनारकादिपर्यायरूपात् अस्य=भिन्नग्रन्थेर्जीवस्य, निर्वेदः-समुद्वेगरूपः 'तथा' इति समुच्चये उच्चैः=अतीव, पारमार्थिकः=अकृत्रिमः, जायते, अत्र हेतुः – संज्ञानचक्षुषा=निर्मलविवेक-लोचनेन, सम्यग्=यथावत्, तस्य=संसारस्य, नैर्गुण्योपलब्धितो=जरामरणादिव्यसनबहुलतयाऽसारता-परिज्ञानात् ।।३४१।।**

**ટીકાર્થ :-**

**संसाराद् ..... सारतापरिज्ञानात् ।। આને=ભિન્નગ્રંથિ જીવને, નરનારકાદિપર્યાયરૂપ સંસારથી નિર્વેદ છે=સમુદ્વેગરૂપ નિર્વેદ છે, 'तथा' શબ્દ સમુચ્ચયમાં છે=પૂર્વ શ્લોક સાથે પ્રસ્તુત શ્લોકના સમુચ્ચય માટે છે.**

સમ્યગ્દષ્ટિને કેવા પ્રકારનો નિર્વેદ થાય છે તે સ્પષ્ટ કરે છે –

**અત્યંત પારમાર્થિક=અકૃત્રિમ=ઊભરા જેવો નહિ, પરંતુ વસ્તુના વાસ્તવિક અવલોકનજન્ય નિર્વેદ, થાય છે, આમાં=સમ્યગ્દષ્ટિને નિર્વેદ થાય છે એમાં, હેતુને કહે છે – સંજ્ઞાનચક્ષુથી=નિર્મળવિવેકરૂપ લોચનથી, સમ્યગ્=યથાવત્, તેના=સંસારના, નૈર્ગુણ્યની ઉપલબ્ધિ છે=જરા-મરણાદિ આપત્તિબહુલપણું હોવાથી અસારતાનું પરિજ્ઞાન છે. ॥૩૪૧॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દષ્ટિ જીવને નિર્મળ દૃષ્ટિ પ્રગટ થયેલી હોવાથી તેને સ્પષ્ટ દેખાય છે કે દેહ અંતવર્તી પોતાનો આત્મા નિત્ય છે અને કર્મને પરવશ જેમ આ દેહને પોતે પ્રાપ્ત કર્યો છે તેમ જુદાં જુદાં કર્મને વશ ચારગતિઓમાં પરિભ્રમણ થાય છે ત્યારે જુદા જુદા દેહને પોતે પ્રાપ્ત કરે છે. અને આ ચારગતિમાં પરિભ્રમણ જીવની કર્મકૃત વિડંબના છે, તેથી સંસારના પરિભ્રમણ પ્રત્યે તેને પારમાર્થિક નિર્વેદ થાય છે. કેમ નિર્વેદ થાય છે તેમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે – સમ્યગ્દષ્ટિને નિર્મળ વિવેકરૂપી ચક્ષુ મળેલી હોવાથી સંસારના નૈર્ગુણ્યને યથાવત્ જોઈ શકે છે અર્થાત્ જે પ્રકારે સંસાર નિર્ગુણ છે, તે પ્રકારે જ તેને નિર્ગુણ દેખાય છે. કેવો સંસાર નિર્ગુણ છે તે સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે –

સંસાર જરા-મરણ આદિ અનેક પ્રકારની આપત્તિબહુલ છે, તેથી યત્કિંચિત્ ક્ષણિક સુખો સંસારમાં પ્રાપ્ત થતાં હોવા છતાં અનેક દુઃખોથી વ્યાપ્ત એવાં તે ક્ષણિક સુખો અસાર છે તેમ સમ્યગ્દષ્ટિ જીવ નિર્મળ દૃષ્ટિને કારણે જોઈ શકે છે, માટે સંસારના ઉચ્છેદ અર્થે સમ્યગ્દષ્ટિની સતત પ્રવૃત્તિ વર્તે છે, તેથી જ સમ્યગ્દષ્ટિને અશોભન પ્રવૃત્તિ નથી એમ પૂર્વ શ્લોકમાં કહેલ. **॥૩૪૧॥**

**શ્લોક :-**

**मुक्तौ दृढानुरागश्च, तथातद्गुणसिद्धितः ।**
**विपर्ययमहादुःखबीजनाशाच्च तत्त्वतः ।।३४२।।**

**અન્વયાર્થ :-**

**च=અને, मुक्तौ दृढानुरागः=મુક્તિમાં દૃઢ અનુરાગ છે=ભિન્નગ્રંથિ જીવને મુક્તિમાં અનિવર્તનીય અનુરાગ છે, तथातद्गुणसिद्धितः=કેમ કે તે પ્રકારના તદ્ગુણની સિદ્ધિ છે=જે પ્રકારે મોક્ષમાં જરા-મરણ આદિ ઉપદ્રવો નથી એ પ્રકારે મુક્તિના સ્વરૂપનું પરિજ્ઞાન છે, च=અને, तत्त्वतः विपर्ययमहादुःखबीजनाशात्=તત્ત્વથી વિપર્યયરૂપ મહાદુઃખના બીજનો નાશ છે=મોક્ષના અને મોક્ષના ઉપાયોના વાસ્તવિક સ્વરૂપથી વિપરીત સ્વરૂપના બોધરૂપ જે વિપર્યય તે રૂપ મહાદુઃખ તેનો બીજ એવા મિથ્યાત્વ મોહાદિ ભાવો તેનો નાશ છે. ।।૩૪૨।।**

**શ્લોકાર્થ :-**

**અને મુક્તિમાં દૃઢ અનુરાગ છે; કેમ કે તે પ્રકારના તદ્ગુણની સિદ્ધિ છે અને તત્ત્વથી વિપર્યયરૂપ મહાદુઃખના બીજનો નાશ છે. ।।૩૪૨।।**

**ટીકા :-**

**मुक्तौ=निर्वाणे, दृढानुरागश्च निष्ठुरप्रतिबन्धरूपश्च स्यात्, अत्र हेतुः – तथा=तत्प्रकाराः, तस्याः=मुक्तेः गुणाः=जरामरणाद्यभावादयस्तेषां सिद्धितः=परिज्ञानात्, विपर्यय एव तत्त्वं प्रति विपर्यासरूपः, महादुःखं शेषदुःखातिशायितया तस्य यद्बीजं=हेतुर्मिथ्यात्वमोहादि, तस्य नाशाद्=विरहात्, चकारः समुच्चये, तत्त्वतः=अपुनर्भावतया ।।३४२।।**

**ટીકાર્થ :-**

**मुक्तौ ..... अपुनर्भावतया ।। અને મુક્તિમાં=નિર્વાણમાં, દૃઢ અનુરાગ છે=નિષ્ઠુર પ્રતિબંધરૂપ દૃઢ અનુરાગ સમ્યગ્દષ્ટિ જીવને છે, એમાં=સમ્યગ્દષ્ટિને મુક્તિમાં દૃઢ અનુરાગ છે એમાં, હેતુ કહે છે – તે પ્રકારે તેના=મુક્તિના, જરા-મરણાદિના અભાવાદિ રૂપ જે ગુણો તેનું પરિજ્ઞાન છે અને વિપર્યય જ= તત્ત્વ પ્રતિ વિપર્યાસ રૂપ વિપર્યય જ=આત્માના પારમાર્થિક સ્વરૂપ રૂપ તત્ત્વ પ્રત્યે વિપર્યય જ, શેષ દુઃખોથી અતિશાયિપણું હોવાથી મહાદુઃખ તેનું જે બીજ=મિથ્યાત્વ મોહાદિ રૂપ હેતુ, તેનો નાશ**

**છે=વિરહ છે, 'च'કાર સમુચ્ચયમાં છે=સમ્યગ્દષ્ટિને મુક્તિમાં દૃઢ અનુરાગ છે તેમાં બતાવેલા બે હેતુના સમુચ્ચયમાં 'च'કાર છે, તત્ત્વથી=અપુનર્ભાવપણાથી, વિપર્યય રૂપ મહાદુઃખના બીજનો નાશ છે એમ અન્વય છે. ।।૩૪૨।।**

**ભાવાર્થ :-**

જે જીવોએ પુરુષકાર દ્વારા ગ્રંથિનો ભેદ કર્યો છે અને ત્યારપછી સતત દૈવને બાધ કરે છે અને જેઓનો મોક્ષને અનુકૂળ પુરુષકાર સતત ઊછળે છે તેવા સમ્યગ્દષ્ટિ જીવોને શ્લોક-૩૪૧માં બતાવ્યું તેવો સંસાર પ્રત્યે અત્યંત નિર્વેદ વર્તે છે અને પ્રસ્તુત શ્લોકમાં બતાવ્યું તેવો મોક્ષ પ્રત્યે દૃઢ અનુરાગ વર્તે છે અર્થાત્ ક્યારેય નિવર્તન ન પામે તેવો સ્થિર અનુરાગ વર્તે છે. કેમ તેઓને મોક્ષ પ્રત્યે સ્થિર અનુરાગ વર્તે છે તેમાં બે હેતુ ગ્રંથકારશ્રી બતાવે છે –

૧. સમ્યગ્દષ્ટિને નિર્મળ ચક્ષુ પ્રગટ થયેલી હોવાથી મોક્ષમાં જરા-મરણ-રોગ-શોક-દારિદ્ર્ય આદિના અભાવરૂપ જે ગુણો વર્તે છે તેનું સ્પષ્ટ પરિજ્ઞાન છે, માટે મોક્ષમાં દૃઢ અનુરાગ છે.

૨. વળી સમ્યગ્દષ્ટિ જીવને ફરી ક્યારેય ન થાય તેવો વિપર્યયરૂપ મહાદુઃખના બીજનો નાશ વર્તે છે, તેથી જે સમ્યગ્દષ્ટિ જીવોને વજ્રની ભીંત જેવો મજબૂત ક્ષયોપશમ થયો છે તેઓને મિથ્યાત્વ મોહાદિ વિપર્યયનાં બીજો અત્યંત નાશ પામ્યાં છે, માટે મોક્ષ પ્રત્યે દૃઢ અનુરાગ વર્તે છે.

અહીં વિપર્યયને મહાદુઃખ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે સંસારના દારિદ્ર્ય રોગ-શોક આદિ યાવત્ નરકનાં દુઃખો છે તે સર્વ કરતાં વિપર્યય મહાદુઃખ છે; કેમ કે વિપર્યયને કારણે તે સર્વ દુઃખો જીવને અનંતી વખત પ્રાપ્ત થાય છે અને તેવાં સર્વ દુઃખોનું બીજ મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી કષાય છે. જે સમ્યગ્દષ્ટિ જીવે ભગવાનના વચનનું દૃઢ પર્યાલોચન કરીને ફરી ક્યારેય ન થાય તેવો વિપર્યયના બીજનો નાશ કર્યો છે તેવા મહાત્માને મોક્ષ પ્રત્યે નિષ્ઠુર પ્રતિબંધ છે, તેથી મોક્ષની પ્રાપ્તિ સુધી તે પ્રતિબંધ ક્યારેય જતો નથી અર્થાત્ વીતરાગ ન થાય ત્યાં સુધી સિદ્ધ અવસ્થામાં સતત રાગ વર્તે છે. **।।૩૪૨।।**

**અવતરણિકા :-**

**अथ यदर्थमस्यौचित्यानुसारित्वं स्यात्तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે જેના માટે=જે ફળપ્રાપ્તિ માટે, આનું=સમ્યગ્દષ્ટિ જીવનું, ઔચિત્ય અનુસારિપણું થાય=સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ પ્રધાનપણું થાય, તેને=તે પ્રયોજનને, બતાવે છે –**

**શ્લોક :-**

**एतत्त्यागाप्तिसिद्ध्यर्थमन्यथा तदभावतः ।**
**अस्यौचित्यानुसारित्वमलमिष्टार्थसाधनम् ।।३४३।।**

**અન્વયાર્થ :-**

**अस्य=આનું=સમ્યગ્દૃષ્ટિ જીવનું, अलं=અત્યંત, इष्टार्थसाधनं=ઈષ્ટાર્થનું સાધન એવું, औचित्यानुसारित्वं= ઔચિત્યાનુસારિપણું, एतत्त्यागाप्तिसिद्ध्यर्थं=આના ત્યાગ અને સિદ્ધિની પ્રાપ્તિ માટે છે=સંસારના ત્યાગ અને મોક્ષની સિદ્ધિ માટે છે, अन्यथा तदभावतः=કેમ કે અન્યથા તેનો અભાવ છે=અત્યંત ઉચિત પ્રવૃત્તિના સેવન વગર સંસારનો ત્યાગ અને મોક્ષની પ્રાપ્તિનો અભાવ છે. ॥૩૪૩॥**

**શ્લોકાર્થ :-**

**આનું અત્યંત ઈષ્ટાર્થનું સાધન એવું ઔચિત્યાનુસારિપણું આના ત્યાગ અને સિદ્ધિની પ્રાપ્તિ માટે છે; કેમ કે અન્યથા તેનો અભાવ છે. ॥૩૪૩॥**

**ટીકા :-**

**एतयोः=संसारमुक्त्योः=यथाक्रमं ये त्यागाप्ती तयोः सिद्ध्यर्थं=निष्पत्तये, औचित्यानुसारित्वं इत्युत्तरेण योगः, अन्यथौचित्यानुसारित्वमन्तरेण तदभावतः=संसारमुक्त्योस्त्यागाप्त्यभावात्, अस्य= प्रस्तुतसत्त्वस्य, किमित्याह – औचित्यानुसारित्वं उक्तरूपं, अलं=अत्यर्थं, इष्टार्थसाधनं= समीहितसकलप्रयोजनसिद्धिकारि, प्रवर्तते ।।३४३।।**

**ટીકાર્થ :-**

**एतयोः ..... प्रवर्तते ।। આ બેના=સંસારના અને મુક્તિના, યથાક્રમ જે ત્યાગ અને પ્રાપ્તિ તે બેની સિદ્ધિ માટે=નિષ્પત્તિ માટે, ઔચિત્યઅનુસારિપણું છે એ પ્રમાણે શ્લોકના ઉત્તરની સાથે સંબંધ છે; કેમ કે અન્યથા તેનો અભાવ છે=ઔચિત્યઅનુસારિપણા વગર સંસારનો ત્યાગ અને મુક્તિની પ્રાપ્તિનો અભાવ છે, આને=પ્રસ્તુત જીવને=પ્રસ્તુત એવા સમ્યગ્દૃષ્ટિ જીવને, શું=સંસારનો ત્યાગ અને મુક્તિની પ્રાપ્તિ માટે શું છે ? એથી કહે છે – ઉક્તસ્વરૂપવાળું=શ્લોક-૩૪૦માં બતાવેલા સ્વરૂપવાળું, ઔચિત્યઅનુસારિપણું વર્તે છે.**

કેવા સ્વરૂપવાળું ઔચિત્યઅનુસારિપણું છે તે સ્પષ્ટ કરે છે –

**અત્યંત ઈષ્ટાર્થનું સાધન=સમીહિત સકલ પ્રયોજનની સિદ્ધિને કરનારું, ઔચિત્યઅનુસારિપણું સમ્યગ્દૃષ્ટિમાં પ્રવર્તે છે. ॥૩૪૩॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવને સંસાર પ્રત્યે અત્યંત નિર્વેદ વર્તે છે અને મોક્ષમાં દૃઢ અનુરાગ વર્તે છે, તેથી સંસારનો ત્યાગ અને મોક્ષની પ્રાપ્તિ અર્થે સમ્યગ્દૃષ્ટિ જીવ અત્યંત ઇષ્ટ અર્થને સાધનાર એવું ઔચિત્યઅનુસારિપણું સેવે છે.

આશય એ છે કે સમ્યગ્દૃષ્ટિજીવને સંસારનો નાશ અને મોક્ષની પ્રાપ્તિ અત્યંત ઇષ્ટ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય અત્યંત ઉચિત પ્રવૃત્તિ છે, તેથી વિવેકસંપન્ન એવા સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની શારીરિક-માનસિક-સાંયોગિક શક્તિનું સમાલોચન કરીને તે પ્રકારે ધર્મ-અર્થ અને કામમાં સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે, જેથી ધર્મની શક્તિ સતત વધે છે અને ભોગની વૃત્તિ સતત ક્ષીણ થાય છે, પરંતુ અતિભાવાવેશમાં આવીને સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય પોતાની શક્તિ કરતાં ઉપરની ભૂમિકાનાં અનુષ્ઠાનો સ્વીકાર કરતા નથી અને વિદ્યમાન શક્તિનો ક્યારેય અપલાપ કરતા નથી અર્થાત્ શક્તિ હોવા છતાં ધર્મની વૃદ્ધિને અનુકૂળ ઉચિત અનુષ્ઠાન સેવવામાં ક્યારેય પ્રમાદ કરતા નથી, તેથી સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાના સમ્યક્ત્વના બળથી સતત મોક્ષમાર્ગનું તે રીતે સેવન કરે છે કે અલ્પકાળમાં અવશ્ય સંસારનો ઉચ્છેદ થાય અને પોતાને ઇષ્ટ એવા મોક્ષની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિને મોક્ષની બલવાન ઇચ્છા હોવા છતાં નિર્મળ દૃષ્ટિ હોવાને કારણે જ પૂર્ણ ધર્મ સેવવાની શક્તિ ન હોય ત્યારે તે જીવો અર્થ-કામની પણ પ્રવૃત્તિ કરે છે, છતાં વિવેકદૃષ્ટિને કારણે અર્થ-કામ પણ તે રીતે જ સેવે છે જેથી ધર્મશક્તિનો સંચય થાય. આથી જ ભાવિના હિતનું પર્યાલોચન કરીને સર્વવિરતિની શક્તિનો સંચય ન થયો હોય ત્યાં સુધી દેશવિરતિ આદિનું પાલન કરીને સર્વવિરતિના બળનો સંચય કરે છે અને ભોગની પ્રવૃત્તિ કરીને પણ ભોગની વૃત્તિ ક્ષીણ કરે છે. **॥૩૪૩॥**

**અવતરણિકા :-**

**औचित्यमेवाश्रित्याह –**

**અવતરણિકાર્થ :-**

**ઔચિત્યને જ આશ્રયીને કહે છે=સમ્યગ્દૃષ્ટિ કેવા પ્રકારનું ઔચિત્ય સેવે છે તેને જ આશ્રયીને કહે છે –**

**શ્લોક :-**

**औचित्यं भावतो यत्र, तत्रायं सम्प्रवर्तते ।**
**उपदेशं विनाप्युच्चैरन्तस्तेनैव चोदितः ।।३४४।।**

**અન્વયાર્થ :-**

**यत्र=જ્યાં=જે પ્રવૃત્તિમાં, भावतः=ભાવથી, औचित्यं=ઔચિત્ય છે, तत्र=ત્યાં તે પ્રવૃત્તિમાં, तेनैव= તેનાથી જ=ગ્રંથિભેદથી ઉત્પન્ન થયેલા વિવેકવાળા પુરુષકારથી જ, अन्तः=અંદરમાં, चोदितः=પ્રેરાયેલો એવો, अयं=આ=સમ્યગ્દૃષ્ટિ જીવ, उपदेशं विनापि=ઉપદેશ વગર પણ, उच्चैः=અત્યંત, सम्प्रवर्तते=સમ્યક્ પ્રવૃત્તિ કરે છે. ॥૩૪૪॥**

**શ્લોકાર્થ :-**

**જ્યાં ભાવથી ઔચિત્ય છે ત્યાં તેનાથી જ અંદરમાં પ્રેરાયેલો એવો આ ઉપદેશ વગર પણ અત્યંત સમ્યક્ પ્રવૃત્તિ કરે છે. ।।૩૪૪।।**

**ટીકા :-**

**औचित्यं भावतः=परमार्थतो, यत्र वस्तुनि वर्तते तत्रायं=प्रस्तुतः प्राणी, सम्प्रवर्तते=सम्यक्प्रवृत्तिमान् भवति, नान्यत्र, यदि परं क्वचिदुपचारत इति, उपदेशं विनापि उच्चैः=अतीव, अन्तः=मध्ये, तेनैव= ग्रन्थिभेदबलोत्पन्नपुरुषकारेणैव, चोदितः=प्रेरित इति ।।३४४।।**

**ટીકાર્થ :-**

**औचित्यं ..... प्रेरित इति ।। જે વસ્તુમાં=જે કૃત્યમાં, ભાવથી=પરમાર્થથી, ઔચિત્ય વર્તે છે=ફળ-નિષ્પત્તિને અનુકૂળ પરિણામ વર્તે છે, ત્યાં આ=પ્રસ્તુત પ્રાણી=સમ્યગ્દૃષ્ટિ જીવ, સંપ્રવર્તે છે=સમ્યક્ પ્રવૃત્તિવાળો થાય છે, અન્યત્ર નહિ=ભાવથી ઔચિત્ય ન હોય ત્યાં પ્રવર્તતો નથી, જો વળી ક્યારેક પ્રવર્તે તો ઉપચારથી પ્રવર્તે છે=કેવલ બાહ્ય સંયોગથી તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે, અંતરંગ પરિણામથી તે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં ઉત્સાહ નથી માટે ઉપચારથી કરે છે, ઉપદેશ વગર પણ અત્યંત તેના વડે જ=ગ્રંથિભેદના બળથી ઉત્પન્ન થયેલા પુરુષકાર વડે જ, અંતર્=મધ્યમાં, પ્રેરિત એવો આ સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યક્ પ્રવૃત્તિ કરે છે એમ સંબંધ છે. ।।૩૪૪।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવ તત્ત્વના યથાર્થ સ્વરૂપને જોનાર છે, તેથી કર્મવાળી સંસારઅવસ્થા આત્માની વિકૃતિ છે અને કર્મરહિત જીવની સ્વાભાવિક અવસ્થા સુંદર છે તેમ સ્પષ્ટ જોઈ શકે છે અને તેને અનુકૂળ ઉચિત કૃત્યમાં સમ્યગ્દૃષ્ટિ જીવ ભાવથી સદા પ્રવર્તે છે; ક્વચિત્ બાહ્ય સંયોગ અનુકૂળ ન હોય તો કોઈક કૃત્ય દ્રવ્યથી સમ્યગ્દૃષ્ટિ જીવ કરી શકતો નથી તોપણ મોક્ષને અનુકૂળ સર્વ પરિણતિ પ્રત્યે બદ્ધ રાગવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભૂમિકા અનુસાર ઉચિત કૃત્ય કરીને મોહનાશ માટે સતત પ્રવર્તે છે, પરંતુ પરમાર્થથી જે પ્રવૃત્તિથી મોહનાશ ન થઈ શકે તેમ હોય તે પ્રવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યારેય કરતો નથી, આથી સમ્યગ્દૃષ્ટિ જીવને અવિરતિઆપાદક કર્મ પ્રચૂર ન હોય અને સર્વવિરતિને અનુકૂળ શક્તિ વિદ્યમાન હોય તો ક્યારે પણ અવિરતિની પ્રવૃત્તિ કરતો નથી, પરંતુ જ્યારે જણાય કે સર્વવિરતિને અનુકૂળ કે દેશવિરતિને અનુકૂળ તે તે કૃત્યો કરવાથી પરમાર્થથી તે તે ગુણસ્થાનકને અનુકૂળ પરિણતિ પોતે પ્રગટ કરી શકશે નહિ ત્યારે તે તે ગુણસ્થાનકની શક્તિના સંચય માટે જ ગુણસ્થાનકના સ્વીકારવામાં કાળવિલંબન કરે છે વળી તીવ્ર અવિરતિનાં ઉદયને કારણે સમ્યગ્દૃષ્ટિજીવ ભોગાદિ કરે છે તોપણ ભોગાદિ પ્રવૃત્તિ દ્વારા પરમાર્થથી તો ભોગશક્તિને ક્ષીણ કરીને વિરતિની શક્તિનો જ સંચય કરે છે.

વળી સમ્યગ્દષ્ટિ જીવ પરમાર્થથી ઉચિત ન હોય તેવી પ્રવૃત્તિ ક્યારેય કરે નહિ. જો ક્યારેક કરે તો ઉપચારથી કરે છે, જેમ ગુણસાગરકુમારને આત્મકલ્યાણ માટે સર્વવિરતિ ગ્રહણ કરવી ઉચિત છે તેવો સ્થિર નિર્ણય હતો, તેથી તે વખતે તે મહાત્મા પરમાર્થથી તો સર્વવિરતિમાં જ પ્રવૃત્તિ કરે, તે ઉચિત ગણાય. લગ્નાદિ પ્રવૃત્તિ કરે તે ઉચિત ગણાય નહિ, છતાં ગુણસાગરકુમારે માતાપિતાના અનુરોધથી લગ્ન કરવાનો સ્વીકાર કર્યો તે લગ્નની પ્રવૃત્તિ ઉપચારથી જ હતી, ભાવથી નહિ; આથી જ લગ્નકાળમાં ચોરીમાં જ કેવળજ્ઞાન થાય છે.

વળી સમ્યગ્દષ્ટિ જીવ ઉપદેશ વગર પણ ભાવથી ઉચિત પ્રવૃત્તિ કરે છે અને ક્યારેક ઉપદેશથી પણ ઉચિત પ્રવૃત્તિ કરે છે. વળી ઉપદેશ વગર કે ઉપદેશથી ઉચિત પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમાં મુખ્ય રૂપે અંતરંગ રીતે ગ્રંથિભેદને કારણે પ્રગટ થયેલ પુરુષકાર જ પ્રેરક છે.

તેથી એ ફલિત થાય કે વિવેકસંપન્ન સમ્યગ્દષ્ટિને કોઈ ઉપદેશ ન આપે તોપણ પોતાના અંતરંગ વિવેકના બળથી પ્રેરાઈને હિતાનુકૂલ પ્રવૃત્તિ કરે છે, આથી જ પોતાના ગુણસ્થાનકની વૃદ્ધિના અર્થી એવા સમ્યગ્દષ્ટિ જીવો કોઈના ઉપદેશ વગર પણ સ્વતઃ જે મહાત્મા પાસેથી મોક્ષને અનુકૂળ સૂક્ષ્મ તત્ત્વની પ્રાપ્તિ થતી હોય તેમની પાસે જઈને તેના પરમાર્થને જાણવા માટે સદા યત્ન કરે છે, જેથી પોતાને પ્રાપ્ત થયેલું ગુણસ્થાનક શીઘ્ર ઉત્તરોત્તર વૃદ્ધિને પ્રાપ્ત કરે.

અહીં કહ્યું કે ઉપદેશ વગર પણ સ્વતઃ પ્રવર્તે છે, તેથી એ પ્રાપ્ત થાય કે ક્યારેક કોઈક સમ્યગ્દષ્ટિ જીવને તે પ્રકારની ઉપસ્થિતિ ન હોય તો કોઈના ઉપદેશથી પણ પ્રવર્તે છે; કેમ કે કલ્યાણના અર્થી જીવને કોઈક કલ્યાણમિત્ર વિશેષ પ્રેરણા કરે તો તેના ઉપદેશથી પણ સમ્યક્ પ્રવૃત્તિ કરે છે. **॥૩૪૪॥**

**શ્લોક :-**

**अतस्तु भावो भावस्य, तत्त्वतः सम्प्रवर्तकः ।**
**शिराकूपे पय इव, पयोवृद्धेर्नियोगतः ।।३४५।।**

**અન્વયાર્થ :-**

**अतस्तु=આથી જ=શ્લોક-૩૪૪માં કહ્યું કે ગ્રંથિભેદને કારણે ઉત્પન્ન થયેલા પુરુષકારથી પ્રેરિત એવો આ જીવ ભાવથી ઔચિત્યમાં પ્રવર્તે છે આથી જ, भावः=ભાવ=પ્રવૃત્તિકાળમાં વર્તતો સંસારના ઉચ્છેદને અનુકૂળ એવો ભાવ, भावस्य=ભાવનો=વિશેષ પ્રકારના શુદ્ધ ભાવનો, तत्त्वतः=તત્ત્વથી, सम्प्रवर्तकः=સંપ્રવર્તક છે, इव=જેમ, शिराकूपे=સરવાણીવાળા કૂવામાં, पयोवृद्धेर्नियोगतः पयः=પાણીની વૃદ્ધિનો નિયમ હોવાથી પાણી પ્રવર્તક છે=પાણી વૃદ્ધિનો પ્રવર્તક છે. ।।૩૪૫।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ ભાવ ભાવનો તત્ત્વથી સંપ્રવર્તક છે, જેમ સરવાણીવાળા કૂવામાં પાણીની વૃદ્ધિનો નિયમ હોવાથી પાણી પ્રવર્તક છે. ।।૩૪૫।।**

**ટીકા :-**

**अतस्तु=अत एव=पुरुषकारप्रेरणादौचित्येन प्रवृत्तेर्हेतोः, भावो वैराग्यादिः भावस्य शुभभावान्तर-लक्षणस्य तत्त्वतः=परमार्थेन, सम्प्रवर्तक=उद्भूतिहेतुः, दृष्टान्तमाह – शिराकूपे=स्वयमेव प्रवृत्तशिरे कूपे, पय इव पयोवृद्धेः=शिरावृद्ध्याक्षेपाज्जलातिरेकस्य, नियोगतः=नियमेन, प्रवर्तकमिति ।।३४५।।**

**ટીકાર્થ :-**

**अतस्त्वत ..... प्रवर्तकमिति ।। આથી જ=પુરુષકારના પ્રેરણને કારણે ઔચિત્યથી પ્રવૃત્તિ હોવાને કારણે, વૈરાગ્ય આદિ ભાવ શુભ ભાવાંતર રૂપ ભાવનો તત્ત્વથી=પરમાર્થથી, સંપ્રવર્તક છે=ઉદ્ભૂતિનો હેતુ છે.**

**દૃષ્ટાંતને કહે છે – સરવાણીવાળા કૂવામાં=સ્વયં જ પ્રવૃત્ત સરવાણીવાળા કૂવામાં, જેમ પાણી પયોવૃદ્ધિનો=સરવાણીની વૃદ્ધિના આક્ષેપથી જલના અતિરેકનો, નિયમથી પ્રવર્તક છે=પૂર્વનું પાણી ઉત્તરના અધિકપાણીનું પ્રવર્તક છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૪૫॥**

**ભાવાર્થ :-**

જેમ કોઈ કૂવામાં ઘણી સરવાણીઓ હોય, જેથી સરવાણીમાંથી સતત નવું નવું પાણી આવે છે અને પૂર્વનું પાણી ઊંચી ઊંચી સપાટીએ વૃદ્ધિ પામે છે, તેમ જે જીવોએ ગ્રંથિભેદ કર્યો છે તેના કારણે નિર્મળ અંતરંગ ચક્ષુ વિદ્યમાન છે તેવા જીવોને સતત પોતાના આત્માની ભાવદયા વર્તે છે તેવા મહાત્મા પોતાના ભાવપ્રાણોનું રક્ષણ થાય તે પ્રકારના ઉત્તમ ભાવપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેથી તે મહાત્માના ચિત્તમાં વર્તતો મોક્ષને અનુકૂળ ભાવ તે તે ઉચિત પ્રવૃત્તિથી નવા નવા ભાવની નિષ્પત્તિનું કારણ બને છે. તેથી જેમ સરવાણીવાળા કૂવામાં સતત પાણીની વૃદ્ધિ થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવનો પૂર્વપૂર્વનો ભાવ વિશિષ્ટ પ્રકારના ઉત્તરના શુભ ભાવનો સંપ્રવર્તક બને છે, તેથી તે મહાત્મા ઉચિત પ્રવૃત્તિ કરીને સંસારનો સતત ક્ષય કરે છે, તેથી ઉપદેશ વગર પણ તે મહાત્મામાં ગ્રંથિભેદના બળથી શુભભાવોની વૃદ્ધિ થયા કરે છે. **॥૩૪૫॥**

**અવતરણિકા :-**

**नन्वेवमुपदेशवैयर्थ्यमापन्नमित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૩૪૪માં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશ વગર પણ સ્વયં પ્રેરિત ઔચિત્યમાં પ્રવર્તે છે એ રીતે, ઉપદેશનું વૈયર્થ્ય પ્રાપ્ત થયું=સમ્યગ્દૃષ્ટિ જીવને આશ્રયીને ઉપદેશનું વૈયર્થ્ય પ્રાપ્ત થયું, એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

શ્લોક :-

निमित्तमुपदेशस्तु, पवनादिसमो मतः ।
अनैकान्तिकभावेन, सतामत्रैव वस्तुनि ।।३४६।।

અન્વયાર્થ :-

तु=વળી, अत्रैव वस्तुनि=આ જ વસ્તુમાં=ભવાંતરના પ્રવર્તનરૂપ કૃત્યમાં, सतां=બુદ્ધિમાનોને, पवनादिसमः उपदेशः=પવનાદિ જેવો ઉપદેશ, निमित्तं मतः=નિમિત્ત મનાયો છે, अनैकान्तिकभावेन=કેમ કે અનૈકાંતિક ભાવ છે=સ્વસાધ્યની સિદ્ધિમાં અનિયત ભાવ છે. ॥૩૪૬॥

શ્લોકાર્થ :-

**વળી આ જ વસ્તુમાં બુદ્ધિમાનોને પવનાદિ જેવો ઉપદેશ નિમિત્ત મનાયો છે; કેમ કે અનૈકાંતિક ભાવ છે. ॥૩૪૬॥**

ટીકા :-

निमित्तं=हेतुः, उपदेशस्तु=उपदेशः पुनः, कीदृश इत्याह – पवनादिसमः= पवनखननादिजलाभिव्यञ्जनहेतुसदृशः, मतः, कथमित्याह – 'अनैकान्तिकभावेन' स्वसाध्यसिद्धावनियतरूपेण सतां= बुद्धिमतां, अत्रैव=भवान्तरप्रवर्तने वस्तुनि, अयमत्र भावः – न हि कूपे जलोत्पत्तिः पवनखननादिनिमित्तं किन्तु भूमिसरसभावनिबन्धना, पवनादयस्तु सत एव जलस्याभिव्यक्तिहेतवः, एवं शुभभावः शुद्धपुरुषकारबलोद्भव एव, उपदेशस्तु सत एवाभिव्यक्तिहेतुस्तस्येति, अनैकान्तिकभावश्च पवनखननयोरुपदेशस्य च, क्वचिदभावेऽपि भावाद् भावेऽपि चाभावाज्जलशुभभावयोरिति ।।३४६।।

ટીકાર્થ :-

निमित्तं ..... शुभभावयोरिति ।। વળી ઉપદેશ નિમિત્ત=હેતુ છે, કેવો હેતુ છે ? એથી કહે છે – પવનાદિ સમાન=પવન-ખનન આદિ જલ અભિવ્યંજક હેતુસદૃશ મનાયો છે, કેમ પવનાદિ સમાન મનાયો છે ? શિરા સમાન મનાયો નથી ? એથી કહે છે – અનૈકાંતિક ભાવ હોવાને કારણે=સ્વસાધ્યની સિદ્ધિમાં અનિયતરૂપ અનૈકાંતિક ભાવ હોવાને કારણે, બુદ્ધિમાનોને આ જ વસ્તુમાં=ભવાંતરના પ્રવર્તન રૂપ કૃત્યમાં, ઉપદેશ પવનાદિ સમાન મનાયો છે એમ અન્વય છે. આ=આગળ બતાવે છે એ, અહીં=શ્લોકના કથનમાં, ભાવ છે – કૂવામાં જલની ઉત્પત્તિ પવન-ખનનાદિ નિમિત્ત નથી જ, પરંતુ ભૂમિના સરસ ભાવનિબંધન જલની ઉત્પત્તિ છે=ભૂમિમાં ઘણી શિરાઓ હોય તેના નિમિત્ત જ જલની ઉત્પત્તિ છે. વળી પવનાદિ વિદ્યમાન જ જલના અભિવ્યક્તિના હેતુઓ છે, એ રીતે શુભ ભાવ શુદ્ધપુરુષકારના બલથી ઉદ્ભવ જ છે, ઉપદેશ વિદ્યમાન જ એવા તેના=વિદ્યમાન જ એવા શુભભાવના, અભિવ્યક્તિનો હેતુ છે. 'इति' શબ્દ 'अयमत्र भावः'ના કથનની સમાપ્તિ માટે છે.

**અને પવન-ખનનનો અને ઉપદેશનો અનૈકાંતિક ભાવ છે; કેમ કે કોઈક સ્થાનમાં અભાવમાં પણ=પવન-ખનનાદિના અને ઉપદેશના અભાવમાં પણ, ભાવ છે અને ભાવમાં પણ=પવન ખનનાદિના અને ઉપદેશના ભાવમાં પણ, જલ અને શુભભાવનો અભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૪૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૪૫માં કહ્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવમાં વર્તતો શુભ ભાવ ઉચિત પ્રવૃત્તિ દ્વારા નવા નવા શુભભાવનો પ્રવર્તક છે અને શ્લોક-૩૪૪માં કહેલ કે સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશ વગર પણ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે, તેથી શંકા થાય કે જો સમ્યગ્દૃષ્ટિ જીવ ઉપદેશ વગર ઉત્તર-ઉત્તરના શુભભાવને કરી શકતો હોય તો ઉપદેશ નિષ્ફળ છે, તેથી ઉપદેશ ક્યારે ઉપયોગી છે અને શુભ ભાવ કઈ રીતે ઉત્તરના શુભભાવને પ્રાપ્ત કરાવે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

જેમ પવન અને ખનનથી કૂવો થાય છે અર્થાત્ પુષ્કળ પવનને કારણે ઊંડો ખાડો થાય છે કે ખોદવાની ક્રિયાથી ઊંડો ખાડો થાય છે છતાં ખાડો થાય એટલામાત્રથી કૂવામાં પાણી આવતું નથી, પરંતુ તે ભૂમિમાં શિરાઓ હોય તો કૂવો ખોદવાથી પાણી પ્રગટ થાય છે, તેથી જે જીવોમાં મોક્ષને અનુકૂળ શુભ ભાવો જેવી શિરાઓ વર્તતી હોય તો ઉપદેશના નિમિત્તને પામીને શુભભાવની વૃદ્ધિ થાય છે અને જે જીવોમાં મોક્ષને અનુકૂળ એવો શુભ ભાવ નથી તેઓમાં ઉપદેશથી પણ શુભભાવની વૃદ્ધિ થતી નથી, માટે ઉપદેશ ભાવવૃદ્ધિ પ્રત્યે અનૈકાંતિક છે અર્થાત્ ઉપદેશથી શુભભાવની વૃદ્ધિ થાય પણ અને ન પણ થાય, પરંતુ આત્મામાં વર્તતો શુભ ભાવ શુદ્ધ પુરુષકારના બળથી અવશ્ય વૃદ્ધિ પામે છે અને જે સમ્યગ્દૃષ્ટિ જીવોમાં અંતરંગચક્ષુ અત્યંત નિર્મળ વર્તે છે તેઓને ઉપદેશ વગર પણ તેઓનો શુભ ભાવ ઉચિત પ્રવૃત્તિમાં યત્ન કરાવીને ઉત્તર-ઉત્તરના શુભભાવનો હેતુ બને છે. આથી જ રાજસિંહાસન પર બેઠેલા પૃથ્વીચંદ્રરાજાને, ગુણસાગરકુમારના કેવળજ્ઞાનના પ્રસંગને સાંભળીને કેવળજ્ઞાનને અભિમુખ ગુણસાગરના ચિત્તના ઉત્તમ ભાવોથી ભાવિત થયેલી પૃથ્વીચંદ્રરાજાની નિર્મળ દૃષ્ટિ જ સ્વતઃ તે પ્રકારના ઉપયોગમાં પ્રવર્તક બની, જેથી તેમને ક્ષપકશ્રેણીની અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. **॥૩૪૬॥**

**અવતરણિકા :-**

**ननु किंफलस्तर्हि शास्त्रेषु तथातथोपदेशः प्रपञ्च्यत इत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**તો શાસ્ત્રોમાં કેવા ફલવાળો તે તે પ્રકારનો ઉપદેશ અપાય છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૪૬માં કહ્યું કે ઉપદેશ પવનાદિ જેવો નિમિત્ત છે, તેથી અનૈકાંતિક છે, ત્યાં પ્રશ્ન થાય કે જો

ઉપદેશ સાક્ષાત્ શુભભાવનો પ્રવર્તક ન હોય તો કેવા પ્રકારના ફલવાળો ઉપદેશ શાસ્ત્રોમાં અપાય છે ? જેથી ઉપદેશ કઈ રીતે સફળ છે તેનો નિર્ણય થાય તે બતાવવા અર્થે કહે છે –

**શ્લોક :-**

**प्रक्रान्ताद्यदनुष्ठानादौचित्येनोत्तरं भवेत् ।**
**तदाश्रित्योपदेशोऽपि, ज्ञेयो विध्यादिगोचरः ।।३४७।।**

**અન્વયાર્થ :-**

**प्रक्रान्ताद् अनुष्ठानाद्=પ્રક્રાંત અનુષ્ઠાનથી=સમ્યગ્દષ્ટિ જીવ જે અનુષ્ઠાન સેવતો હોય તે અનુષ્ઠાનથી, उत्तरं यद् औचित्येन भवेत्=ઉત્તરનું જે અનુષ્ઠાન ઔચિત્યથી થાય=ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને તે રીતે ઉત્તરનું જે અનુષ્ઠાન થાય, तदाश्रित्य=તેને આશ્રયીને=તે અનુષ્ઠાનને આશ્રયીને, विध्यादिगोचरः उपदेशोऽपि=વિધિ આદિ વિષયવાળો ઉપદેશ પણ, ज्ञेयः=જાણવો. ।।૩૪૭।।**

**શ્લોકાર્થ :-**

**પ્રક્રાંત અનુષ્ઠાનથી ઉત્તરનું જે અનુષ્ઠાન ઔચિત્યથી થાય તેને આશ્રયીને વિધિ આદિ વિષયવાળો ઉપદેશ પણ જાણવો. ।।૩૪૭।।**

**ટીકા :-**

**प्रक्रान्तात्=स्वत एवारब्धात्सकाशात्, यत् अनुष्ठानं शास्त्रशुश्रूषादि अनुष्ठानात्-वन्दनादिरूपात् औचित्येन तत्तद्द्रव्यक्षेत्रकालाद्यनुरूपेण उत्तरं=अपरं, भवेत् तदाश्रित्य=अपेक्ष्य, उपदेशोऽपि किं पुनः स्वत एव प्रवृत्तेऽनुष्ठाने उपदेशो विफल इत्यपिशब्दार्थः ज्ञेयोऽवगन्तव्यः फलवान्, कीदृश इत्याह – विध्यादिगोचरो=विधेयेतरयोर्विधिप्रतिषेधविषयः, अत एव पठ्यते –**

"उवएसो वि हु सफलो, गुणठाणारम्भगाण जीवाण ।

परिवडमाणाण तहा, पायं न हु तट्ठियाणं पि ।।१।।" **[४९९ उ.प.] ।।३४७।।**

**ટીકાર્થ :-**

**प्रक्रान्तात् ..... तट्ठियाणं पि ।।१।।' પ્રક્રાંત અનુષ્ઠાનથી=સ્વતઃ જ આરબ્ધ એવા વંદન આદિ રૂપ અનુષ્ઠાનથી તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ અનુરૂપ ઔચિત્યથી ઉત્તરનું જે શાસ્ત્રશુશ્રુષાદિ અનુષ્ઠાન થાય= અપર એવું જે શાસ્ત્રશુશ્રુષાદિ અનુષ્ઠાન થાય, તેને આશ્રયીને=ઉત્તરના અનુષ્ઠાનને આશ્રયીને, ઉપદેશ પણ જાણવો= ફલવાન જાણવો. શું વળી સ્વતઃ જ પ્રવૃત્ત એવા અનુષ્ઠાનમાં ઉપદેશ વિફલ છે, એ 'उपदेशोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**કેવા પ્રકારનો ઉપદેશ ફલવાન છે ? એથી કહે છે – વિધ્યાદિગોચરવાળો=વિધેય અને ઈતરના વિષયમાં અર્થાત્ કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્યના વિષયમાં, વિધિ અને પ્રતિષેધના વિષયવાળો, ઉપદેશ ફલવાન છે એમ અન્વય છે.**

**આથી જ=જે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ નથી તેના વિષયવાળો ઉપદેશ ફલવાન છે આથી જ, કહેવાય છે –** ગુણસ્થાનક આરંભક જીવોને અને પાત પામતા જીવોને પ્રાયઃ ઉપદેશ પણ સફળ છે, હુ=પરંતુ, તત્ સ્થિતોને પણ નહિ=ગુણસ્થાનકમાં રહેલા જીવોને પણ નહિ. **॥૩૪૭॥**

**ભાવાર્થ :-**

જે જીવોમાં મોક્ષને અનુકૂળ નિર્મળ પ્રજ્ઞા પ્રગટેલી છે તેઓ પોતાના ક્ષયોપશમ અનુસાર વંદન આદિ અનુષ્ઠાનનો આરંભ કરે છે, પરંતુ જે અનુષ્ઠાન તેઓ કરી શકે તેવું ઉચિત હોય છતાં તેઓ ઉપદેશ વગર સ્વતઃ તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરી શકે તેમ ન હોય તે જીવોને આશ્રયીને તે અનુષ્ઠાન વિષયક ઉપદેશ ફલવાન છે.

જેઓ જે અનુષ્ઠાન કરતા નથી તેઓને તે અનુષ્ઠાન કરવાની પ્રેરણા કરવા માત્રથી તેઓ તે અનુષ્ઠાન કરશે, તેટલા માત્રથી શું તે ઉપદેશ ફલવાન છે ? તેના નિવારણ અર્થે કહે છે – વિધેય અને નિષેધ્યના વિષયમાં વિધિ અને પ્રતિષેધના વિષયવાળો ઉપદેશ ફલવાન છે.

તેથી એ ફલિત થાય કે કોઈ સામાયિક કરતું ન હોય અને તેને સામાયિક કરવાનો ઉપદેશ આપવાથી તે ઉપદેશ ફલવાન નથી, પરંતુ સામાયિકના પરિણામો નિષ્પન્ન કરવા માટે ક્યા પ્રકારની વિધિમાં યત્ન કરવો જોઈએ અને ક્યા પ્રકારની અવિધિનો ત્યાગ કરવો જોઈએ તે પ્રકારે નિપુણતાવાળો ઉચિત ઉપદેશ આપવામાં આવે તો તે શ્રોતા જે અનુષ્ઠાનમાં સ્તવઃ ઉપદેશ વગર પ્રવૃત્તિ કરી શકતો નથી તે અનુષ્ઠાનમાં ઉપદેશના બળથી સમ્યક્ પ્રવૃત્તિ કરીને ગુણસ્થાનકની વૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે તેવા અનુષ્ઠાનને આશ્રયીને અપાયેલો ઉપદેશ ફલવાન છે.

અહીં કહ્યું કે તે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ અનુરૂપ એવા ઔચિત્યથી ઉત્તરનું જ અનુષ્ઠાન થાય તદ્વિષયક ઉપદેશ ફલવાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતે જે અનુષ્ઠાન કરે છે તેનાથી ઉત્તરની ભૂમિકાનું અનુષ્ઠાન પોતે સ્વયં પ્રાપ્ત કરી શકતો નથી છતાં યોગ્ય ઉપદેશક તે તે દ્રવ્યાદિને અનુરૂપ કઈ રીતે ઔચિત્યથી પ્રવૃત્તિ કરવા દ્વારા ઉત્તરનું અનુષ્ઠાન તે જીવ પ્રાપ્ત કરી શકશે તેનો નિપુણતાપૂર્વક ઉપદેશ આપે તો તે જીવ તે અનુષ્ઠાન ઔચિત્યથી કરી શકે તેમ હોય તેને આશ્રયીને ઉપદેશ ફલવાન બને છે અને તે ઔચિત્ય કેવા સ્વરૂપવાળું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે જીવ જે અનુષ્ઠાન કરે છે તેનાથી ઉત્તરનું અનુષ્ઠાન તેના દ્રવ્યના સંયોગો, ક્ષેત્રના સંયોગો, કાળના સંયોગો અને તેના ભાવને અનુરૂપ હોય તો ઔચિત્યથી તે અનુષ્ઠાન તે જીવ સેવી શકે અને તેવા

અનુષ્ઠાનનો ઉપદેશ વિવેકી ઉપદેશક આપે, જેમ કોઈ સમ્યગ્દષ્ટિ જીવો પોતાના બોધને અનુરૂપ વંદન આદિ અનુષ્ઠાનો કરતા હોય છતાં શાસ્ત્ર શુશ્રૂષા આદિ ઉપરની ભૂમિકાનાં અનુષ્ઠાનો કરવા અસમર્થ હોય તેઓને કોઈ યોગ્ય ઉપદેશક કઈ રીતે શાસ્ત્રશ્રવણ આદિ ઉચિત અનુષ્ઠાનો કરવાં જોઈએ તેના વિધિ અને અવિધિનો યથાર્થ બોધ કરાવે તો તે શ્રોતા તે ઉપદેશના બળથી ઉપરના અનુષ્ઠાન વિષયક વિધિ-નિષેધનો યથાર્થ બોધ કરીને પોતાના દ્રવ્ય-ક્ષેત્રાદિના ઔચિત્યથી તે અનુષ્ઠાન સેવીને અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે છે. માટે તેવો ઉપદેશ તે જીવને આશ્રયીને ફળવાન છે. **॥૩૪૭॥**

**અવતરણિકા :-**

**अप्रारब्धानुष्ठानस्यापि जन्तोः कदाचिदुपदेशो दीयत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**અપ્રારબ્ધ અનુષ્ઠાનવાળા પણ જીવને ક્યારેક ઉપદેશ અપાય છે એથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૪૭માં કહ્યું કે વિવેકસંપન્ન જીવો સ્વભૂમિકા અનુસાર ઉચિત ધર્મ અનુષ્ઠાનો સેવતા હોય તેઓને પણ ઉત્તરની ભૂમિકાના ઉચિત અનુષ્ઠાનનો ઉપદેશ આપવાથી ફળની પ્રાપ્તિ થાય છે. હવે કોઈક જીવો કોઈ ધર્મ અનુષ્ઠાન કરતા ન હોય તેવા બધા જીવોને ઉપદેશ અપાતો નથી, પરંતુ ક્યા યોગ્ય જીવોને ક્યારેક ઉપદેશ અપાય છે તે બતાવે છે –

**શ્લોક :-**

**प्रकृतेर्वानुगुण्येन चित्रः सद्भावसाधनः ।**
**गम्भीरोक्त्या मितश्चैव, शास्त्राध्ययनपूर्वकः ।।३४८।।**

**અન્વયાર્થ :-**

**वा=અથવા, प्रकृतेः आनुगुण्येन=પ્રકૃતિના આનુગુણ્યથી=શ્રોતાની બાલાદિ બુદ્ધિના અનુસારથી, सद्भावसाधनः=સદ્ભાવના સાધનવાળો=શ્રોતાના શુદ્ધભાવનો સંપાદક, गम्भीरोक्त्या=ગંભીર ઉક્તિથી, मितः=મિત, चैव=અને, शास्त्राध्ययनपूर्वकः=શાસ્ત્રઅધ્યયનપૂર્વક, चित्रः=જુદા જુદા પ્રકારનો ઉપદેશ પ્રવર્તે છે. ।।૩૪૮।।**

**શ્લોકાર્થ :-**

**અથવા પ્રકૃતિના આનુગુણ્યથી સદ્ભાવના સાધનવાળો ગંભીર ઉક્તિથી મિત અને શાસ્ત્ર-અધ્યયનપૂર્વક જુદા જુદા પ્રકારનો ઉપદેશ પ્રવર્તે છે. ।।૩૪૮।।**

**ટીકા :-**

**प्रकृतेर्बालमध्यमबुद्धिबुद्धत्वलक्षणायाः वा इत्यथवा आनुगुण्येन=अनुवर्तनेन, चित्रो=नानारूपः, सद्भावसाधनः=शुद्धभावसम्पादकः, उपदेशो मतिमतां प्रवर्तते, पुनरपि कीदृश इत्याह – गम्भीरोक्त्या-अतिनिपुणवचनरचनारूपयोपलक्षितः सूक्ष्मबुद्धिहेतुत्वात्, मितः=परिमितः, अपरिमितस्य वैरस्यहेतुत्वात् 'चैव' इति समुच्चये, शास्त्राध्ययनपूर्वकः=शास्त्राध्ययनं शास्त्रगतपाठोच्चारणं पूर्वं प्रथमं यस्य स तथा, दृढप्रतीतिहेतुत्वात् ।।३४८।।**

**ટીકાર્થ :-**

**प्रकृतेर्बाल ..... दृढप्रतीतिहेतुत्वात् ।। અથવા પ્રકૃતિના આનુગુણ્યથી=બાલ-મધ્યમબુદ્ધિ-બુદ્ધત્વરૂપ શ્રોતાની પ્રકૃતિના અનુવર્તનથી, સદ્ભાવના સાધનવાળો=શ્રોતાના શુદ્ધભાવનો સંપાદક, બુદ્ધિમાનોનો ચિત્ર ઉપદેશ=જુદા જુદા સ્વરૂપવાળો ઉપદેશ, પ્રવર્તે છે, ફરી પણ કેવો છે ?=બુદ્ધિમાનોનો ઉપદેશ કેવો છે ? એથી કહે છે – ગંભીર ઉક્તિથી=અતિનિપુણ વચન રચનારૂપ ગંભીર ઉક્તિથી, ઉપલક્ષિત ઉપદેશ પ્રવર્તે છે,**

કેમ ગંભીર ઉક્તિથી ઉપલક્ષિત છે ? તેમાં હેતુ કહે છે –

**સૂક્ષ્મબુદ્ધિનું હેતુપણું છે. વળી તે ઉપદેશ મિત=પરિમિત વચનરૂપ છે; કેમ કે અપરિમિત ઉપદેશનું વૈરસ્યનું હેતુપણું છે. 'चैव' શબ્દ ઉપદેશના વિશેષણોના સમુચ્ચયમાં છે, વળી તે ઉપદેશ શાસ્ત્ર-અધ્યયનપૂર્વક પ્રવર્તે છે=શાસ્ત્રઅધ્યયન અર્થાત્ શાસ્ત્રગત પાઠઉચ્ચારણ પૂર્વમાં અર્થાત્ પ્રથમ છે જેને તે તેવું છે=શાસ્ત્રગત પાઠઉચ્ચારણવાળો ઉપદેશ છે,**

કેમ શાસ્ત્રગત પાઠઉચ્ચારણપૂર્વક ઉપદેશ અપાય છે તેમાં હેતુ કહે છે –

**દઢ પ્રતીતિનું હેતુપણું છે. ॥૩૪૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૪૬માં કહ્યું કે ઉપદેશ પવનાદિ જેવો નિમિત્ત કારણ છે, પરંતુ નિયત ફલ સંપાદક નથી, તેથી શાસ્ત્રમાં કેવા ફલવાળો ઉપદેશ અપાય છે તે બતાવવા માટે શ્લોક-૩૪૭માં કહ્યું કે જે જીવો સંસારથી વિરક્ત થયા છે, સદનુષ્ઠાનમાં પ્રવૃત્ત છે તેઓને ઉત્તરની ભૂમિકામાં જવા માટેનો ઉપદેશ અપાય છે, જેથી તેઓ ઉત્તરની ભૂમિકાના અનુષ્ઠાનને સેવીને ગુણસ્થાનકની વૃદ્ધિ પ્રાપ્ત કરી શકે. હવે 'અથવા'થી જેઓ યોગમાર્ગમાં પ્રવૃત્ત નથી, પરંતુ તત્ત્વની જિજ્ઞાસાવાળા થયા છે તેવા શ્રોતાઓને આશ્રયીને કેવો ઉપદેશ અપાય છે તે બતાવે છે –

તત્ત્વને અભિમુખ થયેલા શ્રોતાઓ કેટલાંક બાળ હોય છે અર્થાત્ ક્ષયોપશમની અપેક્ષાએ બાળ હોય છે, કેટલાક મધ્યમબુદ્ધિવાળા હોય છે અને કેટલાક પ્રાજ્ઞ હોય છે. તેવા શ્રોતાઓને તેની બુદ્ધિને અનુરૂપ ઉપદેશ અપાય છે, જે ઉપદેશ યોગ્ય શ્રોતામાં અવશ્ય શુદ્ધભાવનો સંપાદક થાય છે.

વળી તે ઉપદેશ શ્રોતાની બુદ્ધિ અનુસાર જુદા જુદા પ્રકારનો અપાય છે, જેમ તત્ત્વને સન્મુખ થયેલા જીવોને બળતા ઘર જેવો આ સંસાર છે તે પ્રકારે તેમની બુદ્ધિને યથાર્થ સ્પર્શે તેમ યોગ્ય ઉપદેશક ઉપદેશ આપે તો તે શ્રોતાને આત્મકલ્યાણને અભિમુખ મનોવૃત્તિ થાય અને જિજ્ઞાસા થાય કે શું કરવાથી બળતા સંસારરૂપ અગ્નિને બૂઝવી શકાય ? તેવો ઉપદેશ તે શ્રોતાને શુદ્ધભાવનો સંપાદક બને છે.

વળી તે ઉપદેશક શ્રોતાને અનુરૂપ જે કંઈ ઉપદેશ આપે એ ગંભીર ઉક્તિથી આપે અર્થાત્ એવા પ્રકારના નિપુણવચનોથી કહે અને સંવેગપૂર્વક કહે, જેથી શ્રોતાને પણ તીવ્ર સંવેગ ઉત્પન્ન થાય. કેમ નિપુણવચનથી ઉપદેશ આપવો જોઈએ ? તેથી કહે છે – નિપુણ વચનપૂર્વકનો ઉપદેશ સૂક્ષ્મબુદ્ધિનો હેતુ છે, તેથી યોગ્ય શ્રોતાને જે પ્રકારે ઉપદેશક સંસારનું સ્વરૂપ બતાવે અને મોક્ષનું સ્વરૂપ બતાવે તે પ્રકારે જ શ્રોતાને સૂક્ષ્મબુદ્ધિપૂર્વક સંસાર નિર્ગુણ ભાસે અને મુક્ત અવસ્થા જ જીવની સર્વોત્તમ અવસ્થા છે તેવી બુદ્ધિ થાય, જેનાથી શ્રોતામાં શુદ્ધભાવની નિષ્પત્તિ થાય છે.

વળી વિવેકી ઉપદેશકે શ્રોતાને બોધ માટે ઉપયોગી હોય એટલા પરિમિત વચનથી ઉપદેશ આપવો જોઈએ, પરંતુ પુનઃ પુનઃ એકનું એક કથન કરીને તે વસ્તુને કહેવા માટે યત્ન કરવો જોઈએ નહિ; કેમ કે તત્ત્વને સન્મુખ થયેલા યોગ્ય શ્રોતાને પુનઃ પુનઃ કહેવાયેલાં તે વચનોથી વિરસભાવ પ્રગટે છે, ફક્ત કેટલાક શ્રોતાઓને સંસારની નિર્ગુણતાનો બોધ પણ અનેક દૃષ્ટિઓથી કરાવવામાં આવે તો જ સંસાર નિર્ગુણ છે તેવો બોધ સ્થિર થાય છે. એવા સ્થાનમાં પુનઃ પુનઃ અપાયેલો ઉપદેશ પણ વિરસતાનું કારણ બનતો નથી.

વળી ઉપદેશક યોગ્ય શ્રોતાને જે કંઈ ઉપદેશ આપે તે શાસ્ત્રવચનના પાઠઉચ્ચારણપૂર્વક કહે અર્થાત્ કહે કે શાસ્ત્રમાં આ સ્થાનમાં સંસારની નિર્ગુણતાનું સ્વરૂપ આ પ્રકારે બતાવાયું છે, મોક્ષમાર્ગ આ પ્રકારનો બતાવાયો છે અને મોક્ષનું સ્વરૂપ આ પ્રકારે બતાવાયું છે, જેથી શ્રોતાને ઉપદેશકના વચન, યુક્તિ અને શાસ્ત્રવચન દ્વારા તે વસ્તુનો સ્થિર નિર્ણય થાય જેથી તે શ્રોતા પણ તે ઉપદેશ અનુસાર પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનમાં દૃઢ પ્રવૃત્તિ કરે છે. **॥૩૪૮॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વમાં ગાથા-૩૪૬માં કહ્યું કે ઉપદેશક યોગ્ય શ્રોતામાં ઉપદેશ દ્વારા વિદ્યમાન ભાવને જ પ્રગટ કરે છે આથી ઉપદેશ પવનાદિ સમાન છે એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**शिरोदकसमो भाव, आत्मन्येव व्यवस्थितः ।**
**प्रवृत्तिरस्य विज्ञेया, चाभिव्यक्तिस्ततस्ततः ।।३४९।।**

**અન્વયાર્થ :-**

**आत्मनि एव=આત્મામાં જ, शिरोदकसमो भावः=શિરાના ઉદક જેવો ભાવ, व्यवस्थितः=રહેલો છે, च=અને, ततस्ततः=તેના તેનાથી=ચિત્ર પ્રકારના ઉપદેશથી, अस्य=આની=ભાવની, अभिव्यक्तिः=અભિવ્યક્તિ प्रवृत्तिः=પ્રવૃત્તિ=ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ પ્રવૃત્તિ, विज्ञेया=જાણવી. ।।૩૪૯।।**

**શ્લોકાર્થ :-**

**આત્મામાં જ શિરાના ઉદક જેવો ભાવ રહેલો છે અને ચિત્ર પ્રકારના તેનાથી આની અભિવ્યક્તિ પ્રવૃત્તિ જાણવી. ।।૩૪૯।।**

**ટીકા :-**

**शिरोदकसमः=तथाविधकूपे सहजप्रवृत्तशिराजलतुल्यः, भावः=शुद्धरूपः परिणामः, आत्मन्येव=जीव एव सम्यग्दृष्ट्यादौ, व्यवस्थितः, ततः किमित्याह – प्रवृत्तिरस्य=भावस्य, विज्ञेया चाभिव्यक्तिः= प्रकटभावः, ततस्ततः=चित्रादुपदेशात् कूपखननादिकल्पात् ।।३४९।।**

**ટીકાર્થ :-**

**शिरोदकसमस्तथा ..... कूपखननादिकल्पात् ।। શિરા ઉદક સમાન=તેવા પ્રકારના કૂવામાં સહજ પ્રવૃત્ત શિરાના જલ તુલ્ય=કોઈક રીતે ખોદીને નિર્માણ થયેલા કૂવામાં સહજ રીતે પ્રગટ થતા સરવાણીના જલ તુલ્ય, ભાવ=શુદ્ધરૂપવાળો પરિણામ, આત્મામાં જ=સમ્યગ્દૃષ્ટિ આદિ જીવમાં જ, વ્યવસ્થિત છે, તેનાથી શું ?=તે વિદ્યમાન ભાવથી શું ? એથી કહે છે – અને આ ભાવની અભિવ્યક્તિ=પ્રગટ થયેલો ભાવ, પ્રવૃત્તિ જાણવી.**

શેનાથી તે ભાવની અભિવ્યક્તિ થાય છે ? તેથી કહે છે –

**તેના તેનાથી=કૂપખનનાદિ સમાન ચિત્ર ઉપદેશથી, તે ભાવની અભિવ્યક્તિ થાય છે એમ અન્વય છે. ।।૩૪૯।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં શિરાના ઉદક જેવો ભાવ સહજ રીતે વિદ્યમાન હોય છે, તેથી તેવા મહાત્માઓ સ્વશક્તિ અનુસાર સંસારના ઉચ્છેદ માટે સદા યત્ન કરનારા હોય છે તેવા જીવોમાં ઉપદેશનું સાફલ્ય નથી; કેમ કે જે સ્વતઃ શક્તિ અનુસાર પ્રવૃત્ત હોય તેમાં ઉપદેશથી કોઈ અતિશયતા આવે નહિ, આમ છતાં ઉત્તરની અન્ય કોઈ ઉચિત પ્રવૃત્તિ કરીને ગુણવૃદ્ધિ કરી શકે તેવી યોગ્યતા જે સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં છે તે જીવોને ઉપદેશક ઉત્તરની તે પ્રવૃત્તિ વિષયક તેની ભૂમિકા અનુસાર ઉપદેશ આપે તો તે ઉપદેશથી તે ભાવ તે શ્રોતામાં પ્રગટ થાય છે. તે પ્રગટ થયેલો ભાવ જ શ્રોતામાં ગુણસ્થાનકની વૃદ્ધિની પ્રવૃત્તિ સ્વરૂપ છે.

તેથી એ ફલિત થાય કે ઉપદેશથી ભાવની પ્રાપ્તિ થતી નથી, પરંતુ ઉપદેશ વિદ્યમાન ભાવનો અભિવ્યંજક છે, તેથી યોગ્ય શ્રોતામાં ઉચિત ભાવને અભિવ્યક્ત કરીને ઉપદેશ ફલવાળો છે. **II૩૪૯II**

**અવતરણિકા :-**

**एतदपि कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**આ પણ=સમ્યગ્દૃષ્ટિ જીવોમાં વિદ્યમાન ભાવ જ ઉપદેશથી અભિવ્યક્ત થાય છે એ પણ, કેમ છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**सत्क्षयोपशमात्सर्वमनुष्ठानं शुभं मतम् ।**
**क्षीणसंसारचक्राणां, ग्रन्थिभेदादयं यतः ।।३५०।।**

**અન્વયાર્થ :-**

**सत्क्षयोपशमात्=સત્ક્ષયોપશમથી, सर्वमनुष्ठानं=સર્વ અનુષ્ઠાન, शुभं मतम्=શુભ મનાયું છે, यतः=જે કારણથી, क्षीणसंसारचक्राणां=ક્ષીણ સંસારચક્રવાળા જીવોને, ग्रन्थिभेदाद्=ગ્રંથિભેદથી, अयं=આ=સત્ક્ષયોપશમ મનાયો છે. ।।૩૫૦।।**

**શ્લોકાર્થ :-**

**સત્ક્ષયોપશમથી સર્વ અનુષ્ઠાન શુભ મનાયું છે, જે કારણથી ક્ષીણ સંસારચક્રવાળા જીવોને ગ્રંથિભેદથી આ મનાયો છે. ।।૩૫૦।।**

**ટીકા :-**

**सत्क्षयोपशमात्=सानुबन्धमिथ्यात्वमोहादिमलप्रलयविशेषात्, सर्वमनुष्ठानं देवपूजनादि शुभं=शोभनं, मतम्, कुत इत्याह – क्षीणसंसारचक्राणां=निवृत्तप्रायभवभ्रमणानां, सम्यग्दृष्ट्यादीनां ग्रन्थिभेदात् उक्तरूपात् अयं क्षयोपशमः यतः=यस्मात्कारणात्, मतः ।।३५०।।**

**ટીકાર્થ :-**

**सत्क्षयोपशमात् ..... मतः ।। સત્ક્ષયોપશમથી=સાનુબંધ મિથ્યાત્વમોહાદિ મલના પ્રલયવિશેષથી, દેવપૂજનાદિ સર્વ અનુષ્ઠાન શુભ=શોભન મનાયું છે, કેમ શોભન મનાયું છે ? એથી કહે છે – જે કારણથી ક્ષીણ સંસારચક્રવાળા=નિવૃત્ત પ્રાયઃ ભવભ્રમણવાળા, સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને ઉક્તરૂપવાળા ગ્રંથિના ભેદથી આ ક્ષયોપશમ મનાયો છે. ।।૩૫૦।।**

ભાવાર્થ :-

સમ્યગ્દૃષ્ટિ જીવો સૂક્ષ્મ બોધવાળા છે, તેથી સંસારનું સર્વ સુખ દુઃખાનુબંધવાળું હોવાથી અસાર છે અને મોક્ષનું સુખ જીવની સહજ પ્રકૃતિ રૂપ હોવાથી સારભૂત છે તેવો સ્થિર નિર્ણય છે અને તેવી જીવની સહજ પ્રકૃતિને પ્રગટ કરવાને અનુકૂળ દેવપૂજનાદિ અનુષ્ઠાન છે એ પ્રકારનો સૂક્ષ્મ બોધ સમ્યગ્દૃષ્ટિ જીવને અવશ્ય વર્તે છે. આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવોને જણાય છે કે વીતરાગની પૂજા કરવાથી વીતરાગને અનુકૂળ વૃદ્ધિ પામતા ભાવોને કારણે જીવ અંતે વીતરાગ થાય છે, એથી તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોને મિથ્યાત્વ મોહનીય, અનંતાનુબંધી અપ્રત્યાખ્યાનીય આદિ કષાયોનો જે વિલય થયો છે તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતામાં વિશ્રાંત થનાર હોવાથી સાનુબંધ ક્ષયોપશમ છે અને તેવા ક્ષયોપશમથી કરાયેલું તેઓનું અનુષ્ઠાન મોક્ષમાં પર્યવસાન પામનાર હોવાથી શુભ કહેવાયું છે; કેમ કે સાનુબંધ ક્ષયોપશમવાળા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો નિવૃત્ત પ્રાયઃ ભવભ્રમણવાળા છે તેથી રાગ-દ્વેષની ગ્રંથિનો તેઓએ ભેદ કરેલો હોવાથી તેઓનો ક્ષયોપશમભાવ ફળમાં વિશ્રાંત થાય તેવો શ્રેષ્ઠ કોટીનો છે, તેથી તેવા જીવોમાં સહજ રીતે શિરા ઉદક જેવો ભાવ વિદ્યમાન છે, ફક્ત જે ભૂમિકાના ભાવને કરવા માટે તેઓ સ્વયં સમર્થ ન હોય તે ભૂમિકાની ઉચિત પ્રવૃત્તિમાં ઉપદેશકનો ઉપદેશ તેઓના ભાવની અભિવ્યક્તિનું કારણ બને છે, તે પ્રકારે પૂર્વ શ્લોક સાથે પ્રસ્તુત શ્લોકનો સંબંધ છે. **॥૩૫૦॥**

**શ્લોક :-**

**भाववृद्धिरतोऽवश्यं, सानुबन्धं शुभोदयम् ।**
**गीयतेऽन्यैरपि ह्येतत्, सुवर्णघटसन्निभम् ।।३५१।।**

**અન્વયાર્થ :-**

**अतः=આનાથી=સત્ક્ષયોપશમથી, अवश्यं=અવશ્ય, भाववृद्धिः=ભાવવૃદ્ધિ છે, अन्यैरपि हि=અન્યો વડે પણ=સૌગતાદિ વડે પણ, एतद्=આ=શુભ અનુષ્ઠાન, सानुबन्धं शुभोदयं सुवर्णघटसन्निभम्=સાનુબંધ શુભોદયવાળું સુવર્ણઘટ જેવું, गीयते=કહેવાયું છે. ।।૩૫૧।।**

**શ્લોકાર્થ :-**

**આનાથી અવશ્ય ભાવવૃદ્ધિ છે, અન્યો વડે પણ આ સાનુબંધ શુભોદયવાળું સુવર્ણઘટ જેવું કહેવાયું છે. ।।૩૫૧।।**

**ટીકા :-**

**भाववृद्धिः भावोत्कर्षरूपा अतः=सत्क्षयोपशमात्, अवश्यं=नियमवती, भवतीति, अत्रैव परमतमाह - सानुबन्धं शुभोदयं=प्रशस्तफलं, गीयते=प्रतिपाद्यते, अन्यैरपि हि सौगतादिभिर्न केवलमस्माभिरित्यपि-शब्दार्थः, एतत्=शुभमनुष्ठानं, सुवर्णघटसन्निभं-यथा सुवर्णघटो भिद्यमानोऽपि न सुवर्णानुबन्धं मुञ्चति, एवं शुभमनुष्ठानं तथाविधकषायोदयाद्भग्नमपि शुभफलमेवेति ।।३५१।।**

**ટીકાર્થ :-**

**भाववृद्धिः ..... शुभफलमेवेति ।। આનાથી=સત્ક્ષયોપશમથી=ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિક ભાવની પ્રાપ્તિનું અવશ્ય કારણ બને એવા ક્ષયોપશમથી, ભાવના ઉત્કર્ષરૂપ ભાવવૃદ્ધિ અવશ્ય=નિયમવાળી, થાય છે.**

**'इति' શબ્દ સ્વદર્શનના કથનની સમાપ્તિ માટે છે.**

**આમાં જ=વિવેકપૂર્વકના અનુષ્ઠાનમાં ભાવવૃદ્ધિ ધ્રુવ છે એમાં જ, પરમતને કહે છે – સાનુબંધ શુભોદયવાળું=પ્રશસ્ત ફલવાળું, અન્યો વડે પણ=સૌગતાદિ વડે પણ, કહેવાય છે=પ્રતિપાદન કરાય છે, કેવલ અમારા વડે નહિ, એ પ્રકારે 'अन्यैरपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

સાનુબંધ પ્રશસ્તફલવાળું શું કહેવાયું છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**આ=શુભ અનુષ્ઠાન, સુવર્ણઘટ જેવું સાનુબંધ શુભફલવાળું કહેવાયું છે એમ અન્વય છે. જે પ્રમાણે ભેદાતો પણ સુવર્ણનો ઘટ સુવર્ણના અનુબંધને છોડતો નથી=સુવર્ણના સ્વરૂપને છોડતો નથી, એ રીતે શુભ અનુષ્ઠાન=વિવેકપૂર્વકનું કરાયેલું શુભ અનુષ્ઠાન, તેવા પ્રકારના કષાયના ઉદયથી ભગ્ન પણ=અનુષ્ઠાનકાળમાં જે કષાયનો ક્ષયોપશમ ભાવ હતો તે ભાવ અનુષ્ઠાનના અભાવકાળમાં નહિ હોવાને કારણે તેવા પ્રકારના કષાયના ઉદયથી ભગ્ન થયેલું પણ, તે અનુષ્ઠાન શુભફલવાળું જ છે=સુવર્ણ જેવા શુભ ફલને જ પેદા કરનારું છે.**

**'इति' શબ્દ 'यथा'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૩૫૧॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ આદિ જીવો સર્વથા કર્મ રહિત અવસ્થાના અત્યંત અર્થી છે, તેથી તેવી અવસ્થાની પ્રાપ્તિ કરાવનારાં દેવપૂજનાદિ અનુષ્ઠાનો કરે છે, તેથી તેઓમાં વિદ્યમાન સાનુબંધ ક્ષયોપશમને કારણે શુભ અનુષ્ઠાનકાળમાં અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ભાવવૃદ્ધિ થાય છે, આથી અવિરત સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનકમાં રહેલો હોય અને સ્વભૂમિકા અનુસાર દેવપૂજનાદિ અનુષ્ઠાન કરે ત્યારે અવશ્ય ચોથા ગુણસ્થાનકમાં જ ઉત્તર-ઉત્તરની ભૂમિકામાં ગમનરૂપ ભાવવૃદ્ધિ થાય છે અને કોઈક જીવને વીર્યનો પ્રકર્ષ થાય તો દેવપૂજનાદિ કાળમાં જ ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ પણ થાય છે, આથી જ નાગકેતુને ભગવાનની પૂજા કરતાં કરતાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

તેથી એ ફલિત થાય કે સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો જ્યારે જ્યારે સ્વભૂમિકા અનુસાર શુભ અનુષ્ઠાન કરે છે ત્યારે ત્યારે અવશ્ય ભાવવૃદ્ધિ થાય છે એટલું જ નહિ, પણ વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવો ભોગાદિ ક્રિયાઓ કરે છે ત્યારે પણ સંવેગપૂર્વક ભોગાદિની પ્રવૃત્તિ કરતા હોવાથી મોક્ષને અનુકૂળ ભાવવૃદ્ધિ ભોગાદિકાળમાં પણ અવશ્ય થાય છે.

વળી સાનુબંધ ક્ષયોપશમમાં અવશ્ય ભાવવૃદ્ધિ થાય છે તેમાં સૌગતાદિના મતને બતાવે છે - બૌદ્ધદર્શનવાળા કહે છે કે શુભ અનુષ્ઠાન સાનુબંધ=ઉત્તરોત્તર વૃદ્ધિ પામનાર શુભના ઉદયવાળું, સુવર્ણઘટ જેવું હોય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈક વિવેકસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારથી અત્યંત ભય પામીને સર્વવિરતિ ગ્રહણ કરે અને અત્યંત અપ્રમાદથી સંયમ પાળીને સતત ગુણસ્થાનકની વૃદ્ધિ કરે, છતાં તે ભવમાં જ ક્ષપકશ્રેણિ પ્રાપ્ત ન કરી શકે, તેથી આયુષ્યના ક્ષયથી દેવભવમાં જાય ત્યારે દેવભવકૃત તેવા પ્રકારના કષાયના ઉદયને કારણે=ભોગમાં પ્રવૃત્તિ કરાવે તેવા અવિરતિ આપાદક કષાયના ઉદયને કારણે, ભગ્ન થયેલું પણ ચારિત્રનું અનુષ્ઠાન શુભ ફલવાળું છે. જેમ સુવર્ણનો ઘડો ભગ્ન થાય તોપણ સુવર્ણના સ્વરૂપને છોડતું નથી, તેમ મનુષ્યભવમાં સંયમના પાલન કાળમાં વર્તતો સંયમનો પરિણામ દેવભવમાં નાશ પામવા છતાં પણ સુવર્ણ જેવો તત્ત્વનો પક્ષપાત દેવભવમાં પણ વિદ્યમાન છે, આથી જ તે મહાત્માઓ દેવભવમાં પણ આગામી ભવમાં વિશેષ પ્રકારના સંયમની પ્રાપ્તિ થાય તેવી સંયમની શક્તિનો સંચય કરે છે, જેથી ઉત્તરના ભવમાં પૂર્વના સુવર્ણઘટ કરતાં પણ વિશિષ્ટ કોટીના સુવર્ણઘટ જેવું શુભ અનુષ્ઠાન પ્રાપ્ત કરે છે. **।।૩૫૧।।**

**શ્લોક :-**

**एवं तु वर्तमानोऽयं, चारित्री जायते ततः ।**
**पल्योपमपृथक्त्वेन विनिवृत्तेन कर्मणः ।।३५२।।**

**અન્વયાર્થ :-**

**एवं तु=આ રીતે જ=પૂર્વ શ્લોકમાં કહ્યું કે સાનુબંધ ક્ષયોપશમથી ભાવવૃદ્ધિ થાય છે એ રીતે જ, वर्तमानः=વર્તતો એવો, अयं=આ=સમ્યગ્દૃષ્ટિ જીવ, चारित्री=ચારિત્રી, जायते=થાય છે, ततः कर्मणः पल्योपमपृथक्त्वेन विनिवृत्तेन=કેમ કે ગ્રંથીભેદને કારણે પલ્યોપમ પૃથક્પણારૂપે કર્મો વિનિવૃત્ત થાય છે. ।।૩૫૨।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે જ વર્તતો એવો આ ચારિત્રી થાય છે; કેમ કે ગ્રંથીભેદને કારણે પલ્યોપમ પૃથક્પણારૂપે કર્મો વિનિવૃત્ત થાય છે. ।।૩૫૨।।**

**ટીકા :-**

**एवं तु=एवमेव, सानुबन्धसत्क्षयोपशमानुरूपवर्तमानोऽयं=भिन्नग्रन्थिर्जीवः, चारित्री देशविरतरूपो जायते, ततो=ग्रन्थिभेदात्सकाशात्, पल्योपमपृथक्त्वेन 'द्विप्रभृत्यानवभ्यः पृथक्त्वं' तेन विनिवृत्तेन= क्षयमुपगतेन, कर्मणश्चारित्रमोहादेः, सर्वविरतिचारित्री तु संख्यातेषु सागरोपमेषु निवृत्तेषु, तथा चार्षम् –**

"सम्मत्तंमि उ लद्धे, पलियपुहुत्तेण सावओ होज्जा ।
चरणोवसमखयाणं, सागरसङ्खन्तरा होन्ति ।।" **[१२२२-विशेषा.] ।।३५२।।**

**ટીકાર્થ :-**

**एवं त्वेवमेव ..... होन्ति ।। આ રીતે જ=પૂર્વ શ્લોકમાં કહ્યું એ રીતે જ, સાનુબંધ સત્ક્ષયોપશમ અનુરૂપ વર્તતો એવો આ=ભિન્નગ્રંથિ જીવ, દેશવિરતિ રૂપ ચારિત્રી થાય છે; કેમ કે તેનાથી=ગ્રંથિભેદથી, પલ્યોપમપૃથક્પણા વડે ચારિત્રમોહાદિ કર્મો ક્ષય પામેલા થાય છે.**

પૃથક્ત્વનો અર્થ કરે છે –

**૨થી ૯ સંખ્યા સુધી પૃથક્પણું છે. વળી સંખ્યાત સાગરોપમ નિવૃત્ત થયે છતે સર્વવિરતિ ચારિત્રી થાય છે=સમ્યગ્દૃષ્ટિ જીવ સર્વવિરતિ ચારિત્રી થાય છે, અને તે પ્રમાણે=ગ્રંથિભેદ પછી પલ્યોપમ-પૃથક્ત્વ સ્થિતિ ઘટવાથી દેશવિરતિ થાય છે અને સંખ્યાત સાગરોપમ ઘટવાથી સર્વવિરતિ ચારિત્રી થાય છે તે પ્રમાણે આર્ષ છે –** સમ્યક્ત્વ પ્રાપ્ત થયે છતે પલ્યોપમપૃથક્ત્વથી શ્રાવક થાય છે, સંખ્યાત સાગરોપમ ઘટવાથી ચારિત્ર, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ થાય છે=દેશવિરતિ ગુણસ્થાનકથી સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિ થાય છે, તેનાથી સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે ત્યારે ઉપશમશ્રેણિ પ્રાપ્ત થાય છે, તેનાથી સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે ત્યારે ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય છે. **॥૩૫૨॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫૧માં કહ્યું એ રીતે સત્ક્ષયોપશમથી અવશ્ય ભાવવૃદ્ધિ થાય છે એ રીતે જ વર્તતો એવો ભિન્નગ્રંથિ જીવ=સાનુબંધ સત્ક્ષયોપશમને અનુરૂપ ઉચિત અનુષ્ઠાનમાં વર્તતો સમ્યગ્દૃષ્ટિ જીવ, દેશવિરતિરૂપ ચારિત્રને પ્રાપ્ત કરે છે; કેમ કે સાનુબંધ ક્ષયોપશમવાળા શુભ અનુષ્ઠાનથી ચારિત્રમોહનીય આદિ કર્મની સ્થિતિ પલ્યોપમપૃથક્ત્વ અલ્પ થવાથી દેશવિરતિરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને તે રીતે જ શુદ્ધ અનુષ્ઠાનમાં પ્રવર્તનાર સમ્યગ્દૃષ્ટિ જીવની સંખ્યાત સાગરોપમની સ્થિતિ ઘટે તો સર્વવિરતિ ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભ અનુષ્ઠાનને સેવીને જેમ જેમ વીતરાગભાવને અનુકૂળ ઉત્તમભાવોથી આત્માને વાસિત કરે છે તેમ તેમ સંશ્લેષ ઘટવાને કારણે સત્તામાં રહેલી કર્મોની સ્થિતિ આત્મામાં અલ્પ-અલ્પતર થાય છે અને આ રીતે શુદ્ધ અનુષ્ઠાનના સેવનના બળથી જેમ જેમ આત્મા વીતરાગભાવથી વાસિત થાય છે તેમ તેમ ગુણસ્થાનકની વૃદ્ધિ થાય છે અને સત્તામાં રહેલી કર્મની સ્થિતિ અલ્પ અલ્પતર થાય છે અને સમ્યક્ત્વકાલીન સ્થિતિ કરતાં પલ્યોપમપૃથક્ત્વ સ્થિતિ અલ્પ થવાથી ભાવથી દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તે વખતે તેને યોગ્ય સામગ્રી હોય તો તે મહાત્મા દેશવિરતિના અનુષ્ઠાનનો સ્વીકાર કરે પણ, અને ક્વચિદ્ બાહ્યથી અનુષ્ઠાન સ્વીકારેલું ન હોય તોપણ ભાવથી દેશવિરતિ ગુણસ્થાનકનો સ્પર્શ થાય છે અને તેનાથી પણ સંખ્યાત સાગરોપમની સ્થિતિ ઘટે તો ભાવથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તે ચારિત્રની પ્રાપ્તિ કેટલાકને ચારિત્રના ગ્રહણની ક્રિયાથી પ્રાપ્ત થાય છે, તો કેટલાકને તે પ્રકારના વિશુદ્ધ અધ્યવસાયથી પણ થાય છે. આથી જ ચારિત્ર ગ્રહણ કર્યા પૂર્વે જ પ્રત્યેકબુદ્ધ મહાત્માઓને ભાવથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે અને ભાવથી ચારિત્રની પ્રાપ્તિ પછી ચારિત્રાચારના સેવનથી કે અન્ય કોઈ રીતે

સંખ્યાત સાગરોપમ સ્થિતિ ઘટે તો ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે અને તેનાથી પણ સંખ્યાત સાગરોપમની સ્થિતિ ઘટે તો ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે, તેથી સમ્યગ્દષ્ટિનો સાનુબંધ ક્ષયોપશમ અવશ્ય ભાવવૃદ્ધિ દ્વારા ક્ષપકશ્રેણિ સુધી જવા સમર્થ છે. માટે જ સુવર્ણઘટ જેવું સમ્યગ્દષ્ટિનું શુભ અનુષ્ઠાન છે.

અહીં ટીકામાં કહ્યું કે સાનુબંધ સત્ક્ષયોપશમને અનુરૂપ વર્તતો ભિન્નગ્રંથિ જીવ દેશવિરતિરૂપ ચારિત્રી થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વ પામેલો જીવ પણ જ્યારે પ્રમાદમાં હોય છે ત્યારે પાતને અભિમુખ હોય છે, તેથી ધર્મઅનુષ્ઠાન કરતો હોય કે ભોગાદિ ક્રિયા કરતો હોય ત્યારે સાનુબંધ સત્ક્ષયોપશમને અનુરૂપ વર્તમાન નથી, તેથી તે રીતે પ્રવૃત્તિથી દેશચારિત્રી થતો નથી, પરંતુ પોતાની પ્રગટ થયેલી નિર્મળ ચક્ષુ અનુસાર તત્ત્વને અવલોકન કરીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ બને તે રીતે પ્રવૃત્તિથી દેશવિરતિ ચારિત્રી થાય છે, આથી જ છઠ્ઠા ગુણસ્થાનકમાં રહેલા પ્રમાદથી પડિલેહણની ક્રિયા કરતા સાધુ પણ છ કાયના વિરાધક હોવાથી તે કાળમાં સાનુબંધ સત્ક્ષયોપશમને અનુરૂપ વર્તનારા નથી. **॥૩૫૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આ રીતે સાનુબંધ ક્ષયોપશમને અનુરૂપ વર્તતો ભિન્નગ્રંથિ જીવ દેશવિરતિવાળો થાય છે, તેથી જિજ્ઞાસા થાય કે તેવા પ્રકારના સાનુબંધ સત્ક્ષયોપશમને અનુરૂપ વર્તમાન જીવનું લિંગ શું છે ? તેથી તેનું લિંગ બતાવે છે –**

**શ્લોક :-**

**लिङ्गं मार्गानुसार्येष, श्राद्धः प्रज्ञापनाप्रियः ।**
**गुणरागी महासत्त्वः, सच्छक्त्यारम्भसङ्गतः ।।३५३।।**

**અન્વયાર્થ :-**

**लिङ्गं=લિંગ છે=ચારિત્રીનું લિંગ છે. एष=આ=ચારિત્રી, मार्गानुसारी=માર્ગાનુસારી, श्राद्धः=શ્રાદ્ધ, प्रज्ञापनाप्रियः=પ્રજ્ઞાપનાપ્રિય, गुणरागी=ગુણરાગી, महासत्त्वः=મહા સત્ત્વવાળો, सच्छक्त्यारम्भसङ्गतः= સત્શક્તિથી આરંભયુક્ત હોય છે. ।।૩૫૩।।**

**શ્લોકાર્થ :-**

**લિંગ છે. આ માર્ગાનુસારી શ્રાદ્ધ પ્રજ્ઞાપનાપ્રિય ગુણરાગી મહાસત્ત્વવાળો સત્શક્તિથી આરંભયુક્ત હોય છે. ।।૩૫૩।।**

**ટીકા :-**

**लिङ्गं=चिह्नम्, कीदृशमस्येत्याह – मार्गानुसारी वक्ष्यमाणन्यायेन एष=चारित्री, तथा श्राद्धः= कान्तारोत्तीर्णब्राह्मणहविःपूर्णगोचररुचेरतिशायिन्या शुद्धानुष्ठानगतया श्रद्धया सङ्गतः, प्रज्ञापनाप्रियः= गुणवत्पुरुषप्रज्ञापनाप्रीतिमान् सन्निधिलाभयोग्यजीव इव तद्गतक्रियां प्रतीति, गुणरागी=गुणानुरागी,**

**महासत्त्वः=प्रशस्तपुरुषकारः, सच्छक्त्यारम्भसङ्गतः=सता सुन्दरपरिणामेन शक्येन कर्तुं पार्यमाणेनाऽऽरम्भेण धर्मार्थादिगोचरेण इति ।।३५३।।**

**ટીકાર્થ :-**

**लिङ्गं ..... धर्मार्थादिगोचरेण इति ।। આનું=ગ્રંથિભેદ કરીને દેશવિરતિને પામેલા જીવનું, કેવા પ્રકારનું લિંગ=ચિહ્ન છે ? એથી કહે છે – વક્ષ્યમાણ ન્યાયથી=શ્લોક-૩૫૪-૩૫૫માં બતાવશે એ ન્યાયથી, માર્ગાનુસારી આ=ચારિત્રી છે, અને શ્રાદ્ધ છે=અટવી ઊતરીને આવેલા બ્રાહ્મણને ઘીથી પૂર્ણ એવા ભોજનની રુચિથી અતિશાયિની એવી શુદ્ધ અનુષ્ઠાનગત શ્રદ્ધાથી યુક્ત છે, પ્રજ્ઞાપનાપ્રિય છે=સદ્ નિધાનના લાભ યોગ્ય જીવની જેમ તદ્ગત ક્રિયા પ્રત્યે ગુણવાન પુરુષની પ્રજ્ઞાપનામાં પ્રીતિમાન છે, ગુણરાગી=ગુણના અનુરાગવાળો છે, મહાસત્ત્વવાળો છે=પ્રશસ્ત પુરુષકારવાળો છે=માત્ર બાહ્યક્રિયામાં પ્રયત્ન કરનાર નથી, પરંતુ ગુણનિષ્પત્તિનું કારણ બને એવા પ્રશસ્ત પુરુષકારવાળો છે, સત્ શક્તિથી આરંભયુક્ત=ધર્મ-અર્થાદિ ગોચર સુંદર પરિણામવાળા કરવા માટે શક્ય એવા આરંભથી સંગત છે, એ પ્રમાણે અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૫૩।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યારે નિર્મળ દૃષ્ટિથી ઉપયુક્ત થઈને દેવપૂજનાદિ અનુષ્ઠાનો કરે છે ત્યારે ક્રમસર કર્મની સ્થિતિને અલ્પ કરીને દેશવિરતિને પામે છે અને તેવો દેશવિરતિવાળો જીવ કેવા લિંગવાળો હોય છે તે ગ્રંથકારશ્રી બતાવે છે –

દેશવિરતિને પામેલો જીવ આગળના શ્લોકમાં બતાવાશે એવા ન્યાયથી માર્ગાનુસારી હોય છે, તેથી સતત સ્વભૂમિકા અનુસાર સર્વવિરતિની શક્તિના સંચય અર્થે મારે શું કરવું જોઈએ તે પ્રકારે ઊહ કરીને સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરે છે, તેથી ઉત્તર-ઉત્તરના મોક્ષમાર્ગને અનુસરનાર હોવાથી અવશ્ય તે માર્ગના અનુસરણ દ્વારા મોક્ષને પ્રાપ્ત કરશે.

વળી આ દેશવિરતિધર ચારિત્રી શ્રદ્ધાળુ છે, જેમ અટવી ઓળંગીને આવેલ બ્રાહ્મણને ઘીથી પૂર્ણ ભોજનમાં રુચિ છે તેના કરતાં અતિશયવાળી ઉત્કટ રુચિ દેશવિરતિધર ચારિત્રને પોતાની ભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાનને શુદ્ધ રીતે સેવવાની છે, તેથી પ્રમાદ વગર પોતાની ભૂમિકાના અનુષ્ઠાનને સેવીને તે મહાત્મા ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે.

વળી પ્રજ્ઞાપનાપ્રિય છે, જેમ કોઈ જીવને સુંદર નિધાન પ્રાપ્ત થવાનું હોય તેવા યોગ્ય જીવને નિધાન પ્રાપ્તિવિષયક ઉચિત ક્રિયા કોઈ જાણકાર પુરુષ બતાવે ત્યારે તે જીવને તે ક્રિયા જાણવા માટે અત્યંત પ્રીતિ હોય છે તેમ ચારિત્રીને ઉપરના ગુણસ્થાનકમાં જવા માટે જે ઉચિત ક્રિયા છે તે વિષયક સૂક્ષ્મ બોધના

અભાવને કારણે સ્ખલના થતી હોય ત્યારે કોઈ ગુણવાન્ પુરુષ તેમને ઉચિત દિશા બતાવે તેને ગ્રહણ કરવામાં પ્રીતિમાન હોય છે આથી જ અત્યંત ઉપયુક્ત થઈને ઉત્તરના ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ ક્રિયા વિષયક સૂક્ષ્મ ભાવો જાણવા માટે ગુણવાન્ પુરુષ પાસે તે મહાત્મા સદા યત્ન કરે છે.

વળી તે ચારિત્રી ગુણમાં અત્યંત રાગવાળા હોય છે, તેથી જે કોઈ જીવમાં જિનવચનાનુસાર ગુણો દેખાય તેના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થાય છે, જે પ્રીતિના કારણે ગુણ પ્રત્યેનો રાગભાવ પ્રકર્ષ-પ્રકર્ષતર થાય છે, જેથી પ્રાપ્ત થયેલા ગુણોના પાતની સંભાવના નષ્ટ-નષ્ટતર થાય છે અને ગુણના રાગને કારણે સતત પોતાનામાં ગુણની વૃદ્ધિ થયા કરે છે.

વળી આ ચારિત્રી મહાસત્ત્વવાળા છે; કેમ કે સ્વભૂમિકા અનુસાર નિપુણ બુદ્ધિપૂર્વક ઉત્તરના ગુણસ્થાનકમાં જવાને અનુકૂળ પ્રશસ્ત પ્રયત્ન કરનારા છે, આથી જ સર્વવિરતિની ઉત્કટ ઇચ્છા હોવા છતાં સ્વપ્રયત્નથી જે ભૂમિકા સાધ્ય છે એમાં જ શક્તિના પ્રકર્ષથી પ્રયત્ન કરનારા છે.

વળી આ દેશચારિત્રી પોતાની ભૂમિકા અનુસાર ધર્મ-અર્થ-કામ પુરુષાર્થ સેવે છે તેમાં પોતાની શક્તિનું સમ્યગ્ આલોચન કરીને પોતાના પ્રયત્નથી શક્ય હોય તેવા ધર્મ અર્થ અને કામમાં યત્નને કરે છે, જેથી ક્લેશ વગર પુરુષાર્થની સિદ્ધિ થાય. આ રીતે ધર્મ-અર્થ-કામને સેવીને ક્રમસર તે મહાત્મા સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે. **॥૩૫૩॥**

**અવતરણિકા :-**

**अथ बहुविषयत्वान्मार्गानुसारित्वमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે બહુવિષયપણું હોવાથી=માર્ગાનુસારી ભાવનું બહુવિષયપણું હોવાથી, માર્ગાનુસારીપણાને જ ભાવન કરે છે –**

**ભાવાર્થ :-**

માર્ગાનુસારી ભાવ કેટલાક સૂક્ષ્મ બોધવાળા બહુશાસ્ત્ર ભણેલા પ્રાજ્ઞ પુરુષોમાં હોય છે, તો ક્વચિત્ શ્રુત નહિ ભણેલા માષતુષ જેવા અતિ અલ્પ ક્ષયોપશમવાળા જીવોમાં પણ હોય છે, તેથી માર્ગાનુસારી ભાવવાળા જીવો અનેક પ્રકારના હોય છે અર્થાત્ શ્રુત વગરના, અલ્પશ્રુતવાળા કે ઘણું શ્રુત ભણેલા હોય છે, તેથી ચારિત્રીના લિંગમાં બતાવેલ માર્ગાનુસારીપણાને જ સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

**असातोदयशून्योऽन्धः, कान्तारपतितो यथा ।**
**गर्तादिपरिहारेण, सम्यक् तत्राभिगच्छति ।।३५४।।**

અન્વયાર્થ :-

यथा=જે પ્રમાણે, कान्तारपतितो=જંગલમાં રહેલો, असातोदयशून्योऽन्धः=અસાતાના ઉદયથી શૂન્ય એવો અંધ, गर्तादिपरिहारेण=ખાડા આદિના પરિહારથી, तत्र=ત્યાં=જંગલમાં, सम्यक्=જે પ્રકારે સ્થાનની પ્રાપ્તિ થાય તે પ્રકારે, अभिगच्छति=જવા માટે પ્રવર્તે છે. 'यथा'નો અન્વય આગળના શ્લોક સાથે છે. ||૩૫૪||

શ્લોકાર્થ :-

**જે પ્રમાણે જંગલમાં રહેલો અસાતાના ઉદયથી શૂન્ય એવો અંધ ખાડા આદિના પરિહારથી ત્યાં જે પ્રકારે સ્થાનની પ્રાપ્તિ થાય તે પ્રકારે જવા માટે પ્રવર્તે છે. ||૩૫૪||**

ટીકા :-

असातोदयशून्यः=असद्वेदनीयविपाकरहितः, अन्धः प्रतीतरूपः कान्तारपतितो=दण्डकारण्यादिमहाटवीमध्यमग्नः, 'यथा' इति दृष्टान्तार्थः गर्तादिपरिहारेण=गर्तादरीप्रभृतिविषममार्गत्यागेन, सम्यग्=यथा विवक्षितस्थानावाप्तिः स्यात्तथा, तत्र=कान्तारे, अभिगच्छति=गन्तुं प्रवर्तते ।।३५४।।

ટીકાર્થ :-

असातोदयशून्यो ..... प्रवर्तते ।। અશાતાના ઉદયથી શૂન્ય=અસાતાવેદનીયકર્મના વિપાકથી રહિત, પ્રતીતરૂપવાળો અંધપુરુષ કાંતારમાં રહેલો=દંડક અરણ્ય આદિ મહાઅટવીની મધ્યમાં રહેલો, શ્લોકમાં 'यथा' શબ્દ દૃષ્ટાંત અર્થવાળો છે તેનો અન્વય આગળના શ્લોક સાથે છે, ગર્તાદિના પરિહારથી=તેવો અંધપુરુષ ગર્તા-દરી વગેરે અર્થાત્ ખાડા-બાકોરાં વગેરે વિષમમાર્ગના ત્યાગથી, સમ્યક્=જે રીતે વિવક્ષિત સ્થાનની પ્રાપ્તિ થાય તે રીતે, ત્યાં=જંગલમાં, જવા માટે પ્રવર્તે છે. ||૩૫૪||

શ્લોક :-

तथायं भवकान्तारे, पापादिपरिहारतः ।
श्रुतचक्षुर्विहीनोऽपि, सत्सातोदयसंयुतः ।।३५५।।

અન્વયાર્થ :-

तथा=તે પ્રમાણે, श्रुतचक्षुर्विहीनोऽपि=શ્રુતચક્ષુથી વિહીન પણ, सत्सातोदयसंयुतः=સત્સાતાના ઉદયથી સંયુક્ત એવો, अयं=આ=ચારિત્રી, पापादिपरिहारतः=પાપાદિના પરિહારથી, भवकान्तारे=ભવરૂપી અટવીમાં જવા માટે પ્રવર્તે છે=પોતાના ઈષ્ટ સ્થાનરૂપ મોક્ષ તરફ જવા માટે પ્રવર્તે છે. ||૩૫૫||

શ્લોકાર્થ :-

**તે પ્રમાણે શ્રુતચક્ષુથી વિહીન પણ સત્સાતાના ઉદયથી સંયુક્ત એવો આ પાપાદિના પરિહારથી ભવરૂપી અટવીમાં જવા માટે પ્રવર્તે છે. ||૩૫૫||**

**ટીકા :-**

**तथाऽयं=चारित्री, भवकान्तारे=संसाराटव्याम्, पापादिपरिहारतः=पापकारणपापफलपरित्यागेन, श्रुतमेव सद्भूतार्थावलोकहेतुत्वाच्चक्षुस्तेन विहीनोऽपि माषतुषादिवद्विरहितः किं पुनस्तदन्यरूप इत्यपिशब्दार्थः, सन्=अतिदृढतया यः सुन्दरः सातोदयस्तेन संयुतः ।।३५५।।**

**ટીકાર્થ :-**

**तथायं ..... संयुतः ।। તે પ્રમાણે આ=ચારિત્રી, ભવરૂપી અટવીમાં=સંસારરૂપી અટવીમાં, પાપાદિના પરિહારથી=પાપના કારણ અને પાપના ફલના પરિત્યાગથી, સ્વ-ઈષ્ટ સ્થાનમાં જવા પ્રવર્તે છે, એમ અન્વય છે.**

કેવા ચારિત્રી સ્વ-ઇષ્ટ એવા મોક્ષ પ્રત્યે જવા માટે પ્રવર્તે છે ? એથી કહે છે –

**શ્રુત જ સદ્ભૂત અર્થના અવલોકનનું હેતુપણું હોવાથી ચક્ષુ છે તેનાથી=શ્રુતરૂપ ચક્ષુથી, વિહીન પણ=માષતુષાદિની જેમ રહિત પણ, શું વળી તેનાથી અન્યરૂપવાળો=શ્રુતચક્ષુવાળો ? એ 'श्रुतचक्षुर्विहीनोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

વળી તે ચારિત્રી કેવા પ્રકારનો છે તે સ્પષ્ટ કરે છે –

**સદ્=અતિદૃઢપણાને કારણે જે સુંદર સાતાનો ઉદય, તેનાથી સંયુક્ત ભવકાંતારમાં ઈષ્ટ નગર તરફ જાય છે એમ અન્વય છે. ।।૩૫૫।।**

**ભાવાર્થ :-**

કોઈ આંધળો પુરુષ કોઈ મહા અટવીમાં રહેલો હોય, જે અટવીના માર્ગમાં ખાડા, બાકોરાં આદિ હોય, તેથી તે અટવીમાંથી વિવક્ષિત એવા નગરની તરફ જવા માટે તે આંધળા પુરુષને દુષ્કર હોય, છતાં તે આંધળો પુરુષ બુદ્ધિમાન્ હોય તો હું આંધળો છું, માટે રસ્તામાં ખાડાઓમાં ન પડું, તેનું સમાલોચન કરીને લાકડી આદિના બળથી કે અન્ય કોઈ જતા પુરુષને પૃચ્છા કરીને ખાડા આદિના પરિહારપૂર્વક ઇષ્ટ સ્થાનમાં જવા માટે પ્રવર્તે છે તેવો માર્ગાનુસારી બુદ્ધિવાળો આંધળો પુરુષ અસાતાવેદનીયના ઉદયથી શૂન્ય છે, તેથી અસાતાના કારણીભૂત ગર્તા આદિનો પરિહાર માર્ગાનુસારી બુદ્ધિથી કરે છે, તે પ્રકારે આ ચારિત્રી પણ ભવઅટવીમાં રહેલો છે અને શ્રુતચક્ષુ રહિત હોવાથી શાસ્ત્રવચનના બળથી પાપના કારણ અને પાપના ફલરૂપ ગર્તા આદિનો પરિહાર કરવા સમર્થ નથી, તોપણ માર્ગાનુસારી બુદ્ધિ હોવાથી સમ્યક્ શ્રુત જાણનારા આપ્તપુરુષનો નિર્ણય કરીને પાપનાં કારણો અને પાપના ફલરૂપ ગર્તાનો પરિહાર કરે છે, તેથી સ્વભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને અંતરંગ ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા પોતાને ઇષ્ટ એવા મોક્ષનગર તરફ પ્રયાણ કરે છે, તેથી જેમ તે અંધપુરુષ ખાડા આદિના પરિહારપૂર્વક વિવક્ષિતકાળમાં પોતાના ઇષ્ટ નગરને પ્રાપ્ત કરે છે તેમ પ્રસ્તુત ચારિત્રી પણ માર્ગાનુસારી બુદ્ધિના કારણે શ્રુત ચક્ષુવિહીન હોય કે શ્રુત ચક્ષુવાળા હોય તેઓ અવશ્ય સ્વભૂમિકા અનુસાર ગુણસ્થાનકની વૃદ્ધિ કરીને વિવક્ષિતકાળમાં ઇષ્ટ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે.

અહીં કહ્યું કે ચારિત્રી શ્રુતચક્ષુ રહિત હોવા છતાં માર્ગાનુસારી બુદ્ધિને કારણે માષતુષાદિની જેમ ગુણવાનના અવલંબનથી પાપના કારણ અને પાપના ફલનો પરિત્યાગ કરે છે, તેથી એ પ્રાપ્ત થાય કે ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકમાં જવા માટે જે ઉચિત પ્રવૃત્તિ હોય તે પ્રવૃત્તિ દ્વારા અંતરંગ ગુણનિષ્પત્તિ થાય તે રીતે યત્ન કરવામાં આવે તો પાપના કારણનો પરિહાર થાય અર્થાત્ પાપબંધના કારણરૂપ પ્રમાદનો પરિહાર થાય. જે મહાત્માને શ્રુતનો સૂક્ષ્મ બોધ નથી તે સ્વયં ગુણસ્થાનકની વૃદ્ધિના કારણ એવા ઉચિત અનુષ્ઠાનમાં સ્ખલના કરાવે તેવા પાપને જોવા માટે સમર્થ નથી, તોપણ ગુણવાન્ ગુરુના વચનના બળથી તેનો નિર્ણય કરીને તે પ્રકારના પાપના કારણનો પરિહાર કરે છે, જેથી પોતાનું ઉચિત અનુષ્ઠાન ઉત્તરના ગુણસ્થાનકમાં જવાનું કારણ બને છે વળી, પાપનું ફળ ગુણસ્થાનકની વૃદ્ધિને બદલે ગુણસ્થાનકની હાનિ છે અને તે મહાત્મા ગુણવાન્ પુરુષના વચનના બળથી જેમ પાપના કારણનો પરિહાર કરે છે તેમ ગુણસ્થાનકની હાનિરૂપ પાપના ફલનો પરિહાર કરે છે, તેથી સતત ગુણવાન્ પુરુષના વચનને પોતાની માર્ગાનુસારી બુદ્ધિથી યથાર્થ જાણીને તે પ્રકારે અપ્રમાદથી યત્ન કરે છે, જેથી આપના ફલનો પણ પરિહાર થાય. જેમ માષતુષમુનિ ગુણવાન્ ગુરુના અવલંબનથી કેવળજ્ઞાનને પામ્યા તેમ આ ચારિત્રી પણ પાપના કારણ અને પાપના ફળના પરિત્યાગપૂર્વક ગુણસ્થાનકની વૃદ્ધિમાં સતત યત્ન કરીને ઇષ્ટ એવા મોક્ષનગર તરફ પ્રયાણ કરે છે.

વળી અહીં કહ્યું કે ભવઅટવીમાં પડેલા ચારિત્રી સત્સાતાના ઉદયથી સંયુક્ત છે, તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ માર્ગાનુસારી બુદ્ધિવાળા છે તેઓ ભગવાનના વચનના પરમાર્થને જાણનારા ગીતાર્થગુરુવિષયક અભ્રાંત હોય છે, તેથી સમ્યક્ શ્રુત જાણનારા ગુરુનું જ અવલંબન લે છે, જેથી વારંવાર યથાતથા પ્રવૃત્તિ કરીને ક્લેશને પ્રાપ્ત કરતા નથી, તેથી સાતાના ઉદયથી યુક્ત છે અને જેઓ આરાધક છે, કલ્યાણના અર્થી છે, છતાં તેવી સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રજ્ઞા નથી, તેથી સ્થૂલબુદ્ધિથી શાસ્ત્ર ભણેલાનું અવલંબન લઈને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે તેથી જે તે સ્થાનમાં સ્ખલના પામીને ગુણવૃદ્ધિનું કારણ ન બને તેવી આચરણા કરીને અસાતાના ક્લેશને પામે છે, જ્યારે પ્રસ્તુત ચારિત્રી તો સૂક્ષ્મ માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા છે, તેથી પોતાની પાસે શ્રુતચક્ષુ નથી, તોપણ શ્રુતચક્ષુવાળા પુરુષનો યથાર્થ નિર્ણય કરીને યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે, જેથી નિષ્ફળ પ્રવૃત્તિ કરવાના ક્લેશરૂપ અસાતાને પ્રાપ્ત કરતા નથી. **॥૩૫૪-૩૫૫॥**

**અવતરણિકા :-**

**अत्रैव व्यतिरेकमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=માર્ગાનુસારીમાં જ, વ્યતિરેકને કહે છે –**

**શ્લોક :-**

**अनीदृशस्य तु पुनश्चारित्रं शब्दमात्रकम् ।**
**ईदृशस्यापि वैकल्यं, विचित्रत्वेन कर्मणाम् ।।३५६।।**

**અન્વયાર્થ :-**

**पुनः=વળી, अनीदृशस्य तु=અનીદૃશ એવા જીવનું=માર્ગાનુસારિત્વાદિ ભાવોથી રહિત જીવનું, चारित्रं= ચારિત્ર, शब्दमात्रकं=શબ્દ માત્રરૂપ છે, इदृशस्यापि=આવા પ્રકારના જીવનું પણ=માર્ગાનુસારી જીવનું પણ, कर्मणाम् विचित्रत्वेन=કર્મોના વૈચિત્ર્યપણાને કારણે, वैकल्यं=વૈકલ્ય છે=ચારિત્રનું વિકલપણું છે. ।।૩૫૬।।**

**શ્લોકાર્થ :-**

**વળી અનીદૃશ એવા જીવનું ચારિત્ર શબ્દ માત્રરૂપ છે, આવા પ્રકારના જીવનું પણ કર્મોના વૈચિત્ર્યપણાને કારણે વૈકલ્ય છે. ।।૩૫૬।।**

**ટીકા :-**

**अनीदृशस्य तु पुनः=मार्गानुसारित्वादिलिङ्गविकलस्य पुनः, चारित्रं देशतः सर्वतो वा शब्दमात्रकं= शब्दरूपमेव न त्वर्थतोऽपि । ननु सम्यग्दृष्टेरविरतस्यापि मार्गानुसारित्वमस्ति कथं न चारित्रमित्या- शंक्याह – ईदृशस्यापि=मार्गानुसारिणोऽपि कस्यचित्, वैकल्यं चारित्रस्य कथमित्याह – विचित्रत्वेन निकाचितादिरूपतया कर्मणां चारित्रमोहादीनाम्, तथा चोक्तम् –**

'कम्माइ नूणं घणचिक्कणाइ, गरुयाइं वज्जसाराइं ।
नाणड्डयं पि पुरिसं, पंथाओ उप्पहं नेन्ति ।।' **।।३५६।।**

**ટીકાર્થ :-**

**अनीदृशस्य ..... नेन्ति' ।। વળી અનીદૃશનું=માર્ગાનુસારિત્વાદિ લિંગ વિકલ જીવનું, દેશથી અથવા સર્વથી ચારિત્ર શબ્દમાત્ર છે=શબ્દરૂપ જ છે, પરંતુ અર્થથી પણ નથી=ચારિત્રની બાહ્ય આચરણા હોવાથી શબ્દરૂપ ચારિત્ર છે મોહના ઉન્મૂલનને અનુકૂળ વિવેકયુક્ત પરિણતિ નહિ હોવાથી અર્થથી પણ ચારિત્ર નથી.**

**'ननु'થી શ્લોકના ઉત્તરાર્દ્ધનું ઉત્થાન કરે છે – અવિરત પણ સમ્યગ્દૃષ્ટિનું માર્ગાનુસારીપણું છે, કેમ ચારિત્ર નથી ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**આવા પ્રકારના પણ=માર્ગાનુસારી પણ કોઈક જીવને, ચારિત્રનું વૈકલ્ય છે, કેમ ચારિત્રનું વૈકલ્ય છે ? એથી કહે છે – ચારિત્રમોહાદિ કર્મોનું નિકાચિતાદિરૂપપણાથી વિચિત્રપણું હોવાને કારણે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને ચારિત્રનું વિકલપણું છે એમ અન્વય છે.**

**અને તે રીતે=માર્ગાનુસારી પ્રજ્ઞાવાળા સમ્યગ્દૃષ્ટિને નિકાચિતાદિ કર્મોને કારણે ચારિત્ર નથી એમ પૂર્વમાં કહ્યું તે રીતે, કહેવાયું છે –** ખરેખર ઘન ચીકણા ગુરુ વજસાર કર્મો જ્ઞાનાઢ્ય પણ પુરુષને પંથથી ઉત્પથમાં લઈ જાય છે. **।।૩૫૬।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫૩માં ચારિત્રીનાં લિંગ બતાવ્યાં, તેવા લિંગ વગરનો કોઈક જીવ ચારિત્ર ગ્રહણ કરે અને ચારિત્રાચારની આચરણા પણ સ્થૂલથી વિધિ અનુસાર કરે, તોપણ અંતરંગ રીતે માર્ગાનુસારી આદિ ભાવો વિદ્યમાન નહિ હોવાથી તેવા જીવોની ચારિત્રની ક્રિયાથી તેઓ ચારિત્રી છે એ પ્રકારનો શબ્દમાત્રથી વ્યવહાર થાય છે, અંતરંગ રીતે જિનવચનના પરમાર્થને જાણવા માટે માર્ગાનુસારી પ્રજ્ઞા નહિ હોવાથી સાતાના ઉદયવાળા અંધપુરુષની જેમ ગર્તાદિના પરિહારપૂર્વક માર્ગમાં જનારા ચારિત્રી હોય છે તેવા તેઓ નથી, આથી જ બાહ્ય રીતે ચારિત્રની ક્રિયા કરવા છતાં પોતાના બાહ્ય અનુષ્ઠાનમાં 'હું ચારિત્રી છું' તેવો ભ્રમ ધારણ કરે છે, પરંતુ ચારિત્રાચારની ક્રિયા દ્વારા ક્ષમાદિ ભાવોની વૃદ્ધિમાં અંતરંગ યત્ન કરતા નથી વળી, શ્રુત ચક્ષુવિહીન પુરુષ પણ જેમ શ્રુત ચક્ષુવાળા ગુણવાન્ ગુરુનો નિર્ણય કરીને તેમના વચનના બળથી પાપના કારણ અને પાપના ફળનો ત્યાગ કરનારા થઈને ચારિત્રી થાય છે તેમ અમાર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો ગુણવાન ગરુનો નિર્ણય કરવા માટે અને તેમના વચનનાં પરમાર્થને યથાર્થ જાણવા માટે યત્ન કરનારા નહીં હોવાથી ભાવ ચારિત્રી થતા નથી, પરંતુ પોતાની બાહ્ય આચરણામાં મિથ્યા અભિમાન ધારણ કરીને પોતે દેશથી કે સર્વથી ચારિત્રી છે તેમ માને છે. માટે ચારિત્રના અર્થી જીવે શ્લોક-૩૫૩માં બતાવેલાં લિંગોમાં યત્ન કરીને માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટ કરવી જોઈએ, જેથી ચારિત્રની આચરણા પણ પરમાર્થથી ચારિત્રનું કારણ બને.

પૂર્વમાં કહ્યું કે માર્ગાનુસારી આદિ ભાવવાળા જીવોમાં પરમાર્થથી ચારિત્ર હોય છે, ત્યાં શંકા થાય કે અવિરત સમ્યગ્દષ્ટિ જીવો પણ માર્ગાનુસારી બુદ્ધિવાળા છે; કેમ કે સંસારથી ભય પામેલા છે, તેથી નિપુણ પ્રજ્ઞાપૂર્વક સંસારના ઉચ્છેદનો ઉપાય વિચારનારા છે, છતાં તેઓમાં ચારિત્ર કેમ નથી ? તેથી કહે છે –

અવિરત સમ્યગ્દષ્ટિ જીવો મોક્ષના અત્યંત અર્થી છે, શક્તિના પ્રકર્ષથી મોક્ષના ઉપાયોને સેવવા તત્પર છે, તોપણ ચારિત્રમોહનીય કર્મ વિચિત્ર પ્રકારનું છે, તેથી તીવ્ર અવિરતિના ઉદયવાળા કેટલાક સમ્યગ્દષ્ટિ જીવોને નિકાચિત ચારિત્રમોહનીય કર્મનો ઉદય વર્તે છે, તો વળી કેટલાક અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને નિકાચિત ચારિત્રમોહનીય કર્મ ન હોય, તોપણ ઘણા ઉપદેશના દૃઢ અવલંબનથી નિવર્તન પામે તેવું બલવાન ચારિત્રમોહનીય કર્મનો ઉદય વર્તે છે. તેથી તેઓમાં ચારિત્રની વિકલતાની પ્રાપ્તિ થાય છે, ફક્ત અનિકાચિત કર્મવાળા અવિરત સમ્યગ્દષ્ટિ જીવોને જ્યાં સુધી વિશેષ પ્રકારની ઉપદેશ આદિની સામગ્રી ન મળે ત્યાં સુધી ઘન એવું ચારિત્રમોહનીય કર્મ હોવાને કારણે સ્વતઃ ચારિત્રમાં પ્રવૃત્તિ થતી નથી અને જેઓનાં તેવા પ્રકારનાં દૃઢ ચારિત્રમોહનીય કર્મ નથી તેઓ સ્વયં ઉત્સાહિત થઈને સ્વશક્તિ અનુસાર દેશવિરતિ કે સર્વવિરતિમાં સતત ઉદ્યમ કરીને ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકમાં જવા માટે યત્ન કરે છે. આથી જ બહુશ્રુત એવા સત્યકીવિદ્યાધર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોવા છતાં પણ ચારિત્રપથથી ઉત્પથમાં લઈ જનારાં ગાઢ કર્મોને કારણે અબ્રહ્મની અનુચિત પ્રવૃત્તિ કરનારા થયા. **॥૩૫૯॥**

**અવતરણિકા :-**

**अथ प्रकृतयोगसन्धानार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રકૃત એવા યોગના સન્ધાન માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧૮થી દૈવ અને પુરુષકારનું સ્વરૂપ બતાવવાનો પ્રારંભ કર્યો અને શ્લોક-૩૩૭માં કહ્યું કે ચરમાવર્તમાં પરમાર્થ દૃષ્ટિથી દૈવ પુરુષકાર દ્વારા પ્રાયઃ બાધ પામે છે અને ત્યારપછી કહ્યું કે પુરુષકાર દ્વારા ગ્રંથિભેદ પણ થાય છે અને ગ્રંથિભેદવાળા જીવો સત્ક્ષયોપશમવાળા હોવાને કારણે માર્ગાનુસારી બુદ્ધિવાળા થવાથી ચારિત્ર પ્રાપ્ત કરે છે, આ રીતે ચારિત્ર પ્રાપ્તિનો ઉપાય બતાવ્યા પછી શ્લોક-૩૧થી ૩૫ સુધીમાં જે યોગના ભેદોનું વર્ણન કરેલું તે પ્રકૃતયોગના પ્રતિસંધાન માટે કહે છે –

**શ્લોક :-**

**देशादिभेदतश्चित्रमिदं चोक्तं महात्मभिः ।**
**अत्र पूर्वोदितो योगोऽध्यात्मादिः सम्प्रवर्तते ।।३५७।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, महात्मभिः=મહાત્માઓ વડે, इदं=આ=માર્ગાનુસારી જીવને પ્રાપ્ત થતું ચારિત્ર, देशादिभेदतः= દેશાદિભેદથી, चित्रं उक्तं=ચિત્ર પ્રકારનું કહેવાયું છે, अत्र=આમાં=ચારિત્રની પ્રાપ્તિમાં, पूर्वोदितो अध्यात्मादिः योगः=પૂર્વમાં કહેવાયેલો અધ્યાત્માદિ યોગ, सम्प्रवर्तते=સંપ્રવર્તે છે=સ્વરૂપને પ્રાપ્ત કરે છે. ॥૩૫૭॥**

**શ્લોકાર્થ :-**

**વળી મહાત્માઓ વડે આ દેશાદિ ભેદથી ચિત્ર પ્રકારનું કહેવાયું છે, આમાં પૂર્વમાં કહેવાયેલો અધ્યાત્માદિ યોગ સંપ્રવર્તે છે. ॥૩૫૭॥**

**ટીકા :-**

**देशादिभेदतो=देशसर्वविशेषात्, चित्रं=नानारूपम्, इदं च=एतत्पुनः चारित्रम् उक्तं महात्मभिः= तीर्थकरगणधरादिभिः, ततः किमित्याह – अत्र चारित्रे सति जीवस्य पूर्वोदितः=ग्रन्थादिभागोक्तः, योगोऽध्यात्मादिः=अध्यात्मभावनाध्यानादिः, सम्प्रवर्तते=स्वरूपं लभत इति ।।३५७।।**

**ટીકાર્થ :-**

**देशादिभेदतो ..... लभत इति ।। દેશાદિના ભેદથી=દેશ અને સર્વના વિશેષથી, ચિત્ર=નાના સ્વરૂપવાળું, વળી આ=ચારિત્ર, મહાત્મા વડે=તીર્થંકર-ગણધરાદિ વડે કહેવાયું છે, તેનાથી શું ?=તે ચારિત્રની**

**પ્રાપ્તિથી શું પ્રાપ્ત થાય છે ? એથી કહે છે – જીવને આ ચારિત્ર પ્રાપ્ત થયે છતે પૂર્વમાં કહેવાયેલો=ગ્રંથના આદિ ભાગમાં કહેવાયેલો=ગ્રંથના શ્લોક-૩૧માં કહેવાયેલો, અધ્યાત્માદિ યોગ=અધ્યાત્મ-ભાવના-ધ્યાનાદિયોગ, સંપ્રવર્તે છે=સ્વરૂપને ધારણ કરે છે. ।।૩૫૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો ઉચિત પ્રવૃત્તિ કરીને ચારિત્ર પ્રાપ્ત કરે છે અને તે ચારિત્ર સ્થૂલથી દેશ અને સર્વના ભેદથી બે પ્રકારનું છે, સૂક્ષ્મથી દેશવિરતિના અનેક ભેદોવાળું છે અને સર્વવિરતિ ચારિત્ર સર્વ પાપના વિરામરૂપ હોવાથી એક રૂપ હોવા છતાં ક્ષયોપશમની તરતમતાથી અનેક ભેદવાળું છે એ પ્રકારે તીર્થંકરો અને ગણધરોએ કહ્યું છે અને આ ચારિત્ર જીવને પ્રાપ્ત થાય ત્યારે શ્લોક-૩૧માં કહેલ અધ્યાત્માદિ યોગ પ્રાપ્ત થાય છે તેના પૂર્વે અધ્યાત્માદિ યોગની પ્રાપ્તિ નથી, પરંતુ અધ્યાત્મ યોગની પૂર્વસેવા પ્રાપ્ત થાય છે, આથી જ ગ્રંથની આદિમાં કહેલ ચાર પ્રકારની પૂર્વસેવા અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને હોય છે અને દેશચારિત્રીથી અધ્યાત્માદિ યોગો પ્રવર્તે છે. **।।૩૫૭।।**

**અવતરણિકા :-**

**अमुमेव क्रमेण व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=શ્લોક-૩૧થી ૩૫માં કહેલ અધ્યાત્માદિ યોગોના ભેદોને જ, ક્રમથી કહે છે –**

**શ્લોક :-**

**औचित्याद् वृत्तयुक्तस्य, वचनात्तत्त्वचिन्तनम् ।**
**मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ।।३५८।।**

**અન્વયાર્થ :-**

**औचित्याद्=ઔચિત્યથી, वृत्तयुक्तस्य=વ્રતયુક્ત જીવને, अत्यन्तं=અત્યંત, मैत्र्यादिसारं वचनात्तत्त्वचिन्तनं=મૈત્ર્યાદિ સારવાળું વચનથી તત્ત્વનું ચિંતન, तद्विदः=તેના જાણનારાઓ=અધ્યાત્મના જાણનારાઓ, अध्यात्मं=અધ્યાત્મ, विदुः=કહે છે. ।।૩૫૮।।**

**શ્લોકાર્થ :-**

**ઔચિત્યથી વ્રતયુક્ત જીવને અત્યંત મૈત્ર્યાદિ સારવાળું વચનથી તત્ત્વચિંતન તેના જાણનારાઓ અધ્યાત્મ કહે છે. ।।૩૫૮।।**

**ટીકા :-**

**औचित्यादुचितप्रवृत्तिरूपात् वृत्तयुक्तस्य=अणुव्रतमहाव्रतसमन्वितस्य, वचनाज्जिनप्रणीतात् तत्त्वचिन्तनं**

जीवादिपदार्थसार्थपर्यालोचनम् मैत्र्यादिसारं=मैत्रीप्रमोदकरुणामाध्यस्थ्यप्रधानं सत्त्वादिषु विषयेषु, अत्यन्तं=अतीव, किमित्याह – अध्यात्मं=योगविशेषं, तद्विदः=अध्यात्मज्ञातारः, विदुः=जानते ।।३५८।।

**ટીકાર્થ :-**

**औचित्यादुचित ..... जानते ।। ઉચિત પ્રવૃત્તિરૂપ ઔચિત્યથી=વ્રત ગ્રહણ કરવા પૂર્વે વ્રતને અનુકૂળ સર્વ ઉચિત પ્રવૃત્તિરૂપ ઔચિત્યથી, વ્રતયુક્ત જીવને=અણુવ્રત-મહાવ્રત સમન્વિત જીવને, અત્યંત મૈત્ર્યાદિ સારવાળું=જીવ આદિ વિષયોમાં અત્યંત મૈત્રી-પ્રમોદ-કરુણા-માધ્યસ્થ્ય પ્રધાન છે જેમાં એવું, જિન પ્રણીત વચનથી જીવાદિ પદાર્થના સમુદાયના પર્યાલોચનરૂપ તત્ત્વચિંતન અધ્યાત્મ=યોગવિશેષ, તેના જાણનારા=અધ્યાત્મના જાણનારા, કહે છે. ।।૩૫૮।।**

**ભાવાર્થ :-**

પંચસૂત્રમાં બતાવ્યું તેમ દોષ પ્રતિઘાત-ગુણબીજાધાન સૂત્રથી આત્માને સંપન્ન કર્યા પછી સાધુધર્મ પરિભાવન સૂત્રમાં બતાવ્યું એ રીતે અણુવ્રત સ્વીકારેલાં હોય અને પંચસૂત્રના ત્રીજા સૂત્રમાં બતાવ્યું એ રીતે ઔચિત્યપૂર્વક સર્વવિરતિ વ્રત ગ્રહણ કરેલ હોય એવા જીવો ઔચિત્યથી દેશવિરતિ કે સર્વવિરતિ રૂપ મહાવ્રતથી સમન્વિત બને છે અને તેવા જીવો સર્વ જીવોમાં અત્યંત મૈત્રી ભાવનાથી આત્માને ભાવિત કરે, ગુણવાનમાં પ્રમોદભાવનાથી આત્માને ભાવિત કરે, દ્રવ્યથી દુઃખિત જીવોમાં દ્રવ્ય કરુણા થાય અને ભાવથી દુઃખિત પ્રત્યે ભાવથી કરુણા થાય, તે રીતે આત્માને અત્યંત ભાવિત કરે અને અયોગ્ય જીવો પ્રત્યે દ્વેષ ન થાય, પરંતુ માધ્યસ્થ્ય ભાવ થાય તે રીતે અત્યંત ભાવિત કરે, જેનાથી સર્વ જીવો પ્રત્યે ભૂમિકા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાની પરિણતિ પ્રગટ થાય તેવા જીવો ભગવાનના વચનથી તત્ત્વનું ચિંતન કરે અર્થાત્ સૂત્રો-અર્થો પરાવર્તન કરીને સૂત્રોના અર્થોથી આત્માને ભાવિત કરવાની ક્રિયા કરતા હોય તેને અધ્યાત્મના જાણનારાઓ અધ્યાત્મ કહે છે.

સંક્ષેપથી એ પ્રાપ્ત થાય કે દોષોથી વિમુખભાવ અને ગુણોને અભિમુખ ભાવ કરીને દેશવિરતિના વ્રતોની યથાર્થ મર્યાદાનું અને સમ્યક્ત્વના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન કરીને સમ્યક્ત્વપૂર્વક સ્વશક્તિ અનુસાર દેશવિરતિ સ્વીકારી હોય અને તેનું પાલન કરનાર શ્રાવક જ્યારે મૈત્રી આદિ ભાવોથી અત્યંત ભાવિત થઈને જિનવચનાનુસાર શાસ્ત્રીય પદાર્થોથી આત્માને ભાવિત કરે છે ત્યારે મોહના ઉન્મૂલનને અનુકૂળ જે અંતરંગ પ્રયત્ન ચાલી રહ્યો છે તે આત્મામાં સ્થિર થવાને અનુકૂળ યત્ન સ્વરૂપ છે, તેથી અધ્યાત્મ છે.

વળી કોઈ મહાત્મા પોતાની ભૂમિકા અનુસાર સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને સર્વવિરતિ સ્વીકારેલ હોય પાંચ ઇંદ્રિય અને મનના સંવરવાળા હોય અને ષટ્કાયના પાલનનો પરિણામ હોય મૈત્રી આદિ ભાવોથી ચિત્તને સંપન્ન કરેલું હોય અને પોતાની ભૂમિકા અનુસાર અપ્રમાદથી જિનવચનથી તત્ત્વનું ચિંતન કરતા હોય ત્યારે તે ચિંતવનના બળથી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિ કરીને આત્મભાવોમાં સ્થિર થવા યત્ન કરતા હોય તે અધ્યાત્મ છે. **।।૩૫૮।।**

**અવતરણિકા :-**

अथास्य फलमाह –

**અવતરણિકાર્થ :-**

હવે આના=તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મના, ફળને કહે છે –

**શ્લોક :-**

**अतः पापक्षयः सत्त्वं, शीलं ज्ञानं च शाश्वतम् ।**
**तथानुभवसंसिद्धममृतं ह्यद एव तु ।।३५९।।**

**અન્વયાર્થ :-**

अतः=આનાથી=અધ્યાત્મથી, पापक्षयः=પાપક્ષય, सत्त्वं=સત્ત્વ, शीलं=શીલ, च=અને, ज्ञानं=જ્ઞાન, शाश्वतं=અપ્રતિપાતી થાય છે, तथा=અને, तु=વળી, हि=સ્પષ્ટ, अनुभवसंसिद्धममृतं=અનુભવસિદ્ધ અમૃત, अदः एव=આ જ છે=અધ્યાત્મ જ છે. ।।૩૫૯।।

**શ્લોકાર્થ :-**

**આનાથી પાપક્ષય સત્ત્વશીલ અને જ્ઞાન અપ્રતિપાતી થાય છે અને વળી સ્પષ્ટ અનુભવસિદ્ધ અમૃત આ જ છે. ।।૩૫૯।।**

**ટીકા :-**

अतः=अध्यात्मात्, पापक्षयो=ज्ञानावरणादिक्लिष्टकर्मप्रलयः, सत्त्वं=वीर्योत्कर्षः, शीलं=चित्तसमाधिः, ज्ञानं च वस्त्ववबोधरूपम् शाश्वतम्=अप्रतिपाति, शुद्धरत्नतेजोवत्, तथेति वक्तव्यान्तरसमुच्चये, अनुभवसंसिद्धं=स्वसंवेदनप्रत्यक्षं, तद्वताम् अमृतं=पीयूषम्, हिः=स्फुटम्, अद एव तु=इदमेव=अध्यात्मं पुनः, अतिदारुणमोहविषविकारनिराकारकत्वादस्येति ।।३५९।।

**ટીકાર્થ :-**

अतः ..... निराकारकत्वादस्येति ।। આનાથી=અધ્યાત્મથી, પાપક્ષય=જ્ઞાનાવરણીયાદિ ક્લિષ્ટ કર્મનો નાશ થાય છે, સત્ત્વ=વીર્યનો ઉત્કર્ષ=યોગમાર્ગને અનુકૂળ યત્ન કરવાનું કારણ બને એવા વીર્યનો ઉત્કર્ષ થાય છે, શીલ=ચિત્તસમાધિરૂપ સ્વસ્થતા થાય છે, અને શાશ્વત=અપ્રતિપાતી, વસ્તુના અવબોધરૂપ જ્ઞાન શુદ્ધરત્નના તેજની જેમ થાય છે, 'तथा' શબ્દ વક્તવ્યાંતરના સમુચ્ચયમાં છે અને તે વક્તવ્યાંતર જ બતાવે છે – તદ્વાનોને=અધ્યાત્મવાળા જીવોને, અનુભવસંસિદ્ધ=સ્વસંવેદનપ્રત્યક્ષ, સ્પષ્ટ અમૃત=પીયૂષ, વળી આ જ=અધ્યાત્મ છે; કેમ કે આનું=અધ્યાત્મનું, અતિદારુણ એવા મોહરૂપ વિષના વિકારનું નિરાકારકપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૫૯।।

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫૮માં કહ્યું એ પ્રમાણે જે મહાત્મા વ્રતયુક્ત થઈને તત્ત્વચિંતન કરે છે તે રૂપ અધ્યાત્મથી જ્ઞાનાવરણીય આદિ ક્લિષ્ટ કર્મોનો નાશ થાય છે અર્થાત્ પૂર્વમાં જે જિનવચનાનુસાર તત્ત્વનો બોધ હતો, તે જ તત્ત્વનો બોધ સૂક્ષ્મ-સૂક્ષ્મતર તત્ત્વને જોનાર પ્રાપ્ત થાય છે, તેથી તે સૂક્ષ્મ તત્ત્વના બોધના પ્રતિબંધક જ્ઞાનાવરણાદિ ચાર ક્લિષ્ટ ઘાતિકર્મો ક્ષય થતા સ્વસંવેદનથી દેખાય છે.

વળી તે અધ્યાત્મને કારણે જ સંયમની ઉચિતક્રિયામાં ચિત્તના સ્થૈર્યરૂપ વીર્યનો ઉત્કર્ષ પ્રાપ્ત થાય છે, આથી જ ધર્મ-અનુષ્ઠાનો પૂર્વ પૂર્વ કરતાં અધિક સ્થિરભાવવાળાં થતાં સ્વસંવેદનથી દેખાય છે.

વળી જેમ જેમ તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મને મહાત્મા સેવે છે તેમ તેમ ચિત્તમાં મોહની આકુળતા અલ્પ-અલ્પતર થાય છે, તેથી ચિત્તની સમાધિ રૂપ શીલની વૃદ્ધિ પ્રત્યક્ષથી પ્રાપ્ત થતી દેખાય છે.

વળી જેમ કોઈ રત્ન મલિન હોય અને જેમ જેમ તેના ઉપરથી મલનો વિગમ થાય તેમ તેમ શુદ્ધ રત્નનું તેજ અપ્રતિપાતી પ્રગટ થતું દેખાય છે તેમ આત્માના પારમાર્થિક સ્વરૂપનો સૂક્ષ્મ બોધ અધ્યાત્મથી અપ્રતિપાતી થતો દેખાય છે.

વળી જિનવચનાનુસાર તત્ત્વના ચિંતન રૂપ અધ્યાત્મ મહાત્માને માટે સ્પષ્ટ સ્વસંવેદનપ્રત્યક્ષ અમૃત છે, જેમ કોઈના શરીરમાં વિષ વર્તતું હોય અને અમૃતપાનને કારણે દેહમાંથી વિષ નાશ થતું સ્પષ્ટ દેખાય છે તેમ આત્મામાં અતિદારુણ એવા મોહરૂપ વિષના વિકારો સંસારઅવસ્થામાં પ્રત્યક્ષથી દેખાય છે અને જેમ જેમ તત્ત્વચિંતનરૂપ અમૃતનું પાન મહાત્મા કરે છે તેમ તેમ મોહના વિષના વિકારો નાશ થતા સ્પષ્ટ દેખાય છે, તેથી સંસારી જીવો માટે અધ્યાત્મ અમૃત તુલ્ય છે, જેના ભાવનથી મોહનો નાશ થવાને કારણે અવશ્ય તે જીવ વીતરાગ સર્વજ્ઞ થશે અને અવશ્ય અમર અવસ્થાને પ્રાપ્ત કરશે. **॥૩૫૯॥**

**અવતરણિકા :-**

**अथ भावनां व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે ભાવનાને કહે છે –**

**શ્લોક :-**

**अभ्यासोऽस्यैव विज्ञेयः, प्रत्यहं वृद्धिसङ्गतः ।**
**मनःसमाधिसंयुक्तः, पौनःपुन्येन भावना ।।३६०।।**

**અન્વયાર્થ :-**

**अस्यैव=આનો જ=અધ્યાત્મનો જ, प्रत्यहं=પ્રતિદિવસ, वृद्धिसङ्गतः=વૃદ્ધિથી યુક્ત, मनःसमाधिसंयुक्तः=**

મનઃસમાધિથી સંયુક્ત એવો, पौनःपुन्येन=પુનઃપનઃપણાથી, अभ्यासः=અભ્યાસ, भावना=ભાવના, विज्ञेयः=જાણવી. અભ્યાસ ભાવના જાણવી, એ પ્રકારનો અન્વય હોવાથી ભાવના અનુસારે 'विज्ञेया' જોઈએ છતાં શ્લોકમાં અભ્યાસની પ્રધાનતા બતાવવા માટે विज्ञेयः પ્રયોગ કરેલો છે. ॥૩૬૦॥

**શ્લોકાર્થ :-**

**આનો જ પ્રતિદિવસ વૃદ્ધિથી યુક્ત મનઃસમાધિથી સંયુક્ત એવો પુનઃપુનઃપણાથી અભ્યાસ ભાવના જાણવી. ॥૩૬૦॥**

**ટીકા :-**

**अभ्यासः=अनुवर्तनम्, अस्यैव=अध्यात्मस्य, विज्ञेयः प्रत्यहं=प्रतिदिवसम्, वृद्धिसङ्गतः= समुत्कर्षमनुभवन्, मनःसमाधिसंयुक्तः=चित्तनिरोधयुक्तः, कथमित्याह पौनःपुन्येन भूयोभूय इत्यर्थः, भावना द्वितीयो योगभेद इति ।।३६०।।**

**ટીકાર્થ :-**

**अभ्यासो ..... योगभेद इति ।। આનો જ=અધ્યાત્મનો જ, પ્રતિદિવસ વૃદ્ધિસંગત=સમુત્કર્ષને અનુભવતો, મનઃસમાધિથી સંયુક્ત=ચિત્તનિરોધયુક્ત, ફરી ફરી અભ્યાસ=અનુવર્તન, ભાવના નામનો બીજો યોગભેદ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૬૦॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ શ્લોક-૩૫૮માં બતાવ્યું એ પ્રકારે તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ પ્રાપ્ત કરે છે તેઓ પ્રથમ ભૂમિકામાં તે અધ્યાત્મને જ અત્યંત સ્થિર કરવા પ્રયત્ન કરે છે, જેથી સ્વભૂમિકા અનુસાર દીર્ઘકાળ સુધી જિનવચનના અવલંબનથી તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મમાં રહી શકે, ત્યારપછી અધ્યાત્મ સ્થિર થવાને કારણે ભાવના નામના બીજા યોગભેદમાં યત્ન કરે છે તે વખતે તેઓનો અધ્યાત્મનો પરિણામ જ પ્રતિદિવસ વૃદ્ધિથી યુક્ત બને છે અર્થાત્ જિનવચનના સૂક્ષ્મ-સૂક્ષ્મતર ભાવો પ્રતિદિવસ વિશેષ-વિશેષરૂપે દેખાય છે તે પ્રકારે તેઓનો અધ્યાત્મનો અભ્યાસ વર્તે છે, જેના કારણે તેઓનું ચિત્ત પ્રતિદિન પૂર્વ પૂર્વ કરતાં અધિક નિરોધયુક્ત થાય છે, જેથી જગતના પદાર્થો સાથે સંગ કરવાની વૃત્તિ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને ચિત્ત આત્માના અસંગભાવમાં નિરુદ્ધ રહી શકે તેવી શક્તિનો સંચય થાય છે. આ પ્રકારે ફરી ફરી જે મહાત્મા અધ્યાત્મનો અભ્યાસ કરે છે તેઓને ભાવના નામનો બીજો યોગભેદ પ્રાપ્ત થાય છે અર્થાત્ વીતરાગના વચનથી તે રીતે આત્મા ભાવિત બને છે, જેથી ચિત્ત દીર્ઘકાળ સુધી વીતરાગભાવમાં નિરુદ્ધ રહી શકે તેવું બળ સંચય થાય છે. **॥૩૬૦॥**

**અવતરણિકા :-**

अथैतत्फलमाह –

**અવતરણિકાર્થ :-**

હવે આના ફ્લને=ભાવના રૂપ યોગભેદના ફ્લને, કહે છે –

**શ્લોક :-**

निवृत्तिरशुभाभ्यासाच्छुभाभ्यासानुकूलता ।
तथा सुचित्तवृद्धिश्च, भावनायाः फलं मतम् ।।३६१।।

**અન્વયાર્થ :-**

अशुभाभ्यासात्=અશુભ અભ્યાસથી=કામ-ક્રોધાદિ ભાવો રૂપ અશુભ અભ્યાસથી, निवृत्तिः=નિવૃત્તિ, शुभाभ्यासानुकूलता=શુભ અભ્યાસની અનુકૂળતા, च=અને, तथा=તે પ્રકારે, सुचित्तवृद्धिः=સુચિત્તની વૃદ્ધિ, भावनायाः फलं=ભાવનાનું ફ્લ, मतम्=મનાયું છે. ।।૩૬૧।।

**શ્લોકાર્થ :-**

**અશુભ અભ્યાસથી નિવૃત્તિ, શુભ અભ્યાસની અનુકૂળતા અને તે પ્રકારે સુચિત્તની વૃદ્ધિ ભાવનાનું ફળ મનાયું છે. ।।૩૬૧।।**

**ટીકા :-**

निवृत्तिः=उपरतिः, अशुभाभ्यासात् कामक्रोधादिगोचरात्, शुभाभ्यासानुकूलता=ज्ञानादिविषय-शुभाभ्यासानुकूलभावः, तथा सुचित्तवृद्धिश्च सत्प्रकारशुद्धचित्तसमुत्कर्षरूपा किमित्याह – भावनायाः फलं मतं इति ।।३६१।।

**ટીકાર્થ :-**

निवृत्तिरुपरतिः ..... मतं इति ।। કામક્રોધાદિ વિષયક અશુભ અભ્યાસથી નિવૃત્તિ=ઉપરતિ, શુભ અભ્યાસની અનુકૂળતા=જ્ઞાનાદિ વિષયક શુભ અભ્યાસને અનુકૂળ ભાવ=મોહના સ્પર્શ વગરના નિર્મળ કોટિના જ્ઞાનાદિ ભાવો ઉલ્લસિત થાય તેવા શુભ અભ્યાસને અનુકૂળ ચિત્તવૃત્તિનું નિર્માણ અને તે પ્રકારે સુચિત્તની વૃદ્ધિ=પરમ સ્થૈર્યને અનુકૂળ સત્પ્રકારવાળા શુદ્ધ ચિત્તના સમુત્કર્ષરૂપ સુચિત્તની વૃદ્ધિ, શું છે ? એથી કહે છે – ભાવનાનું ફ્લ મનાયું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૬૧।।

**ભાવાર્થ :-**

અધ્યાત્મના સેવનના બળથી જ્યારે ચિંતવન કરાતા પદાર્થોના ભાવોને સ્પર્શે એવું યોગીનું ચિત્ત થાય છે ત્યારે જેમ રાગી જીવને રાગી પાત્રનું દર્શન ચિત્તને સ્પર્શે છે તેમ ભાવનાકાળમાં ચિંતવન કરાતા પદાર્થો તે રીતે ચિત્તને સ્પર્શે છે જેથી કામક્રોધાદિ વિષયક અશુભ અભ્યાસ જે પૂર્વમાં હતો તેનો નિરોધ કરવા માટે પ્રયત્ન કરવા છતાં નિમિત્તને પામીને નિરોધ થતો ન હતો તેવા અશુભ અભ્યાસથી ચિત્ત નિવૃત્તિ પામે છે જેથી તે પ્રકારના વિકલ્પો સહજ ઉલ્લસિત થતા નથી.

વળી ભાવનાના બળથી શુભ અભ્યાસની અનુકૂળતા પ્રાપ્ત થાય છે. આશય એ છે કે આત્માનો સિદ્ધ સદૃશ અસંગભાવ છે અને તે અસંગભાવને સ્થિર કરવા માટેનો અભ્યાસ યોગીઓ કરે છે, છતાં તે શુભ અભ્યાસ માટે કરાતા યત્નને નિષ્ફળ કરે તેવો સૂક્ષ્મ પણ ચાંચલ્યભાવ ચિત્તમાં વર્તે છે, જેથી શુભ અભ્યાસ કરવાને અનુકૂળ એકાગ્રતારૂપ ધ્યાનની પ્રાપ્તિ યોગી કરી શકતા નથી, પરંતુ ભાવનાથી ભાવિત થયેલું ચિત્ત તેવા શુભ અભ્યાસને અનુકૂળ બને છે, જેથી ધ્યાનમાં જવાને અનુકૂળ કંઈક સ્થૈર્યભાવ આવે છે, જેનાથી નિર્મળ કોટીના સૂક્ષ્મ-સૂક્ષ્મતર તત્ત્વને સ્પર્શનારા જ્ઞાનમાં ઉપયોગ સહજ પ્રવર્તાવી શકાય તેવી સ્થિરતા આવે છે, જે ભાવનાનું ફળ છે.

વળી તે પ્રકારના સુચિત્તની વૃદ્ધિ ભાવનાનું ફળ છે, જેમ કોઈ યોગી ભાવનાથી ચિત્તને ભાવિત કરતા હોય તેના બળથી તેઓનું સુંદર ચિત્ત બાહ્ય પદાર્થોના સંગથી નિવૃત્ત થઈને આત્માના નિરાકુળ ભાવમાં સ્થિર-સ્થિરતર દશાને પામે તેવું નિર્માણ થાય છે, આથી જ જંગલમાંથી જનારા કોઈક મહાત્માને પગમાં કાંટો વાગ્યો ત્યારે ચાલવા માટે અસમર્થ થવાથી અન્ય મહાત્માઓને કહે છે કે તમે વિહાર કરો, હું અહીં જ સ્વસ્થતાપૂર્વક આત્માને ભગવાનના વચનથી વાસિત કરીને રહીશ. કોઈક રીતે પગ સારો થશે તો આવીશ, નહિતર કોઈ ચિંતા કરશો નહિ. આ પ્રકારના નિરારંભ જીવનને અનુકૂળ સુચિત્તની વૃદ્ધિ જેઓને થાય છે તેઓને કોઈ આરંભથી પોતાના રક્ષણનો પરિણામ થતો નથી, તેવી નિરારંભપૂર્વક ચિત્તની સ્વસ્થતા રાખી શકે તેવા સુંદર ચિત્તની વૃદ્ધિ ભાવનાનું ફળ છે. **II૩૬૧II**

**અવતરણિકા :-**

**ક્રમપ્રાપ્ત ધ્યાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**शुभैकालम्बनं चित्तं, ध्यानमाहुर्मनीषिणः ।**
**स्थिरप्रदीपसदृशं, सूक्ष्माभोगसमन्वितम् ।।३६२।।**

**અન્વયાર્થ :-**

**शुभैकालम्बनं=શુભ એક આલંબનવાળા, स्थिरप्रदीपसदृशं=સ્થિર પ્રદીપસદૃશ, सूक्ष्माभोगसमन्वितं चित्तं= સૂક્ષ્મ ઉપયોગથી સમન્વિત એવા ચિત્તને, मनीषिणः=મનીષીઓ, ध्यानं=ધ્યાન, आहुः=કહે છે. ।।૩૬૨।।**

**શ્લોકાર્થ :-**

**શુભ એક આલંબનવાળા સ્થિર પ્રદીપસદૃશ સૂક્ષ્મ ઉપયોગથી સમન્વિત એવા ચિત્તને મનીષીઓ ધ્યાન કહે છે. ॥૩૬૨॥**

**ટીકા :-**

**शुभैकालम्बनं=प्रशस्तैकार्थविषयं, चित्तम् ध्यानं धर्मध्यानादि आहुर्मनीषिणः, स्थिरप्रदीपसदृशं= निर्वातगृहोदरज्वलत्प्रदीपप्रतिमम्, सूक्ष्माभोगसमन्वितम्=उत्पादादिविषयसूक्ष्मोपयोगयुतम् ।।३६२।।**

**ટીકાર્થ :-**

**शुभैकालम्बनं ..... सूक्ष्मोपयोगयुतम् ।। શુભ એક આલંબનવાળા=પ્રશસ્ત એકાર્થ વિષયવાળા ચિત્તને ધર્મધ્યાનાદિ રૂપ ધ્યાન મનીષીઓ કહે છે,**

તેવું ચિત્ત કેવું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

**સ્થિર પ્રદીપસદૃશ=વાયુ વગરના ઘરમાં બળતા દીવા સદૃશ, સૂક્ષ્મ ઉપયોગથી સમન્વિત=ઉત્પાદાદિ વિષયવાળા સૂક્ષ્મ ઉપયોગથી યુક્ત, ચિત્તને ધ્યાન કહે છે, એમ અન્વય છે. ॥૩૬૨॥**

**ભાવાર્થ :-**

દેશવિરતિધર શ્રાવકો કે સર્વવિરતિધર મુનિઓ તત્ત્વચિંતન કરીને અધ્યાત્મરૂપ યોગમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે યોગનિરોધ જેવા પરમસ્થૈર્યને લક્ષ્ય કરીને આત્માને નિષ્પન્ન કરવા યત્ન કરે છે અને તેવા યોગીઓ જ્યારે કંઈક સમર્થ બને છે ત્યારે તે તત્ત્વચિંતન હૈયાને સ્પર્શી જાય તેવા ભાવના જ્ઞાનને પ્રાપ્ત કરે છે અને ભાવના જ્ઞાનના અભ્યાસના બળથી ચિત્ત અત્યંત સ્થિર થાય ત્યાર પછી યોગીનું ચિત્ત જિનપ્રતિમા આદિ કોઈક એક વસ્તુના આલંબનમાં સ્થિર બને છે તે વખતે ચક્ષુરિન્દ્રિય-શ્રોત્રેન્દ્રિય આદિ સર્વ ઇન્દ્રિયના વ્યાપારનો રોધ હોય છે અને ચિત્ત જિનપ્રતિમાદિ શુભ આલંબન લઈને વીતરાગતાના સૂક્ષ્મ ભાવોને સ્પર્શે તેવા ઉપયોગવાળું હોય છે, જેમ ગમનશીલ પવન વગરના ઘરમાં બળતો પ્રદીપ સ્થિર જ્યોતની શિખાવાળો હોય છે તેમ યોગીનું ચિત્ત પરમાત્માના પારમાર્થિક સ્વરૂપનું પ્રકાશન કરવા માટે શ્રુતના ઉપયોગથી સ્થિર પ્રવૃત્ત હોય છે, તેથી ઉત્પાદાદિ વિષયક સૂક્ષ્મ ઉપયોગથી યુક્ત વર્તે છે અર્થાત્ પોતાનો આત્મા પ્રતિક્ષણ અવીતરાગભાવના ત્યાગપૂર્વક વીતરાગભાવને અનુકૂળ કોઈક ભાવરૂપે ઉત્પન્ન થઈ રહ્યો છે અને પૂર્વના મોહના ભાવોથી નાશ પામી રહ્યો છે અને તે ઉત્પાદ-વ્યયભાવોના આધારરૂપ અંતરંગ ધ્રુવ એવી ચેતના વર્તે છે તે પ્રકારના બોધને સ્પર્શનારો યોગીનો ધ્યાનનો ઉપયોગ વર્તે છે, જે ધ્યાનના બળથી આત્મામાં નિર્લેપતાની પરિણતિરૂપ સંયમના કંડકો સતત પ્રવર્ધમાનરૂપે યોગીને સ્વસંવેદિત થાય તેવું એક આલંબનવાળું ચિત્ત છે તે ધ્યાન છે, એ પ્રકારે મનીષીઓ કહે છે.

વળી ક્વચિદ્ જિનપ્રતિમાને અવલંબીને યોગીઓ ધ્યાન કરે છે તો ક્વચિદ્ અન્ય કોઈ બાહ્ય પદાર્થ ઉપર ચિત્તને સ્થાપન કરીને સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવ પ્રત્યે અપ્રતિબદ્ધ થાય તે રીતે પરમ

ઉપેક્ષામાં જવા માટે યોગીઓ યત્ન કરે છે, જેમ છદ્મસ્થ અવસ્થામાં વીર ભગવાને રૂક્ષ પુદ્ગલ ઉપર ચિત્તને સ્થાપન કરીને સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવો પ્રત્યે અપ્રતિબદ્ધ થાય તે પ્રકારે ચિત્તને સ્થિર કરીને ધ્યાનમાં ઉદ્યમ કર્યો હતો. **॥૩૬૨॥**

**અવતરણિકા :-**

**अथैतत्फलम् –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના ફળને=ધ્યાનના ફલને, કહે છે –**

**શ્લોક :-**

**वशिता चैव सर्वत्र, भावस्तैमित्यमेव च ।**
**अनुबन्धव्यवच्छेद उदर्कोऽस्येति तद्विदः ।।३६३।।**

**અન્વયાર્થ :-**

**वशिता चैव=વશિતા જ=આત્મા ઉપર પોતાનું પ્રભુત્વ જ, सर्वत्र=સર્વ કાર્યોમાં, भावस्तैमित्यमेव=ભાવ સ્તૈમિત્ય જ=બાહ્ય પદાર્થોના ભાવોને ન સ્પર્શે તેવો આત્માનો સ્થિરભાવ જ, च=અને, अनुबन्धव्यवच्छेदः= અનુબંધનો વ્યવચ્છેદ, अस्य=આનું=ધ્યાનનું, उदर्कः=ફલ છે, इति=એ પ્રમાણે, तद्विदः=તેના જાણનારાઓ કહે છે=ધ્યાનના જાણનારાઓ કહે છે. ॥૩૬૩॥**

**શ્લોકાર્થ :-**

**વશિતા જ, સર્વ કાર્યોમાં ભાવસ્તૈમિત્ય જ અને અનુબંધનો વ્યવચ્છેદ આનું ફલ છે એ પ્રમાણે ધ્યાનના જાણનારાઓ કહે છે. ॥૩૬૩॥**

**ટીકા :-**

**वशिता चैव=आत्मायत्तमेव, सर्वत्र कार्ये भावस्तैमित्यमेव च=स्तिमितभावतैव, अनुबन्धव्यवच्छेदो भवान्तराम्भकाणामितरेषां च कर्मणां वन्ध्यकरणमित्यर्थः, उदर्कः=फलम्, अस्य=ध्यानस्य, इति=एतद्, आहुः तद्विदो=ध्यानफलविदः ।।३६३।।**

**ટીકાર્થ :-**

**वशिता ..... ध्यानफलविदः ।। વશિતા જ=આત્માનું આયત્ત જ=આત્માની સ્વાધીનતા જ, સર્વ કાર્યોમાં ભાવસ્તૈમિત્ય જ=સ્તિમિતભાવતા જ, અનુબંધનો વ્યવચ્છેદ=ભવાંતર આરંભક કર્મોના ફલનો વ્યવચ્છેદ, અને ઇતર કર્મોનું વંધ્યકરણ આનું=ધ્યાનનું, ઉદર્ક=ફલ છે, 'इति'=एतद्=એને, તેના જાણનારાઓ=ધ્યાનના ફલના જાણનારાઓ, કહે છે. ॥૩૬૩॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓ ભાવનાયોગથી સંપન્ન થયા પછી શુભ એક આલંબનવાળા ચિત્તરૂપ ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે તેમનું ચિત્ત પોતાના આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને સૂક્ષ્મ ઉપયોગપૂર્વક જોનારું છે, તેથી પાંચે ઇન્દ્રિયોને સંવૃત્ત કરીને, પૂર્વપૂર્વના સંશ્લેષનો ત્યાગ કરીને ચિત્ત ઉત્તર-ઉત્તરની અસંશ્લેષવાળી અવસ્થાને પ્રાપ્ત કરતું વર્તે છે, અને તે ચિત્તના આધારભૂત એવો ધ્રુવ પોતાનો આત્મા છે, તે પ્રકારે સૂક્ષ્મ ઉપયોગથી શ્રુતજ્ઞાનને અનુસારનારુ યોગીઓનું ચિત્ત શ્રુતાનુસારી પ્રવર્તે છે, તેથી નિર્લેપદશા સ્થિર-સ્થિરતર થાય છે તેના કારણે તે યોગીના આત્મામાં વશિતા રૂપ ફળની પ્રાપ્તિ થાય છે અર્થાત્ પોતાનો આત્મા પોતાને વશ છે, તેથી નિમિત્તને પામીને કર્મના ઉદયને અનુસાર જે ભાવો પૂર્વમાં થતા હતા તે ભાવોને પરવશ હવે યોગીનું ચિત્ત પ્રવર્તતું નથી, પરંતુ સ્વ-ઇચ્છા અનુસાર ઉત્તર-ઉત્તરના યોગમાર્ગમાં પ્રવર્તવા સમર્થ બને છે, જે આત્માનું આયત્તપણું છે=સ્વાધીનપણું છે, અને આ પ્રકારનું સ્વાધીનપણું ધ્યાનનું ફળ છે.

વળી યોગીઓ જે કોઈ કૃત્યો કરે છે તેમાં સ્તિમિતભાવતા ધ્યાનનું ફળ છે, જેમ સમુદ્ર સ્તિમિત હોય તો પાણીના કલ્લોલો દેખાતા નથી, પરંતુ જલ સ્થિર અવસ્થાવાળું દેખાય છે તેમ પોતાના સંયોગ અનુસાર યોગી જે કંઈ કૃત્યો કરે છે તે કૃત્યો અનુસારે ચિત્તમાં કોઈ કલ્લોલ થતા નથી, પરંતુ મોહની અનાકુળતા રૂપ સ્થિરભાવ સર્વ કૃત્યોમાં વર્તે છે જે ધ્યાનનું ફળ છે.

વળી અનુબંધનો વિચ્છેદ થાય છે અને તે અનુબંધને કરાવનારાં કર્મો બે પ્રકારનાં છે – એક ભવાંતર આરંભક અને બીજાં ઇતર કર્મો. તેમાંથી ભવાંતર આરંભક કર્મોનો ઉત્તર-ઉત્તર પ્રવાહ ચાલે તેવા અનુબંધનો વિચ્છેદ થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે મોહના ઉદયથી જીવ નવા નવા ભવની પ્રાપ્તિના કારણીભૂત કર્મો બાંધે છે અને ધ્યાનના ફળથી યોગીનું ચિત્ત ઓસરતા નદીના પ્રવાહની જેમ અસંશ્લેષ અવસ્થા તરફ જઈ રહ્યું છે, તેથી આ ભવમાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ ન થાય, તોપણ ભવની પરંપરા ચલાવે તેવો સંશ્લેષનો પરિણામ ક્ષીણ-ક્ષીણતર થયેલો હોવાથી નવા નવા ભવોની પ્રાપ્તિનો પ્રવાહ યોગી માટે નષ્ટપ્રાયઃ થાય છે.

વળી ભવાંતર આરંભક કર્મો સિવાય જે ઇતર કર્મો છે તે જીવને દરેક ભવમાં કદર્થના કરાવે તેવા પૂર્વમાં બંધાયેલાં છે તેવાં કર્મોને યોગી ધ્યાનના બળથી વંધ્ય ભાવવાળાં કરે છે અર્થાત્ ફળ આપવા માટે અસમર્થ થાય તેવાં કરે છે, તેથી જો નિકાચિત ન થયેલાં હોય તો તેવાં અશુભ કર્મો ઉત્તરના ભવમાં ફળ આપવા માટે અસમર્થ બને તેવાં થાય છે, જે અનુબંધનો વ્યવચ્છેદ છે, આ રીતે ધ્યાનના ત્રણ ફળની પ્રાપ્તિ છે – આત્માની આધીનતા, સર્વત્ર ભાવનું સ્તૈમિત્ય અને અનુબંધનો વિચ્છેદ; આ પ્રકારે ધ્યાનના ફળને જાણનારા કહે છે.

અહીં વિશેષ એ છે કે ધ્યાનના બળથી ઓસરતા નદીના પ્રવાહની જેમ સંશ્લેષનો ભાવ અલ્પ-અલ્પતર થાય છે, તેથી જન્માંતરની પ્રાપ્તિની શક્તિ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને જે ક્લિષ્ટ ભાવોથી અનર્થ આપાદક ઇતર કર્મો બંધાયા છે તે ધ્યાનના કારણે થયેલા શુભભાવથી વંધ્ય બને છે અર્થાત્ ફળ આપવા

અસમર્થ બને છે; કેમ કે જે ભાવોથી જે કર્મો બંધાય છે તેનાથી વિરુદ્ધ ભાવ દ્વારા તે કર્મોમાં ફળ આપાદન શક્તિ નાશ પામે છે, તેથી તે મહાત્માને ઉત્તરના ભવોમાં અનિષ્ટ આપાદક કર્મોની શક્તિ નષ્ટ-નષ્ટતર થતી જાય છે. **II૩૬૩II**

**અવતરણિકા :-**

**અધ્યાત્માદિ પાંચ યોગોમાંથી અધ્યાત્મ, ભાવના અને ધ્યાન યોગનું અને તેના ફલનું વર્ણન અત્યાર સુધી કર્યું. હવે સમતા યોગનું વર્ણન કરે છે –**

**શ્લોક :-**

**अविद्याकल्पितेषूच्चैरिष्टानिष्टेषु वस्तुषु ।**
**संज्ञानात् तद्व्युदासेन, समता समतोच्यते ।।३६४।।**

**અન્વયાર્થ :-**

अविद्याकल्पितेषु इष्टानिष्टेषु वस्तुषु=**અવિધાથી કલ્પિત ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓમાં,** संज्ञानात्=**સંજ્ઞાનને કારણે=સૂક્ષ્મ તત્ત્વને સ્પર્શે એવા સમ્યગ્જ્ઞાનને કારણે,** उच्चैः तद्व्युदासेन=**અત્યંત તેના વ્યુદાસથી=આ ઈષ્ટ છે આ અનિષ્ટ છે એ પ્રકારના સૂક્ષ્મ પણ વિકલ્પના અત્યંત અભાવથી,** समता=**સર્વ પદાર્થોમાં સમાનતા,** समता=**સમતા નામનો યોગ,** उच्यते=**કહેવાય છે. ।।૩૬૪।।**

**શ્લોકાર્થ :-**

**અવિધાથી કલ્પિત ઈષ્ટ-અનિષ્ટ વસ્તુઓમાં સંજ્ઞાનને કારણે અત્યંત તેના વ્યુદાસથી સર્વ પદાર્થોમાં સમાનતા સમતા નામનો યોગ કહેવાય છે. ।।૩૬૪।।**

**ટીકા :-**

**अविद्याकल्पितेषु=अनादिवितथवासनावशोत्पन्नविकल्पकल्पितशरीरेषु उच्चैः=अतीव, इष्टानिष्टेष्विन्द्रियमनःप्रमोदप्रदायिषु तदितरेषु च वस्तुषु शब्दादिषु संज्ञानात्='तानेवार्थान् द्विषतस्तानेवार्थान् प्रलीयमानस्य । निश्चयतोऽनिष्टं वा, न विद्यते किञ्चिदिष्टं वा ।' [प्रशमरति-५२] इत्यादिभावनारूपाद्विवेकात् तद्व्युदासेन=इष्टानिष्टवस्तुपरिहारेण या समता, तुल्यरूपता मनसः, सा समता प्रागुपन्यस्तोच्यते ।।३६४।।**

**ટીકાર્થ :-**

अविद्याकल्पितेषु ..... प्रागुपन्यस्तोच्यते ।। **અવિધાકલ્પિતમાં=અનાદિ વિપરીત વાસનાના વશથી ઉત્પન્ન થયેલા વિકલ્પોથી કલ્પિત શરીરવાળા ઈષ્ટ-અનિષ્ટ વિષયોમાં=ઈન્દ્રિય અને મનને પ્રમોદ દેનારા અને તેનાથી ઈતર એવા વસ્તુ રૂપ શબ્દાદિમાં, સંજ્ઞાન થવાને કારણે=તે અર્થોને દ્વેષ કરતા**

**અને તે જ અર્થોને સંશ્લેષ કરતા જીવને નિશ્ચયથી અનિષ્ટ કંઈ વિદ્યમાન નથી કે ઈષ્ટ કંઈ વિદ્યમાન નથી ઈત્યાદિ ભાવના રૂપ વિવેકને કારણે, અત્યંત તેના વ્યુદાસથી=ઈષ્ટ-અનિષ્ટ વસ્તુના પરિહારથી=આ મને ઈષ્ટ છે આ મને અનિષ્ટ છે એ પ્રકારના વસ્તુ વિષયક વિકલ્પના પરિહારથી, જે સમતા=મનની તુલ્યરૂપતા, તે પૂર્વમાં ઉપન્યસ્ત એવી સમતા=શ્લોક-૩૧માં બતાવેલ અધ્યાત્માદિ પાંચ યોગોમાંથી સમતા રૂપ યોગ, કહેવાય છે. ॥૩૬૪॥**

**ભાવાર્થ :-**

આત્માનો જ્ઞાન સ્વભાવ છે અને જ્ઞાન સ્વભાવવાળો આત્મા અનાદિકાળથી કર્મોને બાંધીને તે તે દેહ સાથે સંબંધવાળો થાય છે અને જે જે ભવમાં જે જે દેહ સાથે સંબંધ હોય તે દેહની સાથે એકત્વ બુદ્ધિ કરીને "પોતાના દેહને અને ઇન્દ્રિયને જે અનુકૂળ જણાય તે મને અનુકૂળ છે દેહને અને ઇન્દ્રિયોને જે પ્રતિકૂળ જણાય તે મને પ્રતિકૂળ છે" એ પ્રકારની અવિદ્યા=એ પ્રકારનું અજ્ઞાન=દેહ સાથે પોતાનો ભેદ હોવા છતાં પોતાના દેહ સાથેના ભેદનું અજ્ઞાન, જીવને વર્તે છે અને તે અવિદ્યાથી બાહ્ય પદાર્થોમાં જીવને ઇષ્ટ-અનિષ્ટની કલ્પના પ્રવર્તે છે અને જ્યારે અધ્યાત્મ આદિના ક્રમથી ધ્યાનમાં યોગી યત્ન કરે છે અને તે ધ્યાનના બળથી દેહ આદિથી ભિન્ન એવા પોતાના આત્માના પારમાર્થિક સ્વરૂપ રૂપ નિર્લેપ પરિણતિનું વેદન યોગીને થાય છે ત્યારે તે મહાત્માને સ્પષ્ટ બોધ થાય છે કે ઇન્દ્રિયોના વિષયો પરમાર્થથી પોતાને કોઈ ઇષ્ટ પણ નથી, અનિષ્ટ પણ નથી; કેમ કે જે અર્થોને પૂર્વે પોતે દ્વેષ કરતો હતો તે જ અર્થોને પાછળથી ઇષ્ટ રૂપે માને છે, માટે પદાર્થમાં ઇષ્ટતા-અનિષ્ટતા નથી, પરંતુ સ્વકલ્પનાથી ઇષ્ટ-અનિષ્ટતાની બુદ્ધિ થાય છે, આ પ્રકારની ભાવનાના બળથી યોગીને દેહ આદિથી ભિન્ન એવા આત્માની સ્વસ્થતાની પરિણતિનું વેદન થાય છે, તેથી ઉત્પન્ન થયેલા સમ્યગ્જ્ઞાનને કારણે બાહ્ય પદાર્થોમાંથી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો અત્યંત પરિહાર થાય છે, તેથી જેમ સિદ્ધના આત્માઓ માટે જગત્‌વર્તી સુંદર-અસુંદર ભાવો પક્ષપાતનું કારણ બનતા નથી તેમ યોગીના ચિત્તમાં પણ બાહ્ય પદાર્થો પક્ષપાતનું કારણ નહિ થવાથી સર્વ ભાવો પ્રત્યે મનની પરિણતિ સમાન વર્તે છે તે સમતા નામનો યોગ છે. આ સમતા ઉત્તરના ધ્યાનનું પ્રબળ કારણ છે, આથી જ પૂર્વના ધ્યાનથી સમતા આવે છે અને સમતાના બળથી ઉત્તરનું ધ્યાન અતિશયવાળું બને છે, તેથી જેઓ માત્ર વિચાર કરે છે કે જગત્‌વર્તી સર્વ ભાવો મારા માટે સમાન છે તેઓને પ્રસ્તુત સમતા યોગની પ્રાપ્તિ નથી, પરંતુ આદ્ય ભૂમિકામાં સર્વ ભાવો મારા માટે સમાન છે એ પ્રકારના સમભાવમાં રાગપૂર્વક યત્ન કરીને આત્માને ભાવિત કરવામાં આવે તો અધ્યાત્મકાલીન મુનિભાવની સમતા પ્રગટે છે. આથી જ સમતા યોગને નહિ પામેલા એવા મુનિ પણ સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ બધાં મારા માટે સમાન છે એ પ્રકારે ભાવન કરીને તે ભાવની વૃદ્ધિ અર્થે સ્વાધ્યાય આદિ ઉચિત કૃત્યોમાં યત્ન કરે છે તેઓમાં સર્વવિરતિ ચારિત્રરૂપ શમભાવનો પરિણામ સંભવી શકે, પરંતુ ધ્યાનના ઉત્તરભાવી સમતાયોગ વિશિષ્ટ ભૂમિકાસંપન્ન મહાત્માઓને જ પ્રાપ્ત થાય છે. **॥૩૬૪॥**

**અવતરણિકા :-**

अथैतत्फलम् –

**અવતરણિકાર્થ :-**

હવે આના ફલને=સમતાયોગના ફલને, કહે છે –

**શ્લોક :-**

**ऋद्ध्यप्रवर्तनं चैव, सूक्ष्मकर्मक्षयस्तथा ।**
**अपेक्षातन्तुविच्छेदः, फलमस्याः प्रचक्षते ।।३६५।।**

**અન્વયાર્થ :-**

ऋद्ध्यप्रवर्तनं=ઋદ્ધિનું અપ્રવર્તન, चैव=અને, सूक्ष्मकर्मक्षयः=સૂક્ષ્મ કર્મનો ક્ષય, तथा=અને, अपेक्षातन्तुविच्छेदः=અપેક્ષાતંતુનો વિચ્છેદ, अस्याः=આનું=સમતાનું, फलं=ફલ, प्रचक्षते=કહે છે. ।।૩૬૫।।

**શ્લોકાર્થ :-**

**ઋદ્ધિનું અપ્રવર્તન અને સૂક્ષ્મ કર્મનો ક્ષય અને અપેક્ષાતંતુનો વિચ્છેદ આનું ફલ કહે છે. ।।૩૬૫।।**

**ટીકા :-**

ऋद्धीनां=आमर्षौषध्यादीनाम्, अनुपजीवनेनाऽप्रवर्तनम्=अव्यापारणम्, सूक्ष्मकर्मक्षयः=सूक्ष्माणां केवलज्ञानदर्शनयथाख्यातचारित्राद्यावारकाणां कर्मणां क्षयः, चैवेति तथेतिशब्दानुक्तसमुच्चये, तथा, अपेक्षातन्तुविच्छेदः=अपेक्षैव बन्धहेतुत्वात्तन्तुरपेक्षातन्तुस्तद्व्यवच्छेदः, फलमस्याः=समतायाः, प्रचक्षते विचक्षणा इति ।।३६५।।

**ટીકાર્થ :-**

ऋद्धीनां ..... विचक्षणा इति ।। ઋદ્ધિઓનું=આમર્ષૌષધિ આદિનું, અનુપજીવનથી=અનુપયોગથી, અપ્રવર્તન=અવ્યાપારણ, સૂક્ષ્મ કર્મનો ક્ષય=સૂક્ષ્મ એવા કેવલજ્ઞાન-કેવલદર્શન-યથાખ્યાત ચારિત્રાદિના આવરક કર્મોનો ક્ષય, 'चैव' અને 'तथा' એ શબ્દો અનુક્તના સમુચ્ચયમાં છે=પ્રસ્તુત શ્લોકમાં બતાવેલાં ફળો કરતાં અન્ય ફળોના સમુચ્ચયમાં છે, અને અપેક્ષાતંતુનો વિચ્છેદ=બંધનું હેતુપણું હોવાથી અપેક્ષા જ તંતુ છે એ રૂપ અપેક્ષાતંતુ તેનો વ્યવચ્છેદ, આનું=સમતાનું, ફળ વિચક્ષણો કહે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૬૫।।

**ભાવાર્થ :-**

સમતાની પરિણતિવાળા મહાત્માઓને અનેક જાતની ક્ષયોપશમભાવની લબ્ધિઓ થાય છે, જે આમર્ષૌષધિ

આદિ રૂપે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે અને સમતાની પરિણતિવાળા મહાત્માઓ વીતરાગતાની આસન્ન-આસન્નતર થઈ રહ્યા છે, તેથી પોતાને પ્રાપ્ત થયેલી ઋદ્ધિઓનો કોઈ પ્રયોગ કરીને તે શક્તિને જાણવા માત્રની ઇચ્છા કરતા નથી, પરંતુ તેમનું ચિત્ત તે પ્રાપ્ત થયેલી શક્તિ પ્રત્યે પણ અત્યંત નિસ્પૃહ છે, તે પ્રાપ્ત થયેલી સમતાનું ફળ છે. અને જેમ જેમ નિઃસ્પૃહ્તા અધિક તેમ તેમ સ્વસ્થતાનું સુખ અધિક તેથી ઋદ્ધિઓની પ્રાપ્તિ પ્રત્યે થયેલ નિઃસ્પૃહ ચિત્તથી તેઓને સુખની વૃદ્ધિનો અનુભવ થાય છે.

વળી તે સમતાની પરિણતિવાળા યોગીઓ કેવળજ્ઞાન-કેવળદર્શન અને યથાખ્યાત ચારિત્રાદિનાં આવારક કર્મોને સતત ક્ષય કરીને ક્ષાયિક ભાવ તરફ જઈ રહ્યા છે, તેથી સમતા યોગનું ફળ સૂક્ષ્મ કર્મનો ક્ષય છે, વળી પૂર્વના અધ્યાત્મયોગકાલીન ચારિત્રના પરિણામથી નાશ ન થઈ શકે તેવાં સૂક્ષ્મ કર્મોનો નાશ સમતાના પરિણામથી થાય છે; કેમ કે પૂર્વના ચારિત્રના પરિણામકાળમાં વર્તતો શમભાવ સમતાના પરિણામ જેવો અત્યંત સ્થિર નહિ હોવાથી ચારિત્રના વિકલ્પાત્મક કે શમભાવના વિકલ્પાત્મક હોય છે જ્યારે સમતા યોગવાળા મુનિ નિર્વિકલ્પ દશાવાળા છે, તેથી જેમ બારમા આદિ ગુણસ્થાનકે રહેલા વીતરાગ સ્થિર સમુદ્ર જેવા મનના તરંગ વગરના આત્માના ભાવોમાં વર્તે છે, તેમ સમતાવાળા મુનિ પણ ક્ષપકશ્રેણી પૂર્વે મંદ મંદ તરંગવાળા છતાં નિસ્તરંગ અવસ્થામાં જતા મનોવ્યાપારવાળા હોય છે, તેથી વિશેષ પ્રકારના કેવળજ્ઞાનાવરણીય, કેવળદર્શનાવરણીય, યથાખ્યાત ચારિત્ર આદિનાં આવારક કર્મોનો ક્ષય કરનારા બને છે.

વળી અનાદિથી જીવને બાહ્ય પદાર્થોની કે અંતરંગ પદાર્થોની અપેક્ષા વિદ્યમાન છે અને તે અપેક્ષા જ બંધનો હેતુ છે; કેમ કે અપેક્ષા રાગાત્મક છે અને સમતાના પરિણામવાળા યોગીઓ પણ વીતરાગ નથી, તેથી તેઓના આત્મામાં પણ અનાદિકાળના અપેક્ષાના સંસ્કારો વિદ્યમાન છે અને તે અપેક્ષાના તાંતણાઓ જીવને કર્મ સાથે બાંધીને તેના સંસારને સમૃદ્ધ કરે છે અને સમતાવાળા યોગીઓ આત્મામાં રહેલા અપેક્ષાના તાંતણાઓનો સતત વિચ્છેદ કરે છે, તેથી સમતાનું ફળ અપેક્ષારૂપ તાંતણાઓનો વિચ્છેદ છે, જે વિચ્છેદ પ્રકર્ષથી થાય તો ક્ષપકશ્રેણિનું કારણ બને છે.

આ રીતે સમતાનાં ત્રણ ફળોની પ્રાપ્તિ છે – ૧. સમતાના બળથી પ્રાપ્ત થતી અતીન્દ્રિય શક્તિઓ પ્રત્યે પણ નિરપેક્ષ ચિત્ત. ૨. સૂક્ષ્મ એવા ઘાતિકર્મનો ક્ષય. ૩. સંસારની નિષ્પત્તિના બીજભૂત અપેક્ષારૂપ તંતુનો વિચ્છેદ. **॥૩૬૫॥**

**અવતરણિકા :-**

**અધ્યાત્માદિ પાંચ યોગોમાંથી ક્રમપ્રાપ્ત વૃત્તિસંક્ષય નામના છેલ્લા યોગનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अन्यसंयोगवृत्तीनां, यो निरोधस्तथा तथा ।**
**अपुनर्भावरूपेण, स तु तत्संक्षयो मतः ।।३६६।।**

**અન્વયાર્થ :-**

**अन्यसंयोगवृत्तीनां=અન્ય પદાર્થોના સંયોગથી થયેલી વૃત્તિઓનો=આત્માથી અન્ય એવા કર્મ મન કે દેહાદિના સંયોગથી થયેલી વૃત્તિઓનો, तथा तथा=તે તે પ્રકારે, अपुनर्भावरूपेण=અપુનર્ભાવથી, यः=જે, निरोधः=નિરોધ, स=તે, तु=વળી, तत्संक्षयः=તેનો સંક્ષય=વૃત્તિઓનો સંક્ષય, मतः=મનાયો છે. ।।૩૬૬।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય પદાર્થોના સંયોગથી થયેલી વૃત્તિઓનો તે તે પ્રકારે અપુનર્ભાવથી જે નિરોધ તે વળી તેનો સંક્ષય મનાયો છે. ।।૩૬૬।।**

**ટીકા :-**

**इह स्वभावत एव निस्तरङ्गमहोदधिकल्पस्यात्मनो विकल्परूपाः परिस्पन्दरूपाश्च वृत्तयः सर्वा अन्यसंयोगनिमित्ता एव, तत्र विकल्परूपास्तथाविधमनोद्रव्यसंयोगात् परिस्पन्दरूपाश्च शरीरादिति, ततोऽन्यसंयोगेन या वृत्तयस्तासां यो निरोधः तथा तथा केवलज्ञानलाभकालेऽयोगिकेवलिकाले च अपुनर्भावरूपेण=पुनर्भवनपरिहाररूपेण, स तु=स पुनः, तत्संक्षयो=वृत्तिसंक्षयो मत इति ।।३६६।।**

**ટીકાર્થ :-**

**इह स्वभावत ..... मत इति ।। અહીં=સંસારઅવસ્થામાં, સ્વભાવથી જ નિસ્તરંગ મહાસમુદ્ર જેવા આત્માની વિકલ્પરૂપ અને પરિસ્પંદનરૂપ સર્વ વૃત્તિઓ અન્ય સંયોગ નિમિત્ત જ છે, ત્યાં=બે પ્રકારની વૃત્તિઓમાં, વિકલ્પરૂપ વૃત્તિઓ તેવા પ્રકારના મનોદ્રવ્યના સંયોગથી છે, અને પરિસ્પંદ રૂપ વૃત્તિઓ શરીરથી છે. 'इति' શબ્દ બે પ્રકારની વૃત્તિઓના સ્વરૂપની સમાપ્તિમાં છે. તેથી અન્ય સંયોગથી જે વૃત્તિઓ છે તેઓનો તે તે પ્રકારે કેવલજ્ઞાનલાભકાળમાં અને અયોગીકેવલિકાળમાં અપુનર્ભાવથી= પુનર્ભાવના પરિહારરૂપથી, જે નિરોધ તે વળી તેનો સંક્ષય=વૃત્તિઓનો સંક્ષય, મનાયો છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૬૬।।**

**ભાવાર્થ :-**

સંસારી અવસ્થામાં પણ જીવનો સ્વભાવ પરમાર્થથી સ્થિર સમુદ્ર જેવો છે, તેથી તેના આત્મપ્રદેશોમાં કોઈ જાતનું કંપન સંભવે નહિ, તોપણ કર્મવાળી અવસ્થામાં વિકલ્પરૂપ વૃત્તિઓ છે અને પરિસ્પંદનરૂપ વૃત્તિઓ છે તે બન્ને વૃત્તિઓ આત્માથી અન્ય એવા પદાર્થના સંયોગ નિમિત્ત જ છે, તેમાં વિકલ્પરૂપ વૃત્તિઓ મનોવર્ગણાના પુદ્ગલોના ગ્રહણ અને પરિણમનરૂપે થતા મનોદ્રવ્યના સંયોગથી છે, તેથી છદ્મસ્થ અવસ્થા સુધી સર્વ જીવો જે કંઈ બોધ કરે છે તે મનોદ્રવ્યના સંયોગથી થાય છે, ફક્ત સૂક્ષ્મ એકેન્દ્રિયના જીવોને અત્યંત અલ્પ એવા મનોદ્રવ્યના સંયોગથી વિકલ્પરૂપ વૃત્તિઓ છે અને અત્યંત અલ્પ મન હોવાથી તેઓને મન વગરના કહેવાય છે અને વ્યક્ત મનવાળા મનુષ્યાદિ જીવો મનઃપર્યાપ્તિ દ્વારા સતત મનોવર્ગણાના પુદ્ગલોને મનરૂપે પરિણમન પમાડે છે તેના દ્વારા વિકલ્પરૂપ જે વૃત્તિઓ સંસારી જીવને સતત અસ્થૈર્ય

કરાવે છે અને યોગીઓ તે વૃત્તિઓ શાંત કરવા યત્ન કરે છે, તોપણ શાંત થતી તે વૃત્તિઓ ઇષત્ તરંગ જેવી બારમા ગુણસ્થાનક સુધી વર્તે છે અને કેવળજ્ઞાનના લાભકાળમાં તે વૃત્તિઓનો સર્વથા નિરોધ થાય છે જે નિરોધ અપુનર્ભાવરૂપથી છે અર્થાત્ હવે પછી ક્યારેય એવી વૃત્તિ કેવળીને થવાની નથી, તેથી વિકલ્પરૂપ વૃત્તિઓનો કેવલીને સદા રોધ પ્રાપ્ત થાય છે તે વિકલ્પરૂપ વૃત્તિઓનો સંક્ષય છે.

વળી કેવલીને પણ શરીર સાથે સંયોગ છે તેના કારણે આત્મપ્રદેશોમાં પરિસ્પંદરૂપ વૃત્તિઓ વર્તે છે અને કેવલી જ્યારે યોગનિરોધ કરે છે ત્યારે અયોગીકેવલીકાળમાં પરિસ્પંદરૂપ વૃત્તિઓનો અપુનર્ભાવથી રોધ થાય છે જે વૃત્તિસંક્ષય રૂપ યોગનો ચરમભેદ છે, જેના કારણે કર્મનું આગમન સર્વથા અટકે છે અને અવશિષ્ટ કર્મોનો નાશ થાય છે. **॥૩૬૬॥**

**અવતરણિકા :-**

**अथैतत्फलम् –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના ફલને=વૃત્તિસંક્ષયના ફલને, કહે છે –**

**શ્લોક :-**

**अतोऽपि केवलज्ञानं, शैलेशीसम्परिग्रहः ।**
**मोक्षप्राप्तिरनाबाधा, सदानन्दविधायिनी ।।३६७।।**

**અન્વયાર્થ :-**

**अतोऽपि=આનાથી જ=વૃત્તિસંક્ષયથી જ, केवलज्ञानं=કેવલજ્ઞાન થાય છે, शैलेशीसम्परिग्रहः=ત્યારપછી શૈલેશીનો પરિગ્રહ=શૈલેશીનો સ્વીકાર, सदानन्दविधायिनी=સદા આનંદને કરનારી, अनाबाधा=સર્વ બાધા રહિત, मोक्षप्राप्तिः=મોક્ષની પ્રાપ્તિ વૃત્તિસંક્ષયનું ફળ છે. ॥૩૬૭॥**

**શ્લોકાર્થ :-**

**આનાથી જ કેવલજ્ઞાન થાય છે, ત્યારપછી શૈલેશીનો પરિગ્રહ, સદા આનંદને કરનારી, સર્વ બાધા રહિત મોક્ષની પ્રાપ્તિ વૃત્તિસંક્ષયનું ફળ છે. ॥૩૬૭॥**

**ટીકા :-**

**अतोऽपि=अत एव=वृत्तिसंक्षयात्, केवलं=सकलद्रव्यपर्यायगोचरत्वात्परिपूर्णं ज्ञानमुपयोगविशेषः, ततः, शैलेशीसम्परिग्रहः=शीलं सर्वसंवररूपं तस्येशोऽधिपतिः शीलेशः, तस्येयमवस्था शैलेशी, तस्याः सम्परिग्रहः-स्वीकारः, ततोऽपि मोक्षप्राप्तिः=निर्वाणलाभः, अनाबाधा-सर्वशरीरमानसव्यथा-विकला, सदा=सर्वकालम्, आनन्दविधायिनी परमानन्दरूपत्वात्तस्याः, यदत्रास्या विशेषणद्वयोपादानं**

**तत्परपरिकल्पितमोक्षप्राप्तिव्यवच्छेदार्थम्, तथाहि – काणादाः सुखदुःखव्यवच्छेदरूपा मुक्तिः इति प्रतिपन्नाः, ततोऽनाबाधत्वेऽपि नानन्दरूपता स्यादित्युभयग्रहणं कृतम् ।।३६७।।**

**ટીકાર્થ :-**

**अतोऽप्यत ..... कृतम् ।। આથી જ=વૃત્તિસંક્ષયથી જ, કેવલજ્ઞાન થાય છે=સકલ દ્રવ્ય સકલ પર્યાયનું વિષયપણું હોવાથી પરિપૂર્ણ જ્ઞાનરૂપ ઉપયોગવિશેષ થાય છે, ત્યારપછી શૈલેષીનો પરિગ્રહ=સર્વ સંવર રૂપ શીલ તેનો ઈશ અર્થાત્ અધિપતિ શૈલેશ તેની આ અવસ્થા શૈલેષી તેનો સંપરિગ્રહ અર્થાત્ સ્વીકાર, તેનાથી પણ=શૈલેશીના સ્વીકારથી પણ, મોક્ષપ્રાપ્તિ=નિર્વાણનો લાભ.**

કેવી મોક્ષની પ્રાપ્તિ ? એથી કહે છે –

**અનાબાધા=શરીર-માનસની સર્વ વ્યથા વિકલ એવી અનાબાધા.**

વળી એ મોક્ષપ્રાપ્તિ કેવી છે તે સ્પષ્ટ કરે છે –

**સદા=સર્વકાલ આનંદવિધાયિની છે; કેમ કે તેનું=મોક્ષપ્રાપ્તિનું, પરમ આનંદરૂપપણું છે, જે અહીં=પ્રસ્તુત શ્લોકમાં, આના=મોક્ષપ્રાપ્તિના, વિશેષણદ્વયનું ગ્રહણ છે, તે પરપરિકલ્પિત મોક્ષપ્રાપ્તિના વિચ્છેદ માટે છે, તે આ પ્રમાણે – કણાદ મતવાળા=નૈયાયિકો, સુખ-દુઃખના વ્યવચ્છેદરૂપ મુક્તિ છે એ પ્રમાણે સ્વીકારે છે, તેથી અનાબાધપણું હોવા છતાં પણ આનંદરૂપપણું ન થાય=કણાદના મતે મોક્ષપ્રાપ્તિમાં આનંદરૂપતા ન થાય, એથી ઉભયનું ગ્રહણ કરાયેલું છે=અનાબાધા અને સદા આનંદવિધાયિની એવું ઉભયનું ગ્રહણ કરાયું છે. ॥૩૬૭॥**

**ભાવાર્થ :-**

વૃત્તિસંક્ષયરૂપ ચરમયોગ બે પ્રકારનો છે – ૧ વિકલ્પરૂપ વૃત્તિસંક્ષય અને ૨ પરિસ્પંદરૂપ વૃત્તિસંક્ષય. તેમાંથી વિકલ્પરૂપ વૃત્તિઓનો સંક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, જે કેવળજ્ઞાન સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયના બોધસ્વરૂપ છે, તે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ઉચિતકાળે મહાત્મા શૈલેશી અવસ્થાનો સ્વીકાર કરે છે અને તે શૈલેશી અવસ્થા સર્વ સંવરરૂપ છે, તેનાથી પરિસ્પંદરૂપ વૃત્તિઓનો સંક્ષય થાય છે, જે કેવલજ્ઞાનનું ફળ છે અને સર્વ સંવરના સ્વીકારરૂપ જે વૃત્તિસંક્ષય છે, તેના ફળરૂપે જીવને સંપૂર્ણ કર્મથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, જે મુક્તિની પ્રાપ્તિ સંસારમાં થતી શરીરની અને મનની વ્યથાઓથી રહિત હોવાને કારણે અનાબાધા સ્વરૂપ છે અર્થાત્ સર્વ બાધાઓથી રહિત જીવની અવસ્થા સ્વરૂપ છે, જે સર્વ દુઃખોના અત્યંત અંત સ્વરૂપ છે.

વળી તે મોક્ષ અવસ્થા જીવને સર્વકાળ આનંદને આપનારી અવસ્થા છે, તેથી નૈયાયિક આદિ મુક્તિને સુખ-દુઃખના અભાવરૂપ કહે છે, તેના મતનો વિચ્છેદ થાય છે; કેમ કે તેના મતે મુક્તિ અનાબાધારૂપ છે, પરંતુ આનંદરૂપ નથી. વસ્તુતઃ સર્વ કર્મ રહિત જીવની અવસ્થા નિરાકુળ અને જ્ઞાનના આનંદ સ્વરૂપ છે, માટે સંસારની બાધાનો અભાવ પણ છે અને આનંદ પણ છે તેવી મુક્તિ છે, જે વૃત્તિ સંક્ષયરૂપ યોગનું ફળ છે. **॥૩૬૭॥**

**અવતરણિકા :-**

अथ प्रागुक्ततात्त्विकेतरयोगोपक्षेपार्थमाह –

**અવતરણિકાર્થ :-**

**હવે પૂર્વમાં કહેલા તાત્ત્વિક અને ઈતરયોગના ઉપક્ષેપ માટે=ગ્રહણ કરવા માટે, કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૧માં અધ્યાત્મ આદિ પાંચ યોગોનું સ્વરૂપ બતાવ્યું, તે અધ્યાત્માદિ યોગો જ અન્ય પ્રકારે બતાવવા અર્થે શ્લોક-૩૨માં તાત્ત્વિક-અતાત્ત્વિક આદિ રૂપે તેના ભેદો સામાન્યથી કહેલ. તેથી હવે અધ્યાત્માદિ પાંચ ભેદોને બતાવ્યા પછી શ્લોક-૩૨માં કહેલ તાત્ત્વિક અને અતાત્ત્વિક યોગને બતાવવા માટે કહે છે –

**શ્લોક :-**

**तात्त्विकोऽतात्त्विकश्चायमिति यच्चोदितं पुरा ।**
**तस्येदानीं यथायोगं, योजनाऽत्राभिधीयते ।।३६८।।**

**અન્વયાર્થ :-**

तात्त्विकोऽतात्त्विकश्चायं=**તાત્ત્વિક અને અતાત્ત્વિક આ અર્થાત્ યોગ છે,** इति=**એ પ્રમાણે,** यत्=**જે,** च=**વળી,** पुरा=**પૂર્વમાં=ગ્રંથના આરંભ રૂપ શ્લોક-૩૨માં,** उदितं=**કહેવાયું,** तस्य=**તેની=કહેવાયેલા યોગની,** योजना=**યોજના,** इदानीं=**હમણાં,** यथायोगं=**જે પ્રમાણે ઘટે તે પ્રમાણે,** अत्र=**અહીં=યોગના કથનના અવસરમાં,** अभिधीयते=**કહેવાય છે. ।।૩૬૮।।**

**શ્લોકાર્થ :-**

**તાત્ત્વિક અને અતાત્ત્વિક આ અર્થાત્ યોગ છે, એ પ્રમાણે જે વળી પૂર્વમાં કહેવાયું, તેની યોજના હમણાં જે પ્રમાણે ઘટે તે પ્રમાણે અહીં કહેવાય છે. ।।૩૬૮।।**

**ટીકા :-**

तात्त्विकोऽतात्त्विकश्चायं योग इत्येवम् यच्च=यत्पुनः, उदितं पुरा=ग्रन्थारम्भे [श्लो. ३२], तस्योदितस्य इदानीं=सम्प्रति, यथायोगं=यथाघटनम् योजना अर्थसंयोजनरूपा अत्र=इहावसरे, अभिधीयते=प्रोच्यत इति ।।३६८।।

**ટીકાર્થ :-**

तात्त्विको ..... प्रोच्यत इति ।। **તાત્ત્વિક અને અતાત્ત્વિક આ યોગ છે એ પ્રમાણે જે વળી પૂર્વમાં=ગ્રંથના**

**આરંભ રૂપ શ્લોક-૩૨માં કહેવાયું, તેનું=કહેવાયેલા એવા તે યોગની, અર્થસંયોજનરૂપ યોજના હમણાં યથાયોગ=યથાઘટન, અહીં=આ અવસરમાં=યોગકથનના અવસરમાં, કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૬૮॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૩૨માં તાત્ત્વિક-અતાત્ત્વિક એ પ્રકારના યોગના ભેદો કહેલ અને અંતે કહેલ કે આ સર્વ યોગભેદોનું આગળ વર્ણન કરશું, તેથી હવે તેનો અવસર હોવાથી તાત્ત્વિક-અતાત્ત્વિક યોગો કઈ રીતે ઘટે છે તેની યોજના કરવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. **॥૩૬૮॥**

**અવતરણિકા :-**

**तत्र –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=તાત્ત્વિક-અતાત્ત્વિક યોગમાં, તાત્ત્વિક યોગ શું છે ? તે બતાવે છે –**

**શ્લોક :-**

**अपुनर्बन्धकस्यायं, व्यवहारेण तात्त्विकः ।**
**अध्यात्मभावनारूपो, निश्चयेनोत्तरस्य तु ।।३६९।।**

**અન્વયાર્થ :-**

**अपुनर्बन्धकस्य=અપુનર્બંધકને, अध्यात्मभावनारूपः=અધ્યાત્મભાવનારૂપ, अयं=આ=યોગ, व्यवहारेण= વ્યવહારથી=વ્યવહારનયથી, तात्त्विकः=તાત્ત્વિક છે, तु=વળી, निश्चयेन=નિશ્ચયનયથી, उत्तरस्य= ઉત્તરને=ચારિત્રીને તાત્ત્વિક છે. ॥૩૬૯॥**

**શ્લોકાર્થ :-**

**અપુનર્બંધકને અધ્યાત્મભાવનારૂપ આ વ્યવહારથી તાત્ત્વિક છે, વળી નિશ્ચયનયથી ઉત્તરને તાત્ત્વિક છે. ॥૩૬૯॥**

**ટીકા :-**

**अपुनर्बन्धकस्योपलक्षणत्वात्सम्यग्दृष्टेश्च अयं=योगः, व्यवहारेण कारणस्यापि कार्यत्वोपचाररूपेण तात्त्विकः, कारणस्यापि कथंचित्कार्यत्वादिति, किंरूपः सन्नित्याह – अध्यात्मभावनारूपः=अध्यात्मरूपो भावनारूपश्च, निश्चयेन=निश्चयनयमतेनोपचारपरिहाररूपेण, उत्तरस्य तु=अपुनर्बन्धकसम्यग्दृष्ट्य-पेक्षया चारित्रिण इति ।।३६९।।**

**ટીકાર્થ :-**

**अपुनर्बन्धक ..... चारित्रिण इति ।। અપુનર્બંધકને અને ઉપલક્ષણથી સમ્યગ્દષ્ટિને આ=યોગ, વ્યવહારથી=કારણના પણ કાર્યત્વ ઉપચારરૂપ વ્યવહારથી, તાત્ત્વિક છે; કેમ કે કારણનું પણ કથંચિત્ કાર્યપણું છે. કેવા સ્વરૂપવાળો છતો આ યોગ તાત્ત્વિક છે ? એથી કહે છે – અધ્યાત્મ-ભાવનારૂપ= અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ છતો આ યોગ તાત્ત્વિક છે એમ અન્વય છે.**

**નિશ્ચયથી=ઉપચારના પરિહારરૂપ નિશ્ચયનયના મતથી, વળી ઉત્તરને=અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિની અપેક્ષાએ ઉત્તર એવા ચારિત્રીને, અધ્યાત્મ-ભાવનારૂપ યોગ તાત્ત્વિક છે એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૬૯॥**

**ભાવાર્થ :-**

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની લોલીભૂત એવી જીવની પરિણતિ દેશવિરતિ ગુણસ્થાનકથી પ્રારંભ થાય છે. તે પરિણતિને નિશ્ચયનય યોગ કહે છે; કેમ કે મોક્ષની સાથે યોજન કરે તેવી જીવની પરિણતિ યોગ કહેવાય એ પ્રકારની વ્યુત્પત્તિ અનુસાર યોગ હોવાને કારણે કારણમાં કાર્યનો ઉપચાર નહિ સ્વીકારનાર નિશ્ચયનય તેને યોગ કહે છે.

વળી રત્નત્રયીની પરિણતિ દેશવિરતિ ગુણસ્થાનકથી પ્રારંભ થાય છે, તેના પૂર્વે રત્નત્રયીની પરિણતિરૂપ યોગ પ્રાપ્ત નહિ થયેલો હોવા છતાં તેની કારણ ભૂમિકા સ્વરૂપ અપુનર્બંધક જીવોની અને સમ્યગ્દષ્ટિ જીવોની આચરણા છે, તેથી અપુનર્બંધક જીવો અને સમ્યગ્દષ્ટિ જીવો વિરક્ત થઈને મોક્ષ અર્થે જે કોઈ ઉચિત આચરણા કરે છે તે નિશ્ચયનયને અભિમત એવા યોગનું કારણ છે, તેથી કારણમાં પણ કાર્યનો ઉપચાર સ્વીકારીને વ્યવહારનય અપુનર્બંધક જીવોની અને સમ્યગ્દષ્ટિ જીવોની ભગવદ્ભક્તિ આદિ ઉચિત આચરણાઓને અધ્યાત્મ-ભાવનારૂપ તાત્ત્વિક યોગ કહે છે; કેમ કે તે આચરણાથી અપુનર્બંધક જીવો અને સમ્યગ્દષ્ટિ જીવો મોહથી અનાકુળ એવા અધ્યાત્મભાવોને પ્રાપ્ત કરે છે અને અધ્યાત્મના પુનઃ પુનઃ સેવન દ્વારા ભાવના યોગને પ્રાપ્ત કરે છે. વસ્તુતઃ પાંચમા ગુણસ્થાનક પૂર્વની યોગમાર્ગની સર્વ આચરણા પાંચમા ગુણસ્થાનકની પ્રાપ્તિનું કારણ હોવાથી તેને ઉપચારથી તાત્ત્વિક યોગ કહેવાય છે અને પાંચમા ગુણસ્થાનકથી વાસ્તવિક યોગમાર્ગનો પ્રારંભ થાય છે. **॥૩૬૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં તાત્ત્વિક યોગ બતાવ્યો, હવે અતાત્ત્વિક યોગ કોને હોય છે અને કેવો હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः ।**
**प्रत्यपायफलप्रायस्तथावेषादिमात्रतः ।।३७०।।**

**અન્વયાર્થ :-**

सकृदावर्तनादीनां=સકૃદાવર્તાદિ જીવોને, तथावेषादिमात्रतः=તેવા પ્રકારના વેષાદિ માત્રને કારણે=યોગની પ્રવૃત્તિના સૂચક એવા વેષાદિ માત્રને કારણે, प्रत्यपायफलप्रायः अतात्त्विकः=પ્રત્યપાયફલપ્રાયઃવાળો અતાત્ત્વિક યોગ, उदाहृतः=કહેવાયો છે. ॥૩૭૦॥

**શ્લોકાર્થ :-**

**સકૃદાવર્તાદિ જીવોને તેવા પ્રકારના વેષાદિ માત્રને કારણે પ્રત્યપાયફલપ્રાયઃવાળો અતાત્ત્વિક યોગ કહેવાયો છે. ॥૩૭૦॥**

**ટીકા :-**

सकृद्=एकवारम्, आवर्तन्त=उत्कृष्टां स्थितिं बध्नन्ति ये ते सकृदावर्तनाः, आदिशब्दाद् द्विरावर्तनादिग्रहः, तेषाम् अतात्त्विको-व्यवहारतो निश्चयतश्चाऽतत्त्वरूपः, उदाहृतो-अध्यात्मभावनारूपो योगः अद्याप्यशुद्धपरिणामत्वात्तेषामिति, कीदृशोऽसावित्याह – प्रत्यपायफलप्रायः=प्रत्यपायोऽनर्थः फलं प्रायो बाहुल्येन यस्येति समासः, कुत इत्याह – तथा-वेषादिमात्रतः=तत्प्रकारं भावसाराध्यात्मभावनायुक्तयोगियोग्यं यद्वेषादिमात्रं नेपथ्यचेष्टाभाषालक्षणं श्रद्धानशून्यं वस्तु, तस्मात्, तत्र हि वेषादिमात्रमेव स्यान्न पुनस्तेषां काचिच्छ्रद्धालुतेति ।।३७०।।

**ટીકાર્થ :-**

सकृदेकवार ..... काचिच्छ्रद्धालुतेति ।। સકૃદ્=એકવાર, આવર્તન કરે છે=ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે જેઓ તેઓ સકૃદ્ આવર્તનવાળા છે, 'आदि' શબ્દથી='सकृदावर्तनादीनाम्'માં રહેલા 'आदि' શબ્દથી, દ્વિરાવર્તનાદિનું ગ્રહણ છે, તેઓને=સકૃદ્ આવર્તનાદિવાળા જીવોને, વ્યવહારથી અને નિશ્ચયથી અતાત્ત્વિક=અતત્ત્વરૂપવાળો, અધ્યાત્મ-ભાવનારૂપ યોગ કહેવાયો છે; કેમ કે તેઓનું=સકૃદ્બંધકાદિનું, હજી પણ અશુદ્ધ પરિણામપણું છે=મોહનાશને અનુકૂળ લેશ પણ પરિણામના અભાવરૂપ અશુદ્ધ પરિણામપણું છે, કેવા પ્રકારનો આ છે=અતાત્ત્વિક યોગ છે ? એથી કહે છે – પ્રત્યપાયફલપ્રાયઃવાળો છે, પ્રત્યપાયફલપ્રાયઃનો સમાસ સ્પષ્ટ કરે છે – પ્રત્યપાય=અનર્થ, ફલપ્રાયઃ=બહુલતાથી છે જેને એ પ્રકારનો સમાસ છે, કેમ પ્રત્યપાયફલપ્રાયઃવાળો છે ? એથી કહે છે – તેવા પ્રકારના વેષાદિમાત્ર હોવાને કારણે=તે પ્રકારના અર્થાત્ ભાવસાર અધ્યાત્મ-ભાવનાયુક્ત યોગી યોગ્ય જે વેષાદિમાત્ર અર્થાત્ વસ્ત્ર-ચેષ્ટા-ભાષારૂપ વેષાદિમાત્ર શ્રદ્ધાશૂન્ય વસ્તુ હોવાને કારણે, પ્રત્યપાય ફલવાળો છે એમ અન્વય છે, ત્યાં=સકૃદ્ બંધકાદિ જીવોમાં, વેષાદિ માત્ર જ હોય, પરંતુ તેઓની કોઈ શ્રદ્ધાળુતા નથી=આ સર્વ ઉચિત આચરણા મોક્ષનું કારણ છે તે પ્રકારની કોઈ રુચિ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૭૦॥

**ભાવાર્થ :-**

જે જીવોમાં હજી ભાવમલ ઉત્કટ વર્તે છે, તેથી એક વખત, બે વખત આદિ ઉત્કૃષ્ટ કર્મની સ્થિતિ બાંધી શકે તેવી યોગ્યતા છે, તેથી તેઓના ચિત્તમાં વિશેષ પ્રકારનો સંક્લેશ વર્તે છે, આમ છતાં કોઈક રીતે આ લોક-પરલોક આદિના આશયથી સંયમાદિ ગ્રહણ કરે કે શ્રાવકાચાર પાળે ત્યારે સંયમના કે શ્રાવકના આચારને અનુકૂળ ઉચિત ચેષ્ટાઓ કરે અને તેવી ભાષા પણ બોલે, તેથી અધ્યાત્મ-ભાવનારૂપ યોગને સેવનારા યોગી જેવી જ તેઓની પ્રવૃત્તિ જણાય, તોપણ તેઓનો અધ્યાત્મ-ભાવનારૂપ યોગ વ્યવહારનયથી અને નિશ્ચયનયથી અતત્ત્વ રૂપ છે; કેમ કે ગુણસ્થાનકની પરિણતિરૂપ જે મોક્ષને અનુકૂળ યોગમાર્ગ છે તેનું કારણ તે આચરણા નથી, તો પ્રશ્ન થાય કે તે આચરણાથી તેઓને શું ફળ મળે ? તેથી કહે છે –

બહુલતાએ તે આચરણાથી અનર્થરૂપ ફળની પ્રાપ્તિ છે; કેમ કે તે આચરણા કરીને તેઓ તુચ્છ અસાર પુણ્ય પ્રાપ્ત કરશે અને તેના દ્વારા અધિક સંક્લેશને પ્રાપ્ત કરશે. જેમ ઉપમિતિમાં બતાવેલ નંદિવર્ધનકુમારને હાથીના ભવમાં કંઈક તુચ્છ પુણ્યનું કારણ બને તેવો શુભ ભાવ થયો, જેથી બલિષ્ઠ એવો રાજકુમાર થઈને અધિક પાપો કરીને સાતમી નરકમાં ગયો; કેમ કે અંતરંગ મોક્ષને પ્રતિકૂળ ક્લિષ્ટ ચિત્ત વિદ્યમાન હતું, તેમ સકૃદ્ બંધકાદિ જીવો અધ્યાત્મ-ભાવનારૂપ યોગની આચરણા કરીને તુચ્છ અસાર એવા પુણ્યને બાંધીને અનર્થોની પરંપરા પ્રાપ્ત કરશે; કેમ કે મોક્ષને અનુકૂળ ઉત્તમ આચરણા પ્રત્યે પારમાર્થિકી રુચિ થાય તેવી શ્રદ્ધાળુતા તેઓમાં લેશ પણ નથી, માટે તેઓની યોગની આચરણા મોક્ષ પ્રત્યે અકારણ હોવાથી અતાત્ત્વિક છે. ॥૩૭૦॥

**અવતરણિકા :-**

**શ્લોક-૩૬૯માં અધ્યાત્મ-ભાવનારૂપ તાત્ત્વિક યોગ કોને હોય અને અતાત્ત્વિક યોગ કોને હોય તે બતાવ્યું. હવે ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ તાત્ત્વિક યોગ કોને હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**चारित्रिणस्तु विज्ञेयः, शुद्ध्यपेक्षो यथोत्तरम् ।**
**ध्यानादिरूपो नियमात्, तथा तात्त्विक एव तु ।।३७१।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, चारित्रिणः=ચારિત્રીને, यथोत्तरम् शुद्ध्यपेक्षो ध्यानादिरूपः=યથોત્તર શુદ્ધિની અપેક્ષાવાળો ધ્યાનાદિરૂપ યોગ, नियमात्=નિયમથી, तात्त्विकः एव तु=તાત્ત્વિક જ, विज्ञेयः=જાણવો, 'तथा' શબ્દ સમુચ્ચયમાં છે. ।।૩૭૧।।**

**શ્લોકાર્થ :-**

**વળી ચારિત્રીને યથોત્તર શુદ્ધિની અપેક્ષાવાળો ધ્યાનાદિરૂપ યોગ નિયમથી તાત્ત્વિક જ જાણવો. 'તથા' શબ્દ સમુચ્ચયમાં છે. ।।૩૭૧।।**

**ટીકા :-**

**चारित्रिणस्तु=चारित्रिणः पुनः, विज्ञेयः शुद्ध्यपेक्षो यथोत्तरम्=उत्तरोत्तरां शुद्धिमपेक्ष्य, किमित्याह - ध्यानादिरूपः=ध्यानसमतावृत्तिसंक्षयलक्षणो, योगः नियमात्=अवश्यंतया, न त्वन्यस्य 'तथा' इति समुच्चये, तात्त्विक एव तु=तत्त्वरूप एवेति ।।३७१।।**

**ટીકાર્થ :-**

**चारित्रिणः ..... एवेति ।। વળી ચારિત્રીને યથોત્તર શુદ્ધિની અપેક્ષાવાળો=ઉત્તર-ઉત્તરની શુદ્ધિની અપેક્ષા કરીને, જાણવો. શું જાણવો ? એથી કહે છે – ધ્યાનાદિરૂપ=ધ્યાન-સમતા-વૃત્તિસંક્ષયરૂપ, યોગ જાણવો.**

કેવા સ્વરૂપવાળો યોગ જાણવો ? એથી કહે છે –

**નિયમથી તાત્ત્વિક જ=તત્ત્વરૂપ જ, જાણવો એમ અન્વય છે. વળી અન્યને નહિ=ચારિત્રી સિવાય અન્યને ધ્યાનાદિ રૂપ યોગ નથી, 'तथा' શબ્દ=શ્લોકમાં રહેલો 'तथा' શબ્દ સમુચ્ચયમાં છે=ચારિત્રીને અધ્યાત્મ-ભાવનારૂપ પણ યોગ છે તેના સમુચ્ચયમાં છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૭૧।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૬૯માં કહ્યું કે નિશ્ચયનયના મતથી અધ્યાત્મ-ભાવનારૂપ યોગ ચારિત્રીને હોય છે, વળી તેના ઉત્તરના ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ યોગો ચારિત્રીને નિયમથી તાત્ત્વિક જ હોય છે, પરંતુ ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ યોગમાં તાત્ત્વિક-અતાત્ત્વિક એવો ભેદ નથી; કેમ કે બાહ્ય આચરણાને આશ્રયીને અધ્યાત્મ-ભાવનારૂપ યોગને અતાત્ત્વિકરૂપે સ્વીકારેલ તેમ ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયની પરિણતિ બાહ્ય આચરણારૂપ નથી, પરંતુ મોક્ષને અનુકૂળ જીવની વિશિષ્ટ પરિણતિ સ્વરૂપ છે, તેથી ભાવચારિત્રની પ્રાપ્તિ પૂર્વે ધ્યાનાદિ રૂપ યોગની પ્રાપ્તિ નથી અને ચારિત્રીને ધ્યાનાદિ યોગ રૂપ જે પરિણતિની પ્રાપ્તિ છે તે નિયમથી તાત્ત્વિક જ છે=મોક્ષને અનુકૂળ પરિણતિ રૂપ હોવાથી અવશ્ય મોક્ષનું કારણ છે, માટે તાત્ત્વિક જ છે.

વળી ચારિત્રીને પણ પ્રાથમિક શુદ્ધિમાં ધ્યાન રૂપ યોગની પ્રાપ્તિ છે, તેનાથી ઉત્તરની શુદ્ધિમાં સમતા યોગની પ્રાપ્તિ છે અને તેનાથી અતિશય શુદ્ધિમાં વૃત્તિસંક્ષય નામના યોગની પ્રાપ્તિ છે. અને શ્લોકમાં રહેલ 'तथा' શબ્દ સમુચ્ચય કરે છે કે ધ્યાન યોગની શુદ્ધિની પ્રાપ્તિની પૂર્વે જે ચારિત્રીની શુદ્ધિ છે તે શુદ્ધિમાં અધ્યાત્મ-ભાવનારૂપ યોગ પ્રાપ્ત થાય છે વળી અધ્યાત્મ-ભાવના યોગ પછી ઉત્તર-ઉત્તરની શુદ્ધિની અપેક્ષાએ ધ્યાનાદિ ત્રણ યોગોની પ્રાપ્તિ છે અને પ્રકૃષ્ટ શુદ્ધિ વખતે વૃત્તિસંક્ષયરૂપ સર્વ સંવરની પ્રાપ્તિ થાય છે, જે સાક્ષાત્ મોક્ષ પ્રત્યે કારણ છે. **।।૩૭૧।।**

**અવતરણિકા :-**

**अथ सानुबन्धेतराभिव्यक्त्यर्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સાનુબંધ અને ઈતરની અભિવ્યક્તિને માટે કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૨માં તાત્ત્વિક-અતાત્ત્વિક યોગ બતાવ્યા પછી સાનુબંધ અને અસાનુબંધ એમ બે પ્રકારનાં યોગભેદો છે એમ કહેલ, તેથી તાત્ત્વિક-અતાત્ત્વિક યોગભેદનું વર્ણન કર્યા પછી સાનુબંધ અને અસાનુબંધ યોગ કોને હોય છે તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

**શ્લોક :-**

**अस्यैव त्वनपायस्य, सानुबन्धस्तथा स्मृतः ।**
**यथोदितक्रमेणैव, सापायस्य तथापरः ।।३७२।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, अनपायस्य अस्यैव=અનપાયવાળા એવા આને જ=પૂર્વમાં કહેવાયેલા યોગવાળા જીવને જ, यथोदितक्रमेणैव=યથોદિત ક્રમથી જ=અધ્યાત્માદિ રૂપ ક્રમથી જ, तथा=તે પ્રકારે, सानुबन्धः स्मृतः= સાનુબંધ યોગ કહેવાયો છે, तथा=અને, सापायस्य=અપાયવાળા યોગીને=યોગ બાધક ક્લિષ્ટ કર્મવાળા યોગીને, अपरः=અપર=અસાનુબંધ યોગ કહેવાયો છે. ।।૩૭૨।।**

**શ્લોકાર્થ :-**

**વળી અનપાયવાળા એવા આને જ યથોદિત ક્રમથી જ તે પ્રકારે સાનુબંધ યોગ કહેવાયો છે અને અપાયવાળા યોગીને અપર કહેવાયો છે. ।।૩૭૨।।**

**ટીકા :-**

**अस्यैव तु=पूर्वोक्तयोगभाजो जीवस्य पुनः, अनपायस्य=योगबाधकक्लिष्टकर्मरहितस्य, सानुबन्धस्तथा तत्प्रकारः सन्, स्मृतः शास्त्रकारैः, यथोदितक्रमेणैवाध्यात्मादिरूपेणैव, सापायस्याऽनपायविलक्षणस्य तथा इति समुच्चये अपरः=असानुबन्ध इति ।।३७२।।**

**ટીકાર્થ :-**

**अस्यैव ..... अपरोऽसानुबन्ध इति ।। વળી અનપાયવાળા આને જ=યોગના બાધક ક્લિષ્ટ કર્મ રહિત પૂર્વમાં કહેલ યોગવાળા જીવને જ, યથોદિત ક્રમથી જ=અધ્યાત્માદિ રૂપ ક્રમથી જ, તે પ્રકારનો**

**છતો=ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો છતો, સાનુબંધ યોગ શાસ્ત્રકારો વડે કહેવાયો છે, 'तथा' એ સમુચ્ચયમાં છે, તેથી અન્ય યોગનો સમુચ્ચય કરે છે અને તે અન્ય યોગ જ બતાવે છે, અપાયવાળાને=અનપાયથી વિલક્ષણ એવા અપાયવાળાને=યોગબાધક ક્લિષ્ટ કર્મવાળા યોગીને, અપર=અસાનુબંધ યોગ છે=મોક્ષ સાથે પ્રતિસંધાનવાળો યોગ હોવા છતાં વચમાં યોગની પ્રવૃત્તિની સ્ખલનાપૂર્વક મોક્ષનું કારણ બને તેવો અસાનુબંધ યોગ છે. ।।૩૭૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૬૯થી ૩૭૧ સુધી બતાવ્યા પ્રમાણે જે તાત્ત્વિક યોગવાળા યોગીઓ છે તેવા યોગીમાંથી પણ કેટલાક યોગીઓ અનપાયવાળા યોગીઓ છે=યોગબાધક ક્લિષ્ટ કર્મ વગરના છે, તેથી તેઓ જે ભૂમિકાના અધ્યાત્માદિ યોગોને પામેલા છે તે અધ્યાત્માદિ યોગોને ઉત્તર-ઉત્તર વૃદ્ધિ કરીને અવશ્ય સર્વ સંવરરૂપ યોગને પ્રાપ્ત કરશે તેવા યોગીઓને સાનુબંધ યોગ છે અર્થાત્ યોગમાર્ગની પ્રાપ્તિ પછી યોગમાર્ગથી ભ્રંશ પામ્યા વગર ઉત્તર-ઉત્તરના યોગમાર્ગને સેવીને તે ભવમાં કે પરિમિત ભવમાં યોગનિરોધરૂપ પૂર્ણ યોગને પ્રાપ્ત કરશે, તેવા યોગીઓને સાનુબંધ યોગ છે.

વળી પૂર્વમાં બતાવેલા અપુનર્બંધકાદિ જીવો જ સ્વભૂમિકા અનુસાર યોગમાર્ગને પામ્યા પછી કોઈક નિમિત્તને પામીને કેટલાક કાળ માટે યોગમાર્ગથી બહાર જાય છે તેવા યોગીઓને યોગમાર્ગની પ્રવૃત્તિમાં બાધક ક્લિષ્ટ કર્મો જ્યારે વિપાકમાં આવે છે ત્યારે યોગમાર્ગમાં સ્ખલના થાય છે તેવા યોગીઓનો તાત્ત્વિક એવો અધ્યાત્માદિ યોગ પણ અસાનુબંધ છે. **॥૩૭૨॥**

**અવતરણિકા :-**

**अथापायमेव व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે અપાયને જ કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૭૨માં કહ્યું કે યોગના બાધક ક્લિષ્ટ કર્મ વગરના અનપાયયોગીને સાનુબંધ યોગ હોય છે અને અપાયવાળા યોગીને અસાનુબંધ યોગ હોય છે, તેથી યોગમાર્ગમાં વિઘ્ન કરનાર એવા અપાયના સ્વરૂપને કહે છે –

**શ્લોક :-**

**अपायमाहुः कर्मैव, निरपायाः पुरातनम् ।**
**पापाशयकरं चित्रं, निरुपक्रमसंज्ञकम् ।।३७३।।**

**અન્વયાર્થ :-**

निरपायाः=નિરપાય એવા તીર્થંકરાદિ, पापाशयकरं=પાપના આશયને કરનાર, चित्रं=ચિત્ર, निरुपक्रमसंज्ञकं पुरातनं कर्मैव=નિરુપક્રમ સંજ્ઞાવાળા પુરાતન કર્મને જ, अपायं=અપાય, आहुः=કહે છે. ॥૩૭૩॥

**શ્લોકાર્થ :-**

**નિરપાય એવા તીર્થંકરાદિ પાપના આશયને કરનાર ચિત્ર નિરુપક્રમ સંજ્ઞાવાળા પુરાતન કર્મને જ અપાય કહે છે. ॥૩૭૩॥**

**ટીકા :-**

**अपायमाहुः कर्मैव नापरं किंचित् निरपाया=उपरतसकलक्लिष्टादृष्टाः तीर्थकरादयः, पुरातनं= प्राक्कालोपार्जितम्, पापाशयकरं=मोक्षपथप्रतिकूलचित्तवृत्तिहेतुः, चित्रं=नानारूपम्, निरुपक्रमसंज्ञकं - उपक्रमणमुपक्रमः=सर्वत उच्छेदः, ततो वास्तवविपाकसामर्थ्यहरणं, ततो विशिष्टानुष्ठानमिष्टयोगमपि, निर्गतमुपक्रमान्निरूपक्रमं, तत्संज्ञा नाम यस्य तत्तथा ॥३७३॥**

**ટીકાર્થ :-**

**अपायमाहुः ..... तत्तथा ॥ નિરપાયવાળા=શાંત થયા છે સકલ ક્લિષ્ટ અદૃષ્ટો જેમના એવા તીર્થંકરાદિ, અપાય પુરાતન=પૂર્વ કાળમાં ઉપાર્જિત, કર્મ જ કહે છે, બીજું કંઈ કહેતા નથી,**

કેવા પ્રકારના કર્મને અપાય કહે છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

**પાપના આશયને કરનાર=મોક્ષમાર્ગને પ્રતિકૂળ ચિત્તવૃત્તિનું હેતુ, ચિત્ર પ્રકારનું=નાના સ્વરૂપવાળું, નિરુપક્રમસંજ્ઞાવાળું કર્મ જ અપાય કહે છે એમ અન્વય છે. 'निरुपक्रमसंज्ञक'નો સમાસ સ્પષ્ટ કરે છે – ઉપક્રમણ ઉપક્રમ છે=સર્વથી ઉચ્છેદ છે, તેથી વાસ્તવ વિપાકના સામર્થ્યનું હરણ છે=કર્મમાં રહેલ વાસ્તવિક ફળ આપવાના સામર્થ્યનું હરણ છે, તેથી ઈષ્ટ યોગવાળું પણ વિશિષ્ટ અનુષ્ઠાન ઉપક્રમ છે એમ અન્વય છે=જે ઈષ્ટ યોગવાળા વિશિષ્ટ અનુષ્ઠાનથી કર્મનો ઉપક્રમ થાય તેવું વિશિષ્ટ અનુષ્ઠાન પણ ઉપક્રમ છે અર્થાત્ કર્મના ઉપક્રમણનું કારણ હોવાથી તે યોગ પણ ઉપક્રમ છે, ઉપક્રમથી=કર્મનો ઉપક્રમ કરે તેવા ઈષ્ટ યોગ રૂપ વિશિષ્ટ અનુષ્ઠાનથી, નિર્ગત એવું જે કર્મ અર્થાત્ ઉપક્રમ કરવાના સામર્થ્યવાળા અનુષ્ઠાનથી ઉપક્રમ ન લાગે એવું જે કર્મ તે નિરુપક્રમ અને તે સંજ્ઞા=નિરુપક્રમ સંજ્ઞા છે જેને તે તેવું છે=નિરુપક્રમ સંજ્ઞાવાળું છે. ॥૩૭૩॥**

**ભાવાર્થ :-**

તીર્થંકરાદિ મહાપુરુષો કર્મ વગરના નથી, તોપણ સકલ ક્લિષ્ટ એવાં કર્મોથી રહિત છે, તેથી સુખપૂર્વક તે ભવમાં મોક્ષમાં જાય છે તેવા તીર્થંકરોને નિરપાયવાળા કહેવાય છે અને જેઓ નિરપાયવાળા છે તેઓ યોગમાર્ગમાં વિઘ્ન કરનારાં પૂર્વમાં બંધાયેલાં કર્મોને જ અપાય કહે છે.

વળી તે કર્મ પાપ આશયને કરનારું અનેક પ્રકારના સ્વરૂપવાળું અને નિરુપક્રમ સંજ્ઞાવાળું છે તેમ તીર્થંકરો કહે છે.

જો કે અપાય શબ્દ સર્વ મોહનીયકર્મમાં પણ વપરાય છે, આથી જ તીર્થંકરો મોહનો નાશ કરે છે ત્યારે અપાય અપગમ અતિશયવાળા કહેવાય છે. વળી અપાય શબ્દ જેમ મોહનીયકર્મમાં વપરાય છે તેમ વિશિષ્ટ મોહનીયકર્મમાં પણ વપરાય છે, તેથી જે યોગીએ મોહનો નાશ કર્યો નથી અને મોહનો નાશ કરવા માટે ઉદ્યમશીલ છે તેવા યોગીઓમાંથી કેટલાક યોગીઓ સોપક્રમ કર્મવાળા હોવાથી ઉત્તર-ઉત્તરના ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા મોહનો નાશ કરવા સમર્થ છે. તેઓના મોહનીય કર્મને અપાયરૂપે ન ગ્રહણ કરતા જેઓનું મોહનીય કર્મ યોગમાર્ગની પ્રવૃત્તિમાં સ્ખલના કરાવે તેવું ક્લિષ્ટ છે તે કર્મને તીર્થંકરો અપાય કહે છે અને તે કર્મ જીવે પૂર્વભવમાં ઉપાર્જન કરેલું છે અને વર્તમાનમાં વિપાકમાં નહિ હોવાથી યોગી મોહના નાશ માટે ઉદ્યમ કરી રહ્યા છે અને જ્યારે તે કર્મ વિપાકમાં આવે છે ત્યારે યોગીમાં પાપના આશયને કરનારું બને છે=યોગીની મોક્ષપથને પ્રતિકૂળ ચિત્તવૃત્તિનો હેતુ બને છે.

વળી આ પાપ આશયને કરનારું કર્મ પણ તરતમતાના ભેદથી અનેક પ્રકારનું છે.

વળી યોગીનું સોપક્રમ કર્મ ઇષ્ટ યોગવાળા વિશિષ્ટ અનુષ્ઠાનથી ઉપક્રમને પામે છે, તેથી યોગી ઉત્તર-ઉત્તરની ભૂમિકાને પ્રાપ્ત કરે છે તેવું સોપક્રમ કર્મ અપાય નથી, પરંતુ વિશિષ્ટ અનુષ્ઠાનથી પણ તે કર્મનો ઉપક્રમ ન થઈ શકે અર્થાત્ તે કર્મના વાસ્તવ વિપાકના સામર્થ્યનું હરણ ન થઈ શકે તેવું નિરુપક્રમ કર્મ છે. જેમ નંદિષેણ મુનિ મોક્ષના અત્યંત અર્થી હતા અને મોક્ષના ઉપાયભૂત ચારિત્રમાં દઢ યત્ન કરનારા હતા અને મોક્ષપથથી પ્રતિકૂળ ચિત્તવૃત્તિને નિષ્પન્ન કરે તેવું નિરુપક્રમ કર્મ વિપાકમાં આવે છે ત્યારે જિનવચનનું દઢ અવલંબન લઈને ચારિત્રના રક્ષણ માટે નંદિષેણ મુનિએ યત્ન કર્યો, છતાં તેમના અનુષ્ઠાનથી તે નિરુપક્રમ કર્મના સામર્થ્યનું હરણ ન થયું, તેથી કિંચિત્ કાળ માટે નંદિષેણ મુનિનો ચારિત્રથી પાત થયો અને તેવું પાપ આશયને કરનારું નિરુપક્રમ કર્મ જેઓને છે તે કર્મને જ તીર્થંકરો અપાય કહે છે અને તેવા અપાયવાળા યોગીઓને અસાનુબંધ યોગ હોય છે અને જેઓને પાપ આશયને કરનારું નિરુપક્રમ સંજ્ઞાવાળું કર્મ નથી તેઓ જિનવચનના દઢ અવલંબનથી ઉચિત અનુષ્ઠાનને સેવીને મોક્ષપથનાં બાધક કર્મો સતત નાશ કરીને ઉત્તર-ઉત્તરના યોગને પ્રાપ્ત કરે છે એવા યોગીઓને સાનુબંધ યોગ છે. **॥૩૭૩॥**

**અવતરણિકા :-**

**अपायमेवाधिकृत्य परमतसंवादमाह –**

**અવતરણિકાર્થ :-**

**અપાયને જ આશ્રયીને પરમતના સંવાદને=પરમતને સ્વીકારનાર વચનને, કહે છે –**

**શ્લોક :-**

**कण्टकज्वरमोहैस्तु, समो विघ्नः प्रकीर्तितः ।**
**मोक्षमार्गप्रवृत्तानामत एवापरैरपि ।।३७४।।**

**અન્વયાર્થ :-**

तु=વળી, अत एव=આથી જ=અસાનુબંધ યોગ યોગીઓને હોય છે આથી જ, अपरैरपि=બીજાઓ વડે પણ, मोक्षमार्गप्रवृत्तानां=મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત એવા યોગીઓને, कण्टकज्वरमोहैः समो विघ्नः प्रकीर्तितः=કંટક-જ્વર અને મોહ સમાન વિઘ્ન કહેવાયું છે. ।।૩૭૪।।

**શ્લોકાર્થ :-**

**વળી આથી જ બીજાઓ વડે પણ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત એવા યોગીઓને કંટક-જ્વર અને મોહ સમાન વિઘ્ન કહેવાયું છે. ।।૩૭૪।।**

**ટીકા :-**

कण्टकज्वरमोहैस्तु=कण्टकेन ज्वरेण मोहेन च पुनः, समः=तुल्यः विघ्नः=प्रत्यूहो, जघन्यमध्यमोत्कृष्टभेदभिन्नः, प्रकीर्तितो=निरूपितः, मोक्षमार्गप्रवृत्तानां=सम्यग्दर्शनाद्याराधनावहितात्मनाम्, अत एव=योगनिरनुबन्धत्वादेव हेतोः, अपरैरपि योगिभिर्न केवलमस्माभिरित्यपिशब्दार्थः, यथा हि केषांचित्पथिकानां क्वचित्पाटलिपुत्रादौ गन्तुं प्रवृत्तानां कण्टकज्वरदिग्मोहैरभिभूतानां यथाक्रमं स्तोकबहुबहुतरकालं गमनभङ्गहेतुर्विघ्नः सम्पद्यते, एवं योगिनामपि सिद्धिपथप्रस्थितानां तथाविधकर्मोदयात्त्रिप्रकारोऽन्तरायः समुपजायत इति ।।३७४।।

**ટીકાર્થ :-**

'कण्टकज्वर ..... समुपजायत इति ।। **વળી કંટક-જ્વર-મોહની સાથે=કંટકની સાથે-જ્વરની સાથે અને મોહની સાથે, સમાન=તુલ્ય, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ ભેદથી ભિન્ન વિઘ્ન=પ્રત્યૂહ, કહેવાયું છે,**

કોને વિઘ્ન કહેવાયું છે ? એથી કહે છે –

**મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત એવા યોગીઓને=સમ્યગ્દર્શન આદિ આરાધનામાં અવહિત આત્માઓને=સમ્યગ્દર્શન આદિની આરાધનામાં તત્પર યોગીઓને, વિઘ્ન કહેવાયું છે.**

કેમ કહેવાયું છે ? એથી કહે છે –

**આથી જ=યોગનું નિરનુબંધપણું હોવા રૂપ હેતુથી જ, કહેવાયું છે એમ અન્વય છે,**

કોના વડે કહેવાયું છે ? એથી કહે છે –

**અપર પણ યોગી વડે કહેવાયું છે, કેવલ અમારા વડે નહિ, એ 'अपरैरपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

વિઘ્નોને સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે ક્યારેક પાટલીપુત્રાદિમાં જવા માટે પ્રવૃત્ત થયેલા કંટકજ્વરદિગ્મોહ વડે અભિભૂત થયેલા કેટલાક પથિકોને યથાક્રમ થોડો-બહુ-બહુતરકાલ ગમનભંગનો હેતુ વિઘ્ન પ્રાપ્ત થાય છે, એ રીતે સિદ્ધિપથ પ્રસ્થિત એવા યોગીઓને પણ તેવા પ્રકારના કર્મના ઉદયથી ત્રણ પ્રકારના અંતરાય ઉત્પન્ન થાય છે. 'इति' શબ્દ 'यथा हि'થી કરાયેલા કથનની સમાપ્તિમાં છે. ॥૩૭૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૭૨માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કેટલાક યોગીઓને અસાનુબંધ યોગ હોય છે અને તેઓ નિરુપક્રમ ક્લિષ્ટ કર્મરૂપ અપાયવાળા હોય છે એમ શ્લોક-૩૭૩માં કહ્યું, તેથી તેવા યોગીઓને યોગમાર્ગમાં વિઘ્નો પ્રાપ્ત થાય છે તેમ ફલિત થાય છે અને બીજા દર્શનવાળા પણ યોગમાર્ગમાં પ્રવૃત્ત યોગીઓને ત્રણ પ્રકારનાં વિઘ્નો સ્વીકારે છે, તે ગ્રંથકારશ્રી બતાવે છે –

જેમ કોઈ પુરુષ પાટલીપુત્રાદિ કોઈક નગરમાં જવા માટે પ્રવૃત્ત હોય અને માર્ગમાં કંટકથી અભિભૂત થાય તો પગમાંથી કાંટો કાઢે નહિ ત્યાં સુધી તેની ગમનપ્રવૃત્તિ સ્ખલના પામે છે, તેમ કોઈ યોગી સંસારના સર્વ આરંભ સમારંભને છોડીને વીતરાગના વચનાનુસાર ઉચિત અનુષ્ઠાન કરીને આત્માને વીતરાગભાવથી ભાવિત કરવા ઉદ્યમ કરતા હોય અને કંટક જેવાં શીતતાપાદિ વિઘ્ન પ્રાપ્ત થાય ત્યારે તે યોગી પ્રતિપક્ષનું ભાવન કરીને જ્યાં સુધી શીતતાપાદિનો જય કરી શકે નહિ ત્યાં સુધી સંયમની ઉચિત ક્રિયાથી પણ વીતરાગગામી ચિત્ત પ્રવર્તતું નથી, તેથી યોગમાર્ગની પ્રવૃત્તિ સ્ખલિત થાય છે અને જ્યારે તે યોગી કંટક જેવા શીતતાપાદિનો સ્વપરાક્રમથી જય કરે છે ત્યારે ઉચિત અનુષ્ઠાન દ્વારા વીતરાગગામી ચિત્તનું પ્રવર્તન થવાથી તે મહાત્મા સુખપૂર્વક મોક્ષપથમાં જઈ શકે છે.

વળી પાટલીપુત્રાદિ નગરમાં જતા કોઈક પુરુષને કંટક કરતાં અધિક દેહઅંતર્ગત જ્વરવિઘ્ન થાય તો ગમન કરવા માટે અસમર્થ બને છે, તેથી પાટલીપુત્રાદિ તરફની ગમન પ્રવૃત્તિ કિંચિત્ કાળ માટે સ્ખલિત થાય છે અને જ્યારે જ્વર રૂપ મધ્યમ વિઘ્ન દૂર થાય છે ત્યારે તે પુરુષ સુખપૂર્વક ગમન કરી શકે છે, એમ જે યોગીઓ જિનવચનના દૃઢ અવલંબનથી આત્માને વીતરાગભાવથી ભાવિત કરતા હોય તેઓને પણ તેવા પ્રકારના કર્મના ઉદયથી જ્વરાદિ રોગ થાય અને જો તે મહાત્મા અંતરંગ સ્વપરાક્રમના બળથી જ્વરાદિ રોગો પ્રત્યે ચિત્તને નિરપેક્ષ કરી શકે તો ઉચિત અનુષ્ઠાન દ્વારા વીતરાગગામી ચિત્ત પ્રવર્તી શકે છે, અથવા ઉચિત ચિકિત્સા દ્વારા રોગ આપાદક કર્મ દુર થાય તો તે મહાત્મા યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી શકે છે. તેથી રોગાદિના નિમીત્તે યોગમાર્ગના બાધક એવા પ્રમાદ આપાદક કર્મો જો દૂર થાય તો તે મહાત્મા મોક્ષપથમાં ગમન કરી શકે છે. વળી જે મહાત્માઓએ સનત્કુમાર ચક્રવર્તીની જેમ અંતરંગ બળ સંચય કર્યો છે તેઓને જ્વરાદિ રોગો થવા છતાં જ્વરાદિથી અભિભૂત થયા વગર જ્વરાદિ રોગોના દૃઢ અવલંબનથી

વિશેષ પ્રકારના યોગપથમાં પ્રયાણ કરે છે, તેથી તેઓના જ્વરાદિ રોગોનાં આપાદક કર્મો નિરુપક્રમ હોય કે સોપક્રમ હોય, તોપણ મોક્ષપથને પ્રતિકૂળ ચિત્તવૃત્તિના હેતુ કર્મો નહિ હોવાથી મોક્ષપથમાં વિઘ્ન બનતું નથી, પરંતુ મોક્ષપથના ગમનમાં વિશેષ પ્રકારનું દૃઢ આલંબન તે જીવોના તે કર્મો બને છે.

વળી કેટલાક પથિકો પાટલીપુત્રાદિ નગર તરફ જતા હોય અને માર્ગમાં દિશાનો મોહ થાય તો તે જીવો ઉત્કૃષ્ટ વિઘ્નને કારણે સ્વસ્થામાં જવા માટે અસમર્થ બને છે અને કોઈક ઉપાય દ્વારા તેઓ વિઘ્નને દૂર કરી શકે તેવો માર્ગનો યથાર્થ બોધ પ્રાપ્ત કરે તો ઇષ્ટ સ્થાનમાં જવા સમર્થ બને છે, તેમ જે યોગીઓ મોક્ષપથમાં પ્રયાણ કરી રહ્યા છે અને કોઈક રીતે મોક્ષ તરફ જવાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરવાના માર્ગમાં વ્યામોહ થાય તો તેઓ બાહ્ય અનુષ્ઠાન દ્વારા મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વ્યાપાર કરવા અસમર્થ બને છે અને જ્યારે ઉત્કૃષ્ટ વિઘ્ન જેવો દિગ્મોહ સ્વરૂપ વિઘ્ન દૂર થાય અને સંયમનાં ઉચિત અનુષ્ઠાનો દ્વારા મોહનું ઉન્મૂલન કઈ રીતે થઈ શકે તેનો નિર્ણય કરી શકે તેવી માર્ગાનુસારી બુદ્ધિ તેઓમાં પ્રગટે ત્યારે તેઓ સ્વભૂમિકાના ઉચિત અનુષ્ઠાન દ્વારા સતત મોહનો નાશ કરીને મોક્ષપથમાં પ્રયાણ કરી શકે છે. આથી જ વર્તમાનમાં કલ્યાણના અર્થી ઘણા જીવોને ઉચિત અનુષ્ઠાનો દ્વારા અંતરંગ કઈ રીતે મોહનો નાશ કરવો જોઈએ તેની ઉચિત દિશા બતાવનારા યોગ્ય ઉપદેશકની અપ્રાપ્તિ થવાથી અથવા પોતે સ્વીકારેલ અનુષ્ઠાનથી કઈ રીતે મોહનાશ કરવો તેને જાણવાના ઉચિત પ્રયત્નના અભાવથી દિગ્મોહ વર્તતો હોવાને કારણે બાહ્યથી ધર્મની આચરણા કરવા છતાં પણ તે જીવો મોક્ષપથમાં પ્રયાણ કરી શકતા નથી.

અહીં બાહ્ય વિઘ્નો શીતતાપાદિ છે, તે દેહથી ભિન્ન હોવાને કારણે તેનો પ્રતિકાર સુગમ છે, તેથી જઘન્ય વિઘ્ન છે, જ્વરનું વિઘ્ન આત્માથી કથંચિદ્ અભિન્ન એવા દેહમાં હોવાથી મધ્યમ વિઘ્ન છે અને દિગ્મોહ જેવું માર્ગનું અજ્ઞાન સાક્ષાત્ આત્માના પરિણામરૂપ હોવાથી ઉત્કૃષ્ટ વિઘ્ન છે અને સોપક્રમ કર્મવાળા યોગીઓ ઉચિત પ્રયત્નો દ્વારા તે વિઘ્નોનો નાશ કરી શકે છે અને નિરુપક્રમ કર્મવાળા યોગીઓ જ્યાં સુધી તે વિઘ્ન આપાદક કર્મો દૂર ન થાય ત્યાં સુધી યોગપથમાં પ્રવૃત્તિ કરી શકતા નથી, ક્વચિદ્ બાહ્યથી ધર્મઅનુષ્ઠાન કરતા હોય, તોપણ મોહના નાશને અનુકૂળ અંતરંગ ઉદ્યમ કરી શકતા નથી. **॥૩૭૪॥**

**અવતરણિકા :-**

**अथ सास्रवानास्रवौ योगावधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સાશ્રવ-અનાશ્રવ યોગને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૨માં તાત્ત્વિક-અતાત્ત્વિક, સાનુબંધ-અસાનુબંધ અને સાશ્રવ-અનાશ્રવ યોગો છે તેમ કહેલ અને ત્યારપછી શ્લોક-૩૪માં સાશ્રવ-અનાશ્રવ યોગનું કંઈક સ્વરૂપ બતાવેલ, હવે તે સાશ્રવ-અનાશ્રવયોગને આશ્રયીને વિશેષથી કહે છે –

**શ્લોક :-**

**अस्यैव सास्रवः प्रोक्तो, बहुजन्मान्तरावहः ।**
**पूर्वव्यावर्णितन्यायादेकजन्मा त्वनास्रवः ।।३७५।।**

**અન્વયાર્થ :-**

**, अस्यैव=આને જ=સાપાય યોગીને જ, पूर्वव्यावर्णितन्यायाद्=પૂર્વવ્યાવર્ણિતન્યાયથી=શ્લોક-૩૭૩માં કહેલી યુક્તિથી, बहुजन्मान्तरावहः=બહુ જન્માંતરને લાવનાર, सास्रवः प्रोक्तः=સાસ્રવ યોગ કહેવાયો છે, तु=વળી, एकजन्मा=એક જન્મવાળો, अनास्रवः=અનાશ્રવ યોગ કહેવાયો છે. ।।૩૭૫।।**

**શ્લોકાર્થ :-**

**આને જ પૂર્વવ્યાવર્ણિત ન્યાયથી બહુજન્માતરને લાવનાર સાસ્રવ યોગ કહેવાયો છે. વળી એક જન્મવાળો અનાસ્રવયોગ કહેવાયો છે. ।।૩૭૫।।**

**ટીકા :-**

**अस्यैव=सापायस्य योगिनः, सास्रवो=वक्ष्यमाणास्रवयुक्तो, योगः प्रोक्तो बहुजन्मान्तरावहो= देवमनुष्याद्यनेकजन्मविशेषहेतुः, पूर्वव्यावर्णितन्यायान्निरुपक्रमकर्मणः पापाशयकरस्यावश्यमेव वेदनीय-भावरूपात्, एकजन्मा तु=एकमेव वर्तमानं जन्म यत्र स तथा पुनः अनास्रव इति ।।३७५।।**

**ટીકાર્થ :-**

**अस्यैव ..... अनास्रव इति ।। આને જ=સાપાય યોગીને જ, સાશ્રવ=શ્લોક-૩૭૬માં બતાવાશે એવા આશ્રવથી યુક્ત યોગ કહેવાયો છે.**

સાશ્રવ યોગ કેવો છે તે કહે છે –

**બહુ જન્માંતરને લાવનારો છે=દેવ-મનુષ્યાદિ અનેક જન્મવિશેષનો હેતુ છે; કેમ કે પૂર્વ વ્યાવર્ણિત ન્યાયથી=શ્લોક-૩૭૩માં કરાયેલા કથનથી, પાપઆશયને કરનારા નિરુપક્રમ કર્મનું અવશ્ય જ વેદનીય ભાવરૂપપણું છે=અવશ્ય જ વેદન કરવા યોગ્ય છે. વળી એક જન્મવાળો અનાશ્રવ યોગ છે= એક જ વર્તમાન જન્મ છે જેને તે તેવો છે=એક જન્મવાળો છે અને તેવો અનાશ્રવ યોગ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૭૫।।**

**ભાવાર્થ :-**

જે યોગીઓ યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરી રહ્યા છે છતાં સુખશીલિયા સ્વભાવને કારણે કંટકાદિ જેવા વિઘ્નો તેમને પ્રાપ્ત થતાં હોય છે, તો કોઈ યોગીઓને જવર જેવા માયાના પરિણામને કરાવનારા વિઘ્નો પ્રાપ્ત થતા હોય છે, તો કોઈ યાગીને દિગ્મોહ જેવા ઉત્સૂત્રભાષણાદિ વિઘ્નો પ્રાપ્ત થતા હોય છે તેથી તેવા યોગીઓને મોક્ષપથને પ્રતિકૂળ એવી ચિત્તવૃત્તિરૂપ પાપઆશય વારંવાર થાય છે. તેથી તેઓની યોગની

પ્રવૃત્તિથી સાશ્રવયોગની પ્રાપ્તિ થાય છે જેના કારણે તેઓ દેવ-મનુષ્યાદિ અનેક જન્મને પ્રાપ્ત કરશે, જેથી મોક્ષમાર્ગમાં જનારા હોવા છતાં ક્યારેક દેવભવને, ક્યારેક મનુષ્યભવને અને વિશેષ પ્રમાદ કરે તો નરક-તિર્યંચાદિ ભવોને પણ પ્રાપ્ત કરીને તે યોગીઓ મોક્ષમાં જાય છે; કેમ કે મોક્ષના આશયપૂર્વક યોગને સેવનારા છે અને સ્વશક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાન કરીને વીતરાગ થવા માટેનો પ્રયત્ન પણ કરનારા છે, આમ છતાં શીતતાપાદિના પ્રાપ્તિકાળમાં શમભાવના પરિણામને છોડીને કંઈક ક્લેશો પણ કરે છે અને તેને અનુરૂપ કંઈક ક્લેશથી યુક્ત દેવ-મનુષ્ય આદિ ભવોને પણ પ્રાપ્ત કરે છે. તેઓનો મોક્ષપથમાં પ્રયાણ રૂપ યોગ સંક્લેશના પરિણામથી કંઈક અનુવિદ્ધ થવાને કારણે ઘણા જન્મોની વિડંબનાપૂર્વક જીવના ઉચિત સ્થાનરૂપ મુક્તિને પ્રાપ્ત કરાવનાર છે; કેમ કે નિરુપક્રમ પાપઆશયને કરાવનાર કર્મ અવશ્ય કંઈક વિડંબનાપૂર્વક જીવને વેદનીય છે, તેથી દેવ-મનુષ્યાદિ જન્મોની વિડંબનાને કરનાર તે કર્મ બને છે.

વળી જે યોગીઓ કંટકાદિ ત્રણે વિઘ્નોથી પર છે તેઓને વર્તમાનનો એક જ જન્મ વિદ્યમાન છે એવા યોગીઓને અનાશ્રવ યોગ છે અર્થાત્ અન્ય કોઈ જન્મની વિડંબના કરાવે તેવો યોગ નથી, પરંતુ સર્વ આશ્રવોના અભાવવાળો અનાશ્રવ યોગ છે. **॥૩૭૫॥**

**અવતરણિકા :-**

**હવે બે શ્લોકો દ્વારા સાશ્રવયોગનું અને અનાશ્રવયોગનું સ્વરૂપ સ્પષ્ટ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**आस्रवो बन्धहेतुत्वाद् बन्ध एवेह यन्मतः ।**
**स साम्परायिको मुख्यस्तदेषोऽर्थोऽस्य सङ्गतः ।।३७६।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, इह=અહીં=સાસ્રવ-અનાસ્રવ યોગના પ્રક્રમમાં, बन्धहेतुत्वाद्=બંધનું હેતુપણું હોવાથી, आस्रवः=આસ્રવ, बन्ध एव=બંધ જ, मतः=મનાયો છે, स=તે=બંધ, साम्परायिको मुख्यः=સાંપરાયિક મુખ્ય છે, तद्=તે કારણથી, एषः अर्थः=આ અર્થ=સાંપરાયિક બંધ રૂપ અર્થ, अस्य=આનો=આશ્રવનો, सङ्गतः=સંગત છે. ॥૩૭૬॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં બંધનું હેતુપણું હોવાથી આસ્રવ બંધ જ મનાયો છે, તે સાંપરાયિક મુખ્ય છે, તે કારણથી આ અર્થ આનો સંગત છે. ॥૩૭૬॥**

**ટીકા :-**

**आस्रवत्यापतति कर्म यस्मिन्स आस्रवः, शुद्धोऽशुद्धश्च योगभूत आस्रवः, बन्धहेतुत्वाद्=बन्धस्य कारणत्वात्, बन्ध एव=ज्ञानावरणादिकर्मरूप एव, कारणे कार्योपचारात्, इह=प्रक्रमे, यद्=यस्मात्**

**मतः=संमतः, सः साम्परायिकः=कषायप्रभवः, सूक्ष्मसम्परायगुणस्थानकावसानः मुख्यः=अनुपचरितः, तत्=तस्मात्, एषः साम्परायिकबन्धलक्षणः अर्थोऽभिधेयः, अस्य=आस्रवस्य, सङ्गतः ।।३७६।।**

**ટીકાર્થ :-**

**आस्रवत्यापतति ..... सङ्गतः ।। જેમાં કર્મ આસ્રવણ પામે છે=પ્રાપ્ત થાય છે તે આસ્રવ છે=જે પ્રકારના પરિણામમાં કર્મો આત્મામાં આવે છે તે પરિણામ આસ્રવ છે, શુદ્ધ-અશુદ્ધ યોગભૂત આસ્રવ છે=મોક્ષને અનુકૂળ એવા શુદ્ધ યોગભૂત અથવા મોક્ષને પ્રતિકૂળ એવા મન-વચન-કાયાના વ્યાપારભૂત આસ્રવ છે,**

આ રીતે આશ્રવની વ્યુત્પત્તિ બતાવ્યા પછી આસ્રવ બંધરૂપ કઈ રીતે છે ? તે સ્પષ્ટ કરે છે –

**બંધનું હેતુપણું હોવાથી=બંધનું કારણપણું હોવાથી, શુદ્ધ-અશુદ્ધ યોગરૂપ આસ્રવ બંધ જ છે= જ્ઞાનાવરણીય આદિ કર્મ રૂપ જ છે.**

અહીં પ્રશ્ન થાય કે કર્મબંધને અનુકૂળ શુદ્ધ-અશુદ્ધ યોગ આશ્રવ છે જે જીવના પરિણામરૂપ છે તેને જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપ કેમ કહી શકાય ? એથી કહે છે –

**કારણમાં કાર્યના ઉપચારથી=આશ્રવ રૂપ કારણમાં બંધ રૂપ કાર્યના ઉપચારથી આસ્રવ જ બંધ છે એમ કહેલ છે.**

**અહીં=સાસ્રવ યોગ-અનાસ્રવયોગના પ્રક્રમમાં, જે કારણથી મનાયો છે=આસ્રવ જ બંધ સંમત છે, તે=બંધ, સાંપરાયિક=કષાયપ્રભવ, સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક અવસાનવાળો મુખ્ય=અનુપચરિત છે, તે કારણથી આ અર્થ=સાંપરાયિક બંધ લક્ષણ અભિધેય, આનો=આશ્રવનો=સાસ્રવયોગમાં રહેલા આસ્રવ શબ્દનો, સંગત છે. (તેથી આશ્રવયોગને ઘણા જન્મ લાવનારો શ્લોક-૩૭૫માં કહ્યો તે સંગત થાય છે; કેમ કે બંધથી જ ઘણા જન્મોની પ્રાપ્તિ છે.) ॥૩૭૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૭૫માં કહ્યું કે સાશ્રવયોગ ઘણા જન્મોને લાવનારો છે. વસ્તુતઃ કર્મનો બંધ ઘણા જન્મોને લાવનારો છે, સાક્ષાત્ આસ્રવ ઘણા જન્મોને લાવનારો નથી, તેથી શ્લોકના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રી કહે છે -

આસ્રવ જ્ઞાનાવરણીયાદિ કર્મોના બંધનો હેતુ છે, તેથી તેને બંધ જ કહેવાય છે; કેમ કે બંધના કારણમાં બંધરૂપ કાર્યનો ઉપચાર કરવામાં આવે છે, તેથી આસ્રવયોગમાં રહેલો આસ્રવ કર્મબંધનો હેતુ હોવાથી ઘણા જન્મને લાવનારો છે અને ઘણા જન્મને લાવનારો એવો બંધ સાંપરાયિક કર્મબંધ અનુપચરિત છે=કષાયથી થયેલ અને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી થનારો બંધ વાસ્તવિક છે; કેમ કે તેનાથી ઘણા ભવોની પ્રાપ્તિના કારણભૂત કર્મો બંધાય છે, તેથી ચરમશરીરીને પણ સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક સુધી સાસ્રવ યોગ જ છે, જેમાં ઘણા જન્મોની પ્રાપ્તિનું સામર્થ્ય છે, છતાં તે યોગી જ્યારે વીતરાગ થાય છે ત્યારે અનાસ્રવ યોગના બળથી કર્મનો નાશ કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જે યોગીઓ યોગમાર્ગમાં પ્રસ્થિત છે, તેમાંથી જેઓ બારમા ગુણસ્થાનકને પામ્યા નથી તેઓને દશમા ગુણસ્થાનક સુધી સાશ્રવ યોગ છે અને તેના પછી અનાશ્રવ યોગની પ્રાપ્તિ કરે છે.

વળી જે યોગીને અસાનુબંધ યોગ છે તેઓને સાશ્રવ યોગ હોય છે અને તેઓ કંટકાદિ તુલ્ય વિઘ્નોને પામીને કિંચિત્ કાળ સુધી યોગમાર્ગની પ્રવૃત્તિમાં સ્ખલના પામેલા હોય છે અને તે વખતે સાશ્રવ યોગ સેવીને ઘણા જન્મને પ્રાપ્ત કરનારા થાય છે. જેમ વીર ભગવાનના જીવે નયસારના ભવમાં યોગમાર્ગનો પ્રારંભ કર્યો, ત્યારપછી મરીચિના ભવમાં સંયમ ગ્રહણ કરીને વિશેષથી યોગમાર્ગમાં પ્રવૃત્ત થયા અને કંટક વિઘ્ન જેવા શીતતાપાદિને કારણે સ્ખલના પામ્યા, તેથી ત્રિદંડીનો વેશ ગ્રહણ કર્યો ત્યારે મોક્ષમાર્ગની પ્રવૃત્તિ કંઈક સ્ખલના પામેલી હોવા છતાં તેઓ મોક્ષપથના પથિક હતા. વળી ઉત્સૂત્ર ભાષણ કર્યું, ત્યારે દિગ્મોહ થયો, તેથી મોક્ષપથિક એવા પણ તેઓની દિગ્મોહને કારણે વિરુદ્ધ દિશામાં ગમનની પ્રવૃત્તિ થઈ. ત્યારપછી વિશ્વભૂતિના ભવમાં દિગ્મોહ દૂર થવાથી મોક્ષપથનું પ્રયાણ શરૂ થયું, ફરી નિયાણુ કરીને દિગ્મોહની પ્રાપ્તિ થઈ, જેથી ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ અને નરકાદિ ભવોની પ્રાપ્તિ થઈ, વળી નંદન ઋષિના ભવમાં દિગ્મોહ દૂર થવાથી માર્ગમાં પ્રવૃત્તિ શરૂ થઈ અને ચરમભવમાં સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી તેમનો યોગ સાસ્રવ હતો, ત્યારપછી અનાશ્રવ યોગની પ્રાપ્તિ થઈ.

અનાસ્રવયોગ ફક્ત ચરમ જન્મવાળાને જ પ્રાપ્ત થાય છે, જ્યારે સાસ્રવ યોગ ચરમ જન્મવાળાને કે અનેક જન્મવાળાને પ્રાપ્ત થાય છે અને સાસ્રવ યોગમાં રહેલા ચરમ જન્મવાળાને પણ કંટક-જ્વર કે મોહ જેવાં વિઘ્નો આવે છે ત્યારે તેઓની મોક્ષપથની પ્રવૃત્તિ કિંચિત્ કાળ માટે સ્ખલના પામે છે, જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનમાં હતા ત્યારે દુર્મુખના વચનથી સાતમી નરકની તૈયારી કરે છે ત્યારે દિગ્મોહ રૂપ મિથ્યાત્વના ઉદયથી તેઓની યોગપથની પ્રવૃત્તિ સ્ખલના પામેલી અને ક્ષણ પછી સાવધ થયા, જેથી દિગ્મોહ દૂર થવાને કારણે મોક્ષપથમાં પ્રયાણ કરીને સાસ્રવ યોગ દ્વારા અનાશ્રવ યોગને પ્રાપ્ત કર્યો, જેથી કેવળજ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થઈ. **॥૩૭૬॥**

**શ્લોક :-**

**एवं चरमदेहस्य, सम्परायवियोगतः ।**
**इत्वरास्रवभावेऽपि, स तथानास्रवो मतः ।।३७७।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=શ્લોક-૩૭૬માં કહ્યું કે સકષાય જીવને સાસ્રવયોગ છે એ રીતે, चरमदेहस्य=ચરમ દેહવાળાને, सम्परायवियोगतः=સંપરાયનો વિયોગ થવાથી=કષાયનો વિયોગ થવાથી, इत्वरास्रवभावेऽपि=ઈત્વર આશ્રવના ભાવમાં પણ=બે સમયવાળા વેદનીયકર્મના બંધના સદ્‌ભાવમાં પણ, स=તે=આશ્રવ, तथा=તે પ્રકારનો, अनास्रवः=અનાસ્રવ, मतः=મનાયો છે. ॥૩૭૭॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે ચરમ દેહવાળાને સંપરાયનો વિયોગ થવાથી ઈત્વર આશ્રવના ભાવમાં પણ તે=આશ્રવ તે પ્રકારનો અનાસ્રવ મનાયો છે. ||૩૭૭||**

**ટીકા :-**

**एवं=यथा सकषायस्य सास्रवो योगस्तथा, चरमदेहस्य=पश्चिमशरीरस्य, सम्परायवियोगतः= कोपादिकषायविरहात्, इत्वरास्रवभावेऽपि=केवलं योगप्रत्ययद्विसामयिकबलवेदनीयबन्धसद्भावे, किं पुनस्तदभाव इत्यपिशब्दार्थः, एवंविधो यः सः तथा=तत्प्रकारो, अनास्रवो द्वितीयो योगभेदो मत ।।३७७।।**

**ટીકાર્થ :-**

**एवं=यथा ..... योगभेदो मतः ।। આ રીતે=જે પ્રમાણે સકષાય જીવને સાસ્રવયોગ છે તે રીતે, ચરમદેહવાળા જીવને=પશ્ચિમ શરીરવાળા જીવને, સંપરાયના વિયોગથી=કોપાદિ કષાયના વિરહથી, ઈત્વર આસ્રવના ભાવમાં પણ=કેવલ યોગ પ્રત્યય બે સમયના બલવાળા વેદનીય બંધના સદ્ભાવમાં, શું વળી તેના અભાવમાં ? એ 'इत्वरास्रवभावेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. આવા પ્રકારનો જે=ઈત્વર આશ્રવના સ્વરૂપવાળો જે આશ્રવ, તે=તે આસ્રવ, તે પ્રકારનો અનાસ્રવ નામનો બીજો યોગભેદ મનાયો છે. ||૩૭૭||**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૭૫ની અવતરણિકામાં કહ્યું કે 'સાસ્રવ-અનાસ્રવ યોગને આશ્રયીને કહે છે' તેથી હવે શ્લોક-૩૭૫-૩૭૬માં સાસ્રવ યોગ બતાવ્યા પછી અનાસ્રવ યોગ બતાવે છે –

વળી શ્લોક-૩૭૬માં કહેલ કે કષાયવાળા યોગીને સાસ્રવ યોગ છે, તેથી જેઓને કષાયનો અભાવ છે તેવા બારમા-તેરમા ગુણસ્થાનકવાળા જીવોને બે સમયનો સાતાવેદનીયનો બંધ હોવા છતાં ચરમ દેહવાળા એવા તેઓને તે પ્રકારનો અનાસ્રવ યોગ મનાયો છે અર્થાત્ બે સમયના કર્મબંધ રૂપ આસ્રવ હોવા છતાં કષાયજન્ય આસ્રવના અભાવરૂપ અનાસ્રવયોગ મનાયો છે, તેથી ચરમ દેહવાળા જીવોને બારમાં, તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં અનાસ્રવ યોગની પ્રાપ્તિ છે. **||૩૭૭||**

**અવતરણિકા :-**

**ननु कथं सास्रवोऽपि योगोऽनास्रव उक्त इत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે – સાસ્રવ પણ યોગ=બારમા-તેરમા ગુણસ્થાનકમાં વર્તતો બે સમયના કર્મના બંધને કરનાર એવો પણ યોગ=મોક્ષની સાથે યોજન કરનાર એવો સાસ્રવ પણ યોગ, અનાસ્રવ કેમ કહેવાયો છે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

શ્લોક :-

निश्चयेनात्र शब्दार्थः, सर्वत्र व्यवहारतः ।
निश्चयव्यवहारौ च, द्वावप्यभिमतार्थदौ ।।३७८।।

અન્વયાર્થ :-

अत्र=અહીં=યોગમાર્ગના અધિકારમાં, निश्चयेन व्यवहारतः=નિશ્ચયથી ઉપલક્ષિત એવા વ્યવહારથી, सर्वत्र=સર્વ કૃત્યોમાં, शब्दार्थः=શબ્દાર્થ છે=અનાસ્રવ આદિ શબ્દગત અર્થ છે, च=અને, निश्चयव्यवहारौ द्वावपि=નિશ્ચય અને વ્યવહાર બન્ને પણ, अभिमतार्थदौ=અભિમત અર્થને દેનારા છે. ।।૩૭૮।।

શ્લોકાર્થ :-

**અહીં નિશ્ચયથી ઉપલક્ષિત એવા વ્યવહારથી સર્વ કૃત્યોમાં શબ્દાર્થ છે અને નિશ્ચય અને વ્યવહાર બન્ને પણ અભિમત અર્થને દેનારા છે. ।।૩૭૮।।**

ટીકા :-

निश्चयेनोपलक्षितान्निश्चयप्रापकादित्यर्थः, अत्र=योगाधिकारे, शब्दार्थः=अनास्रवादिशब्दगतः, सर्वत्र=सर्वेषु, व्यवहारतो=व्यवहारादेशात्, निश्चयेन ह्ययोगिकेवलिन्यनास्रवो योगः, यस्तु सयोगिन्यप्यनास्रवत्वेन योगोऽभिधीयते स निश्चयहेतुना व्यवहारेणेति, एवं च सति निश्चयव्यवहारौ च निश्चयो व्यवहारश्चेत्यर्थः द्वावप्यभिमतार्थदौ=इष्टफलदायकौ वर्तेते इति ।।३७८।।

ટીકાર્થ :-

निश्चयेनोप ..... वर्तेते इति ।। અહીં=યોગમાર્ગના અધિકારમાં, સર્વત્ર=સર્વમાં, નિશ્ચયથી ઉપલક્ષિત એવા=નિશ્ચયપ્રાપક એવા, વ્યવહારથી=વ્યવહારના આદેશથી, શબ્દનો અર્થ છે=અનાસ્રવ આદિ શબ્દગત અર્થ છે,

નિશ્ચયથી ઉપલક્ષિત વ્યવહારથી અનાસ્રવ શબ્દનો અર્થ કેમ છે તે સ્પષ્ટ કરે છે –

**નિશ્ચયથી અયોગી કેવલીને અનાસ્રવ યોગ છે. વળી જે સયોગીમાં પણ અનાસ્રવપણાથી યોગ કહેવાય છે તે નિશ્ચય હેતુ એવા વ્યવહારથી છે. 'इति' શબ્દ નિશ્ચય એવા વ્યવહારથી અનાસ્રવ શબ્દનો અર્થ કેમ છે તેની સ્પષ્ટતાની સમાપ્તિ માટે છે. અને આ રીતે હોતે છતે=નિશ્ચયપ્રાપક વ્યવહારથી અનાસ્રવ યોગનો અર્થ કર્યો એ રીતે હોતે છતે, નિશ્ચય અને વ્યવહાર બન્ને પણ અભિમત અર્થને દેનારા=ઇષ્ટ ફલદાયક વર્તે છે. ।।૩૭૮।।**

ભાવાર્થ :-

યોગમાર્ગના અધિકારમાં જે કંઈ કૃત્યો છે તે સર્વ કૃત્યોમાં જે જે શબ્દના પ્રયોગો કરાયા છે તે સર્વ શબ્દના અર્થો નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી ગ્રહણ કરવામાં આવે છે. જેમ મોક્ષનું કારણ સામાયિક છે એમ

કહેવામાં આવે ત્યારે સ્થૂલ નિશ્ચય નિરપેક્ષ વ્યવહાર દૃષ્ટિએ જોનારા જીવો સામાયિક ઉચ્ચરાવીને બે ઘડી સ્વાધ્યાય આદિ કરે તેને સામાયિક શબ્દથી ગ્રહણ કરે છે. નિશ્ચય દૃષ્ટિવાળા જીવો આત્માના શમભાવના પરિણામને સામાયિક શબ્દથી ગ્રહણ કરે છે, પરંતુ વ્યવહારનયને સંમત સામાયિકની ગ્રહણાત્મક ક્રિયાને નહિ અને નિશ્ચયપ્રાપક વ્યવહારનયની દૃષ્ટિવાળા જીવો "શત્રુ-મિત્ર, જીવન-મૃત્યુ, સુખ-દુઃખ આદિ સર્વ ભાવો પ્રત્યે શમભાવનો પરિણામ થાય તેવા પ્રણિધાનપૂર્વક તેની પ્રાપ્તિના ઉપાયભૂત સામાયિક ગ્રહણની ક્રિયા તે રીતે કરવામાં આવે જેથી સામાયિક ગ્રહણની વિધિના બળથી શમભાવનો પરિણામ ઉલ્લસિત થાય અને સામાયિક દરમ્યાન કરાતા સ્વાધ્યાયથી તે પરિણામ પુષ્ટ પુષ્ટતર થાય" તેને સામાયિક શબ્દથી ગ્રહણ કરે છે અને આ પ્રકારનો નિશ્ચયપ્રાપક વ્યવહાર સામાયિકના ઇષ્ટ ફલનો દાયક છે, તેથી શાસ્ત્રમાં યોગમાર્ગને કહેનારા સર્વ શબ્દોનો અર્થ નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી ગ્રહણ કરવામાં આવે છે તે રીતે પ્રસ્તુતમાં પણ નિશ્ચયનયને અભિમત અનાસ્રવ યોગ અયોગી કેવલીને છે અને તેનો પ્રાપક એવો યોગ બારમા-તેરમા ગુણસ્થાનકમાં છે; કેમ કે ચરમ દેહવાળા જીવો કષાયના વિગમનથી વીતરાગ થાય છે, ત્યારપછી તેઓને જે આસ્રવ થાય છે તે અનાસ્રવ યોગનું જ કારણ છે, પરંતુ સંસારની પ્રાપ્તિનું કારણ નથી, માટે નિશ્ચયનયને અભિમત એવા અનાસ્રવ યોગના પ્રાપક આસ્રવયોગને પણ નિશ્ચયપ્રાપક વ્યવહારનય અનાસ્રવ યોગ કહે છે, તેથી જેમ સામાયિકની સુવિશુદ્ધ ક્રિયાથી કરાયેલો સામાયિકનો પરિણામ ઇષ્ટ એવા સામાયિકના ફળને આપે છે તેમ બારમા, તેરમા અને ચૌદમા ગુણસ્થાનકમાં રહેલો અનાસ્રવ યોગ પણ ઇષ્ટ એવા મોક્ષફળને આપનાર છે.

અહીં ચરમ દેહવાળા જીવને કષાયના વિયોગથી અનાસ્રવ યોગ છે તેમ કહેવાથી ઉપશમશ્રેણિવાળા કષાય વગરના જીવોને અનાસ્રવ યોગ નથી તેમ પ્રાપ્ત થાય છે; કેમ કે ૧૧મા ગુણસ્થાનકમાં બે સમયના બલવાળા વેદનીય કર્મનો બંધ હોવા છતાં નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી તેઓને અનાસ્રવ યોગ નથી અર્થાત્ તેઓનો બે સમયનો બંધ યોગ નિરોધ પ્રત્યે કારણ નહિ હોવાથી નિશ્ચયપ્રાપક વ્યવહારનયથી અનાસ્રવ યોગ નથી, આથી જ ઉપશાંત કષાયવાળા ૧૧મા ગુણસ્થાનકથી પડેલા જીવો કેટલોક કાળ સંસારમાં પરિભ્રમણ પણ કરે છે. **॥૩૭૮॥**

**અવતરણિકા :-**

**अथोपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫૭માં કહેલ કે ચારિત્રનો પરિણામ થયે છતે અધ્યાત્માદિ યોગો પ્રવર્તે છે તે અધ્યાત્માદિ યોગોના ભેદોનું અત્યાર સુધી વર્ણન કર્યું, હવે તે સર્વનો ઉપસંહાર કરતાં કહે છે –

**શ્લોક :-**

**संक्षेपात्सफलो योग, इति सन्दर्शितो ह्ययम् ।**
**आद्यन्तौ तु पुनः स्पष्टं, ब्रूमोऽस्यैव विशेषतः ।।३७९।।**

**અન્વયાર્થ :-**

**संक्षेपात्=સંક્ષેપથી, सफलो योगः=સફલ યોગ છે=ફલ સહિત યોગ છે, इति=એ પ્રમાણે, अयं=આ= અધ્યાત્માદિ ભેદ, हि=સ્પષ્ટપણાથી, सन्दर्शितः=બતાવાયો, पुनः=વળી, अस्यैव=આના જ=યોગના જ, आद्यन्तौ तु=પહેલાને અને છેલ્લાને જ, स्पष्टं=સ્પષ્ટ, विशेषतः=વિશેષથી, ब्रूमः=અમે કહીએ છીએ. ।।૩૭૯।।**

**શ્લોકાર્થ :-**

**સંક્ષેપથી સફલ યોગ છે એ પ્રમાણે આ અધ્યાત્માદિભેદ, સ્પષ્ટપણાથી બતાવાયો. વળી આના જ પહેલાને અને છેલ્લાને જ સ્પષ્ટ વિશેષથી અમે કહીએ છીએ. ।।૩૭૯।।**

**ટીકા :-**

**संक्षेपात्=समासात्, सफलः=सह फलेन, योग इति=एवं, सन्दर्शितः, हिः=स्फुटवृत्त्या, अयम्= अध्यात्मादिभेदः, आद्यन्तौ तु पुनः=आद्यन्तावेव पुनः=अध्यात्मवृत्तिसंक्षयलक्षणौ भेदौ स्पष्टं=स्फुटं, ब्रूमोऽस्यैव=योगस्य, विशेषतो=विशेषेण ।।३७९।।**

***ટીકાર્થ :-***

संक्षेपात् ..... विशेषेण ।। **સંક્ષેપથી=સમાસથી, ફલથી સહિત યોગ છે એ પ્રમાણે આ=અધ્યાત્માદિ ભેદ, સ્પષ્ટવૃત્તિથી બતાવાયો, વળી આદિ અને અંત જ=અધ્યાત્મ અને વૃત્તિસંક્ષય લક્ષણ બે ભેદો જ, આના જ=યોગના જ, વિશેષથી સ્પષ્ટ અમે કહીએ છીએ. ।।૩૭૯।।**

**ભાવાર્થ :-**

શ્લોકના પૂર્વાર્ધથી અવતરણિકાના વચનાનુસાર પૂર્વના કથનનો ઉપસંહાર કરે છે અને કહે છે કે ફલના વર્ણનથી યુક્ત આ યોગ સંક્ષેપથી ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી બતાવ્યો છે; કેમ કે શ્લોક-૩૫૮થી માંડીને અત્યાર સુધી અધ્યાત્માદિ યોગો અને અધ્યાત્માદિ પાંચે યોગોનું ફળ ગ્રંથકારશ્રીએ બતાવેલ છે. હવે શ્લોકના ઉત્તરાર્ધથી અધ્યાત્મ યોગ અને વૃત્તિસંક્ષય યોગને વિશેષથી બતાવવાની પ્રતિજ્ઞા કરે છે. **।।૩૭૯।।**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

આને જ=શ્લોક-૩૭૯માં કરેલી પ્રતિજ્ઞાનુસાર અધ્યાત્મ યોગને જ, કહે છે –

**શ્લોક :-**

तत्त्वचिन्तनमध्यात्ममौचित्यादियुतस्य तु ।
उक्तं विचित्रमेतच्च, तथावस्थादिभेदतः ।।३८०।।

**અન્વયાર્થ :-**

औचित्यादियुतस्य तु=ઔચિત્યાદિ યુક્ત જીવનું જ, तत्त्वचिन्तनं=તત્ત્વચિંતન, अध्यात्मं=અધ્યાત્મ, उक्तं=કહેવાયું, च=અને, एतद्=આ=અધ્યાત્મ, तथावस्थादिभेदतः=તે પ્રકારના અવસ્થાદિના ભેદથી, विचित्रम्=વિચિત્ર છે=અનેક પ્રકારનું છે. ॥૩૮૦॥

**શ્લોકાર્થ :-**

**ઔચિત્યાદિયુક્ત જીવનું જ તત્ત્વચિંતન અધ્યાત્મ કહેવાયું અને આ તે પ્રકારના અવસ્થાદિના ભેદથી વિચિત્ર છે. ॥૩૮૦॥**

**ટીકા :-**

**तत्त्वचिन्तनं परमार्थभावनारूपम् अध्यात्मम् औचित्येन सर्वार्थगोचरेण आदिशब्दान्मैत्र्यादिगुणैश्च युतस्य तु=युक्तस्यैव, उक्तं च –**

'औचित्याद् वृत्तयुक्तस्य, वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिभावसंयुक्तमध्यात्मं तद्विदो विदुः ।।' **(श्लोक ३५८)**

**इत्यनेन ग्रन्थेन, विचित्रं=नानारूपम्, एतच्च=एतत्पुनः=अध्यात्मम्, कुत इत्याह – तथा=तत्प्रकारा, येऽवस्थादयो द्रव्यक्षेत्रकालभावाः तेषां भेदाः=विशेषाः, तेभ्य इति ।।३८०।।**

**ટીકાર્થ :-**

तत्त्वचिन्तनं ..... तेभ्य इति ।। સર્વાર્થ ગોચર ઔચિત્યથી=સર્વ પ્રવૃત્તિ વિષયક ઔચિત્યથી, યુક્તનું અને 'आदि' શબ્દથી મૈત્રી આદિ ગુણોથી યુક્ત જ જીવનું પરમાર્થ ભાવનારૂપ તત્ત્વચિંતન અધ્યાત્મ છે અને "ઔચિત્યથી વૃત્તયુક્તને મૈત્રી આદિ ભાવથી સંયુક્ત વચનથી તત્ત્વચિંતન અધ્યાત્મ તેના જાણનારાઓ કહે છે" એ રૂપ ૩૫૮મા શ્લોકથી કહેવાયું છે. વળી આ=અધ્યાત્મ, વિચિત્ર=અનેક રૂપવાળું છે, કેમ અનેક રૂપવાળું છે ? એથી કહે છે – તે પ્રકારે જે અવસ્થાદિ રૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ તેઓના ભેદો=વિશેષો, તેનાથી અધ્યાત્મ અનેક પ્રકારનું છે એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૮૦॥

**ભાવાર્થ :-**

શ્લોક-૩૫૮મા ગ્રંથકારશ્રીએ ઔચિત્યાદિ યુક્ત એવા જીવનું તત્ત્વચિંતન અધ્યાત્મરૂપ છે તેમ કહ્યું, તેથી કોઈને ભ્રમ થાય કે માત્ર તત્ત્વચિંતનરૂપ જ અધ્યાત્મ છે અન્ય ભેદો નથી, તે શંકાના નિવારણ માટે કહે છે કે જીવની તે પ્રકારના અવસ્થાદિના ભેદથી આ અધ્યાત્મ અનેક પ્રકારનું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ મહાત્મા ઔચિત્યપૂર્વક ચારિત્ર ગ્રહણ કર્યા પછી મૈત્રી આદિ ભાવોથી ભાવિત થાય અને આત્માના પારમાર્થિક સ્વરૂપના ભાવનરૂપ તત્ત્વચિંતન કરતા હોય ત્યારે તે મહાત્મા મોહથી અનાકુળ એવા આત્મસ્વરૂપમાં વિશ્રાંત થવા યત્ન કરી રહ્યા છે, માટે તે મહાત્મામાં તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ છે, પરંતુ જેઓ એવી ભૂમિકાને પામ્યા નથી, આમ છતાં પોતાને પ્રાપ્ત થયેલા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ રૂપ જે અવસ્થાઓ છે તેને આશ્રયીને આત્માના શુદ્ધ ભાવમાં જવા માટે અન્ય પણ જે કોઈ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે તે સ્વરૂપ અનેક પ્રકારનું અધ્યાત્મ છે અને તે અનેક ભેદો જ સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **॥૩૮૦॥**

**અવતરણિકા :-**

**तत्र –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=અધ્યાત્મના અનેક ભેદોમાં, અધ્યાત્મનો અન્ય ભેદ બતાવે છે –**

**શ્લોક :-**

**आदिकर्मकमाश्रित्य जपो ह्यध्यात्ममुच्यते ।**
**देवतानुग्रहाङ्गत्वादतोऽयमभिधीयते ।।३८१।।**

**અન્વયાર્થ :-**

**आदिकर्मकमाश्रित्य=આદિ ધાર્મિકને આશ્રયીને, जपो हि=જપ જ, अध्यात्मं=અધ્યાત્મ, उच्यते=કહેવાય છે, देवतानुग्रहाङ्गत्वाद्=કેમ કે દેવતાના અનુગ્રહનું અંગપણું છે=જપમાં દેવતા રૂપ તીર્થંકરને અભિમુખ થવા સ્વરૂપ અંગપણું છે, अतः=આથી=આદિ ધાર્મિકને આશ્રયીને જપ અધ્યાત્મ છે આથી, अयम्=આ=જપ, अभिधीयते=કહેવાય છે. ॥૩૮૧॥**

**શ્લોકાર્થ :-**

**આદિ ધાર્મિકને આશ્રયીને જપ જ અધ્યાત્મ કહેવાય છે; કેમ કે દેવતાના અનુગ્રહનું અંગપણું છે, આથી આ કહેવાય છે. ॥૩૮૧॥**

**ટીકા :-**

**आदिकर्मकं प्रधानधार्मिकलक्षणम् आश्रित्य=अपेक्ष्य, जपो हि करजपादिरूप एव अध्यात्म-मुच्यते, कुत इत्याह – देवतानुग्रहाङ्गत्वात्=देवतानुग्रहस्य तदुपकाररूपस्याङ्गत्वात्=कारणभावत्वात्, अत ऊर्ध्वम् अयं=जपः, अभिधीयत इति ।।३८१।।**

**ટીકાર્થ :-**

आदिकर्मकं ..... जपोऽभिधीयत इति ।। **પ્રધાન ધાર્મિક સ્વરૂપ આદિકર્મકને આશ્રયીને=અપેક્ષા કરીને, કરજપાદિ રૂપ જપ જ અધ્યાત્મ કહેવાય છે, કેમ જપ અધ્યાત્મ કહેવાયો છે ? એથી કહે છે – દેવતાના અનુગ્રહનું અંગપણું હોવાથી=દેવતાના અનુગ્રહરૂપ તેના ઉપકારનું અંગપણું હોવાથી અર્થાત્ કારણભાવપણું હોવાથી, જપ અધ્યાત્મ કહેવાયો છે એમ અન્વય છે, આથી=જપ અધ્યાત્મ છે આથી, ઊર્ધ્વમાં=આગળના શ્લોકમાં, આ=જપ કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૩૮૧॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૬૯માં અધ્યાત્મ-ભાવનારૂપ યોગ વ્યવહારથી અપુનર્બંધકને અને સમ્યગ્દૃષ્ટિને તાત્ત્વિક છે અને નિશ્ચયનયથી ચારિત્રીને તાત્ત્વિક છે એમ કહ્યું, તેમાંથી શ્લોક-૩૮૦માં બતાવેલ તત્ત્વચિંતનરૂપ અધ્યાત્મ યોગ ચારિત્રીને છે તે બતાવ્યું. હવે વ્યવહારથી અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિને જે તાત્ત્વિક અધ્યાત્મ છે તેનું સ્વરૂપ બતાવતાં કહે છે –

યોગમાર્ગની પ્રથમ ભૂમિકામાં રહેલા એવા આદિ ધાર્મિક જીવો અપુનર્બંધક અને સમ્યગ્દૃષ્ટિ છે. તેઓને આશ્રયીને કર-જપાદિરૂપ જાપ જ અધ્યાત્મ છે; કેમ કે આગળ બતાવાશે એ પ્રકારની વિધિપૂર્વક સ્થૂલબોધવાળા અપુનર્બંધક જીવો અને સૂક્ષ્મ બોધવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો જપ કરીને જાપના વિષયભૂત તીર્થંકર પ્રત્યે વિશેષ પ્રકારના બહુમાનવાળા થાય છે, તેથી તીર્થંકરના ગુણોથી રંજિત થયેલું તેમનું ચિત્ત હોવાથી તીર્થંકરના અનુગ્રહની તેમને પ્રાપ્તિ થાય છે, તેથી તેવા જીવોને આશ્રયીને જપ રૂપ અધ્યાત્મ છે તેનું સ્વરૂપ આગળ કહેવાની પ્રતિજ્ઞા ગ્રંથકારશ્રી કરે છે. **॥૩૮૧॥**

**અવતરણિકા :-**

**यथा –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૩૮૧માં કહ્યું કે હવે પછી આ જપ કહેવાય છે, તેથી હવે તે જપને 'यथा'થી બતાવે છે –**

શ્લોક :-

जपः सन्मन्त्रविषयः स चोक्तो देवतास्तवः ।
दृष्टः पापापहारोऽस्माद्, विषापहरणं यथा ।।३८२।।

અન્વયાર્થ :-

जपः=જપ, सन्मन्त्रविषयः=સન્મંત્રના વિષયવાળો છે=વિશિષ્ટ મંત્રના વિષયવાળો છે, च=અને, स=તે=મંત્ર, देवतास्तवः उक्तः=દેવતાસ્તવ કહેવાયો છે, अस्माद्=આનાથી=સન્મંત્ર રૂપ દેવતાસ્તવથી, पापापहारः दृष्टः=પાપનો અપહાર જોવાયેલો છે, यथा=જે પ્રમાણે તેવા પ્રકારના મંત્રથી, विषापहरणं=વિષનું અપહરણ જોવાયું છે. ।।૩૮૨।।

શ્લોકાર્થ :-

**જપ સન્મંત્રના વિષયવાળો છે અને તે દેવતાસ્તવ કહેવાયો છે, આનાથી પાપનો અપહાર જોવાયેલો છે, જે પ્રમાણે તેવા પ્રકારના મંત્રથી વિષનું અપહરણ જોવાયું છે. ।।૩૮૨।।**

ટીકા :-

जपः पुनः पुनः परिवृत्तिरूपः सन्मन्त्रविषयो=विशिष्टमन्त्रगोचरः, स च=स पुनः=मन्त्रः, उक्तो देवतास्तवः=ऋषभादिदेवतास्तवरूपः प्रणवनमःशब्दादिस्वाहापर्यन्तः, अथास्य फलमाह – दृष्टः पापापहारः=मिथ्यात्वादिपापप्रलयः, अस्मात्=सन्मन्त्ररूपाद्देवतास्तवात्, विषापहरणं=स्थावरजङ्गमरूप-विषोत्तारणं, यथा-तथाविधमन्त्रात् ।।३८२।।

ટીકાર્થ :-

जपः ..... तथाविधमन्त्रात् ।। વળી વળી પરિવૃત્તિરૂપ જપ=પરિવર્તન રૂપ જપ, સન્મંત્રના વિષયવાળો છે=વિશિષ્ટ મંત્રના વિષયવાળો છે અર્થાત્ વિશિષ્ટ મંત્રનો જપ કરાય છે, વળી તે=મંત્ર, દેવતાસ્તવ=પ્રણવ અને નમઃ શબ્દ છે આદિમાં અને સ્વાહા છે અંતમાં જેને એવો ઋષભાદિ દેવતાસ્તવરૂપ કહેવાયો છે.

હવે આનું=દેવતાસ્તવના જપનું, ફલ કહે છે – આનાથી=સન્મંત્રરૂપ દેવતાસ્તવથી=સન્મંત્રરૂપ દેવતાસ્તવના જપથી, પાપનો અપહાર જોવાયો છે=મિથ્યાત્વાદિ પાપનો પ્રલય જોવાયો છે, જે પ્રમાણે તેવા પ્રકારના મંત્રથી=વિષના અપહારનું કારણ બને તેવા મંત્રથી, વિષનું અપહરણ=સ્થાવર-જંગમરૂપ વિષનું ઉત્તારણ, જોવાયું છે. ।।૩૮૨।।

ભાવાર્થ :-

જપ શબ્દ ફરી ફરી પરિવર્તનના અર્થમાં છે અને તે જપ ગમે તે શબ્દના પરિવર્તનરૂપ નથી, પરંતુ વિશિષ્ટ મંત્રના પરિવર્તન સ્વરૂપ છે અને તે વિશિષ્ટ મંત્ર શું છે તે સ્પષ્ટ કરતાં કહે છે –

'ૐ નમઃ ઋષભદેવાય સ્વાહા' ઇત્યાદિ તીર્થંકરોના નામના ઉલ્લેખવાળા શબ્દો વિશિષ્ટ મંત્રરૂપ છે અને તેના વિષયમાં જપ કરાય છે. આ જપથી અપુનર્બંધક જીવોને અને સમ્યગ્દષ્ટિ જીવોને પાપ અપહારરૂપ ફલની પ્રાપ્તિ થાય છે, જેમ વિષ-અપહાર મંત્રથી દેહમાં વર્તતા વિષનું અપહરણ થાય છે તેમ તચ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાપૂર્વક કરાતા જપથી જપ કરનારનું ચિત્ત વીતરાગ દેવતાના ગુણોને અભિમુખ-અભિમુખતર થાય છે, જેનાથી અપુનર્બંધક જીવોના મિથ્યાત્વરૂપ પાપનો નાશ થાય છે; કેમ કે તીર્થંકરના ગુણોમાં સૂક્ષ્મ ઉપયોગને કારણે તીર્થંકરના સ્વરૂપના સૂક્ષ્મબોધમાં આવારક કર્મોનો ક્ષય થાય છે અને સમ્યગ્દષ્ટિને જપથી વિરતિ આવારક પાપકર્મોનો નાશ થાય છે; કેમ કે જપના વિષયભૂત તીર્થંકરના ગુણોમાં લીન થયેલું ચિત્ત તીર્થંકર તુલ્ય ચારિત્રના પાલનની મહાશક્તિનું આધાન કરે છે, તેથી ભૂમિકા અનુસાર કરાયેલા જપથી મિથ્યાત્વ આપાદક વિષનું કે અવિરતિ આપાદક વિષનું અપહરણ થાય છે, તેથી આદિ ભૂમિકાના ધાર્મિક એવા અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિ જીવોને તચ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાથી કરાતા જપકાલમાં અધ્યાત્મની પ્રાપ્તિ છે; કેમ કે આત્માના શુદ્ધ ભાવમાં જવાને અનુકૂળ વ્યાપાર તે જપની ક્રિયા છે. **॥૩૮૨॥**

**અવતરણિકા :-**

**यथाऽसौ कर्तव्यस्तथाह –**

**અવતરણિકાર્થ :-**

**જે પ્રમાણે આ=સન્મંત્ર વિષયવાળો જપ, કર્તવ્ય છે તે પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**देवतापुरतो वापि, जले वाऽकलुषात्मनि ।**
**विशिष्टद्रुमकुञ्जे वा, कर्तव्योऽयं सतां मतः ।।३८३।।**

**અન્વયાર્થ :-**

**देवतापुरतः=દેવતાની આગળ=પ્રતિમાની આગળ, वापि=અથવા, अकलुषात्मनि जले=અકલુષ સ્વરૂપ જલમાં=સ્વચ્છ સ્વભાવવાળા જલ સમીપમાં, वा=અથવા, विशिष्टद्रुमकुञ्जे=વિશિષ્ટ વૃક્ષકુંજોમાં, अयं=આ=જપ, सतां=સંતપુરુષોને, कर्तव्यः=કર્તવ્ય, मतः=અભિમત છે. ॥૩૮૩॥**

**શ્લોકાર્થ :-**

**દેવતાની આગળ અથવા અકલુષ સ્વરૂપ જલમાં અથવા વિશિષ્ટ વૃક્ષકુંજોમાં આ સંતપુરુષોને કર્તવ્ય અભિમત છે. ॥૩૮૩॥**

**ટીકા :-**

देवताया निष्कलदेवतारूपायाः पुरतः=अग्रतः, वापीति विकल्पे वा जले वाऽकलुषात्मनि-

**स्वच्छस्वभावेऽकलुषजलसमीपे वेत्यर्थः, विशिष्टद्रुमकुञ्जे वा=बहलपत्रपुष्पफलशालिनां वनस्पतीनां गहने वा, कर्तव्योऽयं जपः सतां मतः ।।३८३।।**

**ટીકાર્થ :-**

**देवताया ..... मतः ।। દેવતાની આગળ=નિષ્કલ દેવતા રૂપ દેવતાની આગળ, 'वापि' એ વિકલ્પ અર્થમાં છે,**

તે વિકલ્પ બતાવે છે –

**અથવા અકલુષ સ્વરૂપ જલમાં=સ્વચ્છ સ્વભાવવાળા અકલુષ જલની સમીપમાં, અથવા વિશિષ્ટ વૃક્ષની કુંજોમાં=ઘણા પત્ર-પુષ્પ-ફલશાલિ એવી વનસ્પતિની ઘટામાં, આ જપ કર્તવ્ય સંતોને અભિમત છે. ।।૩૮૩।।**

**ભાવાર્થ :-**

આદ્યભૂમિકાવાળા જીવો બાહ્ય વાતાવરણ અનુસાર ચિત્તના પરિણામવાળા થાય છે, તેથી જે તે સ્થાનમાં જપ કરવા બેસે તો તે આજુબાજુના વાતાવરણ અનુસાર તેમનું ચિત્ત પણ તે પ્રકારના ભાવવાળું અસ્થિર રહે છે, તેથી જપ માટે કેવા પ્રકારના સ્થાને બેસવાથી ચિત્તનું સ્થૈર્ય થાય તેને સામે રાખીને કહે છે –

તીર્થંકરોની પ્રતિમા આગળ શાંત વાતાવરણમાં બેસીને જપ કરવાથી સુખપૂર્વક જપના વિષયભૂત તીર્થંકરોના ગુણમાં લીનતાની પ્રાપ્તિ થાય છે, તેથી ઘણા લોકોના ગમનાગમનવાળા સ્થાનમાં જિનપ્રતિમા આગળ બેસીને જપ કરવાથી તે પ્રકારનો સ્થૈર્યવાળો જપ થતો નથી, તેથી એકાંત વાતાવરણમાં જિનપ્રતિમાની આગળ જપ કરવો જોઈએ અથવા કોઈ સ્થાને જળ વહેતું હોય, શાંત વાતાવરણ હોય તેવા સ્થાનમાં બેસીને જપ કરવાથી તે સ્વચ્છ જલના શાંત વાતાવરણના બળથી જપમાં સુખપૂર્વક સ્થૈર્ય આવે છે, તેથી તેવા સ્થાનમાં જપ કરવો જોઈએ અથવા ઘણા ઘટાદાર સુંદર પુષ્પો-ફળોથી શોભતાં વૃક્ષોના સમૂહના ગહન દેશમાં બેસીને જપ કરવો જોઈએ, જેથી તે પ્રકારના વનસ્પતિથી ગહન ક્ષેત્રના આલંબનથી જપમાં સ્થૈર્યની પ્રાપ્તિ થાય. આ પ્રકારે જપના સ્થાનવિષયક સંતપુરુષોનો અભિપ્રાય છે. **।।૩૮૩।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૮૩માં આદિ ધાર્મિક જીવોએ કેવા સ્થાનમાં જપ કરવો જોઈએ તે બતાવ્યું, હવે તે જપ કઈ રીતે કરવો જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**पर्वोपलक्षितो यद्वा, पुत्रंजीवकमालया ।**
**नासाग्रस्थितया दृष्ट्या, प्रशान्तेनान्तरात्मना ।।३८४।।**

**અન્વયાર્થ :-**

**પર્વોપલક્ષિતઃ=પર્વથી ઉપલક્ષિત=હાથની અંગુલીના પર્વના દક્ષિણાવર્તથી ચિહ્નિત જપ કરવો જોઈએ, યદ્વા=અથવા, પુત્રંજીવકમાલયા=પુત્રંજીવકમાલાથી=રુદ્રાક્ષની માલાથી, નાસાગ્રસ્થિતયા દૃષ્ટ્યા= નાસાગ્ર સ્થિત દૃષ્ટિ વડે, પ્રશાન્તેનાન્તરાત્મના=પ્રશાંત એવા અંતરાત્માથી જપ કરવો જોઈએ. ॥૩૮૪॥**

**શ્લોકાર્થ :-**

**પર્વથી ઉપલક્ષિત અથવા પુત્રંજીવકમાલાથી નાસાગ્ર સ્થિત દૃષ્ટિ વડે પ્રશાંત એવા અંતરાત્માથી જપ કરવો જોઈએ. ॥૩૮૪॥**

**ટીકા :-**

**पर्वोपलक्षितः=कराङ्गुलीपर्वप्रादक्षिण्यचिह्नितः, 'यद्वा' इति पक्षान्तरे पुत्रंजीवकमालया= रुद्राक्षनामकवनस्पतिफलमालया, नासिकाग्रभागप्रतिबद्धया दृष्ट्या प्रतीतरूपया तथा प्रशान्तेन= प्रशमभाजा अन्तरात्मना मनोरूपेण ।।३८४।।**

**ટીકાર્થ :-**

**पर्वोपलक्षितः ..... मनोरूपेण ।। પર્વથી ઉપલક્ષિત=હાથની અંગુલીના પર્વના પ્રદક્ષિણાવર્તથી ચિહ્નિત, 'यद्वा' એ પક્ષાંતરમાં છે,**

તે પક્ષાંતર બતાવે છે –

**પુત્રંજીવકમાલાથી=રુદ્રાક્ષ નામની વનસ્પતિના ફળની માળાથી, જપ કરવો જોઈએ એમ અન્વય છે,**

કઈ રીતે કરવો જોઈએ ? એથી કહે છે –

**પ્રતીતરૂપ એવી નાસિકાના અગ્રભાગ સાથે પ્રતિબદ્ધ એવી દૃષ્ટિથી, પ્રશાંત એવા અંતરાત્માથી= પ્રશમવાળા મનરૂપ અંતરાત્માથી જપ કરવો જોઈએ. ॥૩૮૪॥**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારના વાસ્તવિક સ્વરૂપને જોઈને સંસારથી વિમુખ થયા છે તેવા અપુનર્બંધક કે સમ્યગ્દૃષ્ટિ જીવોએ પોતાના આત્માને ગુણથી સમૃદ્ધ કરવા માટે પ્રથમ મનને અત્યંત પ્રશાંત કરવું જોઈએ અર્થાત્ સંસારના વાસ્તવિક સ્વરૂપનું ભાવન કરીને સંસારના ભાવોથી વિમુખ અને આત્માના ગુણોમાં જવાને અભિમુખ મનને કરવું જોઈએ. ત્યારપછી શ્લોક-૩૮૩માં બતાવ્યું તેવા કોઈક ઉચિત સ્થાને બેસીને અને કરની અંગુલીના પર્વથી પ્રદક્ષિણાવર્ત કરીને શ્લોક-૩૮૨માં કહ્યું તેવા 'ૐ નમઃ ઋષભદેવાય સ્વાહા' ઇત્યાદિ રૂપ જપ, કરવો જોઈએ અથવા રુદ્રાક્ષ નામની વનસ્પતિની માળાથી જપ કરવો જોઈએ.

વળી જપકાળમાં ચિત્તને નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર કરીને અત્યંત શાંત ચિત્તવૃત્તિથી આગળના શ્લોકમાં કહેવાશે તે રીતે જપ કરવો જોઈએ, જે જપથી વીતરાગના ગુણોથી વાસિત થયેલો આત્મા થાય છે તેથી દિવસ દરમ્યાન વીતરાગભાવને અભિમુખ સ્થિર-સ્થિરતર થઈ શકે તેવા મહાબળનું આધાન થાય છે. **॥૩૮૪॥**

**અવતરણિકા :-**

**तत्र च यत्कृत्यान्तरं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**અને ત્યાં=પ્રશાંત અંતરાત્માથી જપના પ્રવૃત્તિકાળમાં, જે કૃત્યાંતર છે=શ્લોક-૩૮૪માં કહેલ કૃત્યથી જે અન્ય કૃત્ય છે, તેને કહે છે –**

**શ્લોક :-**

**विधाने चेतसो वृत्तिस्तद्वर्णेषु तथेष्यते ।**
**अर्थे चालम्बने चैव, त्यागश्चोपप्लवे सति ।।३८५।।**

**અન્વયાર્થ :-**

विधाने=વિધાનમાં=જપના વિષયમાં, तथा=અને, तद्वर्णेषु=તેના વર્ણમાં=જપના વિષયભૂત મંત્રાક્ષર રૂપ વર્ણમાં, अर्थे=અર્થમાં, च=અને, आलम्बने चैव=આલંબનમાં, चेतसो वृत्तिः=ચિત્તની વૃત્તિ, इष्यते=ઈચ્છાય છે, च=અને, उपप्लवे सति=ઉપપ્લવ થયે છતે=મનનું અસ્થૈર્ય હોતે છતે, त्यागः=ત્યાગ કરવો=જપનો ત્યાગ કરવો ઉચિત છે. ॥૩૮૫॥

**શ્લોકાર્થ :-**

**વિધાનમાં અને તેના વર્ણમાં, અર્થમાં અને આલંબનમાં ચિત્તની વૃત્તિ ઈચ્છાય છે અને ઉપપ્લવ થયે છતે ત્યાગ કરવો ઉચિત છે. ॥૩૮૫॥**

**ટીકા :-**

**विधाने=जपविषये, चेतसो=मनसो वृत्तिः, तद्वर्णेषु सन्मन्त्राक्षररूपेषु तथा इति समुच्चये इष्यते= मन्यते मतिमद्भिः, अर्थे चाभिधेये आलम्बने चैव=प्रतिमादौ, चेतसो वृत्तिः, त्यागश्चोपसंहारः पुनर्जपस्य उपप्लवे मनोविस्रोतसिकारूपे सति ।।३८५।।**

**ટીકાર્થ :-**

विधाने ..... सति ।। વિધાનમાં=જપના વિષયમાં, ચિત્તની=મનની વૃત્તિ, 'तथा' એ સમુચ્ચયમાં છે, તે સમુચ્ચય બતાવે છે –

**તેના વર્ણોમાં=સન્મંત્રાક્ષરરૂપ જપના વિષયભૂત વર્ણોમાં, ઈચ્છાય છે=મતિમાન વડે સ્વીકારાય છે, અને અભિધેય એવા અર્થમાં અને આલંબનમાં જ=પ્રતિમાદિમાં, ચિત્તની વૃત્તિ ઈચ્છાય છે અને વળી ઉપપ્લવ હોતે છતે=મનની વિસ્રોતસિકારૂપ ઉપપ્લવ હોતે છતે, જપનો ત્યાગ=ઉપસંહાર, ઉચિત છે. ॥૩૮૫॥**

**ભાવાર્થ :-**

ગુણની નિષ્પત્તિના અર્થી યોગ્ય જીવો ઉચિત સ્થાને બેસીને જપ કરે ત્યારે જપના વિષયભૂત જે તીર્થંકરાદિ તેમના વિષયમાં ચિત્તની મનોવૃત્તિ સ્થિર કરવી આવશ્યક છે અર્થાત્ તીર્થંકરાદિના ગુણોનો અત્યંત બહુમાન ભાવ ઉલ્લસિત થાય તે પ્રકારની તીર્થંકરના ગુણોથી ભાવિત મતિ આવશ્યક છે અને તે કર્યા પછી જપકાળમાં બોલાતા મંત્રાક્ષર રૂપી વર્ણોમાં અને તે શબ્દોથી વાચ્ય એવા અર્થમાં અને જિનપ્રતિમાદિ આલંબનમાં ક્રમસર ચિત્ત પ્રવર્તે તે પ્રકારે જપ કરવો જોઈએ.

તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાનના ગુણોથી ભગવાનને અભિમુખ થયેલું ચિત્ત, બોલાતા શબ્દો, તે શબ્દોથી વાચ્ય ઋષભાદિ અર્થો અને આલંબનભૂત જિનપ્રતિમાદિમાં ક્રમસર ચિત્ત પ્રવર્તે તો જપકાળમાં સતત વીતરાગના ગુણો પ્રત્યે વધતા જતા બહુમાનપૂર્વક પ્રતિમામાં ઉપયોગ જવાથી ભગવાનની યોગનિરોધ મુદ્રા સ્મૃતિપટમાં આવે છે, તેથી યોગનિરોધ અવસ્થાવાળા ઋષભદેવ આદિ તીર્થંકરોને "હું નમસ્કાર કરું છું" એ પ્રકારની બુદ્ધિ દ્વારા ચિત્ત હંમેશાં વીતરાગભાવને અભિમુખ-અભિમુખતર થાય તે પ્રકારે જપ થાય છે, તેથી તે જપ અધ્યાત્મ બને છે; કેમ કે આત્મામાં વિશ્રાંત થવાના યત્નરૂપ તે જપ છે.

વળી કોઈક નિમિત્તથી ચિત્ત ઉપપ્લવવાળું થયેલું હોય તો જપ દ્વારા અક્ષર, અર્થ અને આલંબનમાં ચિત્ત ક્રમસર પ્રવર્તી શકે નહિ, તેથી તે જપ અધ્યાત્મ બને નહિ, માટે તેવા પ્રસંગે જપ કરવાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ અને ચિત્તને જપને અનુકૂળ સંપન્ન કર્યા પછી જપમાં બેસવા યત્ન કરવો જોઈએ. **॥૩૮૫॥**

**અવતરણિકા :-**

**अथैतत्त्यागफलमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના=જપના, ત્યાગના ફળને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૮૫ના અંતે કહ્યું કે જપને અનુકૂળ ચિત્ત શાંત ન થયું હોય તો જપનો ત્યાગ કરવો જોઈએ, તેથી હવે જે યોગી તેવા સમયે જપનો ત્યાગ કરે, તેનાથી શું ફળ પ્રાપ્ત થાય તે કહે છે –

**શ્લોક :-**

मिथ्याचारपरित्याग आश्वासात्तत्र वर्तनम् ।
तच्छुद्धिकामता चेति, त्यागोऽत्यागोऽयमीदृशः ।।३८६।।

**અન્વયાર્થ :-**

मिथ्याचारपरित्यागः=મિથ્યાચારનો પરિત્યાગ છે, आश्वासात्=આશ્વાસનથી, तत्र=ત્યાં=જપમાં, वर्तनं=વર્તન છે=પ્રવૃત્તિ છે, च=અને, तच्छुद्धिकामता=તેની શુદ્ધિમાં કામતા છે=જપની શુદ્ધિમાં અભિલાષિતા છે, इति=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, ईदृशः अयं त्यागः=આવા પ્રકારનો આ ત્યાગ=ચિત્તના ઉપપ્લવકાલ ભાવવાળો જપનો ત્યાગ, अत्यागः=અત્યાગ છે=જપને અનુકૂળ ક્રિયારૂપ છે. ।।૩૮૬।।

**શ્લોકાર્થ :-**

**મિથ્યાચારનો પરિત્યાગ છે, આશ્વાસનથી ત્યાં વર્તન છે અને તેની શુદ્ધિમાં કામતા છે, આ રીતે આવા પ્રકારનો આ ત્યાગ અત્યાગ છે. ।।૩૮૬।।**

**ટીકા :-**

उपप्लवावस्थायां जपपरित्यागे सति मिथ्याचारस्यान्तरानिरुद्धेन्द्रियादिविकारस्य प्रणिधानाद्यद्बहिः प्रशान्ताकारकरणं तल्लक्षणस्य परित्यागः तथा आश्वासात्=त्राणपरिणामात्, तत्र=जपे, वर्तनं= प्रवृत्तिः, कृता भवति, मा भूदन्यथा ममायमत्राणकारीति भावः, तच्छुद्धिकामता च=तच्छुद्धौ कामोऽभिलाषो यस्य स तथा तद्भावस्तत्ता सा च, इत्येवं कारणत्रयात् त्यागो जपस्य किमित्याह - अत्यागः=अनुज्ञनं, अयमीदृशः उपप्लवकालभावः शुद्धजपफलत्वात्तस्येति ।।३८६।।

**ટીકાર્થ :-**

उपप्लवावस्थायां ..... फलत्वात्तस्येति ।। ઉપપ્લવ અવસ્થામાં=ચિત્તની જપને પ્રતિકૂળ અવસ્થામાં, જપનો પરિત્યાગ કરાયે છતે મિથ્યાચારનો=અંતર અનિરુદ્ધ ઈન્દ્રિયાદિ વિકારનું પ્રણિધાનાદિથી બહિઃ પ્રશાંત આકારકરણ તે સ્વરૂપ મિથ્યાચારનો, પરિત્યાગ છે અને આશ્વાસનથી=ત્રાણપરિણામથી=જપને અનુકૂળ ચિત્તના નિર્માણ રૂપ ત્રાણપરિણામથી, ત્યાં=જપમાં, વર્તન=પ્રવૃત્તિ, કરાયેલી થાય છે, મને આ=મંત્ર, અન્યથા=મનને શાંત કર્યા વગર જપ કરવાથી, અત્રાણકારી ન થાવ, એ પ્રકારનો ભાવ છે='આશ્વાસનથી ત્યાં પ્રવૃત્તિ' એ વચનનો આ પ્રકારનો ભાવ છે, અને તેની શુદ્ધિમાં કામતા છે=જપની શુદ્ધિમાં કામ અર્થાત્ અભિલાષ છે જેને તે તેવો છે અર્થાત્ તત્ શુદ્ધિના કામવાળો છે તેનો ભાવ અર્થાત્ તેની શુદ્ધિની કામનાવાળાનો ભાવ=તત્તા તે છે=તત્શુદ્ધિકામતા છે, આ રીતે કારણત્રયથી જપનો ત્યાગ શું છે ? એથી કહે છે – ઈદૃશ આ=ઉપપ્લવકાલભાવવાળો આ=જપનો ત્યાગ, અત્યાગ છે=અનુજ્ઝન છે; કેમ કે તેનું=જપના ત્યાગનું, શુદ્ધ જપફલપણું છે. ।।૩૮૬।।

**ભાવાર્થ :-**

માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવો જપ કરવા અર્થે તત્પર થયા હોય અને ચિત્ત ઉપપ્લવવાળું હોય ત્યારે ગ્રંથકારશ્રીના વચન અનુસાર જપનો ત્યાગ કરે તો તે જપનો ત્યાગ મિથ્યાચારના પરિત્યાગરૂપ છે; કેમ કે જપને અનુકૂળ ચિત્ત ન હોય છતાં જપ કરે તો અંતરંગ રીતે ઇન્દ્રિયો અનિરુદ્ધ હોવાને કારણે જપથી વાચ્ય ભાવોમાં યત્ન થતો નથી અને જપ કરનાર પુરુષ શાંત ઇન્દ્રિયોવાળા છે તેવું બહારથી જણાય છે અર્થાત્ તે જપ દ્વારા વીતરાગભાવને અનુકૂળ અંતરંગ વ્યાપાર નહિ હોવા છતાં જપ કરનાર તે પુરુષ વીતરાગભાવને અનુકૂળ અંતરંગ વ્યાપાર કરે છે તેવો બાહ્ય આચાર દેખાય છે, જે મિથ્યાચાર રૂપ છે અને જપના ત્યાગથી તેવા મિથ્યાચારનો પરિત્યાગ થાય છે.

વળી જપ કરનાર પુરુષ વિચારે છે કે ઉપપ્લવવાળા ચિત્તને શાંત કરીને હું જપ કરીશ, તેથી ચિત્તને શાંત કરવાના આશ્વાસનથી જપનો ત્યાગ એ જપમાં પ્રવૃત્તિરૂપ છે; કેમ કે જપનો અર્થી જીવ આ રીતે ચિત્તના ઉપપ્લવ સમયે જપનો ત્યાગ કરે તો જ ચિત્તને ઉપપ્લવ વગરનું કરીને જપમાં યત્ન કરવાની પ્રવૃત્તિ થાય છે, અન્યથા ચિત્તના ઉપપ્લવકાળમાં પણ યથા-તથા જપ કરવાની પ્રકૃતિનું નિર્માણ થાય છે, આથી જ વિચારક ચિત્તના ઉપપ્લવકાળમાં વિચારે છે કે જો હું અત્યારે આ જપ કરીશ તો સંસારમાં પડતા એવા મારું આ જપ રક્ષણ કરશે નહિ, માટે ચિત્તને સ્વસ્થ કર્યા પછી હું જપ કરીશ તો તે જપ મારું રક્ષણ કરનાર થશે, આ પ્રકારની બુદ્ધિથી કરાયેલો ત્યાગ વાસ્તવિક જપને અનુકૂળ પ્રવૃત્તિ છે.

વળી ચિત્તના ઉપપ્લવકાળમાં જપનો જે ત્યાગ છે તે ત્યાગ દ્વારા જપ કરનાર યોગીમાં શુદ્ધિપૂર્વક જપ કરવાનો અભિલાષ છે, આથી જેવું ચિત્ત ઉપપ્લવ વગરનું થશે કે તે મહાત્મા જપ કરીને આત્માની શુદ્ધિમાં યત્ન કરશે, આ રીતે ચિત્તના ઉપપ્લવ સમયે કરાયેલો જપનો ત્યાગ પરમાર્થથી શુદ્ધ જપનું કારણ હોવાથી અત્યાગ જ છે. **॥૩૮૬॥**

**અવતરણિકા :-**

**अथ जपस्यैव कालमानमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જપના જ કાલના પ્રમાણને કહે છે –**

**શ્લોક :-**

**यथाप्रतिज्ञमस्येह, कालमानं प्रकीर्तितम् ।**
**अतो ह्यकरणेऽप्यत्र, भाववृत्तिं विदुर्बुधाः ।।३८७।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=જપના વિચારમાં, अस्य=આનું=જપનું, यथाप्रतिज्ञं=પ્રતિજ્ઞા અનુસારે, कालमानं=કાલમાન,**

प्रकीर्तितं=કહેવાયું છે, अतो हि=આથી=પ્રતિજ્ઞા હોવાથી, अकरणेऽपि=અકરણમાં પણ=પ્રતિજ્ઞાકાળથી અન્યકાળમાં જપના અકરણકાળમાં પણ, अत्र=આમાં=જપમાં, भाववृत्तिं=મનોવૃત્તિને, बुधाः=બુધ પુરુષો, विदुः=માને છે. ॥૩૮૭॥

**શ્લોકાર્થ :-**

**અહીં આનું પ્રતિજ્ઞા અનુસારે કાલમાન કહેવાયું છે, આથી અકરણમાં પણ આમાં મનોવૃત્તિને બુધપુરુષો માને છે. ॥૩૮૭॥**

**ટીકા :-**

**यथाप्रतिज्ञं=यस्य यावती प्रतिज्ञा तदनतिक्रमेण, अस्य=जपस्य, इह=विचारे, कालमानं द्विघटिकादिरूपम् प्रकीर्तितम्, अतो हि=प्रतिज्ञाया एवाभिग्रहरूपायाः, अकरणेऽपि प्रतिज्ञातकालादन्यत्र जपस्य किं पुनः करण इत्यपिशब्दार्थः, अत्र=जपे, भाववृत्तिं मनोवृत्तिरूपाम् विदुः=जानन्ति बुधा इति ।।३८७।।**

**ટીકાર્થ :-**

**यथाप्रतिज्ञं ..... बुधा इति ।। યથાપ્રતિજ્ઞં=જેની જેટલી પ્રતિજ્ઞા છે તેના અનતિક્રમથી આનું=જપનું, અહીં=જપના વિચારમાં, બે ઘડી આદિ રૂપ કાલમાન કહેવાયું છે, આથી જ=અભિગ્રહરૂપ પ્રતિદિન જપ કરવાની પ્રતિજ્ઞા હોવાથી જ, અકરણમાં પણ=પ્રતિજ્ઞાકાળથી અન્ય કાળમાં જપના અકરણમાં પણ, શું વળી કરણકાળમાં ? એ 'अकरणेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, અહીં=જપમાં, મનોવૃત્તિરૂપ ભાવવૃત્તિને બુધપુરુષો જાણે છે=માને છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૮૭॥**

**ભાવાર્થ :-**

જપ કરીને આત્માને વીતરાગભાવથી વાસિત કરવાના અર્થી મહાત્માએ પ્રતિદિન બે ઘડી આદિ જપ કરવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ અર્થાત્ જઘન્યથી બે ઘડીની પ્રતિજ્ઞા કરવી જોઈએ અને સ્થૈર્ય હોય તો અધિક કાલની પ્રતિજ્ઞા કરવી જોઈએ, અને જપ કરવાનું કાલમાન પોતાની પ્રતિજ્ઞાને અનુરૂપ બે ઘડી આદિનું છે, તેથી જે મહાત્માએ પ્રતિજ્ઞા કરી હોય કે પ્રતિદિન હું બે ઘડી સુધી જપ કરીને ભગવાનના ગુણોથી આત્માને વાસિત કરીશ તેવા મહાત્મા જપ કરે છે ત્યારે તો જપની ક્રિયા દ્વારા ભગવાનના ગુણોથી આત્માને વાસિત કરવાની પ્રવૃત્તિ હોવાથી ભાવથી જપમાં પ્રવૃત્તિ છે, પરંતુ જપકાળ સિવાયના કાળમાં પણ મારે જપ કરવો છે તેવો અધ્યવસાય જપ કરવાના અભિગ્રહને કારણે સદા વર્તે છે, તેથી ઓઘથી જપ પ્રત્યેના રાગનો અધ્યવસાય મનોવૃત્તિરૂપે હોવાથી જપના પરિણામકૃત નિર્જરારૂપ ફળ શેષકાળમાં પણ તેની મનોવૃત્તિ અનુસાર મળે છે અને જપકાળમાં વિશેષથી જપની મનોવૃત્તિ હોવાથી વિશેષરૂપે ફળ મળે છે. ॥૩૮૭॥

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=જપ કરવાનો અભિગ્રહ કરનાર પુરુષને જપના અકરણકાળમાં પણ ભાવથી જપની વૃત્તિ છે એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

શ્લોક :-

मुनीन्द्रैः शस्यते तेन, यत्नतोऽभिग्रहः शुभः ।
सदाऽतो भावतो धर्मः, क्रियाकाले क्रियोद्भवः ।।३८८।।

અન્વયાર્થ :-

तेन=તે કારણથી=અભિગ્રહ કરનાર પુરુષને અકરણકાળમાં પણ શુભભાવની વૃત્તિ છે તે કારણથી, यत्नतः=યત્નથી, शुभः अभिग्रहः=શુભ અભિગ્રહ, मुनीन्द्रैः=મુનીન્દ્રો વડે=તીર્થંકરો વડે, शस्यते=શ્લાઘા કરાય છે, अतः=આથી=અભિગ્રહથી, सदा=સદા, भावतः धर्मः=ભાવથી ધર્મ છે, क्रियाकाले=ક્રિયાકાળમાં, क्रियोद्भवः=ક્રિયાથી ઉદ્ભવ પામેલો ધર્મ છે. ॥૩૮૮॥

શ્લોકાર્થ :-

**તે કારણથી યત્નથી શુભ અભિગ્રહ મુનીન્દ્રો વડે શ્લાઘા કરાય છે. આથી સદા ભાવથી ધર્મ છે, ક્રિયાકાળમાં ક્રિયાથી ઉદ્ભવ પામેલો ધર્મ છે. ॥૩૮૮॥**

ટીકા :-

मुनीन्द्रैः=मुनिवृन्दारकैः, शस्यते=श्लाघ्यते, तेन=अकरणकालेऽपि शुभभाववृत्तिलक्षणेन हेतुना, यत्नतो=यत्नात्, अभिग्रहः शुभः=शुभार्थविषयः, कुतो यतः सदा सर्वकालम्=अतोऽभिग्रहात्, भावतः= परिणामशुद्धेः, धर्मः-शुभबन्धरूपः, क्रियाकालेऽभिग्रहानुष्ठानलक्षणे क्रियोद्भवः धर्मः ।।३८८।।

ટીકાર્થ :-

मुनीन्द्रैः ..... धर्मः ।। તે કારણથી=પ્રતિજ્ઞાના વિષયભૂત કૃત્યના અકરણકાળમાં પણ શુભભાવની વૃત્તિ રૂપ હેતુ છે તે કારણથી, મુનીન્દ્રો વડે=તીર્થંકરો વડે, યત્નથી શુભ અભિગ્રહ=શુભ અર્થના વિષયવાળો અભિગ્રહ શ્લાઘા કરાય છે. કેમ શ્લાઘા કરાય છે ? એથી કહે છે – જે કારણથી સદા=સર્વકાલ, આ અભિગ્રહને કારણે ભાવથી=પરિણામની શુદ્ધિથી, શુભબંધ રૂપ ધર્મ છે=શુભ ભાવ પ્રત્યે ચિત્તમાં પ્રતિબંધ રૂપ ધર્મ છે, ક્રિયાકાળમાં=અભિગ્રહના સેવનરૂપ ક્રિયાકાળમાં, ક્રિયાથી ઉદ્ભવ પામેલો ધર્મ છે. ॥૩૮૮॥

**ભાવાર્થ :-**

કઈ રીતે જપ કરવાથી આત્મા જપના વિષયભૂત તીર્થંકર આદિના ગુણોથી વાસિત થાય છે તેનો બોધ કરીને જે વિવેકસંપન્ન જીવો પોતાની શક્તિ અનુસાર તે રીતે જપ કરવાનો સંકલ્પ કરે છે અને પ્રતિદિન બે ઘડી આદિ કાલમાન જપ કરવાની પ્રતિજ્ઞા કરે છે તેઓને શુદ્ધ જપ કરીને આત્માને અધ્યાત્મગુણોથી વાસિત કરવાનો બદ્ધરાગ વર્તે છે, તેથી પ્રતિજ્ઞાકાળમાં પ્રતિદિન જપ કરે છે તેઓના યત્નપૂર્વક કરાયેલા શુભ અભિગ્રહની તીર્થંકરો પ્રશંસા કરે છે.

વળી અભિગ્રહને કારણે તે અભિગ્રહ ગ્રહણ કરનારા મહાત્માને સદા શક્તિ અનુસાર જપ કરીને આત્માને વીતરાગ ગુણોથી વાસિત કરવાનો અભિલાષ વર્તે છે, તેથી જપના અકરણકાળમાં પણ ભાવથી જપ કરવા પ્રત્યેના પ્રતિબંધરૂપ ધર્મ સદા વર્તે છે અને જ્યારે જ્યારે જપ કરે છે ત્યારે ત્યારે જપની ક્રિયાથી ઉદ્ભવ થયેલો વીતરાગગામી ભાવ વર્તે છે, આથી જ યત્નપૂર્વક અભિગ્રહ કરનારા જીવોને ક્રિયા – કાળમાં થતા ઉત્તમ ભાવને કારણે જેમ જેમ વિશેષ વિશેષ શક્તિ સંચય થાય છે તેમ તેમ જપની ક્રિયા સ્વભૂમિકા અનુસાર અધિક અધિક કાળ કરવાની બલવાન ઇચ્છા થાય છે; કેમ કે અભિગ્રહથી વર્તતો શુભ ભાવ અને ક્રિયાકાળમાં વર્તતો શુભ ભાવ પોતાને સંસારમાં ત્રાણ કરવાનું કારણ બનશે તેવી પ્રતીતિ વિવેકપૂર્વક જપ કરનારને સ્વસંવેદનથી થાય છે. ॥૩૮૮॥

**અવતરણિકા :-**

**अध्यात्म एव मतान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**અધ્યાત્મમાં જ મતાંતરને કહે છે –**

**શ્લોક :-**

**स्वौचित्यालोचनं सम्यक्, ततो धर्मप्रवर्तनम् ।**
**आत्मसम्प्रेक्षणं चैव, तदेतदपरे जगुः ।।३८९।।**

**અન્વયાર્થ :-**

**सम्यक् स्वौचित्यालोचनं=સમ્યક્ સ્વઔચિત્યનું આલોચન=સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનક વિષયક પોતાની યોગ્યતાનું સમ્યક્ પર્યાલોચન, ततः=ત્યારપછી=પોતાની યોગ્યતાનો નિર્ણય થયા પછી, धर्मप्रवर्तनं=ધર્મમાં પ્રવર્તન=કરવા યોગ્ય ધર્મ અનુષ્ઠાનમાં પ્રવર્તન, चैव=અને, आत्मसम्प्रेक्षणं=આત્માનું સંપ્રેક્ષણ=અનુષ્ઠાન-સેવનકાળમાં અનુષ્ઠાનના લક્ષ્યને અનુરૂપ પોતાની ચિત્તવૃત્તિનું સંપ્રેક્ષણ, तद् एतद=તે આ, अपरे=બીજા, जगुः=કહે છે=અધ્યાત્મ કહે છે. ॥૩૮૯॥**

**શ્લોકાર્થ :-**

**સમ્યક્ સ્વઔચિત્યનું આલોચન, ત્યારપછી ધર્મમાં પ્રવર્તન અને આત્માનું સંપ્રેક્ષણ તે આ બીજા કહે છે. ॥૩૮૯॥**

**ટીકા :-**

स्वौचित्यालोचनं=निजयोग्यतापर्यालोचनम्, सम्यग्=यथावत्, प्रथमम्, ततः=तदनन्तरम्, धर्मे चैत्यवन्दनाद्यनुष्ठानरूपे प्रवर्तनं कार्यम् आत्मसम्प्रेक्षणं चैव वक्ष्यमाणम् किमित्याह – तत्=अध्यात्मं, एतत् त्रितयं अपरे शास्त्रकारा जगुः=ऊचुरिति ।।३८९।।

**ટીકાર્થ :-**

**स्वौचित्यालोचनं ..... ऊचुरिति ।। સ્વ-ઔચિત્યનું આલોચન=નિજયોગ્યતાનું પર્યાલોચન, સમ્યગ્=યથાવત્, પ્રથમ કરવું જોઈએ, ત્યારપછી=ઔચિત્યનો નિર્ણય થયા પછી, ચૈત્યવંદન આદિ અનુષ્ઠાન રૂપ ધર્મમાં પ્રવર્તન કરવું જોઈએ અને આગળ કહેવાશે તેવું આત્મસંપ્રેક્ષણ કરવું જોઈએ=સેવાતું અનુષ્ઠાન ફલનિષ્પત્તિને અનુરૂપ છે કે નહિ તેનું અવલોકન કરવું જોઈએ, આ ત્રણ શું છે ? એથી કહે છે – આ ત્રિતય તે=અધ્યાત્મ, અન્ય શાસ્ત્રકારો કહે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૮૯॥**

**ભાવાર્થ :-**

અધ્યાત્મ એ શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ ઉચિત મન-વચન-કાયાની પ્રવૃત્તિ રૂપ છે અને અધ્યાત્મની પ્રાપ્તિના ઉપાયરૂપ જે અનુષ્ઠાન સેવવાનો પોતાને અભિલાષ થયો છે તે અનુષ્ઠાનો સેવીને પોતે આત્મામાં અધ્યાત્મ પ્રગટ કરી શકશે તેના વિષયમાં યથાવત્ સ્વઔચિત્યનું આલોચન પ્રથમ કરવું જોઈએ અને તે આલોચનથી જણાય કે આ અનુષ્ઠાન કરીને મારા આત્માને સાંસારિક ભાવોથી પર આધ્યાત્મિક ભાવોથી હું વાસિત કરી શકીશ અને તેવો નિર્ણય થયા પછી તે ચૈત્યવંદનાદિ ઉચિત અનુષ્ઠાનમાં પ્રયત્ન કરવો જોઈએ અને અનુષ્ઠાનના પ્રવૃત્તિકાળમાં તે અનુષ્ઠાનથી પોતાનો આત્મા ગુણનું આધાન કરે છે કે સ્ખલના પામે છે તેનું સમ્યક્ પ્રેક્ષણ કરવું જોઈએ. આ ત્રણ ક્રિયાઓનો સમુદાય અર્થાત્ અનુષ્ઠાન સ્વીકારતાં પૂર્વે શક્તિનું આલોચન, અનુષ્ઠાનનું સેવન અને અનુષ્ઠાનસેવનકાળમાં આત્માનું પ્રેક્ષણ આ ત્રણનો સમુદાય, અધ્યાત્મ છે એમ બીજા કહે છે. **॥૩૮૯॥**

**અવતરણિકા :-**

**अथैतदेव क्रमेण व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે આને જ=સ્વઔચિત્ય આલોચનાદિ ત્રણને જ, ક્રમસર કહે છે –**

**શ્લોક :-**

**योगेभ्यो जनवादाच्च, लिङ्गेभ्योऽथ यथागमम् ।**
**स्वौचित्यालोचनं प्राहुर्योगमार्गकृतश्रमाः ।।३९०।।**

**અન્વયાર્થ :-**

योगमार्गकृतश्रमाः=યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા મહાત્માઓ, योगेभ्यः=યોગોથી=પોતાના મન-વચન-કાયાના વ્યાપારથી, च=અને जनवादात्=જનવાદથી=લોકના પ્રવાદ રૂપ જનવાદથી, अथ=ત્યારપછી, यथागमं लिङ्गेभ्यः=આગમ અનુસાર લિંગોથી, स्वौचित्यालोचनं=સ્વઔચિત્યનું આલોચન, पाहुः=કહે છે. ।।૩૯૦।।

**શ્લોકાર્થ :-**

**યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા મહાત્માઓ યોગોથી અને જનવાદથી ત્યારપછી આગમ અનુસાર લિંગોથી સ્વઔચિત્યનું આલોચન કહે છે. ।।૩૯૦।।**

**ટીકા :-**

**योगेभ्यः=कायवाङ्मनोव्यापारेभ्यः प्रशस्तगमनशुभभाषणनिरवद्यचिन्तनस्वभावेभ्यः, जनवादाद्-लोकप्रवादरूपात् चः समुच्चये, लिङ्गेभ्यो=निमित्तेभ्यः, अथ=अनन्तरम्, यथागमं=आगमानुसारेण, नन्दीतूरमि'त्यादिरूपेण, किमित्याह – स्वौचित्यालोचनं प्राहुः-ब्रुवते, योगमार्गकृतश्रमाः उक्तरूपा एव ।।३९०।।**

**ટીકાર્થ :-**

योगेभ्यः ..... उक्तरूपा एव ।। યોગોથી=પ્રશસ્તગમન-શુભ ભાષણ-નિરવદ્ય ચિંતન સ્વભાવવાળા કાયા-વાણી-મનના વ્યાપારથી, અને લોકપ્રવાદ રૂપ જનવાદથી अथ=ત્યારપછી, આગમ અનુસાર= 'નંદીતૂરમ્' ઈત્યાદિ રૂપ આગમ અનુસાર, લિંગોથી શું એથી કહે છે – ઉક્ત સ્વરૂપવાળા જ યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા=શ્લોક-૩૮૯માં કહ્યું તેવા સ્વરૂપવાળા જ યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા મહાત્માઓ, સ્વઔચિત્યનું આલોચન કહે છે. શ્લોકમાં 'च' શબ્દ સમુચ્ચયમાં છે. ।।૩૯૦।।

**ભાવાર્થ :-**

શ્લોક-૩૮૯માં ત્રિતય સ્વરૂપ અધ્યાત્મ છે એમ કહ્યું, તેમાંથી ધર્મનું અનુષ્ઠાન સ્વીકારવા પૂર્વે સમ્યક્ સ્વ-ઔચિત્યનું આલોચન કઈ રીતે કરવું જોઈએ તે બતાવતાં કહે છે –

કોઈ મહાત્મા પાસેથી ધર્મ અનુષ્ઠાનનું સ્વરૂપ સાંભળ્યા પછી પોતાને જે ધર્મ અનુષ્ઠાન સેવવાનો અભિલાષ થયો છે અને તે અનુષ્ઠાન સેવીને પોતાનામાં અધ્યાત્મગુણની નિષ્પત્તિનો પરિણામ થયો છે તે

ધર્મ અનુષ્ઠાનને અનુકૂળ પોતાના મન-વચન-કાયાના યોગો છે કે નહિ તેનું સમ્યગ્ આલોચન કરવું જોઈએ, જેમ ચૈત્યવંદનાદિ કોઈ અનુષ્ઠાન કરીને આત્મહિત સાધવાનો અભિલાષ થયેલ હોય તેવા મહાત્માએ પ્રથમ તે ચૈત્યવંદન ક્રિયાને કરવાને અનુકૂળ પોતાના મન-વચન-કાયનાં યોગો છે કે નહીં તેનો નિર્ણય કરવો જોઈએ અથવા જેમ દેશવિરતિ સ્વીકારવી હોય તો તે દેશવિરતિને અનુકૂળ પ્રશસ્ત ગમનરૂપ કાયયોગ, શુભ ભાષાણરૂપ વચનયોગ, નિરવદ્ય ચિંતનરૂપ મનોયોગ પોતાનામાં વર્તે છે કે નહિ તેનો નિર્ણય કરવો જોઈએ અર્થાત્ સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકમાં કેવા મન-વચન-કાયાના યોગોની પ્રવૃત્તિ આવશ્યક છે અને તે પ્રવૃત્તિને પોતે સમ્યગ્ કરી શકે તેને અનુરૂપ પોતાના મન-વચન-કાયાના યોગો પ્રવર્તે છે કે નહિ તેનો નિર્ણય કરવો જોઈએ. વળી તેને અનુરૂપ મન-વચન-કાયાના યોગો ન જણાય તો પ્રથમ મન-વચન-કાયાના યોગોને તેવા સંપન્ન કરવા યત્ન કરવો જોઈએ અને ત્યારપછી લોક પ્રવાદથી પોતાની યોગ્યતાનો નિર્ણય કરવા યત્ન કરવો જોઈએ અર્થાત્ શિષ્ટ લોકો પોતાના વિષયક કેવો અભિપ્રાય આપે છે તેના બળથી સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકની પોતાની યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ. આ રીતે પોતાની યોગ્યતાનો નિર્ણય થયા પછી 'નંદીતુરમ્' ઇત્યાદિ રૂપ આગમ અનુસાર લિંગો દ્વારા પોતાની યોગ્યતાનો નિર્ણય કરવો જોઈએ; કેમ કે યોગોથી અને જનવાદથી યોગ્યતાનો નિર્ણય થવા છતાં આગમાનુસાર શકુનને સૂચવનારા લિંગોની પ્રાપ્તિ ન થાય તો સ્વીકારવા યોગ્ય ગુણસ્થાનકના અનુષ્ઠાનમાં વિલંબ કરવા યોગ્ય છે, આ રીતે સ્વઔચિત્યનું આલોચન કરવું જોઈએ, એ પ્રમાણે શ્લોક-૩૮૯માં કહ્યા પ્રમાણે યોગમાર્ગમાં કરાયેલા શ્રમવાળા મહાત્માઓ પોતાના અનુભવના બળથી કહે છે; કેમ કે તે મહાત્માઓએ આ રીતે જ સમ્યક્ સ્વઔચિત્યનું આલોચન કરીને ધર્મમાં પ્રવૃત્તિ કરેલી છે અને ધર્મના પ્રવૃત્તિકાળમાં આત્મપ્રેક્ષણ કરીને અધ્યાત્મને પ્રાપ્ત કર્યું છે તેવા મહાત્માઓ પોતાના અનુભવ અનુસાર ધર્મ સ્વીકારતા પૂર્વે પોતાના ઔચિત્યના આલોચન વિષયક ઉપાય બતાવે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ દેશવિરતીઆદિ ગુણસ્થાનક સ્વીકારવા માટે સ્વ-ઔચિત્યનું આલોચન આવશ્યક છે તેમ ચૈત્યવંદનઆદિ અનુષ્ઠાનો માટે પણ સ્વ-ઔચિત્યનું આલોચન આવશ્યક છે આથી જ શ્લોક-૩૮૯માં 'ધર્મ' પદથી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનનું ગ્રહણ કરેલ છે માટે કલ્યાણના અર્થીએ દરેક અનુષ્ઠાન સેવતી વખતે પ્રથમ તેની યોગ્યતાનો અવશ્ય નિર્ણય કરવો જોઈએ અને તે અનુષ્ઠાનને અનુકૂળ મન-વચન-કાયા ન હોય તો યત્નપૂર્વક તે યોગોને પ્રાપ્ત કર્યા પછી તે અનુષ્ઠાન સ્વીકારવું જોઈએ. **॥૩૯૦॥**

**અવતરણિકા :-**

**अथ स्वयमेवैतत्त्रितयमाचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે ગ્રંથકારશ્રી સ્વયં જ આ ત્રિતયને=સ્વઔચિત્યના આલોચનના અંગભૂત આ ત્રિતયને, કહે છે -**

**શ્લોક :-**

**योगाः कायादिकर्माणि, जनवादस्तु तत्कथा ।**
**शकुनादीनि लिङ्गानि, स्वौचित्यालोचनास्पदम् ।।३९१।।**

**અન્વયાર્થ :-**

कायादिकर्माणि योगाः=કાયાદિ કર્મો યોગો, तु=વળી, तत्कथा=તેની કથા=પ્રસ્તુત ધર્મના અધિકારીની કથા, जनवादः=જનવાદ, शकुनादीनि लिङ्गानि=શકુનાદિ લિંગો, स्वौचित्यालोचनास्पदम्=સ્વઔચિત્યના આલોચનનું સ્થાન છે. ।।૩૯૧।।

**શ્લોકાર્થ :-**

**કાયાદિ કર્મો યોગો, વળી તેની કથા, જનવાદ, શકુનાદિ લિંગો સ્વઔચિત્યના આલોચનનું સ્થાન છે. ।।૩૯૧।।**

**ટીકા :-**

**योगाः कायादिकर्माणि=कायप्रभृतिव्यापाराः, जनवादस्तु=लोकप्रवादः पुनः, तत्कथा= प्रस्तुतधर्माधिकारिवृत्तान्तोऽक्लिष्टः, शकुनादीनि=शकुनोपश्रुतिशेषनिमित्तान्वेषणलक्षणानि लिङ्गानि, किमित्याह – स्वौचित्यालोचनास्पदं, आस्पदं इत्याश्रयः ।।३९१।।**

**ટીકાર્થ :-**

योगाः ..... इत्याश्रयः ।। **કાયાદિ કર્મો=કાય વગેરે વ્યાપારો, યોગો, વળી જનવાદ=લોકપ્રવાદ, તેની કથા=અક્લિષ્ટ પ્રસ્તુત ધર્મ અધિકારીનો વૃત્તાંત, શકુનાદિ લિંગો=શકુન અને ઉપશ્રુતિ રૂપ પ્રતિજ્ઞાના શેષ નિમિત્તોના અન્વેષણ રૂપ લિંગો, શું છે ? એથી કહે છે – સ્વઔચિત્યના આલોચનનું સ્થાન છે, આસ્પદ એ આશ્રયના અર્થમાં છે. ।।૩૯૧।।**

**ભાવાર્થ :-**

આત્મામાં અધ્યાત્મની નિષ્પત્તિના અર્થી મહાત્માએ સ્વભૂમિકા અનુસાર ઉચિત અનુષ્ઠાન સ્વીકારવાનું પ્રણિધાન કરવું જોઈએ, ત્યારપછી તે અનુષ્ઠાનને સેવવા માટે પોતાના કાયયોગ-વચનયોગ-મનોયોગ અનુરૂપ છે કે નહિ તેનો નિર્ણય કરવો જોઈએ.

વળી લોકોનો પ્રવાદ પોતાના વિષયમાં કેવા પ્રકારનો છે તેના ઉપરથી તે અનુષ્ઠાનને અનુરૂપ અક્લિષ્ટ ભાવ પોતાનામાં છે કે નહીં તેનો નિર્ણય કરવો જોઈએ અને અનુષ્ઠાન સ્વીકારવા તત્પર થાય ત્યારે શુભ શકુનો રૂપ લિંગને જોવું જોઈએ અને ઉપશ્રુતિરૂપ જે પ્રતિજ્ઞા પોતાને ગ્રહણ કરવી છે તેના શેષ નિમિત્તોની ગવેષણા કરવી જોઈએ અર્થાત્ હું પ્રતિજ્ઞા ગ્રહણ કરીશ ત્યારે તે પ્રતિજ્ઞા પાળવામાં સ્વજન આદિ મને વિઘ્નકારી નથી તેનું અન્વેષણ કરવું જોઈએ અને સંયમ ગ્રહણ કરવું હોય તો જે ગુરુ આદિ પાસે સંયમ

ગ્રહણ કરવું છે ત્યાં શેષ નિમિત્તો પ્રતિજ્ઞાને અનુકૂળ છે કે નહિ તેનું અન્વેષણ કરવું જોઈએ. આ ત્રણનો સમુદાય પોતાના ઔચિત્યના આલોચન સ્વરૂપ છે. ॥૩૯૧॥

**શ્લોક :-**

**एकान्तफलदं ज्ञेयमतो धर्मप्रवर्तनम् ।**
**अत्यन्तं भावसारत्वात्, तत्रैव प्रतिबन्धतः ।।३९२।।**

**અન્વયાર્થ :-**

**अतः=આનાથી=સ્વઔચિત્યના આલોચનથી, धर्मप्रवर्तनं=ધર્મમાં પ્રવર્તન, एकान्तफलदं ज्ञेयं=એકાંત ફલને દેનારું જાણવું=અવશ્ય ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ ફલને દેનારું જાણવું, तत्रैव प्रतिबन्धतः अत्यन्तं भावसारत्वात्=કેમ કે ત્યાં જ અર્થાત્ ધર્મમાં જ પ્રતિબંધ હોવાને કારણે અત્યંત ભાવસારપણું છે અર્થાત્ ભાવનિષ્પત્તિને અનુકૂળ વ્યાપારપણું છે. ॥૩૯૨॥**

**શ્લોકાર્થ :-**

**આનાથી ધર્મમાં પ્રવર્તન એકાંત ફલને દેનારું જાણવું; કેમ કે ત્યાં જ પ્રતિબંધ હોવાને કારણે અત્યંત ભાવસારપણું છે. ॥૩૯૨॥**

**ટીકા :-**

**एकान्तफलदं=निश्चयेनाभीष्टफलदायि, ज्ञेयम्, अतः=स्वौचित्यालोचनादनंतरोक्तात्, धर्मप्रवर्तनम्, कुत इत्याह – अत्यन्तं=अतीव, भावसारत्वात्=भावप्रधानत्वात्, तत्रैव=धर्मे, प्रतिबन्धतः, धर्मप्रतिबन्धमन्तरेणौदयिकभावोपहतत्वेन स्वौचित्यालोचनायोगात् ।।३९२।।**

**ટીકાર્થ :-**

**एकान्तफलदं ..... स्वौचित्यालोचनायोगात् ।। આનાથી=અનંતર શ્લોકમાં કહેવાયેલા સ્વઔચિત્યના આલોચનથી, ધર્મમાં પ્રવર્તન એકાંત ફલને દેનારું=નિશ્ચયથી અભીષ્ટ ફલને દેનારું, જાણવું, કેમ એકાંત ફલને દેનારું છે ? એથી કહે છે – અત્યંત=અતિશય, ભાવસારપણું હોવાથી=ભાવપ્રધાનપણું હોવાથી=અનુષ્ઠાનકાળમાં અનુષ્ઠાનથી નિષ્પાદ્ય એવા ભાવની પ્રધાનતા હોવાને કારણે તે અનુષ્ઠાન એકાંત ફલને દેનારું છે એમ અન્વય છે.**

કેમ સ્વીકારેલું અનુષ્ઠાન અત્યંત ભાવસાર છે તેમાં હેતુ કહે છે –

**ત્યાં જ=સ્વીકારાયેલા ધર્મમાં જ, પ્રતિબંધ હોવાને કારણે પોતાનું અનુષ્ઠાન ભાવસાર છે એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે સ્વઔચિત્યના આલોચનથી અનુષ્ઠાન સ્વીકારનાર મહાત્માને ધર્મમાં જ પ્રતિબંધ છે તે કેમ નક્કી થાય ? તેમાં હેતુ કહે છે –

**ધર્મના પ્રતિબંધ વગર ઔદયિક ભાવથી ઉપહતપણું હોવાને કારણે=અનુષ્ઠાન સ્વીકારનાર જીવના ચિત્તનું મૂઢતા આપાદક ઔદયિકભાવથી ઉપહતપણું હોવાને કારણે, સ્વઔચિત્યના આલોચનનો અયોગ છે. ॥૩૯૨॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ વિવેકસંપન્ન છે તેઓ શ્લોક-૩૯૧માં બતાવ્યું એ પ્રમાણે સ્વઔચિત્યનું આલોચન કર્યા પછી ધર્મમાં પ્રવૃત્તિ કરે છે અર્થાત્ જે અનુષ્ઠાનથી આત્મામાં ગુણવૃદ્ધિ થાય તે અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે અને તે મહાત્માની તે ધર્મની પ્રવૃત્તિ એકાંતે ફલને દેનારી છે=તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય પુણ્યાનુબંધી પુણ્ય અને ઘાતિકર્મના વિગમનથી થયેલી નિર્મળતારૂપ ગુણવૃદ્ધિને પ્રાપ્ત કરે છે; કેમ કે તેવા મહાત્માઓ જે અનુષ્ઠાન સ્વીકારે છે તે અનુષ્ઠાન અત્યંત ભાવસાર હોય છે અર્થાત્ તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવને અનુકૂળ વ્યાપાર હોય છે.

અહીં પ્રશ્ન થાય કે તે મહાત્માઓનું અનુષ્ઠાન અત્યંત પરિણામનિષ્પત્તિને અનુકૂળ વ્યાપારવાળું કેમ હોય છે ? તેથી કહે છે – તે મહાત્માઓને અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ધર્મમાં પ્રતિબંધ હોય છે, તેથી તે અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવો પોતાનામાં પ્રગટ થાય તે રીતે યત્ન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે સ્વઔચિત્યના આલોચનપૂર્વક અનુષ્ઠાન કરનારા મહાત્માઓને ધર્મમાં પ્રતિબંધ કેમ છે ? તેથી કહે છે –

જે જીવોને અનુષ્ઠાનથી નિષ્પાદ્ય ભાવોમાં પ્રતિબંધ નથી તેઓનું ચિત્ત મૂઢતાઆપાદક ઔદયિકભાવથી ઉપહત છે, આથી જ અનુષ્ઠાન સ્વીકારતી વખતે માત્ર અનુષ્ઠાન સ્વીકારવાના અર્થી છે, તે અનુષ્ઠાનને અનુકૂળ પોતાની ઉચિત ભૂમિકા છે કે નહિ તેનું આલોચન કરતા નથી, માત્ર મૂઢતાથી ધર્મ સ્વીકારે છે અને મૂઢતાને કારણે તે બાહ્ય અનુષ્ઠાન કરીને પોતાને કૃતકૃત્ય માને છે, જ્યારે વિવેકસંપન્ન જીવ તો સ્પષ્ટ જાણે છે કે 'બાહ્ય અનુષ્ઠાન ફલપ્રદ નથી, પરંતુ તે બાહ્ય અનુષ્ઠાનથી વીતરાગતાને અનુકૂળ ભાવથી સંપન્ન થયેલો પોતાનો આત્મા જ સદ્ગતિઓની પરંપરા દ્વારા વીતરાગતાને પ્રાપ્ત કરશે અને અંતે મોક્ષને પ્રાપ્ત કરશે'. માટે મોક્ષના અર્થી એવા મારે સ્વશક્તિનું આલોચન કરીને અમૂઢભાવથી અનુષ્ઠાન સેવીને આત્મહિત સાધવું જોઈએ, તેથી તેઓને ધર્મમાં પ્રતિબંધ છે. **॥૩૯૨॥**

**અવતરણિકા :-**

**अत्रैव विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=ઔચિત્યના આલોચનપૂર્વક અનુષ્ઠાનના સ્વીકારના વિષયમાં જ, વિશેષને કહે છે –**

શ્લોક :-

तद्भङ्गादिभयोपेतस्तत्सिद्धौ चोत्सुको दृढम् ।
यो धीमानिति सन्न्यायात्, स यदौचित्यमीक्षते ।।३९३।।

અન્વયાર્થ :-

तद्भङ्गादिभयोपेतः=તેના ભંગાદિના ભયથી યુક્ત=સ્વીકારવા માટે તત્પર થયેલા અનુષ્ઠાનને સ્વીકાર્યા પછી ભંગાદિના ભયથી યુક્ત, च=અને, तत्सिद्धौ दृढम् उत्सुकः=તેની સિદ્ધિમાં અત્યંત ઉત્સુક=જે અનુષ્ઠાન પોતે સ્વીકારશે તેનાથી નિષ્પાદ્ય ભાવોની સિદ્ધિમાં અત્યંત ઉત્સુક, यः धीमान् स=જે બુદ્ધિમાન્ છે તે, इति=આ રીતે, सन्न्यायात्=શુદ્ધ યુક્તિથી, यद्=જે કારણથી, औचित्यं=ઔચિત્યને, ईक्षते=જુએ છે, તે કારણથી તેનું સ્વીકારેલું અનુષ્ઠાન એકાંત ફલપ્રદ છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. ।।૩૯૩।।

શ્લોકાર્થ :-

**તેના ભંગાદિના ભયથી યુક્ત અને તેની સિદ્ધિમાં અત્યંત ઉત્સુક જે બુદ્ધિમાન્ છે તે આ રીતે શુદ્ધ યુક્તિથી જે કારણથી ઔચિત્યને જુએ છે તે કારણથી તેનું સ્વીકારેલું અનુષ્ઠાન અત્યંત ફલપ્રદ છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. ।।૩૯૩।।**

ટીકા :-

तस्य=प्रस्तोतुमिष्टस्य योगस्य, भङ्गादिभयेन-आदिशब्दादतिचारभयेन चोपेतो=युक्तः, तत्सिद्धौ=चिकीर्षितधर्मनिष्पत्तिविषये, 'चः' समुच्चये, उत्सुकः=श्रद्धातिरेकात्सत्वरः, दृढम्=अतीव, यो धर्माधिकारी धीमान्=कार्यपरिणामपर्यालोचकबुद्धिधनः, इति=एवम्, सन्न्यायात्=शुद्धयुक्तेः, स यद्=यस्मात्, औचित्यमुक्तरूपम्, ईक्षते=अपेक्षणीयतया पश्यतीति ।।३९३।।

ટીકાર્થ :-

तस्य ..... . पश्यतीति ।। તેના=પ્રારંભ કરવા માટે ઇષ્ટ એવા યોગના, ભંગાદિના ભયથી યુક્ત, 'आदि' શબ્દથી='भङ्गादिभय'માં રહેલા 'आदि' શબ્દથી, અતિચારના ભયથી યુક્ત અને તેની સિદ્ધિમાં=ઇચ્છા કરાયેલા ધર્મની નિષ્પત્તિના વિષયમાં, દૃઢ ઉત્સુક=અત્યંત શ્રદ્ધાના અતિરેકથી તત્પર, જે ધર્મના અધિકારી બુદ્ધિમાન્ છે=કાર્યના પરિણામના પર્યાલોચક બુદ્ધિરૂપ ધનવાળા છે, તે જે કારણથી इति=एवं=આ રીતે, સન્ન્યાયથી=શુદ્ધયુક્તિથી, ઉક્તરૂપ ઔચિત્યને જુએ છે=અનુષ્ઠાન સ્વીકારતાં પહેલાં અપેક્ષણીયપણારૂપે જુએ છે, તે કારણથી તેઓનું ધર્મનું પ્રવર્તન એકાંત ફલદ છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે, શ્લોકમાં 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૩૯૩।।

**ભાવાર્થ :-**

જે મહાત્મા સંસારથી ભય પામેલા છે, સંસારથી નિસ્તારનો ઉપાય સ્વઔચિત્યના આલોચનપૂર્વક ઉચિત અનુષ્ઠાન છે તેવો બોધ છે, તેથી તે મહાત્મા સ્વભૂમિકા અનુસાર વીતરાગગામી પરિણામ નિષ્પન્ન થાય તેવું કયું ઉચિત અનુષ્ઠાન સેવવા જેવું છે તેનો નિર્ણય કર્યા પછી તે અનુષ્ઠાનનો ભંગ ન થાય તેની ચિંતા પૂર્વક તે અનુષ્ઠાનનું સેવન કરે છે અને તે અનુષ્ઠાનથી પ્રગટ કરવા યોગ્ય ગુણોમાં દૃઢ યત્નવાળા હોય છે. એવા મહાત્માઓ જ અનુષ્ઠાન સ્વીકારતા પૂર્વે પોતે સ્વીકારેલું અનુષ્ઠાન સમ્યક્ સેવી શકશે કે નહિ, તેવી શુદ્ધ યુક્તિને જોનારા છે. આવા બુદ્ધિમાન પુરુષ સ્વભૂમિકાના ઉચિત અનુષ્ઠાન સ્વીકારવાના અધિકારી છે, તેથી તેઓ પોતાની ભૂમિકાનું અનુષ્ઠાન સ્વીકાર્યા પછી સ્વભૂમિકા અનુસાર અધ્યાત્મનું અનુષ્ઠાન મહાધીરતાપૂર્વક સેવીને અવશ્ય અધ્યાત્મને પ્રાપ્ત કરે છે, માટે તેવા મહાત્મા વડે સેવાયેલું અનુષ્ઠાન એકાંત ફલને દેનારું છે. **II૩૯૩II**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૮૯માં કહેલ કે વિવેકસંપન્ન મહાત્માઓ સ્વઔચિત્યના આલોચનપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરે છે તે અંશની અત્યાર સુધી સ્પષ્ટતા કરી, ત્યારપછી કહેલ કે વિવેકસંપન્ન મહાત્મા આત્મસંપ્રેક્ષણ કરે છે તે અંશને સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**आत्मसम्प्रेक्षणं चैव ज्ञेयमारब्धकर्मणि ।**
**पापकर्मोदयादत्र, भयं तदुपशान्तये ।।३९४।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=ધર્મના કૃત્યમાં, पापकर्मोदयाद्=પાપકર્મના ઉદયથી, भयं=ભય છે, तदुपशान्तये=તેની ઉપશાંતિ માટે, आरब्धकर्मणि=આરબ્ધકર્મમાં=સ્વીકારાયેલા અનુષ્ઠાનમાં, आत्मसम्प्रेक्षणं चैव ज्ञेयं=આત્મસંપ્રેક્ષણ જ જાણવું=આત્મસંપ્રેક્ષણ જ કરવું ઉચિત છે એમ જાણવું. ।।૩૯૪।।**

**શ્લોકાર્થ :-**

**અહીં પાપકર્મના ઉદયથી ભય છે, તેની ઉપશાંતિ માટે આરબ્ધકર્મમાં આત્મસંપ્રેક્ષણ જ જાણવું. II૩૯૪II**

**ટીકા :-**

**आत्मसम्प्रेक्षणं चैव किं कृतं किं वा कर्तव्यशेषमित्याद्यात्मनिभालनरूपं पुनः ज्ञेयमारब्धकर्मणि-अणुव्रतादिपालनरूपे कुतः? – यतः पापकर्मोदयात्=पापकर्मविपाकात्, अत्र=धर्मकर्मणि, भयं भङ्गादिविषयं सञ्जायते, ततस्तदुपशान्तये=भयोपशमनिमित्तम् ।।३९४।।**

**ટીકાર્થ :-**

**आत्मसम्प्रेक्षणं ..... भयोपशमनिमित्तम् ।। વળી આત્મસંપ્રેક્ષણ જ=શું કરાયું-શું કર્તવ્ય શેષ છે ઈત્યાદિ આત્મઅવલોકનરૂપ આત્મસંપ્રેક્ષણ, અણુવ્રતાદિ પાલનરૂપ આરબ્ધકર્મમાં જાણવું=આવશ્યક છે એમ જાણવું, કેમ આત્મસંપ્રેક્ષણ આવશ્યક છે ? એથી કહે છે – જે કારણથી પાપકર્મના ઉદયથી=સ્વીકારાયેલા ગુણસ્થાનકથી પરિણતિની નિષ્પત્તિના બાધક પાપકર્મના વિપાકથી, આમાં=ધર્મકૃત્યમાં, ભંગાદિ વિષયક ભય થાય છે=ભંગ કે અતિચારની પ્રાપ્તિનો ભય થાય છે, તેથી તેની ઉપશાંતિ માટે=ભયના ઉપશમ નિમિત્તે આત્મસંપ્રેક્ષણ જાણવું એમ અન્વય છે. ।।૩૯૪।।**

**ભાવાર્થ :-**

વિચારક મહાત્મા સ્વઔચિત્યના આલોચનપૂર્વક ધર્મ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે ત્યારે તે અનુષ્ઠાનની સમ્યક્ નિષ્પત્તિમાં બાધક પાપકર્મનો ઉદય થાય તો તે અનુષ્ઠાનમાં અતિચારની પ્રાપ્તિ કે ભંગની પ્રાપ્તિ થવાનો ભય રહે છે. તે ભયના શમન અર્થે વિવેકસંપન્ન જીવે સ્વીકારેલા અનુષ્ઠાનના વિષયમાં આત્મસંપ્રેક્ષણ કરવું જોઈએ અર્થાત્ અનુષ્ઠાન વિષયક મેં શું કૃત્ય કર્યું છે અને શું કર્તવ્ય શેષ છે તેનું અવલોકન કરવું જોઈએ, જેથી અનુષ્ઠાન સેવનકાળમાં જે પ્રકારે મન-વચન-કાયાને પ્રવર્તાવીને પોતે ઉચિત ભાવો કર્યા હોય તેનો નિર્ણય થાય અને ઉચિત ભાવોને અનુકૂળ શું કર્તવ્ય બાકી છે, જેથી પોતાનું અનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામવામાં સ્ખલના પામે છે તેનો નિર્ણય થાય. જેમ સર્વ વિરતિ ગ્રહણ કરેલી હોય, જિનવચનનું સ્મરણ કરીને કોઈ મહાત્મા સર્વ અનુષ્ઠાનમાં દૃઢ યત્ન કરીને શમભાવની વૃદ્ધિ કરતા હોય, તેનાથી તેઓની ગુણસ્થાનકની વૃદ્ધિ થતી હોય, છતાં તે તે નિમિત્તોને પામીને ઇંદ્રિયોની ઉત્સુકતાને કારણે ગુણનિષ્પત્તિમાં સ્ખલનાઓ પણ થતી હોય અને તે સ્ખલનાના નિવારણ માટે જે ઉચિત કર્તવ્ય શેષ હોય તેમાં તે મહાત્મા ઉપેક્ષા કરે તો તે કર્તવ્ય શેષના અભાવને કારણે નિમિત્તોને પામીને અતિચારો ઉત્પન્ન થાય તેવા પાપકર્મનો ઉદય થાય છે અને તે અતિચારની ઉપેક્ષા કરવામાં આવે તો વ્રતભંગ પણ થાય છે. તે ભંગાદિના ઉપશમન માટે જો મહાત્મા આત્મસંપ્રેક્ષણ કરે તો પોતાને પ્રાપ્ત થતી સ્ખલનાનું સ્મરણ થાય અને તેના નિવારણ માટે સમ્યગ્ યત્ન થાય, તેથી ગુણસ્થાનક સ્વીકાર્યા પછી પણ મહાત્માએ ગુણસ્થાનકનું રક્ષણ અને ગુણસ્થાનકની વૃદ્ધિ અર્થે અનુષ્ઠાનસેવનકાળમાં થતી પોતાની પ્રવૃત્તિનાં વિષયમાં આત્મસંપ્રેક્ષણ કરવું જોઈએ. **।।૩૯૪।।**

**અવતરણિકા :-**

**किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**શું ? એથી કહે છે=આત્મસંપ્રેક્ષણને કારણે ભંગાદિનો ભય જણાય ત્યારે તે ભયના શમન માટે શું કરવું જોઈએ ? એથી કહે છે –**

**શ્લોક :-**

**विस्त्रोतोगमने न्याय्यं, भयादौ शरणादिवत् ।**
**गुर्वाद्याश्रयणं सम्यक्, ततः स्याद्दुरितक्षयः ।।३९५।।**

**અન્વયાર્થ :-**

विस्त्रोतोगमने=વિસ્રોતમાં ગમન થયે છતે=ચિત્તની વિપરીત માર્ગમાં પ્રવૃત્તિ થયે છતે, भयादौ शरणादिवत्=ભયાદિમાં શરણાદિની જેમ, सम्यक्=સમ્યક્, गुर्वाद्याश्रयणं=ગુરુ આદિનું આશ્રયણ, न्याय्यं=ન્યાય્ય છે=યુક્ત છે, ततः=તેનાથી=ગુરુ આદિના આશ્રયણથી, दुरितक्षयः=દુરિતનો ક્ષય, स्याद्=થાય. ।।૩૯૫।।

**શ્લોકાર્થ :-**

**વિસ્રોતમાં ગમન થયે છતે ભયાદિમાં શરણાદિની જેમ સમ્યક્ ગુરુ આદિનું આશ્રયણ ન્યાય્ય છે, તેનાથી દુરિતનો ક્ષય થાય. ।।૩૯૫।।**

**ટીકા :-**

**विस्त्रोतोगमने=विमार्गप्रवृत्तौ, चेतसः सति न्याय्यं=युक्तम्, भयादौ=भयरोगविषविकारादिरूप उपस्थिते सति, शरणादिवद्=दुर्गादिप्रतिग्रहचिकित्सामन्त्रादेरिव, गुर्वाद्याश्रयणं=गुर्वादेः-गुरुदेवसाधर्मिकादेर्विस्त्रोतसिकानिग्रहहेतोराश्रयणमङ्गीकरणं, सम्यक्=यथावत्, ततो=गुर्वाद्याश्रयणात्, स्याद्=भवेत्, दुरितक्षयो=विस्त्रोतोगमनहेतुकर्मनाशः, अचिन्त्यशक्तियुक्तत्वादस्येति ।।३९५।।**

**ટીકાર્થ :-**

विस्त्रोतोगमने ..... युक्तत्वादस्येति ।। **ચિત્તનું વિસ્રોતગમન થયે છતે=સ્વીકારાયેલા ગુણસ્થાનકથી વિપરીત માર્ગની પ્રવૃત્તિ થયે છતે, ભયાદિમાં=ભય-રોગ-વિષવિકાર આદિરૂપ ભયાદિની ઉપસ્થિતિમાં, શરણાદિની જેમ=દુર્ગાદિ પ્રતિગ્રહ-ચિકિત્સા-મંત્રાદિની જેમ, ગુરુ આદિનું આશ્રયણ=ગુરુ-દેવ-સાધર્મિક આદિ રૂપ ગુરુ આદિનું વિસ્રોતસિકાનિગ્રહના હેતુથી આશ્રયણ અર્થાત્ અંગીકરણ, સમ્યક્ ન્યાય્ય છે=યુક્ત છે, તેથી=ગુરુ આદિના આશ્રયણથી, દુરિતનો ક્ષય=વિસ્રોતસિકાગમનના હેતુ એવા કર્મનો નાશ થાય; કેમ કે આનું=ગુરુ આદિના આશ્રયણનું, અચિંત્ય શક્તિયુક્તપણું છે. ।।૩૯૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૯૪માં બતાવ્યું એ પ્રમાણે કોઈ મહાત્મા સ્વશક્તિના આલોચનપૂર્વક ધર્મમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પોતે સ્વીકારેલા કૃત્યોમાં પોતાના આત્માનું સંપ્રેક્ષણ કરે છે, જેના કારણે પ્રાયઃ તે મહાત્મા સ્ખલના વગર ગુણસ્થાનકનું અનુષ્ઠાન સેવીને ગુણવૃદ્ધિ કરી શકે છે, આમ છતાં કોઈક જીવને ગમે તે નિમિત્તે પાપકર્મનો ઉદય થાય ત્યારે ચિત્તની વિપરીત માર્ગમાં પ્રવૃત્તિ થવા માંડે છે, આથી જ સંયમ ગ્રહણ કર્યા પછી સંયમના પાલન દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિ કર્યા પછી પણ કેટલાક મહાત્માઓને સંયમની કષ્ટકારિતા

ગુણસ્થાનકની વૃદ્ધિના પ્રયત્નમાં સ્ખલના કરાવે છે અને જે મહાત્માનું ચિત્ત આ રીતે વિપરીત માર્ગમાં જતું હોય તેઓએ ગુરુ, દેવ અને સાધર્મિકનું સમ્યગ્ આશ્રયણ કરવું જોઈએ, જેથી ચિત્તની વિસ્રોતસિકાનો નિગ્રહ થાય.

કઈ રીતે ગુરુ આદિનું આશ્રયણ કરવું જોઈએ તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

જેમ કોઈ શત્રુથી ભય હોય ત્યારે દુર્ગાદિનો આશ્રય કરાય છે, રોગની પ્રાપ્તિ હોય ત્યારે ચિકિત્સા કરાય છે અને દેહમાં વિષનો વિકાર પ્રાપ્ત થયો હોય ત્યારે મંત્રાદિ પ્રયોગ કરાય છે, તેમ જ્યારે ચિત્ત ગુણસ્થાનકની વૃદ્ધિમાં સ્ખલના પામતું હોય ત્યારે તત્ત્વના જાણનારા ગુરુનો આશ્રય કરવાથી ગુરુ પોતાનામાં પ્રાપ્ત થયેલા પ્રમાદના નિવારણનો ઉપાય બતાવે છે અને અત્યંત સંવેગપૂર્વકના ગુરુના ઉપદેશના બળથી સદ્વીર્ય ઉલ્લસિત થાય છે, વળી તેવા ગુરુનો યોગ ન હોય તો તીર્થંકરના વચનનું શરણું લે, તીર્થંકરોના વચનના સ્મરણના બળથી અને તીર્થંકરનું શરણ સ્વીકારવાના બળથી સદ્વીર્ય ઉલ્લસિત થાય છે, જેથી ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ માર્ગમાં પ્રવૃત્તિ થાય છે.

વળી ક્યારેક ગુણસંપન્ન સાધર્મિકોનો પરિચય કરવાથી તેમના અપ્રમાદપૂર્વક કરાતા યત્નના બળથી અને માર્ગાનુસારી ઉચિત ઉપદેશના બળથી સાધર્મિકના આલંબનથી પણ ચિત્ત માર્ગમાં પ્રવૃત્તિવાળું બને છે અને 'સાધર્મિકાદિ'માં રહેલા 'આદિ' શબ્દથી સત્શાસ્ત્રોનું ગ્રહણ છે, તેથી સત્શાસ્ત્રોના વચનના ભાવનના બળથી વિપરીત માર્ગમાં પ્રવૃત્ત થયેલું ચિત્ત માર્ગગામી બને છે; કેમ કે ગુરુ આદિ ઉત્તમ આલંબનો અચિંત્ય શક્તિવાળા છે, જેથી તેઓના આલંબનથી વિપરીત માર્ગમાં પ્રવૃત્તિ કરાવનારાં કર્મોનો નાશ થાય છે. **॥૩૯૫॥**

**અવતરણિકા :-**

**अस्यैवाध्यात्मत्वं भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આનું જ=શ્લોક-૩૮૯થી અત્યાર સુધી બતાવ્યું કે સમ્યક્ સ્વઔચિત્યનું આલોચન, ત્યારપછી ધર્મમાં પ્રવર્તન અને આત્મસંપ્રેક્ષણ એ સર્વનું જ, અધ્યાત્મપણું ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**सर्वमेवेदमध्यात्मं, कुशलाशयभावतः ।**
**औचित्याद्यत्र नियमाल्लक्षणं यत्पुरोदितम् ।।३९६।।**

**અન્વયાર્થ :-**

**सर्वमेवेदं=સર્વ જ આ=સ્વૌચિત્ય આલોચનાદિ સર્વ જ આ, अध्यात्मं=અધ્યાત્મ છે, कुशलाशयभावतः=કેમ કે કુશલ આશયનો ભાવ છે, यत्=જે કારણથી, यत्र=જેમાં=જે સ્વૌચિત્ય આલોચનાદિમાં, 'औचित्यात्' लक्षणं=ઔચિત્યાત્ ઈત્યાદિ સ્વરૂપ, नियमात्=નિયમથી पुरोदितं=પૂર્વમાં કહેલું છે. ॥૩૯૬॥**

**શ્લોકાર્થ :-**

**સર્વ જ આ અધ્યાત્મ છે; કેમ કે કુશલ આશયનો ભાવ છે, જે કારણથી જેમાં 'ઔચિત્યાત્' ઇત્યાદિ સ્વરૂપ નિયમથી પૂર્વમાં કહેલું છે. ।।૩૯૬।।**

**ટીકા :-**

**सर्वमेवेदम्=औचित्यालोचनादि, अध्यात्मं कुशलाशयभावतः=प्रशस्तचित्तसद्भावात्, अत्र हेतुः- 'औचित्याद्वृत्तयुक्तस्य' इत्यादि (३५८) श्लोकोक्तं, यत्र स्वौचित्यालोचनादौ, नियमाल्लक्षणं=स्वरूपं, यद्=यस्मात्, वर्तते इति पुरोदितम् ।।३९६।।**

**ટીકાર્થ :-**

**सर्वमेवेदम् ..... पुरोदितम् वर्तते इति ।। સર્વ જ આ=ઔચિત્ય આલોચનાદિ, અધ્યાત્મ છે; કેમ કે કુશલ આશયનો ભાવ છે=વ્રત ગ્રહણ કરવા પૂર્વે સ્વઔચિત્યના આલોચનથી માંડીને આત્મસંપ્રેક્ષણ સુધીની સર્વ પ્રવૃત્તિમાં પ્રશસ્ત ચિત્તનો સદ્ભાવ છે, આમાં હેતુ કહે છે=સ્વઔચિત્ય આલોચનાદિ અધ્યાત્મ છે એમાં હેતુ કહે છે – જે કારણથી औचित्याद् वृत्तयुक्तस्य ઇત્યાદિ શ્લોકમાં કહેવાયેલું લક્ષણ=સ્વરૂપ, જેમાં=જે સ્વઔચિત્ય આલોચનાદિમાં, નિયમથી વર્તે છે, એથી પુરોહિત છે=પૂર્વમાં શ્લોક-૩૫૮માં કહેલું સ્વરૂપ છે. ।।૩૯૬।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા શ્લોક-૩૮૯માં કહ્યું એ પ્રમાણે પોતાની યોગ્યતાનું આલોચન કરીને જે ધર્મ અનુષ્ઠાનમાં પોતે પ્રવૃત્તિ કરી શકે તેમ છે તેવો ઉચિત નિર્ણય કરે ત્યારપછી તે ધર્મ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે અને ધર્મ અનુષ્ઠાન સ્વીકાર્યા પછી આત્મસંપ્રેક્ષણ કરે તે સર્વ પ્રવૃત્તિ કુશલ આશયવાળી હોવાથી=ઉચિત અનુષ્ઠાન સેવીને આત્મામાં ગુણનિષ્પત્તિ થાય તેને અનુરૂપ કુશલ આશય વાળી હોવાથી, ઔચિત્યના આલોચનથી માંડીને આત્મસંપ્રેક્ષણ સુધીની સર્વક્રિયા અધ્યાત્મ છે=સંસારનો ઉચ્છેદ કરીને શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ ક્રિયા સ્વરૂપ છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ગુણસ્થાનકના સેવનની ક્રિયા અધ્યાત્મ કહી શકાય, પરંતુ ગુણસ્થાનક સ્વીકાર્યા પૂર્વે સ્વઔચિત્યનું આલોચન અને અનુષ્ઠાનકાળમાં કરાતું આત્મસંપ્રેક્ષણ કઈ રીતે અધ્યાત્મ કહી શકાય ? તેથી કહે છે –

શ્લોક-૩૫૮માં औचित्याद् वृत्तयुक्तस्य ઇત્યાદિ દ્વારા જે તત્ત્વચિંતનને અધ્યાત્મ કહેલ તે તત્ત્વચિંતનનું સ્વરૂપ સ્વઔચિત્ય આલોચનાદિમાં નિયમથી વર્તે છે; કેમ કે તત્ત્વચિંતનનો અર્થ જ એ છે કે અત્યંત વિવેકપૂર્વક મોહથી અનાકુળ એવી આત્માની અવસ્થાને પ્રગટ કરવાને અનુકૂળ ચિંતવન અને તેવું ચિંતવન સ્વઔચિત્ય આલોચનાદિ કાળમાં વર્તે છે, માટે અધ્યાત્મ છે. **।।૩૯૬।।**

**અવતરણિકા :-**

अत्रैव पुनरपि मतान्तरमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=અધ્યાત્મના વિષયમાં જ, ફરી પણ મતાંતરને કહે છે –

**શ્લોક :-**

**देवादिवन्दनं सम्यक्, प्रतिक्रमणमेव च ।**
**मैत्र्यादिचिन्तनं चैतत्, सत्त्वादिष्वपरे विदुः ।।३९७।।**

**અન્વયાર્થ :-**

सम्यक्=સમ્યક્, देवादिवन्दनं=દેવાદિનું વંદન, प्रतिक्रमणमेव=પ્રતિક્રમણ જ, च=અને, सत्त्वादिषु=જીવાદિમાં, मैत्र्यादिचिन्तनं=મૈત્રી આદિનું ચિંતન, एतद्=એ=અધ્યાત્મ, अपरे=બીજા, विदुः=કહે છે. ।।૩૯૭।।

**શ્લોકાર્થ :-**

**સમ્યક્ દેવાદિનું વંદન, પ્રતિક્રમણ જ અને જીવાદિમાં મૈત્રી આદિનું ચિંતન એ=અધ્યાત્મ બીજા કહે છે. ।।૩૯૭।।**

**ટીકા :-**

**देवादीनां=देवगुरुप्रभृतीनां, वन्दनं-स्तवनं नमनरूपम्, सम्यक्प्रतिक्रमणमेव च** –'स्वस्थानाद्यत्परं स्थानं, प्रमादस्य वशाद् गतः । भूयोऽप्यागमनं तत्र, प्रतिक्रमणमुच्यते ।।" **इत्येवंलक्षणम्, मैत्र्यादिचिन्तनं चैतदध्यात्मम्, सत्त्वादिषु=सत्त्वगुणाधिकक्लिश्यमानाविनयेषु विषये, अपरे विदुः=जानते ।।३९७।।**

**ટીકાર્થ :-**

देवादीनां ..... विदुर्जानते ।। **દેવાદિને=દેવ-ગુરુ વગેરેને, વંદન=સ્તવન-નમનરૂપ વંદન, સમ્યક્, અને પ્રતિક્રમણ જ=**"સ્વસ્થાનથી જે પરસ્થાનમાં પ્રમાદના વશથી ગયેલ ફરી પણ ત્યાં=સ્વસ્થાનમાં, આગમન પ્રતિક્રમણ કહેવાય છે," **એવા લક્ષણવાળું પ્રતિક્રમણ અને સત્ત્વાદિમાં=સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાન-અવિનયવાળા જીવોના વિષયમાં, મૈત્રી આદિનું ચિંતવન એ અધ્યાત્મ બીજા કહે છે. અહીં 'સમ્યક્' શબ્દનું દેવાદિ વંદન, પ્રતિક્રમણ અને મૈત્રી આદિ ચિંતવન એ ત્રણે સાથે યોજન છે. ।।૩૯૭।।**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્માને સંસારનું વાસ્તવિક સ્વરૂપ વિડંબનારૂપ જણાય અને તે વિડંબનાથી મુક્ત થયેલા દેવો ઉપાસ્ય છે તેવી બુદ્ધિપૂર્વક તીર્થંકરોને અને સિદ્ધ અવસ્થાને તેમના યથાર્થ સ્વરૂપના સ્મરણપૂર્વક નમસ્કાર

કરવાની ક્રિયા કરે અર્થાત્ સ્તવન-નમન ઉચિત ભક્તિની ક્રિયા કરે તે સર્વ ઉપાસ્ય એવા દેવ તુલ્ય થવાને અનુકૂળ આત્મવ્યાપારરૂપ હોવાથી અધ્યાત્મ છે.

વળી કોઈ મહાત્મા જિનવચનાનુસાર પાંચ ઇંદ્રિય અને મનના સંવરપૂર્વક મોહના નાશ માટે ઉદ્યમ કરનારા મુનિને જોઈને તેમના તે ગુણોના સ્મરણપૂર્વક સમ્યક્ વંદન-સ્તવન-નમસ્કાર આદિ ક્રિયા કરે તે ક્રિયા તે ગુરુને તુલ્ય થવાને અનુકૂળ ક્રિયારૂપ હોવાથી અધ્યાત્મ છે.

વળી દેવ-ગુરુ આદિમાં આદિ શબ્દથી ભગવાનના વચનરૂપ શ્રુતજ્ઞાનનું ગ્રહણ છે અથવા સાધર્મિકનું ગ્રહણ છે અથવા ચતુર્વિધ સંઘનું ગ્રહણ છે, તેથી તે સર્વને તેમના ગુણોની ઉપસ્થિતિપૂર્વક બહુમાન ભાવના અતિશયથી વંદનાદિ ક્રિયા કરે તે સર્વ અધ્યાત્મ છે.

વળી પ્રમાદને વશ પોતે સ્વીકારેલા ગુણસ્થાનકની ક્રિયામાં કોઈ સ્ખલના થયેલી હોય અને તે સ્ખલનાની શુદ્ધિનું કારણ બને તે પ્રકારે સમ્યગ્ ઉપયોગપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવામાં આવે તો પ્રતિક્રમણના ક્રિયાકાળમાં સ્ખલનાઓ પ્રત્યે વધતા જતા દ્વેષના પરિણામને કારણે પાપને અનુકૂળ ચિત્તવૃત્તિનો નાશ થાય છે અને નિષ્પાપ પ્રવૃત્તિ કરવાને અનુકૂળ ચિત્તવૃત્તિનો સંચય થાય છે, તેથી તે પ્રતિક્રમણની ક્રિયા અધ્યાત્મ બને છે.

વળી કોઈ મહાત્મા સર્વ જીવો સાથે તેઓની ભૂમિકા અનુસાર ઉચિત વર્તન કરવાને અનુકૂળ પોતાના ચિત્તના નિર્માણ અર્થે સર્વ જીવો પ્રત્યે મૈત્રીનો પરિણામ થાય તે પ્રકારે ભાવસાર ચિંતવન કરે, મોક્ષને અનુકૂળ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત અધિક ગુણવાળા જીવો પ્રત્યે પ્રમોદભાવ થાય તે પ્રકારે ચિંતવન કરે અને ક્લેશને પામતા જીવોને જોઈને તેઓના ક્લેશના નિવારણને અનુકૂળ ચિત્તવૃત્તિ થાય તે રીતે ભાવસાર ચિંતવન કરે અને ઉપદેશને અયોગ્ય જીવોમાં તેઓના અયોગ્ય ભાવને જોઈને દ્વેષ ન થાય તે પ્રકારે મધ્યસ્થ ભાવનું ચિંતવન કરે તે અધ્યાત્મ છે, એ પ્રકારે બીજા કહે છે. **II૩૯૭II**

**અવતરણિકા :-**

**अथ देवादिवन्दनाद्येव क्रमेण व्याचष्टे –**

**અવતરણિકાર્થ :-**

**હવે દેવાદિના વંદનાદિને જ ક્રમથી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૯૭માં ત્રણ પ્રકારના અધ્યાત્મના ભેદોનું સ્વરૂપ બતાવ્યું તે દેવાદિના વંદનાદિ ત્રણ કઈ રીતે કરવામાં આવે તો અધ્યાત્મ બને તેને સ્પષ્ટ કરવા માટે ક્રમસર શ્લોક-૪૦૩ સુધી કહે છે –

**શ્લોક :-**

**स्थानकालक्रमोपेतं, शब्दार्थानुगतं तथा ।**
**अन्याऽसंमोहजनकं, श्रद्धासंवेगसूचकम् ।।३९८।।**

**અન્વયાર્થ :-**

स्थानकालक्रमोपेतं=સ્થાન-કાલ અને ક્રમથી યુક્ત, शब्दार्थानुगतं=શબ્દ-અર્થથી અનુગત, अन्याऽसंमोहजनकं=અન્યને અસંમોહનું જનક, तथा=અને, श्रद्धासंवेगसूचकम्=શ્રદ્ધા અને સંવેગનું સૂચક દેવાદિ વંદન ઈષ્ટ છે એમ શ્લોક-૩૯૯ સાથે સંબંધ છે. ॥૩૯૮॥

**શ્લોકાર્થ :-**

**સ્થાન-કાલ અને ક્રમથી યુક્ત, શબ્દ અર્થથી અનુગત, અન્યને અસંમોહનું જનક અને શ્રદ્ધા-સંવેગનું સૂચક દેવાદિ વંદન ઈષ્ટ છે એમ શ્લોક-૩૯૯ સાથે સંબંધ છે. ॥૩૯૮॥**

**ટીકા :-**

**स्थानेन चैत्यवन्दनायोग्यशरीरसंस्थानरूपेण, कालेन=संध्यात्रयादिना, क्रमेण-प्रणिपातदण्डकादिना, उपेतं=युतम्, इष्टं देवादिवंदनं इत्युत्तरेण योगः, शब्दार्थानुगतं=देवादिवन्दनसूत्राभिधेयोपयोगयुक्तम्, तथा इति विशेषणसमुच्चये, अन्याऽसंमोहजनकं=युक्तस्वरप्रधानतया स्वव्यतिरिक्ततदनुष्ठानप्रवृत्तजनाऽसंमोहसंपादकम् तथा श्रद्धासंवेगसूचकं=श्रद्धासंवेगयोः प्रतीतरूपयोरभिव्यक्तिहेतुः ॥३९८॥**

**ટીકાર્થ :-**

स्थानेन ..... व्यक्तिहेतुः ॥ ચૈત્યવંદનાને યોગ્ય શરીરના સંસ્થાનરૂપ સ્થાનથી, કાલથી=સંધ્યાત્રયાદિથી, ક્રમથી=પ્રણિપાતદંડકાદિના ક્રમથી, યુક્ત દેવાદિ વંદન ઈષ્ટ છે એ પ્રમાણે ઉત્તરના શ્લોકની સાથે સંબંધ છે, શબ્દ-અર્થથી અનુગત=દેવાદિ વંદનના સૂત્રના અભિધેયમાં ઉપયોગથી યુક્ત, શ્લોકમાં 'तथा' એ વિશેષણોના સમુચ્ચયમાં છે, અન્યને અસંમોહનું જનક=યુક્ત સ્વરનું પ્રધાનપણા વડે પોતાનાથી વ્યતિરિક્ત તે અનુષ્ઠાનમાં પ્રવૃત્ત જનને અસંમોહનું સંપાદક અને શ્રદ્ધા-સંવેગનું સૂચક=પ્રતીત રૂપ એવા શ્રદ્ધા અને સંવેગની અભિવ્યક્તિનો હેતુ એવું દેવવંદન અધ્યાત્મ રૂપે ઈષ્ટ છે એમ અન્વય છે. ॥૩૯૮॥

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

અને=દેવાદિ વંદનના સ્વરૂપના સમુચ્ચય અર્થે 'तथा'થી કહે છે –

**શ્લોક :-**

**प्रोल्लसद्भावरोमाञ्चं, वर्धमानशुभाशयम् ।**
**अवनामादिसंशुद्धमिष्टं देवादिवन्दनम् ॥३९९॥**

**અન્વયાર્થ :-**

**प्रोल्लसद्भावरोमाञ्चं=ઉલ્લાસ પામતા ભાવ રોમાંચવાળું, वर्धमानशुभाशयम्=વર્ધમાન શુભાશયવાળું, अवनामादिसंशुद्धं=અવનામાદિથી સંશુદ્ધ, देवादिवन्दनम्=દેવાદિવંદન, इष्टं=ઈષ્ટ છે=અધ્યાત્મ રૂપે સંમત છે. ॥૩૯૯॥**

**શ્લોકાર્થ :-**

**ઉલ્લાસ પામતા ભાવ રોમાંચવાળું, વર્ધમાન શુભાશયવાળું, અવનામાદિથી સંશુદ્ધ દેવાદિવંદન ઈષ્ટ છે. ॥૩૯૯॥**

**ટીકા :-**

**प्रोल्लसत्=जृम्भमाणो, भावरोमाञ्चोऽकृत्रिमपुलकरूपो यत्र तत्तथा, वर्धमानः शुभ आशयो यत्र तत्तथा, अवनामादयः=अवनामयथाजातादयो वन्दनकोपयोगिनो ये क्रियाविशेषाः, तैः संशुद्धम्=अनवद्यम्, इष्टम्=अभिमतम्, देवादिवन्दनं प्रागुक्तरूपमिति ॥३९९॥**

**ટીકાર્થ :-**

**प्रोल्लसत् ..... प्रागुक्तरूपमिति ॥ ઉલ્લાસ પામતા અકૃત્રિમ પુલકરૂપ ભાવ રોમાંચ છે જેમાં તે તેવું છે=ઉલ્લાસ પામતા ભાવ રોમાંચવાળું છે, વર્ધમાન શુભ આશય છે જેમાં તે તેવું છે=વર્ધમાન શુભ આશયવાળું છે, અવનામ-યથાજાતાદિ વંદનને ઉપયોગી જે ક્રિયાવિશેષો તેનાથી સંશુદ્ધ=અનવદ્ય, પ્રાગ્ ઉક્ત રૂપવાળું દેવાદિવંદન ઈષ્ટ છે=અધ્યાત્મ રૂપે અભિમત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૩૯૯॥**

**ભાવાર્થ :-**

દેવાદિના વંદનની ક્રિયા દેવના પારમાર્થિક સ્વરૂપને અવલંબીને તેના ગુણોથી આત્માને વાસિત કરવાને અનુકૂળ મન-વચન-કાયાની ક્રિયા રૂપ પ્રવૃત્તિ છે, જે અધ્યાત્મ છે અને તે પ્રવૃત્તિ કેવા સ્વરૂપવાળી છે તે પ્રસ્તુત બે શ્લોકથી બતાવે છે –

**સ્થાન-કાલ અને ક્રમથી યુક્ત દેવાદિનું વંદન :-** ચૈત્યવંદનયોગ્ય શરીરની મુદ્રા એ સ્થાન છે અને તે મુદ્રાના બળથી ભગવાનના ગુણો પ્રત્યેની ભક્તિની અભિવ્યક્તિ થાય છે, માટે દેવવંદનનું અંગ સ્થાન છે, વળી ત્રણ સંધ્યા દેવવંદન કરવાથી પ્રાયઃ ચિત્ત દેવના ગુણોથી નિરંતર વાસિત રહે છે, તેથી સંસારના ઉચ્છેદના અર્થી જીવો પ્રાતઃકાળે, સૂર્યાસ્ત પૂર્વે અને મધ્યાહ્ને ત્રિસંધ્યાથી ચૈત્યવંદનની ક્રિયા કરે છે, તેથી દેવવંદનનું અંગ કાલ છે, વળી દેવવંદનની ક્રિયા કંઈક દીર્ઘકાળની છે, તેમાં બોલાતાં નમુત્થુણં આદિ સૂત્રો જે ક્રમથી શાસ્ત્રમાં વિહિત છે તે ક્રમથી કરવાથી દેવને વંદન કરવાનો શુભ અધ્યવસાય વિશિષ્ટ પ્રકારનો થાય છે, તેથી દેવાદિ વંદનનું અંગ સૂત્રોનો ક્રમ છે.

**શબ્દાર્થ અનુગત દેવાદિનું વંદન :-** માત્ર સૂત્ર ઉચ્ચારણથી દેવના ગુણોથી ચિત્ત વાસિત થતું નથી, પરંતુ જે સૂત્રોના જે અભિધેય અર્થો છે તે અર્થનો સૂક્ષ્મ બોધ કરીને તે અર્થને સ્પર્શે તે પ્રકારનો ઉપયોગ ચૈત્યવંદનકાળમાં વર્તે તો શબ્દ અને અર્થને અનુસરનારું ચિત્ત ભગવાનના ગુણોથી વાસિત બને છે, તેથી ચૈત્યવંદનકાળમાં શબ્દ અને અર્થનો ઉપયોગ ચૈત્યવંદનને અધ્યાત્મ રૂપે નિષ્પન્ન કરવામાં પ્રધાન અંગ છે, અન્ય સર્વ અંગો કારણરૂપે કે કાર્યરૂપે ચૈત્યવંદન સાથે અંગરૂપે બદ્ધ છે, આથી જ સ્થાન, કાલ અને ક્રમ ચૈત્યવંદનને સમ્યક્ નિષ્પત્તિમાં કારણરૂપે અંગ છે અને શબ્દ-અર્થનો ઉપયોગ સાક્ષાત્ ચૈત્યવંદનને અધ્યાત્મરૂપે નિષ્પન્ન કરવામાં કારણ છે.

**અન્યને અસંમોહજનક દેવાદિનું વંદન :-** વિવેકસંપન્ન જીવ ચૈત્યવંદન કરતી વખતે અન્ય કોઈ ચૈત્યવંદન કરતા હોય તેઓની ચૈત્યવંદનની ક્રિયામાં પોતાની પ્રવૃત્તિથી કોઈ સ્ખલના ન થાય અને અન્યને પ્રવૃત્તિથી થતા ઉત્તમ ભાવમાં પોતાની પ્રવૃત્તિ અંતરાયરૂપ ન થાય તે પ્રકારના વિવેકપૂર્વક ચૈત્યવંદનના સૂત્રના પાઠનો ઉચ્ચાર કરે છે, તેથી ચૈત્યવંદનની ક્રિયામાં યુક્ત સ્વરની પ્રધાનતા હોય છે, જેથી અન્ય જીવોને ઉપયોગની સ્ખલનારૂપ સંમોહનું અનાપાદક પોતાનું ચૈત્યવંદન બને છે, તે પણ દેવાદિ વંદનનું અંગ છે; કેમ કે ઉચિત પ્રવૃત્તિરૂપ છે.

**શ્રદ્ધા-સંવેગનું સૂચક દેવાદિનું વંદન :-** જે મહાત્માઓને ભગવાનના ગુણો જ આત્માનું પારમાર્થિક સ્વરૂપ હોવાથી પ્રાપ્તવ્ય છે એવી શ્રદ્ધા છે અને ચૈત્યવંદનકાળમાં ભગવાનના તે તે ગુણોને અવલંબીને જાણે તે ગુણો જ સ્વઉપયોગના બળથી પોતાના આત્મામાં આવિર્ભાવ કરતો ન હોય તેવો સુંદર સંવેગનો પરિણામ વર્તે છે, તેથી જોનારને સ્પષ્ટ લાગે કે આ મહાત્માને ભગવાનનું સ્વરૂપ જ અત્યંત પ્રિય છે અને તેને પ્રાપ્ત કરવા માટે જ મહાપરાક્રમ કરી રહ્યો છે એવા શ્રદ્ધા-સંવેગનું સૂચક દેવાદિનું વંદન છે, તેથી દેવાદિ વંદનનું શ્રદ્ધા-સંવેગનું સૂચકપણું પણ અંગ છે.

**ઉલ્લાસ પામતા ભાવ રોમાંચવાળું દેવાદિવંદન :-** જે મહાત્માને દેવાદિનું સ્વરૂપ આત્માની અત્યંત રમ્ય અવસ્થારૂપ છે તેવો સ્પષ્ટ બોધ છે અને તેવી અવસ્થાની પ્રાપ્તિનું કારણ વિધિપૂર્વક કરાયેલું દેવાદિવંદન છે તેવો નિર્ણય છે, આથી જ દેવાદિના સ્વરૂપમાં અર્પિત થયેલા માનસવાળો ચૈત્યવંદનની ક્રિયા કરે છે ત્યારે ભગવાનના ગુણોના સ્મરણથી આત્મામાં થતા વિશેષ પ્રકારના ઉત્તમ ભાવને કારણે દેહ ઉપર અકૃત્રિમ રોમાંચનો ઉદ્ભવ દેખાય છે. જેમ કોઈ પુરુષ અપૂર્વ વસ્તુનું દર્શન કરે ત્યારે તેના અપૂર્વ દર્શનકૃત ભાવો મુખ ઉપર અને દેહની ચેષ્ટામાં પણ વ્યક્ત જણાય છે તેમ દેવાદિનું અપૂર્વ સ્વરૂપ અનંતકાળમાં પોતે જોયું નથી તેવું અપૂર્વ જેને દેખાય છે તેવા મહાત્માના દેહ અને મુખ ઉપર તેવા હર્ષની અભિવ્યક્તિના ભાવો સહજ દેખાય છે, જેનાથી જણાય છે કે આ મહાત્મા દેવાદિ વંદનની ક્રિયા દ્વારા શુદ્ધ આત્માના ભાવોમાં જવા માટે યત્ન કરી રહ્યા છે, માટે દેવાદિ વંદનનું અંગ પ્રોલ્લસદ્ ભાવરોમાંચ છે.

**વર્ધમાન શુભાશયવાળું દેવાદિનું વંદન :-** જે મહાત્મા દેવાદિના પારમાર્થિક સ્વરૂપના બોધવાળા છે અને તેવું સ્વરૂપ પોતાને પ્રાપ્ત કરવું છે અને તેના ઉપાયભૂત આ ચૈત્યવંદનની ક્રિયા છે તેવો સ્થિર નિર્ણય છે, તેથી ક્રિયાના પ્રારંભથી દૃઢ પ્રણિધાનપૂર્વક જિનના ગુણોમાં અર્પિત માનસવાળા થઈને તચ્ચિત્ત-તદ્મન-

તદ્લેશ્યાપૂર્વક ચૈત્યવંદન કરે છે ત્યારે ચૈત્યવંદનકાળમાં સતત મોહનું ઉન્મૂલન થતું હોવાથી વર્ધમાન શુભાશયવાળું તે મહાત્માનું દેવાદિવંદન છે અર્થાત્ સતત શુભાશયની વૃદ્ધિ પામતું દેવાદિ વંદન છે, માટે દેવાદિ વંદનનું અંગ વર્ધમાન શુભાશય છે.

**અવનામાદિથી સંશુદ્ધ દેવાદિવંદન :-** દેવાદિના વંદનકાળમાં વંદનની ક્રિયાને અતિશય કરવામાં ઉપયોગી અવનામ-યથાજાતાદિ ક્રિયાવિશેષો શાસ્ત્રમાં વિહિત છે અને સમ્યક્ ચૈત્યવંદનની નિષ્પત્તિના અર્થી જીવો તે ક્રિયાવિશેષ ક્યારે કઈ કઈ ક્રિયા કરવી જોઈએ તેનો નિર્ણય કરીને અને કઈ રીતે કરવાથી ભાવની શુદ્ધિ થાય છે તેના પરમાર્થનો શાસ્ત્રથી નિર્ણય કરીને અવનામાદિ ક્રિયાઓથી સંશુદ્ધ દેવાદિવંદન કરે છે, જેથી તે તે પ્રકારની કાયિક ક્રિયા પણ ગુણ-વૃદ્ધિનું કારણ બને છે, માટે દેવાદિ વંદનનું અંગ અવનામાદિથી સંશુદ્ધ ચૈત્યવંદન છે.

અહીં દેવાદિમાં આદિ પદથી ગુરુનું ગ્રહણ છે, તેથી વિધિશુદ્ધ ગુરુનું વંદન પણ અધ્યાત્મ કહેવાયું છે. ॥૩૯૮-૩૯૯॥

**શ્લોક :-**

**प्रतिक्रमणमप्येवं, सति दोषे प्रमादतः ।**
**तृतीयौषधकल्पत्वाद्, द्विसन्ध्यमथवाऽसति ॥४००॥**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=દેવવંદનની રીતથી, प्रमादतः=પ્રમાદને કારણે, दोषे सति=દોષ થયે છતે=ગુણસ્થાનકની વૃદ્ધિની ક્રિયામાં સ્ખલના થયે છતે, अथवा=અથવા, असति=દોષ નહિ હોતે છતે, तृतीयौषधकल्पत्वाद्=ત્રીજા ઔષધનું તુલ્યપણું હોવાથી, द्विसन्ध्यम्=બે સંધ્યા, प्रतिक्रमणमपि=પ્રતિક્રમણ પણ અધ્યાત્મ છે. ॥૪૦૦॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે પ્રમાદને કારણે દોષ થયે છતે અથવા દોષ નહિ હોતે છતે ત્રીજા ઔષધનું તુલ્યપણું હોવાથી બે સંધ્યા પ્રતિક્રમણ પણ અધ્યાત્મ છે. ॥૪૦૦॥**

**ટીકા :-**

**प्रतिक्रमणमपि षड्विधावश्यकक्रियारूपम् एवं=देवादिवन्दनन्यायेन, इष्टम् सति दोषे गुप्तिसमितिगुरुविनयभङ्गादिलक्षणे प्रमादतः=तथाविधानाभोगादिप्रमादात्, अत्रैव पक्षान्तरमाह- तृतीयौषधकल्पत्वात्, इह त्रीण्यौषधानि – तत्रैकं प्रयुज्यमानं व्याधिभावे तं नाशयति अभावे पुनस्तं करोति, द्वितीयं पुनः सन्तं व्याधिमपनयति, तदभावे तु न गुणाय नापि दोषाय, तृतीयं तु सन्तं दोषमपनयति, असत्त्वे च रसायनतया परिणमति, ततस्तृतीयौषधकल्पत्वात् द्विसन्ध्यं=द्वे प्राभातिकसायन्तन्यौ सन्ध्ये यत्र तत्तथा, 'अथवा' इति विकल्पान्तरे असति दोष इति ॥४००॥**

**ટીકાર્થ :-**

**प्रतिक्रमणमपि ..... दोष इति ।। આ રીતે=દેવાદિ વંદન ન્યાયથી, ષડ્વિધ આવશ્યકની ક્રિયા રૂપ પ્રતિક્રમણ પણ ઈષ્ટ છે=અધ્યાત્મ રૂપે સંમત છે,**

ક્યારે પ્રતિક્રમણ ઇષ્ટ છે ? એથી કહે છે –

**પ્રમાદથી=તેવા પ્રકારના અનાભોગાદિ પ્રમાદથી, ગુપ્તિ-સમિતિ-ગુરુવિનયના ભંગાદિ રૂપ દોષ થયે છતે પ્રતિક્રમણ ઈષ્ટ છે એમ અન્વય છે.**

**આમાં જ=પ્રતિક્રમણના સેવનમાં જ, પક્ષાંતરને કહે છે – ત્રીજા ઔષધ તુલ્યપણું હોવાથી અવિદ્યમાન દોષમાં પણ પ્રતિક્રમણ ઈષ્ટ છે એમ અન્વય છે.**

**અહીં ત્રણ ઔષધો આ પ્રમાણે છે – તેમાં=ત્રણ ઔષધોમાં, એક પ્રયોગ કરાતું વ્યાધિના ભાવમાં તેનો નાશ કરે છે=વ્યાધિનો નાશ કરે છે, વળી અભાવમાં=વ્યાધિના અભાવમાં, તેને=વ્યાધિને કરે છે.**

**વળી બીજું ઔષધ વિદ્યમાન વ્યાધિને દૂર કરે છે, વળી તેના અભાવમાં=વ્યાધિના અભાવમાં, ગુણ માટે નથી, વળી દોષ માટે નથી.**

**વળી ત્રીજું ઔષધ વિદ્યમાન દોષને દૂર કરે છે અને અસત્ત્વમાં=દોષના અસત્ત્વમાં રસાયનપણાથી પરિણમન પામે છે અર્થાત્ દેહની પુષ્ટિ કરે છે, તેથી પ્રતિક્રમણનું ત્રીજા ઔષધકલ્પપણું હોવાને કારણે અવિદ્યમાન દોષમાં પણ બે સંધ્યા અર્થાત્ સવાર-સાંજની બે સંધ્યા છે જેમાં તે તેવું છે=દ્વિસંધ્યાવાળું પ્રતિક્રમણ છે, શ્લોકમાં 'अथवा' એ વિકલ્પાંતરમાં છે અર્થાત્ દોષ હોય અથવા ન હોય, બે સંધ્યાવાળું પ્રતિક્રમણ અધ્યાત્મ રૂપે ઈષ્ટ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૦૦।।**

**ભાવાર્થ :-**

સાધુ સદા ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિમાં હોય છે અને ઉચિત ગુરુવિનયાદિ કરીને સદા સંયમના કંડકોની વૃદ્ધિ કરે છે, વળી દેશવિરતિધર શ્રાવકો પણ સમિતિ-ગુપ્તિના અત્યંત અર્થી છે, તેથી સર્વવિરતિની શક્તિનો સંચય થાય તે રીતે દેશવિરતિનું પાલન કરે છે, તેથી દેશથી સમિતિ-ગુપ્તિ શ્રાવકને પણ હોય છે અને શ્રાવક પણ સ્વભૂમિકા અનુસાર ગુરુવિનયાદિ કરીને જ્ઞાનની વૃદ્ધિ કરે છે તેવા સાધુને અને શ્રાવકને સ્વભૂમિકા અનુસાર ઉચિત યત્ન કરવામાં પ્રમાદ દોષની પ્રાપ્તિ થાય ત્યારે ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ સમિતિ-ગુપ્તિ આદિમાં ભંગની પ્રાપ્તિ થાય છે, તે વખતે સાધુએ અને શ્રાવકે શ્લોક-૩૯૮-૩૯૯માં દેવાદિ વંદનની વિધિ બતાવી તે પ્રકારની વિધિપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરવી જોઈએ, જેથી ગુણસ્થાનકના ભંગમાંથી ચિત્ત નિવર્તન પામીને ગુણસ્થાનકની વૃદ્ધિને અનુકૂળ યત્નની પ્રાપ્તિ થાય; કેમ કે વિવેકસંપન્ન સાધુ અને વિવેકસંપન્ન શ્રાવક જે ભાવોથી છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ સંભૂત છે તે ભાવોથી પ્રતિક્રમણના પરમાર્થને જાણનારા હોય છે, તેથી તચ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાથી પ્રતિક્રમણ કરે તો પ્રતિક્રમણના જે ગુણો

ભગવાને કહ્યા છે તે ગુણોની તેમને અવશ્ય પ્રાપ્તિ થાય છે, તેથી પ્રતિક્રમણની ક્રિયા અધ્યાત્મ બને છે. વળી જે સાધુ કે શ્રાવક દિવસ દરમ્યાન લેશ પણ પ્રમાદ વગર સ્વભૂમિકાને ઉચિત અનુષ્ઠાનોમાં ઉદ્યમ કરનારા છે તેઓને દિવસ દરમ્યાન સ્વભૂમિકાની સમિતિ-ગુપ્તિ આદિમાં સ્ખલના થયેલી ન હોય તોપણ પ્રતિક્રમણ ત્રીજા ઔષધ તુલ્ય હોવાથી તેઓ પ્રતિક્રમણ કરે ત્યારે જે ભાવોથી પ્રતિક્રમણના સૂત્રો સંભૃત છે તે ભાવોમાં દૃઢ ઉપયોગ વર્તતો હોવાથી તેઓને પણ તે છ આવશ્યકના પરિણામો અત્યંત સ્થિર થાય છે અને પોતે જે અપ્રમાદભાવથી દિવસ દરમ્યાન ઉદ્યમ કરે છે તે અપ્રમાદ જ અત્યંત વૃદ્ધિ પામે છે, તેથી રસાયણ તુલ્ય ત્રીજા ઔષધની જેમ તે અપ્રમાદી સાધુને પણ કે અપ્રમાદિ શ્રાવકને પણ પ્રતિક્રમણની ક્રિયા ભાવધાતુની પુષ્ટિ કરે છે, જેથી સાધુની કે શ્રાવકની રત્નત્રયીની પરિણતિરૂપ ભાવધાતુ અતિશય બલવાન બને છે, માટે સાધુનું કે શ્રાવકનું દ્વિસંધ્યાવાળું પ્રતિક્રમણ અધ્યાત્મરૂપ છે.

અહીં વિશેષ એ છે કે પ્રતિક્રમણ છ આવશ્યક કૃત્યોથી બદ્ધ છે તેમાં –

સામાયિક આવશ્યક શમભાવના પરિણામરૂપ છે અને જે સાધુ કે શ્રાવક પોતાની ભૂમિકા અનુસાર સમિતિ-ગુપ્તિમાં અપ્રમાદ કરે છે તેઓ સ્વભૂમિકા અનુસાર શમભાવના પરિણામવાળા છે; કેમ કે શમભાવનો રાગ જ સ્વભૂમિકા અનુસાર દેશવિરતિમાં કે સર્વવિરતિમાં અપ્રમાદ કરાવે છે અને સામાયિક આવશ્યક કરતી વખતે સામાયિક સૂત્રના બળથી શમભાવનો રાગ જ અતિશય થાય છે અને ત્યારપછી –

ચતુર્વિંશતિ સ્તવ દ્વારા શમભાવના પ્રકર્ષવાળા તીર્થંકરના ગુણોથી ચિત્ત અતિશય વાસિત બને છે, જેથી શમભાવનો પરિણામ જ વિશેષ રીતે ઉલ્લસિત થાય છે.

વળી સુભટની જેમ મોહની સામે લડનારા સુસાધુને વંદન કરવાથી સુસાધુની જેમ સુભટભાવવૃત્તિ ઉલ્લસિત થાય છે, તેથી વિશેષ પ્રકારનો શમભાવને અનુકૂળ વીર્યનો ઉલ્લાસ થાય છે.

આ રીતે ત્રણ આવશ્યકો દ્વારા શમભાવના વીર્યસંચયવાળા સાધુ કે શ્રાવક ચોથું પ્રતિક્રમણ આવશ્યક કરે છે ત્યારે તેઓને પોતાના ગુણસ્થાનકની પ્રવૃત્તિમાં સંભવિત સ્ખલનાઓ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય છે, જેથી પ્રમાદથી દિવસ દરમ્યાન સ્ખલના થયેલી હોય તો તેની વિશુદ્ધિ થાય છે અને જે મહાત્માઓને દિવસ દરમ્યાન સ્ખલના થયેલી નથી તેઓને પણ સ્વગુણસ્થાનકમાં સંભવતી સ્ખલના પ્રત્યે અત્યંત જુગુપ્સા થાય છે, જેથી ગુણસ્થાનકને અનુરૂપ પોતાની અપ્રમાદની પ્રવૃત્તિ પૂર્વ કરતાં પણ અતિશય દૃઢ થાય છે, જેથી પાત થવાની સંભાવનાઓ નષ્ટ-નષ્ટતર થાય છે.

વળી પ્રતિક્રમણ આવશ્યકમાં દૃઢ યત્ન કરવા છતાં કોઈક સૂક્ષ્મ સ્ખલનાની શુદ્ધિ ન થઈ હોય તો કાયોત્સર્ગ નામના પાંચમા આવશ્યક દ્વારા તેની શુદ્ધિ થાય છે અને જેઓને પ્રતિક્રમણ આવશ્યક દ્વારા સ્ખલનાની શુદ્ધિ થઈ છે અને જેઓએ દિવસ દરમ્યાન સ્વભૂમિકાના આચારોમાં કોઈ સ્ખલના કરી નથી તેઓને પણ કાયોત્સર્ગ આવશ્યક દ્વારા કરાતા શુભ ચિંતવનથી ગુણસ્થાનકની વૃદ્ધિનું બળ આધાન થાય છે અને અંતે પોતાની શક્તિ અનુસાર પચ્ચક્ખાણ આવશ્યક કરીને શ્રાવક કે સાધુ વિશેષ પ્રકારના સંવર

ભાવને પ્રાપ્ત કરે છે, તેથી છ આવશ્યકમય પ્રતિક્રમણ સાધુ અને શ્રાવક માટે અધ્યાત્મ બને છે અર્થાત્ વીતરાગતુલ્ય આત્મભાવમાં નિવેશને અનુકૂળ ક્રિયારૂપ બને છે, ફક્ત વીતરાગ આત્મભાવમાં નિવિષ્ટ છે અને અધ્યાત્મ સેવનારા મહાત્માઓ આત્મભાવમાં નિવિશ્યમાન છે એ વિશેષ છે. **॥૪૦૦॥**

**અવતરણિકા :-**

**अथ यद्विषयमेतत्तदाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જેના વિષયવાળું આ=પ્રતિક્રમણ, છે તેને=તે વિષયને, કહે છે –**

**શ્લોક :-**

**निषिद्धासेवनादि यद्, विषयोऽस्य प्रकीर्तितः ।**
**तदेतद् भावसंशुद्धेः, कारणं परमं मतम् ।।४०१।।**

**અન્વયાર્થ :-**

**यद्**=જે કારણથી, **निषिद्धासेवनादि**=નિષિદ્ધ આસેવનાદિ, **अस्य**=આનો=પ્રતિક્રમણનો, **विषयः प्रकीर्तितः**=વિષય કહેવાયો છે, **तद्**=તે કારણથી, **एतद्**=આ=પ્રતિક્રમણ, **भावसंशुद्धेः**=ભાવસંશુદ્ધિનું, **परमं कारणं**=પરમ કારણ, **मतम्**=મનાયું છે. ।।૪૦૧।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી નિષિદ્ધ આસેવનાદિ આનો વિષય કહેવાયો છે, તે કારણથી આ ભાવસંશુદ્ધિનું પરમ કારણ મનાયું છે. ॥૪૦૧॥**

**ટીકા :-**

**निषिद्धासेवनादि –**

"पडिसिद्धाणं करणे १, किच्चाणमकरणे २, य पडिक्कमणं ।
अस्सद्दहणे ३ य तहा, विवरीयपरूवणाए ४ य ।।१।।"

**इति सूत्रोक्तः यद्=यस्मात्कारणात्, विषयोऽस्य=प्रतिक्रमणस्य, प्रकीर्तितः तद्=तस्मात्, एतत्=प्रतिक्रमणम्, भावसंशुद्धेः=अन्तःकरणनिर्मलतायाः, कारणं, परमं= प्रकृष्टं, मतम् ।।४०१।।**

**ટીકાર્થ :-**

**निषिद्धासेवनादि ..... मतम् ।। નિષિદ્ધ આસેવનાદિ**="પ્રતિસિદ્ધના કરણમાં, કૃત્યોના અકરણમાં અને અસદ્દહણામાં તથા વિપરીત પ્રરૂપણામાં પ્રતિક્રમણ છે," **એ પ્રમાણે સૂત્રમાં કહેવાયેલો વિષય જે કારણથી**

**આનો=પ્રતિક્રમણનો, કહેવાયો છે, તે કારણથી આ=પ્રતિક્રમણ, ભાવસંશુદ્ધિનું=અંતઃકરણની નિર્મલતાનું, પ્રકૃષ્ટ કારણ મનાયું છે. ॥૪૦૧॥**

**ભાવાર્થ :-**

વંદિત્તુ સૂત્રની ગાથા અનુસાર પ્રતિસિદ્ધનું કરણ ઇત્યાદિરૂપ નિષિદ્ધ આસેવનાદિ પ્રતિક્રમણનો વિષય કહેવાયો છે. તેનાથી એ ફલિત થાય કે કોઈ સાધુએ કે શ્રાવકે વંદિત્તુ સૂત્રમાં કહ્યા અનુસાર પ્રતિસિદ્ધના કરણ આદિ ચારમાંથી કોઈ કૃત્ય કર્યું હોય, તે કૃત્યના નાશ અર્થે ષડ્આવશ્યકમય પ્રતિક્રમણ કરાય છે અને જે ભાવથી જે પાપો થયાં હોય, તેના વિરુદ્ધ ભાવોથી તે પાપો નાશ પામે છે એ પ્રકારનો નિયમ છે અને જે સાધુ કે શ્રાવક ગુણસ્થાનકની વૃદ્ધિમાં પ્રમાદવાળા હોય ત્યારે જ નિષિદ્ધ આસેવનાદિ ચાર કૃત્યોમાંથી કોઈક કૃત્ય કરે છે અને તેની શુદ્ધિનો ઉપાય તેનાથી વિરુદ્ધ ભાવો છે અને પ્રતિક્રમણની ક્રિયા નિષિદ્ધ આસેવનાદિની શુદ્ધિનું કારણ હોવાથી નક્કી તે ચાર ભાવોથી વિરુદ્ધ ભાવરૂપ છે તેમ શાસ્ત્રવચનથી નક્કી થાય છે, માટે પ્રતિક્રમણની ક્રિયા ભાવસંશુદ્ધિનો હેતુ છે, આથી જ નિષિદ્ધ આસેવનાદિની શુદ્ધિનું પરમ કારણ છે.

અહીં વિશેષ એ છે કે સાધુ કે શ્રાવક જ્યારે જ્યારે અપ્રમાદવાળા હોય છે ત્યારે ત્યારે પ્રતિષિદ્ધને કરતા નથી, ઉચિત કૃત્યોને કરે છે અને જ્યારે જ્યારે પ્રમાદવાળા થાય છે ત્યારે ત્યારે પ્રતિષિદ્ધને કરે છે, ઉચિત કૃત્યને કરતા નથી અને વળી ક્યારેક મતિમોહ થાય તો ભગવાનના વચનમાં અશ્રદ્ધા પણ કરે છે અને વિપરીત પ્રરૂપણા પણ કરે છે, જે ગુણસ્થાનકના નાશને અનુકૂળ પ્રવૃત્તિરૂપ છે અને સંસારના પરિભ્રમણનું કારણ છે અને તેવી મલિન પરિણતિ કોઈક રીતે થયેલી હોય તેની શુદ્ધિનું કારણ પ્રતિક્રમણ આવશ્યક છે, તેથી નક્કી થાય છે કે પ્રતિક્રમણ આવશ્યક ભાવશુદ્ધિનું પ્રકૃષ્ટ કારણ છે, માટે અધ્યાત્મ છે. **॥૪૦૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૯૭માં કહેલ કે મૈત્રી આદિનું ચિંતવન અધ્યાત્મ છે, તેથી તેને સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थपरिचिन्तनम् ।**
**सत्त्वगुणाधिकक्लिश्यमानाऽप्रज्ञाप्यगोचरम् ।।४०२।।**

**અન્વયાર્થ :-**

**सत्त्वगुणाधिकक्लिश्यमानाऽप्रज्ञाप्यगोचरम्=સત્ત્વ, ગુણાધિક, ક્લિશ્યમાન અને અપ્રજ્ઞાપ્ય જીવો વિષયક, मैत्रीप्रमोदकारुण्यमाध्यस्थ्यपरिचिन्तनम्=(અનુક્રમે) મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યનું પરિચિંતન અધ્યાત્મ છે. ॥૪૦૨॥**

**શ્લોકાર્થ :-**

**સત્ત્વ, ગુણાધિક, ક્લિશ્યમાન અને અપ્રજ્ઞાપ્ય જીવો વિષયક (અનુક્રમે) મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્યનું પરિચિંતન અધ્યાત્મ છે. ||૪૦૨||**

**ટીકા :-**

**मैत्री च प्रमोदश्च कारुण्यं च माध्यस्थं च तेषां परिचिन्तनं=स्मरणम्, कीदृशमित्याह – सत्त्वाश्च=सर्वे प्राणिनो, गुणाधिकाश्च=आत्मनः सकाशादधिकगुणवन्तः, क्लिश्यमानाश्च=तथाविधशारीरमानस-दुःखोपनिपातेन बाधावन्तो, अप्रज्ञाप्याश्च=प्रज्ञापयितुमयोग्या रक्तद्विष्टादयः, तत एते यथाक्रमं गोचरा यस्य तत्तथा अध्यात्मं इति प्रकृतमेव ।।४०२।।**

**ટીકાર્થ :-**

**मैत्री च ..... प्रकृतमेव ।। મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય તેઓનું પરિચિંતન=સ્મરણ, કેવા પ્રકારનું પરિચિંતન ? એથી કહે છે – જીવો=સર્વ જીવો, ગુણાધિક જીવો=પોતાનાથી અધિક ગુણવાળા જીવો, ક્લિશ્યમાન જીવો=તેવા પ્રકારના શારીરિક-માનસિક દુઃખના ઉપનિપાતથી બાધાવાળા જીવો, અપ્રજ્ઞાપ્ય જીવો=પ્રજ્ઞાપના કરવા માટે અયોગ્ય એવા રાગ-દ્વેષ આદિવાળા જીવો, ત્યારપછી=સત્ત્વાદિનો અર્થ કર્યો ત્યારપછી, આ=સત્ત્વાદિ જીવો, યથાક્રમ વિષય છે જેને=જે પરિચિંતનને, તે તેવું છે=સત્ત્વ-ગુણાધિક-ક્લિશ્યમાન-અપ્રજ્ઞાપ્ય ગોચરવાળું પરિચિંતન છે અને તે અધ્યાત્મ છે એ પ્રમાણે પ્રકૃત જ છે. ||૪૦૨||**

**ભાવાર્થ :-**

જગતના સર્વ જીવો સાથે અત્યંત ઉચિત વર્તન કરવાની પરિણતિ પ્રગટ કરે તેવું જે ચિંતવન તે મૈત્રી આદિ ચાર ભાવો સ્વરૂપ છે અને તે ચિંતવન દ્વારા આત્મા અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરવાની પરિણતિ પ્રગટ કરે છે, તેથી તે ઉચિત પરિણતિ રૂપ શમભાવનું કારણ મૈત્રી આદિ પરિચિંતન છે; કેમ કે સામાયિકનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ સ્વરૂપ છે.

મૈત્રી આદિ ભાવોનું ચિંતવન મહાત્મા કઈ રીતે કરે છે તે બતાવતાં કહે છે –

જગતના સર્વ જીવો પ્રત્યે પોતાને હિતચિંતારૂપ મૈત્રીનો પરિણામ થાય તે પ્રકારે મૈત્રી ભાવના કરે છે, જેથી રાગ-દ્વેષને વશ આ જીવો સ્વજન છે, આ જીવો પરજન છે ઇત્યાદિ ભાવોરૂપ પક્ષપાત દૂર થાય છે અને સર્વ જીવો પ્રત્યે પોતાના આત્મા તુલ્ય હિતચિંતાની બુદ્ધિ થાય છે.

વળી જે જીવો પોતાનાથી અધિક ગુણવાળા છે તેઓ પ્રત્યે પ્રમોદભાવ થાય તે પ્રકારે પ્રમોદ ભાવનાથી મહાત્મા આત્માને વાસિત કરે છે, તેથી તેઓના ગુણોનાં સ્મરણને કારણે હર્ષિત થયેલું ચિત્ત તેમના જેવા ગુણોની પોતાને પ્રાપ્તિ થાય તેનું કારણ બને તેવી નિર્મળ પરિણતિને પ્રગટ કરે છે.

વળી સંસારવર્તી જીવો કેટલાક શારીરિક દુઃખવાળા હોય છે, તો કેટલાક કષાયોને પરવશ હોવાથી માનસિક દુઃખોવાળા હોય છે તેવા ક્લેશ પામતા જીવોને જોઈને પોતાના ચિત્તમાં તેઓના ક્લેશ દૂર કરવાને અનુકૂળ કરુણાભાવનાથી મહાત્મા પોતાને વાસિત કરે છે, જેથી તે મહાત્માનું સર્વ જીવો પ્રત્યે વિવેકયુક્ત દયાળુ ચિત્ત બને છે, જેથી જે જીવોના જે પ્રકારના ક્લેશો પોતે દૂર કરવા સમર્થ હોય તે પ્રકારે તેઓના ક્લેશના નિવારણ માટે ઉચિત યત્ન કરાવે તેવું નિર્મળ ચિત્ત બને છે.

વળી કેટલાક જીવો કર્મની પ્રચુરતાને કારણે હિતકારી પણ ઉપદેશને ગ્રહણ કરતા નથી તેઓની તેવી ક્લિષ્ટ પ્રકૃતિ જોઈને પોતાના ચિત્તમાં તેઓ પ્રત્યે પણ દ્વેષ ન થાય તેના માટે મહાત્મા તેવા જીવો પ્રત્યે મધ્યસ્થ ભાવનું ચિંતવન કરે છે, જેથી અયોગ્ય જીવોને જોઈને પણ પોતાના ચિત્તમાં ક્યારેય ક્લેશ થતો નથી.

આ પ્રકારની ચાર ભાવનાઓ આત્માના શુદ્ધ ભાવો તરફ જવાને અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી અધ્યાત્મ છે. **॥૪૦૨॥**

**અવતરણિકા :-**

**अत्रैव विशेषमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=મૈત્રી આદિ ભાવનાના વિષયમાં જ, વિશેષને કહે છે –**

**શ્લોક :-**

**विवेकिनो विशेषेण, भवत्येतद्यथागमम् ।**
**तथा गम्भीरचित्तस्य, सम्यग् मार्गानुसारिणः ॥४०३॥**

**અન્વયાર્થ :-**

**विवेकिनः=વિવેકવાળા, गम्भीरचित्तस्य=ગંભીર ચિત્તવાળા, तथा=અને, सम्यग्=સમ્યગ્, मार्गानुसारिणः=માર્ગાનુસારી મહાત્માને, विशेषेण=વિશેષથી, यथागमं=આગમાનુસાર, एतद्=આ=મૈત્રી આદિ ચિંતનરૂપ અધ્યાત્મ, भवति=થાય છે. ॥૪૦૩॥**

**શ્લોકાર્થ :-**

**વિવેકવાળા ગંભીર ચિત્તવાળા અને સમ્યગ્ માર્ગાનુસારી મહાત્માને વિશેષથી આગમાનુસાર આ અધ્યાત્મ થાય છે. ॥૪૦૩॥**

**ટીકા :-**

**विवेकिनो=लब्धपरमार्थविमर्शस्य, विशेषेण=विशिष्टवृत्त्या, भवत्येतद्=मैत्र्यादिचिन्तनरूपमध्यात्मम्, यथागमं=आगमनिरूपितक्रमानतिक्रमेण, तस्य प्राय एतत्परिणामचतुष्टयाद् बहिश्चेतोवृत्तेरभावात्,**

**कीदृशस्येत्याह – तथा इति विशेषणसमुच्चये, गम्भीरचित्तस्य=अनुपलक्ष्यमाणहर्षविषादादिविकारस्य, अत एव सम्यग्मार्गानुसारिणः-शुद्धनिवृत्तिपथस्थितस्येति ।।४०३।।**

**ટીકાર્થ :-**

**विवेकिनो ..... पथस्थितस्येति ।। વિવેકી મહાત્માને=પ્રાપ્ત થયો છે પરમાર્થનો વિમર્શ જેમને એવા મહાત્માને, વિશેષથી=વિશિષ્ટવૃત્તિથી, યથાગમ=આગમ નિરૂપિત ક્રમના અનતિક્રમથી, આ=મૈત્રી આદિ ચિંતનરૂપ અધ્યાત્મ, થાય છે; કેમ કે તેની=વિવેકી મહાત્માની, પ્રાયઃ આ પરિણામ ચતુષ્ટયથી બહાર ચિત્તવૃત્તિનો અભાવ છે, શ્લોકમાં 'तथा' એ વિશેષણના સમુચ્ચયમાં છે, કેવા મહાત્માને વિશેષથી મૈત્રી આદિ ચિંતવન થાય છે ? એને કહે છે – ગંભીર ચિત્તવાળાને=અનુપલક્ષ્યમાણ હર્ષ-વિષાદ આદિ વિકારવાળાને=મોહ અત્યંત અલ્પ થયેલો હોવાથી સૂક્ષ્મ થયેલા હર્ષ-વિષાદાદિ વિકારો હોવાને કારણે તત્ત્વના મર્મને જોનારા ગંભીર ચિત્તવાળાને, આથી જ=ગંભીર ચિત્તવાળા હોવાથી જ, સમ્યગ્ માર્ગાનુસારીને=શુદ્ધ મોક્ષપથમાં રહેલા મહાત્માને, આ મૈત્રી આદિનું ચિંતવન વિશેષથી થાય છે, એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૦૩।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓએ સંસારના પારમાર્થિક સ્વરૂપનો યથાર્થ વિમર્શ પ્રાપ્ત કર્યો છે, તેથી સંસાર ચારગતિના પરિભ્રમણ સ્વરૂપ દેખાય છે અને સંસારની વિડંબનાના ઉચ્છેદનો ઉપાય જિનવચનાનુસાર વીતરાગતાને અનુકૂળ અંતરંગ ઉદ્યમ છે તેવો સ્થિર નિર્ણય થયો છે, તેથી ગંભીરતાપૂર્વક આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાના ઉદ્યમવાળા છે, તેથી તેઓના ચિત્તમાં હર્ષ-વિષાદાદિ વિકારો નષ્ટપ્રાયઃ છે, આથી જ શુદ્ધ એવા મોક્ષપથમાં દૃઢ યત્ન કરનારા છે અર્થાત્ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરીને અસંગભાવમાં જનારા છે, તેવા મહાત્માઓ, જગતના સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિ કરાવે તેવા વિશેષથી આગમાનુસાર મૈત્રી આદિ ભાવોમાં ચિંતવનરૂપ અધ્યાત્મને પ્રાપ્ત કરે છે; કેમ કે તેવા મહાત્માઓનું ચિત્ત મૈત્રી આદિ ચાર ભાવોથી અન્ય ભાવોને સ્પર્શીને ક્યારે પ્રવર્તતું નથી, પરંતુ સદા મૈત્રી આદિ ચાર ભાવોથી અત્યંત વાસિત હોય છે, તેથી તેઓનું ચિત્ત દરેક ઉચિત પ્રવૃત્તિકાળમાં મૈત્રી આદિ ભાવોને અનુરૂપ જ જીવો સાથે પ્રવૃત્તિ કરવામાં વ્યાપારવાળું હોય છે, તેથી વિશેષથી સર્વજ્ઞના વચનાનુસાર તે મહાત્માનું ચિત્ત મૈત્રી આદિ ભાવોથી સંભૃત હોય છે; કેમ કે સમભાવનો પરિણામ અત્યંત ઉચિત પ્રવૃત્તિરૂપ મૈત્રી આદિભાવોથી નિયંત્રિત જ પ્રવૃત્તિ કરાવે છે. જ્યારે અન્ય જીવો મૈત્રી આદિ ભાવોથી સંપન્ન ચિત્તવાળા નહિ હોવા છતાં પ્રસંગે મૈત્રી આદિ ભાવોનું ચિંતવન કરે છે ત્યારે જેટલા અંશમાં મૈત્રી આદિ ભાવોથી ચિત્ત વાસિત બને છે તેટલા અંશમાં અધ્યાત્મની પ્રવૃત્તિ થાય છે જ્યારે વિવેકી મહાત્માઓને મૈત્રી આદિ ભાવોની પરિણતિરૂપ અધ્યાત્મ સદા વર્તે છે, ફક્ત કોઈ બલવાન ઉપસર્ગાદિમાં ઇષત્ ચિત્ત કુપિતાદિ થાય ત્યારે તેઓનું મૈત્રી આદિ ભાવરૂપ અધ્યાત્મ કંઈક હણાય છે. **।।૪૦૩।।**

**અવતરણિકા :-**

अथोपसंहारमाह –

**અવતરણિકાર્થ :-**

હવે ઉપસંહારને કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૩૮૦થી અધ્યાત્મનું સ્વરૂપ ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓને આશ્રયીને કહેવાનો પ્રારંભ કર્યો, તે સર્વ કથનના ઉપસંહારને કહે છે.

**શ્લોક :-**

एवं विचित्रमध्यात्ममेतदन्वर्थयोगतः ।
आत्मन्यधीतिसंवृत्तेर्ज्ञेयमध्यात्मचिन्तकैः ।।४०४।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૩૮૦થી અત્યાર સુધી વર્ણન કર્યું એ રીતે, एतद् अध्यात्मं=આ અધ્યાત્મ=પૂર્વમાં કહેલું અધ્યાત્મ, विचित्रं=અનેક રૂપવાળું, अध्यात्मचिन्तकैः=અધ્યાત્મચિંતકોએ, ज्ञेयं=જાણવું, आत्मनि अधि इति संवृत्तेः अन्वर्थयोगतः=કેમ કે આશ્રયરૂપ આત્મામાં સંવૃત્તિ હોવાને કારણે=અધ્યાત્મ શબ્દના અર્થની સંવૃત્તિ હોવાને કારણે અન્વર્થનો યોગ છે અર્થાત્ અધ્યાત્મ શબ્દના વ્યુત્પત્તિ અર્થનો યોગ છે. ।।૪૦૪।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે આ અધ્યાત્મ અનેક રૂપવાળું અધ્યાત્મચિંતકોએ જાણવું; કેમ કે આશ્રયરૂપ આત્મામાં અધ્યાત્મ શબ્દના અર્થની સંવૃત્તિ હોવાને કારણે અન્વર્થનો યોગ છે. ।।૪૦૪।।**

**ટીકા :-**

एवम्=उक्तन्यायेन, विचित्रं=अनेकरूपम्, अध्यात्ममेतत्=प्रागुक्तम्, विज्ञेयं इत्युत्तरेण योगः, कुत इत्याह – अन्वर्थयोगतः, एषोऽपि कुत इत्याह – आत्मनि=जीवे, अधीति=आधारभूते, 'इति' इत्येतस्य पूर्वोक्तार्थस्य, संवृत्तेः=साङ्गत्येन वर्तनात्, ज्ञेयमध्यात्मचिन्तकैः=भावयोगिभिरिति ।।४०४।।

**ટીકાર્થ :-**

एवमुक्तन्यायेन ..... भावयोगिभिरिति ।। આ રીતે=ઉક્ત ન્યાયથી=શ્લોક-૩૮૦થી અત્યાર સુધી વર્ણન કર્યું એ યુક્તિથી, આ=પૂર્વમાં કહેલું અધ્યાત્મ, વિચિત્ર=અનેક રૂપવાળું, જાણવું, શ્લોકના

**ઉત્તરમાં રહેલા 'ज्ञेयं' શબ્દની સાથે પૂર્વાર્ધનો સંબંધ છે તે બતાવવા માટે વિજ્ઞેયં એ પ્રમાણે ઉત્તરની સાથે યોગ છે એમ કહેલ છે, કેમ અધ્યાત્મ અનેક રૂપવાળું છે ? એથી કહે છે – અન્વર્થનો યોગ હોવાથી=અધ્યાત્મ શબ્દની વ્યુત્પત્તિનો અનેક પ્રકારની આચરણામાં યોગ હોવાથી અધ્યાત્મ અનેક પ્રકારનું છે એમ અન્વય છે, આ પણ=અનેક પ્રકારની આચરણામાં અધ્યાત્મ શબ્દના અન્વર્થનો યોગ છે એ પણ કેમ છે ? એથી કહે છે – अधि=આધારભૂત, એવા જીવરૂપ આત્મામાં આ પૂર્વોક્ત અર્થની સંવૃત્તિ હોવાથી=સંગતપણારૂપે વર્તન હોવાથી, અનેક રૂપવાળું અધ્યાત્મ અધ્યાત્મચિંતકોએ જાણવું=ભાવયોગીઓએ જાણવું.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૦૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૮૦થી અત્યાર સુધી અનેક પ્રકારની આચરણાઓ અધ્યાત્મ છે તેમ ગ્રંથકારશ્રીએ બતાવ્યું, તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે આ રીતે આ અધ્યાત્મ અનેક સ્વરૂપવાળું અધ્યાત્મચિંતકોએ જાણવું, તેથી કોઈ એક નિયત પ્રવૃત્તિ અધ્યાત્મ નથી, પરંતુ જે પ્રવૃત્તિથી ચિત્ત સંસારના ભાવોથી પર થઈને આત્મભાવોમાં જવા માટે વ્યાપારવાળું બને તેવી સર્વ ઉચિત પ્રવૃત્તિ અધ્યાત્મરૂપ છે એ પ્રકારનો અર્થ ફલિત થાય છે.

કેમ અનેક પ્રકારની પ્રવૃત્તિ અધ્યાત્મ સ્વરૂપ છે ? તેમાં હેતુ કહે છે – અન્વર્થનો યોગ છે=એ સર્વ પ્રવૃત્તિઓમાં અધ્યાત્મ શબ્દની વ્યુત્પત્તિનો યોગ છે.

અહીં પ્રશ્ન થાય કે અધ્યાત્મ શબ્દના અન્વર્થનો યોગ તે સર્વ પ્રવૃત્તિઓમાં કઈ રીતે છે ? એથી કહે છે –

અધ્યાત્મ શબ્દમાં 'अधि' અને 'आत्मा' એ પ્રકારના બે શબ્દોનું યોજન છે તેમાં 'अधि' શબ્દ સપ્તમી અર્થમાં છે અને આત્મા સાથે તેનો યોગ કરવાથી 'આત્મામાં' એ પ્રકારનાં અર્થનો વાચક અવ્યય 'અધ્યાત્મ' શબ્દ બને છે અને આ પ્રકારના 'અધ્યાત્મ' શબ્દના કથનથી અર્થથી શું પ્રાપ્ત થાય તે બતાવવા કહે છે 'अधि' શબ્દનો અર્થ આધારભૂત છે અને 'आत्मा' શબ્દ સાથે તેનો યોગ થવાથી સપ્તમી અર્થ પ્રાપ્ત થાય છે, તેથી આધારભૂત એવા આત્મામાં=તે તે અનુષ્ઠાનસેવનના આધારભૂત એવા આત્મામાં, સંગતપણાથી વર્તન કરવાને અનુકૂળ તે તે અનુષ્ઠાનો છે, તેથી જે મહાત્મા પૂર્વમાં વર્ણન કરાયેલા તત્ત્વચિંતનાદિ સર્વ અનુષ્ઠાનો તદ્ચિત્ત, તદ્મન, તદ્લેશ્યાપૂર્વક સેવે છે તે મહાત્મા તે અનુષ્ઠાન દ્વારા આધારભૂત એવા પોતાના આત્મામાં સ્થિર થવા માટે યત્ન કરે છે, તેથી તે અનુષ્ઠાન દ્વારા આત્મામાં સ્થિરભાવ ક્રમસર વૃદ્ધિ પામીને તે મહાત્મા વીતરાગ બનશે ત્યારે સદા માટે પોતાના આત્મામાં સ્થિર થશે અને તે પ્રકારે સ્થિર થવાને અનુકૂળ વ્યાપારરૂપ પૂર્વમાં વર્ણન કરાયેલાં તત્ત્વચિંતનાદિ અનુષ્ઠાનો છે, માટે તે સર્વ અનુષ્ઠાનો અધ્યાત્મ સ્વરૂપ છે એ પ્રમાણે અધ્યાત્મના સ્વરૂપના વિચારકોએ જાણવું જોઈએ. **।।૪૦૪।।**

**અવતરણિકા :-**

**अथ वृत्तिसंक्षयमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે વૃત્તિસંક્ષયને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૩૭૯માં ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરેલી કે પ્રથમ એવા અધ્યાત્મ અને અંતિમ એવા વૃત્તિસંક્ષયને અમે વિશેષથી કહીએ છીએ, ત્યારપછી શ્લોક-૩૮૦થી ૪૦૪ સુધી પ્રથમ એવા અધ્યાત્મનું વિશેષથી કથન કર્યું, હવે વૃત્તિસંક્ષયને આશ્રયીને વિશેષથી કથન કરે છે.

**શ્લોક :-**

**भावनादित्रयाभ्यासाद्, वर्णितो वृत्तिसंक्षयः ।**
**स चात्मकर्मसंयोगयोग्यतापगमोऽर्थतः ।।४०५।।**

**અન્વયાર્થ :-**

भावनादित्रयाभ्यासाद्=ભાવનાદિ ત્રયના અભ્યાસથી, वृत्तिसंक्षयः=વૃત્તિસંક્ષય, वर्णितः=વર્ણન કરાયો છે=યોગશાસ્ત્રોમાં કહેવાયો છે, च=અને, स=તે=વૃત્તિસંક્ષયરૂપ યોગ, अर्थतः=અર્થથી=પરમાર્થની દૃષ્ટિથી, आत्मकर्मसंयोगयोग्यतापगमः=આત્મા અને કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ છે. ।।૪૦૫।।

**શ્લોકાર્થ :-**

**ભાવનાદિ ત્રયના અભ્યાસથી વૃત્તિસંક્ષય વર્ણન કરાયો છે અને તે અર્થથી આત્મા અને કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ છે. ।।૪૦૫।।**

**ટીકા :-**

**भावनादि=भावनाध्यानसमतालक्षणं यद्योगत्रयं, तस्याभ्यासात्, वर्णितो वृत्तिसंक्षयः पञ्चमो योगभेदो योगशास्त्रेषु, स च=स पुनर्वृत्तिसंक्षयः, आत्मनः कर्मसंयोगयोग्यताया अपगमो=निवृत्तिः, अर्थतः= परमार्थमपेक्ष्येति ।।४०५।।**

**ટીકાર્થ :-**

भावनादि ..... परमार्थमपेक्ष्येति ।। ભાવનાદિ=ભાવના-ધ્યાન-સમતારૂપ જે યોગત્રય, તેના અભ્યાસથી વૃત્તિસંક્ષય નામનો પાંચમો યોગભેદ યોગશાસ્ત્રોમાં વર્ણન કરાયો છે, વળી તે=વૃત્તિસંક્ષય, અર્થથી=પરમાર્થની અપેક્ષાએ, આત્મા અને કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ છે=નિવૃત્તિ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૦૫।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કરાયેલા અધ્યાત્મના ભેદોમાંથી પોતાની યોગ્યતા અનુસાર અધ્યાત્મના ભેદોને સેવીને જે મહાત્મા મોહથી અનાકુળ ભાવરૂપ આત્મામાં કંઈક કંઈક નિવેશન પામે છે ત્યારે સંસારના ભાવોથી પર થઈને શુદ્ધ આત્માના ભાવોને અભિમુખ ભાવવાળા થાય છે અને તે પ્રકારે અધ્યાત્મના સેવનના બળથી સંચિત વીર્યવાળા મહાત્મા પ્રતિદિન પ્રવર્ધમાન પરિણામવાળા બને છે ત્યારે ભાવનાયોગને પ્રાપ્ત કરે છે.

ભાવનાયોગના અત્યંત સેવનના બળથી આત્માના શુદ્ધ ભાવોમાં એકાગ્રતાને પ્રાપ્ત કરી શકે તેવું બળ સંચય થાય છે ત્યારે તે મહાત્મા ધ્યાનયોગને પ્રાપ્ત કરે છે અને ધ્યાનના બળથી કંઈક સમતાયોગનો પ્રાદુર્ભાવ થાય છે અને જ્યારે ધ્યાનયોગ સુઅભ્યસ્ત બને છે ત્યારે પ્રાયઃ તે મહાત્મા ધ્યાનના બળથી સમતામાં જાય છે અને સમતાના બળથી વિશિષ્ટ ધ્યાનને પ્રાપ્ત કરે છે, આ રીતે અત્યંત સ્થૈર્યભાવને પામેલ તે મહાત્મા દીર્ઘકાળ સુધી ધ્યાન-સમતા યોગના બળથી ક્ષપકશ્રેણિ પર આરૂઢ થઈને મોહનો નાશ કરે છે ત્યારે વીતરાગ બને છે અને ઘાતિકર્મનો નાશ કરે છે ત્યારે કેવળજ્ઞાન-કેવળદર્શનને પામે છે અને ત્યારે મનોવૃત્તિના નાશરૂપ પ્રથમ વૃત્તિસંક્ષયને પ્રાપ્ત કરે છે અને યોગનિરોધકાળમાં યોગની પ્રવૃત્તિરૂપ વૃત્તિઓનો નાશ કરે છે, તેથી વૃત્તિસંક્ષયનો અર્થ શબ્દથી એ પ્રાપ્ત થાય કે મનોવૃત્તિનો નાશ અને યોગની ચેષ્ટારૂપ વૃત્તિઓનો નાશ અને અર્થથી એ પ્રાપ્ત થાય કે કર્મના સંયોગની યોગ્યતાનો નાશ; કેમ કે જીવ મનોવૃત્તિ દ્વારા અને યોગની પ્રવૃત્તિ દ્વારા આત્માથી ભિન્ન પરપદાર્થમાં પ્રવૃત્તિ કરે છે અને તેના દ્વારા કર્મનો સંયોગ થાય છે, તેથી વૃત્તિઓ કર્મસંયોગની યોગ્યતા રૂપ છે અને વૃત્તિનો નાશ એ કર્મસંયોગની યોગ્યતાના નાશરૂપ છે. **॥૪૦૫॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=વૃત્તિસંક્ષયને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**स्थूरसूक्ष्मा यतश्चेष्टा आत्मनो वृत्तयो मताः ।**
**अन्यसंयोगजाश्चैता योग्यता बीजमस्य तु ।।४०६।।**

**અન્વયાર્થ :-**

**यतः=જે કારણથી, स्थूरसूक्ष्मा चेष्टा=સ્થૂલ અને સૂક્ષ્મ ચેષ્ટા, आत्मनः वृत्तयः=આત્માની વૃત્તિઓ, मताः=મનાઈ છે, च=અને, एताः=આ=વૃત્તિઓ, अन्यसंयोगजाः=અન્ય સંયોગથી થનારી છે, तु=વળી, अस्य=આનું=અન્ય સંયોગનું, बीजं=બીજ, योग्यता=યોગ્યતા છે=જીવની કર્મબંધની યોગ્યતા છે, તે**

કારણથી અર્થથી વૃત્તિસંક્ષય આત્મા અને કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે. ॥૪૦૬॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સ્થૂલ અને સૂક્ષ્મ ચેષ્ટા આત્માની વૃત્તિઓ મનાઈ છે, અને આ અન્ય સંયોગથી થનારી છે આનું બીજ યોગ્યતા છે. ॥૪૦૬॥**

**ટીકા :-**

**स्थूरा-गमनागमनादिरूपाः सूक्ष्माश्चोच्छ्‌वासनिःश्वासादिरूपाः, यतो=यस्मात्, चेष्टाः-जीवप्रदेशपरिस्पन्दलक्षणाः आत्मनो वृत्तयो=व्यापाराः मताः, ततः किमित्याह – अन्यसंयोगजाश्च= अन्येन कर्मणा सह यो जीवस्य संयोगस्तस्माज्जाता एव, एताः=चेष्टाः, योग्यता बीजं=हेतुः, अस्य तु=अन्यसंयोगस्य पुनः ।।४०६।।**

**ટીકાર્થ :-**

**स्थूरा ..... अन्यसंयोगस्य पुनः ।। જે કારણથી સ્થૂલ ગમનાગમનાદિરૂપ અને સૂક્ષ્મ ઉચ્છવાસ-નિઃશ્વાસરૂપ જીવપ્રદેશના પરિસ્પંદનરૂપ ચેષ્ટા આત્માની વૃત્તિઓ=વ્યાપારો મનાયા છે, તેનાથી શું ?= જે કારણથી આત્માની વૃત્તિઓ મનાઈ છે તેનાથી શું ? એથી કહે છે – આ=ચેષ્ટા, અન્ય સંયોગથી થયેલી છે=અન્ય એવા કર્મની સાથે જે જીવનો સંયોગ તેનાથી થયેલી છે જ, વળી આનું=અન્ય સંયોગનું, બીજ=હેતુ, યોગ્યતા છે=જીવમાં વર્તતી ભાવમલરૂપ યોગ્યતા છે. ॥૪૦૬॥**

**ભાવાર્થ :-**

આત્મામાં ગમન-આગમન આદિ રૂપ સ્થૂલ પ્રવૃત્તિઓ થાય છે, મનના-વચનના તે તે પ્રકારના વ્યાપારો થાય છે, તે સર્વ સ્થૂલ ચેષ્ટા છે અને ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસ આદિ રૂપ સૂક્ષ્મ ચેષ્ટા છે અને અનાભોગ વીર્યના સ્પંદનરૂપ સૂક્ષ્મ ચેષ્ટા છે અને યોગીઓના મનમાં પણ કષાયોના સૂક્ષ્મ વિકલ્પો કે રતિ-અરતિના સૂક્ષ્મ વિકલ્પો વર્તે છે તે રૂપ સૂક્ષ્મ ચેષ્ટા છે અને આ સર્વ સ્થૂલ કે સૂક્ષ્મ ચેષ્ટા જીવપ્રદેશના પરિસ્પંદનરૂપ છે અને તે આત્માની વૃત્તિઓ કહેવાય છે. આ વૃત્તિઓ આત્માનો મૂળ સ્વભાવ નથી, પરંતુ આત્માથી અન્ય એવા કર્મના સંયોગથી થયેલી આ વૃત્તિઓ છે, તેથી સિદ્ધ અવસ્થામાં આ વૃત્તિઓ નથી, સંસાર અવસ્થામાં આ વૃત્તિઓની પ્રાપ્તિ સંસારી જીવોને છે અને અન્યના સંયોગનું બીજ આત્માની તેવા પ્રકારની યોગ્યતા છે અર્થાત્ આત્માથી ભિન્ન એવા કર્મના સંયોગનું બીજ આત્મામાં વર્તતી ભાવમલની પરિણતિરૂપ યોગ્યતા છે, તેથી તે યોગ્યતાને કારણે જીવ અન્ય એવા કર્મનો સંયોગ કરે છે અને કર્મના સંયોગને કારણે જીવમાં વૃત્તિઓ પ્રગટે છે. આ રીતે વૃત્તિસંક્ષય શબ્દના અંગભૂત વૃત્તિઓ કઈ રીતે આત્મામાં ઉત્પન્ન થાય છે તેની સ્પષ્ટતા ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકથી કરેલ છે. **॥૪૦૬॥**

**અવતરણિકા :-**

अत्रैव विपक्षे बाधामाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=શ્લોક-૪૦૬ના અંતે કહ્યું કે અન્યસંયોગનું બીજ યોગ્યતા છે એમાં જ, વિપક્ષમાં=વિપક્ષ સ્વીકારવામાં, બાધાને કહે છે –

**શ્લોક :-**

तदभावेऽपि तद्भावो, युक्तो नातिप्रसङ्गतः ।
मुख्यैषा भवमातेति, तदस्या अयमुत्तमः ।।४०७।।

**અન્વયાર્થ :-**

तदभावेऽपि=તેના અભાવમાં પણ=અન્ય સંયોગની યોગ્યતાના અભાવમાં પણ, तद्भावः=તેનો ભાવ=અન્યસંયોગનો ભાવ=કર્મસંયોગનો સદ્ભાવ, युक्तः न=યુક્ત નથી, अतिप्रसङ्गतः=કેમ કે અતિપ્રસંગ છે=કર્મબંધની યોગ્યતા વગરના સિદ્ધના જીવોમાં કર્મબંધ માનવાનો પ્રસંગ છે, एषा=આ=અન્ય સંયોગની યોગ્યતા, मुख्या भवमाता=મુખ્ય ભવમાતા છે, तद्=તે કારણથી, अस्याः=આનાથી=કર્મના સંયોગની યોગ્યતાથી, अयमुत्तमः=ઉત્તમ એવો આ છે=અનુપચરિત એવો કર્મનો સંયોગ છે. ।।૪૦૭।।

**શ્લોકાર્થ :-**

**તેના અભાવમાં પણ તેનો ભાવ યુક્ત નથી; કેમ કે અતિપ્રસંગ છે, આ મુખ્ય ભવમાતા છે, તે કારણથી આનાથી ઉત્તમ એવો આ છે. ।।૪૦૭।।**

**ટીકા :-**

तदभावेऽपि=योग्यताविरहे, योग्यतायां पुनः स्यादेव तद्भाव इत्यपिशब्दार्थः, तद्भावः=अन्यसंयोगभावः, युक्तो=घटमानः, न=नैव, अतिप्रसंगतः=अतिप्रसंगदोषव्याघातात्, मुख्यैषा=अन्यसंयोगयोग्यता, भवमाता=संसारजननी, इतिः पदसमाप्तौ, तत्=तस्मात्, अस्या=अन्ययोगयोग्यतायाः सकाशात्, अयम्=अन्यसंयोगः, उत्तमः=अनुपचरितः ।।४०७।।

**ટીકાર્થ :-**

तदभावेऽपि ..... उत्तमोऽनुपचरितः ।। તેના અભાવમાં પણ=કર્મબંધની યોગ્યતાના વિરહમાં પણ, તેનો ભાવ=અન્યસંયોગનો ભાવ, યુક્ત નથી જ=ઘટમાન નથી જ; કેમ કે અતિપ્રસંગ છે=મુક્ત આત્માઓમાં પણ કર્મબંધની યોગ્યતા નહિ હોવા છતાં કર્મબંધની પ્રાપ્તિના અતિપ્રસંગના દોષનો

**વ્યાઘાત છે, વળી યોગ્યતામાં તેનો ભાવ=અન્યસંયોગનો ભાવ, થાય જ એ 'तदभावेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, આ=અન્યસંયોગની યોગ્યતા, મુખ્ય ભવમાતા છે=સંસારને ઉત્પન્ન કરનારી છે. 'इति' શબ્દ પદની સમાપ્તિમાં છે=શ્લોકમાં રહેલ 'इति' શબ્દ 'આ મુખ્ય ભવમાતા છે' એ પ્રકારના પદની સમાપ્તિમાં છે, તે કારણથી=કર્મબંધની યોગ્યતા મુખ્ય ભવમાતા છે તે કારણથી, આનાથી=અન્યસંયોગની યોગ્યતાથી, ઉત્તમ એવો આ છે=અનુપચરિત એવો અન્યસંયોગ છે=કર્મનો સંયોગ છે. ॥૪૦૭॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૦૬ના અંતમાં કહ્યું કે આત્માની સાથે કર્મના સંયોગનું બીજ આત્મામાં રહેલી કર્મબંધની યોગ્યતા છે અને તેના અભાવમાં=કર્મબંધની યોગ્યતાના અભાવમાં, સંસારી જીવોમાં દેખાતો કર્મનો સદ્ભાવ ઘટમાન નથી; કેમ કે જો કર્મબંધની યોગ્યતાના અભાવમાં પણ સંસારી જીવોને કર્મબંધની પ્રાપ્તિ થતી હોય તો સિદ્ધના જીવોને પણ કર્મબંધની પ્રાપ્તિનો પ્રસંગ આવે, તેથી ફલિત થાય છે કે સંસારી જીવોમાં કર્મબંધની યોગ્યતા છે અને તે જીવની વૃત્તિઓ સ્વરૂપ છે, આથી જ અધ્યાત્મ આદિના ક્રમથી વૃત્તિસંક્ષય થાય છે ત્યારે કર્મબંધની યોગ્યતાનો નાશ થાય છે અને તેના કારણે સિદ્ધના જીવોને કર્મબંધની પ્રાપ્તિ થતી નથી અને જીવમાં રહેલી કર્મબંધની યોગ્યતા રૂપ વૃત્તિઓ મુખ્ય ભવમાતા છે અર્થાત્ કર્મના કારણે જીવ સંસારમાં જન્મે છે, તેથી જન્મની પ્રાપ્તિનું કારણ જન્મ આપાદક કર્મ છે તે મુખ્ય જન્મની માતા નથી, પરંતુ જીવમાં વર્તતી કર્મબંધની યોગ્યતા મુખ્ય ભવમાતા છે, આથી જ ભવના ઉચ્છેદના અર્થી જીવો મુખ્ય ભવમાતાના નાશ અર્થે યત્ન કરે છે, આથી જ અધ્યાત્મ આદિના ક્રમથી વૃત્તિસંક્ષય પ્રાપ્ત કરે છે ત્યારે મુખ્ય ભવમાતારૂપ યોગ્યતાનો નાશ થવાથી યોગીને ભવની પ્રાપ્તિ થતી નથી. આ કથનથી શું ફલિત થાય છે તે બતાવતાં કહે છે –

જીવમાં કર્મસંબંધની યોગ્યતાથી અનુપચરિત કર્મનો સંયોગ પ્રાપ્ત થાય છે, તેથી જેઓ આત્માને નિત્ય મુક્ત માને છે અને કર્મનો સંયોગ ઉપચરિત છે તેમ કહે છે તે ઉચિત નથી; કેમ કે સંસારી જીવમાં કર્મના સંયોગની યોગ્યતા રૂપ વૃત્તિઓ વિદ્યમાન છે, તેથી તે વૃત્તિઓના બળથી અન્યનો સંયોગ થાય છે અને કર્મબંધના કારણીભૂત વૃત્તિઓના ઉચ્છેદ અર્થે જ સર્વ ઉપદેશ છે. **॥૪૦૭॥**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=કર્મબંધની યોગ્યતાના વિરહમાં કર્મનો સંયોગ થાય નહિ એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

શ્લોક :-

पल्लवाद्यपुनर्भावो, न स्कन्धापगमे तरोः ।
स्यान्मूलापगमे यद्वत्, तद्वद्भवतरोरपि ।।४०८।।

અન્વયાર્થ :-

तरोः स्कन्धापगमे=વૃક્ષના સ્કંધના અપગમમાં, पल्लवाद्यपुनर्भावो न=પલ્લવાદિનો અપુનર્ભાવ નથી, यद्वत्=જેમ, मूलापगमे=મૂળના અપગમમાં=વૃક્ષના મૂળના અપગમમાં, स्यात्=થાય=પલ્લવાદિનો અપુનર્ભાવ થાય, तद्वत्=તેમ, भवतरोरपि=ભવરૂપી વૃક્ષના પણ કર્મબંધની યોગ્યતા રૂપ મૂળના અપગમમાં સંસારનો અપુનર્ભાવ થાય. ॥૪૦૮॥

શ્લોકાર્થ :-

**વૃક્ષના સ્કંધના અપગમમાં પલ્લવાદિનો અપુનર્ભાવ નથી, જેમ મૂળના અપગમમાં થાય તેમ ભવરૂપી વૃક્ષના પણ કર્મબંધની યોગ્યતારૂપ મૂળના અપગમમાં સંસારનો અપુનર્ભાવ થાય. ॥૪૦૮॥**

ટીકા :-

पल्लवादीनां=पल्लवपुष्पफलादीनां, अपुनर्भावः=पुनरभवनम्, न=नैव, स्कन्धापगमे=स्थुडोच्छेदे तरोर्वटादेः, स्याद्=भवेत्, मूलापगमे=मूलोच्छेदे, यद्वद्=यथा, स्यात् तद्वत्=तथा, भवतरोरपि= संसारवृक्षस्यापीति, यथा हि 'मूलानुच्छेदे कन्दोच्छेदे कृतेऽपि न पल्लवादीनामत्यन्तसमुच्छेदो, मूलावष्टम्भेन पुनर्भावसम्भवात्', एवं नारकतिर्यगादिभावोच्छेदेऽपि न भववेद्यविकाराणामत्यन्तसमुच्छेदस्तद्भव-योग्यकर्मबंधयोग्यतोच्छेदमन्तरेणेति ।।४०८।।

ટીકાર્થ :-

पल्लवादीनां ..... योग्यकर्मबंधयोग्यतोच्छेदमन्तरेणेति ।। વડ આદિ વૃક્ષના સ્કંધના અપગમમાં=થડના ઉચ્છેદમાં, પલ્લવાદિનો=પલ્લવ-પુષ્પ-ફલાદિનો, અપુનર્ભાવ=ફરી અભવન ન જ થાય, જેમ મૂળ ઉચ્છેદમાં થાય=પલ્લવાદિનો અપુનર્ભાવ થાય તેમ ભવરૂપી વૃક્ષનો પણ=સંસારરૂપી વૃક્ષનો પણ, વૃત્તિરૂપી મૂળનો ઉચ્છેદ થાય તો ભવનો ઉચ્છેદ થાય. 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.

દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ 'यथा हि'થી સ્પષ્ટ કરે છે – જે રીતે મૂળના અનુચ્છેદમાં સ્કન્ધનો ઉચ્છેદ કરાયે છતે પણ પલ્લવાદિનો અત્યંત સમુચ્છેદ નથી; કેમ કે મૂળના અવષ્ટંભથી ફરી ભાવનો સંભવ છે=ફરી પલ્લવાદિના સદ્ભાવનો સંભવ છે, એ રીતે નારક-તિર્યંચ આદિ ભાવના ઉચ્છેદમાં પણ તદ્ભવ યોગ્ય કર્મબંધની યોગ્યતાના ઉચ્છેદ વગર=નારક-તિર્યંચ આદિ ભવને યોગ્ય કર્મબંધની

**યોગ્યતાના ઉચ્છેદ વગર, ભવવેદ્ય વિકારોનો અત્યંત સમુચ્છેદ નથી. 'इति' શબ્દ 'यथा हि'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૪૦૮॥**

❖ ટીકામાં 'कन्दोच्छेदे' પાઠ છે ત્યાં 'स्कन्धोच्छेदे' પાઠ હોવાની સંભાવના છે અને તે રીતે અર્થ કર્યો છે.

**ભાવાર્થ :-**

વડાદિ વૃક્ષો હોય અને તેના સ્કંધો કાપવામાં આવે તોપણ વૃક્ષનું મૂળ વિદ્યમાન હોય તો તે વૃક્ષ ફરી પલ્લવિત થાય છે તેમ સંસારી જીવો નરક-તિર્યંચ આદિ ગતિમાં વર્તતા હોય ત્યારે નરક-તિર્યંચ આદિ ગતિમાંથી નીકળીને મનુષ્ય કે દેવગતિમાં આવે છે ત્યારે નરક-તિર્યંચ આદિ ભાવોનો ઉચ્છેદ થવા છતાં પણ ફરી નરક-તિર્યંચ આદિમાં જવાના કારણીભૂત એવી કર્મબંધની યોગ્યતાનો ઉચ્છેદ ન થાય તો ફરી તે તે ગતિઓની પ્રાપ્તિરૂપ ભવ પલ્લવિત થાય છે. આથી જ જે મહાત્માઓ શુદ્ધ સંયમને પાળીને અતિદયાળુ ચિત્તવાળા થયા છે અને નરક અને તિર્યંચને યોગ્ય કઠોરતા ઉત્પન્ન થાય તેવી યોગ્યતાનો નાશ કરે છે તે મહાત્મા સંસારમાં હોવા છતાં નરક-તિર્યંચમાં ક્યારેય જતા નથી અને વિશેષ સાધના દ્વારા જ્યારે સર્વ વૃત્તિઓનો સંક્ષય કરે છે ત્યારે કર્મબંધની યોગ્યતાનો અભાવ થવાથી તે મહાત્મા ક્યારે પણ ફરી સંસારમાં જન્મતા નથી, તેથી વૃક્ષના મૂળના ઉચ્છેદસ્થાનીય વૃત્તિસંક્ષય છે, તેથી સંસારરૂપી વૃક્ષનું મૂળ એવી વૃત્તિઓનો સંક્ષય થાય ત્યારે જીવના સંસારનો સદા નાશ થાય છે. **॥૪૦૮॥**

**અવતરણિકા :-**

**अथामुमेव दृष्टान्तदार्ष्टान्तिकभावं भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આ જ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવને ભાવન કરતાં=સ્પષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**मूलं च योग्यता ह्यस्य, विज्ञेयोदितलक्षणा ।**
**पल्लवा वृत्तयश्चित्रा, हन्त तत्त्वमिदं परम् ।।४०९।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, अस्य=આનું=ભવરૂપી વૃક્ષનું, मूलं=મૂળ, उदितलक्षणा योग्यता हि=પૂર્વમાં કહેલા લક્ષણવાળી યોગ્યતા જ, विज्ञेया=જાણવી, पल्लवाः=પલ્લવો, चित्रा वृत्तयः=અનેક પ્રકારની વૃત્તિઓ છે, हन्त=ખરેખર, इदं परं तत्त्वम्=આ પરં તત્ત્વ છે=સંસારનું આ પરમ રહસ્ય છે. ।।૪૦૯।।**

**શ્લોકાર્થ :-**

**વળી આનું મૂળ પૂર્વમાં કહેલા લક્ષણવાળી યોગ્યતા જ જાણવી, પલ્લવો અનેક પ્રકારની વૃત્તિઓ છે, ખરેખર આ પરં તત્ત્વ છે. ।।૪૦૯।।**

**ટીકા :-**

**मूलं च=मूलं पुनः, योग्यता हि=योग्यतैव, अस्य=भवतरोः, विज्ञेयोदितलक्षणा=निरूपितरूपा प्राक्, पल्लवा वृत्तयो=व्यापाराः, चित्रा=नानाप्रकाराः, 'हन्त' इति प्राग्वत्, तत्त्वमिदं परं प्रकृष्टमिति ।।४०९।।**

**ટીકાર્થ :-**

**मूलं ..... प्रकृष्टमिति ।। વળી આનું=ભવતરુનું, મૂળ ઉદિત લક્ષણવાળી=પૂર્વમાં નિરૂપણ કરાયેલા સ્વરૂપવાળી, યોગ્યતા જ જાણવી, પલ્લવો ચિત્રા=જુદા જુદા પ્રકારની, વૃત્તિઓ=વ્યાપારો, જાણવા 'हन्त' પૂર્વની જેમ ખરેખર અર્થમાં છે, આ=પૂર્વમાં મૂળરૂપ યોગ્યતા અને પલ્લવરૂપ વૃત્તિઓ બતાવી એ, પરં અર્થાત્ પ્રકૃષ્ટ તત્ત્વ છે=સંસારરૂપ તરુનું પ્રકૃષ્ટ તત્ત્વ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૦૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વૃક્ષનું મૂળ અને વૃક્ષના પલ્લવો દ્વારા ભવરૂપી વૃક્ષનું સ્વરૂપ બતાવ્યું અર્થાત્ ભવરૂપી વૃક્ષનું મૂળ કર્મબંધની યોગ્યતા છે અને તે તે ભવયોગ્ય બંધાતાં કર્મોને અનુકૂળ વૃત્તિઓ=વ્યાપારો પલ્લવાદિ છે તેમ બતાવ્યું. હવે તે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવને સ્પષ્ટ કરતાં કહે છે –

ભવરૂપી તરુનું મૂળ જીવમાં વર્તતી યોગ્યતા છે અને તે યોગ્યતાને કારણે જે જે પ્રકારની વૃત્તિઓ થાય છે= વ્યાપારો થાય છે તે પલ્લવો છે, તેથી જે જીવમાં નરક અને તિર્યંચના બંધની યોગ્યતા વિદ્યમાન છે તે યોગ્યતાને કારણે સામગ્રીને પામીને તે તે વૃત્તિઓ ઉત્પન્ન થાય છે ત્યારે નરકાદિ પ્રાયોગ્ય કર્મો જીવો બાંધે છે, આથી જ પ્રસન્નચંદ્ર રાજર્ષિમાં સાધુવેશ કાળમાં નરક પ્રાયોગ્ય યોગ્યતા વિદ્યમાન હતી, તેથી નિમિત્તને પામીને તે તે પ્રકારની ચિત્તની વૃત્તિઓ થઈ, જેથી નરક પ્રાયોગ્ય કર્મબંધ થયો અને જ્યારે તે મહાત્મા યોગમાર્ગમાં દૃઢ યત્નવાળા થયા ત્યારે સંસારના કારણીભૂત એવી યોગ્યતાનો નાશ કર્યો ત્યારે કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીને સર્વ કર્મરહિત અવસ્થાને પ્રાપ્ત કરી.

તેથી એ ફલિત થાય કે જીવમાં તે તે પ્રકારના કર્મબંધને અનુકૂળ વૃત્તિઓની યોગ્યતા પડી છે, જે ભવરૂપ વૃક્ષનું મૂળ છે અને તે યોગ્યતાને કારણે તે તે વૃત્તિઓ થાય છે તે પલ્લવો છે એ સંસારરૂપી વૃક્ષનું પરં તત્ત્વ છે, તેથી સંસારના ઉચ્છેદના અર્થી જીવે સંસારનું પરં તત્ત્વ જાણીને તે તે વૃત્તિઓની યોગ્યતાનો નાશ થાય તે પ્રકારે ઉદ્યમ કરવો જોઈએ. **।।૪૦૯।।**

**અવતરણિકા :-**

**एवं यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

આ રીતે=શ્લોક-૪૦૯માં કહ્યું કે સંસારરૂપી વૃક્ષના પલ્લવ સ્થાનીય વૃત્તિઓનું મૂળ યોગ્યતા છે એ રીતે, જે સિદ્ધ થાય છે=અધ્યાત્મની પ્રાપ્તિમાં પણ યોગ્યતા કારણ છે એ પ્રમાણે જે સિદ્ધ થાય છે, તેને કહે છે –

**શ્લોક :-**

उपायोपगमे चास्या, एतदाक्षिप्त एव हि ।
तत्त्वतोऽधिकृतो योग उत्साहादिस्तथास्य तु ।।४१०।।

**અન્વયાર્થ :-**

च=વળી, अस्याः=આને=યોગ્યતાને, उपायोपगमे=ઉપાય રૂપે સ્વીકારાયે છતે=સર્વકાર્યોમાં ઉપાયરૂપે સ્વીકારાયે છતે, एतदाक्षिप्त एव हि=આનાથી આક્ષિપ્ત જ=યોગ્યતાથી આક્ષિપ્ત જ, तत्त्वतः अधिकृतः योगः=તત્ત્વથી અધિકૃત યોગ છે=અધ્યાત્માદિ યોગ છે, तथा=અને, तु=વળી, अस्य=આનો=અધ્યાત્માદિ યોગનો ઉપાય, उत्साहादिः=ઉત્સાહાદિ છે. ।।૪૧૦।।

**શ્લોકાર્થ :-**

**વળી આને ઉપાયરૂપે સ્વીકારાયે છતે આનાથી આક્ષિપ્ત જ તત્ત્વથી અધિકૃત યોગ છે અને વળી આનો ઉપાય ઉત્સાહાદિ છે. ।।૪૧૦।।**

**ટીકા :-**

उपायोपगमे च=सर्वकार्येषूपायतत्त्वाङ्गीकारे सति पुनः, अस्या=योग्यतायाः, किमित्याह – एतदाक्षिप्त एव हि=तथाभव्यत्वरूपया योग्यतयैवाक्षिप्तः, तत्त्वतः=परमार्थवृत्त्या, अधिकृतः अध्यात्मादिः योगः वर्तते, अत्र विशेषहेतुनिर्धारणायाह – उत्साहादिः वक्ष्यमाणः 'तथा' इति समुच्चये अस्य तु= योगस्य पुनः, उपायः ।।४१०।।

**ટીકાર્થ :-**

उपायोपगमे ..... पुनरुपायः ।। વળી આને=યોગ્યતાને, ઉપાય ઉપગમ કરાયે છતે=સર્વ કાર્યોમાં ઉપાય તત્ત્વરૂપે સ્વીકાર કરાયે છતે, શું ?=શું પ્રાપ્ત થાય ? એથી કહે છે – આનાથી આક્ષિપ્ત જ= તથાભવ્યત્વરૂપ યોગ્યતાથી જ આક્ષિપ્ત, તત્ત્વથી=પરમાર્થવૃત્તિથી, અધિકૃત એવો અધ્યાત્માદિ યોગ વર્તે છે, આમાં=અધ્યાત્માદિ યોગમાં, વિશેષ હેતુના નિર્ધારણ માટે=પૂર્વમાં યોગ્યતા રૂપ સામાન્ય હેતુ બતાવ્યો તેના કરતાં વિશેષ હેતુના નિર્ધારણ માટે, કહે છે – અને વક્ષ્યમાણ એવા ઉત્સાહાદિ=આગળના શ્લોકમાં બતાવાશે એ ઉત્સાહાદિ વળી આનો=યોગનો, ઉપાય છે. ।।૪૧૦।।

**ભાવાર્થ :-**

શ્લોક-૪૦૯માં સ્થાપન કર્યું કે જીવમાં તે તે કર્મબંધને અનુકૂળ જે જે વૃત્તિઓ થાય છે તેનું મૂળ તે તે પ્રકારની જીવમાં યોગ્યતા છે અને આ રીતે યોગ્યતાને સર્વ કાર્યોમાં ઉપાયરૂપે સ્વીકારવામાં આવે તો જીવમાં સંસારના ઉચ્છેદને અનુકૂળ જે અધ્યાત્માદિ યોગો થાય છે તે પણ જીવની તેવા પ્રકારના ભવ્યત્વરૂપ યોગ્યતાથી આક્ષિપ્ત છે, તેથી જે જીવમાં જે પ્રકારની ભવ્યતા હોય તે ભવ્યતાને અનુરૂપ અધ્યાત્માદિ યોગો પ્રગટે છે, આ પ્રકારે કથન કરવાથી કોઈને ભ્રમ થાય કે આ રીતે જીવની યોગ્યતાથી જ સર્વ કાર્ય થાય છે તો પ્રયત્નની આવશ્યકતા નથી. વસ્તુતઃ જીવ સુખનો અર્થી છે, તેથી સદા સુખના ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે છતાં પૂર્વમાં અજ્ઞાનને કારણે સુખનો ઉપાય માત્ર ભોગમાર્ગ છે તેવો ભ્રમ હતો તેથી સંસારીજીવ ભોગમાર્ગ માત્રમાં પ્રવૃત્તિ કરે છે જ્યારે કર્મની કંઈક અલ્પતા થવાને કારણે ભ્રમ દૂર થાય છે ત્યારે તે જીવ પોતાના સુખનો ઉપાય યોગમાર્ગ છે તેવું સમ્યગ્ જ્ઞાન થાય છે તેથી તે જીવ તેની યોગ્યતાના કારણે જ યોગમાર્ગમાં યત્ન કરાવે તેથી યોગ્યતાને કારણે જ, સુખના ઉપાયરૂપ અધ્યાત્માદિ યોગોમાં પ્રયત્ન કરે છે, આમ છતાં અધ્યાત્માદિ યોગોમાં પ્રયત્ન કરવા માટે અર્થી એવા જીવે શેમાં ઉદ્યમ કરવો જોઈએ જેથી યોગમાર્ગની યોગ્યતા શિઘ્ર ફળ દેનારી થાય. તે બતાવવા અર્થે અધ્યાત્મ આદિ યોગની પ્રાપ્તિ પ્રત્યે વિશેષ ઉપાયોને બતાવવા માટે કહે છે –

અધ્યાત્માદિ યોગના ઉત્સાહ આદિ વિશેષ ઉપાયો છે, તેથી જે જીવને સંસાર નિર્ગુણ જણાયો છે, તેથી સંસારના ઉચ્છેદને અભિમુખ પરિણામવાળો થયો છે, તે જીવ તથાભવ્યત્વને કારણે જ અધ્યાત્માદિને અભિમુખ થયો છે અને આગળ બતાવાશે એ ઉત્સાહ આદિ ઉપાયોને સેવે તો અધ્યાત્માદિ યોગોને અનુકૂળ એવી તથાભવ્યત્વરૂપ યોગ્યતાનો પરિપાક થાય છે, આથી જ તથાભવ્યત્વના પરિપાક અર્થે મહાત્માઓ ચતુઃશરણ ગમન, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદનામાં યત્ન કરે છે તેમ જે મહાત્મા ઉત્સાહ આદિ છ ઉપાયોમાં યત્ન કરે તો તેના તથાભવ્યત્વનો પરિપાક થાય છે અને જે જે પ્રકારે તથાભવ્યત્વનો પરિપાક થાય તે તે પ્રકારે ઉત્તર-ઉત્તરના અધ્યાત્માદિ યોગો પ્રાપ્ત થાય છે. **॥૪૧૦॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ=અધ્યાત્માદિ યોગના વિશેષ હેતુને જ, કહે છે –**

**શ્લોક :-**

**उत्साहान्निश्चयाद्धैर्यात्, संतोषात्तत्त्वदर्शनात् ।**
**मुनेर्जनपदत्यागात्, षड्भिर्योगः प्रसिद्ध्यति ।।४११।।**

**અન્વયાર્થ :-**

उत्साहात्=ઉત્સાહથી, निश्चयात्=નિશ્ચયથી, धैर्यात्=ધૈર્યથી, संतोषात्=સંતોષથી, तत्त्वदर्शनात्=તત્ત્વદર્શનથી, मुनेः=મુનિના, जनपदत्यागात्=જનપદના ત્યાગથી, षड्भिः=છ વડે=ઉત્સાહ આદિ છ વડે, योगः=યોગ, प्रसिद्ध्यति=પ્રસિદ્ધિને પ્રાપ્ત કરે છે=અધ્યાત્માદિ યોગ નિષ્પત્તિને પ્રાપ્ત કરે છે. ॥૪૧૧॥

**શ્લોકાર્થ :-**

**ઉત્સાહથી, નિશ્ચયથી, ધૈર્યથી, સંતોષથી, તત્ત્વદર્શનથી મુનિના જનપદના ત્યાગથી છ વડે યોગ પ્રસિદ્ધિને પ્રાપ્ત કરે છે. ॥૪૧૧॥**

**ટીકા :-**

उत्साहाद्=वीर्योल्लासात्, निश्चयात्=कर्तव्यैकाग्रपरिणामात्, धैर्याद्=व्यसनोपनिपातेऽपि प्रतिज्ञातोऽविचलनात्, सन्तोषादात्मारामतालक्षणात्, तत्त्वदर्शनाद्='योग एवेह परमार्थ' इति समालोचनात् मुनेः=योगिनः, जनपदत्यागात्=भवानुगतिकलोकव्यवहारपरित्यागात्, किमित्याह – षड्भिः उत्साहादिभिः, योगः प्रसिद्ध्यति=निष्पत्तिं लभते ।।४११।।

**ટીકાર્થ :-**

उत्साहाद् ..... लभते ।। ઉત્સાહથી=વીર્યોલ્લાસથી, નિશ્ચયથી=મારે સંસારનો અંત કરવો છે એવા નિર્ણયથી=તત્ત્વનિર્ણયને કારણે કર્તવ્યના એકાગ્રપરિણામથી, ધૈર્યથી=આપત્તિની પ્રાપ્તિમાં પણ પ્રતિજ્ઞાથી અવિચલન હોવાથી, આત્મામાં આરામતારૂપ સંતોષથી, તત્ત્વના દર્શનથી=યોગ જ અહીં પરમાર્થ છે એ પ્રકારના સમાલોચનથી, મુનિના=યોગીના, જનપદના ત્યાગથી=ભવને અનુસરનાર એવા લોક-વ્યવહારના પરિત્યાગથી, શું પ્રાપ્ત કરે છે ? એથી કહે છે –

ઉત્સાહ આદિ છ વડે યોગ=અધ્યાત્માદિ યોગ, નિષ્પત્તિને પ્રાપ્ત કરે છે. ॥૪૧૧॥

**ભાવાર્થ :-**

સંસારના વાસ્તવિક સ્વરૂપનો બોધ થયા પછી સંસારના ઉચ્છેદના ઉપાયની તીવ્ર જિજ્ઞાસા થાય ત્યારે મહાત્મા ઉત્સાહથી તત્ત્વ જાણવા માટે યત્ન કરે છે અને આગળના શ્લોકમાં બતાવાશે એ પ્રકારે તત્ત્વનો નિર્ણય કરીને સંસારના ઉચ્છેદના ઉપાયમાં પોતાની શક્તિ અનુસાર ઉચિત કર્તવ્ય વિષયક એકાગ્ર પરિણામવાળા થાય છે અને તે રીતે પ્રવૃત્તિ કરવાનો સંકલ્પ કરીને પ્રતિકૂળ સંયોગોની પ્રાપ્તિ થાય તોપણ ધૈર્યથી સ્વીકારેલી પ્રતિજ્ઞા અનુસાર દૃઢ ઉદ્યમ કરે છે. વળી બાહ્ય પદાર્થોની પ્રાપ્તિમાં સંતોષવાળા નહિ હોવાથી આત્માના સ્વભાવમાં જ વિશ્રાંત થવા રૂપ સંતોષવાળા હોવાને કારણે જે અનુષ્ઠાનો સેવે છે તે અનુષ્ઠાનોથી મોહની અનાકુળતામાં જ ઉદ્યમ કરે છે અને તેથી તેઓને આત્માના સૂક્ષ્મ ભાવોરૂપ તત્ત્વનું દર્શન થાય છે,

તેથી તેઓને સદા વિચાર આવે છે કે મોહથી અનાકુળ અવસ્થારૂપ યોગ જ સંસારના ઉચ્છેદ માટે પરમાર્થરૂપ છે. આ પ્રકારના સમાલોચનને કારણે મુનિ જનપદનો ત્યાગ કરે છે=ભવના કારણીભૂત લોકવ્યવહારનો ત્યાગ કરે છે.

આથી જેમ સંસારી જીવો ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે છે તેવા લોક વ્યવહારનો ત્યાગ કરીને કે યોગમાર્ગના આચારો પણ લોકવ્યવહારથી મુઢ લોકો કરે છે તેવા લોકવ્યવહારનો ત્યાગ કરીને મુનિ શાસ્ત્રવ્યવહારનું દૃઢ અવલંબન લે છે જેનાથી યોગની નિષ્પત્તિ થાય છે, ફક્ત શ્રાવકો મુનિની જેમ લોકવ્યવહારના ત્યાગના અર્થી હોવા છતાં સર્વવિરતિની શક્તિનો સંચય નહિ થયો હોવાને કારણે ભોગાદિ રૂપ લોકવ્યવહાર કરે છે, તોપણ મુનિની જેમ લોકવ્યવહારના ત્યાગને અનુકૂળ શક્તિનો સંચય કરવા સદા ઉદ્યમ કરે છે, તેથી સ્વભૂમિકા અનુસાર તેને પણ કંઈક યોગમાર્ગની પ્રાપ્તિ થાય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવમાં રહેલી યોગ્યતા જ ઉત્સાહ આદિ છમાં યત્ન કરવાને કારણે અધ્યાત્માદિ ભાવો રૂપે પરિણમન પામે છે અને અધ્યાત્માદિના ક્રમની વૃદ્ધિથી વૃત્તિસંક્ષયની પ્રાપ્તિ થાય છે, ત્યારે ભવની યોગ્યતાનો નાશ થાય છે, જેથી સંસારનો ઉચ્છેદ થાય છે. **॥૪૧૧॥**

**અવતરણિકા :-**

**अथास्य निश्चयोपायमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના=યોગના, નિશ્ચયના ઉપાયને કહે છે –**

**શ્લોક :-**

**आगमेनानुमानेन, ध्यानाभ्यासरसेन च ।**
**त्रिधा प्रकल्पयन्प्रज्ञां, लभते योगमुत्तमम् ।।४१२।।**

**અન્વયાર્થ :-**

**आगमेन=આગમથી, अनुमानेन=અનુમાનથી, च=અને, ध्यानाभ्यासरसेन=ધ્યાનના અભ્યાસના રસથી, त्रिधा=ત્રણ પ્રકારે, प्रज्ञां प्रकल्पयन्=પ્રજ્ઞાને વ્યાપૃત કરતો, योगमुत्तमं=ઉત્તમ યોગને, लभते=પ્રાપ્ત કરે છે. ।।૪૧૨।।**

**શ્લોકાર્થ :-**

**આગમથી, અનુમાનથી અને ધ્યાનના અભ્યાસના રસથી ત્રણ પ્રકારે પ્રજ્ઞાને વ્યાપૃત કરતો ઉત્તમ યોગને પ્રાપ્ત કરે છે. ।।૪૧૨।।**

**ટીકા :-**

**आगमेन योगविषयेणैव, अनुमानेन तथोपपत्त्याऽन्यथानुपपत्तिरूपेण, ध्यानस्याभ्यासः पुनःपुनरनुशीलनं तस्य रसेन, चः प्राग्वत्, त्रिधाः=त्रिभिरेतैः प्रकारैः, प्रकल्पयन्=व्यापारयन्, प्रज्ञां=बुद्धिम्, लभते= निश्चिनोति, योगमुत्तमं=भावरूपमिति ।।४१२।।**

**ટીકાર્થ :-**

**आगमेन ..... भावरूपमिति ।। યોગના વિષય જ એવા આગમથી, તે પ્રકારની ઉપપત્તિ અને અન્યથા અનુપપત્તિરૂપ અનુમાનથી, ધ્યાનનો પુનઃ પુનઃ અનુશીલનરૂપ અભ્યાસ તેના રસથી, ત્રણ પ્રકારે=આ ત્રણ પ્રકારોથી, પ્રજ્ઞાને=બુદ્ધિને, પ્રકલ્પન્ કરતા=વ્યાપૃત કરતા, યોગી ઉત્તમ યોગને=ભાવરૂપ યોગને, પ્રાપ્ત કરે છે=સ્વસંવેદનથી નિર્ણય કરે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૧૨।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ઉત્સાહ આદિ છ બતાવેલા, તેમાંથી યોગમાર્ગના કર્તવ્યવિષયક એકાગ્ર પરિણામરૂપ નિશ્ચયનો ઉપાય બતાવે છે –

જે મહાત્મા યોગના વિષયને કહેનારાં આગમવચનોને યોગી આદિ પાસેથી સાંભળે અને યોગીના વચનથી તેના તાત્પર્યનો નિર્ણય કરે, ત્યારપછી અનુમાનથી તેની વિચારણા કરે અર્થાત્ તે પ્રવૃત્તિ કરવાથી તે પ્રકારના ભાવોની ઉપપત્તિ થાય છે અને તે પ્રકારની પ્રવૃત્તિ કર્યા વગર તે પ્રકારના ભાવોની અનુપપત્તિ થાય છે તેનો નિર્ણય માર્ગાનુસારી બુદ્ધિથી કરે, જેમ અધ્યાત્મની પ્રાપ્તિનો ઉપાય ઉચિત વિધિપૂર્વક જપ બતાવેલ હોય અને તે જપ કરવાથી તે પ્રકારનો શાંતરસ ઉત્પન્ન થાય છે, અન્ય પ્રકારે તેવો શાંતરસ ઉત્પન્ન થતો નથી તેનો સ્વપ્રજ્ઞાથી નિર્ણય કરે અને ત્યારપછી તે પ્રકારે જ તે જપમાં યત્ન કરે તો પુનઃ પુનઃ અભ્યાસના બળથી તે પ્રકારના શાંતરસનો અનુભવ સ્વસંવેદનથી જપ કરનાર યોગીને થાય છે.

વળી સંસારની વ્યવસ્થાવિષયક અને સંસારના ઉચ્છેદની વ્યવસ્થાવિષયક પણ આગમવચન, અનુમાન અને ધ્યાનના અભ્યાસથી પ્રયત્ન કરવામાં આવે તો સંસારની વ્યવસ્થાનો અને સંસારના ઉચ્છેદની વ્યવસ્થાનો ઉચિત નિર્ણય થાય તેવી પ્રજ્ઞા પ્રગટે છે, જેનાથી આ દેખતો સંસારમાર્ગ આત્મા માટે એકાંત અહિતકારી છે અને આ યોગમાર્ગ આત્માનો એકાંત હિતકારી છે તેવો નિર્ણય થાય છે, તેથી આત્માનાં હિતની પ્રાપ્તિનું તત્ત્વ જાણવા માટે આગમમાં, અનુમાનમાં અને પુનઃ પુનઃ અનુશીલન રૂપ અભ્યાસમાં પ્રજ્ઞાને સમ્યગ્ વ્યાપૃત કરવામાં આવે તો અવશ્ય તત્ત્વની પ્રાપ્તિ થાય છે. **।।૪૧૨।।**

**અવતરણિકા :-**

कथमित्याह –

**અવતરણિકાર્થ :-**

કેવી રીતે ?=આગમ આદિ ત્રણ પ્રકારે પ્રજ્ઞાને વ્યાપૃત કરતો યોગી ઉત્તમ યોગને કેવી રીતે, પ્રાપ્ત કરે છે ? એથી કહે છે –

**શ્લોક :-**

**आत्मा कर्माणि तद्योगः, सहेतुरखिलस्तथा ।**
**फलं द्विधा वियोगश्च, सर्वं तत्तत्स्वभावतः ।।४१३।।**

**અન્વયાર્થ :-**

आत्मा=આત્મા છે, कर्माणि=કર્મો છે, अखिलः सहेतुः तद्योगः=અખિલ સહેતુ તેનો યોગ છે=સકલ કાળ કર્મબંધના હેતુવાળો કર્મોનો આત્માની સાથે યોગ છે, तथा=અને, फलं द्विधा=ફલ બે પ્રકારનું છે=કર્મનું ફળ શુભ-અશુભ બે પ્રકારનું છે, च=અને, वियोगः=વિયોગ=કર્મનો વિયોગ છે, सर्वं=સર્વ=આત્માદિ સર્વ, तत्तत्स्वभावतः=તત્ તત્ સ્વભાવથી છે=આત્માદિ દરેક વસ્તુ તે તે સ્વભાવથી છે. ।।૪૧૩।।

**શ્લોકાર્થ :-**

**આત્મા છે, કર્મો છે, અખિલ સહેતુ તેનો યોગ છે અને ફલ બે પ્રકારનું છે અને વિયોગ છે, સર્વ તત્ તત્ સ્વભાવથી છે. ।।૪૧૩।।**

**ટીકા :-**

आत्मा=जीवः समस्ति, कर्माण्यात्मव्यतिरिक्तानि सन्ति, तद्योगः=तयोर्जीवकर्मणोर्वह्न्ययस्पिण्डयोरिव योगो मीलकः, सहेतुः=मिथ्यात्वादिकारणनिमित्तः, अखिलः=सकलकालगतः, तथा फलं=कार्यं नारकत्वादि, तद्योगस्य, द्विधा=शुभाशुभप्रकारवत्, वियोगश्च तद्योगविघटनलक्षणः समस्ति सहेतुः इत्यनुवर्तते, सर्वमात्माद्येतत् तत्तत्स्वभावतः=तेषामात्मादीनां स आत्मादिपरिणतिरूपो यः स्वभावः स्वसत्तालक्षणस्तस्मात्, न हि स्वभावशून्यत्वे वन्ध्यासुतादीनामिव काचिदात्मत्वादि परिणतिः कस्यचिदस्तीति तत्तत्स्वभावनिबन्धनं सर्वं वस्तुस्वरूपं लभत इति ।।४१३।।

**ટીકાર્થ :-**

आत्मा ..... लभत इति ।। આત્મા=જીવ છે, આત્માથી વ્યતિરિક્ત કર્મો છે, તેનો યોગ=જીવ અને કર્મનો અગ્નિ અને લોખંડના પિંડની જેમ મીલક યોગ છે, સહેતુ છે=કર્મ અને જીવનો યોગ મિથ્યાત્વાદિ કારણ નિમિત્ત છે, વળી તે યોગ અખિલ છે=સકલ કાલગત છે=અનાદિથી છે, અને

**તદ્યોગનું=કર્મના યોગનું, ફળ=નારકત્વાદિ કાર્ય, બે પ્રકારે છે=શુભ-અશુભ બે પ્રકારવાળું છે, અને તેના યોગના વિઘટનરૂપ વિયોગ=આત્માની સાથે કર્મના યોગના વિઘટન રૂપ વિયોગ, સહેતુ છે, 'સહેતુ' એ શબ્દ શ્લોકના પૂર્વાર્ધમાંથી ઉત્તરાર્ધમાં અનુવર્તન પામે છે, સર્વ એવું આત્માદિ આ, તત્ તત્ સ્વભાવથી છે=આત્માદિ એવા તેઓનો તે આત્માદિ પરિણતિરૂપ જે સ્વભાવ=સ્વસત્તાલક્ષણ સ્વભાવ, તેનાથી છે,**

કેમ આત્માદિના સ્વભાવને કારણે આત્માની સત્તા છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**વંધ્યા સુતાદિની જેમ સ્વભાવ શૂન્યપણામાં કોઈ આત્માદિ પરિણતિ કોઈને નથી જ, એથી તત્ તત્ સ્વભાવનિબંધન સર્વ વસ્તુસ્વરૂપને પ્રાપ્ત કરે છે.**

**'इति' શબ્દ 'न हि'થી કરેલા કથનની સમાપ્તિમાં છે. ॥૪૧૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૧૨માં કહ્યું કે મહાત્મા આગમ આદિ ત્રણ દ્વારા બુદ્ધિને વ્યાપૃત કરે તો ઉત્તમ યોગને પ્રાપ્ત કરે છે, તેથી હવે તે ત્રણ પ્રકારની પ્રજ્ઞાને આગમાનુસાર યોગમાર્ગના પદાર્થના વિષયમાં કઈ રીતે વ્યાપૃત કરવી જોઈએ તે સ્પષ્ટ કરતાં કહે છે –

આગમવચન આત્મા છે તેમ સ્વીકારે છે, આત્માથી અતિરિક્ત કર્મો છે તેમ સ્વીકારે છે અને કર્મની સાથે જીવનો અનાદિકાળથી યોગ છે તેમ સ્વીકારે છે અને તે કર્મના યોગના હેતુ મિથ્યાત્વાદિ છે તેમ સ્વીકારે છે અને મિથ્યાત્વાદિથી બંધાયેલાં કર્મોનું ફળ શુભ-અશુભ બે પ્રકારે છે તેમ સ્વીકારે છે અને કર્મના વિયોગના હેતુના સેવનથી કર્મનો વિયોગ થાય છે તેમ સ્વીકારે છે. આ સર્વ વસ્તુ તે તે પદાર્થના તેવા તેવા સ્વભાવને કારણે છે તે અનુમાનથી અને પુનઃપુનઃ અનુશીલનરૂપ અભ્યાસથી નિર્ણય કરવો જોઈએ.

જેમ આત્મા છે તેમ શાસ્ત્ર કહે છે તેવો નિર્ણય કર્યા પછી બુદ્ધિમાને વિચારવું જોઈએ કે જો આત્મા પોતાના અસ્તિત્વ સ્વભાવથી વિદ્યમાન ન હોય તો પોતાને દેહનાં અનેક અવયવોમાં એક એવો હું છું અને બાલાદિભાવોરૂપે દેહનાં પરિવર્તનમાં પણ 'હું એક છું' એ પ્રકારની પ્રતીતિ થાય છે તે દેહમાં રહેલો અને દેહથી ભિન્ન આત્માને સ્વીકાર્યા વગર ઘટે નહિ. વળી આત્માનું અસ્તિત્વ સ્વીકારવાથી હું છું એ પ્રકારની પ્રતીતિની ઉપપત્તિ થાય છે, તેથી હું છું એ પ્રકારની ઉપપત્તિ આત્માના સ્વીકારથી થાય છે, અન્યથા થતી નથી, તેમ અનુમાનથી નિર્ણય કર્યા પછી વારંવાર પોતાના અસ્તિત્વનું તે રીતે ભાવન કરવું જોઈએ કે જેથી ત્રણે કાળમાં રહેનારો દેહાદિથી પૃથક્ મારો આત્મા છે તેવો અત્યંત સ્થિર નિર્ણય થાય, જેથી પોતાના હિતની ઉપેક્ષા કરીને જે રીતે સંસારી જીવો જીવે છે તે રીતે જીવવાની મનોવૃત્તિ દૂર થાય છે અને સદા પોતાના અસ્તિત્વનું સ્મરણ કરીને પોતાના હિતની પ્રવૃત્તિમાં યત્ન થાય છે. આ રીતે આગમથી, અનુમાનથી અને ધ્યાનના અભ્યાસથી નિર્ણય કર્યા પછી આત્માથી અતિરિક્ત કર્મો છે તેનો નિર્ણય શાસ્ત્રવચનથી કર્યા પછી અનુમાનથી કરવો જોઈએ અને વિચારવું જોઈએ કે જગતમાં કારણથી જ કાર્ય થાય છે, વગર કારણે ક્યારેય કાર્ય થતું નથી અને પોતે શરીરાદિથી સંબંધિત છે અને અનેક પ્રકારનાં શારીરિક-માનસિક દુઃખો

પ્રાપ્ત કરે છે જે પ્રત્યક્ષથી સ્વસંવેદિત છે તેની ઉપપત્તિ કર્મને સ્વીકારવાથી થાય છે અને કર્મને સ્વીકાર્યા વગર આ સર્વ પ્રકારની વિલક્ષણતાની ઉપપત્તિ થતી નથી તેવો નિર્ણય અનુમાનથી કરવો જોઈએ. ત્યારપછી પુનઃ પુનઃ અનુશીલનરૂપ ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ, જેથી અનુભવથી પણ સ્થિર નિર્ણય થાય કે આત્માથી અતિરિક્ત કર્મ નામનો પદાર્થ છે જેનાથી સંસારની સર્વ વિલક્ષણતા ઉત્પન્ન થાય છે.

વળી વિચારવું જોઈએ કે કર્મનો આત્માની સાથે અગ્નિ અને લોખંડના પિંડની જેમ યોગ છે તેમ શાસ્ત્ર કહે છે અને યુક્તિથી પણ તે સંગત છે; કેમ કે જો કર્મની સાથે જીવનો યોગ ન હોય તો જીવમાં જે જે ભાવો થાય છે તેની ઉપપત્તિ થાય નહિ અને કર્મનો આત્મા સાથે સંયોગ સ્વીકારીએ તો આત્મામાં થતા તે તે ભાવોની ઉપપત્તિ થાય છે, આ રીતે અનુમાનથી નિર્ણય કર્યા પછી સૂક્ષ્મપ્રજ્ઞાથી વારંવાર કર્મનો આત્માની સાથે સંયોગ છે, માટે જ આ સંસાર નિર્માણ થયો છે તેનો સ્પષ્ટ નિર્ણય કરવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી આત્માનું અસ્તિત્વ, કર્મનું અસ્તિત્વ અને આત્માની સાથે કર્મના સંયોગનું અસ્તિત્વ છે તેવી સ્થિર પ્રજ્ઞા થાય છે.

વળી વિચારવું જોઈએ કે કર્મની સાથે યોગ છે, તે મિથ્યાત્વ-અવિરતિ-કષાય મન-વચન-કાયાના યોગ નિમિત્ત છે તેમ શાસ્ત્ર કહે છે અને સૂક્ષ્મપ્રજ્ઞાથી વિચારવામાં આવે તો પોતાને જણાય કે મિથ્યાત્વાદિ ભાવો સ્વીકારીએ તો જ કર્મના સંબંધની ઉપપત્તિ છે અને મિથ્યાત્વાદિ ભાવો ન હોય તો તદ્દન નિરાકુળ એવી મોહરહિત ચેતનાને કર્મબંધની ઉપપત્તિ થઈ શકે નહિ, તે રીતે વિચારવાથી મિથ્યાત્વાદિ ભાવો સાથે કર્મના સંબંધનો અન્વય-વ્યતિરેક પ્રાપ્ત થાય છે અર્થાત્ જે જીવમાં મિથ્યાત્વાદિ ભાવો જેટલા જેટલા છે તેટલો તેટલો તેવો તેવો કર્મબંધ થાય છે, એ પ્રકારની અન્વય વ્યાપ્તિ છે અને જે જીવમાં જેટલા જેટલા મિથ્યાત્વાદિ ભાવોનો જેટલો જેટલો અભાવ થાય છે તેટલો તેટલો તે તે પ્રકારના કર્મબંધનો અભાવ થાય છે, આ રીતે અનુમાનથી નિર્ણય કર્યા પછી પુનઃ પુનઃ અનુશીલનરૂપ અભ્યાસ દ્વારા તે ભાવોનો સ્થિર નિર્ણય કરવો જોઈએ, જેથી કર્મબંધનો હેતુ અને કર્મબંધ રૂપ કાર્ય જે પ્રમાણે શાસ્ત્ર કહે છે તે પ્રમાણે જ પોતાને સદા સ્પષ્ટ ઉપસ્થિત રહે છે, જેથી જીવનની સર્વ પ્રવૃત્તિ તે કર્મબંધની મર્યાદા અનુસાર આ લોકનાં અને પરલોકનાં હિતનો વ્યાઘાત ન થાય તે પ્રકારની બને છે.

વળી વિચારવું જોઈએ કે આ કર્મની સાથે જીવનો સંબંધ અનાદિકાળનો છે તેમ શાસ્ત્ર કહે છે અને અનાદિકાળનો સંબંધ સ્વીકારીએ તો જ વર્તમાનમાં પોતાની કર્મવાળી અવસ્થાની ઉપપત્તિ થાય છે અને જો અનાદિનો કર્મની સાથે જીવનો સંબંધ ન હોય તો કર્મના સંબંધ વગરના સિદ્ધના જીવોની જેમ પોતાને પણ કર્મના સંબંધની ઉપપત્તિ થાય નહિ. આ રીતે અનુમાનથી સકલ કાલગત કર્મનો સંયોગ સહેતુક છે તેવો નિર્ણય કર્યા પછી પુનઃ પુનઃ તેનું અનુશીલન કરીને તે ભાવને સ્થિર કરવો જોઈએ, જેથી શાસ્ત્રવચનમાં દૃઢ શ્રદ્ધા થાય છે.

વળી વિચારવું જોઈએ કે મિથ્યાત્વાદિ ભાવોથી જે કર્મનો યોગ થાય છે તે શુભ-અશુભ ફલવાળો છે તેમ શાસ્ત્ર કહે છે અને અશુભ ભાવોથી અશુભ ફલવાળું કર્મ બંધાય છે અને શુભ ભાવોથી શુભ ફલવાળું કર્મ બંધાય છે તેમ સ્વીકારીએ તો સંસારમાં જીવોને શુભ ફલો અને અશુભ ફલો પ્રાપ્ત થતાં દેખાય છે તેની

ઉપપત્તિ થાય છે, જો કર્મનું શુભાશુભ ફળ ન સ્વીકારીએ તો સંસારી જીવોને જે શુભ-અશુભ ફળ પ્રાપ્ત થતાં દેખાય છે તેની ઉપપત્તિ થાય નહિ, આ રીતે અનુમાનથી નિર્ણય કર્યા પછી શુભ-અશુભ અધ્યવસાય અનુસાર શુભ-અશુભ ફલવાળું કર્મ બંધાય છે તેનું પુનઃ પુનઃ અનુશીલન કરીને સ્થિર નિર્ણય કરવો જોઈએ, જેથી સ્પષ્ટ સ્વસંવેદનથી વર્તમાનના પોતાના અધ્યવસાયને અનુરૂપ ભાવિના અનર્થનો કે ભાવિના હિતનો સ્પષ્ટ બોધ થાય છે. જે બોધના બળથી સુખનો અર્થી જીવ ભાવિમાં ક્યારેય પોતાનું અહિત થાય તેવો પ્રયત્ન કરે નહિ.

વળી વિચારવું જોઈએ કે મિથ્યાત્વાદિ હેતુઓથી કર્મબંધ થાય છે તેમ મિથ્યાત્વાદિ ભાવોથી વિપરીત ભાવોમાં યત્ન કરવાથી બંધાતા કર્મનો ઉચ્છેદ થાય છે અને પૂર્વનાં બંધાયેલાં કર્મોનો પણ નાશ થાય છે, આથી જ સર્વ સંવરની પ્રાપ્તિ દ્વારા સંસારનો ઉચ્છેદ થાય છે તેમ શાસ્ત્ર કહે છે અને તે વચન પણ તેમ સ્વીકારવાથી ઉપપન્ન થાય છે; કેમ કે સંસારી જીવોમાંથી કેટલાક જીવો યોગસાધના કરીને મિથ્યાત્વાદિ ભાવોનો ઉચ્છેદ કરીને સુદેવ-સુમાનુષત્વને પ્રાપ્ત કરતા દેખાય છે અને વિશેષ વિશેષ યોગસાધના કરીને સંસારના ઉચ્છેદ માટે યત્ન કરતા દેખાય છે, તે સર્વ મિથ્યાત્વાદિ ભાવોથી વિપરીત સમ્યક્ત્વાદિ ભાવોમાં યત્ન કરવાથી પ્રાપ્ત થતા ગુણો અને તેના ફળરૂપે સદ્ગતિની પ્રાપ્તિ વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારવાથી ઉપપન્ન થાય છે અને જેઓ તે પ્રકારે યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરતા નથી તેઓના મિથ્યાત્વાદિ ભાવો નાશ પામતા દેખાતા નથી, તેથી તે પ્રકારના યત્ન વગર કર્મના વિયોગની અનુપપત્તિ છે તેવો નિર્ણય કર્યા પછી સૂક્ષ્મબુદ્ધિથી તે ભાવોનું અનુશીલન કરવું જોઈએ, જેથી સ્થિર નિર્ણય થાય કે જ્યારે જ્યારે જીવ વિવેકપૂર્વક મિથ્યાત્વાદિ ભાવોના ઉન્મૂલન માટે યત્ન કરે છે ત્યારે ત્યારે સંગની પરિણતિરૂપ કર્મબંધના કારણનો ઉચ્છેદ થતો દેખાય છે અને જ્યારે જ્યારે જીવ પ્રમાદમાં વર્તે છે ત્યારે ત્યારે અનાદિની સંગની પરિણતિ ઉત્કર્ષવાળી થતી દેખાય છે, તેથી કર્મના સંયોગનો જ ઉત્કર્ષ થાય છે. આ પ્રકારે પુનઃ પુનઃ અનુશીલનના બળથી નિર્ણય કરવામાં આવે તો સંસારની વિડંબનાથી ભય પામેલો જીવ સહજ પોતાની શક્તિ અનુસાર અપ્રમાદથી સંગની પરિણતિના ઉચ્છેદ માટે યત્ન કરીને મિથ્યાત્વાદિ ભાવોના પ્રતિપક્ષ ભાવો રૂપ સમ્યક્ત્વ આદિ ભાવોને પ્રાપ્ત કરીને ક્રમસર અવશ્ય ભવના વિયોગને પ્રાપ્ત કરે છે.

વળી વિચારવું જોઈએ કે આત્માનો, કર્મનો, આત્માની સાથે કર્મના યોગનો અને કર્મબંધના કારણીભૂત મિથ્યાત્વાદિ ભાવોનો તેવો તેવો સ્વભાવ છે, તેથી આત્મા પોતાના સ્વભાવથી જેમ પોતાનું અસ્તિત્વ ધરાવે છે તેમ કર્મ પણ પોતાના સ્વભાવથી પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને જીવનો અને કર્મનો તેવો જ સ્વભાવ છે જેથી જીવમાં જે પ્રકારના મિથ્યાત્વાદિ ભાવો થાય તેને અનુરૂપ તે જીવને અવશ્ય કર્મબંધ થાય છે. જો આત્માનો કર્મ બાંધવાનો સ્વભાવ ન હોત તો ધર્માસ્તિકાયની જેમ આત્મા પણ કર્મ બાંધત નહિ અને કર્મનો પણ તેવો સ્વભાવ ન હોત તો અન્ય પુદ્ગલો કે ધર્માસ્તિકાય આત્મા સાથે સંશ્લેષ પામતા નથી તેમ કર્મપુદ્ગલો પણ આત્મા સાથે સંશ્લેષ પામત નહિ.

વળી મિથ્યાત્વાદિ ભાવોનો પણ તેવો જ સ્વભાવ છે, જેથી તેના કારણે જીવને કર્મબંધની પ્રાપ્તિ થાય છે, જો મિથ્યાત્વાદિ ભાવોનો તેવો સ્વભાવ ન હોત તો સમ્યક્ત્વાદિ ભાવોથી જેમ કર્મબંધ થતો નથી તેમ

મિથ્યાત્વાદિ ભાવોથી પણ કર્મબંધ થવો જોઈએ નહિ, વળી બંધાયેલા કર્મનો પણ તેવો જ સ્વભાવ છે કે શુભ કર્મ જીવને શુભ ફળ આપે અને અશુભ કર્મ અશુભ ફળ આપે, જો શુભાશુભ કર્મમાં તેવો સ્વભાવ ન હોત તો તે કર્મો તે પ્રકારનું ફળ આપી શકે નહિ. જેમ અગ્નિનો બાળવાનો સ્વભાવ છે, તેથી બાળે છે, પરંતુ જલની જેમ શીત સ્વભાવ નથી, તેથી શીતલતા દેતો નથી, તેમ અશુભ કર્મનો અનર્થ આપાદક સ્વભાવ છે, તેથી અનર્થ આપાદન કરે છે, પરંતુ શુભ કર્મની જેમ શાતા આપનાર નથી.

આ પ્રકારે અનુભવ અનુસાર વિચાર્યા પછી વિચારવું જોઈએ કે જેમ મિથ્યાત્વ આદિ હેતુઓથી કર્મનો યોગ થાય છે, તેથી સર્વ પ્રકારના સંસારના પરિભ્રમણની પ્રાપ્તિ થાય છે તેવો મિથ્યાત્વાદિ ભાવોનો સ્વભાવ છે તેમ સમ્યક્ત્વ આદિ ભાવોનો પણ તેવો જ સ્વભાવ છે કે કર્મબંધના હેતુ એવા મિથ્યાત્વાદિ ભાવોનું વિઘટન કરીને અને જીવની સંગ પરિણતિને ક્ષીણ-ક્ષીણતર કરીને અંતે જીવને સર્વ કર્મ રહિત અવસ્થાની પ્રાપ્તિ કરાવે છે અને જીવનો પણ તેવો જ સ્વભાવ છે કે કર્મનો વિયોગ થયા પછી કર્મબંધનાં કારણોને પ્રાપ્ત કરીને ક્યારેય કર્મ બાંધે નહિ. આ પ્રકારે પદાર્થના તેવા તેવા સ્વભાવને કારણે સંસારની સર્વ વ્યવસ્થા અને સંસારના ઉચ્છેદની વ્યવસ્થા સંગત થાય છે તેવો નિશ્ચય થવાથી સુખનો અર્થી જીવ ઉત્સાહપૂર્વક સંસારના ઉચ્છેદમાં કર્તવ્યની બુદ્ધિ કરીને એકાગ્ર પરિણામથી સંસારના ઉચ્છેદ માટે યત્નવાળો બને છે અને આગમથી, અનુમાનથી અને ધ્યાન અભ્યાસના રસથી પદાર્થનો સ્થિર નિર્ણય થયેલો હોવાથી વિષમ કર્મોને કારણે કોઈ આપત્તિ આવે તોપણ અત્યંત ધૈર્યપૂર્વક પોતાને ઇષ્ટ એવા મોક્ષ અર્થે અપ્રમાદથી યત્ન કરે છે. વળી આગમાદિથી તત્ત્વનો નિર્ણય કરેલો હોવાથી સ્થિર નિર્ણય છે કે આત્માનો અસંગ પરિણામ જ મોક્ષનું બીજ છે, અન્ય નહિ, તેથી અસંગ પરિણામરૂપ આત્મામાં આરામતારૂપ સંતોષમાં તે સદા ઉદ્યમ કરે છે, તેથી કોઈ બાહ્ય સંયોગો પ્રતિકૂળ હોય તોપણ તે મહાત્મા વિહ્વળ થતા નથી, વળી આગમાદિથી તત્ત્વનો નિર્ણય કરેલો હોવાથી મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ યોગ જ જીવને માટે પરમાર્થ છે તે પ્રમાણે તે મહાત્મા સદા ચિંતવન કરે છે અને સ્વશક્તિ અનુસાર ભવને અનુસરનાર લોકવ્યવહારનો ત્યાગ કરવા તે મહાત્મા સદા યત્ન કરે છે.

આ રીતે તત્ત્વનો નિર્ણય થવાથી શ્લોક-૪૧૧માં બતાવેલા ઉત્સાહ આદિ સર્વ અંગોની પ્રાપ્તિ થાય છે, તેથી મોક્ષમાં ગમન કરવાને અનુકૂળ એવું તથાભવ્યત્વ જેમ જેમ પરિપાક પામે છે તેમ તેમ તે મહાત્મામાં અધ્યાત્માદિ યોગો વૃદ્ધિ પામે છે, એમ શ્લોક-૪૧૦ સાથે સંબંધ જોડવો. **॥૪૧૩॥**

**અવતરણિકા :-**

**एवं सति यद् भवति तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આમ હોતે છતે=શ્લોક-૪૧૩માં કહ્યું એ પ્રમાણે આત્મા, કર્મ આદિ પદાર્થોનો તે તે સ્વભાવ હોવાને કારણે સર્વ વસ્તુ ઘટે છે એમ હોતે છતે, જે થાય છે=જે વસ્તુ સંગત થાય છે, તેને કહે છે –**

**શ્લોક :-**

**अस्मिन्पुरुषकारोऽपि, सत्येव सफलो भवेत् ।**
**अन्यथा न्यायवैगुण्याद्, भवन्नपि न शस्यते ।।४१४।।**

**અન્વયાર્થ :-**

अस्मिन् सत्येव=આ હોતે છતે જ=આત્માદિ પદાર્થોનો તેવો સ્વભાવ હોતે છતે જ, पुरुषकारोऽपि=પુરુષકાર પણ, सफल:=સફળ, भवेत्=થાય, अन्यथा=અન્યથા=આત્માદિ પદાર્થોનું તે તે પ્રકારના સ્વભાવપણું નહિ હોતે છતે, भवन्नपि=થતો પણ પુરુષકાર, न्यायवैगुण्याद्=ન્યાયના વૈગુણ્યને કારણે, शस्यते न= પ્રશંસા કરાતો નથી. ॥૪૧૪॥

**શ્લોકાર્થ :-**

**આ હોતે છતે જ પુરુષકાર પણ સફળ થાય અન્યથા થતો પણ પુરુષકાર ન્યાયના વૈગુણ્યને કારણે પ્રશંસા કરાતો નથી. ॥૪૧૪॥**

**ટીકા :-**

**अस्मिन्स्वभावत्वे पुरुषकारोऽपि न केवलं कालादय इत्यपिशब्दार्थः, सत्येव=विद्यमान एव सफलः= स्वकार्यकृत्, भवेत्, अन्यथा=तत्तत्स्वभावत्वाभावे, न्यायवैगुण्यान्नीतिविरहलक्षणात् भवन्नपि पुरुषकारः तथाविधाऽज्ञानदोषात्, न शस्यते=न प्रशस्यते, कङ्कटुकपाकप्रवृत्ततथाविधपाचकपुरुषकार इव ।।४१४।।**

**ટીકાર્થ :-**

**अस्मिन्स्वभावत्वे ..... पुरुषकार इव ।। આ સ્વભાવપણું હોતે છતે જ પુરુષકાર પણ સફળ થાય=સ્વકાર્યને કરનારો થાય, કેવલ કાલાદિ સફળ થાય નહિ, એ 'पुरुषकारोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, અન્યથા=તત્ તત્ સ્વભાવપણાના અભાવમાં=આત્મા-કર્મ આદિ પદાર્થોના તત્ તત્ સ્વભાવપણાના અભાવમાં, થતો પણ પુરુષકાર=તેવા પ્રકારના અજ્ઞાન દોષને કારણે જીવ દ્વારા કરાતો પણ પુરુષકાર, ન્યાયનું વૈગુણ્ય હોવાથી=સ્વભાવ વગરના કારણમાંથી કાર્ય થાય નહિ એ પ્રકારની નીતિના વિરહરૂપ યુક્તિનો અભાવ હોવાથી, પ્રશંસા કરાતો નથી,**

કેવી રીતે પ્રશંસા કરાતો નથી ? તેથી કહે છે –

**કોરડુ મગના પાકમાં પ્રવૃત્ત તેવા પ્રકારના પાચકના પુરુષકારની જેમ પ્રશંસા કરાતો નથી. ॥૪૧૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૧૩માં બતાવ્યું કે આગમવચન, અનુમાન અને ધ્યાનના અભ્યાસના રસથી આત્માદિ પદાર્થોનું

તત્ તત્ સ્વભાવપણું જણાય છે અને તેમ સ્વીકારીએ તો સંસારી જીવો પુરુષકાર કરીને વર્તમાન ભવમાં ધનાદિ ફળ પ્રાપ્ત કરે છે, વળી પોતાના પુરુષકારને અનુરૂપ કર્મ બાંધે છે તે વસ્તુ પણ સંગત થાય છે અને સંસારના ઉચ્છેદનો ઉપાય આગમથી, અનુમાનથી અને ધ્યાનના અભ્યાસથી નિર્ણય કરીને પ્રયત્ન કરે તો તે પુરુષકાર કર્મના ઉચ્છેદના ફળવાળો થાય છે, જો આત્માનો તેવો સ્વભાવ ન હોય કે પુરુષકાર કરીને અસંગ પરિણતિને પ્રાપ્ત કરી શકે અને અસંગ પરિણતિનો તેવો સ્વભાવ ન હોય કે આત્મા સાથે સંશ્લેષ પામેલા કર્મનો ઉચ્છેદ કરે તો કોઈ યોગી યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરે તોપણ પુરુષકાર પ્રશંસાપાત્ર બને નહિ; કેમ કે તેના પુરુષકારથી અસંગ પરિણતિ પ્રાપ્ત થતી ન હોય છતાં મારા પ્રયત્નથી પ્રાપ્ત થઈ શકશે તેવા અજ્ઞાન દોષને કારણે તે મહાત્મા અસંગ પરિણતિ માટે યત્ન કરે તોપણ તેનો પ્રયત્ન પ્રશંસાપાત્ર બને નહિ. જેમ કોરડુ મગને કોઈ પકાવવા માટે પ્રયત્ન કરે તો તેનો પ્રયત્ન પ્રશંસાપાત્ર બને નહિ; કેમ કે નિષ્ફળ પ્રયત્ન છે, માટે પદાર્થનો તેવો સ્વભાવ સ્વીકારવામાં આવે તો તે સ્વભાવને અનુરૂપ કરાયેલો પુરુષકાર સફળ બને છે, જેમ મગનો તેવો સ્વભાવ છે કે પાકક્રિયા કરવામાં આવે તો તે પાકને પામે છે તેમ જીવનો તેવો સ્વભાવ છે કે અસંગ પરિણતિ માટે યત્ન કરે તો ધીરે ધીરે અસંગ સ્વભાવ પ્રગટ થાય છે. આથી જ અધ્યાત્મ આદિ સર્વ યોગો જીવની અસંગ પરિણતિ પ્રગટ કરીને અંતે વૃત્તિસંક્ષયની પ્રાપ્તિ દ્વારા કર્મના વિયોગને કરાવીને મુક્ત અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને છે, માટે તદ્ અર્થે કરાયેલો પુરુષકાર પ્રશંસાપાત્ર બને છે. **॥૪૧૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૧૪માં કહ્યું કે આત્માદિ વસ્તુનો તત્ તત્ સ્વભાવ હોવાને કારણે પુરુષકાર સફળ છે, તેથી હવે આત્માદિ વસ્તુના તત્ તત્ સ્વભાવને કારણે કઈ રીતે પુરુષકાર સફળ બને છે તે સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**अतोऽकरणनियमात्, तत्तद्वस्तुगतात्तथा ।**
**वृत्तयोऽस्मिन्निरुध्यन्ते, तास्तास्तद्बीजसम्भवाः ।।४१५।।**

**અન્વયાર્થ :-**

**अतः=આથી=આત્માદિ વસ્તુનું તત્ તત્ સ્વભાવપણું હોવાથી, अस्मिन्=આ હોતે છતે=પુરુષકાર હોતે છતે, तत्तद्वस्तुगतात्तथा अकरणनियमात्=તે પ્રકારના તત્ તત્ વસ્તુગત અકરણ નિયમથી=સર્વજ્ઞના વચનાનુસાર પ્રકારથી મહાઆરંભ-મહાપરિગ્રહાદિ નારકાદિના હેતુ લક્ષણવાળી વસ્તુગત એવા અકરણ નિયમથી, तद्बीजसम्भवाः ताः ताः वृत्तयः=તદ્બીજ સંભવ એવી તે તે વૃત્તિઓ, निरुध्यन्ते=નિરોધ પામે છે. ॥૪૧૫॥**

**શ્લોકાર્થ :-**

**આથી આ હોતે છતે તે પ્રકારના તત્ તત્ વસ્તુગત અકરણ નિયમથી તદ્બીજ સંભવ એવી તે તે વૃત્તિઓ નિરોધ પામે છે. ॥૪૧૫॥**

**ટીકા :-**

**अतः=तत्तत्स्वाभाव्यात्, अकरणस्य नियमादैकान्तिकत्वलक्षणात्, कीदृशादित्याह – तत्तद्वस्तुगतात्= महारम्भमहापरिग्रहादिनारकादिहेतुलक्षणवस्तुगतात्, तथा=सर्वज्ञानुसारप्रकारेण, वृत्तयो नरकगमनादिलक्षणाः अस्मिन्=पुरुषकारे सति, निरुध्यन्ते=निवर्तन्ते, तास्ताश्चित्ररूपाः तद्बीजसम्भवाः=तन्नरकगमनादिहेतुर्यद् बीजं कर्मलक्षणं तस्मात्सम्भवो यासां तास्तथा ।।४१५।।**

**ટીકાર્થ :-**

**अतस्तत्तत्स्वाभाव्यात् ..... तास्तथा ।। આથી=તત્ તત્ સ્વભાવપણાથી=આત્માદિ વસ્તુના તત્ તત્ સ્વભાવપણાથી, અકરણના એકાંતિકત્વ લક્ષણ નિયમથી વૃત્તિઓ નિરોધ પામે છે એમ અન્વય છે. કેવા પ્રકારના અકરણ નિયમથી ? એથી કહે છે – તત્ તત્ વસ્તુગત એવા અકરણ નિયમથી=મહા આરંભ-મહા પરિગ્રહાદિ જે નારકાદિના હેતુ છે તે સ્વરૂપ વસ્તુગત એવા અકરણનિયમથી વૃત્તિઓ નિરોધ પામે છે એમ અન્વય છે, વળી તે અકરણનિયમ તે પ્રકારે થાય છે=સર્વજ્ઞવચન અનુસાર પ્રકારથી થાય છે, વળી નરકગમનાદિ રૂપ વૃત્તિઓ=નરકગમન આદિનું કારણ બને એવી વૃત્તિઓ, આ હોતે છતે=પુરુષકાર હોતે છતે, નિરોધ પામે છે=નિવર્તન પામે છે,**

તે વૃત્તિઓ કેવી છે ? તેથી કહે છે –

**તેના બીજથી સંભવ તે તે ચિત્ર રૂપવાળી વૃત્તિઓ છે, 'तद्बीजसम्भवाः'નો સમાસ સ્પષ્ટ કરે છે – તે નરકગમન આદિનો હેતુ એવું જે કર્મ સ્વરૂપ બીજ=જીવ કર્મ બાંધીને નરકગમન કરે છે તેનો હેતુ એવું જે કષાયના સંક્લેશ આપાદક કર્મ, તેનાથી=તે સંક્લેશ આપાદક કર્મના ઉદયથી, સંભવ છે જેઓનો=નરકાદિનું કારણ બને એવી સંક્લેશ રૂપ જે વૃત્તિઓનો, તે તેવી છે=તદ્બીજસંભવા છે. ॥૪૧૫॥**

❖ ટીકામાં 'सर्वज्ञानुसारप्रकारेण' પાઠ છે ત્યાં 'सर्वज्ञवचनानुसारप्रकरेण' પાઠ હોવો જોઈએ.

**ભાવાર્થ :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે આત્મા, કર્મ આદિનો તેવો સ્વભાવ છે, જેથી કર્મોનો વિયોગ પણ થઈ શકે છે અને આ પ્રમાણે સ્વીકારીએ તો પુરુષકાર સફળ થાય છે એમ શ્લોક-૪૧૪માં કહ્યું, તે પુરુષકાર કઈ રીતે સફળ થાય છે તે બતાવતાં કહે છે –

જીવ સર્વજ્ઞવચનાનુસાર પુરુષકાર કરે તો તત્ તત્ વસ્તુગત અકરણનિયમની પ્રાપ્તિ થાય છે અને તે અકરણનિયમની પ્રાપ્તિને કારણે તદ્બીજસંભવ તે તે વૃત્તિઓ જીવમાંથી નિવર્તન પામે છે, તેથી ફરી જીવ તે પ્રકારની ક્લિષ્ટ મનોવૃત્તિવાળો ક્યારેય થતો નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે નરકાદિનું કારણ બને તેવા મહાઆરંભ મહાપરિગ્રહ આદિની વૃત્તિઓ જે જીવમાં વિદ્યમાન છે તે જિનવચનાનુસાર કરાયેલા પ્રયત્નથી કંઈક કંઈક ક્ષીણ થાય છે અને જ્યારે તે પ્રયત્ન પ્રકર્ષવાળો બને ત્યારે મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે જીવ સંસારમાં ક્યારે પણ નરકાદિની પ્રાપ્તિનું કારણ બને તેવી ક્લિષ્ટ વૃત્તિવાળો થતો નથી, તેથી તે વસ્તુ વિષયક પાપના અકરણ નિયમનો પરિણામ તે જીવમાં સ્થિર થાય છે, તેથી નરકાદિની પ્રાપ્તિનું કારણ બને તેવી વૃત્તિઓ તેના આત્મામાંથી સદા માટે નિવર્તન પામે છે, તે વૃત્તિઓનો જે મહાત્મામાં ઉચ્છેદ થયો તે સમ્યક્ પ્રકારના કરાયેલા પુરુષકારનું ફળ છે.

વળી જીવમાં પુરુષકારથી જે વૃત્તિઓ નાશ પામે છે તે વૃત્તિઓ તદ્બીજસંભવ છે એમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે નરકગમન આદિનું કારણ બને તેવા ક્લિષ્ટ અધ્યવસાયનું બીજ તે પ્રકારના કષાય આપાદક કર્મો છે અને નિમિત્તને પામીને તે કષાયોના ઉદયથી જીવમાં તેવા ક્લિષ્ટ ભાવો થાય છે અને તે ક્લિષ્ટ ભાવ થાય તેવી યોગ્યતા જીવમાં વિદ્યમાન છે, તેથી વર્તમાનમાં તેવો ક્લિષ્ટ ભાવ નહિ હોવા છતાં નિમિત્તને પામીને તેવો ક્લિષ્ટ ભાવ થાય છે, જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિને નિમિત્તને પામીને સાતમી નરક-યોગ્ય ક્લિષ્ટ ભાવ થયો અને તેવા ક્લિષ્ટ ભાવને ઉત્પન્ન કરે તેવી યોગ્યતારૂપ વૃત્તિઓ જીવમાં વિદ્યમાન છે તે સમ્યક્ પુરુષકારથી પ્રગટ થયેલા પાપ અકરણ નિયમને કારણે નિરોધ પામે છે. **॥૪૧૫॥**

**અવતરણિકા :-**

**इदमेव दृष्टान्तद्वारेण समर्थयमानः प्राह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=પુરુષકાર દ્વારા તે તે વસ્તુગત અકરણ નિયમથી વૃત્તિઓ નિવર્તન પામે છે એમ શ્લોક-૪૧૫માં કહ્યું એને જ, દૃષ્ટાંત દ્વારા સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**ग्रन्थिभेदे यथैवायं, बन्धहेतुं परं प्रति ।**
**नरकादिगतिष्वेवं, ज्ञेयस्तद्धेतुगोचरः ।।४१६।।**

**અન્વયાર્થ :-**

**यथैव=જે પ્રમાણે જ, ग्रन्थिभेदे=ગ્રંથિભેદ થયે છતે, अयं=આ=પાપના અકરણનો નિયમ, बन्धहेतुं परं प्रति=પ્રકૃષ્ટ બંધહેતુ પ્રત્યે છે, एवं=એ રીતે, नरकादिगतिषु=નરકાદિ ગતિના વિષયમાં, तद्धेतुगोचरः=તદ્ હેતુ ગોચર=નરકાદિના હેતુ એવા ક્લિષ્ટ અધ્યવસાય વિષયક અકરણનિયમ, ज्ञेयः=જાણવો. ।।૪૧૬।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે જ ગ્રંથિભેદ થયે છતે આ પ્રકૃષ્ટ બંધ હેતુ પ્રત્યે છે, એ રીતે નરકાદિ ગતિના વિષયમાં તદ્ હેતુ ગોચર જાણવો. ।।૪૧૬।।**

**ટીકા :-**

**ग्रन्थिभेदे यथैवायम्=अकरणनियमः, बन्धहेतुं मिथ्यात्वादिरूपम् परं=प्रकृष्टं सप्ततिकोटि-कोट्यादिस्थितिनिमित्तम् प्रति=आश्रित्य, निरूप्यते नरकादिगतिषु विषये एवं परमबन्धहेत्वकरणन्यायेन ज्ञेयस्तद्धेतुगोचरो=नरकादिहेतुविषयोऽकरणनियमः ।।४१६।।**

**ટીકાર્થ :-**

**ग्रन्थिभेदे ..... करणनियमः ।। જે પ્રમાણે જ ગ્રંથિભેદ થયે છતે આ=અકરણનિયમ પર=પ્રકૃષ્ટ એવી સિત્તેર કોડાકોડી આદિ સ્થિતિ નિમિત્ત મિથ્યાત્વાદિરૂપ બંધ હેતુ પ્રત્યે=બંધ હેતુને આશ્રયીને, નિરૂપણ કરાય છે, એ રીતે નરકાદિ ગતિના વિષયમાં પરમ બંધના હેતુના અકરણ ન્યાયથી=સમ્યક્ત્વ પ્રાપ્તિ વખતે પ્રકૃષ્ટ કર્મબંધના હેતુના અકરણ ન્યાયથી, તદ્દહેતુ ગોચર=નરકાદિ હેતુ વિષયવાળો અકરણનિયમ, જાણવો. ।।૪૧૬।।**

**ભાવાર્થ :-**

કોઈ જીવ જિનવચનાનુસાર સમ્યક્ પુરુષકાર કરે તો નરકગતિ અને તિર્યંચગતિનો બંધ કરાવે તેવી ક્લિષ્ટ વૃત્તિઓ તેઓને ક્યારેય ન થાય તેવી નિર્મળતા તે જીવોમાં પ્રગટે છે, તેથી તે જીવો સંસારમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી ક્યારેય નરકગતિ કે તિર્યંચગતિ પ્રાયોગ્ય કર્મ બાંધે તેવો અધ્યવસાય થતો નથી, એમ જે શ્લોક-૪૧૫માં કહ્યું તેને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતાં કહે છે –

જેમ સમ્યક્ત્વથી પાત થયા પછી પણ સિત્તેર કોડાકોડી કર્મની સ્થિતિ બાંધે તેવો સંક્લેશ કોઈ જીવને ક્યારેય થતો નથી, એ પ્રકારનું શાસ્ત્રવચન છે. આથી જ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પછી વીરભગવાનનો આત્મા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સાતમી નરક પ્રાયોગ્ય કર્મ બાંધીને સાતમી નરકમાં જાય છે તોપણ અંતઃકોડાકોડી કર્મથી અધિક કર્મની સ્થિતિ બાંધે તેવો સંક્લેશ સમ્યક્ત્વની પ્રાપ્તિને કારણે તેમના આત્મામાંથી સદા માટે નિવર્તન થયેલો હોવાથી અંતઃકોડાકોડી કર્મથી અધિક કર્મની સ્થિતિ બાંધતા નથી, તેમ જે જીવો જિનવચનથી આત્માને અત્યંત ભાવિત કરીને પોતાના આત્મા પ્રત્યે અત્યંત દયાળુ બને છે અને તેના કારણે જો વિશેષ શુદ્ધિ પ્રાપ્ત થાય તો નરકગતિ અને તિર્યંચગતિ પ્રાયોગ્ય કર્મબંધની યોગ્યતા નાશ પામે એવા પાપ અકરણ નિયમની પ્રાપ્તિ થાય છે, તેથી તે જીવો અન્ય ભવની પ્રાપ્તિનું કારણ બને તેવા કષાયોના પરિણામવાળા થાય તોપણ નરકગતિ અને તિર્યંચગતિનું કારણ બને એવા ક્લિષ્ટ કષાયો તેઓને ક્યારેય થતા નથી. **।।૪૧૬।।**

**અવતરણિકા :-**

अत्रैव विपक्षे बाधामाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=પાપ અકરણ નિયમથી વૃત્તિઓનો ઉચ્છેદ થાય છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું એમાં જ, વિપક્ષ હોતે છતે=વિપક્ષ સ્વીકાર કરાયે છતે=પુરુષકારથી નરક-તિર્યંચગતિના બંધને અનુકૂળ વૃત્તિઓનો ઉચ્છેદ થાય છે તેમ ન સ્વીકારવા રૂપ વિપક્ષ સ્વીકાર કરાયે છતે, બાધાને કહે છે –

**શ્લોક :-**

**अन्यथाऽऽत्यन्तिको मृत्युर्भूयस्तत्राऽगतिस्तथा ।**
**न युज्यते हि सन्न्यायादित्यादि समयोदितम् ।।४१७।।**

**અન્વયાર્થ :-**

हि=જે કારણથી, अन्यथा=અન્યથા=પાપના અકરણ નિયમનો સ્વીકાર કરવામાં ન આવે તો, आत्यंतिकः मृत्युः=આત્યંતિક મૃત્યુ-નરકાદિ ગતિ વિષયક અપુનર્ભાવી મૃત્યુ, तथा=અને, तत्र=ત્યાં=નરકાદિ ગતિમાં, भूयः=ફરી પણ, अगतिः=અગતિ=આત્યંતિક અગમન, इत्यादि=ઈત્યાદિ, समयोदितं=શાસ્ત્રમાં કહેલું, सन्न्यायाद्=સદ્યુક્તિથી, न युज्यते=ઘટે નહિ, તે કારણથી નરકાદિ ગતિવિષયક પાપ અકરણનો નિયમ જાણવો, એમ શ્લોક-૪૧૬ સાથે સંબંધ છે. ।।૪૧૭।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અન્યથા આત્યંતિક મૃત્યુ અને ત્યાં ફરી પણ અગતિ ઈત્યાદિ શાસ્ત્રમાં કહેલું સદ્યુક્તિથી ઘટે નહિ. ।।૪૧૭।।**

**ટીકા :-**

अन्यथा=अकरणनियमानभ्युपगमे आत्यन्तिकः=अपुनर्भावी, मृत्युर्नरकादिगोचरः भूयः=पुनरपि, तत्र=नरकादिषु, अगतिरात्यन्तिकी 'तथा' इति समुच्चये, न युज्यते हिः=यस्मात्, सन्न्यायात्=सद्युक्तेः, किमित्याह – इत्यादि=आत्यन्तिकमृत्वादि, समयोदितं=सिद्धान्तनिरूपितं वस्त्विति ।।४१७।।

**ટીકાર્થ :-**

अन्यथा ..... वस्त्विति ।। અન્યથા=અકરણ નિયમનો અસ્વીકાર કરાયે છતે, આત્યંતિક મૃત્યુ=અપુનર્ભાવી નરકાદિ ગોચર મૃત્યુ, અને ફરી પણ ત્યાં=નરકાદિમાં, આત્યંતિકી અગતિ જે કારણથી સન્ન્યાયથી=સદ્યુક્તિથી, ઘટે નહિ, શું ઘટે નહિ ? એથી કહે છે – ઈત્યાદિ=આત્યંતિક મૃત્યુ ઈત્યાદિ, સમયમાં કહેવાયેલ=સિદ્ધાંતમાં નિરૂપણ કરાયેલ વસ્તુ, ઘટે નહિ એમ અન્વય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૧૭।।

**ભાવાર્થ :-**

મહાત્માઓ જિનવચનાનુસાર સમ્યક્ પુરુષકાર કરીને નરકગતિ અને તિર્યંચગતિ પ્રાયોગ્ય ક્લિષ્ટ કર્મોની વૃત્તિનો ઉચ્છેદ પાપ અકરણ નિયમથી કરે છે અને જો પાપ અકરણ નિયમનો સ્વીકાર કરવામાં ન આવે તો શાસ્ત્રમાં કહેલ નરકાદિ ગોચર આત્યંતિક મૃત્યુ અને નરકાદિમાં આત્યંતિકી અગતિ ઘટે નહિ; કેમ કે જીવના અધ્યવસાય અનુસાર જીવને નરકગતિની અને તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે અને શાસ્ત્રમાં કહેલું છે કે યોગમાર્ગમાં પ્રવર્તનારા મહાત્માઓમાંથી કેટલાક મહાત્માઓ નરકગતિનું અને તિર્યંચગતિનું આત્યંતિક મૃત્યુ પ્રાપ્ત કરે છે અને ફરી તે ગતિમાં ક્યારેય જતા નથી તે શાસ્ત્રવચન તે જીવે તેવો અધ્યવસાય નહિ કરવાનો પરિણામ સ્થિર કર્યો છે તેમ સ્વીકાર્યા વગર સંગત થાય નહિ, તેથી માનવું જોઈએ કે જે જીવોએ બે ગતિનો ઉચ્છેદ કર્યો છે તેઓએ આત્માની તેવા પ્રકારની શુદ્ધિને પ્રાપ્ત કરી છે, જેથી નરક અને તિર્યંચ પ્રાયોગ્ય પાપ અકરણ નિયમ તેઓમાં સ્થિર થયેલ છે, અને શ્લોકમાં રહેલ ઇત્યાદિ શબ્દથી જે જે પ્રકારે કર્મબંધની યોગ્યતાનો નાશ થાય છે તે તે પ્રકારના પાપ અકરણ નિયમની તે જીવમાં પ્રાપ્તિ છે તેમ સ્વીકારવું જોઈએ. આથી જ 'दुःखितेषु दयात्यन्तं' ઇત્યાદિ ચરમાવર્તના લક્ષણને પામેલા જીવમાં અનેક પુદ્ગલપરાવર્તનને અનુકૂળ પાપ અકરણ નિયમની પ્રાપ્તિ છે અને સમ્યગ્દૃષ્ટિ જીવમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા કર્મબંધના હેતુરૂપ પાપ અકરણનો નિયમ છે તેનો ઇત્યાદિથી સંગ્રહ થાય છે.

અહીં વિશેષ એ છે કે સર્વ પાપોને કરનાર જીવની કષાયની પરિણતિ છે અને ભાવ સાધુ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સર્વ પાપ અકરણનો અભ્યાસ કરી રહ્યા છે અને જે મહાત્મા ક્ષપકશ્રેણિ ઉપર ચડે છે તે મહાત્મા સર્વ પાપોના અકરણ નિયમને કરવાનો પ્રારંભ કરે છે અને બારમા ગુણસ્થાનકે તે મહાત્માને સર્વ પાપોના અકરણ નિયમની પ્રાપ્તિ થાય છે તેમ જે મહાત્માઓ જે જે ભૂમિકાના કષાયોના ઉન્મૂલન માટે અભ્યાસ કરે છે તે તે ભૂમિકાના પાપ અકરણ નિયમનો તેઓ અભ્યાસ કરે છે, આથી જ સમ્યગ્દૃષ્ટિ જીવ અનંતાનુબંધી કષાયરૂપ પાપ જીવનમાં ફરી ક્યારેય પ્રાપ્ત ન થાય તેવો અભ્યાસ કરે છે છતાં સમ્યક્ત્વથી પાત પામે તો ફરી અનંતાનુબંધી કષાય રૂપ પાપ કરવાનો પ્રારંભ થાય છે અને જે મહાત્મા અનંતાનુબંધી કષાયના ક્ષય માટે યત્નનો પ્રારંભ કરે છે ત્યારે અનંતાનુબંધી પાપના અકરણ નિયમનો પ્રારંભ થાય છે અને ક્ષાયિક સમ્યક્ત્વ પામે છે ત્યારે અનંતાનુબંધી પાપ તેઓ હવે ક્યારેય કરશે નહિ અને અનંતાનુબંધીના ઉદયથી જ નરકગતિ અને તિર્યંચગતિની પ્રાપ્તિ થાય છે, તેથી જેઓ અનંતાનુબંધી પાપ ફરી ક્યારેય ન થાય તેવી ક્ષાયિક સમ્યક્ત્વની કે નિર્મળકોટીનાં ક્ષયોપશમભાવનાં સમ્યક્ત્વની ભૂમિકાને પામ્યા છે તેઓની નરક-તિર્યંચરૂપ બે ગતિનો સદા માટે ઉચ્છેદ થાય છે. **॥૪૧૭॥**

**અવતરણિકા :-**

**अथास्य हेतुदर्शनायाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના=પાપ અકરણ નિયમના, હેતુને બતાવવા માટે કહે છે –**

શ્લોક :-

हेतुमस्य परं भावं, सत्त्वाद्यागोनिवर्तनम् ।
प्रधानकरुणारूपं, ब्रुवते सूक्ष्मदर्शिनः ।।४१८।।

અન્વયાર્થ :-

सत्त्वाद्यागोनिवर्तनं=સત્ત્વાદિના આગસનો નિવર્તન અર્થાત્ નિવર્તક=શત્રુ-મિત્ર અને ઉદાસીન જીવોના અશુભ પરિણામરૂપ અપરાધનો નિવર્તક, प्रधानकरुणारूपं परं भावं=પ્રધાન કરુણારૂપ પરં ભાવ, अस्य हेतुं=આનો હેતુ=પાપ અકરણનો હેતુ, सूक्ष्मदर्शिनः=સૂક્ષ્મદર્શી મહાત્માઓ, ब्रुवते=કહે છે. ॥૪૧૮॥

શ્લોકાર્થ :-

**સત્ત્વાદિના આગસનો નિવર્તક પ્રધાન કરુણારૂપ પરં ભાવ આનો હેતુ સૂક્ષ્મદર્શી મહાત્માઓ કહે છે. ॥૪૧૮॥**

ટીકા :-

हेतुमस्य=अकरणनियमस्य तत्तत्पापस्थानविषयस्य, परम्=उत्कृष्टम्, भावम्=अन्तःकरणपरिणामम्, सत्त्वादीनां=शत्रुमित्रोदासीनानां जनानां, आगसो=अशुभपरिणामरूपस्यापराधस्य, निवर्तनं=निवृत्तिहेतुम्, प्रधाना-यथावस्थितवस्तुविज्ञानानुगत्वेन भावरूपा या करुणा=परदुःखसमुच्छेदनप्रवृत्तिस्तद्रूपं स्वभावो यस्य तत्तथा, ब्रुवते=प्रचक्षते, सूक्ष्मदर्शिनो=निपुणाभोगभाज इति, यया करुणया क्रियमाणया शत्रूणामपि क्लिष्टपरिणामलक्षणोऽपराधो निवर्तते चण्डकौशिकसर्पस्येव भगवति, सा सर्वपापानाम-करणनियमनिमित्तमिति ।।४१८।।

ટીકાર્થ :-

हेतुमस्य ..... निमित्तमिति ।। આનો=તત્ તત્ પાપસ્થાનના વિષયવાળા અકરણનિયમનો, હેતુ પરં ભાવ=ઉત્કૃષ્ટ અંતઃકરણનો પરિણામ, સૂક્ષ્મદર્શી મહાત્માઓ કહે છે એમ અન્વય છે,

કેવો તે અંતઃકરણનો પરિણામ છે તે સ્પષ્ટ કરે છે –

સત્ત્વાદિના=શત્રુ-મિત્ર-ઉદાસીન જીવોના, આગસનું=અશુભ પરિણામરૂપ અપરાધનું, નિવર્તન=નિવૃત્તિનો હેતુ એવો, ઉત્કૃષ્ટ અંતઃકરણનો પરિણામ અકરણ નિયમનો હેતુ છે એમ અન્વય છે,

વળી તે ઉત્કૃષ્ટ અંતઃકરણનો પરિણામ કેવો છે તે સ્પષ્ટ કરે છે –

યથાવસ્થિત વસ્તુના વિજ્ઞાનના અનુગતપણાને કારણે પ્રધાન એવી જે ભાવરૂપ કરુણા=પર-દુઃખના સમુચ્છેદની પ્રવૃત્તિ, તે રૂપ સ્વભાવ છે જેને=જે પ્રકૃષ્ટ ભાવને, તે તેવું છે=પ્રધાન કરુણાવાળું

**છે તેવા પ્રધાન કરુણાવાળા પ્રકૃષ્ટ ભાવને અકરણ નિયમનો હેતુ સૂક્ષ્મદર્શી=નિપુણ ઉપયોગવાળા મહાત્માઓ, કહે છે. 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

કેવી તે પ્રધાન કરુણા છે કે જે કરુણા અકરણ નિયમનો હેતુ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**કરાતી એવી જે કરુણાથી શત્રુઓનો પણ ક્લિષ્ટ પરિણામરૂપ અપરાધ નિવર્તન પામે છે, જેમ ચંડકૌશિક સર્પનો ભગવાનમાં અપરાધ નિવર્તન પામે છે તે=તેવી કરુણા, સર્વ પાપોના અકરણ નિયમનું નિમિત્ત છે. 'इति' શબ્દ 'यथा'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ૧૪૧૮૧૧**

**ભાવાર્થ :-**

યથાવસ્થિત વસ્તુના વિજ્ઞાનથી અનુગત એવી ભાવકરુણા સર્વ પાપોના અકરણનિયમનું નિમિત્ત કારણ છે.

આશય એ છે કે સંસારી જીવો જે કંઈ વિડંબના પામે છે તે આત્મામાં વર્તતા કાષાયિક ભાવોથી વિડંબના પામે છે તે પ્રકારનું યથાવસ્થિત વસ્તુનું વિજ્ઞાન થવાને કારણે જે મહાત્મા પોતાના ભાવપ્રાણોના રક્ષણ માટે સદા ત્રણ ગુપ્તિઓમાં વ્યાપાર કરે છે, જેથી તેઓનું ચિત્ત સતત ક્ષમા-માર્દવ આદિ દશ પ્રકારના યતિધર્મમાં સુદૃઢ વ્યાપારવાળું થાય છે, તેથી પોતાના આત્માની કરુણા સદા તેઓને વર્તે છે. વળી તેવા મહાત્માઓને શમભાવનો પરિણામ હોવાથી સર્વ જીવો પોતાના તુલ્ય જણાય છે, તેથી જેમ પોતાના આત્માના ભાવરક્ષણ માટે તેઓ અપ્રમાદથી યત્ન કરે છે તેમ બીજા જીવોના દુઃખના ઉચ્છેદને અનુકૂળ પ્રવૃત્તિરૂપ કરુણા કરે છે, જે કરુણા પોતાના શત્રુ મિત્ર કે ઉદાસીન જીવોના અશુભ પરિણામરૂપ અપરાધના નિવર્તનનો હેતુ બને છે, તેથી તેવા મહાત્માના નિમિત્તને પામીને તે જીવોમાં પણ અશુભ પરિણામ દૂર થાય છે અને પોતાની શક્તિના પ્રકર્ષથી તે જીવો પણ પોતાના ભાવપ્રાણનું રક્ષણ કરવા માટે શક્ય યત્ન કરે છે. આવા ઉત્તમ પરિણામરૂપ જે કરુણા છે તે જીવનો પ્રકૃષ્ટ અંતઃકરણનો પરિણામ છે અને તે પરિણામને અનુરૂપ તે તે પાપસ્થાનકના વિષયવાળા અકરણ નિયમનો હેતુ તે શુભ ભાવ બને છે, જેમ વીરભગવાને ચંડકૌશિક ઉપર કરુણા કરી ત્યારે પોતાની અત્યંત ભાવકરુણાથી વાસિત મહાસંવેગથી યુક્ત ભગવાનના વચનના નિમિત્તને પામીને ચંડકૌશિકના જીવમાં પણ અશુભ પરિણામરૂપ અપરાધ તે પ્રકારે નિવર્તન પામ્યો, જેથી વીરભગવાનની જેમ તે ચંડકૌશિકના જીવે પણ પોતાની ભૂમિકા અનુસાર અપ્રમાદથી પોતાના ભાવપ્રાણના રક્ષણ માટે યત્ન કર્યો, જેથી તિર્યંચગતિના ભવને અનુસાર પ્રકર્ષથી શુભ ભાવને પામીને આઠમા દેવલોકમાં ગયો. આવા વીરભગવાન જેવા અત્યંત સ્વ-ભાવપ્રાણના રક્ષણના પરિણામથી સંવલિત કરુણા સર્વ પાપોના અકરણ નિયમનું નિમિત્ત બને છે, આથી જ તેવી ઉત્તમ કરુણા કરીને વીરભગવાને ક્ષપકશ્રેણિ માંડી ત્યારે સર્વ પાપના અકરણ નિયમનો પ્રારંભ કર્યો અને વીતરાગ થયા ત્યારે સર્વ પાપોના પરિણામરૂપ કષાયોનો સર્વથા અભાવ કર્યો, જેથી સર્વ પાપના અકરણ નિયમની નિષ્ઠાની પ્રાપ્તિ થઈ. તેથી જે મહાત્મા સ્વભૂમિકા અનુસાર યથાવસ્થિત વસ્તુના વિજ્ઞાનથી યુક્ત પોતાના આત્માની ભાવકરુણા કરે છે અર્થાત્ પોતાના કષાયોના ઉચ્છેદ માટે સતત અપ્રમાદથી યત્ન કરે છે અને અન્ય યોગ્ય જીવોના અશુભ પરિણામોના નિવર્તનનું કારણ બને તેવો ઉચિત યત્ન કરે છે તેઓ પોતાના અધ્યવસાયને અનુરૂપ તે તે પાપસ્થાનકના વિષયવાળા અકરણ નિયમના હેતુ એવા પ્રકૃષ્ટ અંતઃકરણના પરિણામને પ્રાપ્ત કરે છે.

સંક્ષેપથી એ ફલિત થાય કે સંસારની સર્વ વિડંબનાનું બીજ કાષાયિક ભાવો છે તેવો સૂક્ષ્મ બોધ થયા પછી જે મહાત્માઓ પોતાના આત્માને કાષાયિક ભાવોથી રક્ષણ કરીને અસંગભાવમાં જવા યત્ન કરે છે તેઓની તે કરુણા પ્રકર્ષવાળી થાય તો સર્વ પાપ અકરણ નિયમનો હેતુ બને છે, તેથી જે જે ભૂમિકાના અસંગભાવ માટે જેટલો જેટલો પ્રકર્ષથી ઉદ્યમ થાય તેટલો તેટલો ભાવ તે પ્રકારે સ્થિર થાય છે, જેથી ફરી તેવો ઉત્કટ સંગનો પરિણામ થતો નથી, જેથી તેવા ઉત્કટ પરિણામરૂપ પાપના અકરણ નિયમની પ્રાપ્તિ થાય છે. **॥૪૧૮॥**

**અવતરણિકા :-**

**अत्रैव मतान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=શ્લોક-૪૧૮માં કહ્યું કે અકરણનિયમનો હેતુ પ્રધાન કરુણારૂપ પરંભાવ છે એમાં જ, મતાંતરને કહે છે –**

**શ્લોક :-**

**समाधिरेष एवान्यैः, सम्प्रज्ञातोऽभिधीयते ।**
**सम्यक्प्रकर्षरूपेण, वृत्त्यर्थज्ञानतस्तथा ।।४१९।।**

**અન્વયાર્થ :-**

**एष एव=આ જ=અધ્યાત્માદિ યોગ જ, अन्यैः=અન્ય દર્શનકારો વડે, सम्प्रज्ञातः समाधिः=સંપ્રજ્ઞાત સમાધિ, अभिधीयते=કહેવાય છે, सम्यक् प्रकर्षरूपेण तथा वृत्त्यर्थज्ञानतः=કેમ કે સમ્યક્ પ્રકર્ષરૂપથી તે પ્રકારે વૃત્તિ અને અર્થનું જ્ઞાન છે. ॥૪૧૯॥**

**શ્લોકાર્થ :-**

**આ જ અન્ય દર્શનકારો વડે સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે; કેમ કે સમ્યક્ પ્રકર્ષરૂપથી તે પ્રકારે વૃત્તિ અને અર્થનું જ્ઞાન છે. ॥૪૧૯॥**

**ટીકા :-**

**समाधिरेष एव=अध्यात्मादिर्योगः, अन्यैः=तीर्थान्तरीयैः, सम्प्रज्ञातः=सम्प्रज्ञातनामा, अभिधीयते, कुत इत्याह – सम्यक्=यथावत्, प्रकर्षरूपेण-सवितर्कनिश्चयात्मकेन, वृत्त्यर्थज्ञानतः=वृत्तीनां नरनारकाद्यात्मपर्यायाणामर्थानां द्वीपाचलजलधिप्रभृतीनां, ज्ञानतो विकल्पात् 'तथा'=तेन प्रकारेण, यतः सम्यक् प्रकृष्टं वृत्त्यर्थज्ञानं तत्प्रकारमत्रास्ति ततोऽसौ समाधिः सम्प्रज्ञात इत्युच्यत इति ।।४१९।।**

**ટીકાર્થ :-**

**समाधिरेष ..... इत्युच्यत इति ।। આ જ=અધ્યાત્માદિ યોગ જ, અન્ય વડે=તીર્થાંતરીયો વડે, સંપ્રજ્ઞાત= સંપ્રજ્ઞાત નામની સમાધિ કહેવાય છે, કેમ સંપ્રજ્ઞાતસમાધિ કહેવાય છે ? એથી કહે છે - - સમ્યક્=યથાવત્, પ્રકર્ષરૂપથી=સવિતર્ક નિશ્ચયાત્મક પ્રકર્ષરૂપથી=વિકલ્પપૂર્વક નિશ્ચયાત્મક પ્રકર્ષરૂપથી, તે પ્રકારે વૃત્તિ અને અર્થનું જ્ઞાન હોવાને કારણે=નર-નારકાદિ આત્માના પર્યાયરૂપ વૃત્તિઓ દ્વીપ-પર્વત-સમુદ્ર વગેરે રૂપ અર્થોનું વિકલ્પનરૂપ જ્ઞાન હોવાને કારણે, સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે એમ અન્વય છે; જે કારણથી સમ્યક્ પ્રકૃષ્ટ વૃત્તિ અને અર્થનું જ્ઞાન તે પ્રકારે અહીં=અધ્યાત્માદિ યોગોમાં છે, તેથી આ સમાધિ સંપ્રજ્ઞાત એ પ્રમાણે કહેવાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૧૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અધ્યાત્માદિ પાંચ યોગો કહ્યા, તે યોગો જ સ્વ-સ્વ ભૂમિકાના પાપ અકરણ નિયમના હેતુ છે અને તે અધ્યાત્માદિ યોગકાળમાં મહાત્માને સ્વબોધ અનુસાર યથાવસ્થિત વસ્તુના વિજ્ઞાનથી અનુગત ભાવકરુણા થાય છે. તે ભાવકરુણા જ પાપ અકરણ નિયમનો હેતુ છે તેમ શ્લોક-૪૧૮માં બતાવ્યું તે અધ્યાત્માદિ યોગરૂપ પ્રકૃષ્ટ ભાવને અન્યદર્શનકારો સંપ્રજ્ઞાત સમાધિ કહે છે; કેમ કે સંપ્રજ્ઞાત સમાધિમાં 'સમ્' શબ્દ સમ્યગ્ અર્થમાં છે, 'પ્ર' શબ્દ પ્રકર્ષ અર્થમાં છે અને 'જ્ઞાત' શબ્દ વૃત્તિના અને અર્થના જ્ઞાનના અર્થમાં છે, તેથી જે મહાત્માઓ અધ્યાત્માદિ યોગમાં સમ્યગ્ યત્ન કરીને આત્માના શુદ્ધ ભાવપ્રાણના રક્ષણ માટે દયાળુ ચિત્તવાળા બને છે તેઓનાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો તે પ્રકારે ક્ષય થાય છે, જેથી તેઓને આત્માના ચાર ગતિઓના પરિભ્રમણમાં વર્તતા પર્યાયોરૂપ વૃત્તિઓનું પ્રકર્ષથી જ્ઞાન થાય છે, તેથી સંસારી જીવો કઈ રીતે કર્મને પરવશ થઈને પરિભ્રમણ કરે છે તેનો માર્ગાનુસારી યથાર્થ સૂક્ષ્મ બોધ થાય છે, વળી જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમને કારણે દ્વીપ-પર્વતો-સમુદ્રો વગેરે રૂપ અર્થોનું પણ યથાર્થ જ્ઞાન થાય છે, જેથી સંસારની આ દ્વીપ-સમુદ્રો વગેરે ક્યા પ્રકારની વ્યવસ્થા છે અને કર્મને વશ જીવો નર-નારકાદિ પર્યાયોને પામીને કઈ રીતે વિડંબના પામે છે અને તે સર્વ વિડંબનાનું કારણ જીવમાં વર્તતી મોહની આકુળતારૂપ અસમાધિની પરિણતિ છે તેનો યથાર્થ બોધ હોવાથી તે મહાત્મા સદા સ્વભૂમિકા અનુસાર અધ્યાત્માદિ યોગોને સેવીને સમાધિમાં વર્તે છે અર્થાત્ મોહની આકુળતાથી રહિત વર્તે છે એ સંપ્રજ્ઞાત સમાધિ છે; કેમ કે સમ્યગ્જ્ઞાન જીવને હિતમાં જ પ્રવૃત્તિ કરાવે છે અને અહિતથી જીવનું રક્ષણ કરે છે અને આ મહાત્માને સમ્યક્ પ્રકર્ષથી તે પ્રકારે જ્ઞાન છે, તેથી પોતાના જ્ઞાનને અનુરૂપ સમાધિમાં જ તે મહાત્મા યત્ન કરે છે. **।।૪૧૯।।**

**અવતરણિકા :-**

अथैतत्समाधिफलमाह –

**અવતરણિકાર્થ :-**

હવે આ સમાધિના ફલને=સંપ્રજ્ઞાત સમાધિના ફલને, કહે છે –

**શ્લોક :-**

**एवमासाद्य चरमं, जन्माऽजन्मत्वकारणम् ।**
**श्रेणिमाप्य ततः क्षिप्रं, केवलं लभते क्रमात् ।।४२०।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે અધ્યાત્માદિ યોગોને સેવીને સમાધિને પામેલો જીવ, अजन्मत्वकारणं चरमं जन्म आसाद्य=અજન્મત્વનું કારણ એવા ચરમ જન્મને પામીને, ततः=ત્યારપછી, श्रेणिमाप्य=શ્રેણિને પ્રાપ્ત કરીને, क्षिप्रं=જલ્દી, क्रमात्=ક્રમથી, केवलं=કેવલજ્ઞાનને, लभते=પામે છે. ।।૪૨૦।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે અજન્મત્વનું કારણ એવા ચરમ જન્મને પામીને ત્યારપછી શ્રેણિને પ્રાપ્ત કરીને જલ્દી ક્રમથી કેવલજ્ઞાનને પામે છે. ।।૪૨૦।।**

**ટીકા :-**

**एवं उक्तरूपेण समाधिना समाहितः सन्, आसाद्य=क्रमेणोपलभ्य, चरमं=अपश्चिमम्, जन्म=भवम्, अविद्यमानजन्माऽजन्मा तद्भावोऽजन्मत्वं तस्य कारणं=हेतुम्, श्रेणिं-क्षपकश्रेणिलक्षणम् आप्य=लब्ध्वा, ततः=प्राप्तेरनन्तरम्, क्षिप्रम्=अचिरेण, केवलं=ज्ञानं दर्शनं च, लभते क्रमात् ।।४२०।।**

**ટીકાર્થ :-**

**एवमुक्तरूपेण ..... क्रमात् ।। આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે અધ્યાત્માદિ સેવીને સમાધિથી સમાધાન પામેલો જીવ, અવિદ્યમાન જન્મ=અજન્મ, તેનો ભાવ અજન્મત્વ તેનું કારણ એવો ચરમ જન્મ=અપશ્ચિમ ભવ, તેને પ્રાપ્ત કરીને=ક્રમસર પ્રાપ્ત કરીને, ત્યારપછી=ચરમ જન્મની પ્રાપ્તિ પછી, ક્ષપકશ્રેણિરૂપ શ્રેણિને પ્રાપ્ત કરીને ક્ષિપ્ર=અવિલંબથી, કેવલને=કેવલજ્ઞાન-કેવલદર્શનને ક્રમથી=તે તે ગુણસ્થાનકના આરોહણરૂપ ક્રમથી, પ્રાપ્ત કરે છે. ।।૪૨૦।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે અધ્યાત્માદિ યોગોને સેવે છે તે મહાત્માઓને પોતાના અધ્યાત્માદિ સેવનને અનુરૂપ ચિત્તની સ્વસ્થતારૂપ સમાધિ પ્રાપ્ત થાય છે અને તે અધ્યાત્માદિ યોગોને

સેવનારા મહાત્માઓ શ્રુતઅધ્યયન આદિ કરીને વૃત્તિ અને અર્થોનું તે પ્રકારે સમ્યગ્જ્ઞાન થાય તેવી સંપ્રજ્ઞાત સમાધિને પ્રાપ્ત કરે છે અને એ રીતે સમાધિથી સ્વસ્થ થયેલા તે મહાત્મા ક્રમસર=કેટલાક ભવોના ક્રમથી ચરમ ભવને પ્રાપ્ત કરે છે, જે ચરમભવ અજન્મત્વનું કારણ છે અર્થાત્ હવે પછી તેઓને ચાર ગતિમાંથી કોઈ ગતિમાં ફરી જન્મ થવાનો નથી તેવા અજન્મત્વના કારણ ચરમભવને પ્રાપ્ત કરે છે અને ત્યારપછી મહાપરાક્રમ દ્વારા ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરે છે અને ક્ષપકશ્રેણિમાં ગુણસ્થાનકના આરોહણના ક્રમથી કેવલજ્ઞાન-કેવલદર્શનને પ્રાપ્ત કરે છે, તેથી આત્માની ભાવકરુણારૂપ સંપ્રજ્ઞાત સમાધિનું ફળ ચરમભવની પ્રાપ્તિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે. **॥૪૨૦॥**

**અવતરણિકા :-**

**ततः –**

**અવતરણિકાર્થ :-**

**ત્યારપછી=સંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ પછી, કઈ સમાધિ પ્રાપ્ત થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**असम्प्रज्ञात एषोऽपि, समाधिर्गीयते परैः ।**
**निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः ।।४२१।।**

**અન્વયાર્થ :-**

**एषोऽपि=આ જ યોગ, परैः=પર વડે, असम्प्रज्ञातः समाधिः=અસંપ્રજ્ઞાત સમાધિ, गीयते=કહેવાય છે, निरुद्धाशेषवृत्त्यादितत्स्वरूपानुवेधतः=કેમ કે નિરુદ્ધ અશેષ વૃત્ત્યાદિરૂપ તત્સ્વરૂપનો અનુવેધ છે=નિરુદ્ધ કરેલી છે બધી વૃત્તિઓ અને તેનાં બીજો જેમાં એવા યોગના સ્વરૂપનો પ્રસ્તુત સમાધિમાં અનુવેધ છે. ॥૪૨૧॥**

**શ્લોકાર્થ :-**

**આ જ યોગ પર વડે અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે; કેમ કે નિરુદ્ધ અશેષ વૃત્ત્યાદિરૂપ તત્સ્વરૂપનો અનુવેધ છે. ॥૪૨૧॥**

**ટીકા :-**

असम्प्रज्ञातः सम्प्रज्ञातविलक्षणः एषोऽप्येष एव योगः कैवल्यलक्षणावस्थान्तरप्राप्तः समाधिर्गीयते= प्रज्ञाप्यते, परैः=तीर्थान्तरीयैः, कुत इत्याह – निरुद्धमशेषं=समस्तं, वृत्त्यादि=वृत्तिरुक्तलक्षणा आदिशब्दात्तद्बीजं च यत्र तत्तथा, तच्च तत्स्वरूपं च=योगस्वरूपं, तेनानुवेधात्=ऐक्यानयनादात्मनः, यत्र समाधौ वृत्त्याद्यशेषं निरुध्यत आत्मा च लब्धतत्समाधिस्वरूपानुवेधो भवति सोऽसम्प्रज्ञातो

मानसविज्ञानवैकल्यादुच्यत इति, इह द्विधाऽसम्प्रज्ञातः समाधि, (१) सयोगिकेवलिकालभावी (२) अयोगिकेवलिकालभावी च, तत्राद्यो मनोवृत्तीनां विकल्पज्ञानरूपाणां तद्बीजस्य ज्ञानावरणाद्युदयरूपस्य (च) निरोधादुत्पद्यते, द्वितीयस्तु सकलाशेषकायादिवृत्तीनां तद्बीजानामौदारिकादिशरीररूपाणाम् (च) अत्यन्तोच्छेदात्सम्पद्यत इति ।।४२१।।

**ટીકાર્થ :-**

**असम्प्रज्ञातः ..... सम्पद्यत इति ।। સંપ્રજ્ઞાતથી વિલક્ષણ એવો આ જ કૈવલ્યલક્ષણ અવસ્થાંતર પ્રાપ્ત યોગ અસંપ્રજ્ઞાત સમાધિ પર વડે=તીર્થાંતરીયો વડે, કહેવાય છે, કેમ કૈવલ્યજ્ઞાનની પ્રાપ્તિવાળો યોગ અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે ? એથી કહે છે – અશેષ=સમસ્ત ઉક્ત લક્ષણવાળી વૃત્તિઓ અર્થાત્ શ્લોક-૪૦૬માં બતાવી તે વૃત્તિઓ અને 'आदि' શબ્દથી તેનું બીજ નિરુદ્ધ છે જેમાં તે તેવું છે=નિરુદ્ધ અશેષ વૃત્ત્યાદિરૂપ છે અને તે=નિરુદ્ધ અશેષ વૃત્ત્યાદિ, અને તેનું સ્વરૂપ=યોગનું સ્વરૂપ, તેના વડે અનુવેધ હોવાથી=આત્માનું ઐક્ય આનયન હોવાથી, કેવલજ્ઞાનકાલના યોગને અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે.**

આનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

**જે સમાધિમાં વૃત્તિ આદિ અશેષ=મનોવૃત્તિ અને મનોવૃત્તિનું બીજ અશેષ, નિરોધ કરાય છે અને આત્મા લબ્ધ તત્ સમાધિના સ્વરૂપના અનુવેધવાળો થાય છે તે અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે; કેમ કે માનસવિજ્ઞાનનું વૈકલ્ય છે. 'इति' શબ્દ 'यत्र समाधौ'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે.**

**અહીં=અસંપ્રજ્ઞાત સમાધિમાં, બે પ્રકારની અસંપ્રજ્ઞાત સમાધિ છે ૧. સયોગી કેવલી કાલભાવી ૨. અયોગી કેવલી કાલભાવી. ત્યાં આદ્ય=પ્રથમઅસંપ્રજ્ઞાત સમાધિ, વિકલ્પ જ્ઞાનરૂપ મનોવૃત્તિઓના (અને) જ્ઞાનાવરણીય આદિના ઉદયરૂપ તેના બીજના નિરોધથી ઉત્પન્ન થાય છે, વળી બીજી અસંપ્રજ્ઞાત સમાધિ સકલ અશેષ કાયાદિ વૃત્તિઓના (અને) ઔદારિક આદિ શરીરરૂપ તેનાં બીજોના અત્યંત ઉચ્છેદથી પ્રાપ્ત થાય છે. ॥૪૨૧॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૧૯માં સંપ્રજ્ઞાત સમાધિ બતાવી જે અધ્યાત્માદિ યોગો સ્વરૂપ છે અને તે અધ્યાત્મથી પ્રારંભ થઈને વૃત્તિસંક્ષય નામના યોગથી પૂર્વના સમતાયોગ સુધી વર્તે છે અને ધ્યાનયોગ અને સમતાયોગકાળમાં સંપ્રજ્ઞાત સમાધિ કંઈક પ્રકર્ષવાળી થાય છે અને જ્યારે તે મહાત્મા ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરે છે, તે વખતે સંપ્રજ્ઞાત સમાધિ પ્રકર્ષવાળી હોય છે, ત્યારપછી તે મહાત્મા કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, કેવલજ્ઞાનકાળમાં તે મહાત્માને અસંપ્રજ્ઞાત સમાધિ હોય છે જે વૃત્તિસંક્ષયરૂપ ચરમ યોગની પ્રાપ્તિ સ્વરૂપ છે.

કેવલજ્ઞાન વખતની સમાધિને અસંપ્રજ્ઞાત સમાધિ કેમ કહેવાય છે તેમાં ગ્રંથકારશ્રી હેતુ કહે છે – સંપ્રજ્ઞાત સમાધિકાળમાં વિકલ્પજ્ઞાનરૂપ જે મનોવૃત્તિ હતી તેનો સંપૂર્ણ નિરોધ કેવલજ્ઞાનકાળમાં થાય છે,

વળી તે વિકલ્પોરૂપ મનોવૃત્તિનું બીજ જ્ઞાનાવરણીય આદિ કર્મનો ઉદય હતો તેનો પણ કેવલજ્ઞાનકાળમાં સંપૂર્ણ નિરોધ થાય છે અને મોક્ષની સાથે આત્માને યોજન કરે તેવા પરિણામરૂપ યોગનો આત્માની સાથે અનુવેધ વર્તે છે, તેથી તે સમાધિને સંપ્રજ્ઞાત સમાધિથી વિલક્ષણ એવી અસંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે.

આશય એ છે કે સંસારી જીવો મોહની આકુળતાવાળા છે, તેથી તેઓના આત્મામાં સમાધિનો કોઈ અંશ નથી, કેવલ મોહની આકુળતાકૃત અસમાધિ અવસ્થાવાળા છે અને તેવા જીવોમાંથી કેટલાક જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, તેથી પોતાના આત્માની કરુણા ઉત્પન્ન થાય છે. તે કરુણાને વશ તે મહાત્માઓ પોતાનામાં વર્તતી મોહકૃત અસમાધિને દૂર કરવા યત્ન કરે છે અને તે વખતે મનોયોગ દ્વારા જે પૂર્વમાં મોહની વૃત્તિઓ થતી હતી તે મોહની વૃત્તિને શાંત કરવા યત્ન કરે છે, તે વખતે શાસ્ત્ર-અધ્યયન દ્વારા આત્માના નર-નારકાદિ પર્યાયોની વૃત્તિઓનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને જગત્વર્તી દ્વીપ-સમુદ્રો-પર્વતો આદિ અર્થોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તે જ્ઞાનના બળથી મન દ્વારા જ મોહના વિકલ્પો શાંત થાય તેવો યત્ન કરે છે અને મન દ્વારા જ નિરાકુળ આત્મભાવમાં સ્થિર થવા યત્ન કરે છે અને તેના બળથી જ અધ્યાત્માદિ યોગોની પ્રાપ્તિ કરીને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરે છે ત્યારે પણ મન દ્વારા જ મોહના ઉન્મૂલનને અનુકૂળ વ્યાપાર કરે છે, તેથી ક્ષપકશ્રેણિ કાળમાં પણ મનોવૃત્તિનો રોધ નથી, પરંતુ મોહની વૃત્તિઓનો રોધ છે, તેથી ક્ષપકશ્રેણિકાળમાં સંપ્રજ્ઞાત સમાધિ કહેવાય છે અને બારમા ગુણસ્થાનક સુધી મનોવૃત્તિઓ વિદ્યમાન છે અને મોહનો સંપૂર્ણ રોધ છે, તેથી સંપ્રજ્ઞાત સમાધિનો પ્રકર્ષ બારમા ગુણસ્થાનકે વર્તે છે અને તે વખતે મનોવૃત્તિનું બીજ જ્ઞાનાવરણીયકર્મનો ઉદય છે, તેથી મન દ્વારા જ તે મહાત્મા મોહથી અનાકુળ એવા જ્ઞાનના ઉપયોગવાળા છે અને ક્ષપકશ્રેણિકાળમાં કે તેના પૂર્વના સંપ્રજ્ઞાત સમાધિ કાળમાં તે મહાત્મા જ્ઞાનાવરણીયના ઉદયવાળા અને મોહનીય કર્મના ઉદયવાળા પણ છે. તે જ્ઞાનાવરણીય અને મોહનીય કર્મનો ઉદય મનોવૃત્તિનું બીજ છે અને જ્યારે મોહનીયકર્મનો અને જ્ઞાનાવરણીયકર્મનો નાશ થાય છે ત્યારે મનોવૃત્તિના બીજનો નાશ થવાથી અને સંપૂર્ણ જ્ઞેયનું જ્ઞાન આવિર્ભાવ થવાથી જ્ઞેયને જાણવા માટે મનોવૃત્તિની આવશ્યકતા નથી, તેથી મનોવૃત્તિના ક્ષયરૂપ વૃત્તિસંક્ષય નામના યોગને તે મહાત્મા પ્રાપ્ત કરે છે તે વખતે મનોવૃત્તિના કારણીભૂત જ્ઞાનાવરણીય આદિ બીજનો નાશ થયેલો હોવાથી તે મહાત્માની સમસ્ત મનોવૃત્તિનો નિરોધ થાય છે અને મોક્ષનું કારણ બને તેવા વૃત્તિસંક્ષયરૂપ યોગનું સ્વરૂપ તેમના આત્મા સાથે ઐક્યભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ હવે પછી ક્યારેય તેઓને મનોવૃત્તિ થશે નહિ, તેથી તે મનોવૃત્તિકૃત કર્મબંધનો સદા અભાવ થશે, તેથી તે મહાત્માને મનોવૃત્તિવાળી સંપ્રજ્ઞાત સમાધિથી વિલક્ષણ એવી મનોવૃત્તિના સંક્ષયરૂપ અસંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ છે.

વળી આ અસંપ્રજ્ઞાત સમાધિ સયોગી કેવલી અવસ્થામાં છે અને અયોગી કેવલી અવસ્થામાં પણ છે. સયોગી કેવલી અવસ્થામાં વિકલ્પજ્ઞાનરૂપ મનોવૃત્તિ અને તે મનોવૃત્તિની નિષ્પત્તિનું બીજ એવા જ્ઞાનાવરણીય આદિ કર્મનો ઉદય તે બન્નેનો નિરોધ થાય છે, તેથી કેવળજ્ઞાનકાળમાં જ્ઞાનાવરણીય કે મોહનીયનો ઉદય નથી, તેથી વિકલ્પજ્ઞાનરૂપ મનોવૃત્તિઓ નથી, તેથી કેવલીનો આત્મા પૂર્ણ સ્વસ્થતારૂપ સમાધિમાં છે છતાં યોગનિરોધ કર્યો નથી ત્યાં સુધી યોગનિરોધકાળભાવી થનારી અસંપ્રજ્ઞાત સમાધિની પ્રાપ્તિ નથી અને

જ્યારે તે મહાત્મા યોગનિરોધ કરે છે ત્યારે કાયાના, વચનના અને મનના સકલ વ્યાપારોનો અત્યંત ઉચ્છેદ થાય છે અને મન-વચન-કાયાના યોગોના વ્યાપારના બીજભૂત ઔદારિક આદિ શરીર નામકર્મનો ઉદય પણ અત્યંત ઉચ્છેદ થાય છે=ઔદારિક શરીર નામકર્મ-તૈજસ શરીર નામકર્મ-કાર્મણ શરીર નામકર્મનો ઉદય યોગનિરોધ પૂર્વે વિદ્યમાન હતો તે સર્વનો અત્યંત ઉચ્છેદ યોગનિરોધકાળમાં થાય છે, અર્થાત્ યોગનિરોધકાળમાં તૈજસ શરીર છે અને કાર્મણ શરીર પણ છે છતાં યોગનો વ્યાપર નહીં હોવાથી તૈજસ શરીર નામકર્મ અને કાર્મણ શરીર નામકર્મનો વિપાકબંધ થાય છે. તેથી અયોગી અવસ્થામાં તે મહાત્મા પુદ્ગલ સાથેના સંબંધના કારણે થતા જીવપ્રદેશના કંપનના વ્યાપારથી સંપૂર્ણ રહિત બને છે, તેથી અયોગી અવસ્થામાં તે આત્મા પોતાની સ્વરૂપઅવસ્થામાં પૂર્ણ પ્રતિષ્ઠિત થાય છે, જેથી યોગકૃત કર્મનું આગમન અટકે છે અને વિદ્યમાન કર્મો ભોગકાળની મર્યાદા પૂર્ણ થવાથી આત્માથી પૃથક્ થાય છે, તેથી તે મહાત્મા સર્વ કર્મ રહિત બને છે, જે વૃત્તિસંક્ષયરૂપ ચરમયોગનું ફળ છે. **॥૪૨૧॥**

**અવતરણિકા :-**

**अथात्रैव वक्तव्यान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આમાં જ=સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત સમાધિના વિષયમાં જ અથવા અધ્યાત્માદિ પાંચ યોગોના વિષયમાં જ, વક્તવ્યાંતરને કહે છે –**

**શ્લોક :-**

**धर्ममेघोऽमृतात्मा च, भवशत्रुः शिवोदयः ।**
**सत्त्वानन्दः परश्चेति, योज्योऽत्रैवार्थयोगतः ।।४२२।।**

**અન્વયાર્થ :-**

**अत्रैव=અહીં જ=અધ્યાત્માદિ યોગમાં જ, अर्थयोगतः=અર્થનો યોગ હોવાથી=ધર્મમેઘ આદિ શબ્દોના અર્થની સંગતિ હોવાથી, धर्ममेघः=ધર્મમેઘ, अमृतात्मा=અમૃતાત્મા, भवशत्रुः=ભવશત્રુ, च=અને, शिवोदयः= શિવોદય, च परः सत्त्वानंदः=અને પર એવો સત્ત્વનો આનંદ=પ્રકૃષ્ટ જીવનો આનંદ, इति=એ પ્રમાણે, योज्यः=યોજન કરવું. ॥૪૨૨॥**

**શ્લોકાર્થ :-**

**અહીં જ અર્થનો યોગ હોવાથી ધર્મમેઘ અમૃતાત્મા ભવશત્રુ અને શિવોદય અને પર એવો સત્ત્વનો આનંદ એ પ્રમાણે યોજન કરવું. ॥૪૨૨॥**

**ટીકા :-**

**धर्ममेघो=धर्ममेघनामा समाधिविशेषः, अमृतात्मा चाऽमृतभावकारणत्वात्, भवशत्रुः, शिवोदयः**

**सत्त्वानन्दः परश्चेत्येवं समाधिविशेषस्तत्तत्तीर्थान्तरीयशास्त्रसिद्धः, योज्यो=योजनीयः, अत्रैव=अध्यात्मादियोगे, अर्थयोगतो=अर्थसाङ्गत्यात्, विचित्रावस्थो हि योगः, ततस्तदवस्थामपेक्ष्य को नाम समाधिविशेषस्तत्रान्तर्भावं न लभत इति ।।४२२।।**

**ટીકાર્થ :-**

**धर्ममेघो ..... लभत इति ।। ધર્મમેઘ=ધર્મમેઘ નામની સમાધિવિશેષ છે અને અમૃતાત્મા સમાધિ છે; કેમ કે અમૃત જેવી આત્માની સ્વસ્થતારૂપ ભાવનું કારણપણું છે, ભવશત્રુ=ભવનો નાશ કરનાર એવી સમાધિ છે, શિવનો ઉદય=સુખનો ઉદય=ઉપદ્રવ વગરની અવસ્થારૂપ સુખનો ઉદય છે જેમાં એવી સમાધિ છે, પર સત્ત્વઆનંદ છે=પ્રકૃષ્ટ જીવની સ્વસ્થતાનો આનંદ છે, આ પ્રકારે સમાધિવિશેષ તે તે તીર્થાંતરીયના શાસ્ત્રમાં સિદ્ધ, અહીં જ=અધ્યાત્માદિ યોગમાં, યોજન કરવું; કેમ કે અર્થનો યોગ છે=તે તે સમાધિના વાચક શબ્દોથી પ્રાપ્ત થતા અર્થોનું સંગતપણું છે,**

કેમ ધર્મમેઘ આદિ શબ્દોથી વાચ્ય અર્થ અધ્યાત્માદિ યોગમાં છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**વિચિત્ર અવસ્થાવાળો યોગ છે=અનેક પ્રકારની ભૂમિકાવાળો યોગ છે, તેથી તે અવસ્થાની અપેક્ષાએ=યોગમાં વર્તતી તે અવસ્થાની અપેક્ષાએ, કઈ સમાધિવિશેષ તેમાં=અધ્યાત્માદિ યોગમાં, અંતર્ભાવ ન પામે ? અર્થાત્ અધ્યાત્માદિ યોગોમાં સર્વ સમાધિઓ અંતર્ભાવ પામી શકે છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૨૨।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ પૂર્વમાં અધ્યાત્માદિ પાંચ યોગો બતાવ્યા, તે યોગો મોક્ષમાં જવાને અનુકૂળ ઉચિત અંતરંગ વ્યાપાર સ્વરૂપ છે અને તે યોગને જ અન્ય દર્શનવાળા ભિન્ન ભિન્ન નામથી કહે છે –

કેટલાક દર્શનવાળા તે યોગને ધર્મમેઘ સમાધિ કહે છે, તેનો અંતર્ભાવ અધ્યાત્માદિ યોગમાં થાય છે; કેમ કે અધ્યાત્માદિ યોગો આત્મામાં ધર્મની નિષ્પત્તિ કરીને ધર્મરૂપી મેઘને ઉત્પન્ન કરે છે અને જ્યારે તે ધર્મરૂપી મેઘની ઘટા અતિશયિત થાય છે ત્યારે તે ધર્મમેઘ સમાધિ આત્મામાં અત્યંત વરસે છે, જેથી કષાયોનો તાપ અત્યંત શાંત થાય છે અને આ ધર્મમેઘ સમાધિની વૃષ્ટિ ક્ષપકશ્રેણિમાં થાય છે અને તે ધર્મમેઘનો પ્રારંભ અધ્યાત્મયોગથી થાય છે, માટે અધ્યાત્માદિ યોગને ધર્મમેઘ સમાધિ પણ કહી શકાય છે.

વળી કેટલાક દર્શનકારો આત્માની સ્વસ્થ અવસ્થાને અમૃતાત્મા કહે છે; કેમ કે જેમ અમૃતનું પાન કરવાથી તત્કાલ સ્વસ્થતા મળે છે, રોગનો નાશ થાય છે અને અમર અવસ્થાની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી તે સમાધિને અમૃતાત્મા કહેવાય છે અને અધ્યાત્માદિ યોગો આત્મામાં ભાવ આરોગ્યને પ્રાપ્ત કરાવે છે અને સેવનકાળમાં ચિત્તની સ્વસ્થતા આપાદન કરે છે અને અંતે અમર એવી મોક્ષ અવસ્થાનું કારણ બને છે, તેથી અધ્યાત્માદિ યોગોને અમૃતાત્મારૂપ સમાધિ અન્ય દર્શનકારો કહે છે તેને સ્વીકારવામાં કોઈ વિરોધ નથી.

વળી કેટલાક દર્શનકારો આત્મામાં વર્તતી સમાધિને ભવશત્રુ કહે છે અર્થાત્ ચાર ગતિઓના પરિભ્રમણરૂપ ભવનો નાશ કરનાર આ સમાધિ છે તેમ કહે છે અને અધ્યાત્માદિ યોગો પણ ભવના પરિભ્રમણનો નાશ કરનાર હોવાથી તેને ભવશત્રુરૂપ સમાધિ કહેવામાં કોઈ વિરોધ નથી.

વળી કેટલાક દર્શનકારો આત્મામાં પ્રગટ થયેલી સમાધિને શિવોદય કહે છે=અશિવરૂપ ઉપદ્રવ વગરની અવસ્થા કહે છે અને અધ્યાત્માદિ યોગકાળમાં જીવને અંતરંગ રીતે કષાયોના ઉદયકૃત ઉપદ્રવો ઘટે છે અને પુણ્યપ્રકૃતિ જાગ્રત થવાથી સુદેવત્વ સુમાનુષત્વની પ્રાપ્તિ થાય છે, તેથી જીવની ઉપદ્રવ વગરની અવસ્થાની પ્રાપ્તિરૂપ અધ્યાત્માદિ યોગો છે, માટે તેને શિવોદય કહેવામાં કોઈ વિરોધ નથી.

વળી કેટલાક દર્શનવાદીઓ સમાધિને પ્રકૃષ્ટ એવો સત્ત્વનો આનંદ કહે છે અને અધ્યાત્માદિ યોગકાળમાં જીવને પ્રકૃષ્ટ એવો આત્માનો આનંદ પ્રાપ્ત થાય છે અર્થાત્ ભોગવિલાસકાળમાં જે વિકારી આનંદ છે તેના કરતાં શ્રેષ્ઠ એવો આત્માના અનાકુળ ભાવનો આનંદ પ્રગટ થાય છે, તેથી અધ્યાત્માદિ યોગને પ્રકૃષ્ટ સત્ત્વ આનંદ કહેવામાં કોઈ વિરોવ નથી; કેમ કે તે તે શબ્દોથી વાચ્ય અર્થની સંગતિ અધ્યાત્માદિ યોગોમાં સ્પષ્ટ દેખાય છે.

આ કથનને જ સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રી કહે છે કે અધ્યાત્માદિ યોગો વિચિત્ર પ્રકારનાં કાર્યો કરનારા છે, તેથી તે તે કાર્યની અપેક્ષાએ તે તે શબ્દોથી અધ્યાત્માદિ યોગો વાચ્ય બને છે, માટે સર્વ પ્રકારની સમાધિ અધ્યાત્માદિ યોગોમાં અંતર્ભાવ પામે છે.

અહીં ટીકામાં વિચિત્ર અવસ્થાવાળો યોગ છે એમ કહ્યું તે અધ્યાત્માદિ યોગની તરતમતાને આશ્રયીને નથી, પરંતુ તેનાં ભિન્ન ભિન્ન કાર્યોને આશ્રયીને છે, આથી ધર્મ ઉત્પન્ન કરે છે, માટે ધર્મમેઘ સમાધિ છે, અમૃતનું કાર્ય કરે છે માટે અમૃતાત્મા છે, ભવનો ઉચ્છેદ કરે છે માટે ભવશત્રુ છે એ રૂપ વિચિત્ર અવસ્થાવાળો યોગ છે એમ અર્થ કરવો, એથી સર્વ સમાધિઓ અધ્યાત્માદિ યોગોમાં અંતર્ભાવ પામે છે. **॥૪૨૨॥**

**અવતરણિકા :-**

**अथ सर्वसमाधिफलमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે સર્વ સમાધિના ફળને કહે છે=અધ્યાત્માદિ યોગરૂપ અથવા સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત સમાધિરૂપ અથવા ધર્મમેઘ આદિ સમાધિરૂપ સર્વ સમાધિના ફલને કહે છે –**

**શ્લોક :-**

**मण्डूकभस्मन्यायेन, वृत्तिबीजं महामुनिः ।**
**योग्यतापगमाद्दग्ध्वा, ततः कल्याणमश्नुते ।।४२३।।**

**અન્વયાર્થ :-**

**योग्यतापगमाद्=યોગ્યતાનો અપગમ થવાથી=અધ્યાત્માદિ યોગોના સેવનને કારણે તે તે કર્મના સંબંધની યોગ્યતાનો અત્યંત ઉચ્છેદ થવાથી, मण्डूकभस्मन्यायेन=મંડૂકભસ્મન્યાયથી, महामुनिः=મહામુનિ, वृत्तिबीजं दग्ध्वा=વૃત્તિઓના બીજને બાળીને, ततः=ત્યારપછી, कल्याणमश्नुते=કલ્યાણને પ્રાપ્ત કરે છે. ॥૪૨૩॥**

**શ્લોકાર્થ :-**

**યોગ્યતાનો અપગમ થવાથી મંડૂકભસ્મન્યાયથી મહામુનિ વૃત્તિઓના બીજને બાળીને ત્યારપછી કલ્યાણને પ્રાપ્ત કરે છે. ॥૪૨૩॥**

**ટીકા :-**

**मण्डूकभस्मन्यायेन=दर्दुरशरीरक्षारीकरणदृष्टान्तेन, वृत्तिबीजं=शारीरमानसचेष्टानिमित्तं तत्तत्कर्मरूपम्, महामुनिः=क्षपकोऽनिवृत्तिबादरादिस्तत्तद्गुणस्थानकस्थः, योग्यतापगमात्=तत्तत्कर्मसम्बन्धयोग्यतात्यन्तोच्छेदात्, दग्ध्वा=शुक्लध्यानदावानलेन भस्मभावमापाद्य, ततः=सर्वदहनानन्तरम्, कल्याणं निवृत्तिरूपम्, अश्नुते=लभते ।।४२३।।**

**ટીકાર્થ :-**

**मण्डूकभस्म ..... लभते ।। મંડૂકભસ્મન્યાયથી=દેડકાના શરીરની રાખકરણના દૃષ્ટાંતથી, વૃત્તિના બીજને=શારીરિક-માનસિક ચેષ્ટાના નિમિત્ત એવા તે તે કર્મરૂપ વૃત્તિના બીજને, મહામુનિ=અનિવૃત્તિબાદર આદિ તે તે ગુણસ્થાનકમાં રહેલ ક્ષપક, યોગ્યતાના અપગમથી=તે તે કર્મના સંબંધની યોગ્યતાના અત્યંત ઉચ્છેદથી, બાળીને=વૃત્તિના બીજને બાળીને=શુક્લધ્યાનરૂપી દાવાનળથી વૃત્તિના બીજના ભસ્મભાવને પ્રાપ્ત કરીને, ત્યારપછી=સર્વ દહન અનંતર=સર્વ કર્મના નાશ પછી, નિવૃત્તિરૂપ કલ્યાણને પ્રાપ્ત કરે છે. ॥૪૨૩॥**

**ભાવાર્થ :-**

જે મહાત્મા સંસારના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન કરીને સ્વભૂમિકા અનુસાર અધ્યાત્માદિ યોગો સેવે છે તે મહાત્મા પોતાના સેવાતા અધ્યાત્માદિ યોગોને અનુરૂપ કર્મમલની યોગ્યતાનો તે તે અંશથી ઉચ્છેદ કરે છે અને જ્યારે તે મહાત્મા ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ કરે છે ત્યારે તે મહામુનિ મંડૂકભસ્મન્યાયથી=દેડકાના શરીરને બાળીને રાખ કરવામાં આવે એ દૃષ્ટાંતથી, શારીરિક-માનસિક ચેષ્ટાઓના નિમિત્તભૂત એવા તે તે મોહનીયકર્મનો અત્યંત ઉચ્છેદ કરે છે. જ્યારે સંપૂર્ણ મોહ જાય છે ત્યારે બારમા ગુણસ્થાનકે મનોવ્યાપારના નિમિત્તભૂત જ્ઞાનાવરણીય આદિ શેષ ઘાતિકર્મનો નાશ કરે છે, તેથી તે મહાત્મા શુક્લધ્યાનના બે પાયારૂપ દાવાનળથી સર્વ વૃત્તિઓના બીજનો ભસ્મભાવ કરે છે અર્થાત્ સર્વ વૃત્તિઓના બીજભૂત ચારે ઘાતિકર્મનો અત્યંત નાશ કરે છે. ત્યારપછી કેવળજ્ઞાનને પામેલા એવા તે મહાત્મા મોક્ષરૂપ કલ્યાણને પ્રાપ્ત કરે છે. પૂર્વમાં વર્ણન કરાયેલી સર્વ સમાધિઓનું અંતિમ ફળ મોક્ષ છે, તેને તે મહાત્મા પ્રાપ્ત કરે છે. **॥૪૨૩॥**

**અવતરણિકા :-**

अथात्रापि तथाभव्यत्वमेव हेतुरिति दर्शयन्नाह –

**અવતરણિકાર્થ :-**

હવે આમાં પણ=અધ્યાત્માદિના સેવન દ્વારા તે તે કર્મના સંબંધની યોગ્યતાના અપગમમાં પણ, તથાભવ્યત્વ જ હેતુ છે=જીવની તે પ્રકારની યોગ્યતા જ હેતુ છે, એ પ્રકારે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**यथोदितायाः सामग्र्यास्तत्स्वाभाव्यनियोगतः ।**
**योग्यतापगमोऽप्येवं, सम्यग्ज्ञेयो महात्मभिः ।।४२४।।**

**અન્વયાર્થ :-**

यथोदितायाः सामग्र्याः=જે પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયેલ છે તે પ્રકારની અધ્યાત્માદિ રૂપ સામગ્રીથી, तत्स्वाभाव्यनियोगतः=તત્સ્વાભાવ્યના નિયોગને કારણે=જીવના તથાભવ્યત્વનો વ્યાપાર થવાને કારણે, योग्यतापगमोऽपि=યોગ્યતાનો અપગમ પણ=કર્મબંધને અનુકૂળ એવી યોગ્યતાનો નાશ પણ, एवं=આ રીતે અધ્યાત્માદિ યોગના અભ્યાસથી, सम्यग्=સૂક્ષ્મ ઉપયોગવડે, महात्मभिः=મહાત્માએ, ज्ञेयः=જાણવો જોઈએ. ।।૪૨૪।।

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયેલ છે તે પ્રકારની અધ્યાત્માદિ રૂપ સામગ્રીથી તત્સ્વાભાવ્યના નિયોગને કારણે યોગ્યતાનો અપગમ પણ આ રીતે સૂક્ષ્મ ઉપયોગવડે મહાત્માએ જાણવો જોઈએ. ।।૪૨૪।।**

**ટીકા :-**

**यथोदितायाः अध्यात्मादिरूपायाः सामग्र्याः तत्स्वाभाव्यनियोगतस्तथाभव्यत्वव्यापारात् किमित्याह- योग्यतापगमोऽपि, किं पुनर्योग्यतानिमित्तकर्मापगम इत्यपिशब्दार्थः एवं=उक्तरूपयोगाभ्यासेन, सम्यक्= सूक्ष्माभोगेन, ज्ञेयो महात्मभिरिति, यथाध्यात्मादियोगसहायात्तथाभव्यत्वात्तत्तद्बन्धापगमः सम्पद्यते, तथा तद्बन्धयोग्यतापगमोऽपीति ।।४२४।।**

**ટીકાર્થ :-**

यथोदितायाः ..... योग्यतापगमोऽपीति ।। જે પ્રમાણે શાસ્ત્રમાં કહેવાયેલ છે તે પ્રકારની અધ્યાત્માદિ રૂપ સામગ્રીથી તત્સ્વભાવપણાનો વ્યાપાર થવાને કારણે=જીવની તે પ્રકારે પરિણમન પામવાની

**યોગ્યતારૂપ ભવ્યત્વનો વ્યાપાર થવાને કારણે, શું પ્રાપ્ત થાય છે ? એથી કહે છે – યોગ્યતાનો અપગમ પણ=કર્મબંધને અનુકૂળ ભાવમલરૂપ જે યોગ્યતા તેનો અપગમ પણ, આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે યોગના અભ્યાસથી, સમ્યગ્=સૂક્ષ્મ ઉપયોગવડે, મહાત્માએ જાણવો જોઈએ, શું વળી યોગ્યતાના નિમિત્ત એવા કર્મનો અપગમ ? એ 'योग्यतापगमोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

શ્લોકના કથનથી શું ફલિત થાય છે તે 'यथा'થી બતાવે છે –

**જે પ્રમાણે અધ્યાત્માદિ યોગની સહાયવાળા તે પ્રકારના ભવ્યપણાને કારણે તે તે બંધનો અપગમ થાય છે તે પ્રમાણે તેના બંધની યોગ્યતાનો અપગમ પણ=તે તે કર્મના બંધની યોગ્યતાનો અપગમ પણ થાય છે. 'इति' શબ્દ 'यथा'થી કરેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૪૨૪॥**

**ભાવાર્થ :-**

જીવમાં અનાદિકાળથી જેમ કર્મબંધની યોગ્યતા છે તેમ ભવ્ય જીવોમાં સંપૂર્ણ કર્મનાશની યોગ્યતા પણ છે, તેથી ભવ્ય જીવો કર્મમલની કંઈક અલ્પતાને પ્રાપ્ત કરે છે ત્યારે સંસારના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરનારા બને છે અને તેવી યોગ્યતા પ્રગટ થયા પછી જે મહાત્મા શાસ્ત્રમાં જે પ્રમાણે કહેલ છે તે પ્રકારના અધ્યાત્માદિ યોગોને સ્વભૂમિકા અનુસાર સેવે છે તેઓમાં જે સિદ્ધિગમનની યોગ્યતારૂપ તથાભવ્યતા છે તે સિદ્ધિગમનને અનુકૂળ પરિણમનવાળી થાય છે, તેથી તે મહાત્મા જેમ જેમ અધ્યાત્માદિ યોગોને સેવે છે તેમ તેમ તેમનું તથાભવ્યત્વ પરિપાક પામવાના વ્યાપારવાળું થાય છે. જેમ જેમ તેમનું તથાભવ્યત્વ પરિપાક પામે છે તેમ તેમ તે જીવમાં રહેલી કર્મબંધની યોગ્યતા પણ તેટલા તેટલા અંશમાં દૂર થાય છે અને જ્યારે તે મહાત્મા ક્ષયોપશમ ભાવના અધ્યાત્માદિ યોગોને સેવીને ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય છે ત્યારે ક્ષાયિકભાવને પ્રાપ્ત કરે છે તે વખતે તે મહાત્મામાં કર્મબંધનો તો અપગમ થાય છે, પરંતુ કર્મબંધની યોગ્યતાનો પણ અપગમ થાય છે, તેથી તે મહાત્મા ફરી તે પ્રકારના મોહના પરિણામને ક્યારેય કરતા નથી, તેથી મોહના ઉદયકૃત કર્મબંધ પણ તેઓને ક્યારેય પ્રાપ્ત થતો નથી. આ પ્રમાણે સૂક્ષ્મપ્રજ્ઞાથી મહાત્માએ વિચારવું જોઈએ, જેથી કઈ રીતે અધ્યાત્માદિ સેવીને તથાભવ્યત્વનો પરિપાક થઈ શકે અને તેના કારણે કર્મબંધની યોગ્યતાનો નાશ થાય તે વિષયમાં શાસ્ત્રવચન, યુક્તિ અને સ્વઅનુભવ અનુસાર પદાર્થનો યથાર્થ નિર્ણય થાય, જેથી પ્રાપ્ત થયેલા નિશ્ચિત બોધના બળથી કર્મબંધની યોગ્યતાના નાશનું કારણ બને તે પ્રકારે અધ્યાત્માદિ યોગોમાં નિષ્પ્રકંપ પ્રવૃત્તિ થાય. **॥૪૨૪॥**

**અવતરણિકા :-**

**एवं योगविशेषसिद्धौ यद् भवति तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૪૨૩માં કહ્યું કે મહામુનિ વૃત્તિના બીજને બાળીને કલ્યાણને પ્રાપ્ત કરે છે અને**

તે કલ્યાણ તથાભવ્યત્વના પરિપાકને કારણે પ્રાપ્ત થાય છે એમ શ્લોક-૪૨૪માં કહ્યું એ રીતે, યોગવિશેષની સિદ્ધિ થયે છતે=વૃત્તિના બીજને નાશ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિરૂપ યોગવિશેષની સિદ્ધિ થયે છતે, જે થાય છે તેને કહે છે=જે પ્રવૃત્તિ તે મહાત્મા કરે છે તેને કહે છે –

**શ્લોક :-**

साक्षादतीन्द्रियानर्थान्, दृष्ट्वा केवलचक्षुषा ।
अधिकारवशात् कश्चिद्, देशनायां प्रवर्तते ।।४२५।।

**અન્વયાર્થ :-**

केवलचक्षुषा=કેવલચક્ષુથી=કેવલજ્ઞાન રૂપી ચક્ષુથી, अतीन्द्रियानर्थान् साक्षाद् दृष्ट्वा=અતીન્દ્રિય અર્થોને સાક્ષાત્ જોઈને, कश्चिद्=કોઈક મહાત્મા, अधिकारवशात्=અધિકારના વશથી, देशनायां=દેશનામાં, प्रवर्तते=પ્રવર્તે છે. ।।૪૨૫।।

**શ્લોકાર્થ :-**

**કેવલચક્ષુથી અતીન્દ્રિય અર્થોને સાક્ષાત્ જોઈને કોઈક મહાત્મા અધિકારના વશથી દેશનામાં પ્રવર્તે છે. ।।૪૨૫।।**

**ટીકા :-**

साक्षाद्=अन्यानपेक्षितया अतीन्द्रियान्=इन्द्रियविषयातीतान् अर्थान्-जीवादीन्, दृष्ट्वा=विलोक्य, केवलचक्षुषा=केवलज्ञानदर्शनदृष्ट्या, अधिकारवशाद्योग्यताविशेषलक्षणात् कश्चित्=तीर्थकरपदप्रायोग्यो जीवः, देशनायां स्वतन्त्रधर्मकथारूपायां प्रवर्तते ।।४२५।।

**ટીકાર્થ :-**

साक्षाद् ..... प्रवर्तते ।। સાક્ષાત્=અન્યના અનપેક્ષિતપણાથી=ઉપદેશાદિ વચનરૂપ અન્યના અનપેક્ષિતપણાથી, અતીન્દ્રિય અર્થોને=ઇન્દ્રિયના વિષયથી અતીત એવા જીવાદિ પદાર્થોને, કેવલચક્ષુથી જોઈને=કેવલજ્ઞાન-કેવલદર્શનની દૃષ્ટિથી અવલોકન કરીને, યોગ્યતાવિશેષરૂપ અધિકારના વશથી કોઈક=તીર્થંકરપદ યોગ્ય જીવ, સ્વતંત્ર ધર્મકથારૂપ દેશનામાં પ્રવર્તે છે. ।।૪૨૫।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું એ રીતે જે મહામુનિ વૃત્તિઓનો નાશ કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે તે મહાત્મા ઇન્દ્રિયોથી નહિ દેખાતા એવા કર્મ, કર્મબંધની યોગ્યતા, કર્મનાશને અનુકૂળ ઉચિત ભાવો ઇત્યાદિ સર્વ અતીન્દ્રિય ભાવોને હાથમાં રહેલા આમલકની જેમ સાક્ષાત્ કેવલજ્ઞાનરૂપી ચક્ષુથી જોનારા બને છે અને તેમાંથી જે જીવોએ તીર્થંકરનામકર્મ બાંધ્યું છે તેવા મહાત્માઓને જગતના કલ્યાણ અર્થે દેશના આપવાનો અધિકાર પ્રાપ્ત થયો છે અને તેને કારણે તે મહાત્માઓ સ્વતંત્ર ધર્મકથારૂપ દેશનામાં પ્રવર્તે છે અર્થાત્ અન્ય

મહાત્માઓ સર્વજ્ઞના વચનને પરતંત્ર ધર્મદેશનામાં પ્રવર્તે છે તેમ તીર્થંકરો કોઈ તીર્થંકરના વચનને પરતંત્ર ધર્મદેશનામાં પ્રવર્તતા નથી; કેમ કે સ્વયંબુદ્ધ હોવાથી અન્ય તીર્થંકરોના વચનને અવલંબીને તેમની ઉપદેશની પ્રવૃત્તિ નથી, પરંતુ પોતાના નિર્મળ જ્ઞાનને અનુરૂપ તેઓની ઉપદેશની પ્રવૃત્તિ છે. **॥૪૨૫॥**

**શ્લોક :-**

**प्रकृष्टपुण्यसामर्थ्यात्, प्रातिहार्यसमन्वितः ।**
**अवन्ध्यदेशनः श्रीमान्, यथाभव्यं नियोगतः ।।४२६।।**

**અન્વયાર્થ :-**

**प्रकृष्टपुण्यसामर्थ्यात्=પ્રકૃષ્ટ પુણ્યના સામર્થ્યથી, प्रातिहार्यसमन्वितः=પ્રાતિહાર્યથી યુક્ત, अवन्ध्यदेशनः= અવંધ્ય દેશના દેનાર, श्रीमान्=શ્રીમાન્ તીર્થંકરો, यथाभव्यं=જીવોની યોગ્યતા અનુસાર, नियोगतः=નિયતકાળે દેશનામાં પ્રવર્તે છે એમ શ્લોક-૪૨૫ સાથે સંબંધ છે. ॥૪૨૬॥**

**શ્લોકાર્થ :-**

**પ્રકૃષ્ટ પુણ્યના સામર્થ્યથી પ્રાતિહાર્યથી યુક્ત અવંધ્ય દેશના દેનાર શ્રીમાન્ તીર્થંકરો જીવોની યોગ્યતા અનુસાર નિયતકાળે દેશનામાં પ્રવર્તે છે એમ શ્લોક-૪૨૫ સાથે સંબંધ છે. ॥૪૨૬॥**

**ટીકા :-**

**प्रकृष्टपुण्यसामर्थ्यात्=तीर्थकरवात्सल्यादिहेतुभिरुपात्तोत्तमसुकृतानुभावात्, प्रातिहार्यसमन्वितो= अशोकवृक्षादिदेवकृतपूजोपचारसहितः, अवन्ध्यदेशनः=सम्यक्त्वादिनिर्वाणकारणफलधर्मकथी, श्रीमान्= सर्वातिशायिज्ञानलक्ष्मीपात्रम्, यथाभव्यं=योग्यजीवानतिक्रमेण, नियोगतः=प्रथमपश्चिमदिन- प्रहराराधनारूपात् ।।४२६।।**

**ટીકાર્થ :-**

**प्रकृष्टपुण्य ..... प्रहराराधनारूपात् ।। પ્રકૃષ્ટ પુણ્યના સામર્થ્યને કારણે=તીર્થંકરના વાત્સલ્યાદિ હેતુઓથી પ્રાપ્ત થયેલા ઉત્તમ સુકૃતના અનુભાવને કારણે, પ્રાતિહાર્યથી સમન્વિત=અશોકવૃક્ષ આદિ દેવકૃત પૂજા ઉપચારથી સહિત, અવંધ્ય દેશનાવાળા=સમ્યક્ત્વ આદિથી માંડીને નિર્વાણના કારણરૂપ જે ફલ તે ફલરૂપ ધર્મના કથનને કરનારા, શ્રીમાન્=સર્વાતિશાયિ જ્ઞાનલક્ષ્મીના પાત્ર એવા તીર્થંકર, યથાભવ્ય=યોગ્ય જીવોના અતિક્રમ વગર, નિયોગથી=દિવસના પ્રથમ અને છેલ્લા પ્રહરની આરાધનારૂપ નિયોગથી, દેશનામાં પ્રવર્તે છે એમ શ્લોક-૪૨૫ સાથે સંબંધ છે. ॥૪૨૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨૫માં કહ્યું કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ પછી તીર્થંકરો દેશનામાં પ્રવર્તે છે, તેથી હવે તેઓ કઈ રીતે દેશનામાં પ્રવર્તે છે તે બતાવવા અર્થે કહે છે –

તીર્થંકરના જીવોએ વાત્સલ્યાદિ હેતુઓથી શ્રેષ્ઠ કોટીનું પુણ્ય ઉપાર્જન કર્યું છે, જેથી જગતના જીવોને તારવામાં પ્રબળ કારણ બને એવા આઠ પ્રાતિહાર્યોથી તીર્થંકરો સમન્વિત હોય છે, જે પ્રાતિહાર્યો જગતના જીવોને અત્યંત ચમત્કાર ઉત્પન્ન કરે છે અને તેના કારણે આવર્જિત થઈને જગતના જીવો દેશના સાંભળવા આવે છે.

વળી તીર્થંકરની દેશના પૂર્ણ મોક્ષમાર્ગમાં પદાર્થને યથાર્થ નિરૂપણ કરનાર હોય છે અને તીર્થંકરોના વચનાતિશયને કારણે જે જીવોમાં જે પ્રકારનાં કર્મો ઉપક્રમ પામે તેવાં હોય તે કર્મો ભગવાનના વચનના ઉપદેશથી અવશ્ય ઉપક્રમ પામે છે, તેથી તે જીવોની જેટલી યોગ્યતા છે તે સર્વ યોગ્યતાને યોગમાર્ગને અનુકૂળ વિકસાવવામાં ભગવાનનો ઉપદેશ પ્રબળ કારણ છે અને તીર્થંકરો તેમના તીર્થંકરપદની મર્યાદા અનુસાર દિવસના પ્રથમ અને ચરમ પ્રહરમાં અવશ્ય દેશના આપે છે, તેથી તીર્થંકરને પ્રાપ્ત કરીને તે કાળમાં વર્તતા યોગ્ય જીવો સન્માર્ગની પ્રાપ્તિ દ્વારા સર્વ પ્રકારના કલ્યાણની પરંપરાને પ્રાપ્ત કરે છે, તેથી તીર્થંકરના જીવો જગતના જીવોને દેશના દ્વારા મહાન ઉપકારને કરનારા છે. **॥૪૨૬॥**

**અવતરણિકા :-**

**अत्रैव मतान्तराण्याह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=અધ્યાત્માદિ યોગના સેવનથી અતીન્દ્રિય વિષયોનું જ્ઞાન થાય છે એમ પૂર્વમાં કહ્યું એમાં જ, મતાંતરોને કહે છે –**

**શ્લોક :-**

**केचित्तु योगिनोऽप्येतदित्थं नेच्छन्ति केवलम् ।**
**अन्ये तु मुक्त्यवस्थायां, सहकारिवियोगतः ।।४२७।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, केचित्=કેટલાક=જૈમિની દર્શનવાળા, योगिनोऽपि=યોગીને પણ=અધ્યાત્માદિ યોગ સેવનારા મહાત્માને પણ, इत्थं एतद् केवलं=આ પ્રકારનું આ કેવલ=પૂર્વમાં વર્ણન કર્યું એવું અતીન્દ્રિય અર્થના વિષયનો બોધ કરાવનાર કેવલજ્ઞાન, इच्छन्ति न=ઇચ્છતા નથી, तु=વળી, अन्ये=અન્ય=સાંખ્યદર્શનકારો, मुक्त्यवस्थायां=મુક્તિઅવસ્થામાં કેવલજ્ઞાન ઇચ્છતા નથી, सहकारिवियोगतः=કેમ કે સહકારીનો વિયોગ છે. ।।૪૨૭।।**

**શ્લોકાર્થ :-**

**વળી કેટલાક યોગીને પણ આ પ્રકારનું આ કેવલ ઇચ્છતા નથી, વળી અન્ય મુક્તિઅવસ્થામાં કેવલજ્ઞાન ઇચ્છતા નથી; કેમ કે સહકારીનો વિયોગ છે. ।।૪૨૭।।**

**ટીકા :-**

**केचित्तु=जैमिनीयाः, योगिनोऽप्यध्यात्मादियोगभेदवतो जीवस्य किं पुनस्तदन्यरूपस्येत्यपिशब्दार्थः एतत्=प्रागुद्दिष्टं, इत्थमतीन्द्रियार्थविषयतया नेच्छन्ति केवलं-केवलज्ञानम्, तथा च ते पठन्ति –**

'अतीन्द्रियाणामर्थानां, साक्षाद् द्रष्टा न विद्यते ।

वचनेन हि नित्येन, यः पश्यति स पश्यति' ।।१।।

**अन्ये तु= सांख्याः, मुक्त्यवस्थायां केवलं नेच्छन्ति, कुत इत्याह – सहकारिणो मनोलक्षणस्य, प्रकृतेर्विघटनेन वियोगतो=विसंयोगात्, एतच्च मतद्वयं यथाफल्गु तथोपरिष्टाद्वक्ष्यते इति ।।४२७।।**

**ટીકાર્થ :-**

**केचित्तु ..... तथोपरिष्टाद्वक्ष्यते इति ।। વળી કેટલાક=જૈમિની દર્શનવાળા, અધ્યાત્માદિ યોગના ભેદવાળા જીવરૂપ યોગીને પણ આવા પ્રકારના અતીન્દ્રિય અર્થના વિષયપણાથી આ=પૂર્વમાં કહેલા, કેવલજ્ઞાનને ઈચ્છતા નથી, અને તે પ્રમાણે=યોગીઓને અતીન્દ્રિય અર્થના વિષયોનું જ્ઞાન નથી તે પ્રમાણે, તેઓ કહે છે –** "અતીન્દ્રિય અર્થનો સાક્ષાદ્ દ્રષ્ટા કોઈ વિદ્યમાન નથી, हि=જે કારણથી, નિત્ય એવા વચનથી=અપૌરુષેય એવા વેદવચનથી, જે જુએ છે=યજ્ઞથી સ્વર્ગની પ્રાપ્તિ થાય છે ઇત્યાદિ અતીન્દ્રિય અર્થોને જે જુએ છે તે જુએ છે=અતીન્દ્રિય અર્થોને જોનાર છે."

**વળી અન્ય=સાંખ્ય દર્શનવાળા, મુક્તિઅવસ્થામાં કેવળજ્ઞાનને ઈચ્છતા નથી, કેમ ઈચ્છતા નથી ? એથી કહે છે – પ્રકૃતિના વિઘટનને કારણે મનસ્વરૂપ સહકારીનો વિયોગ હોવાથી=વિસંયોગ હોવાથી, મુક્તિઅવસ્થામાં કેવલજ્ઞાન નથી એમ સાંખ્યદર્શનકારો કહે છે અને આ બન્ને મત=જૈમિનીનો અને સાંખ્યદર્શનકારોનો મત, જે પ્રમાણે ફલ્ગુ છે=નિરર્થક છે, તે પ્રમાણે ઉપર=આગળ, કહેવાશે. શું વળી તેનાથી અન્ય રૂપવાળાને=અધ્યાત્માદિ યોગભેદવાળા પુરુષથી અન્ય એવા સામાન્ય જીવને ? એ પ્રકારે 'योगिनोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૨૭॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શાસ્ત્ર વચન અને યુક્તિ અનુસાર સ્થાપન કર્યું કે આત્માની વૃત્તિઓનો નાશ થાય છે ત્યારે તે મહાત્મા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને તે કેવળજ્ઞાન સાક્ષાત્ અતીન્દ્રિય અર્થને જોનાર છે તે કથનના વિષયમાં જૈમિની મતવાળા કહે છે કે જે મહાત્માઓ અધ્યાત્માદિ યોગોને સેવે છે તેઓને પણ અતીન્દ્રિય અર્થના વિષયને કહેનારું કેવલજ્ઞાન થતું નથી; કેમ કે જગતમાં ઇન્દ્રિયોથી જ અર્થોનું ગ્રહણ સાક્ષાત્ દેખાય છે અને અતીન્દ્રિય અર્થોને સાક્ષાત્ જોનાર કોઈ પુરુષ વિદ્યમાન નથી, ફક્ત નિત્ય એવાં વેદવચનો વિદ્યમાન

છે અને તે વેદવચનો સ્વર્ગની કામનાથી યજ્ઞને કહેનારાં ઉપલબ્ધ છે, તેનાથી નક્કી થાય છે કે યજ્ઞના સેવનથી જે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે તેને જોનાર કોઈ પુરુષ નથી, વેદવચનથી તેનો નિર્ણય કરીને જેઓ પ્રવૃત્તિ કરે છે તેઓ વેદવચનના બળથી અતીન્દ્રિય અર્થોને યથાર્થ જોનારા છે.

વળી સાંખ્યદર્શનકારો અતીન્દ્રિય અર્થનું જ્ઞાન યોગીને ઇચ્છે છે, પરંતુ મુક્તિઅવસ્થામાં અતીન્દ્રિય અર્થના બોધને કરાવનારું કેવલજ્ઞાન ઇચ્છતા નથી, કેમ મુક્તિઅવસ્થામાં કેવલજ્ઞાન નથી તેમાં સાંખ્યદર્શનકાર યુક્તિ આપે છે કે મુક્તિઅવસ્થામાં સહકારીનો અભાવ છે માટે કેવલજ્ઞાન નથી.

આશય એ છે કે સાંખ્યદર્શનના મતાનુસાર પુરુષ અને પ્રકૃતિ એમ બે પદાર્થો છે અને પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે જે સંસારી જીવોના મનસ્વરૂપ છે અને યોગીઓ યોગસાધના કરે છે તેના બળથી તેઓને અતીન્દ્રિય અર્થનું જ્ઞાન થાય તેવી નિર્મળ બુદ્ધિ પ્રગટે છે અને યોગસાધના કરીને પ્રકૃતિથી મુક્ત થાય છે ત્યારે તે મહાત્માને પ્રકૃતિનો વિયોગ હોવાને કારણે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ મનનો વિયોગ પ્રાપ્ત થાય છે અને મનના સહકારથી જ સંસારી જીવો જ્ઞાન કરે છે અને યોગીઓ અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન કરે છે અને મુક્તિઅવસ્થામાં પ્રકૃતિના વિયોગને કારણે મનનો વિયોગ પ્રાપ્ત થાય છે, તેથી અતીન્દ્રિય અર્થના વિષયવાળું કેવલજ્ઞાન મુક્તિઅવસ્થામાં નથી.

આ પ્રકારે કેવલજ્ઞાનના વિષયમાં ગ્રંથકારશ્રીએ અન્યદર્શનના બે મતો બતાવ્યા, તે બન્ને મતો સમ્યગ્ નથી, તે પ્રકારે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવશે, જેનાથી એ સિદ્ધ થાય છે કે અધ્યાત્માદિના સેવનને કારણે અતીન્દ્રિય અર્થોને કહેનારું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેને પ્રાપ્ત કરીને તીર્થંકરો દેશનામાં પ્રવૃત્તિ કરે છે તે દેશનાના બળથી જ અતીન્દ્રિય એવા સ્વર્ગ-મોક્ષાદિ અર્થે યોગમાર્ગની પ્રવૃત્તિ થાય છે માટે તીર્થંકરોથી બતાવાયેલો યોગમાર્ગ પ્રમાણભૂત છે તેમ અર્થથી સિદ્ધ થાય છે; કેમ કે સાક્ષાત્ કેવલજ્ઞાનથી જોઈને તીર્થંકરો વડે ઉપદેશાયેલો તે માર્ગ છે. **॥૪૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૨૭માં જૈમિની મતાનુસાર અને સાંખ્ય મતાનુસાર કેવલજ્ઞાન વિષયક જે કથન કર્યું તે ફલ્ગુ છે એમ ટીકામાં કહ્યું, તેથી હવે તે બન્ને મતો કેમ ફલ્ગુ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**चैतन्यमात्मनो रूपं, न च तज्ज्ञानतः पृथक् ।**
**युक्तितो युज्यतेऽन्ये तु, ततः केवलमाश्रिताः ।।४२८।।**

**અન્વયાર્થ :-**

**चैतन्यं=ચૈતન્ય, आत्मनो रूपं=આત્માનું સ્વરૂપ છે, च=અને, तद्=તે=ચૈતન્ય, ज्ञानतः पृथक्=જ્ઞાનથી પૃથક્, युक्तितः=યુક્તિથી, युज्यते न=ઘટતું નથી, ततः=તેથી=જ્ઞાન અને ચૈતન્યનો અભેદ છે તેથી, अन्ये तु=અન્ય વળી=જૈનો વળી, केवलमाश्रिताः=કેવલજ્ઞાનને આશ્રિત છે=કેવલજ્ઞાનને સ્વીકારનારા છે. ॥૪૨૮॥**

**શ્લોકાર્થ :-**

**ચૈતન્ય આત્માનું સ્વરૂપ છે અને તે જ્ઞાનથી પૃથક્ યુક્તિથી ઘટતું નથી તેથી અન્ય વળી કેવલજ્ઞાનને આશ્રિત છે. ।।૪૨૮।।**

**ટીકા :-**

**चैतन्यमात्मनो रूपं 'चैतन्यं पुरुषस्य' इति वचनप्रामाण्यात्, न च=न पुनः, तच्चैतन्यम्, ज्ञानतो=ज्ञानात्, पृथग्=भिन्नम्, युक्तितः=शुद्धहेतुप्रयोगात्, युज्यते, किं तु ज्ञानमेव, अन्ये तु=जैनाः पुनः, ततो=ज्ञानचैतन्ययोरभेदाद्, घातिकर्मक्षयानन्तरम् केवलं-परिपूर्णज्ञानरूपं संसारावस्थायां मुक्त्यवस्थायां च, आश्रिताः=प्रतिपन्नाः ।।४२८।।**

**ટીકાર્થ :-**

**चैतन्यमात्मनो ..... प्रतिपन्नाः ।। ચૈતન્ય આત્માનું સ્વરૂપ છે; કેમ કે 'પુરુષનું ચૈતન્ય' એ પ્રકારના વચનનું પ્રમાણપણું છે અને વળી તે ચૈતન્ય જ્ઞાનથી પૃથક્=ભિન્ન, યુક્તિથી=શુદ્ધ હેતુના પ્રયોગથી, ઘટતું નથી, પરંતુ જ્ઞાન જ ચૈતન્યરૂપ ઘટે છે, તેથી=જ્ઞાન અને ચૈતન્યનો અભેદ હોવાથી, અન્ય વળી=જૈનો વળી, ઘાતિકર્મના ક્ષય પછી પરિપૂર્ણ જ્ઞાનરૂપ કેવલ સંસારઅવસ્થામાં અને મુક્તિઅવસ્થામાં આશ્રય કરનારા છે=સ્વીકારનારા છે. ।।૪૨૮।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને પોતાનો આત્મા ચૈતન્યરૂપ પ્રતીત થાય છે તે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ જ છે, તેનાથી અતિરિક્ત ચૈતન્ય નથી, વળી 'પુરુષનું ચૈતન્ય' એ પ્રકારનું આગમવચન પણ આત્માના જ્ઞાનને જ ચૈતન્ય શબ્દથી કહે છે, તેથી અનુભવ અનુસાર અને શાસ્ત્રવચન અનુસાર વિચારણા કરવામાં આવે તો જ્ઞાનથી પૃથક્ ચૈતન્ય ઘટતું નથી, માટે જડપદાર્થોમાં જ્ઞાનનો અભાવ છે અને પુરુષમાં જે ચૈતન્યની પ્રતીતિ છે તે જ્ઞાનસ્વરૂપ છે અને સંસારી જીવોનું જ્ઞાન જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી ઘણું આવૃત્ત છે અને જેટલું અનાવૃત્ત છે તેટલું ચૈતન્ય બોધ સ્વરૂપ પ્રતીત થાય છે, આથી જે મહાત્માઓ જ્ઞાનાવરણીય આદિ કર્મોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરીને બંધનાં કારણોનું યથાર્થ જ્ઞાન કરીને અને તેના ઉચ્છેદના કારણોનું યથાર્થ જ્ઞાન કરીને બંધનાં કારણોથી નિવૃત્ત થઈને જ્ઞાનાવરણીય આદિના ઉચ્છેદનાં કારણોમાં યત્ન કરે છે તેનાથી સર્વ ઘાતિકર્મનો નાશ થાય છે ત્યારે અનાવૃત્ત થયેલું જ્ઞાન તેઓમાં પ્રગટે છે તે કેવલજ્ઞાન સ્વરૂપ છે અર્થાત્ સંપૂર્ણ જ્ઞેયનું યથાર્થ પ્રકાશન કરનાર છે અને તેવું કેવલજ્ઞાન સંસાર-અવસ્થામાં ચાર ઘાતિકર્મથી રહિત જીવોમાં છે અને સર્વ કર્મોથી રહિત એવા મુક્તિઅવસ્થાવાળા જીવોમાં પણ છે એમ જૈનો સ્વીકારે છે, જે અનુભવથી અને શાસ્ત્રવચનોથી સંગત થાય છે, માટે અતીન્દ્રિય અર્થોનું કોઈને જ્ઞાન નથી તે પ્રકારનો જૈમિની મત ફલ્ગુ છે અને અતીન્દ્રિય અર્થના જ્ઞાનવાળા યોગીઓ છે તેમ સ્વીકારીને મુક્તિઅવસ્થામાં કેવલજ્ઞાન નથી તેમ કહેનાર સાંખ્યદર્શનનો મત પણ ફલ્ગુ છે; કેમ કે સહકારીના બળથી જ્ઞાન થતું નથી, પરંતુ આવરણના અભાવથી સ્વતઃ જ્ઞાન પ્રકાશમાન છે, ફક્ત સંસારી જીવોનું જ્ઞાન ઘણું આવરાયેલું છે,

તેથી ક્ષીણ શક્તિવાળું અલ્પજ્ઞાન મનરૂપ સહકારીના બળથી કંઈક વ્યક્ત થાય છે જ્યારે અનાવૃત્ત જ્ઞાનમાં બોધ કરવા માટે સહકારીની આવશ્યકતા નથી, માટે સાંખ્યદર્શનનો મત પણ ફલ્ગુ છે. **॥૪૨૮॥**

**અવતરણિકા :-**

**अथैतत्फलमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આના ફલને=ઘાતિકર્મના ક્ષય પછી સંસારઅવસ્થામાં પરિપૂર્ણ જ્ઞાનરૂપ કેવલજ્ઞાન થાય છે એમ જૈનો માને છે એ પ્રમાણે પૂર્વશ્લોકમાં કહ્યું એના ફલને, કહે છે –**

**શ્લોક :-**

**अस्मादतीन्द्रियज्ञप्तिस्ततः सद्देशनागमः ।**
**नान्यथा छिन्नमूलत्वादेतदन्यत्र दर्शितम् ।।४२९।।**

**અન્વયાર્થ :-**

**अस्माद्=આનાથી=કેવલજ્ઞાનથી, अतीन्द्रियज्ञप्तिः=અતીન્દ્રિય પદાર્થની જ્ઞપ્તિ છે, ततः=ત્યારપછી, सद्देशनागमः=સદ્દેશનારૂપ આગમ છે, अन्यथा न=અન્યથા નથી=કેવલીની દેશના વગર આગમ નથી, छिन्नमूलत्वाद्=કેમ કે છિન્નમૂલપણું છે=સાક્ષાત્ દર્શી પુરુષરૂપ મૂળવાળું આગમ નથી, एतद्=એ=કેવલીની દેશના વગર આગમ નથી એ, अन्यत्र=અન્ય ગ્રંથોમાં, दर्शितम्=બતાવેલું છે. ।।૪૨૯।।**

**શ્લોકાર્થ :-**

**આનાથી અતીન્દ્રિય પદાર્થોની જ્ઞપ્તિ છે, ત્યારપછી સદ્દેશનારૂપ આગમ છે, અન્યથા નથી; કેમ કે છિન્નમૂલપણું છે, એ અન્ય ગ્રંથોમાં બતાવેલું છે. ।।૪૨૯।।**

**ટીકા :-**

**अस्मात्=केवलात्, अतीन्द्रियज्ञप्तिः=स्वर्गापवर्गादीन्द्रियविषयातिगतभावज्ञानं सम्पद्यते, ततो=अनन्तरम्, सती कषच्छेदतापशुद्धा या देशना वस्तुप्रज्ञापनामातृकापदत्रयोद्‌घाटरूपा, ततोऽप्यागमोऽङ्गानङ्गादिभेदः प्रवर्तते अथवा सद्देशनैवागम इति समासः । अत्रैव विपक्षे बाधामाह न=नैव, अन्यथा=केवलिदेशनामन्तरेणागमः, कुत इत्याह – छिन्नमूलत्वात्=छिन्नं त्रुटितं मूलमागमार्थ-साक्षाद्दर्शिपुरुषलक्षणं यस्य स तथा तद्भावस्तत्त्वं तस्मात्, यथा हि स्वातन्त्र्येणातिद्राघीयस्यापि जात्यन्धपरंपरया हस्त्यादिसंस्थानलक्षणोऽर्थः प्रज्ञाप्यमानो न सत्यरूपतां प्रतिपद्यते, तथा सर्वज्ञप्रणेतृक आगमोऽप्यर्वाग्दर्शिपरम्पराप्रज्ञापनापन्नो योजनीय इति, एतद्=आगमान्यथानुपपन्नत्वं, अन्यत्र= शास्त्रवार्त्तासमुच्चयादौ, विस्तरेण दर्शितमिति ।।४२९।।**

**ટીકાર્થ :-**

**अस्मात् ..... दर्शितमिति ।। આનાથી=કેવલજ્ઞાનથી, અતીન્દ્રિય પદાર્થની જ્ઞપ્તિ પ્રાપ્ત થાય છે=સ્વર્ગ-મોક્ષ આદિ ઈન્દ્રિયના વિષયોથી અતિગત એવા ભાવોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારપછી સદ્દેશનાથી આગમ પ્રવર્તે છે=કષ-છેદ-તાપશુદ્ધ સુંદર એવી વસ્તુ પ્રજ્ઞાપનારૂપ માતૃકાપદત્રયથી ઉદ્‌ઘાટિત સ્વરૂપવાળી જે દેશના તેનાથી પણ અંગ-અનંગાદિ ભેદવાળું આગમ પ્રવર્તે છે અથવા સદ્દેશના એ જ આગમ એ પ્રકારનો સમાસ કરવો.**

**આમાં જ=અતીન્દ્રિય પદાર્થના જ્ઞાનસ્વરૂપ કેવલજ્ઞાન સ્વીકારના વિષયમાં જ, વિપક્ષ હોતે છતે= કેવલીની દેશનાનો અભાવ હોતે છતે, બાધાને કહે છે –**

**અન્યથા=કેવલીની દેશના વગર આગમ નથી જ, કેમ કેવલીની દેશના વગર આગમ નથી ? એથી હેતુ કહે છે – છિન્નમૂલપણું છે=છિન્ન અર્થાત્ ત્રુટિત આગમાર્થને સાક્ષાત્ જોનારા પુરુષરૂપ મૂળ છે જેને તે તેવું છે અર્થાત્ છિન્નમૂળવાળું છે તેનો ભાવ=છિન્નમૂળવાળાનો ભાવ તેપણું છે અર્થાત્ છિન્નમૂળવાળાપણું છે, જે પ્રમાણે સ્વતંત્રપણાથી અતિદ્રાઘીય પણ પુરુષની જાત્યંધપરંપરાથી હસ્તિ આદિના સંસ્થાનરૂપ અર્થ પ્રજ્ઞાપના કરાતો સત્યરૂપતાને પ્રાપ્ત કરતો નથી તે પ્રમાણે સર્વજ્ઞપ્રણેતૃક એવું આગમ પણ છદ્મસ્થ પરંપરાથી પ્રજ્ઞાપનાને પામેલું સત્યરૂપતાને પ્રાપ્ત કરતું નથી એ પ્રમાણે યોજન કરવું. 'इति' શબ્દ 'यथा हि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. આ=આગમનું અન્યથા અનુપપન્નપણું=કેવલીને સ્વીકાર્યા વગર કષ-છેદ-તાપશુદ્ધ આગમનું અનુપપન્નપણું, અન્યત્ર=શાસ્ત્રવાર્તા સમુચ્ચયાદિમાં, વિસ્તારથી બતાવાયું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૨૯।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨૮માં કહ્યું કે જૈનો પરિપૂર્ણ જ્ઞાનરૂપ કેવળને સ્વીકારે છે, તેથી ઇન્દ્રિયોથી નહિ દેખાતા એવા સ્વર્ગ, મોક્ષ, સ્વર્ગની પ્રાપ્તિના ઉપાયો, મોક્ષની પ્રાપ્તિના ઉપાયો, નરકગમનાદિનાં કારણો વગેરે સર્વ હાથમાં રહેલા પદાર્થની જેમ કેવલી જાણી શકે છે એમ સિદ્ધ થાય છે અને તેવું કેવળજ્ઞાન પ્રગટ્યા પછી જગતના પદાર્થોની વ્યવસ્થાને કહેનાર માતૃકાપદત્રયથી ઉદ્‌ઘાટિત સ્વરૂપવાળી કષ-છેદ-તાપશુદ્ધ એવી કેવલીની દેશના પ્રવર્તે છે અને તેનાથી ગણધરો દ્વારા આગમ નિષ્પન્ન કરાયા છે એ પ્રકારની જૈનશાસનની વ્યવસ્થા સુસંગત થાય છે અને જો એમ કહેવામાં આવે કે અતીન્દ્રિય પદાર્થોને જોનાર કોઈ પુરુષ નથી, તો અતીન્દ્રિય પદાર્થોને કહેનારા એવા કેવલીની દેશના વગર અતીન્દ્રિય પદાર્થોને યથાર્થ કહેનાર આગમ સંગત થાય નહિ; કેમ કે જે કોઈ આગમો છે તે આગમોનું મૂળ અતીન્દ્રિય પદાર્થોને જોનાર સાક્ષાત્ પુરુષ કોઈ નથી, તેથી અતીન્દ્રિય પદાર્થોને જોનાર સાક્ષાત્ પુરુષરૂપ મૂળથી છિન્ન એવું આ આગમ છે તેમ પ્રાપ્ત થાય, તેથી તે પ્રમાણરૂપ બને નહિ, જેમ જાત્યંધ પુરુષોના પૂર્વજોની દીર્ઘપરંપરા હોય તોપણ તેઓ હાથીને સાક્ષાત્ જોનારા નહિ હોવાથી હાથીને કોઈ દોરડા જેવો કહે કે થાંભલા જેવો કહે તો તેનું વચન

સત્યરૂપતાને પામતું નથી, પરંતુ પ્રત્યક્ષ જોનારા પુરુષના વચનના બળથી હાથીના સ્વરૂપને કહેનાર પરંપરા હોય તો તે અંધપરંપરા પણ હાથીના સ્વરૂપને યથાર્થ બતાવી શકે છે; કેમ કે તે અંધપુરુષના કથનનું મૂળ સાક્ષાત્ દ્રષ્ટા પુરુષ છે તેમ સાક્ષાત્ દ્રષ્ટા એવા કેવલીના વચનને અનુસરનાર અંધસ્થાનીય છદ્મસ્થ મહાપુરુષો પણ યથાર્થ કથનને કરી શકે છે, માટે જગતના અતીન્દ્રિય પદાર્થને જોનાર કોઈ પુરુષ નથી તેમ કહેવામાં આવે તો પરલોક અર્થે કરાતી સર્વ પ્રવૃત્તિઓને કહેનાર આગમ પણ અપ્રમાણભૂત ઉપપન્ન થાય, માટે અતીન્દ્રિય પદાર્થને જોનારા કેવલી થયા છે અને તેઓ તીર્થંકર નામકર્મના કારણે દેશનામાં પ્રવર્તે છે, માટે તેમના દ્વારા કહેવાયેલા પદાર્થો કષ-છેદ-તાપશુદ્ધ સુવર્ણ જેવાં યથાર્થ વચનો છે અને તે વચનાનુસાર પરલોક અર્થે હિતની પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરવામાં આવે તો અવશ્ય તે પ્રમાણે સ્વર્ગ-અપવર્ગ આદિ હિતની પ્રાપ્તિ થાય અને દુર્ગતિના પાતરૂપ અહિતથી આત્માનું રક્ષણ થાય, તેથી સર્વજ્ઞને સ્વીકાર્યા વગર યથાર્થ પદાર્થને કહેનાર આગમ અનુપપન્ન છે એ વસ્તુ ગ્રંથકારશ્રીએ અન્યત્ર શાસ્ત્રવાર્તાસમુચ્ચય આદિમાં વિસ્તારથી બતાવેલ છે અને વિશેષ ચર્ચા પંચવસ્તુમાં પણ છે, તેથી જિજ્ઞાસુએ અમારા લખાણ અનુસાર ત્યાંથી જોવા યત્ન કરવો. **॥૪૨૯॥**

**અવતરણિકા :-**

**આત્માનું જ્ઞાનસ્વરૂપ છે તેના બળથી કેવળજ્ઞાન સિદ્ધ કર્યું અને કેવલજ્ઞાન સ્વીકારીએ તો જ તીર્થંકરોથી પ્રરૂપિત સદ્દેશનારૂપ આગમ પ્રમાણભૂત સિદ્ધ થાય તેમ શ્લોક-૪૨૯માં સ્થાપન કર્યું, હવે લોકઅનુભવ અનુસાર આત્માનો જ્ઞાન સ્વભાવ છે તે સ્થાપન કરે છે, તેથી સંપૂર્ણ અનાવૃત્ત જ્ઞાન કેવલજ્ઞાનરૂપ છે તેમ અનુભવથી સિદ્ધ થાય, તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तथा चेहात्मनो ज्ञत्वे, संविदस्योपपद्यते ।**
**एषा चानुभवात्सिद्धा, प्रतिप्राण्येव देहिनाम् ।।४३०।।**

**અન્વયાર્થ :-**

**तथा च='तथा च' એ શબ્દ પૂર્વોક્ત અર્થના ભાવન માટે છે, इह=અહીં=લોકમાં, आत्मनः ज्ञत्वे=આત્માના જ્ઞપણામાં, अस्य=આનું=આત્માનું, संविद्=સંવેદન, उपपद्यते=ઉપપન્ન થાય છે, च=અને, एष=આ=સંવિત્, देहिनाम्=શરીરધારી જીવોને, प्रतिप्राण्येव=પ્રતિપ્રાણીથી જ=સર્વ જીવોની વ્યાપ્તિથી જ, अनुभवात्=અનુભવથી, सिद्धा=સિદ્ધ છે. ॥૪૩૦॥**

**શ્લોકાર્થ :-**

**'तथा च' એ શબ્દ પૂર્વોક્ત અર્થના ભાવન માટે છે, અહીં આત્માના જ્ઞપણામાં આનું સંવેદન ઉપપન્ન થાય છે અને આ શરીરધારી જીવોને પ્રતિપ્રાણીથી જ અનુભવથી સિદ્ધ છે. ॥૪૩૦॥**

**ટીકા :-**

**'तथा च' इति पूर्वोक्तार्थभावनार्थः, इह=लोके, आत्मनो ज्ञत्वे=चिद्रूपत्वे, संविद्=ज्ञानम्, अस्य=आत्मनः, उपपद्यते, अन्यथा अस्य स्वभावत्वे स्वव्यतिरिक्तज्ञानयोगेऽपि प्रदीपहस्तान्धवन्न किञ्चिदयमात्मा जानीयादिति, न च वक्तव्यं 'संविदेवास्य न भविष्यति' इत्याह – एषा च=संविद् बाह्याभ्यन्तरार्थविषयाणां पुनः, अनुभवात्सिद्धा=संवेदनात्प्रतिष्ठिता, कथमित्याह – प्रतिप्राण्येव=सर्वजीवव्याप्त्यैव, देहिनां=जीवानामिति ।।४३०।।**

**ટીકાર્થ :-**

**'तथा च' ..... जीवानामिति ।। 'અને તે રીતે' એ પ્રકારના અર્થને કહેનાર વચન પૂર્વોક્ત અર્થના ભાવન માટે છે=જે રીતે ચૈતન્ય આત્માનું સ્વરૂપ છે તે રીતે આત્માના જ્ઞપણામાં આત્માને સંવિત્ ઘટે છે એ અર્થના ભાવન માટે છે, અહીં=લોકમાં, આત્માના જ્ઞપણામાં=ચિદ્રૂપપણામાં, આની સંવિત્=આત્માનું જ્ઞાન, ઉપપન્ન થાય છે, આનું=આત્માનું અન્યથા સ્વભાવપણું હોતે છતે=આત્માનું જ્ઞાનથી વિપરીત સ્વભાવપણું હોતે છતે, સ્વવ્યતિરિક્ત એવા જ્ઞાનના યોગમાં પણ=આત્માથી ભિન્ન એવા જ્ઞાનના સંયોગમાં પણ, પ્રદીપ હસ્તવાળા આંધળા પુરુષની જેમ આ આત્મા=સંસારમાં દેખાતો એવો આ આત્મા, કંઈ જાણે નહિ. 'इति' શબ્દ શ્લોકના પૂર્વાર્ધના કથનની સમાપ્તિ માટે છે.**

શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરતાં કહે છે –

**અને આને=આત્માને, સંવિત્ જ થશે નહિ એમ ન કહેવું, એથી કહે છે=શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – અને આ=બાહ્ય-અભ્યંતર અર્થના વિષયોની સંવિત્ વળી અનુભવથી સિદ્ધ છે=સંવેદનથી પ્રતિષ્ઠિત છે, કેવી રીતે અનુભવથી પ્રતિષ્ઠિત છે ? એથી કહે છે – પ્રતિપ્રાણી જ=સર્વ જીવોની વ્યાપ્તિથી જ, દેહિઓને=દેહધારી જીવોને, અનુભવથી સિદ્ધ છે એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૩૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨૮માં જૈમિની મત અને સાંખ્યમતનું નિરાકરણ કરતાં સ્થાપન કર્યું કે આત્માનું ચૈતન્ય સ્વરૂપ છે અને તે ચૈતન્ય જ્ઞાનરૂપ જ છે, તેથી જ્ઞાનનાં આવારક કર્મોનો જેમણે ક્ષય કર્યો છે તેઓને પરિપૂર્ણ જ્ઞાન વિદ્યમાન છે એ કથનને જ અનુભવથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

આત્માનું 'જ્ઞ' સ્વભાવપણું સ્વીકારવામાં આવે તો આત્માને સુખની કે દુઃખની કે અન્ય પ્રકારની સંવિત્ થાય છે અર્થાત્ સંવેદન થાય છે તે સંગત થાય છે અને આત્માનો અન્યથા સ્વભાવ સ્વીકાર કરાયે છતે અર્થાત્ આત્માનો જ્ઞાન સ્વભાવ નથી તેમ સ્વીકાર કરાયે છતે અને પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને

તે બુદ્ધિને કારણે આત્માને બોધ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો આત્માને કોઈ પ્રકારનો બોધ થાય નહિ. જેમ આંધળો પુરુષ દીપકને હાથમાં લઈને જોવા પ્રયત્ન કરે તો તે આંધળાને દીપકના બળથી કોઈ વસ્તુનું જ્ઞાન થાય નહિ તેમ આત્માને અજ્ઞ સ્વીકારીએ તો અંધતુલ્ય એવો આત્મા પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ બુદ્ધિરૂપ દીપક સ્થાનીય જ્ઞાનના બળથી કોઈ વસ્તુને જાણી શકે નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે આત્માને સંવેદન નથી એમ અમે સ્વીકારી લઈશું, તે નિરાકરણ કરવા શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

શરીરધારી સર્વ જીવોને અનુભવથી પદાર્થોનું સંવેદન સિદ્ધ છે, તેથી જીવને બાહ્ય અને અભ્યંતર વિષયોનું સંવેદન નથી તેમ કહી શકાય નહિ; કેમ કે દરેક જીવને પ્રત્યક્ષથી બાહ્ય ઘટ-પટાદિનું હું જ્ઞાન કરું છું એ પ્રકારનું સંવેદન છે. અને ક્રોધાદિ કષાયોનું કે સુખદુઃખાદિનું સંવેદન છે, તેથી દૃષ્ટનો અપલાપ કરી શકાય નહિ અને જીવોને સંવેદન છે તેમ સ્વીકારીએ તો તે જ્ઞાનસ્વરૂપ જ છે અને જ્ઞાન આવૃત્ત હોવાથી સંસારી જીવોને કંઈક જ્ઞાન છે, પૂર્ણ જ્ઞાન નથી અને જે યોગીઓ યોગમાર્ગની પ્રવૃત્તિ દ્વારા જ્ઞાનના સર્વ આવરણનો ઉચ્છેદ કરે છે તેઓને પરિપૂર્ણ જ્ઞાન થાય છે તેમ જ સ્વીકારવું ઉચિત છે. **॥૪૩૦॥**

**અવતરણિકા :-**

**ज्ञस्वभावतामेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**જ્ઞ-સ્વભાવતાને જ આશ્રયીને=આત્માનો જ્ઞ-સ્વભાવ છે તેને જ આશ્રયીને, કહે છે –**

**શ્લોક :-**

**अग्नेरुष्णत्वकल्पं तज्ज्ञानमस्य व्यवस्थितम् ।**
**प्रतिबन्धकसामर्थ्यान्न स्वकार्ये प्रवर्तते ।।४३१।।**

**અન્વયાર્થ :-**

**अग्नेरुष्णत्वकल्पं=અગ્નિના ઉષ્ણત્વ જેવું, तद् ज्ञानं=તે જ્ઞાન=ચૈતન્યરૂપ જ્ઞાન, अस्य=આને=આત્માને, व्यवस्थितं=વ્યવસ્થિત છે, प्रतिबन्धकसामर्थ्यात्=પ્રતિબંધકના સામર્થ્યથી=જ્ઞાનાવરણીયકર્મના ઉદયરૂપ પ્રતિબંધકના બળથી, स्वकार्ये=સ્વકાર્યમાં=સંપૂર્ણ જ્ઞેયને જાણવા રૂપ કાર્યમાં, प्रवर्तते न=પ્રવર્તતું નથી. ॥૪૩૧॥**

**શ્લોકાર્થ :-**

**અગ્નિના ઉષ્ણત્વ જેવું તે જ્ઞાન આને વ્યવસ્થિત છે, પ્રતિબંધકના સામર્થ્યથી સ્વકાર્યમાં પ્રવર્તતું નથી. ॥૪૩૧॥**

**ટીકા :-**

**अग्नेरुष्णत्वकल्पं स्वभावभूतमित्यर्थः तत्=चैतन्यापरनामकम् ज्ञानं केवलज्ञानलक्षणम्, अस्य= आत्मनः, व्यवस्थितं=प्रतिष्ठितम्, यदि नामैवं, ततः किं न सर्वार्थविषयं सर्वदा प्रवर्तत इत्याह – प्रतिबन्धकसामर्थ्यात्=ज्ञानावरणोदयलक्षणात्, न स्वकार्ये सर्वार्थपरिच्छेदरूपे प्रवर्तते ।।४३१।।**

**ટીકાર્થ :-**

**अग्नेरुष्णत्वकल्पं ..... प्रवर्तते ।। અગ્નિના ઉષ્ણત્વ જેવું સ્વભાવભૂત તે જ્ઞાન=ચૈતન્ય અપરનામક કેવળજ્ઞાનરૂપ જ્ઞાન, આને=આત્માને, વ્યવસ્થિત છે=પ્રતિષ્ઠિત છે, જો આમ છે=આત્મામાં કેવલજ્ઞાન પ્રતિષ્ઠિત છે એમ છે, તો સર્વ અર્થના વિષયને જાણવા માટે સર્વદા કેમ પ્રવર્તતું નથી ? એથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – પ્રતિબંધકના સામર્થ્યને કારણે=જ્ઞાનાવરણના ઉદયસ્વરૂપ અવરોધક કર્મોને કારણે, સર્વાર્થ પરિચ્છેદરૂપ સ્વકાર્યમાં=જગતના જ્ઞેયમાત્રના બોધ સ્વરૂપ કેવલજ્ઞાનના સ્વકાર્યમાં, પ્રવર્તતું નથી=સંસારી જીવોને શક્તિરૂપે વિદ્યમાન કેવલજ્ઞાન સ્વકાર્ય કરતું નથી. ।।૪૩૧।।**

**ભાવાર્થ :-**

આત્મામાં સંપૂર્ણ જ્ઞેયને જાણવાનો સ્વભાવ છે તે દૃષ્ટાંતથી અનુભવ અનુસાર સ્પષ્ટ કરે છે – જેમ અગ્નિમાં ઉષ્ણપણું સ્વભાવભૂત છે તેમ સંપૂર્ણ જ્ઞેયને જાણવા સમર્થ એવું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન આત્મામાં કેવલજ્ઞાનરૂપે રહેલું છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જગતમાં જે કોઈ જીવો છે તે સર્વ ચૈતન્યસ્વરૂપ છે અને જ્ઞેયનું જ્ઞાન કરવું એ ચૈતન્યનો સ્વભાવ છે, જેમ અગ્નિનો ઉષ્ણ સ્વભાવ છે, એ રીતે સર્વ આત્માઓમાં કેવલજ્ઞાન જીવના સ્વભાવરૂપે પ્રતિષ્ઠિત છે.

અહીં પ્રશ્ન થાય કે કેવલજ્ઞાન જીવનો સ્વભાવ હોય તો સર્વ સંસારી જીવોને હંમેશાં સર્વ જ્ઞેયનું જ્ઞાન થવું જોઈએ, છતાં તે કેમ થતું નથી ? તેથી કહે છે –

સંસારી જીવોમાં જ્ઞાનાવરણીયકર્મનો ઉદય વર્તે છે, તે જ્ઞાનને સ્વકાર્ય કરવામાં અવરોધક બને છે, તેથી જે જીવોને જેટલા અંશમાં જ્ઞાનાવરણીયનો ઉદય છે તેટલા અંશમાં તે જીવમાં વિદ્યમાન પણ જ્ઞાન કાર્ય કરવા સમર્થ બનતું નથી અને જેટલું અવરોધક જ્ઞાનાવરણીયકર્મ દૂર થાય છે તેટલું જ્ઞાન પ્રગટ દેખાય છે, તેથી જ્ઞાનાવરણીયકર્મના ઉચ્છેદના ઉપાયને જાણીને જે યોગીઓ જ્ઞાનાવરણીયકર્મનો ઉચ્છેદ કરે છે તેઓને પરિપૂર્ણ જ્ઞાનરૂપ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ પ્રકારે અનુભવ અનુસાર આત્મામાં અતીન્દ્રિય પદાર્થોને જાણવા માટેના સામર્થ્યવાળું કેવળજ્ઞાન છે તેમ યુક્તિથી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું, તેથી તીર્થંકરના આત્મામાં રહેલું કેવલજ્ઞાન જે પૂર્વમાં આવૃત્ત હતું તેને તેમણે સાધના દ્વારા કેવલજ્ઞાનના આવરણને દૂર કરીને પ્રાપ્ત કર્યું પછી તીર્થની સ્થાપના કરી તેથી તીર્થંકરની સદ્દેશનારૂપ આગમની સંગતિ થાય છે. **।।૪૩૧।।**

**અવતરણિકા :-**

एतदेव व्यतिरेकत आह –

**અવતરણિકાર્થ :-**

આને જ=શ્લોક-૪૩૧માં કહ્યું કે અગ્નિના ઉષ્ણત્વ જેવું આત્માનું કેવલજ્ઞાન છે અને પ્રતિબંધકના સામર્થ્યને કારણે છદ્મસ્થ જીવોનું જ્ઞાન સર્વ જ્ઞેયમાં પ્રવર્તતું નથી એને જ, વ્યતિરેકથી કહે છે –

**શ્લોક :-**

**ज्ञो ज्ञेये कथमज्ञः स्यादसति प्रतिबन्धके ।**
**दाह्येऽग्निर्दाहको न स्यात्, कथमप्रतिबन्धकः ।।४३२।।**

**અન્વયાર્થ :-**

प्रतिबन्धके असति=પ્રતિબંધક અવિદ્યમાન હોતે છતે, ज्ञः=જ્ઞ એવો જીવ, ज्ञेये=જ્ઞેયના વિષયમાં, कथं=કેવી રીતે, अज्ञः स्यात्=અજ્ઞ થાય ? અર્થાત્ અજ્ઞ થાય નહિ, अप्रतिबन्धकः अग्निः=અપ્રતિબંધક એવો અગ્નિ, પ્રતિબંધકની સહાયતા વગરનો અગ્નિ, दाह्ये=દાહ્યમાં, कथं=કેવી રીતે, दाहकः न स्यात्=દાહક ન થાય ? અર્થાત્ અવશ્ય દાહક થાય. ।।૪૩૨।।

**શ્લોકાર્થ :-**

**પ્રતિબંધક અવિધમાન હોતે છતે જ્ઞ એવો જીવ જ્ઞેયના વિષયમાં કેવી રીતે અજ્ઞ થાય ? અર્થાત્ અજ્ઞ થાય નહિ, અપ્રતિબંધક એવો અગ્નિ દાહ્યમાં કેવી રીતે દાહક ન થાય ? અર્થાત્ અવશ્ય દાહક થાય. ।।૪૩૨।।**

**ટીકા :-**

ज्ञो=ज्ञाता स्वभावत एव सन्नात्मा, ज्ञेये जीवादावर्थे कथमज्ञः स्यान्नैवेत्यर्थः असति प्रतिबन्धके ज्ञानावरणाद्युदये सयोगिकेवल्याद्यवस्थायाम्, एतदेव प्रतिवस्तूपमयाह – दाह्ये=दग्धुं शक्ये सति तृणादौ, अग्निर्दाहकः=भस्मावस्थाकारी, न स्यात् कथमप्रतिबन्धकः=अविद्यमानमन्त्रादिस्तम्भः ।।४३२।।

**ટીકાર્થ :-**

ज्ञो=ज्ञाता ..... अविद्यमानमन्त्रादिस्तम्भः ।। જ્ઞ=સ્વભાવથી જ જ્ઞાતા છતો આત્મા, જ્ઞેય એવા જીવાદિ અર્થમાં કેવી રીતે અજ્ઞ થાય ? અર્થાત્ પ્રતિબંધક નહિ હોતે છતે=સયોગી કેવલી આદિ અવસ્થામાં જ્ઞાનાવરણ આદિના ઉદયરૂપ પ્રતિબંધક નહિ હોતે છતે, અજ્ઞ ન જ થાય એ પ્રકારનો અર્થ છે, આને જ=શ્લોકના પૂર્વાર્ધના કથનને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદૃશ દૃષ્ટાંતથી, શ્લોકના ઉત્તરાર્ધથી કહે

**છે – દાહ્યમાં=બાળવા માટે શક્ય એવા તૃણાદિમાં, અપ્રતિબંધક એવો અગ્નિ=અવિદ્યમાન મંત્રાદિસ્તંભવાળો અગ્નિ, દાહક=ભસ્મ અવસ્થાકારી, કેમ ન થાય ? અર્થાત્ અવશ્ય તૃણાદિને ભસ્મ કરે જ. ॥૪૩૨॥**

**ભાવાર્થ :-**

આત્મામાં પૂર્ણ જ્ઞેયનું જ્ઞાન કરવાનો સ્વભાવ છે અને જ્ઞાનાવરણીયકર્મ પ્રતિબંધક છે, તેથી સંસારી જીવોને પૂર્ણ જ્ઞાન થતું નથી, તે દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે. જેમ અગ્નિનો તૃણાદિને બાળવાનો સ્વભાવ છે, તેથી જો પ્રતિબંધક વિદ્યમાન ન હોય તો અગ્નિ અવશ્ય તૃણાદિને બાળીને ભસ્મસાત્ કરે છે, તેમ આત્માના જ્ઞાનનાં આવારક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો ઉદય ન હોય તો જ્ઞાન સ્વભાવવાળા આત્માનું જ્ઞાન અવશ્ય જ્ઞેયનું પ્રકાશન કરે છે, આથી જ સયોગી કેવલી અવસ્થામાં જ્ઞાનાવરણીય આદિ પ્રતિબંધક કર્મોનો અભાવ હોવાને કારણે કેવલીને સર્વ જ્ઞેય વિષયક જ્ઞાન પ્રવર્તે છે. **॥૪૩૨॥**

**અવતરણિકા :-**

**सर्वाण्येव हि ज्ञानानि सन्निहितविषयाण्येव प्रवर्तन्ते यथा चक्षुर्ज्ञानं, ज्ञानं च भवतां केवलं, तथा दृष्टान्ततयोपन्यस्तोऽग्निः सन्निहितदाह्यदाहक एवेति देशविप्रकर्षः एव प्रतिबन्धकः, कथमस्याऽस्मिन्सति सर्वार्थविषयत्वमित्याशङ्क्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**સન્નિહિત વિષયવાળાં જ સર્વ જ જ્ઞાનો પ્રવર્તે છે, જે પ્રમાણે ચક્ષુનું જ્ઞાન સન્નિહિત વિષયમાં જ પ્રવર્તે છે અને તમારું જ્ઞાન કેવલ છે=તમને અભિમત એવું કેવલ એ જ્ઞાન સ્વરૂપ છે અને દૃષ્ટાંતપણાથી ઉપન્યસ્ત એવો અગ્નિ સન્નિહિત દાહ્યનો દાહક જ છે=અસન્નિહિતનો દાહક નથી, સન્નિહિતનો જ દાહક છે એથી દેશનો વિપ્રકર્ષ જ પ્રતિબંધક છે=અગ્નિને બાળવામાં દૂર દેશરૂપ દેશનો વિપ્રકર્ષ જ પ્રતિબંધક છે તેમ જ્ઞેયના દેશનો વિપ્રકર્ષ જ જ્ઞાન થવામાં પ્રતિબંધક છે, કેવી રીતે આને=આત્માને, આ હોતે છતે=જ્ઞેયના દેશનો વિપ્રકર્ષ હોતે છતે, સર્વાર્થ વિષયવાળું થાય ?=જ્ઞાનનું સર્વાર્થ વિષયપણું થઈ શકે નહિ, એ પ્રકારની આશંકા કરીને પરિહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વપક્ષી કહે છે કે ચક્ષુથી સન્મુખ રહેલા પદાર્થનું જ્ઞાન થાય છે તેમ પાસે રહેલા જ જ્ઞેયનું જ્ઞાન થઈ શકે, દૂર રહેલા પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ અને ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું એ કેવલ જ્ઞાન પણ જ્ઞાન છે, તેથી પાસે રહેલા પદાર્થનું જ્ઞાન થઈ શકે, દૂર રહેલી વસ્તુનું જ્ઞાન થાય નહિ, જેમ શ્લોક-૪૩૨માં ગ્રંથકારશ્રીએ અગ્નિનું દૃષ્ટાંત આપ્યું એ દૃષ્ટાંતથી પણ સિદ્ધ થાય કે અગ્નિ પાસે રહેલા તૃણાદિને બાળે છે દૂર રહેલા તૃણાદિને બાળતો નથી, તેથી અગ્નિ સાથે દેશનો વિપ્રકર્ષ તૃણાદિને બાળવા માટે પ્રતિબંધક છે, આથી જ દૂર રહેલાં તૃણાદિ અગ્નિથી બળતાં નથી, તેમ જ્ઞાન કરનાર પુરુષથી દૂર રહેલા ભાવોનું જ્ઞાન

થવામાં ક્ષેત્રનો વિપ્રકર્ષ પ્રતિબંધક છે, તેથી વર્તમાનનાં પોતાનાં કૃત્યોથી નરક મળશે કે સ્વર્ગ મળશે તેવું પ્રત્યક્ષથી કોઈને જ્ઞાન થઈ શકે નહિ, માટે કેવલજ્ઞાનને સર્વાર્થ વિષયવાળું સ્વીકારી શકાય નહિ, આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિવારણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે.

**શ્લોક :-**

**न देशविप्रकर्षोऽस्य, युज्यते प्रतिबन्धकः ।**
**तथानुभवसिद्धत्वादग्नेरिव सुनीतितः ।।४३३।।**

**અન્વયાર્થ :-**

**अस्य=આને=કેવલજ્ઞાનને, देशविप्रकर्षः=દેશનો વિપ્રકર્ષ, प्रतिबन्धकः=પ્રતિબંધક, न युज्यते=ઘટતો નથી, अग्नेरिव सुनीतितः तथानुभवसिद्धत्वाद्=કેમ કે અગ્નિની જેમ સુનીતિથી તે પ્રકારે અનુભવસિદ્ધપણું છે=દૂર ક્ષેત્રમાં રહેલા પદાર્થોનું પણ જ્ઞાન થઈ શકે તે પ્રકારે અનુભવસિદ્ધપણું છે. ।૪૩૩।।**

**શ્લોકાર્થ :-**

**આને દેશનો વિપ્રકર્ષ પ્રતિબંધક ઘટતો નથી; કેમ કે અગ્નિની જેમ સુનીતિથી તે પ્રકારે અનુભવસિદ્ધપણું છે. ।।૪૩૪।।**

**ટીકા :-**

**न=नैव, देशविप्रकर्षः स्वर्गपातालादिरूपः, अस्य=केवलस्य युज्यते, प्रतिबन्धकः, तथानुभवसिद्धत्वाद् यथा देशविप्रकर्षो मेरुमकराकरादिविषयगतो ज्ञानविशेषप्रवृत्तौ प्रतिबन्धको न भवति, तथानुभवस्य स्वसंवेदनरूपस्य सिद्धत्वात्, अग्नेरिव इति वैधर्म्यदृष्टान्तः सुनीतितः=सन्न्यायात्, यथाग्नेर्देशविप्रकर्षः प्रतिबन्धकः, न तथा केवलस्येत्यर्थः ।।४३३।।**

**ટીકાર્થ :-**

**न=नैव ..... केवलस्येत्यर्थः ।। સ્વર્ગ-પાતાલાદિરૂપ દેશનો વિપ્રકર્ષ આનો=કેવલજ્ઞાનનો, પ્રતિબંધક ઘટતો નથી જ; કેમ કે તે પ્રકારે અનુભવસિદ્ધપણું છે,**

તે અનુભવ જ સ્પષ્ટ કરે છે –

**જે પ્રમાણે મેરુ-સમુદ્રાદિ વિષયગત દેશનો વિપ્રકર્ષ જ્ઞાનવિશેષની પ્રવૃત્તિમાં પ્રતિબંધક થતો નથી; કેમ કે સ્વસંવેદનરૂપ તે પ્રકારના અનુભવનું અર્થાત્ દૂર દેશમાં રહેલા મેરુ કે સમુદ્રનું પ્રત્યક્ષથી જ્ઞાન થાય છે તે પ્રકારના અનુભવનું સિદ્ધપણું છે, અગ્નિની જેમ એ વૈધર્મ્ય દૃષ્ટાંત છે, તેથી સુનીતિથી જે પ્રમાણે અગ્નિનો દેશનો વિપ્રકર્ષ પ્રતિબંધક છે=તૃણાદિના દાહમાં પ્રતિબંધક છે, તે પ્રમાણે કેવલને નથી=જ્ઞાનના વિષયભૂત પદાર્થનો વિપ્રકર્ષ કેવલજ્ઞાનથી બોધ થવામાં પ્રતિબંધક નથી એ પ્રકારનો અર્થ છે=વૈધર્મ્ય દૃષ્ટાંતનો અર્થ છે. ।।૪૩૩।।**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં શંકા કરેલ કે પાસે રહેલા પદાર્થનું જ જ્ઞાન થઈ શકે, દૂરવર્તી પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ, માટે દૂરવર્તી પદાર્થોનું જ્ઞાન કેવલજ્ઞાનથી થઈ શકે નહિ તેનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે –

કેવલીના કેવલજ્ઞાનને દૂરવર્તી એવા સ્વર્ગ-પાતાલ આદિ રૂપ પદાર્થોનો જે ક્ષેત્રને આશ્રયીને વિપ્રકર્ષ છે તે બોધ થવામાં પ્રતિબંધક નથી, જેમ વર્તમાનમાં પણ છદ્મસ્થ જીવોને દૂર રહેલો મેરુ કે દૂર રહેલો સમુદ્ર તેને જ્ઞાન થવામાં બાધક બનતો નથી, તે પ્રકારના અનુભવ અનુસાર કેવલીનું જ્ઞાન પણ સુનીતિથી દૂરવર્તી પદાર્થને જાણી શકે છે તેમ સ્વીકારવું જોઈએ તેમાં અગ્નિનું વૈધર્મ્ય દૃષ્ટાંત બતાવે છે. જેમ અગ્નિ સળગતો હોય તે દૂર દેશમાં રહેલા તણખલા આદિને બાળવા સમર્થ થતો નથી, પરંતુ અગ્નિના દેશમાં રહેલા જ તણખલા આદિને બાળે છે, તેથી દાહ્ય વસ્તુનું અગ્નિ સાથે દેશથી અંતર હોય તે અંતર દાહ્યને બાળવામાં પ્રતિબંધક છે તેવું જ્ઞાનના વિષયમાં નથી, આથી જ કંઈક અંશથી દૂર રહેલો સમુદ્ર ચક્ષુના જ્ઞાનનો વિષય બને છે તેમ અતિ દૂર એવા સ્વર્ગ અને પાતાલ પણ કેવલજ્ઞાનનો વિષય થઈ શકે છે, માટે કેવલજ્ઞાનને સર્વ જ્ઞેયના વિષયવાળું સ્વીકારવામાં કોઈ બાધ નથી. ॥૪૩૩॥

**અવતરણિકા :-**

**तर्हि कथमनयोर्दृष्टान्तदार्ष्टान्तिकभाव इत्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**તો પછી કેવી રીતે આ બેનો=કેવલજ્ઞાનનો અને અગ્નિનો, દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ છે ?=શ્લોક-૪૩૨માં આપેલો દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**શ્લોક :-**

**अंशतस्त्वेष दृष्टान्तो, धर्ममात्रत्वदशकः ।**
**अदाह्याऽदहनाद्येवमत एव न बाधकम् ।।४३४।।**

**અન્વયાર્થ :-**

**धर्ममात्रत्वदर्शकः=ધર્મમાત્રત્વનો દર્શક, अंशतस्तु=અંશથી જ, एष=આ, दृष्टान्तः=દૃષ્ટાંત છે=અગ્નિનું દૃષ્ટાંત છે, एवं=એ રીતે=ધર્મમાત્રત્વનો દૃષ્ટાંત છે એ રીતે, अत एव=આનાથી જ=અંશના દૃષ્ટાંતથી જ, अदाह्याऽदहनादि न बाधकम्=અદાહ્યનું અદહનાદિ બાધક નથી અર્થાત્ કેવલજ્ઞાનને સર્વ જ્ઞેયના વિષયરૂપે સ્વીકારવામાં બાધક નથી. ।।૪૩૪।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મમાત્રત્વનો દર્શક અંશથી જ આ દૃષ્ટાંત છે, એ રીતે આનાથી જ અદાહ્યનું અદહનાદિ બાધક નથી. ।।૪૩૪।।**

**ટીકા :-**

**अंशतस्तु=देशादेव, एषोऽग्नेर्दाहकत्वलक्षणो दृष्टान्तः कीदृश इत्याह – धर्ममात्रत्वदर्शकः= यथाऽग्नेर्दाहकत्वं स्वलक्षणं तथाऽऽत्मनो ज्ञानमिति ख्यापकः, न पुनः साधर्म्यात्, ततः किं सिद्धमित्याह- अदाह्यस्य वंशीमूलादेरदहनादि=अदहनं आदिशब्दाद्विप्रकृष्टादहनं च, एवं=धर्ममात्रत्वदर्शने सिद्धे सति, अत एव=अंशतो दृष्टान्तात् न बाधकं केवलस्यासर्वार्थविषयत्वख्यापनेन नैव क्षतिकारि ।।४३४।।**

**ટીકાર્થ :-**

**अंशतस्तु ..... क्षतिकारि ।। અંશથી જ=દેશથી જ, અગ્નિના દાહકત્વરૂપ આ દૃષ્ટાંત છે, કેવા પ્રકારનો દૃષ્ટાંત છે ? એથી કહે છે – ધર્મમાત્રત્વનો દર્શક આ દૃષ્ટાંત છે=જે પ્રમાણે અગ્નિનું દાહકપણું સ્વ સ્વરૂપ છે તે પ્રમાણે આત્માનું જ્ઞાન સ્વ સ્વરૂપ છે એ ખ્યાપક દૃષ્ટાંત છે, પરંતુ સાધર્મ્યથી દૃષ્ટાંત નથી, તેથી શું સિદ્ધ થયું ? એથી કહે છે – અદાહ્ય એવા વંશીમૂલાદિના અદહનાદિ બાધક નથી એમ અન્વય છે, અને 'अदहनादि'માં 'आदि' શબ્દથી વિપ્રકૃષ્ટનું અદહન ગ્રહણ કરવું.**

કઈ રીતે અદાહ્યનું અદહનાદિ બાધક નથી ? એથી કહે છે –

**આ રીતે=શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ રીતે, ધર્મમાત્રત્વનું દર્શન સિદ્ધ થયે છતે=દૃષ્ટાંતમાં ધર્મમાત્રત્વનું દર્શન છે એ પ્રકારે સિદ્ધ થયે છતે, આનાથી જ=અંશરૂપ દૃષ્ટાંતથી જ, બાધક નથી=અદાહ્યના અદહનાદિ બાધક નથી=કેવલજ્ઞાનના અસર્વાર્થવિષયત્વના ખ્યાપનથી ક્ષતિકારી નથી જ. ।।૪૩૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૩૨માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અગ્નિનો પ્રતિબંધક વિદ્યમાન ન હોય તો જેમ અગ્નિ દાહ્યનો દાહક છે તેમ જ્ઞાનાવરણીય આદિ પ્રતિબંધક વિદ્યમાન ન હોય તો જ્ઞાન જ્ઞેયનું પ્રકાશન કરે છે. ત્યારપછી શ્લોક-૪૩૩માં અગ્નિનું દૃષ્ટાંત વ્યતિરેકથી બતાવ્યું અર્થાત્ જેમ અગ્નિ દૂર દેશમાં રહેલા દાહ્યને બાળતો નથી, તેથી દાહ્યનો દૂર દેશ અગ્નિની દહનક્રિયા પ્રત્યે પ્રતિબંધક છે તેમ કેવલજ્ઞાનમાં જ્ઞેયનો દૂર દેશ જ્ઞાન થવામાં પ્રતિબંધક નથી, તેથી જિજ્ઞાસા થાય કે શ્લોક-૪૩૨માં અગ્નિનું દૃષ્ટાંત કઈ અપેક્ષાએ આપેલ છે તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે – ધર્મમાત્રત્વના દર્શક અંશથી અગ્નિનું દૃષ્ટાંત છે.

તેથી એ પ્રાપ્ત થાય કે અગ્નિનો દાહક સ્વભાવ છે તેમ આત્માનો જ્ઞાન સ્વભાવ છે અને અગ્નિનો દાહક સ્વભાવ હોવા છતાં પ્રતિબંધક હોય તો અગ્નિ દાહ્યને બાળતો નથી અને પ્રતિબંધક ન હોય તો અગ્નિ દાહ્યને બાળે છે તેમ આત્માનો જ્ઞેયનો બોધ કરવાનો સ્વભાવ છે અને પ્રતિબંધક જ્ઞાનાવરણીયકર્મ હોય તો તેટલા અંશમાં જ્ઞાન થઈ શકે નહિ અને પ્રતિબંધક જ્ઞાનાવરણીયકર્મ ન હોય તો જ્ઞાન જ્ઞેયમાત્રનું પ્રકાશન કરે છે આટલા અંશમાં જ અગ્નિનું દૃષ્ટાંત છે, પરંતુ અગ્નિની સાથે જ્ઞાનનું સર્વથા સાધર્મ્ય નથી, આથી અગ્નિ અદાહ્ય એવા વંશીમૂલાદિને બાળતો નથી અને દૂર રહેલા પદાર્થને પણ બાળતો નથી એ અંશને ગ્રહણ કરીને અગ્નિનું દૃષ્ટાંત કેવળજ્ઞાનને અસર્વાર્થવિષયત્વ ખ્યાપન કરવા માટે સમર્થ બનતું નથી; કેમ

કે શ્લોક-૪૩૨માં આપેલ દૃષ્ટાંત સર્વથા સાધર્મ્યથી હોય તો જેમ અગ્નિ સર્વ પદાર્થોને બાળતો નથી તેમ કેવળજ્ઞાન પણ સર્વ જ્ઞેયનું જ્ઞાન કરતું નથી તેમ સ્વીકારવાની આપત્તિ આવે, પરંતુ અગ્નિમાં અને જ્ઞાનમાં સર્વથા સાધર્મ્ય નથી, ફક્ત અગ્નિનો દાહક સ્વભાવ છે અને આત્માનો જ્ઞાન સ્વભાવ છે એટલાને જ ખ્યાપન કરવા દૃષ્ટાંત છે, આથી જ શ્લોક-૪૩૩માં અગ્નિનું વૈધર્મ્ય દૃષ્ટાંત આપેલ છે. **॥૪૩૪॥**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुतं सर्वज्ञत्वमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુત સર્વજ્ઞપણું જ ભાવન કરે છે=યુક્તિથી સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सर्वत्र सर्वसामान्यज्ञानाज्ज्ञेयत्वसिद्धितः ।**
**तस्याखिलविशेषेषु, तदेतन्न्यायसङ्गतम् ।।४३५।।**

**અન્વયાર્થ :-**

**सर्वसामान्यज्ञानात्=સર્વ જીવોને સામાન્યનું જ્ઞાન હોવાને કારણે, सर्वत्र=સર્વત્ર=દૂર-આસન્ન આદિ સર્વ વિષયોમાં, ज्ञेयत्वसिद्धितः=જ્ઞેયત્વની સિદ્ધિ હોવાથી, तस्य=તેનું=આત્માનું, अखिलविशेषेषु=અખિલ-વિશેષોમાં=અતીત-અનાગત આદિ ભેદવાળા સર્વ વિશેષોમાં, तदेतद्=તે આ=પ્રકૃત એવું કેવલજ્ઞાન, न्यायसङ्गतम्=ન્યાયસંગત છે. ।।૪૩૫।।**

**શ્લોકાર્થ :-**

**સર્વ જીવોને સામાન્યનું જ્ઞાન હોવાને કારણે સર્વત્ર જ્ઞેયત્વની સિદ્ધિ હોવાથી તેનું અખિલ-વિશેષોમાં તે આ ન્યાયસંગત છે. ।।૪૩૫।।**

**ટીકા :-**

**सर्वत्र=विषये दूरासन्नादिभेदभिन्ने, सर्वसामान्यं=सर्वस्य साधारणं, यत्सत्त्वादि तस्य ज्ञानाद्=अवबोधात्, ज्ञेयत्वसिद्धितो=ज्ञेयभावसिद्धेः, एकस्मिन्नपि ह्युत्पादव्ययध्रौव्यरूपेण सत्त्वेन विशिष्टे घटादावर्थे परिज्ञाते सत्यन्यस्यापि तद्रूपतानतिक्रमात्परिज्ञानं कथञ्चिदुपपन्नमेवेति, किमित्याह – तस्य=आत्मनः, प्रतिबन्धकाभावे अखिलविशेषेषु=अतीतानागतादिभेदेषु, तदेतत्=प्रकृतमेव केवलज्ञानं, न्यायसङ्गतं= उपपन्नमिति, यतो 'यो यः सामान्यज्ञानविषयोऽर्थः स स कस्यचित्प्रत्यक्षो भवति, यथा धूमादनुमीयमानोऽग्निः, सामान्यज्ञानविषयाश्च सर्वे भावाः तस्मात्ते कस्यचित्प्रत्यक्षा अपि स्युरिति' ।।४३५।।**

**ટીકાર્થ :-**

**सर्वत्र ..... स्युरिति ।। સર્વ સામાન્ય=સર્વ જીવોને સાધારણ, જે સત્ત્વાદિ તેના જ્ઞાનને કારણે સર્વત્ર=દૂર-આસન્ન આદિ ભેદથી ભિન્ન સર્વ વિષયોમાં, જ્ઞેયત્વની સિદ્ધિ હોવાથી=જ્ઞેય ભાવની સિદ્ધિ હોવાથી, શું એથી કહે છે – એમ આગળ અન્વય છે, પ્રતિબંધકનો અભાવ હોતે છતે તેને=આત્માને, અખિલવિશેષોમાં=અતીત-અનાગત આદિ ભેદોવાળા સર્વ વિશેષોમાં, તે આ=પ્રકૃત એવું કેવલજ્ઞાન, ન્યાયસંગત છે=ઉપપન્ન છે, વળી ન્યાયસંગતનો અર્થ ઉપપન્ન છે એમ કર્યા પછી 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

સર્વ પદાર્થોમાં જ્ઞેયત્વની સિદ્ધિ કેમ છે તે યુક્તિથી બતાવે છે –

**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્ત્વથી વિશિષ્ટ એક પણ ઘટાદિ અર્થ પરિજ્ઞાત થયે છતે અન્યનું પણ=જ્ઞાનના વિષયભૂત પદાર્થથી અન્યનું પણ, તદ્રૂપતાનો અનતિક્રમ હોવાથી=ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્ત્વરૂપતાનો અનતિક્રમ હોવાથી, પરિજ્ઞાન કથંચિદ્ ઉપપન્ન જ છે, 'इति' શબ્દ જ્ઞેયભાવની સિદ્ધિની યુક્તિની સમાપ્તિ માટે છે, (માટે દૂર-આસન્ન આદિ ભેદવાળા સર્વ વિષયોમાં જ્ઞેયભાવની સિદ્ધિ છે એમ અન્વય છે.)**

કેમ અખિલ વિષયોમાં કેવલજ્ઞાન ન્યાયસંગત છે તે યુક્તિથી બતાવે છે –

**જે કારણથી - જે જે સામાન્ય જ્ઞાનના વિષયવાળો અર્થ છે તે તે કોઈકને પ્રત્યક્ષ થાય છે, જે પ્રમાણે ધૂમથી અનુમાન કરાતો અગ્નિ (કોઈકના સામાન્યનો વિષય થાય છે તે કોઈકને પ્રત્યક્ષ થાય છે) અને સામાન્ય જ્ઞાનના વિષયો સર્વ ભાવો છે=છદ્મસ્થ દ્વારા કરાતા જ્ઞાનથી સામાન્ય જ્ઞાનના વિષયો સર્વ ભાવો છે, તેથી તે=જગત્વર્તી સર્વ ભાવો કોઈકને પ્રત્યક્ષ પણ થાય=અનાવૃત્ત જ્ઞાનવાળા મહાત્માને પ્રત્યક્ષ પણ થાય, 'इति' શબ્દ 'यतः'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૪૩૫॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થ જીવો કોઈપણ પદાર્થનું જ્ઞાન કરે છે તે વખતે સત્ સ્વરૂપે સામાન્યથી બધા પદાર્થનું જ્ઞાન થાય છે અને તે સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે; કેમ કે "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્" એ પ્રમાણે સત્નું લક્ષણ છે અને તે સત્નું જ્ઞાન પુરોવર્તી દેખાતા પદાર્થમાત્રમાં નથી, પરંતુ સર્વ જ્ઞેયમાં તે સત્ સામાન્ય છે, તેથી સત્ત્વરૂપે તે સર્વ પદાર્થોનું જ્ઞાન તે પુરુષને થાય છે, જેમ કોઈ વ્યક્તિને પુરોવર્તી રહેલા ઘટનું જ્ઞાન થાય છે તે વખતે ઘટત્વેન સર્વ ઘટનું જ્ઞાન તેને થાય છે, આથી જ ભવિષ્યમાં થનારા ઘટને પણ તે ઘટરૂપે જાણી શકે છે, તેથી બોધ કરનારા સર્વ જીવોને સત્ત્વ સ્વરૂપે વસ્તુનો બોધ થાય છે તે સત્ત્વનો વિષય સર્વ પદાર્થો સાધારણ એવું સત્ત્વ છે, તેથી સર્વ પદાર્થમાં રહેલા સત્ત્વનો તેને બોધ થાય છે, તેથી દૂર-આસન્ન એવી વર્તમાનની વસ્તુ કે ભૂતકાળની વસ્તુ કે ભવિષ્યકાળની વસ્તુ તે સર્વ વસ્તુઓમાં જ્ઞેયત્વની સિદ્ધિ થાય છે; કેમ કે સત્ત્વસ્વરૂપે તે સર્વનો બોધ વર્તમાનમાં બોધ કરનારા સર્વ જીવોને પ્રત્યક્ષ સિદ્ધ છે, તેથી જે જે વસ્તુમાં જ્ઞેય ભાવ છે તે સર્વ વસ્તુઓનો પ્રત્યક્ષથી બોધ કરનાર કોઈક વ્યક્તિ છે. સર્વ વસ્તુઓનો પ્રત્યક્ષથી

બોધ કોને થાય છે તે સ્પષ્ટ કરે છે. જેને બોધ કરવામાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો અભાવ છે, તે જીવોને સર્વ જ્ઞેય વસ્તુઓનો પ્રત્યક્ષથી બોધ છે. તેથી અતીત-અનાગત અને વર્તમાનના દૂરવર્તી કે આસન્નવર્તી સર્વ વિશેષોનું જ્ઞાન કરનારું કેવલજ્ઞાન તે જીવમાં ન્યાયથી ઘટે છે, કઈ રીતે સર્વજ્ઞેયનું જ્ઞાન કેવલીને ઘટે છે તે અનુમાનથી સ્પષ્ટ કરે છે. જેમ જે જે સામાન્ય જ્ઞાનનો વિષય છે તે તે કોઈકને પ્રત્યક્ષનો વિષય બને છે, જે રીતે ધૂમને જોઈને અનુમાન કરનારને અગ્નિ સામાન્ય જ્ઞાનનો વિષય બને છે અને અગ્નિના સ્થાનમાં રહેલા પુરુષને તે અગ્નિ પ્રત્યક્ષનો વિષય બને છે અર્થાત્ વિશેષરૂપે જ્ઞાનનો વિષય બને છે તેમ સંસારી સર્વ જીવોને સત્ત્વરૂપે જ્ઞાનના વિષયરૂપ સર્વ ભાવો છે, તેથી સત્ત્વરૂપે જગતના ભૂત-ભાવિ અને વર્તમાનના અને દૂર-આસન્ન એવા સર્વ ભાવો સર્વ જીવોના જ્ઞાનનો વિષય બને છે અને વિશેષ આવરણ હોવાને કારણે સંસારી જીવોને પ્રત્યક્ષનો વિષય તે સર્વ ભાવો બનતા નથી, છતાં તે સર્વ ભાવો કોઈકના પ્રત્યક્ષના વિષયો છે; કેમ કે કેવલીમાં વિશેષ બોધના આવારક એવા જ્ઞાનાવરણીય આદિ કર્મનો અભાવ છે, તેથી કેવલીને તે સર્વ ભાવો પ્રત્યક્ષના વિષય છે. **॥૪૩૫॥**

**અવતરણિકા :-**

**पुनरपीदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ આને જ=સર્વજ્ઞત્વને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**सामान्यवद्विशेषाणां, स्वभावो ज्ञेयभावतः ।**
**ज्ञायते स च साक्षात्त्वाद् विना विज्ञायते कथम् ।।४३६।।**

**અન્વયાર્થ :-**

**सामान्यवत्=સામાન્યની જેમ=સત્ત્વરૂપે સામાન્યનો બોધ સર્વ જીવોને થાય છે તેની જેમ, विशेषाणां स्वभावः=વિશેષોનો સ્વભાવ, ज्ञेयभावतः=જ્ઞેયભાવને કારણે, ज्ञायते=જણાય છે=કોઈક પુરુષ દ્વારા જણાય છે=નિરાવરણ જ્ઞાનવાળા પુરુષ દ્વારા જણાય છે, च=અને, स=તે=વિશેષોનો સ્વભાવ, साक्षात्त्वाद् विना कथं विज्ञायते=સાક્ષાત્પણા વગર કેવી રીતે જણાય ? અર્થાત્ જણાય નહિ. (માટે વિશેષ સ્વભાવને સાક્ષાત્ જોનારા કેવલી છે.) ॥૪૩૬॥**

**શ્લોકાર્થ :-**

**સામાન્યની જેમ વિશેષોનો સ્વભાવ જ્ઞેયભાવને કારણે જણાય છે અને તે વિશેષોનો સ્વભાવ સાક્ષાત્પણા વગર કેવી રીતે જણાય ? અર્થાત્ જણાય નહિ. ॥૪૩૬॥**

**ટીકા :-**

**सामान्यवत्=महासत्तादिसामान्यमिव, विशेषाणामाम्रनिम्बकदम्बादिरूपाणाम् स्वभावः स्वलक्षणरूपः ज्ञेयभावतो=ज्ञेयत्वरूपात्, ज्ञायते केनचित्पुरुषेण, स च स्वभावः साक्षात्त्वात्=साक्षाद्भावलक्षणात्, विना=अन्तरेण, विज्ञायते कथं, साक्षाद्भावगम्यत्वेन विशेषाणां सर्वैरभ्युपगमात् ।।४३६।।**

**ટીકાર્થ :-**

**सामान्यवत् ..... सर्वैरभ्युपगमात् ।। સામાન્યની જેમ=મહાસત્તાદિ સામાન્યની જેમ, આંબો-લીંબડો-કદંબ આદિ રૂપ વિશેષોનો સ્વલક્ષણરૂપ સ્વભાવ કોઈક પુરુષથી જણાય છે; કેમ કે જ્ઞેયભાવ છે=જ્ઞેયત્વ સ્વરૂપ છે અને તે સ્વભાવ=વિશેષોનો સ્વભાવ, સાક્ષાત્પણા વગર કેવી રીતે જણાય ? અર્થાત્ જણાય નહિ; કેમ કે વિશેષોનો સાક્ષાત્ભાવગમ્યપણારૂપે સર્વ વડે સ્વીકાર છે. ।।૪૩૬।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને પદાર્થવર્તી મહાસત્તા, જ્ઞેયત્વ આદિ સામાન્ય ભાવો પ્રત્યક્ષથી દેખાય છે તેની જેમ દરેક પદાર્થમાં રહેલા વિશેષ ભાવોનો સ્વભાવ કોઈક પુરુષ વડે અવશ્ય જણાવો જોઈએ, જેમ પદાર્થમાં રહેલો સામાન્ય સ્વભાવ જ્ઞેય હોવાને કારણે બધાને પ્રત્યક્ષ છે તેમ સર્વ વિશેષોનો સ્વભાવ જ્ઞેય હોવાને કારણે આવરણ વગરના જ્ઞાનવાળા પુરુષને અવશ્ય જણાવો જોઈએ અને તે વિશેષ સ્વભાવ સાક્ષાત્કાર વગર કેવી રીતે જણાય ? અર્થાત્ જણાય નહિ, જેમ વૃક્ષસામાન્યના જ્ઞાનવાળા પુરુષને પણ જ્યારે વૃક્ષ સાક્ષાત્ દેખાય ત્યારે આ આંબાનું વૃક્ષ છે આ લીંબડાનું વૃક્ષ છે તેવું વિશેષ જ્ઞાન થાય છે તે સિવાય વૃક્ષસામાન્યનું જ્ઞાન હોઈ શકે છે, તેમ કેવલીને પણ જગતના તમામ પદાર્થો સાક્ષાત્ દેખાતા ન હોય તો તે તે સ્વરૂપે દરેક પદાર્થનું વિશેષથી જ્ઞાન થઈ શકે નહિ, માટે સર્વ વિશેષના જાણનારા નિરાવરણ જ્ઞાનવાળા કેવલીને સર્વ જ્ઞેય પદાર્થો સામાન્યરૂપે અને વિશેષરૂપે સાક્ષાત્ દેખાય છે, જેમ સન્મુખ રહેલા વૃક્ષને જોઈને જોનાર પુરુષને વૃક્ષસામાન્ય પણ દેખાય છે અને આ વૃક્ષ આંબાનું છે તેમ વિશેષ પણ દેખાય છે તેમ જગત્વર્તી સર્વ પદાર્થો સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપે કેવલીને સાક્ષાત્ દેખાય છે તેમ સ્વીકારવું જોઈએ. **॥૪૩૬॥**

**અવતરણિકા :-**

**अथोपसंहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ઉપસંહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨૭માં જૈમિની મત અને સાંખ્યમત બતાવ્યો અને તેમાં જૈમિનીમતવાળા કેવલજ્ઞાનને ઇચ્છતા નથી અને સાંખ્યમતવાળા મુક્ત આત્માને કેવલજ્ઞાન ઇચ્છતા નથી તેમ કહ્યું, તેનું નિરાકરણ કરવા માટે કેવલજ્ઞાનની સિદ્ધિ અત્યાર સુધી કરી, હવે તેનો ઉપસંહાર કરતાં કહે છે –

શ્લોક :-

अतोऽयं ज्ञस्वभावत्वात्, सर्वज्ञः स्यान्नियोगतः ।
नान्यथा ज्ञत्वमस्येति, सूक्ष्मबुद्ध्या निरूप्यताम् ।।४३७।।

અન્વયાર્થ :-

अतः=આથી=સર્વ વિશેષોનું સાક્ષાત્‌પણું છે આથી, ज्ञस्वभावत्वात्=જ્ઞસ્વભાવપણાને કારણે, अयं= આ=જીવ, नियोगतः=નિયોગથી=નિયમથી, सर्वज्ञः=સર્વજ્ઞ, स्यात्=થાય, अन्यथा=અન્યથા=આ જીવ સર્વજ્ઞ ન થાય તો, अस्य=આનું=જીવનું, ज्ञत्वं न=જ્ઞત્વ નથી, इति=એ પ્રમાણે, सूक्ष्मबुद्ध्या=સૂક્ષ્મબુદ્ધિથી, निरूप्यताम्=વિચારવું જોઈએ. ।।૪૩૭।।

શ્લોકાર્થ :-

**આથી જ્ઞસ્વભાવપણાને કારણે આ નિયોગથી સર્વજ્ઞ થાય, અન્યથા આનું જ્ઞત્વ નથી એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ. ।।૪૩૭।।**

ટીકા :-

अतो=विशेषाणां साक्षाद्भावगम्यत्वाद्धेतोः, अयं=जीवः, ज्ञस्वभावत्वात्=ज्ञानरूपत्वात्, सर्वज्ञः= सर्वार्थज्ञाता, स्यान्नियोगतः=नियमेन, विपक्षे बाधामाह – न=नैव, अन्यथा=सर्वज्ञत्वाभावे, ज्ञत्वमस्य= जीवस्य इति=एतत्, सूक्ष्मबुद्ध्या निरूप्यताम्, यदि हि प्रतिबन्धकाभावेऽपि सर्वज्ञोऽसावात्मा न स्यात्, तदा ज्ञस्वभाव एव न स्यात्, आकाशाद्यमूर्तभाववत् ।।४३७।।

ટીકાર્થ :-

अतो ..... आकाशाद्यमूर्तभाववत् ।। આથી=વિશેષોના સાક્ષાત્ ભાવ ગમ્યત્વરૂપ હેતુથી, જ્ઞસ્વભાવપણું હોવાને કારણે=જ્ઞાનરૂપપણું હોવાને કારણે, આ=જીવ, નિયોગથી=નિયમથી, સર્વજ્ઞ થાય=સર્વ અર્થોનો જ્ઞાતા થાય.

વિપક્ષમાં=સર્વ આવરણોનો નાશ થવા છતાં જીવ સર્વજ્ઞ થતો નથી તેમ સ્વીકારરૂપ વિપક્ષમાં, બાધાને કહે છે – અન્યથા=જીવના સર્વજ્ઞત્વના અભાવમાં, આનું=જીવનું, જ્ઞત્વ=જ્ઞાન, નથી જ, એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ.

જો પ્રતિબંધકના અભાવમાં પણ=જ્ઞાનના પ્રતિબંધક એવા જ્ઞાનાવરણીય આદિના અભાવમાં પણ, આ આત્મા સર્વજ્ઞ ન થાય તો જ્ઞસ્વભાવ જ=આત્માનો જ્ઞસ્વભાવ જ, ન થાય, આકાશાદિ અમૂર્તના ભાવની જેમ=આકાશાદિ અમૂર્તનો ભાવ જેમ જ્ઞસ્વભાવ નથી તેમ અમૂર્ત આત્માનો પણ જ્ઞસ્વભાવ ન થાય. ।।૪૩૭।।

**ભાવાર્થ :-**

શ્લોક-૪૩૬માં કહ્યું કે સાક્ષાત્પણા વગર સર્વ વિશેષોનું જ્ઞાન કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ, તેથી સર્વ વિશેષને જાણનારા કેવલીને સર્વ વિશેષોનો સાક્ષાત્કાર છે, આથી આ જીવ નિયમથી સર્વજ્ઞ થાય; કેમ કે જીવનો જ્ઞાન સ્વભાવ છે, ફક્ત સંસારી જીવોમાં સર્વજ્ઞપણું હોવા છતાં પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોને કારણે સર્વજ્ઞપણું સાક્ષાત્ પ્રગટ દેખાતું નથી અને જો જીવનું સર્વજ્ઞપણું ન સ્વીકારવામાં આવે તો જીવનો જ્ઞાન સ્વભાવ છે તેમ કહી શકાય નહિ એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ, જેથી માર્ગાનુસારી પ્રજ્ઞાથી નિર્ણય થાય કે જીવનો કેવલજ્ઞાન સ્વભાવ છે અને જેઓએ સાધના કરીને જ્ઞાનનાં આવારક કર્મોને દૂર કર્યાં છે તેઓએ સન્માર્ગ બતાવ્યો છે અને તેમના વચનથી આગમની ઉત્પત્તિ થઈ છે, માટે તે વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી જેમ તીર્થંકરો કર્મોનો નાશ કરીને મુક્ત થયા તેમ તેમના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને અન્ય જીવો પણ અવશ્ય મુક્તિને પ્રાપ્ત કરી શકે છે તે પ્રકારની સ્થિર બુદ્ધિ થાય.

વળી ટીકાકારશ્રી આત્માનો સર્વજ્ઞત્વ સ્વભાવ સ્થાપન કરવા માટે યુક્તિ આપે છે કે જો પ્રતિબંધક એવાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો અભાવ થવા છતાં આ જીવ સર્વજ્ઞ ન થાય તો આત્માનો જ્ઞાન સ્વભાવ છે એમ સ્વીકારી શકાય નહિ, જેમ આકાશ આદિ અમૂર્ત પદાર્થો જ્ઞાન સ્વભાવવાળા નથી તેમ અમૂર્ત એવો આત્મા પણ જ્ઞાન સ્વભાવવાળો નથી તેમ માનવું પડે અને અમૂર્ત એવા આકાશાદિથી જ્ઞાન સ્વભાવને કારણે અમૂર્ત એવો આત્મા ભિન્ન છે તેમ સ્વીકારીએ તો આત્માનો કેવલજ્ઞાન સ્વભાવ અવશ્ય માનવો જોઈએ. **॥૪૩૭॥**

**અવતરણિકા :-**

**इत्थं सर्वज्ञत्वे साधिते यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૪૨૮થી અત્યાર સુધી બતાવ્યું એ રીતે, સર્વજ્ઞપણું સાધિત કરાયે છતે=જ્ઞાનાવરણીય આદિ કર્મ વગરના જીવો સર્વજ્ઞ છે તેમ યુક્તિથી સ્થાપન કરાયે છતે, જે સિદ્ધ થાય છે તેને કહે છે –**

**શ્લોક :-**

**एवं च तत्त्वतोऽसारं, यदुक्तं मतिशालिना ।**
**इह व्यतिकरे किञ्चिच्चारुबुद्ध्या सुभाषितम् ।।४३८।।**

**અન્વયાર્થ :-**

**च=અને, एवं=આ રીતે=પૂર્વમાં યુક્તિથી સ્થાપન કરાયું એ રીતે સર્વજ્ઞ રૂપ અર્થ સિદ્ધ થયે છતે, इह व्यतिकरे=આ વ્યતિકરમાં=સર્વજ્ઞના પ્રતિષેધના વિષયમાં, किञ्चिच्चारुबुद्ध्या=કંઈક સુંદર બુદ્ધિથી,**

**मतिशालिना=મતિશાલી વડે, यदुक्तं सुभाषितं=જે સુભાષિત કહેવાયું, तत्त्वतः असारं=તે તત્ત્વથી અસાર છે. ॥૪૩૮॥**

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે આ વ્યતિકરમાં કંઈક સુંદર બુદ્ધિથી મતિશાલી વડે જે સુભાષિત કહેવાયું તે તત્ત્વથી અસાર છે. ॥૪૩૮॥**

**ટીકા :-**

**एवं चास्मिंश्च सर्वज्ञलक्षणेऽर्थे सिद्धे सति तत्त्वतः=परमार्थनीत्या, असारं=फल्गु, यदुक्तं मतिशालिना कुमारिलेन इह व्यतिकरे=सवज्ञप्रतिषेधगोचरे, किञ्चित्=किमपि, चारुबुद्ध्या=निपुणाभोगरूपया, कृत्वा सुभाषितम्, यदस्या अनादरणीयत्वेऽपि मतिशालिनेत्याद्यभिहितं तत्तथाविधजनानुवृत्तिप्रधान-तयेति ।।४३८।।**

**ટીકાર્થ :-**

**एवं चास्मिंश्च ..... प्रधानतयेति ।। અને આ રીતે આ સર્વજ્ઞ લક્ષણ અર્થ સિદ્ધ થયે છતે તત્ત્વથી=પરમાર્થ નીતિથી, અસાર છે=ફલ્ગુ છે,**

શું ફલ્ગુ છે તે સ્પષ્ટ કરે છે –

**આ વ્યતિકરમાં=સર્વજ્ઞના પ્રતિષેધના વિષયમાં, કંઈક સુંદરબુદ્ધિથી=નિપુણ ઉપયોગરૂપપણા વડે કરીને, મતિશાલી એવા કુમારિલ વડે જે સુભાષિત કહેવાયું તે ફલ્ગુ છે એમ અન્વય છે, જે આનું=કુમારિલનું, અનાદરણીયપણું હોવા છતાં પણ 'મતિશાલી વડે' ઈત્યાદિ કહેવાયું તે તેવા પ્રકારના લોકની અનુવૃત્તિના પ્રધાનપણાથી=તર્કશાસ્ત્રમાં તર્કો કરનારા તેવા પ્રકારના લોકો કુમારિલને મતિશાલી કહે છે તેના અનુસરણના પ્રધાનપણાથી ગ્રંથકારશ્રીએ કુમારિલને મતિશાલી કહેલ છે, વસ્તુતઃ પદાર્થને અસંબદ્ધ રીતે નિપુણતાથી જોનાર પણ કુમારિલ મતિહીન જ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૩૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૨૮થી શ્લોક-૪૩૭ સુધી ગ્રંથકારશ્રીએ અનેક યુક્તિઓથી સિદ્ધ કર્યું કે આત્માનો સર્વજ્ઞ સ્વભાવ છે અને માર્ગાનુસારી પ્રજ્ઞાથી જોનારને શાસ્ત્રવચન અને યુક્તિથી તે પદાર્થ તેમ જ દેખાય, તેનાથી સિદ્ધ થાય છે કે મતિશાલી એવા કુમારિલે કંઈક સુંદર બુદ્ધિથી જે કથન કર્યું છે તે અસાર છે; કેમ કે પદાર્થને જોવાની કંઈક પ્રજ્ઞા હોવા છતાં કુમારિલમાં માર્ગાનુસારી બુદ્ધિ નથી, તેથી 'સર્વ જ્ઞેય પદાર્થનું જ્ઞાન આત્મા માટે આવશ્યક નથી' તેમ સ્થાપન કરીને કુમારિલ પદાર્થના વાસ્તવિક સ્વરૂપનો અપલાપ કરે છે.

વળી ગમે તેવો પણ યુક્તિથી કહેનારો પુરુષ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં મતિમોહવાળો હોય તો તેને મતિશાલી કહેવાય નહિ, પરંતુ મતિહીન જ કહેવાય અને કુમારિલ સર્વજ્ઞનો અપલાપ કરનાર હોવાથી મતિહીન જ છે, તોપણ તાર્કિક જગતમાં મતિશાલી તરીકે તેની પ્રસિદ્ધિ હોવાથી ગ્રંથકારશ્રીએ કુમારિલને મતિશાલી કહેલ છે. **॥૪૩૮॥**

**અવતરણિકા :-**

सुभाषितमेव दर्शयति –

**અવતરણિકાર્થ :-**

**સુભાષિતને જ=કુમારિલ દ્વારા સર્વજ્ઞના અપલાપને કરનારા વચનને જ, શ્લોક-૪૪૨ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानवान्मृग्यते कश्चित्, तदुक्तप्रतिपत्तये ।**
**अज्ञोपदेशकरणे, विप्रलम्भनशङ्किभिः ।।४३९।।**

**અન્વયાર્થ :-**

अज्ञोपदेशकरणे=**અજ્ઞ ઉપદેશના કરણમાં=અજ્ઞ પ્રજ્ઞાપકથી ઉપદિષ્ટ અર્થના કરણમાં,** विप्रलम्भन-शङ्किभिः=**વિપ્રલંભનની શંકાવાળા એવા વેદઅધ્યયન કરનારા પુરુષો વડે,** तदुक्तप्रतिपत्तये=**તેના કહેવાયેલા અર્થના નિર્ણય માટે=વેદના કહેવાયેલા અર્થના યથાર્થ નિર્ણય માટે,** कश्चिद्=**કોઈક,** ज्ञानवान्=**જ્ઞાનવાન્ પુરુષ,** मृग्यते=**શોધાય છે. ॥૪૩૯॥**

**શ્લોકાર્થ :-**

**અજ્ઞ ઉપદેશના કરણમાં વિપ્રલંભનની શંકાવાળા એવા વેદઅધ્યયન કરનારા પુરુષો વડે તેના કહેવાયેલા અર્થના નિર્ણય માટે કોઈક જ્ઞાનવાન્ પુરુષ શોધાય છે. ॥૪૩૯॥**

**ટીકા :-**

**ज्ञानवान् विचारकः, मृग्यते कश्चिन्निपुणाध्यापकादिः, तदुक्तप्रतिपत्तये=वेदोक्तार्थप्रतीतिनिमित्तम्, कैरित्याह, अज्ञोपदेशकरणे=अज्ञप्रज्ञापकोपदिष्टार्थकरणे, विप्रलम्भनशङ्किभिः=व्यभिचारभीरुभिर्वेदाध्यायिभिः पुम्भिरिति ।।४३९।।**

**ટીકાર્થ :-**

ज्ञानवान् ..... पुम्भिरिति ।। **તેના કહેવાયેલાના સ્વીકાર માટે=વેદમાં કહેવાયેલા અર્થના નિર્ણય માટે, કોઈક નિપુણ અધ્યાપકાદિ જ્ઞાનવાન્ વિચારક શોધાય છે, કોના વડે શોધાય છે ? એથી કહે**

**છે – અજ્ઞ ઉપદેશના કરણમાં=અજ્ઞ એવા પ્રજ્ઞાપકથી ઉપદિષ્ટ એવા વેદના અર્થના કરણમાં, વિપ્રલંભનની શંકાવાળા પુરુષો વડે=વ્યભિચારમાં ભીરુ એવા વેદઅધ્યાયી પુરુષો વડે=આ ઉપદેશક દ્વારા કરાયેલો અર્થ વ્યભિચારવાળો છે એ પ્રકારના ભયવાળા વેદઅધ્યાયી પુરુષો વડે, કોઈક જ્ઞાનવાન્ પુરુષ શોધાય છે એમ અન્વય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૩૯।।**

**ભાવાર્થ :-**

કુમારિલ વેદશાસ્ત્રનો માનનાર છે અને નિપુણતાપૂર્વક માર્ગાનુસારી ઊહ કરીને કહે છે કે વેદનાં વચનોનો ઉપદેશ આપનારા કોઈક ઉપદેશકો અજ્ઞ હોય, તેથી વેદનો વિપરીત અર્થ કરતા હોય ત્યારે વિચારક પુરુષો વેદનાં વચનોનો વિપરીત અર્થ થવાની શંકાને કારણે વેદના અર્થનો યથાર્થ નિર્ણય કરવા માટે કોઈક જ્ઞાનવાન્ પુરુષને શોધે છે, જેથી ઠગાયા વગર વેદના યથાર્થ અર્થની પ્રાપ્તિ થાય. આ પ્રકારનો ઊહ સર્વ દર્શનકારોમાં જેઓ માર્ગાનુસારી બુદ્ધિવાળા છે તેઓ અવશ્ય કરે છે અને જેઓ મુગ્ધ છે તેઓ વક્તાની વાચાળતાને આશ્રયીને વિપરીત અર્થ કહેનારા અજ્ઞ પુરુષને પણ ઉપદેશક રૂપે સ્વીકારીને વેદના વચનથી વિપરીત અર્થનો બોધ કરનારા બને છે. આથી જ ભગવાનના શાસનમાં પણ જેઓ પ્રાજ્ઞ છે તેઓ અજ્ઞ ઉપદેશકના વચનથી ઠગાવાના ભયથી નિપુણતાપૂર્વક કોઈક જ્ઞાનવાન્ પુરુષની ગવેષણા કરે છે અર્થાત્ ભગવાનનાં વચનો જે પ્રકારના તત્ત્વને બતાવે છે તે પ્રકારના તત્ત્વને બતાવવા માટે આ ઉપદેશક સમર્થ છે કે નહિ તેની નિપુણતાપૂર્વક પરીક્ષા કરે છે, જેથી આગમના વચનના યથાર્થ તાત્પર્યને તેઓ પ્રાપ્ત કરી શકે છે. ।।૪૩૯।।

**શ્લોક :-**

**तस्मादनुष्ठानगतं, ज्ञानमस्य विचार्यताम् ।**
**कीटसंख्यापरिज्ञानं, तस्य नः क्वोपयुज्यते ।।४४०।।**

**અન્વયાર્થ :-**

**तस्माद्=તે કારણથી=શ્લોક-૪૩૯માં કહ્યું તે પ્રમાણે અજ્ઞના ઉપદેશકરણમાં ઠગાવાની શંકા હોવાથી, अस्य=આનું=સર્વજ્ઞનું, अनुष्ठानगतं ज्ञानं=અનુષ્ઠાનગત જ્ઞાન, विचार्यताम्=વિચાર કરો, तस्य=તેનું=સર્વજ્ઞનું, कीटसंख्यापरिज्ञानं=કીટસંખ્યાનું પરિજ્ઞાન, नः=અમને, क्वोपयुज्यते=ક્યાં ઉપયોગી છે ? ।।૪૪૦।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આનું અનુષ્ઠાનગત જ્ઞાન વિચાર કરો, તેનું કીટસંખ્યાનું પરિજ્ઞાન અમને ક્યાં ઉપયોગી છે ? ।।૪૪૦।।**

**ટીકા :-**

**तस्माद्=अज्ञोपदेशकरणे विप्रलम्भनशङ्कादोषाद्धेतोः, अनुष्ठानगतं=अनुष्ठीयमानाग्निहोत्रादिगोचरं, ज्ञानं, अस्य=सर्वज्ञस्य, विचार्यताम्, विपर्यये दोषमाह – कीटसंख्यापरिज्ञानं=समुद्रादिगतमत्स्यकच्छ-पादिप्राणिपरिगणनलक्षणं, तस्य=सर्वज्ञस्य, नो=अस्माकं, क्वोपयुज्यते? तत्परिज्ञानस्यास्माक-मत्यन्तानुपयोगेन निष्फलत्वात् ।।४४०।।**

**ટીકાર્થ :-**

**तस्माद् ..... निष्फलत्वात् ।। તે કારણથી=અજ્ઞના ઉપદેશકરણમાં વિપ્રલંભનની શંકારૂપ દોષના હેતુથી, આનું=સર્વજ્ઞનું, અનુષ્ઠાનગત=અનુષ્ઠીયમાન અગ્નિહોત્રાદિ વિષયક, જ્ઞાન વિચાર કરો, વિપર્યયમાં=અનુષ્ઠાન વિષયક જ્ઞાનને છોડીને તેનાથી અન્ય જ્ઞાનની વિચારણામાં, દોષને કહે છે – તેનું=સર્વજ્ઞનું, કીટસંખ્યાનું પરિજ્ઞાન=સમુદ્રાદિગત મત્સ્ય-કાચબા આદિ પ્રાણીના પરિગણનરૂપ પરિજ્ઞાન, અમને ક્યાં ઉપયોગી છે ?=અમને કોઈ ઉપયોગી નથી; કેમ કે તેના પરિજ્ઞાનનું=કીટસંખ્યાના પરિજ્ઞાનનું, અમને અનુપયોગીપણું હોવાથી નિષ્ફલપણું છે. ।।૪૪૦।।**

**ભાવાર્થ :-**

વળી કુમારિલ કહે છે કે બુદ્ધિમાન્ પુરુષ વેદના અર્થના યથાર્થ જ્ઞાન માટે જ્ઞાનવાન્ પુરુષને શોધે છે, માટે સર્વજ્ઞોનું અનુષ્ઠાનગત જ્ઞાન જ યથાર્થ છે કે નહિ તેનો વિચાર કરવો આવશ્યક છે; કેમ કે સમ્યક્ બોધથી સમ્યક્ પ્રવૃત્તિ થાય છે અને સમ્યક્ પ્રવૃત્તિથી સમ્યક્ ફળની પ્રાપ્તિ થાય છે, માટે વિચારક પુરુષ પોતાની પ્રવૃત્તિ નિષ્ફળ ન થાય કે વિપરીત ફળવાળી ન થાય તેના માટે જ્ઞાનવાન્ પુરુષનો આશ્રય કરે છે અને તેવા જ્ઞાનવાન્ સર્વજ્ઞ પુરુષનું જ્ઞાન ઉચિત અનુષ્ઠાન વિષયક જ આવશ્યક છે, પરંતુ તે જ્ઞાનવાન્ પુરુષ જગતમાં કીડાની સંખ્યા કેટલી છે ઇત્યાદિ સર્વ જ્ઞેયને જાણતા હોય તો તેનું તે જ્ઞાન આપણને શું ઉપયોગી છે ? અર્થાત્ કોઈ ઉપયોગી નથી, માટે ઉપાસના કરનારે ઉપાસ્ય એવા સર્વજ્ઞનું જ્ઞાન અનુષ્ઠાન વિષયક યથાર્થ છે કે નહિ તેની વિચારણા કરવી જોઈએ અને તેવા ઉપદેશકથી ઉપદિષ્ટ માર્ગ યથાર્થ હોવાથી તેવા સર્વજ્ઞના વચનનું અનુસરણ કરવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે, માટે સર્વને જાણનાર પુરુષ કીટસંખ્યાના પરિજ્ઞાનવાળા નથી, પરંતુ ઉચિત અનુષ્ઠાનના યથાર્થ જ્ઞાનવાળા છે એ પ્રમાણે મતિશાલી એવા કુમારિલ કહે છે. **।।૪૪૦।।**

**અવતરણિકા :-**

**तस्मात् –**

**અવતરણિકાર્થ :-**

**તે કારણથી=સર્વજ્ઞનું અનુષ્ઠાનગત જ્ઞાન આવશ્યક છે, કીટસંખ્યાનું જ્ઞાન આવશ્યક નથી તે કારણથી, શું ? તે શ્લોકમાં કહે છે –**

શ્લોક :-

हेयोपादेयतत्त्वस्य, साभ्युपायस्य वेदकः ।
यः प्रमाणमसाविष्टो, न तु सर्वस्य वेदकः ।।४४१।।

અન્વયાર્થ :-

साभ्युपायस्य हेयोपादेयतत्त्वस्य वेदकः=સાભ્યુપાય એવા હેયોપાદેય તત્ત્વનો વેદક=ઉપાય સહિત હેય અને ઉપાદેય તત્ત્વનો યથાર્થ જાણનાર, यः=જે પુરુષ છે, असौ=એ સર્વજ્ઞ, प्रमाणं=પ્રમાણ=પ્રવૃત્તિ-નિવૃત્તિના હેતુરૂપે પ્રમાણ, इष्टः=ઈષ્ટ છે, तु=પરંતુ, सर्वस्य वेदकः=સર્વ વસ્તુનો જાણનાર, न=નહિ. ।।૪૪૧।।

શ્લોકાર્થ :-

**સાભ્યુપાય એવા હેયોપાદેય તત્ત્વનો વેદક જે પુરુષ છે એ સર્વજ્ઞ પ્રવૃતિ નિવૃતિના હેતુરૂપે પ્રમાણ ઈષ્ટ છે, પરંતુ સર્વ વસ્તુનો જાણનાર નહિ. ।।૪૪૧।।**

ટીકા :-

हेयोपादेयतत्त्वस्य=हातुमुपादातुं वा योग्यभावरूपस्य, साभ्युपायस्य=निजोपाययुतस्य, वेदको=ज्ञाता, यः पुमान्, प्रमाणं=प्रवृत्तिनिवृत्तिहेतुः, असौ=सर्वज्ञः, इष्टो=मतः, व्यवच्छेद्यमाह – न तु=न पुनः, सर्वस्य अनुपयोगिनोऽपि वस्तुनः वेदक इति ।।४४१।।

ટીકાર્થ :-

हेयोपादेय ..... वेदक इति ।। સાભ્યુપાય એવા હેય-ઉપાદેય તત્ત્વનો=પોતાના ઉપાયથી યુક્ત અર્થાત્ હેય અને ઉપાદેયના પોતાના ઉપાયોથી યુક્ત એવા ત્યાગ કરવા માટે અથવા સ્વીકારવા માટે યોગ્ય ભાવ રૂપ હેય-ઉપાદેય તત્ત્વનો, વેદક=જ્ઞાતા, જે પુરુષ છે એ સર્વજ્ઞ પ્રમાણ ઈષ્ટ છે=પ્રવૃત્તિ-નિવૃત્તિનો હેતુ સંમત છે.

વ્યવચ્છેદ્યને કહે છે – વળી અનુપયોગી પણ સર્વ વસ્તુનો વેદક સર્વજ્ઞ રૂપે પ્રમાણ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૪૧।।

ભાવાર્થ :-

શ્લોક-૪૪૦માં કહ્યું કે અનુષ્ઠાનગત જ્ઞાનવાળો પુરુષ જ જ્ઞાની તરીકે સ્વીકારવો જોઈએ, કીડાની સંખ્યાના જ્ઞાનવાળો પુરુષ કલ્યાણના અર્થી માટે કોઈ ઉપયોગી નથી, તેનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

આત્મકલ્યાણ માટે કયાં કૃત્યો હેય છે અને કયાં કૃત્યો ઉપાદેય છે અને હેયના ત્યાગ માટે ઉચિત ઉપાયો શું છે ? અને ઉપાદેયની પ્રાપ્તિ માટેના ઉચિત ઉપાયો શું છે ? તેનું જ્ઞાન કલ્યાણના અર્થી માટે આવશ્યક

છે, તેથી ઉપાયોથી સહિત એવા હેયનું જ્ઞાન અને ઉપાયોથી સહિત એવા ઉપાદેયનું જ્ઞાન જે પુરુષને હોય તે સર્વજ્ઞ છે અર્થાત્ તેના વચનાનુસાર પ્રવૃત્તિ કરવાથી ઇષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે અને અનિષ્ટથી રક્ષણ થાય છે, માટે કલ્યાણના અર્થીએ પ્રવૃત્તિ-નિવૃત્તિના કારણરૂપે તેવા જ સર્વજ્ઞને સ્વીકારવો જોઈએ, જેનાથી હિતની પ્રાપ્તિ થાય, પરંતુ અનુપયોગી એવા સર્વ પદાર્થનો જાણનાર પુરુષ સર્વજ્ઞ તરીકે ઇષ્ટ નથી, આ પ્રમાણે મતિશાલી એવા કુમારિલ કહે છે. **॥૪૪૧॥**

**અવતરણિકા :-**

**नन्वनुपयोगिनोऽनिष्टदूरासन्नादिभेदस्य वस्तुनो दर्शनेन परैः सर्वज्ञः प्रतिपन्न इति कथमिष्टार्थदर्शनेन सर्वज्ञः स्यादित्याशंक्याह –**

**અવતરણિકાર્થ :-**

**અનુપયોગી અનિષ્ટ-દૂર-આસન્ન ભેદવાળી વસ્તુના=હેય-ઉપાદેય માટે અનુપયોગી અને આત્મકલ્યાણ માટે નહિ ઇચ્છાયેલી એવી દૂર રહેલી - નજીક રહેલી - અતીતકાળની - વર્તમાનકાળની - ભવિષ્યકાળની વસ્તુના, દર્શનથી બીજાઓ વડે સર્વજ્ઞ સ્વીકારાય છે, એથી કેવી રીતે ઇષ્ટ અર્થના દર્શન વડે=કલ્યાણ માટે ઇચ્છાયેલા પદાર્થના દર્શન વડે, સર્વજ્ઞ થાય ? એ પ્રકારની 'નનુ'થી આશંકા કરીને મતિશાલી કુમારિલ કહે છે –**

**શ્લોક :-**

**दूरं पश्यतु वा, मा वा, तत्त्वमिष्टं तु पश्यतु ।**
**प्रमाणं दूरदर्शी चेदेत गृध्रानुपास्महे ।।४४२।।**

**અન્વયાર્થ :-**

दूरं पश्यतु वा मा वा=દૂર જુઓ અથવા ન જુઓ, तु=પરંતુ, इष्टं तत्त्वं पश्यतु=ઇષ્ટ એવા તત્ત્વને જુઓ=સર્વજ્ઞ ઇષ્ટ એવા તત્ત્વને જુઓ, चेद्=જો, दूरदर्शी=દૂરદર્શી, प्रमाणं=પ્રમાણ હોય તો, एत=આવો, गृध्रान्=ગીધડાંની, उपास्महे=આપણે ઉપાસના કરીએ. ॥૪૪૨॥

**શ્લોકાર્થ :-**

**દૂર જુઓ અથવા ન જુઓ, પરંતુ ઇષ્ટ એવા તત્ત્વને જુઓ, જો દૂરદર્શી પ્રમાણ હોય તો, આવો ગીધડાંની આપણે ઉપાસના કરીએ. ॥૪૪૨॥**

**ટીકા :-**

दूरं=व्यवहितं, 'पश्यतु वा' 'मा वा पश्यतु' तत्त्वमिष्टमर्थं तु धर्मादिकं पश्यतु, प्रमाणं सर्वज्ञो

**दूरदर्शी चेद्=यदि, मन्यध्वे, एत=आगच्छत, यूयम् येन समवायमाधाय गृध्रान् पक्षिविशेषान् उपास्महे= वरिवत्स्यामः, ते हि किल नभसि प्रसारितपक्षाः सञ्चरन्त आयोजनशतादामिषं पश्यन्तीति ।।४४२।।**

**ટીકાર્થ :-**

**'दूरं' ..... पश्यन्तीति ।। દૂર=વ્યવહિત, જુઓ અથવા ન જુઓ, પરંતુ ઈષ્ટ અર્થવાળા ધર્માદિ તત્ત્વને જુઓ=સર્વજ્ઞ પુરુષ જુઓ, જો દૂરદર્શી સર્વજ્ઞ પ્રમાણ તમે માનો છો તો તમે આવો, જેથી એકઠા થઈને પક્ષીવિશેષરૂપ ગીધડાંની આપણે ઉપાસના કરીએ, हि=જે કારણથી, ખરેખર તેઓ=ગીધડાં, આકાશમાં-પ્રસારિત પાંખવાળાં સંચાર કરતાં સો યોજન સુધી માંસને જુએ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૪૨॥**

**ભાવાર્થ :-**

અવતરણિકામાં પૂર્વપક્ષીએ શંકા કરેલી કે અન્ય દર્શનવાળા સર્વજ્ઞને સ્વીકારે છે તેમના વચનાનુસાર સર્વજ્ઞને માત્ર ઉપયોગી વસ્તુનું જ્ઞાન નથી, પરંતુ અનુપયોગી વસ્તુનું જ્ઞાન પણ છે તેમ કહે છે, તેનું નિરાકરણ કરવા માટે કુમારિલ કહે છે કે સર્વજ્ઞ દૂરની વસ્તુ જુઓ કે ન જુઓ, તેનું તે જ્ઞાન તેમને સર્વજ્ઞ સ્વીકારવા માટે કે ઉપાસ્ય સ્વીકારવા માટે ઉપયોગી નથી, પરંતુ ધર્મ-અધર્મ આદિ ઇષ્ટ તત્ત્વનો બોધ સર્વજ્ઞને અવશ્ય જોઈએ, તો જ તે સર્વજ્ઞ ઉપાસના કરવા માટે પ્રમાણભૂત બને અને જો એમ કહેવામાં આવે કે દૂરવર્તી વસ્તુને જોનારા નથી તેવા સર્વજ્ઞ ઉપાસ્ય રૂપે પ્રમાણ નથી, પરંતુ જેઓ દૂરવર્તી વસ્તુને પણ જોનારા છે તેઓ જ ઉપાસ્ય એવા સર્વજ્ઞરૂપે પ્રમાણ છે તો કુમારિલ તે પ્રકારના કથન કરનારાને કટાક્ષથી કહે છે –

તમે આવો આપણે બધા ભેગા થઈને દૂર જોનારાં એવાં ગીધડાંની ઉપાસના કરીએ; કેમ કે તેઓ સો યોજન સુધી માંસને જોનારાં છે.

આત્માને કલ્યાણ માટે અનુપયોગી એવું કીડાની સંખ્યાનું પરિજ્ઞાન કે દૂર રહેલા પદાર્થોનું પરિજ્ઞાન કલ્યાણ માટે ઉપયોગી નથી, તેથી કલ્યાણ માટે ઉપયોગી યથાર્થ જ્ઞાનને જાણનારા સર્વજ્ઞ ઉપાસ્ય છે, અન્ય કોઈ ઉપાસ્ય નથી, આ રીતે કહીને સર્વ જ્ઞેયને જાણનારા સર્વજ્ઞનો અપલાપ મતિશાલી એવા કુમારિલ કરે છે. **॥૪૪૨॥**

**અવતરણિકા :-**

**अत्र प्रतिविधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=શ્લોક-૪૩૯થી શ્લોક-૪૪૨ સુધી કુમારિલનું સુભાષિત બતાવ્યું એમાં, પ્રતિવિધાનને કરે છે=તેનું નિરાકરણ ગ્રંથકારશ્રી કરે છે –**

શ્લોક :-

एवमाद्युक्तसन्नीत्या, हेयाद्यपि च तत्त्वतः ।
तत्त्वस्यासर्वदर्शी न वेत्त्यावरणभावतः ।।४४३।।

અન્વયાર્થ :-

उक्तसन्नीत्या=ઉક્ત સદ્નીતિથી=શ્લોક-૪૩૨માં બતાવેલ સદ્નીતિથી, एवमादि=આ વગેરે=શ્લોક-૪૩૯થી શ્લોક-૪૪૨ સુધી બતાવેલ એ વગેરે સુભાષિત અસાર છે, च=અને, तत्त्वस्य हेयाद्यपि=તત્ત્વના હેયાદિ પણ, असर्वदर्शी=અસર્વદર્શી, तत्त्वतः=તત્ત્વથી=સર્વ અંશથી, न वेत्ति=જાણતા નથી, आवरणभावतः=કેમ કે આવરણનો સદ્ભાવ છે. ।।૪૪૩।।

શ્લોકાર્થ :-

**ઉક્ત સદ્નીતિથી આ વગેરે અસાર છે અને તત્ત્વના હેયાદિ પણ અસર્વદર્શી તત્ત્વથી જાણતા નથી; કેમ કે આવરણનો સદ્ભાવ છે. ।।૪૪૩।।**

ટીકા :-

एवमादि मतिशालिसुभाषितं असारं इत्यनुवर्तते, कथमित्याह – उक्तसन्नीत्या='ज्ञो ज्ञेये कथमज्ञः स्यात्' (श्लो. ४३२) इत्यादिरूपया, अत्रैव हेत्वन्तरमाह – हेयाद्यपि च=हेयमुपादेयं च वस्तु, तत्त्वतः=निरवकरवृत्त्या, तत्त्वस्य जीवादिलक्षणस्य असर्वदर्शी=सर्वं तत्त्वमद्रष्टुंशीलः, न वेत्ति=बुध्यते, कुत इत्याह – आवरणभावतः-ज्ञानावारककर्मभावात्, 'इह हि यो यदपेक्षः स्वरूपं लभते स तत्परिज्ञान एव ज्ञातो भवति, यथा ह्रस्वो दीर्घो वा', हेयपदार्थराशिस्वरूपापेक्षश्च सर्वोपादेयार्थराशिः, तस्माद्धेयपरिज्ञानाधीनविज्ञानोऽसाविति न हेयस्यापरिज्ञाने पुष्कलमुपादेयवेदनमुपपद्यत इति सर्वहेयोपादेयवस्तुपरिज्ञाता कश्चिज्ज्ञानी विशेषोऽभ्युपगन्तुं युक्त इति ।।४४३।।

ટીકાર્થ :-

एवमादि ..... युक्त इति ।। આ વગેરે મતિશાલીનું સુભાષિત=શ્લોક-૪૩૯થી ૪૪૨ સુધી બતાવ્યું એ વગેરે મતિશાલીનું સુભાષિત, અસાર છે. 'અસાર' એ પ્રકારે શબ્દ શ્લોક-૪૩૮માંથી અનુવર્તન પામે છે, કેમ મતિશાલીનું સુભાષિત અસાર છે ? એથી કહે છે – ઉક્ત સદ્નીતિથી=જ્ઞેયમાં જ્ઞ અર્થાત્ જ્ઞાનવાળો કેવી રીતે અજ્ઞ થાય ? ઇત્યાદિ રૂપ સદ્નીતિથી, અસાર છે એમ અન્વય છે, આમાં જ=મતિશાલીના સુભાષિતને અસાર કહેવામાં જ, હેત્વંતરને કહે છે – અને જીવાદિ લક્ષણ તત્ત્વના હેયાદિ પણ=હેય-ઉપાદેય વસ્તુ, અસર્વદર્શી=સર્વ તત્ત્વને નહીં જોવાના સ્વભાવવાળા છદ્મસ્થ, તત્ત્વથી=નિરવકરવૃત્તિથી=સર્વાંશથી, જાણતા નથી, કેમ ? એથી કહે છે – આવરણનો ભાવ હોવાથી=જ્ઞાન-આવારક કર્મનો સદ્ભાવ હોવાથી, સર્વાંશથી હેય-ઉપાદેયને પણ અસર્વદર્શી જાણતા નથી. એમ અન્વય છે.

**અહીં જેની અપેક્ષાવાળો જે સ્વરૂપને પામે છે તેના પરિજ્ઞાનમાં જ તે જ્ઞાતા થાય છે, જે પ્રમાણે હ્રસ્વ અથવા દીર્ઘ અને હેય પદાર્થની રાશિના સ્વરૂપની અપેક્ષાવાળો સર્વ ઉપાદેય અર્થનો રાશિ છે= સર્વ ઉપાદેય અર્થનો સમુદાય છે, તે કારણથી હેયના પરિજ્ઞાનને આધીન બોધવાળો આ છે=સર્વ ઉપાદેય અર્થનો સમુદાય છે, એથી હેયના અપરિજ્ઞાનમાં પુષ્કલ એવું ઉપાદેયનું વેદન=પરિપૂર્ણ ઉપાદેયનું વેદન, ઉપપન્ન થતું નથી, એથી સર્વ હેય અને ઉપાદેય વસ્તુના પરિજ્ઞાતા કોઈક જ્ઞાનની વિશેષ સ્વીકારવા યુક્ત છે.**

**'इति' શબ્દ 'इह हि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૪૪૩॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૩૯થી ૪૪૨ સુધી મતિશાલી એવા કુમારિલનું વચન ગ્રંથકારશ્રીએ બતાવ્યું, તે વચન શ્લોક-૪૩૨ના કથનથી અસારસિદ્ધ થાય છે; શ્લોક-૪૩૨માં કહ્યું કે કોઈક પ્રતિબંધક ન હોય અને જીવ જ્ઞાન સ્વભાવવાળો હોય તો સર્વ જ્ઞેયમાંથી કોઈપણ જ્ઞેયનું અજ્ઞાન તેને સંભવે નહિ, તેથી સર્વજ્ઞને સર્વ જ્ઞેયનું જ્ઞાન થાય છે તેમ સિદ્ધ થાય છે અને મતિશાલી કુમારિલ કહે છે કે સર્વજ્ઞને કીડા આદિનું જ્ઞાન આવશ્યક નથી અને દૂરવર્તી વસ્તુનું જ્ઞાન આવશ્યક નથી, પરંતુ કલ્યાણ માટે ઉપયોગી ઉચિત પ્રવૃત્તિનું જ્ઞાન આવશ્યક છે તેમ કહીને સર્વ જ્ઞેયના જાણનારા સર્વજ્ઞ નથી એમ જે કહે છે તે કથન અસાર છે.

વળી કુમારિલનું વચન અસાર છે તેમાં અન્ય યુક્તિ બતાવે છે –

જે મહાત્માઓ અસર્વદર્શી છે તે મહાત્માઓને જીવાદિ નવ તત્ત્વોના હેય-ઉપાદેયનું જ્ઞાન પણ પરિપૂર્ણ નથી; કેમ કે છદ્મસ્થતાને કારણે આવરણનો સદ્ભાવ છે, તેથી કુમારિલ જેને સર્વજ્ઞ સ્વીકારે છે તે પરમાર્થથી દૂરવર્તી પદાર્થને જોનારા નહિ હોવાથી અસર્વદર્શી છે અને તેઓને હેય-ઉપાદેયનું જ્ઞાન પણ પરિપૂર્ણ નથી તેમ ફલિત થાય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પરિપૂર્ણ હેય-ઉપાદેયનું જ્ઞાન જેને હોય તે સર્વજ્ઞ છે તેમ કુમારિલ કહે તો તેવા પુરુષને સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ જ સ્વીકારવું જોઈએ; કેમ કે નિરાવરણ જ્ઞાનવાળા પુરુષને સર્વ જ્ઞેયનું અવશ્ય જ્ઞાન થાય છે અને તેવા જ પુરુષ સર્વ હેયને અને સર્વ ઉપાદેયને પરિપૂર્ણ જાણી શકે છે, આ કથનને જ ટીકાકારશ્રી યુક્તિથી સ્પષ્ટ કરે છે –

જેમ હ્રસ્વ પદાર્થ દીર્ઘ પદાર્થની અપેક્ષાવાળો છે, તેથી જેને દીર્ઘ વસ્તુનું જ્ઞાન નથી તે પુરુષ આ વસ્તુ હ્રસ્વ છે તેમ કહી શકે નહિ, તે રીતે ઉપાદેય પદાર્થ પણ હેય પદાર્થની સાપેક્ષ છે, તેથી જેને સર્વ હેયનું જ્ઞાન ન હોય તેને સર્વ ઉપાદેયનું પણ જ્ઞાન થઈ શકે નહિ અને જે પુરુષ જ્ઞાનના આવારક જ્ઞાનાવરણીયકર્મવાળા છે તેઓને સર્વ હેય પદાર્થના સમૂહનું જ્ઞાન નથી, તેથી સર્વ ઉપાદેયના સમૂહનું પણ જ્ઞાન નથી, આથી જ ઉત્કૃષ્ટ ચૌદપૂર્વી છદ્મસ્થ અવસ્થામાં રહેલા ગૌતમસ્વામીને સામાન્યથી આત્માનું સ્વરૂપ ઉપાદેય છે અને કષાયઆકુળ સ્વરૂપ હેય છે તેવું જ્ઞાન હતું, છતાં કેવલજ્ઞાનના બાધક એવા કષાયોના ઉન્મૂલન માટેનો સૂક્ષ્મ બોધ નહિ હોવાથી તે કષાયોના ઉન્મૂલનને અનુકૂળ ઉદ્યમ કરીને ઉપાદેય એવા મોહથી અનાકુળ

કેવળજ્ઞાન સ્વરૂપ આત્મામાં ઉદ્યમ કરવા સમર્થ થઈ શકતા ન હતા અને તેમના વચનથી જ બોધને પામેલા પંદરસો તાપસોને ગૌતમસ્વામી દ્વારા સામાન્યથી હેય-ઉપાદેયનો બોધ થયેલો તેના બળથી અંતરંગ રીતે ઉલ્લસિત થયેલા વિશેષ પ્રકારના વીર્યના બળથી તેઓને પ્રાતિભજ્ઞાન પ્રગટે છે ત્યારે ઘણા હેય રાશિનું વિશેષ જ્ઞાન થાય છે, તેથી ઘણા ઉપાદેયરાશિનું પણ વિશેષ જ્ઞાન થાય છે તેના બળથી જ ક્ષપકશ્રેણિમાં મોહથી અનાકુળ એવા ઉપાદેય આત્મસ્વરૂપમાં સૂક્ષ્મ યત્ન કરીને તે મહાત્માઓએ સર્વ જ્ઞાનાવરણીય આદિ કર્મોનો નાશ કર્યો ત્યારે સર્વ હેયનું અને સર્વ ઉપાદેયનું પૂર્ણ જ્ઞાન નિરાવરણ અવસ્થામાં તેઓને પ્રાપ્ત થયું, ત્યારે સર્વ જ્ઞેયનું જ્ઞાન થયું. તેથી કીડાની સંખ્યાનું પરિજ્ઞાન પણ તેમને થયું અને દૂર દેશવર્તી અને દૂર કાળવર્તી વસ્તુઓનું પણ પરિજ્ઞાન થયું માટે સર્વ જ્ઞેયના જાણનારાને જ પરમાર્થથી સર્વ હેય અને સર્વ ઉપાદેયનું પૂર્ણ જ્ઞાન થાય છે, માટે કુમારિલે જે સુભાષિત કહ્યું તે અસાર છે. **॥૪૪૩॥**

**અવતરણિકા :-**

**इत्थं मीमांसकमतमपाकृत्य सांख्यमतनिराकरणायाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=શ્લોક-૪૩૮થી અત્યાર સુધી કહ્યું એ રીતે, મીમાંસકમતનું નિરાકરણ કરીને સાંખ્યમતનું નિરાકરણ કરવા માટે કહે છે –**

**શ્લોક :-**

**बुद्ध्यध्यवसितं यस्मादर्थं चेतयते पुमान् ।**
**इतीष्टं चेतना चेह, संवित्सिद्धा जगत्त्रये ।।४४४।।**

**અન્વયાર્થ :-**

**यस्माद्=જે કારણથી, बुद्ध्यध्यवसितं अर्थं=બુદ્ધિઅધ્યવસિત અર્થને, पुमान्=પુરુષ, चेतयते=જાણે છે, इति=એ રીતે, इष्टं=ઇષ્ટ છે=સાંખ્યને ઇષ્ટ છે તે કારણથી, इह जगत्त्रये=અહીં જગત્ત્રયમાં, संवित् चेतना=સંવિત્ ચેતના, सिद्धा=પ્રતિષ્ઠિત છે. ॥૪૪૪॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી બુદ્ધિ અધ્યવસિત અર્થને પુરુષ જાણે છે, એ રીતે સાંખ્યને ઇષ્ટ તે કારણથી અહીં જગત્ત્રયમાં સંવિત્ ચેતના સિદ્ધ છે. ॥૪૪૪॥**

**ટીકા :-**

**बुद्ध्यध्यवसितं=बुद्धिविषयीभूतम्, यस्मादर्थं शब्दादिकम्, चेतयते=परिच्छिनत्ति, पुमान्=पुरुषः, इति=एवम्, इष्टं सांख्येन, चेतना चेह संविद्=अर्थसंवित्संज्ञा, सिद्धा=प्रतिष्ठिता जगत्त्रये ।।४४४।।**

**ટીકાર્થ :-**

**बुद्ध्यध्यवसितं ..... जगत्त्रये ।। જે કારણથી બુદ્ધિથી અધ્યવસિત=બુદ્ધિના વિષયભૂત, શબ્દાદિક અર્થને પુરુષ જાણે છે એ રીતે સાંખ્યને ઈષ્ટ છે તે કારણથી અહીં જગત્ત્રયમાં સંવિત્=અર્થના સંવેદનની સંજ્ઞાવાળી ચેતના સિદ્ધ છે=પ્રતિષ્ઠિત છે. ।।૪૪૪।।**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનકાર જગતના જીવોને અર્થની સંવિત્ છે=અર્થનો બોધ છે, તેને સામે રાખીને પુરુષની ચેતના સિદ્ધ કરે છે અને તે માને છે કે પુરુષ અને પ્રકૃતિ એમ બે પદાર્થ છે. પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેથી જડ એવી પ્રકૃતિથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ પણ જડ છે અને તે બુદ્ધિમાં ચૈતન્ય એવા પુરુષનું પ્રતિબિંબ પડે છે, તેથી બુદ્ધિ જ્ઞાનસ્વરૂપ દેખાય છે અને સંસારી જીવોની બુદ્ધિ શબ્દાદિ અર્થોનો અધ્યવસાય કરે છે અને તે અર્થને પુરુષ જાણે છે, તેથી જગતમાં ચેતના છે તેમ સિદ્ધ થાય છે; કેમ કે સંસારી સર્વ જીવોને અર્થનું જ્ઞાન સ્વસંવેદનથી પ્રતીત છે અને તે જ ચેતના છે.

તેથી એ ફલિત થાય કે બુદ્ધિ ચેતના નથી, પરંતુ બુદ્ધિના વિષયભૂત જે અર્થો છે તે અર્થોને જાણનાર પુરુષ છે અને તે પુરુષમાં ચેતના છે; કેમ કે જગત્ત્રયના સર્વ જીવોને અર્થના સંવેદનની સંજ્ઞાવાળી ચેતના પ્રતીત છે, તેથી પુરુષનું ચૈતન્ય સ્વરૂપ છે એમ સાંખ્ય મતે ફલિત થાય છે. **।।૪૪૪।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૨૭માં ગ્રંથકારશ્રીએ કહેલ કે સાંખ્યદર્શનકારો મુક્ત અવસ્થામાં પૂર્ણ જ્ઞાનરૂપ કેવળજ્ઞાનને ઈચ્છતા નથી, તે વચનનું નિરાકરણ કરવા અર્થે પ્રથમ ગ્રંથકારશ્રીએ સાંખ્ય મતાનુસાર પુરુષનું ચૈતન્ય શું છે તે બતાવ્યું, હવે સાંખ્યદર્શનકાર પુરુષને ચૈતન્ય સ્વરૂપ સ્વીકારે તો મુક્ત અવસ્થામાં આવરણના અભાવને કારણે પરિપૂર્ણ જ્ઞાન છે તે સાંખ્ય દર્શનકારે સ્વીકારવું જોઈએ, તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**चैतन्यं च निजं रूपं, पुरुषस्योदितं यतः ।**
**तत आवरणाभावे नैतत्स्वफलकृत् कुतः ।।४४५।।**

**અન્વયાર્થ :-**

**च=અને, यतः=જે કારણથી, पुरुषस्य चैतन्यं=પુરુષનું ચૈતન્ય, निजं रूपं उदितं=નિજ રૂપ કહેવાયું, ततः=તે કારણથી, आवरणाभावे=આવરણના અભાવમાં, एतद्=આ=ચૈતન્ય, स्वफलकृत्=સ્વફલને કરનારું=સંપૂર્ણ જ્ઞેયને જાણવા રૂપ સ્વફલને કરનારું, कुतः न=કેમ નથી ? ।।૪૪૫।।**

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી પુરુષનું ચૈતન્ય નિજ રૂપ કહેવાયું, તે કારણથી આવરણના અભાવમાં આ સ્વફલને કરનારું કેમ નથી ? ।।૪૪૫।।**

**ટીકા :-**

**चैतन्यं च निजं=स्वकीयं, रूपं पुरुषस्योदितमुक्तं यतः, तत आवरणाभावे प्रकृतिविरहलक्षणे स्वयमेव मुक्त्यवस्थायां प्रतिपन्ने न=नैव, एतत्=चैतन्यं, स्वफलकृद्=अर्थपरिच्छेदलक्षण-स्वीयकार्यकारि, कुतः=कस्मात्कारणात् ।।४४५।।**

**ટીકાર્થ :-**

**चैतन्यं ..... कस्मात्कारणात् ।। અને જે કારણથી પુરુષનું ચૈતન્ય સ્વકીય રૂપ કહેવાયું=સાંખ્ય મતાનુસાર પૂર્વશ્લોકમાં કહેવાયું, તે કારણથી સાંખ્યદર્શનકાર વડે સ્વયં જ મુક્ત અવસ્થામાં પ્રકૃતિના વિરહ સ્વરૂપ આવરણનો અભાવ સ્વીકાર કરાયે છતે આ=ચૈતન્ય, સ્વફલને કરનારું=અર્થના બોધરૂપ સ્વકાર્યને કરનારું કયા કારણથી નથી જ ? અર્થાત્ તે ચૈતન્ય અવશ્ય જ્ઞેયના પરિચ્છેદનરૂપ પોતાનું કાર્ય કરે. ॥૪૪૫॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૪૪માં કહ્યું એ પ્રમાણે સાંખ્યદર્શનકારો પુરુષની ચેતના સ્વીકારે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પુરુષનું ચૈતન્ય એ પુરુષનું પોતાનું સ્વરૂપ છે અને સંસારઅવસ્થામાં આવરણ વિદ્યમાન છે, તેથી પૂર્ણ ચૈતન્ય વ્યક્ત થતું નથી, પરંતુ જે યોગી સાધના કરીને પ્રકૃતિથી મુક્ત થયા છે તે યોગીની ઉપર કર્મના આવરણનો અભાવ છે, તેથી નિરાવરણ એવી ચેતના પોતાનું કાર્ય કેમ ન કરે ? અર્થાત્ નિરાવરણ એવી ચેતના સર્વ જ્ઞેયનું જ્ઞાન અવશ્ય કરે, તેથી સર્વ કર્મથી મુક્ત એવા આત્મામાં અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન નથી એમ જે સાંખ્યદર્શનકાર કહે છે તે ઉચિત નથી. **॥૪૪૫॥**

**અવતરણિકા :-**

**આ રીતે ગ્રંથકારશ્રીએ મુક્ત અવસ્થામાં આત્માને સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ સ્વીકારવાની યુક્તિ સાંખ્યદર્શનકારને આપી, ત્યાં સાંખ્યદર્શનકાર તેનો વિરોધ કરતા કહે છે –**

**શ્લોક :-**

**न निमित्तवियोगेन, तद्ध्यावरणसङ्गतम् ।**
**न च तत्तत्स्वभावत्वात्, संवेदनमिदं यतः ।।४४६।।**

**અન્વયાર્થ :-**

**न=મુક્ત અવસ્થામાં અર્થ વિષયક જ્ઞાન નથી, निमित्तवियोगेन=કેમ કે નિમિત્તનો વિયોગ છે= મુક્ત અવસ્થામાં જ્ઞાનના હેતુભૂત એવા અંતઃકરણનો વિયોગ છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

तद्हि=તે=નિમિત્ત, आवरणसङ्गतम्=આવરણસંગત છે=કર્મ પ્રકૃતિથી યુક્ત છે (તેથી નિરાવરણ એવા મુક્ત આત્માને નિમિત્ત વગર જ્ઞેયનું જ્ઞાન થઈ શકે છે) વળી, સાંખ્યદર્શનકાર કહે છે –

च=અને, तत्तत्स्वभावत्वात्=તત્તત્સ્વભાવપણું હોવાથી=આત્માનું સંવેદનરૂપ સ્વભાવપણું હોવાથી, संवेदनमिदं न=સંવેદન આ નથી=ચૈતન્ય નથી, यतः='જે કારણથી'નો સંબંધ આગળના શ્લોકમાં છે. ॥૪૪૬॥

**શ્લોકાર્થ :-**

**મુક્ત અવસ્થામાં અર્થ વિષયક જ્ઞાન નથી; કેમ કે નિમિત્તનો વિયોગ છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે – તે આવરણસંગત છે, વળી સાંખ્યદર્શનકાર કહે છે – અને તત્તત્સ્વભાવપણું હોવાથી સંવેદન આ નથી, 'જે કારણથી'નો સંબંધ આગળના શ્લોકમાં છે. ॥૪૪૬॥**

**ટીકા :-**

अथ परः- न=नैव, अर्थविषयं विज्ञानं मुक्तौ निमित्तवियोगेन=अन्तःकरणरूपहेतुविरहेण, आचार्यः- तद्धि=निमित्तं, आवरणसङ्गतं=छद्मस्थकालभाविज्ञानावरणाद्यपरनामकप्रकृतियुक्तं, तदानीं तस्य प्रमातुरद्याप्यपरिनिष्ठितविप्लवकवत्करणापेक्षित्वात् । अथ संवेदनचैतन्ययोराचार्येणैकतया प्राक्प्रतिष्ठित-योर्निराकरणाय परः प्राह – न च=नैव, तत्तत्स्वभावत्वात्=तस्यात्मनस्तत्स्वभावत्वात्=संवेदनरूपत्वात् संवेदनमिदं=चैतन्यं, यतः ॥४४६॥

**ટીકાર્થ :-**

अथ परः ..... यतः ॥ 'अथ'થી પર એવા સાંખ્યદર્શનકાર કહે છે – અર્થ વિષયવાળું વિજ્ઞાન મુક્તિમાં નથી જ; કેમ કે નિમિત્તનો વિયોગ છે=અર્થનું જ્ઞાન કરવા માટે અંતઃકરણરૂપ હેતુનો વિયોગ છે, આચાર્ય કહે છે=સાંખ્યદર્શનકારને ગ્રંથકારશ્રી કહે છે – તે=નિમિત્ત, આવરણસંગત છે= છદ્મસ્થકાલભાવિ જ્ઞાનાવરણાદિ અપરનામક પ્રકૃતિથી યુક્ત છે; કેમ કે ત્યારે=છદ્મસ્થ અવસ્થામાં, તે પ્રમાતાને હજી પણ અપરિનિષ્ઠિત અવસ્થા હોવાને કારણે વિપ્લવકવાળા કરણનું અપેક્ષિતપણું છે=છદ્મસ્થ અવસ્થામાં કર્મથી આવૃત્ત એવા પ્રમાતાને હજી પણ સાધનાની અપૂર્ણતા હોવાને કારણે ઉપદ્રવકારી એવી ઇન્દ્રિયોની બોધ કરવા માટે અપેક્ષા છે.

'अथ'થી શ્લોકના ઉત્તરાર્ધનું ઉત્થાન કરે છે –

આચાર્ય વડે પૂર્વમાં એકપણાથી પ્રતિષ્ઠિત=સ્થાપિત એવા સંવેદન અને ચૈતન્યના નિરાકરણ માટે પર એવા સાંખ્યદર્શનકાર કહે છે –

તત્તત્સ્વભાવપણું હોવાથી=તેનું અર્થાત્ આત્માનું તત્સ્વભાવપણું હોવાથી અર્થાત્ સંવેદનરૂપપણું હોવાથી, સંવેદન એ નથી જ=ચૈતન્ય નથી જ, જે કારણથી આગળના શ્લોકમાં સાંખ્યદર્શનકાર યુક્તિ બતાવે છે. તે કારણથી આ સંવેદન ચૈતન્ય નથી એમ અન્વય છે. ॥૪૪૬॥

**ભાવાર્થ :-**

શ્લોક-૪૪૪માં ગ્રંથકારશ્રીએ સાંખ્યદર્શનકારના વચનનું અવલંબન લઈને કહ્યું કે બુદ્ધિઅધ્યવસિત અર્થને પુરુષ જાણે છે એમ સાંખ્યદર્શનકાર માને છે, તેથી ચેતના સંવેદન સ્વરૂપ છે અને તે ચૈતન્ય આત્માનું પોતાનું સ્વરૂપ હોવાથી મુક્ત અવસ્થામાં આવરણના અભાવને કારણે તે ચૈતન્ય જ્ઞેયનું જ્ઞાન કરે છે, એમ સ્વીકારવું જોઈએ. તે પ્રકારનાં ગ્રંથકારશ્રીના કથનમાં સાંખ્યદર્શનકાર કહે છે – મુક્ત આત્માઓને અર્થ વિષયક વિજ્ઞાન નથી, કેમ નથી તેમાં સાંખ્યદર્શનકાર યુક્તિ આપે છે –

વિજ્ઞાન મનરૂપી અંતઃકરણથી થાય છે અને મુક્ત આત્માઓને અંતઃકરણરૂપ મન નથી, માટે પદાર્થ વિષયક જ્ઞાન મુક્ત આત્માને સંભવે નહિ, વિજ્ઞાન મનથી થાય છે એમ જે સાંખ્યદર્શનકાર કહે છે તેનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જ્ઞાન કરવાનું અંતઃકરણરૂપ નિમિત્ત આવરણથી સંગત છે અર્થાત્ જેઓ કર્મથી આવૃત્ત છે તેવા છદ્મસ્થ જીવોને જ્ઞાનાવરણીયકર્મનો ઉદય વર્તી રહ્યો છે, તેથી તેઓનું ઘણું જ્ઞાન આવૃત્ત છે અને જે કંઈ થોડું જ્ઞાન અનાવૃત્ત છે તે નિમિત્ત વગર પદાર્થને જાણવા સમર્થ નથી, તેથી આવરણવાળા પુરુષને અંતઃકરણરૂપ મન બોધ કરવા માટે આવશ્યક છે, નિરાવરણ એવા કેવલીને કે નિરાવરણ એવા મુક્ત આત્માઓને બોધ કરવા માટે અંતઃકરણરૂપ મનની આવશ્યકતા નથી.

આ રીતે ગ્રંથકારશ્રીએ સંવિદ્ રૂપ ચેતનાને સ્વીકારીને મુક્ત આત્માઓને આવરણ નહિ હોવાથી સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ સ્થાપન કર્યું, તે કથનનું નિરાકરણ કરવા અર્થે શ્લોકના ઉત્તરાર્ધથી સાંખ્યદર્શનકાર કહે છે –

આત્માનું સંવેદન સ્વભાવપણું હોવાથી સંવેદન ચૈતન્ય નથી અર્થાત્ ચૈતન્યરૂપ આત્મા છે અને આત્માનો બુદ્ધિથી નિર્ણય કરાયેલા પદાર્થને જાણવાનો સ્વભાવ છે, પરંતુ સંવેદન અને ચૈતન્ય એક નથી, કેમ સંવેદન અને ચૈતન્ય એક નથી તે બતાવવા માટે કહે છે –

જે કારણથી આગળના શ્લોકમાં બતાવાશે એ અમારો મત છે, માટે સંવેદન ચૈતન્ય નથી એમ અન્વય છે. **॥૪૪૬॥**

**શ્લોક :-**

**चैतन्यमेव विज्ञानमिति नास्माकमागमः ।**
**किन्तु तन्महतो धर्मः, प्राकृतश्च महानपि ।।४४७।।**

**અન્વયાર્થ :-**

**(જે કારણથી) चैतन्यमेव=ચૈતન્ય જ, विज्ञानं=વિજ્ઞાન છે, इति=એ પ્રમાણે, अस्माकं आगमः न=અમારું આગમ નથી, किन्तु=પરંતુ, तद्=તે=વિજ્ઞાન, महतः=મહતનો=બુદ્ધિતત્ત્વનો, धर्मः=ધર્મ છે, च=અને, महानपि=મહાન પણ, प्राकृतः=પ્રાકૃત છે=પ્રકૃતિના વિકારરૂપ છે, (તેથી ચૈતન્ય વિજ્ઞાન નથી, પરંતુ પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિનો ધર્મ છે.) ॥૪૪૭॥**

**શ્લોકાર્થ :-**

**(જે કારણથી) ચૈતન્ય જ વિજ્ઞાન છે એ પ્રમાણે અમારું આગમ નથી, પરંતુ તે મહતનો ધર્મ છે અને મહાન પણ પ્રાકૃત છે. ॥૪૪૭॥**

**ટીકા :-**

**चैतन्यमेव-नापरं किञ्चित् विज्ञानं=संवेदनम्, इति=एवम्, न=नैव, अस्माकं=सांख्यानाम्, आगमः=सिद्धान्तः, किं तु तद्=विज्ञानम्, महतो=बुद्धितत्त्वस्य, धर्मः=परिणामः, प्राकृतश्च=प्रकृतिविकाररूपः, पुनः महानपि, तथा च तत्सिद्धान्तः –**

'प्रकृतेर्महांस्ततोऽहङ्कारस्तस्माद् गणश्च षोडशकः ।

तस्मादपि षोडशकात्, पञ्चभ्यः पञ्च भूतानि।।' **[सां. का. २२] इत्यादीति ।।४४७।।**

**ટીકાર્થ :-**

**चैतन्यमेव ..... इत्यादीति ।। ચૈતન્ય જ=અપર કંઈ નહિ ચૈતન્ય જ, વિજ્ઞાન છે=સંવેદન છે, એ પ્રમાણે અમારો=સાંખ્યોનો, આગમ=સિદ્ધાંત, નથી જ, પરંતુ તે=વિજ્ઞાન, મહાનનો=બુદ્ધિતત્ત્વનો, ધર્મ છે=પરિણામ છે, અને વળી મહાન્ પણ પ્રાકૃત છે=પ્રકૃતિના વિકારરૂપ છે, અને તે રીતે=વિજ્ઞાન પ્રકૃતિનો ધર્મ છે તે રીતે, તેનો સિદ્ધાંત છે=સાંખ્યનો સિદ્ધાંત છે,** "પ્રકૃતિથી મહાન ઉત્પન્ન થાય છે, તેનાથી=મહાનથી, અહંકાર ઉત્પન્ન થાય છે અને તેનાથી સોળનો સમુદાય ઉત્પન્ન થાય છે અને તે પણ સોળના સમુદાયમાંથી પાંચથી પાંચ ભૂતો થાય છે" **(સા.કા. ૨૨)ઇત્યાદિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૪૪૭॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ સંવેદન અને ચૈતન્યને એક સ્વીકારીને મુક્ત અવસ્થામાં નિરાવરણ એવી ચેતનાને પૂર્ણજ્ઞાન છે તેમ સ્થાપન કર્યું, તેનું નિરાકરણ કરવા અર્થે સાંખ્યદર્શનકાર કહે છે –

સંવેદન અને ચૈતન્ય એક નથી, જે કારણથી ચૈતન્ય જ વિજ્ઞાન છે એ પ્રમાણે અમારું આગમ કહેતું નથી, પરંતુ અમારું આગમ કહે છે કે વિજ્ઞાન એ બુદ્ધિનો ધર્મ છે અને બુદ્ધિ પ્રકૃતિના વિકારરૂપ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રકૃતિના વિકારરૂપ બુદ્ધિ છે અને બુદ્ધિનો ધર્મ વિજ્ઞાન છે=સંવેદન છે અને ચૈતન્ય પુરુષ છે માટે પુરુષના ધર્મને અને બુદ્ધિના ધર્મને એક કહી શકાય નહિ અર્થાત્ પુરુષનો ધર્મ ચૈતન્ય છે અને બુદ્ધિનો ધર્મ સંવેદન છે તે બેયને એક કહી શકાય નહિ, માટે ચૈતન્યને સંવેદનરૂપ સ્વીકારીને નિરાવરણ એવા મુક્ત આત્મામાં જ્ઞેયનું જ્ઞાન છે એમ જે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું તે ઉચિત નથી, એ પ્રમાણે સાંખ્યદર્શનકારનો આશય છે. **॥૪૪૭॥**

**અવતરણિકા :-**

अत्र प्रतिविधत्ते –

**અવતરણિકાર્થ :-**

આમાં=સાંખ્યદર્શનકારના શ્લોક-૪૪૭ના વચનમાં, ગ્રંથકારશ્રી પ્રતિવિધાન કરે છે=નિરાકરણ કરે છે –

**શ્લોક :-**

बुद्ध्यध्यवसितस्यैवं, कथमर्थस्य चेतनम् ।
गीयते तत्र नन्वेतत्, स्वयमेव निभाल्यताम् ।।४४८।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૪૪૭માં કહ્યું એ રીતે ચૈતન્યનું અવિજ્ઞાનપણું હોતે છતે, तत्र=ત્યાં=આગમમાં, बुद्ध्यध्यवसितस्य अर्थस्य=બુદ્ધિઅધ્યવસિત અર્થનું, चेतनं=ચેતન=આત્માનું વિજ્ઞાન, कथं=કેમ, गीयते= કહેવાય છે, ननु=ખરેખર, एतद्=આ, स्वयमेव=સ્વયં જ, निभाल्यताम्=વિચાર કરો. ।।૪૪૮।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે ત્યાં બુદ્ધિઅધ્યવસિત અર્થનું ચેતન કેમ કહેવાય છે ? ખરેખર આ સ્વયં જ વિચાર કરો. ।।૪૪૮।।**

**ટીકા :-**

बुद्ध्यध्यवसितस्य=बोद्धुं प्रतिपन्नस्य, एवं चैतन्यस्याऽविज्ञानत्वे सति कथं=केन प्रकारेण, अर्थस्य शब्दादेर्विषयस्य, चेतनं=आत्मनो विज्ञानम्, गीयते तत्रागमे – 'बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयते' इति वचनात्, यदि हि चैतन्यविज्ञानयोर्भेद एव तदा कथं 'बुद्ध्यध्यवसितमर्थं पुरुषश्चेतयत' इति भवद्भिः प्रतिपाद्यते, 'चिती संज्ञाने' इति वचनाच्चैतन्यविज्ञानयोरेकत्वस्यापन्नत्वात्, ननु इति परपक्षाऽक्षमायाम्, एतदस्मदुक्तम्, स्वयमेव निभाल्यतां=प्रज्ञाचक्षुषा विक्ष्यतामिति ।।४४८।।

**ટીકાર્થ :-**

बुद्ध्यध्यवसितस्य ..... विक्ष्यतामिति ।। આ રીતે=ચૈતન્યનું અવિજ્ઞાનપણું હોતે છતે, બુદ્ધિઅધ્યવસિતનું= બોધ કરવા માટે સ્વીકારાયેલ શબ્દાદિ વિષયરૂપ અર્થનું, ચેતન=આત્માનું વિજ્ઞાન, ત્યાં=આગમમાં, કેમ=કયા પ્રકારે, કહેવાય છે અર્થાત્ કહેવું જોઈએ નહિ,

બુદ્ધિઅધ્યવસિત અર્થ જ્ઞાન છે એવું સાંખ્યના કયા આગમમાં છે એ પ્રકારની શંકામાં હેતુ કહે છે –

**'બુદ્ધિ અધ્યવસિત અર્થ પુરુષ જાણે છે' એ પ્રકારનું સાંખ્યદર્શનના આગમનું વચન છે,**

આનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે –

**જો ચૈતન્ય અને વિજ્ઞાનનો ભેદ જ હોય તો બુદ્ધિઅધ્યવસિત અર્થને પુરુષ જાણે છે એ પ્રમાણે તમારા વડે કેમ પ્રતિપાદન કરાય છે અર્થાત્ કરાવું જોઈએ નહિ; કેમ કે 'चिती' ધાતુ સંજ્ઞાન અર્થમાં છે એ પ્રકારનું વચન હોવાથી ચૈતન્ય અને વિજ્ઞાનના એકત્વનું પ્રાપ્તપણું છે, શ્લોકમાં 'ननु' શબ્દ પરપક્ષની અક્ષમામાં છે=સાંખ્યદર્શન ચૈતન્ય અને વિજ્ઞાનને ભિન્ન કહે છે તેના અસહન અર્થમાં છે, આ અમારું કહેવાયેલું=શ્લોકના અત્યાર સુધીના કથનથી કહેવાયેલું, સ્વયં જ જુઓ=સાંખ્યદર્શનકાર સ્વયં જ પ્રજ્ઞાચક્ષુથી જુઓ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૪૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૪૭માં સાંખ્ય દર્શનકારે કહ્યું કે ચૈતન્ય જ વિજ્ઞાન છે એમ અમારું આગમ કહેતું નથી, પરંતુ વિજ્ઞાન પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિનો ધર્મ છે એમ અમારું આગમ કહે છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જો ચૈતન્ય અને વિજ્ઞાન એક ન હોય તો, તમારા આગમમાં કહેવાયું છે કે બુદ્ધિઅધ્યવસિત અર્થને પુરુષ જાણે છે તે પ્રમાણે કેમ કહેવાયું છે ? અર્થાત્ એ વચનથી જ સિદ્ધ થાય છે કે અર્થનું જ્ઞાન પુરુષ કરે છે; કેમ કે 'चिती' ધાતુ જ્ઞાન અર્થમાં છે, તેથી જે જાણનાર છે તેવા પુરુષનું જે ચૈતન્ય છે તે વિજ્ઞાન છે, માટે ચૈતન્ય-વિજ્ઞાન એક છે એ પ્રમાણે સાંખ્યદર્શનકારે સ્વયં જ પદાર્થને યથાર્થ જોનારી પ્રજ્ઞાચક્ષુથી જોવું જોઈએ. **॥૪૪૮॥**

**અવતરણિકા :-**

**अथ परः –**

**અવતરણિકાર્થ :-**

**હવે પર=સાંખ્યદર્શનકાર, કહે છે –**

**શ્લોક :-**

**पुरुषोऽविकृतात्मैव, स्वनिर्भासमचेतनम् ।**
**मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा ॥४४९॥**

**અન્વયાર્થ :-**

**अविकृतात्मैव पुरुषः=અવિકૃતાત્મા જ એવો પુરુષ=અવિકૃત સ્વરૂપવાળો જ પુરુષ, अचेतनं मनः=અચેતન એવા મનને, सान्निध्याद्=સાંનિધ્યથી=પોતાના સંનિધાનમાત્રથી, स्वनिर्भासं=પોતાનું ચેતન જેવું ભાસે છે તેવું, करोति=કરે છે, उपाधिः स्फटिकं=ઉપાધિવાળું સ્ફટિક=જપાકુસુમની ઉપાધિવાળું સ્ફટિક, यथा=જે**

પ્રમાણે રક્તપીતાદિ ભાવો કરે છે તેમ પુરુષની ઉપાધિવાળું અચેતન મન પુરુષની જેવી ચેતનાવાળું બને છે. ॥૪૪૯॥

**શ્લોકાર્થ :-**

**અવિકૃતાત્મા જ એવો પુરુષ અચેતન એવા મનને સાંનિધ્યથી પોતાનું ચેતન જેવું ભાસે છે તેવું કરે છે, ઉપાધિવાળું સ્ફટિક જે પ્રમાણે – ॥૪૪૯॥**

**ટીકા :-**

पुरुष आत्मा कीदृशः सन्नित्याह-अविकृतात्मैवः=सर्वतः स्वस्वरूपात्किञ्चिदप्रच्यवमानो नित्य एव सन्नित्यर्थः, किमित्याह – स्वनिर्भासं=स्वस्येवात्मन इव निर्भास आकारो यस्येति विग्रहस्तत्, प्रतिपन्नचेतनभावमित्यर्थः, अचेतनं=प्रकृतिविकारतया चैतन्यशून्यं सत् मनो बुद्धिलक्षणमन्तःकरणं कर्मतापन्नम् करोति=विधत्ते, कुत इत्याह – सान्निध्यात्=सन्निधानमात्रेण, निदर्शनमाह – उपाधिः= उप-समीपे आधीयते - धार्यत इत्युपाधिः पद्मरागजपाकुसुमादिः, कर्ता तदवस्थः एव स्फटिकं= अर्कनिशाकरसम्पर्कोदीर्यमाणवैश्वानरजलमश्मविशेषं, यथा=येन प्रकारेण, स्वनिर्भाससमारूढस्वकीय-रक्तपीतनीलादिच्छायं करोतीति ।।४४९।।

**ટીકાર્થ :-**

पुरुष ..... करोतीति ।। પુરુષ એવો આત્મા કેવો છે ? એથી કહે છે – અવિકૃતાત્મા જ=સર્વ-રીતે સ્વ સ્વરૂપથી કંઈપણ અપ્રચ્યવમાન નિત્ય જ છતો શું કરે છે ? એથી કહે છે – સ્વનિર્ભાસને=પોતાના જેવો નિર્ભાસ અર્થાત્ આકાર છે જેને એ પ્રમાણે વિગ્રહ છે=સમાસ છે, તે=સ્વનિર્ભાસ કરે છે એમ અન્વય છે, તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે – પ્રતિપન્ન ચેતનભાવવાળું કરે છે,

પુરુષ કોને સ્વનિર્ભાસવાળું કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

અચેતનને=પ્રકૃતિના વિકારપણાને કારણે ચૈતન્યશૂન્ય છતાં બુદ્ધિસ્વરૂપ અંતઃકરણરૂપ મનને, કર્મતા આપન્ન કરે છે=સ્વનિર્ભાસવાળું=પ્રતિપન્ન ચેતનભાવવાળું કરે છે, કેમ ? એથી કહે છે=અવિકૃતાત્મા એવો પુરુષ મનને સ્વનિર્ભાસવાળું કેમ કરે છે ? એથી કહે છે – સાંનિધ્યથી=સંનિધાનમાત્રથી, મનને સ્વનિર્ભાસવાળું કરે છે એમ અન્વય છે.

દૃષ્ટાંતને કહે છે – ઉપ=સમીપમાં, ધારણ કરાય એ પદ્મરાગ-જપાકુસુમ આદિ ઉપાધિ છે, કર્તા તદવસ્થ જ છે=ઉપાધિરૂપ કર્તા પોતાના સ્વરૂપમાં અવસ્થ છતાં જે પ્રકારે સ્ફટિકને=સૂર્ય-ચંદ્રના સંપર્કથી ઉદીર્યમાન એવા અગ્નિ અને જલ છે જેમાં એવા પથ્થરવિશેષને, સ્વનિર્ભાસ સમારૂઢ સ્વકીય રક્ત-પીત-નીલાદિ છાયાવાળું કરે છે=ઉપાધિ પોતાનામાં જેવો નિર્ભાસ વર્તે છે તેવા નિર્ભાસવાળું સ્ફટિકને કરે છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૪૯॥

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનકાર સ્વમતની યુક્તિ સ્થાપન કરતાં કહે છે – પુરુષ સર્વથા વિકૃતિ વગરનો નિત્ય જ છે અને પુરુષના સાંનિધ્યથી અચેતન એવા મનને પુરુષ સ્વનિર્ભાસવાળું કરે છે અર્થાત્ ચૈતન્ય જેવું જણાય તેવું કરે છે, જેમ સ્ફટિકની સામે મુકાયેલ જપાકુસુમ આદિ ઉપાધિ સ્ફટિકને રક્ત-પીત આદિ વર્ણવાળું કરે છે અને જેમ સ્ફટિક સામે મુકાયેલું જપાકુસુમ સદા તદવસ્થ જ રહે છે, છતાં સ્ફટિકને સ્વનિર્ભાસવાળું કરે છે ત્યારે તે ઉપાધિ પોતાના સ્વરૂપથી ચલાયમાન થતી નથી, તેમ પુરુષ પણ પોતાના સ્વરૂપમાં જ સદા અવસ્થ છતો પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલ અચેતન એવા મનને ચેતન જેવા નિર્ભાસવાળું કરે છે, તેથી બુદ્ધિઅધ્યવસિત અર્થ પુરુષ જાણે છે એમ કહેવાય છે, વસ્તુતઃ મન જ ચેતનના સાંનિધ્યથી ચેતનભાવને પામેલું શબ્દાદિ વિષયોને જાણે છે, એ પ્રકારનો સાંખ્યદર્શનકારનો આશય છે. **॥૪૪૯॥**

**અવતરણિકા :-**

**यदि नामैवं ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**જો આમ છે=પુરુષ અચેતન એવા મનને સ્વનિર્ભાસવાળું કરે છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું એમ છે, તેનાથી શું=બુદ્ધિઅધ્યવસિત અર્થને પુરુષ જાણે છે એ પ્રકારના વચનથી પ્રાપ્ત પુરુષ અને ચેતનના ઐક્યના નિરાકરણના વિષયમાં તેનાથી શું પ્રાપ્ત થાય તે બતાવવા સાંખ્યદર્શનકાર કહે છે –**

**શ્લોક :-**

**विभक्तेदृक्परिणतौ, बुद्धौ भोगोऽस्य कथ्यते ।**
**प्रतिबिम्बोदयः स्वच्छे, यथा चन्द्रमसोऽम्भसि ॥४५०॥**

**અન્વયાર્થ :-**

**बुद्धौ=બુદ્ધિમાં, विभक्तेदृक्परिणतौ=વિભક્ત ઈદૃક પરિણતિ હોતે છતે, अस्य=આનો=આત્માનો, भोगः=ભોગ=વિભક્ત ઈદૃક પરિણતિ રૂપ ભોગ, कथ्यते=કહેવાય છે, यथा=જે પ્રમાણે, स्वच्छे अम्भसि=સ્વચ્છ પાણીમાં, चन्द्रमसः प्रतिबिम्बोदयः=ચંદ્રના પ્રતિબિંબનો ઉદય છે. (તે પ્રમાણે સ્વચ્છ એવી બુદ્ધિમાં આત્માના ચૈતન્યના પ્રતિબિંબનો ઉદય છે, તેથી બુદ્ધિથી કરાયેલો ભોગ ચૈતન્યનો ભોગ કહેવાય છે.) ॥૪૫૦॥**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિમાં વિભક્ત ઈદૃક્ પરિણતિ હોતે છતે આનો ભોગ કહેવાય છે, જે પ્રમાણે સ્વચ્છ પાણીમાં ચંદ્રના પ્રતિબિંબનો ઉદય છે. ॥૪૫૦॥**

**ટીકા :-**

**विभक्ता=बुद्धिप्रतिष्ठितत्वेनात्मनो विभागवर्तिनी, सा चासावीदृक्परिणतिश्च, बुद्धिचैतन्याधानप्रधाना आत्मन एव प्रतिबिम्बोदयरूपा विभक्तेदृक्परिणतिः तस्यां सत्याम्, कस्यामाधारभूतायामित्याह- बुद्धौ अन्तःकरणलक्षणायां शब्दादिविषयरूपबहिरर्थाध्यवसायसमर्थायाम्, भोगो-विषयानुभवः सैवेदृक्परिणतिभोग इत्यर्थः, अस्य=पुरुषस्य, कथ्यते=प्रतिपाद्यत आसुरिप्रभृतिभिः, दृष्टान्तमाह - प्रतिबिम्बोदयः=प्रतिबिम्बपरिणामः, स्वच्छे=पङ्कादिमलसम्पर्ककालुष्यविकले, यथा=येन प्रकारेण, चन्द्रमसः=मृगलाञ्छनस्य वास्तवस्य, अम्भसि=उदके, इदमुक्तं भवति-यथा स्वच्छमम्भः तथा स्वभावत एव निर्मलरूपा बुद्धिः, यथा च तत्र स्वप्रतिबिम्बोदयसम्पादनसामर्थ्यवान् स्वभावत एव चन्द्रमाः तथात्मापि बुद्धौ, यश्च तत्र बुद्धावात्मनः प्रतिबिम्बोदयः स एवास्य भोगः नान्यत्किंचिदिति ।।४५०।।**

**ટીકાર્થ :-**

**विभक्ता ..... नान्यत्किंचिदिति ।। બુદ્ધિમાં વિભક્ત ઈદૃક્ પરિણતિ હોતે છતે પુરુષનો ભોગ કહેવાય છે એ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધનાં કથનમાં રહેલ વિભક્ત ઈદૃક્ પરિણતિનો સમાસ સ્પષ્ટ કરે છે – વિભક્ત=આત્માનું બુદ્ધિમાં પ્રતિષ્ઠિતપણું હોવાના કારણે વિભાગવાળી, તે એવી આ=વિભાગવાળી એવી આ, ઈદૃક્ પરિણતિ છે,**

કેવા પ્રકારની ઇદૃક્ પરિણતિ છે તે સ્પષ્ટ કરે છે –

**બુદ્ધિમાં ચૈતન્યનું આધાન છે પ્રધાન જેમાં એવી આત્માના જ પ્રતિબિંબના ઉદયરૂપ વિભક્ત ઈદૃક્ પરિણતિ છે, તે હોતે છતે, આનો ભોગ કહેવાય છે એમ અન્વય છે. કઈ આધારભૂત વસ્તુમાં વિભક્ત આવા પ્રકારની પરિણતિ છે ? એથી કહે છે – બુદ્ધિમાં=શબ્દાદિ વિષયરૂપ બહિર્ અર્થના અધ્યવસાયમાં સમર્થ એવા અંતઃકરણરૂપ બુદ્ધિમાં, ભોગ=વિષયના અનુભવરૂપ ભોગ=તે જ આવા પ્રકારની પરિણતિરૂપ ભોગ=વિભક્ત આવા પ્રકારની પરિણતિરૂપ ભોગ, આનો=પુરુષનો, કહેવાય છે=આસુરિ વગેરે દ્વારા ભોગ કહેવાય છે.**

**દૃષ્ટાંતને કહે છે – જે પ્રકારે સ્વચ્છ પાણીમાં=પંકાદિ મલના સંપર્કના કાલુષ્યથી રહિત પાણીમાં, ચંદ્રના=વાસ્તવિક એવા ચંદ્રના, પ્રતિબિંબનો ઉદય=પ્રતિબિંબનો પરિણામ થાય છે, આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે સ્વચ્છ પાણી છે તે પ્રમાણે સ્વભાવથી જ નિર્મલરૂપવાળી બુદ્ધિ છે અને જે પ્રમાણે ત્યાં=સ્વચ્છ પાણીમાં, સ્વપ્રતિબિંબના ઉદયના સંપાદનના સામર્થ્યવાળો સ્વભાવથી જ ચંદ્રમા છે, તે પ્રમાણે આત્મા પણ બુદ્ધિમાં સ્વપ્રતિબિંબના ઉદયના સંપાદનના સામર્થ્યવાળો સ્વભાવથી જ છે અને તે બુદ્ધિમાં જે આત્માના પ્રતિબિંબનો ઉદય છે તે જ આનો ભોગ છે=આત્માનો ભોગ છે, અન્ય કંઈ નથી.**

**'इति' શબ્દ 'इदमुक्तं भवति'ના કથનની સમાપ્તિમાં છે. ।।૪૫૦।।**

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શન મતાનુસાર પ્રકૃતિમાંથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે અને તે બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે, જેમ સ્વચ્છ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે, તેમ બુદ્ધિમાં આત્માનું પ્રતિબિંબ પડે ત્યારે જેમ સ્વચ્છ પાણી ચંદ્રવાળું દેખાય છે તેમ જડ એવી પણ બુદ્ધિ પુરુષના પ્રતિબિંબને કારણે ચેતન જેવી દેખાય છે અને તે બુદ્ધિ પુરુષના પ્રતિબિંબને કારણે શબ્દાદિ વિષયરૂપ બહિર્ અર્થમાં અધ્યવસાય કરવા માટે સમર્થ બને છે અને તેવી બુદ્ધિમાં વિભક્ત ઇદક્ પરિણતિ હોય ત્યારે પુરુષનો ભોગ કહેવાય છે. જેમ બે સ્ફટિક હોય એમાં એક સ્ફટિક સન્મુખ જપાકુસુમ મૂકવામાં આવે ત્યારે તે સ્ફટિક જપાકુસુમ વગરના સ્ફટિક કરતાં જુદો જણાય છે, વાસ્તવિક તે બન્ને સ્ફટિક સમાન જ છે, છતાં જપાકુસુમના સાંનિધ્યથી વિભક્ત એવો સ્ફટિક રક્ત જણાય છે, તેમ જપાકુસુમ જેવા ચેતનના પ્રતિબિંબથી વિભક્ત એવી બુદ્ધિ વિષયોનો અનુભવ કરે છે. તે વખતે તે બુદ્ધિમાં વિભક્ત પરિણતિ છે=ચેતનના પ્રતિબિંબને કારણે જે વિભક્ત પરિણતિ છે, તે પુરુષનો ભોગ કહેવાય છે; કેમ કે પુરુષનું તેમાં પ્રતિબિંબ વર્તે છે, માટે તે પ્રતિબિંબ જ પુરુષનો ભોગ છે, અન્ય કંઈ ભોગ નથી, તેથી બુદ્ધિઅધ્યવસિત અર્થને પુરુષ જાણે છે એમ કહેવામાં આવે છે, વાસ્તવિક પુરુષ જાણતો નથી, પરંતુ બુદ્ધિ જે જાણવાના વ્યાપારવાળી છે તેમાં પુરુષનું પ્રતિબિંબ છે, માટે પુરુષ જાણે છે એમ કહેવામાં આવે છે, તેથી પુરુષ ચૈતન્યરૂપ છે અને વિજ્ઞાન એ બુદ્ધિનો પરિણામ છે, પુરુષનો નહિ, માટે ચૈતન્ય અને વિજ્ઞાનનો ભેદ છે, તેથી મુક્ત અવસ્થામાં ચૈતન્ય છે, પરંતુ વિજ્ઞાન નથી, એ પ્રકારનો સાંખ્યદર્શનકારનો અભિપ્રાય છે. **॥૪૫૦॥**

**અવતરણિકા :-**

**अत्र प्रतिविधत्ते –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=સાંખ્યદર્શનકારે ભોગનું સ્વરૂપ બતાવીને ચૈતન્યથી વિજ્ઞાન જુદું છે તેમ સ્થાપન કર્યું એ કથનમાં, પ્રતિવિધાન કરે છે=નિરાકરણ કરે છે –**

**શ્લોક :-**

**स्फटिकस्य तथानामभावे तदुपधेस्तथा ।**
**विकारो नान्यथासौ स्यादन्धाश्मन इव स्फुटम् ।।४५१।।**

**અન્વયાર્થ :-**

**स्फटिकस्य तथानामभावे=સ્ફટિકનો તે પ્રકારનો નમનનો ભાવ હોતે છતે=તે પ્રકારના પરિણામાંતર રૂપ નમનનો ભાવ હોતે છતે, तथा=અને, तदुपधेः=તેની ઉપધિનો=સ્ફટિકના ઉપાધિભૂત પદ્મરાગાદિનો તે પ્રકારનો નમનનો ભાવ હોતે છતે=સ્ફટિકમાં પોતાનું પ્રતિબિંબ આધાન કરે તે પ્રકારનો પરિણામાંતર હોતે છતે, विकारः स्यात्=વિકાર થાય=રક્ત-પીતાદિના પ્રતિબિંબરૂપ વિકાર થાય, अन्यथा=અન્યથા=**

**સ્ફટિકનો અને ઉપધિનો તે પ્રકારનો નમનનો ભાવ ન હોય તો, असौ=આ=વિકાર, न=થાય નહિ, इव=જે પ્રકારે, अन्धाश्मने=કાળા પથ્થરમાં, स्फुटम्=સ્પષ્ટ વિકાર નથી. ।।૪૫૧।।**

**શ્લોકાર્થ :-**

**સ્ફટિકનો તે પ્રકારનો નમનનો ભાવ હોતે છતે અને તેની ઉપધિનો તે પ્રકારનો નમનનો ભાવ હોતે છતે વિકાર થાય, અન્યથા આ વિકાર થાય નહિ, જે પ્રકારે કાળા પથ્થરમાં સ્પષ્ટ વિકાર નથી. ।।૪૫૧।।**

**ટીકા :-**

**स्फटिकस्य=सूर्यकान्तनाम्नोऽश्मविशेषस्य, तथानामभावे=तत्प्रकारपरिणामान्तरप्राप्तौ सत्याम्, तदुपधेः=स्फटिकोपाधिभूतस्य पद्मरागादेस्तथानामभावे, 'तथा' इति समुच्चये, विकारो=रक्तपीतादि-प्रतिबिम्बरूपः, स्यात्, विपक्षे बाधामाह – न=नैव, अन्यथा=द्वयोरपि तथापरिणामाभावे, असौ= विकारः, स्यात्, दृष्टान्तमाह – अन्धाश्मन इव=अन्धपाषाणस्येव, स्फुटं=प्रकटमेव ।।४५१।।**

**ટીકાર્થ :-**

**स्फटिकस्य ..... प्रकटमेव ।। સ્ફટિકનો=સૂર્યકાંત નામના પથ્થરવિશેષનો, તથા નમનનો ભાવ હોતે છતે=તે પ્રકારના પરિણામાંતરની પ્રાપ્તિ હોતે છતે, અને તેની ઉપધિનો=સ્ફટિકના ઉપાધિભૂત પદ્મરાગાદિનો તથા નમનનો ભાવ હોતે છતે=સ્ફટિકને પોતાના પરિણામથી ઉપરંજિત કરવાને અભિમુખ પરિણતિરૂપ તથા નમનનો ભાવ હોતે છતે, વિકાર થાય=સ્ફટિકમાં રક્તપીતાદિ પ્રતિબિંબરૂપ વિકાર થાય.**

**વિપક્ષમાં=સ્ફટિક અને ઉપધિ બન્નેના તે પ્રકારના પરિણામના અભાવરૂપ વિપક્ષમાં, બાધાને કહે છે – અન્યથા=બન્નેના પણ તે પ્રકારના પરિણામના અભાવમાં=સ્ફટિક અને સ્ફટિકની ઉપધિરૂપ બન્નેના પણ તે પ્રકારના પરિણામના અભાવમાં=સ્ફટિક અને સ્ફટિકની ઉપધિરૂપ બન્નેના પણ તે પ્રકારના પરિણામના અભાવમાં, આ=વિકાર, ન જ થાય.**

**દૃષ્ટાંતને કહે છે=બન્નેના પણ તે પ્રકારના પરિણામના અભાવમાં વિકાર ન થાય, તેમાં દૃષ્ટાંતને કહે છે – સ્પષ્ટ જ=પ્રગટ જ, અંધપાષાણની જેમ વિકાર ન થાય. ।।૪૫૧।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૫૦માં સાંખ્યદર્શનકારે પુરુષના ભોગનું સ્વરૂપ બતાવ્યું અને કહ્યું કે પુરુષ સર્વથા વિકાર વગરનો છે, ફક્ત બુદ્ધિમાં પુરુષનું પ્રતિબિંબ પડે છે તે જ પુરુષનો ભોગ છે, અન્ય કંઈ ભોગ નથી. આ પ્રકારના સાંખ્યના વચનને સામે રાખીને પુરુષનો ભોગ સ્વીકારીએ તોપણ પુરુષ વિકારી છે તેમ દૃષ્ટાંતથી બતાવે છે – જેમ સ્ફટિકની સન્મુખ પદ્મરાગાદિ ઉપાધિ મૂકવામાં આવે ત્યારે સ્ફટિકનો તે પ્રકારના નમનનો ભાવ પ્રાપ્ત થાય છે અર્થાત્ પૂર્વમાં જે નિર્મળ સ્ફટિક હતું તે રક્તાદિ પરિણામ રૂપે નમનના

પરિણામવાળું થાય છે અને તે સ્ફટિક સન્મુખ મુકાયેલી પદ્મરાગાદિ ઉપાધિનો પણ તે પ્રકારનો નમનનો ભાવ છે=સ્ફટિકને પોતાના પરિણામરૂપે રંજિત કરવાને અનુકૂળ પરિણામ પમાડવાનો ભાવ છે, તેથી સ્ફટિકમાં રક્ત-પીતાદિના પ્રતિબિંબરૂપ વિકાર થાય છે, તેથી નક્કી થાય છે કે સ્ફટિક અને સ્ફટિક સન્મુખ મુકાયેલ પદ્મરાગાદિ રૂપ ઉપાધિ તે બન્નેનો તે પ્રકારનો પરિણામાંતર થાય છે, તેથી સ્ફટિકમાં રક્ત-પીતાદિ પ્રતિબિંબરૂપ વિકાર દેખાય છે.

વળી કસોટીના કાળા પથ્થર સન્મુખ પદ્મરાગાદિને મૂકવામાં આવે ત્યારે પદ્મરાગાદિરૂપ ઉપાધિનો પણ તે પ્રકારનો પથ્થરને રંજન કરવાનો પરિણામ નથી અને કસોટીના પથ્થરનો પણ પદ્મરાગાદિના સાંનિધ્યથી તે પ્રકારે પરિણામાંતરને પામવાનો સ્વભાવ નથી, તેથી કસોટીના પથ્થરમાં રક્ત-પીતાદિના પ્રતિબિંબની પ્રાપ્તિ થતી નથી.

આ રીતે ગ્રંથકારશ્રી દૃષ્ટાંત દ્વારા સાંખ્યદર્શનકારને કહે છે કે નિર્મળ એવી બુદ્ધિમાં ચેતનનું પ્રતિબિંબ પડે છે એમ સ્વીકારવામાં આવે ત્યારે ચેતનને પણ તે પ્રકારના પરિણામાંતરની પ્રાપ્તિ છે અને બુદ્ધિને પણ તે પ્રકારના પરિણામાંતરની પ્રાપ્તિ છે, માટે પુરુષ વિકારી નથી એમ કહી શકાય નહિ, પરંતુ પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલી બુદ્ધિમાં જ્યારે પુરુષનું પ્રતિબિંબ પડે છે ત્યારે બુદ્ધિમાં ચેતનનો વિકાર દેખાય છે, તેથી પુરુષનો અને બુદ્ધિનો તે પ્રકારનો નમનનો ભાવ અનુભવ અનુસાર અવશ્ય સ્વીકારવો જોઈએ. **॥૪૫૧॥**

**અવતરણિકા :-**

**एवं च सति किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને આમ હોતે છતે=શ્લોક-૪૫૧માં કહ્યું એ પ્રમાણે સ્ફટિક અને ઉપધિ બન્નેનો તે પ્રકારનો નમનનો ભાવ હોતે છતે વિકાર સિદ્ધ થાય એમ હોતે છતે, શું ?=ચૈતન્ય અને વિજ્ઞાનને એક સ્વીકારવા માટે શું પ્રાપ્ત થાય ? એથી કહે છે –**

**શ્લોક :-**

**तथानामैव सिद्धैव, विक्रियाप्यस्य तत्त्वतः ।**
**चैतन्यविक्रियाप्येवमस्तु ज्ञानं च साऽऽत्मनः ।।४५२।।**

**અન્વયાર્થ :-**

**तथानामैव विक्रियापि=તે પ્રકારના નમનવાળી જ વિક્રિયા પણ, अस्य=આને=આત્માને, तत्त्वतः=તત્ત્વથી, सिद्धैव=સિદ્ધ જ છે=શ્લોક-૪૫૧માં બતાવેલા દૃષ્ટાંતના બળથી સિદ્ધ જ છે, एवं=એ રીતે=બુદ્ધિમાં પ્રતિબિંબ પામતો આત્મા વિક્રિયાને પામે છે એ રીતે, चैतन्यविक्रियापि=ચૈતન્યની વિક્રિયા પણ=પોતાનાં દેહમાં વર્તતા ચેતન ભાવની વિક્રિયા પણ, अस्तु=હો, च=અને, सा=તે=ચેતનની વિક્રિયા, आत्मनः ज्ञानं=આત્માનું જ્ઞાન છે. ।।૪૫૨।।**

**શ્લોકાર્થ :-**

**તે પ્રકારના નમનવાળી જ વિક્રિયા પણ આને તત્ત્વથી સિદ્ધ જ છે, એ રીતે ચૈતન્યની વિક્રિયા પણ હો, અને તે આત્માનું જ્ઞાન છે. ।।૪૫૨।।**

**ટીકા :-**

**तथानामैव दृष्टान्तबलेन प्रकृतिपुरुषयोः सिद्धे सति सिद्धैव विक्रियापि=विकारो, यो भवद्भिः कण्ठगतप्राणैरपि न प्रतिपद्यते, किं पुनस्तथानामेत्यपिशब्दार्थः, अस्य=आत्मनः, तत्त्वतः=अनुपचारेण, चैतन्यविक्रियाप्येवमात्मविक्रियायाम् अस्तु=भवतु, ज्ञानं चार्थसंवेदनरूपम् सा=चैतन्यविक्रिया, अस्यऽऽत्मनः ।।४५२।।**

**ટીકાર્થ :-**

**तथानामैव ..... अस्याऽऽत्मनः ।। દૃષ્ટાંતના બળથી પુરુષ અને પ્રકૃતિની તે પ્રકારની નમનની ક્રિયા જ સિદ્ધ થયે છતે આની=આત્માની, વિક્રિયા પણ=વિકાર પણ, તત્ત્વથી=અનુપચારથી, સિદ્ધ જ છે જે કંઠગત પ્રાણોવાળા પણ તમારા વડે સ્વીકારાતી નથી, શું વળી તથા નામવાળી એ 'विक्रियापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, એ રીતે=પૂર્વમાં આત્માની વિક્રિયા બતાવી એ રીતે, આત્માની વિક્રિયામાં ચૈતન્યની વિક્રિયા પણ થાવ અને તે=ચૈતન્યની વિક્રિયા આ આત્માનું અર્થ સંવેદનરૂપ જ્ઞાન છે. ।।૪૫૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૫૧માં બતાવેલા સ્ફટિકના અને ઉપધિરૂપ પદ્મરાગાદિના દૃષ્ટાંતથી પુરુષની અને પ્રકૃતિની તે પ્રકારની નમનની ક્રિયા સિદ્ધ થઈ અર્થાત્ જે પ્રકારે સ્ફટિકની અને પદ્મરાગાદિની તે પ્રકારની નમનની ક્રિયાને કારણે સ્ફટિકમાં રક્ત-પીતાદિનું પ્રતિબિંબ પ્રાપ્ત થાય છે તેમ પુરુષમાં અને પ્રકૃતિમાં તે પ્રકારની નમનની ક્રિયાને કારણે જ બુદ્ધિમાં ચૈતન્યનો પરિણામ દેખાય છે, તેથી પુરુષ અને પ્રકૃતિ બન્નેમાં તે પ્રકારના પરિણમનની ક્રિયા સિદ્ધ થઈ, તેથી આત્માની વિક્રિયા પણ સિદ્ધ થઈ અને જ્યારે અનુભવ અનુસાર આત્મામાં પારમાર્થિક વિક્રિયા સિદ્ધ થાય ત્યારે પોતાના દેહમાં વર્તતા સ્વસંવેદનથી સિદ્ધએવા ચૈતન્યમાં પણ વિક્રિયા છે એમ સ્વીકારવું પડે અર્થાત્ સંસારી જીવોને પોતાની ચેતનારાગાદિભાવોરૂપે વેદન થાય છે તે રૂપ ચૈત્ન્યમાં વિક્રિયા છે એમ સ્વીકારવું પડે અને આત્માના ચૈતન્યમાં જે વિક્રિયા છે તે જ આત્માનું અર્થસંવેદનરૂપ જ્ઞાન છે, માટે સંસારી જીવોને જે અર્થમાં સંવેદનરૂપ જ્ઞાન છે તે જ મુક્ત અવસ્થામાં આવરણ વગરનું છે તેથી મુક્ત આત્મામાં વર્તતું ચૈતન્ય જ્ઞાન સ્વરૂપ જ છે અને મુક્ત આત્માઓ આવરણ વગરના હોવાથી આવરણ વગરનું તેમનું જ્ઞાન સર્વ જ્ઞેયને જાણવા સમર્થ છે, માટે મુક્ત આત્મામાં કેવલ=પરિપૂર્ણ જ્ઞાન, છે એમ સાંખ્યદર્શનકારે સ્વીકારવું જોઈએ. **।।૪૫૨।।**

**અવતરણિકા :-**

**अथ परमतमेवाशंक्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

હવે પરમતની જ આશંકા કરીને પરિહાર કરતાં કહે છે=સાંખ્યદર્શનના મતની જ આશંકા કરીને તે આશંકાનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**निमित्ताभावतो नो चेन्निमित्तमखिलं जगत् ।**
**नान्तःकरणमिति चेत्, क्षीणदोषस्य तेन किम्? ।।४५३।।**

**અન્વયાર્થ :-**

निमित्ताभावतः=નિમિત્તનો અભાવ હોવાથી=મુક્ત આત્મામાં બોધના કારણીભૂત સહકારી કારણનો અભાવ હોવાથી, नो=નથી=પદાર્થનું જ્ઞાન નથી, चेद्=એ પ્રમાણે જો સાંખ્યદર્શનકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે, अखिलं जगत् निमित्तं=અખિલ જગત નિમિત્ત છે, अंतःकरणं न=અંતઃકરણ નથી, इति चेत्=એમ જો સાંખ્યદર્શનકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે, क्षीणदोषस्य तेन किम्=ક્ષીણ દોષવાળા મુક્તને તેનાથી શું=અંતઃકરણથી કોઈ પ્રયોજન નથી. ।।૪૫૩।।

**શ્લોકાર્થ :-**

**નિમિત્તનો અભાવ હોવાથી નથી એ પ્રમાણે જો સાંખ્યદર્શનકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે - અખિલ જગત નિમિત્ત છે – અંતઃકરણ નથી એમ જો સાંખ્યદર્શનકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ક્ષીણ દોષવાળા મુક્તને તેનાથી શું ? ।।૪૫૩।।**

**ટીકા :-**

निमित्ताभावतः=सहकारिकारणविरहाद्, नो=नैव, चेद्यदि ब्रूषे मुक्तावस्थायामर्थविज्ञानं इति, अत्रोत्तरं निमित्तं=हेतुः, अखिलं=सकलं, जगत्-चैतन्यविक्रियायाः, अथ – न=नैव, अन्तःकरणं हेतुस्तत्र इति एतावत् चेत् अत्राह, क्षीणदोषस्य मुक्तावस्थायां तेन अन्तःकरणेन किं? न किंचिदित्यर्थः ।।४५३।।

**ટીકાર્થ :-**

निमित्ताभावतः ..... किंचिदित्यर्थः ।। નિમિત્તનો અભાવ હોવાથી=સહકારી કારણનો વિરહ હોવાથી, મુક્ત અવસ્થામાં અર્થવિજ્ઞાન નથી જ એ પ્રમાણે જો તું કહે છે=સાંખ્યદર્શનકાર કહે છે – આમાં= સાંખ્યદર્શનના કથનમાં, ઉત્તરને=ગ્રંથકારશ્રી ઉત્તરને આપે છે – ચૈતન્ય વિક્રિયાનું આખું=સકલ જગત નિમિત્ત છે=હેતુ છે, 'अथ'થી પૂર્વપક્ષી કહે છે – ત્યાં=મુક્ત અવસ્થામાં, અંતઃકરણરૂપ હેતુ નથી

**જ, એટલું જ છે એ પ્રમાણે તું કહે છે=અંતઃકરણ નથી એટલું જ હોવાને કારણે અર્થવિજ્ઞાન નથી એમ જો તું કહે એમાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે – ક્ષીણદોષવાળા મુક્ત આત્માને મુક્ત અવસ્થામાં તે અંતઃકરણ વડે શું ? અર્થાત્ બોધ કરવા માટે અંતઃકરણનું કોઈ પ્રયોજન નથી એ પ્રકારનો અર્થ છે. ।।૪૫૩।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૫૨માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચૈતન્યની વિક્રિયા એ જ આત્માનું જ્ઞાન છે, માટે મુક્ત આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન છે તેમ સ્વીકારવું જોઈએ, ત્યાં સાંખ્યદર્શનકાર કહે છે – મુક્ત આત્માઓને જ્ઞાન કરવાનું નિમિત્ત કારણ વિદ્યમાન નથી, માટે મુક્ત આત્માઓને જ્ઞાન નથી એમ અમે સ્વીકારીએ છીએ, તેને ગ્રંથકારશ્રી કહે છે – જ્ઞાનના વિષયભૂત આખું જગત જ્ઞાનનું નિમિત્ત છે, માટે મુક્ત આત્માઓને નિમિત્તનો અભાવ હોવાને કારણે જ્ઞાન નથી એમ કહી શકાય નહિ.

અહીં સાંખ્યદર્શનકાર કહે છે – જ્ઞેય રૂપે આખું જગત વિદ્યમાન હોવા છતાં બોધનું સાધન અંતઃકરણ મુક્ત અવસ્થામાં નથી, જ્યારે સંસારઅવસ્થામાં અંતઃકરણ છે, તેથી સંસારઅવસ્થામાં સંસારી જીવોને અંતઃકરણથી બોધ થાય છે અને મુક્ત અવસ્થામાં અંતઃકરણ નહિ હોવાથી મુક્ત જીવોને અર્થનું વિજ્ઞાન નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે – ક્ષીણદોષવાળા એવા મુક્ત આત્માઓને અંતઃકરણનું શું પ્રયોજન છે ? અર્થાત્ કોઈ પ્રયોજન નથી; કેમ કે જ્ઞાનાવરણીયના ઉદયવાળા સંસારી જીવોની જ્ઞાનશક્તિ આવરણને કારણે કુંઠિત હોવાથી અંતઃકરણરૂપ સાધનથી તેઓ બોધ કરે છે, જેઓના જ્ઞાનનાં આવારક કર્મો ક્ષીણ થયાં છે તેવા સિદ્ધના જીવોને બોધ કરવા માટે અંતઃકરણનું કોઈ પ્રયોજન નથી, માટે ક્ષીણદોષવાળા મુક્ત આત્માઓને જ્ઞેયનું જ્ઞાન છે તેમ સ્વીકારીને પરિપૂર્ણ એવું કેવલજ્ઞાન મુક્ત અવસ્થામાં છે તેમ સાંખ્યદર્શનકારે સ્વીકારવું જોઈએ. **॥૪૫૩॥**

**અવતરણિકા :-**

**एतदेव समर्थयते –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=મુક્ત અવસ્થામાં બોધ કરવા માટે અંતઃકરણની આવશ્યકતા નથી એને જ, સમર્થન કરે છે –**

**શ્લોક :-**

**निरावरणमेतद्यद्, विश्वमाश्रित्य विक्रियाम् ।**
**न याति यदि तत्त्वेन, न निरावरणं भवेत् ।।४५४।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, निरावरणं=નિરાવરણ એવું, एतद्=ચૈતન્ય, विश्वमाश्रित्य=વિશ્વને આશ્રયીને=વિશ્વમાં થતાં પરિવર્તનોને આશ્રયીને, यदि=જો, विक्रियां=વિક્રિયાને, न याति=પામે નહિ તો, तत्त्वेन=તત્ત્વથી, निरावरणं=નિરાવરણ, न भवेत्=ન થાય. ॥૪૫૪॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી નિરાવરણ એવું ચૈતન્ય વિશ્વને આશ્રયીને જો વિક્રિયાને પામે નહિ તો તત્ત્વથી નિરાવરણ ન થાય. ॥૪૫૪॥**

**ટીકા :-**

**निरावरणमेतत्=चैतन्यं, यद्=यस्माम्, ततो विश्वं=जगत्, आश्रित्य=अपेक्ष्य, विक्रियां-तद्ग्रहणरूपां न याति यदि, तदा तत्त्वेन न=नैव, निरावरणं भवेत्, आवरणस्यैव चैतन्यविक्रियाया बाधकत्वात् ॥४५४॥**

**ટીકાર્થ :-**

**निरावरण ..... बाधकत्वात् ॥ જે કારણથી નિરાવરણ એવું આ=ચૈતન્ય, છે તેથી જગતને આશ્રયીને= જગતમાં થતા જ્ઞેયના પરિવર્તનને આશ્રયીને, જો તદ્ગ્રહણરૂપ વિક્રિયાને=જગતના ગ્રહણરૂપ વિક્રિયાને ન પામે તો તત્ત્વથી નિરાવરણ ન જ થાય=ચૈતન્ય નિરાવરણ ન જ થાય; કેમ કે આવરણનું જ ચૈતન્યની વિક્રિયાનું બાધકપણું છે. ॥૪૫૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૫૩ના અંતે કહ્યું કે ક્ષીણ દોષવાળા મુક્ત જીવોને જ્ઞાન કરવા માટે અંતઃકરણની આવશ્યકતા નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

વિશ્વના ભાવો સદા પરિવર્તન પામી રહ્યા છે, તેથી વિશ્વરૂપ નિમિત્તને આશ્રયીને નિરાવરણ એવું ચૈતન્ય જ્ઞેયનું જ્ઞાન કરે ત્યારે જ્ઞેયના પરિવર્તનને કારણે તેના જ્ઞાનમાં પણ સતત વિક્રિયા થાય છે, તેથી સિદ્ધના જીવોના જ્ઞાનમાં સંસારી જીવોની જેમ મોહના ભાવોની વિક્રિયા નથી અને શરીરની સાથેના સંબંધના ભાવોની વિક્રિયા પણ નથી અને સંસારી જીવોને જે પ્રકારે સાતા-અસાતાના સંવેદનની વિક્રિયા થાય છે તેવી વિક્રિયા પણ નથી, છતાં આવરણ રહિત હોવાને કારણે વિશ્વના પરિવર્તનને આશ્રયીને તેમનું જ્ઞાન પણ પ્રતિક્ષણ જે જે પ્રકારે જ્ઞેયનું પરિવર્તન થાય છે તે તે પ્રકારે પરિણમન પામે છે અને જો નિરાવરણ પણ ચૈતન્ય જગતને આશ્રયીને વિક્રિયાને પામતું ન હોય તો તત્ત્વથી સિદ્ધના જીવોનું ચૈતન્ય નિરાવરણ નથી તેમ જ માનવું પડે; કેમ કે આવરણ જ ચૈતન્યની વિક્રિયામાં બાધક છે, જેમ સંસારી જીવોને જે અંશમાં જ્ઞાનનું આવરણ વિદ્યમાન છે તે અંશથી જગતના જ્ઞેયનું જ્ઞાન થતું નથી, તેથી જગતના જ્ઞેયના થતા પરિવર્તનને આશ્રયીને તેઓના જ્ઞાનમાં તે તે જ્ઞેયને અનુરૂપ વિક્રિયા થતી નથી અને જે જે જીવોનું જેટલા અંશમાં

જ્ઞાનનું આવરણ દૂર થયું છે તેટલા અંશમાં તે પદાર્થને આશ્રયીને તેઓ જ્ઞાન કરે છે ત્યારે તેઓના તે તે જ્ઞાનમાં તેટલી તેટલી વિક્રિયા થાય છે; આથી જ જે જીવ ઘટનું જ્ઞાન કરે છે ત્યારપછી પટનું જ્ઞાન કરે ત્યારે તે સંસારી જીવના જ્ઞાનમાં જ્ઞેયના પરિવર્તનકૃત જ્ઞાનની વિક્રિયા થાય છે અને જ્ઞાનના આવરણને કારણે જે પદાર્થો તેમનાં જ્ઞાનના વિષયભૂત બનતા નથી તેવા પરમાણુ આદિમાં જે વિક્રિયાઓ થાય છે તેને આશ્રયીને તે સંસારી જીવોના જ્ઞાનમાં વિક્રિયા થતી નથી; કેમ કે પરમાણુ આદિના બોધમાં જે આવરણ વિદ્યમાન છે તે ચૈતન્યની વિક્રિયામાં બાધક છે અને નિરાવરણ એવા સિદ્ધના જીવોનું જે ચૈતન્ય છે તે સર્વ જ્ઞેયને જાણનાર હોવાથી જ્ઞેયના પરિવર્તનથી તેઓનું ચૈતન્ય પણ પરિવર્તન પામે છે, આથી જ સિદ્ધના જીવો આત્મારૂપે નિત્ય હોવા છતાં અને સિદ્ધ પર્યાયને આશ્રયીને પણ નિત્ય હોવા છતાં જ્ઞેયના સતત પરિવર્તનને કારણે જ્ઞાનની વિક્રિયાને પામનારા હોવાથી અનિત્ય પણ છે, આથી જ 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' એ પ્રકારનું 'સત્'નું લક્ષણ સિદ્ધમાં પણ ઘટે છે. **॥૪૫૪॥**

**અવતરણિકા :-**

**पुनरपि पराभिप्रायमाशंक्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ફરી પણ પરના અભિપ્રાયની=સાંખ્યદર્શનકારના અભિપ્રાયની, આશંકા કરીને તેની આશંકાના પરિહારને કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**दिदृक्षा विनिवृत्तापि, नेच्छामात्रनिवर्तनात् ।**
**पुरुषस्यापि युक्तेयं, स च चिद्रूप एव वः ।।४५५।।**

**અન્વયાર્થ :-**

**दिदृक्षा विनिवृत्तापि=દિદૃક્ષા વિનિવૃત્ત પણ છે=મુક્ત આત્માઓને નિમિત્તનો અભાવ હોવાને કારણે બાહ્ય પદાર્થોને જોવાની ઈચ્છા વિનિવૃત્ત છે અને અંતઃકરણ પણ વિનિવૃત્ત છે, (એથી મુક્ત આત્માઓને જ્ઞાન નથી, એ પ્રકારનો સાંખ્યદર્શનકારનો અભિપ્રાય છે, તેને ગ્રંથકારશ્રી કહે છે.) न=એમ ન કહેવું=મુક્ત આત્માને અર્થનું જ્ઞાન નથી એમ ન કહેવું, इच्छामात्रनिवर्तनात्=કેમ કે ઈચ્છા માત્રનું નિવર્તન છે=જ્ઞેયને જોવાની અને તેમાંથી આનંદ લેવાની ઈચ્છા માત્રનું નિવર્તન છે, પરંતુ જ્ઞેયના દર્શનનું નિવર્તન નથી, पुरुषस्यापि इयं=પુરુષની પણ આ=પોતાના આત્માના સ્વરૂપને જોવાની ઈચ્છા રૂપ દિદૃક્ષાની નિવૃત્તિ, युक्ता=યુક્ત છે, च=અને, स=તે=પુરુષ, वः=તમારા મતે, चिद्रूप एव=ચિદ્ રૂપ જ છે=તમને પુરુષ ચિદ્ રૂપ જ અભિમત છે. ।।૪૫૫।।**

**શ્લોકાર્થ :-**

**દિદક્ષા વિનિવૃત્ત પણ છે, એમ ન કહેવું; કેમ કે ઈચ્છામાત્રનું નિવર્તન છે, પુરુષની પણ આ યુક્ત છે અને તે તમારા મતે ચિદ્ રૂપ જ છે. ।।૪૫૫।।**

**ટીકા :-**

दिदृक्षा=अनिवृत्तकौतुकत्वेन बाह्यानर्थान्द्रष्टुमिच्छा, विनिवृतापि मुक्तावस्थायां न केवलमन्तःकरणाभाव इत्यपिशब्दार्थः निमित्ताभावे इत्यनुवर्तते न=नैव, एतत्कुत इत्याह – इच्छामात्रनिवर्तनात्=इच्छाया एव केवलाया न तु दर्शनस्य चैतन्यापरनामकस्य व्यावृत्तेः, तथा पुरुषस्यापि=आत्मनो युक्तेयम्=आत्म-विषयदिदृक्षाविनिवृत्तिः, किं पुनर्बाह्यार्थविषयदिदृक्षाविनिवृत्तिरित्यपिशब्दार्थः, किमुक्तं भवति? मुक्तावस्थायामन्तःकरणाभावादात्मन आत्मानं द्रष्टुमिच्छाया अपि चैतन्याभिन्नप्रसाधितज्ञानहेतुत्वेन भवद्भिः परिकल्पितााया विनिवृत्तिः प्रसज्यते, ततस्तत्रात्मनः स्वविज्ञानं न स्यादिति, तर्ह्येतदेवास्तु को दोष इत्याह – स च=आत्मा, चिद्रूप एव=स्वविज्ञानरूप एव, वः=युष्माकम् ।।४५५।।

**ટીકાર્થ :-**

दिदृक्षा ..... युष्माकम् ।। દિદક્ષા=અનિવૃત્ત કૌતુકપણાને કારણે બાહ્ય અર્થોને જોવાની ઈચ્છા, મુક્ત અવસ્થામાં વિનિવૃત્ત પણ છે, કેવલ અંતઃકરણનો અભાવ નથી, એ પ્રકારે 'विनिवृत्तापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે અને 'निमित्ताभावे' એ શબ્દ શ્લોક-૪૫૩માંથી અનુવર્તન પામે છે. (આનાથી સાંખ્યદર્શનકાર એ કહે છે કે મુક્ત અવસ્થામાં અંતઃકરણનો અભાવ છે અને દિદક્ષાની વિનિવૃત્તિ પણ છે, અને નિમિત્તનો અભાવ હોતે છતે મુક્ત આત્માઓને જ્ઞેયને જોવાને અનુકૂળ કોઈ પ્રવૃત્તિ નથી, માટે મુક્ત આત્મામાં જ્ઞાન નથી.)

તેને ગ્રંથકારશ્રી કહે છે – नैव=એમ ન કહેવું=મુક્ત આત્મામાં દિદક્ષા નહિ હોવાથી જ્ઞાન નથી એમ ન જ કહેવું, આ કેમ છે ?=મુક્ત આત્માઓમાં દિદક્ષા નહિ હોવા છતાં જ્ઞાનની નિવૃત્તિ નથી એ કેમ છે ? એથી ગ્રંથકારશ્રી કહે છે – ઈચ્છામાત્રનું નિવર્તન હોવાથી=કેવલ ઈચ્છાની જ વ્યાવૃત્તિ હોવાથી, પરંતુ ચૈતન્ય અપર નામક દર્શનની વ્યાવૃત્તિ નહિ હોવાથી મુક્ત આત્મામાં જ્ઞાન છે એમ અન્વય છે.

સાંખ્યદર્શનકારને ઇચ્છા માત્રની નિવૃત્તિ મુક્ત અવસ્થામાં માન્ય ન હોય અને દિદક્ષા નિવૃત્તિને કારણે જ્ઞેયનું જ્ઞાન નથી તેમ અભિમત હોય તો ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –

તેને 'तथा'થી ટીકાકારશ્રી કહે છે –

અને પુરુષની પણ=આત્માની પણ, આ=આત્મવિષયક દિદક્ષાની નિવૃત્તિ, યુક્ત છે=સાંખ્યદર્શનકારને સ્વીકારવી યુક્ત છે, શું વળી બાહ્ય અર્થ વિષયક દિદક્ષાની નિવૃત્તિ ? એ 'पुरुषस्यापि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

**શું કહેવાયેલું થાય છે ?=પુરુષને પણ આ યુક્ત છે એ કથનથી શું કહેવાયેલું થાય છે ?, તે ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે – મુક્ત અવસ્થામાં અંતઃકરણનો અભાવ હોવાથી ચૈતન્યથી અભિન્ન પ્રસાધિત એવા જ્ઞાનના હેતુપણાથી તમારા વડે પરિકલ્પિત એવી આત્માને જોવાની ઈચ્છાની પણ વિનિવૃત્તિ આત્માને પ્રાપ્ત થશે, તેથી=આત્માને પોતાને જોવાની ઈચ્છાની વિનિવૃત્તિની પ્રાપ્તિ થશે તેથી, ત્યાં=મુક્ત અવસ્થામાં, આત્માને સ્વ-વિજ્ઞાન ન થાય. 'इति' શબ્દ 'किमुक्तं भवति'ના કથનની સમાપ્તિ માટે છે, તો આ જ=મુક્ત અવસ્થામાં આત્માને પોતાનું વિજ્ઞાન નથી એ જ, હો, શું દોષ છે ? એ પ્રકારે સાંખ્યદર્શનકાર કહે તો ગ્રંથકારશ્રી કહે છે – અને તે=આત્મા, તમારા મતે ચિદ્ રૂપ જ છે=સ્વવિજ્ઞાનરૂપ જ છે. ॥૪૫૫॥**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે મુક્ત અવસ્થામાં નિરાવરણ ચેતના હોવાને કારણે ચેતના વિશ્વને આશ્રયીને વિક્રિયાને પામે છે, તેથી મુક્ત અવસ્થામાં વિશ્વનું વિજ્ઞાન છે, ત્યાં સાંખ્યદર્શનકાર કહે છે –

મુક્ત અવસ્થામાં નિમિત્તનો અભાવ હોતે છતે જ્ઞાન કરવાનું સાધન એવું અંતઃકરણ નથી અને સિદ્ધના આત્માઓને બાહ્ય અર્થોને જોવાની ઇચ્છા રૂપ દિદક્ષા પણ નિવર્તન પામેલી છે, તેથી વિશ્વના જ્ઞેયનું જ્ઞાન નથી, તેને ગ્રંથકારશ્રી કહે છે –

સાંખ્યદર્શનકારનું આ કથન યુક્ત નથી; કેમ કે મુક્ત આત્માઓને જોવાના કૌતુક રૂપ ઇચ્છામાત્રની નિવૃત્તિ છે, પરંતુ ચૈતન્યરૂપ દર્શન નિવર્તન પામ્યું નથી, માટે સિદ્ધના આત્માઓને દિદક્ષા નહિ હોવા માત્રથી વિશ્વના જ્ઞેયનું જ્ઞાન નથી તેમ કહેવું ઉચિત નથી.

અહીં સાંખ્યદર્શનકાર કહે કે વિશ્વના જ્ઞેયને જોવાની ઇચ્છા ન હોય તો જ્ઞેયનું જ્ઞાન થાય નહિ, તેને ગ્રંથકારશ્રી કહે છે –

સિદ્ધના આત્માઓને પોતાના સ્વરૂપને જોવાની દિદક્ષા પણ નિવૃત્ત થઈ છે; કેમ કે મારે મારું સ્વરૂપ જોવું છે એવું કૌતુક સિદ્ધના જીવોને નથી, તેથી જ્ઞેયને જોવાનું કૌતુક નથી માટે સિદ્ધના જીવોને જ્ઞેયનું જ્ઞાન નથી એમ સાંખ્યદર્શનકાર સ્વીકારે તો પોતાના આત્માના સ્વરૂપને જોવાની ઇચ્છાની નિવૃત્તિને કારણે સિદ્ધના જીવોને પોતાના આત્માનું જ્ઞાન પણ થતું નથી એમ સાંખ્યદર્શનકારે માનવું પડે.

અહીં સાંખ્યદર્શનકાર કહે કે સિદ્ધના જીવોને દિદક્ષા નહિ હોવાથી પોતાના સ્વરૂપનું પણ જ્ઞાન થતું નથી તેમ સ્વીકારીએ તો શું દોષ છે ? તેને ગ્રંથકારશ્રી કહે છે –

તમારા મતે આત્મા ચિદ્ રૂપ જ છે=સ્વવિજ્ઞાન રૂપ જ છે, તેથી આત્માને પોતાને જોવાની ઇચ્છા રૂપ કૌતુક નહિ હોવા છતાં જ્ઞાન રૂપ એવો આત્મા પોતાના સ્વરૂપને જુએ છે તેમ સિદ્ધ થાય, તેથી સિદ્ધમાં નિરાવરણ આત્મા હોવાને કારણે જગત્વર્તી જ્ઞેયને જોવામાં કૌતુક નહિ હોવાથી દિદક્ષા નથી તોપણ

નિરાવરણ જ્ઞાનનો તેવો જ સ્વભાવ છે કે પોતાના સ્વરૂપને જેમ જોઈ શકે છે તેમ જ્ઞેય માત્રને જોઈ શકે છે, માટે મુક્ત અવસ્થામાં સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ સાંખ્યદર્શનકારે સ્વીકારવું જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. ॥૪૫૫॥

**અવતરણિકા :-**

ततः –

**અવતરણિકાર્થ :-**

**તેનાથી=સાંખ્યદર્શનકારના મતે ચિદ્ રૂપ આત્મા છે તેથી દિદૃક્ષાની નિવૃત્તિ થવા છતાં પણ પુરુષને જેમ પોતાનું જ્ઞાન થાય છે તેમ જ્ઞેય માત્રનું જ્ઞાન થાય છે એમ પૂર્વના શ્લોકમાં સિદ્ધ કર્યું તેનાથી, શું પ્રાપ્ત થાય તે બતાવે છે –**

**શ્લોક :-**

**चैतन्यं चेह संशुद्धं, स्थितं सर्वस्य वेदकम् ।**
**तन्त्रे ज्ञाननिषेधस्तु, प्राकृतापेक्षया भवेत् ।।४५६।।**

**અન્વયાર્થ :-**

**च=અને, इह=અહીં=મુક્તિમાં, संशुद्धं चैतन्यं=સંશુદ્ધ એવું ચૈતન્ય, सर्वस्य वेदकं=સર્વનું વેદક=સર્વ જ્ઞેયનું વેદક, स्थितं=રહેલું છે, तु=વળી, तन्त्रे=તંત્રમાં=આગમમાં, प्राकृतापेक्षया=પ્રાકૃતની અપેક્ષાએ=પ્રાકૃત એવા લોકોના વિકલ્પરૂપ માનસજ્ઞાનની અપેક્ષાએ, ज्ञाननिषेधः=જ્ઞાનનો નિષેધ, भवेत्=થાય. ।।૪૫૬।।**

**શ્લોકાર્થ :-**

**અને અહીં સંશુદ્ધ એવું ચૈતન્ય સર્વનું વેદક રહેલું છે, વળી તંત્રમાં પ્રાકૃતની અપેક્ષાએ જ્ઞાનનો નિષેધ થાય. ।।૪૫૬।।**

**ટીકા :-**

**चैतन्यं च=चैतन्यमेव केवलं, इह=मुक्तौ, संशुद्धं=निरावरणं, स्थितं सर्वस्य ज्ञेयस्य वेदकं, तन्त्रे= आगमे, ज्ञाननिषेधस्तु यः=पुनर्ज्ञानप्रतिषेधो, भणितो मुक्तौ स प्राकृतापेक्षया=विकल्परूपमानसं ज्ञानमपेक्ष्य, भवेत् ।।४५६।।**

**ટીકાર્થ :-**

**चैतन्यं ..... भवेत् ।। અહીં=મુક્તિમાં, સંશુદ્ધ=નિરાવરણ, ચૈતન્ય જ=કેવલ ચૈતન્ય જ, સર્વ જ્ઞેયનું વેદક રહેલું છે, વળી તંત્રમાં=આગમમાં, જે જ્ઞાનનો નિષેધ=જ્ઞાનનો પ્રતિષેધ, મુક્તિમાં કહેવાયો છે તે=જ્ઞાનનો પ્રતિષેધ, પ્રાકૃતની અપેક્ષાએ થાય=વિકલ્પરૂપ માનસજ્ઞાનની અપેક્ષાએ થાય. ।।૪૫૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સાંખ્યદર્શનકારના વચનથી જ સ્થાપન કર્યું કે તમારા મતે આત્મા ચિદ્ રૂપ મનાયો છે, માટે નિરાવરણ એવા મુક્ત આત્માને સર્વ જ્ઞેયનું જ્ઞાન માનવું જોઈએ, ત્યાં સાંખ્યદર્શનકાર કહે છે કે શાસ્ત્રમાં જ્ઞાનનો નિષેધ સંભળાય છે તેની સંગતિ કઈ રીતે થઈ શકે ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક-૪૫૫ના કથનથી સિદ્ધ થયું કે મુક્ત અવસ્થામાં સંશુદ્ધ ચૈતન્ય સર્વ જ્ઞેયનું વેદક છે, તેથી આગમમાં જે જ્ઞાનનો નિષેધ સંભળાય છે તે સિદ્ધમાં જ્ઞાનના અભાવને કહેનાર નથી, પરંતુ સંસારી જીવોને જે વિકલ્પરૂપ માનસજ્ઞાન થાય છે તેવું જ્ઞાન સિદ્ધમાં નથી તેને બતાવવા માટે શાસ્ત્રમાં જ્ઞાનનો નિષેધ કરેલો છે, આથી સંસારી જીવોને જાણવાની ઇચ્છાને કારણે વિકલ્પરૂપ માનસજ્ઞાન થાય છે તેવું વિકલ્પરૂપ માનસજ્ઞાન સિદ્ધના જીવોને નથી, વળી યોગીઓને પણ ક્ષપકશ્રેણિમાં શુદ્ધ આત્માને જોવાની ઇચ્છા હોવાને કારણે=શુદ્ધ આત્માને જોવાની દિદક્ષા હોવાને કારણે, વિકલ્પરૂપ માનસજ્ઞાન થાય છે તેવું પણ જ્ઞાન સિદ્ધ આત્માને નથી; કેમ કે જ્ઞેયને જોવાનું કૌતુક નથી, તેમ શુદ્ધ આત્માને જોવાનું પણ કૌતુક નથી, પરંતુ મુક્ત આત્માઓ સર્વથા ઇચ્છાના અભાવવાળા હોવાથી કોઈ જાતની દિદક્ષા નથી, છતાં નિરાવરણ ચેતના હોવાને કારણે સ્વનું અને જગત્વર્તી જ્ઞેયમાત્રનું વેદન કરનારા છે. **॥૪૫૬॥**

**અવતરણિકા :-**

**अत्रैव युक्त्यन्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=સિદ્ધ અવસ્થામાં સંશુદ્ધ ચૈતન્ય સર્વ જ્ઞેયનું વેદક છે એમ શ્લોક-૪૫૬માં કહ્યું એમાં જ, અન્ય યુક્તિને કહે છે=શ્લોક-૪૫૬ના ઉત્તરાર્ધમાં બતાવેલી યુક્તિ કરતાં અન્ય યુક્તિને કહે છે –**

**શ્લોક :-**

**आत्मदर्शनतश्च स्यान्मुक्तिर्यत्तन्त्रनीतितः ।**
**तदस्य ज्ञानसद्भावस्तन्त्रयुक्त्यैव साधितः ।।४५७।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી, तन्त्रनीतितः=તંત્રનીતિથી=શાસ્ત્રયુક્તિથી, आत्मदर्शनतश्च=આત્મદર્શનને કારણે જ, मुक्तिः=મુક્તિ, स्यात्=થાય, तत्=તે કારણથી, तन्त्रयुक्त्यैव=તંત્રયુક્તિથી જ, अस्य=આને=આત્માને, ज्ञानसद्भावः साधितः=જ્ઞાનનો સદ્ભાવ સાધિત છે=મુક્ત અવસ્થામાં જ્ઞાનનો સદ્ભાવ સિદ્ધ કરાયો છે. ।।૪૫૭।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી તંત્રનીતિથી આત્મદર્શનને કારણે જ મુક્તિ થાય તે કારણથી તંત્રયુક્તિથી જ આને જ્ઞાનનો સદ્ભાવ સાધિત છે. ।।૪૫૭।।**

**ટીકા :-**

**आत्मदर्शनतश्च=आत्मनैवात्मावलोकनादेव, स्यान्मुक्तिर्यद्=यस्मात्, तन्त्रनीतितः= शास्त्रयुक्तेस्सकाशात्, तत्=तस्मात्, अस्य=आत्मनः, ज्ञानसद्भावो विषयग्राहकचैतन्यरूपः तन्त्रयुक्त्यैव= शास्त्रोपपत्त्यैव, साधितो मुक्तावस्थायामिति ।।४५७।।**

**ટીકાર્થ :-**

**आत्मदर्शनतश्च ..... मुक्तावस्थायामिति ।। આત્મદર્શનને કારણે જ=આત્મા વડે જ આત્માના અવલોકનને કારણે જ, જે કારણથી તંત્રનીતિથી=શાસ્ત્રયુક્તિથી મુક્તિ થાય, તે કારણથી આને=આત્માને, વિષયગ્રાહક ચૈતન્યરૂપ જ્ઞાનનો સદ્ભાવ તંત્રયુક્તિ વડે જ=શાસ્ત્રની ઉપપત્તિ વડે જ, મુક્ત અવસ્થામાં સાધિત છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૫૭।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને બાહ્ય વિષયોને જોવા માટે કૌતુક હોય છે, તેથી સંસારી જીવોની જ્ઞાનશક્તિ બાહ્ય વિષયોમાં જ વ્યાપારવાળી હોય છે, પરંતુ યોગીઓ શાસ્ત્રવચનના બળથી દેહથી અને કર્મથી પોતાનો આત્મા ભિન્ન છે તેવું સામાન્યથી જાણીને તેના સ્વરૂપને જાણવા માટે જ શ્રુત-અધ્યયનાદિ કરે છે અને શ્રુત-અધ્યયનના બળથી સંચિત શક્તિવાળા મહાત્માઓ પોતાના આત્મા વડે જ દેહ અને કર્મથી ભિન્ન સિદ્ધ સદૃશ મોહથી અનાકુળ અને નિષ્ક્રિય એવા આત્માને જ અવલોકન કરવા માટે યત્નવાળા થાય છે, તેનાથી જ તેઓ મોહનો નાશ કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે એ પ્રમાણે શાસ્ત્રનીતિથી જણાય છે કે શુદ્ધ આત્માના દર્શનથી જ મુક્તિ છે, તેથી શુદ્ધ આત્માના દર્શનને કારણે મુક્તિ થયેલી હોવાને કારણે મુક્ત આત્મામાં વિષયને ગ્રહણ કરનાર ચૈતન્યરૂપ જ્ઞાનનો સદ્ભાવ સિદ્ધ થાય છે, માટે નિરાવરણ ચેતનાને સર્વ જ્ઞેયનું જ્ઞાન છે તેમ યુક્તિ અનુસાર અવશ્ય સ્વીકારવું જોઈએ. **।।૪૫૭।।**

**અવતરણિકા :-**

**अथ बौद्धमतमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે બૌદ્ધમતને આશ્રયીને કહે છે=ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**नैरात्म्यदर्शनादन्ये, निबन्धनवियोगतः ।**
**दोषप्रहाणमिच्छन्ति, सर्वथा न्याययोगिनः ।।४५८।।**

**અન્વયાર્થ :-**

सर्वथा=સર્વથા, न्याययोगिनः अन्ये=ન્યાયયોગી એવા અન્ય, नैरात्म्यदर्शनाद्=નૈરાત્મ્યદર્શનથી, निबन्धनवियोगतः=નિબંધનનો વિયોગ હોવાને કારણે=નિમિત્તનો વિરહ હોવાને કારણે, दोषप्रहाणं=દોષના નાશને, इच्छन्ति=ઈચ્છે છે. ।।૪૫૮।।

**શ્લોકાર્થ :-**

**સર્વથા ન્યાયયોગી એવા અન્ય નૈરાત્મ્યદર્શનથી નિબંધનનો વિયોગ હોવાને કારણે દોષના નાશને ઈચ્છે છે. ।।૪૫૮।।**

**ટીકા :-**

**नैरात्म्यदर्शनात्=सर्वथैवात्माभावावलोकनात्, अन्ये=बौद्धाः, निबन्धनवियोगतो=निमित्तविरहात्, दोषप्रहाणं तृष्णाहानिरूपम् इच्छन्ति, कथमित्याह – सर्वथा=सर्वैः प्रकारैः, न्याययोगिनो= न्यायप्रधानयोगभाजः न तु सांख्या इव शास्त्रमात्रशरणा इति ।।४५८।।**

**ટીકાર્થ :-**

**नैरात्म्यदर्शनात् ..... शास्त्रमात्रशरणा इति ।। નૈરાત્મ્યદર્શનથી=સર્વથા આત્માના અભાવના અવલોકનથી, અન્ય=બૌદ્ધો, નિબંધનના વિયોગને કારણે=સ્નેહ કરવાના નિમિત્તના વિરહને કારણે, તૃષ્ણાની હાનિરૂપ દોષના નાશને ઈચ્છે છે, કેવા પ્રકારના બૌદ્ધો ઈચ્છે છે ? એથી કહે છે – સર્વથા=સર્વ પ્રકારે, ન્યાયયોગીઓ=ન્યાયપ્રધાન યોગવાળા=યુક્તિને મુખ્ય કરીને યોગમાર્ગને સેવનારા, પરંતુ સાંખ્યની જેમ શાસ્ત્ર માત્રનું શરણ કરનારા નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૫૮।।**

**ભાવાર્થ :-**

સર્વથા ન્યાયયોગી એ અન્ય એવા બૌદ્ધનું વિશેષણ છે, તે હેતુઅર્થક છે, તેથી બૌદ્ધ દર્શનકારો સાંખ્યોની જેમ શાસ્ત્ર માત્રનું શરણ કરનારા નથી, પરંતુ યુક્તિપ્રધાન યોગને સેવનારા છે, તેથી યુક્તિથી વિચારે છે કે 'વસ્તુ છે' તેવી બુદ્ધિ થવાથી વસ્તુ પ્રત્યે સ્નેહ થાય છે તેમ આત્મા છે તેમ સ્વીકારવાથી આત્મા પ્રત્યે સ્નેહ થાય છે, તેથી આત્મા પ્રત્યેના રાગને કારણે સંસારના સર્વ આરંભ-સમારંભો થાય છે અને રાગના ઉચ્છેદના અર્થીએ સર્વથા આત્માના અભાવનું અવલોકન કરવું જોઈએ, જેથી સ્નેહના કારણનો વિયોગ થવાથી તૃષ્ણાનો ઉચ્છેદ થશે, જેથી મુક્તિની પ્રાપ્તિ થાય, આ પ્રકારે બૌદ્ધ દર્શનવાદી કહે છે. **।।૪૫૮।।**

**અવતરણિકા :-**

**अथैत एव स्वमतपुरस्कारार्थमाहुः –**

**અવતરણિકાર્થ :-**

**હવે આ જ=બૌદ્ધ દર્શનકારો જ, સ્વમતના પુરસ્કાર માટે=સ્વમતને દૃઢ કરવા અર્થે, કહે છે –**

**શ્લોક :-**

**समाधिराज एतत्तत्, तदेतत्तत्त्वदर्शनम् ।**
**आग्रहच्छेदकार्येतत्, तदेतदमृतं परम् ।।४५९।।**

**અન્વયાર્થ :-**

**तत् एतत्=તે આ=શાસ્ત્રાંતરમાં કહેવાયેલું નૈરાત્મ્યદર્શન, समाधिराजः=સમાધિરાજ છે=પ્રધાન સમાધિ છે, तद् एतत् तत्त्वदर्शनं=તે આ તત્ત્વનું દર્શન છે=નૈરાત્મ્યદર્શન એ તત્ત્વનું દર્શન છે, एतद्=આ=નૈરાત્મ્યદર્શન, आग्रहच्छेदकारि=આગ્રહના છેદને કરનાર છે, तद् एतद्=તે આ, अमृतं परम्=પરમ અમૃત છે. ॥૪૫૯॥**

**શ્લોકાર્થ :-**

**તે આ સમાધિરાજ છે, તે આ તત્ત્વનું દર્શન છે, આ આગ્રહછેદને કરનાર છે, તે આ પરમ અમૃત છે. ॥૪૫૯॥**

**ટીકા :-**

**समाधिराजः=प्रधानः समाधिः, एतत्=नैरात्म्यदर्शनं, तत्=शास्त्रान्तरगीतं, तदेतत्तत्त्वदर्शनं=परमार्थावलोकनम्, आग्रहच्छेदकारि=मूर्छाविच्छेददायि, एतत्, तदेतदमृतं पीयूषं परं=भावरूपम् ।।४५९।।**

**ટીકાર્થ :-**

**समाधिराजः ..... भावरूपम् ।। તે=શાસ્ત્રાંતરમાં કહેવાયેલ, આ=નૈરાત્મ્યદર્શન, સમાધિરાજ છે=આત્માની પ્રધાન સ્વસ્થતા રૂપ સમાધિ છે, તે આ તત્ત્વનું દર્શન છે=પરમાર્થનું અવલોકન છે, આ=નૈરાત્મ્યદર્શન, આગ્રહ છેદકારી છે=મૂર્છાના વિચ્છદને કરનાર છે, તે આ પરં અમૃત છે=પ્રકૃષ્ટ ભાવરૂપ અમૃત છે. ॥૪૫૯॥**

**ભાવાર્થ :-**

બધા યોગીઓ યોગસાધના કરીને સમાધિને મેળવવા યત્ન કરે છે અને તેનાથી સમાધિરૂપ સ્વસ્થતાના સુખને અનુભવે છે તે સર્વ સમાધિઓમાં નૈરાત્મ્યદર્શન પરમ સમાધિ છે; કેમ કે રાગાદિ અનાકુળતાથી સમાધિ મળે છે અને નૈરાત્મ્યદર્શનથી રાગાદિની આકુળતા ક્ષીણ-ક્ષીણતર થાય છે, માટે બૌદ્ધ દર્શનકાર કહે છે કે આ નૈરાત્મ્યદર્શન શ્રેષ્ઠ કોટીની સમાધિ છે.

વળી સર્વ યોગીઓ પરમાર્થના અવલોકન માટે પ્રયત્ન કરે છે અને નૈરાત્મ્યદર્શન એ પરમાર્થના અવલોકન રૂપ છે; કેમ કે સંપૂર્ણ રાગાદિના ઉચ્છેદનું પ્રબળ કારણ જે હોય તે પરમાર્થ અવલોકન કહેવાય છે અને નૈરાત્મ્યદર્શન રાગાદિના ઉચ્છેદરૂપ અવસ્થાની પ્રાપ્તિનું પ્રબળ કારણ છે.

વળી સર્વ યોગીઓ મૂર્છાના વિચ્છેદ માટે યત્ન કરનારા હોય છે અને નૈરાત્મ્યદર્શન મૂર્છાના વિચ્છેદને કરનાર છે.

વળી નૈરાત્મ્યદર્શન એ પરમ અમૃત છે=જીવના ભાવ સ્વરૂપ અમૃત છે; કેમ કે નૈરાત્મ્યદર્શનથી મોહની આકુળતારૂપ વિષનો નાશ થાય છે.

આ રીતે બૌદ્ધ દર્શનકાર નૈરાત્મ્યદર્શન એ સર્વ કલ્યાણનું કારણ છે એમ સ્થાપન કરે છે. **॥૪૫૯॥**

**અવતરણિકા :-**

**एतदेव भाव्यते –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=નૈરાત્મ્યદર્શન મુક્તિનો ઉપાય છે એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**तृष्णा यज्जन्मनो योनिर्ध्रुवा सा चात्मदर्शनात् ।**
**तदभावान्न तद्भावस्तत्ततो मुक्तिरित्यपि ।।४६०।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, तृष्णा=તૃષ્ણા, जन्मनः योनिः=જન્મની યોનિ છે=ઉત્પત્તિસ્થાન છે, च=અને, आत्मदर्शनात्=આત્મદર્શનથી, सा=તે=તૃષ્ણા, ध्रुवा=ધ્રુવ છે, तदभावात्=તેના અભાવથી=આત્માના દર્શનના અભાવથી, तद्भावः न=તેનો ભાવ નથી=તૃષ્ણાનો સદ્ભાવ નથી, तत्=તે કારણથી, ततः=તેનાથી= નૈરાત્મ્યદર્શનથી, मुक्तिरित्यपि=મુક્તિ પણ છે. ।।૪૬૦।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી તૃષ્ણા જન્મની યોનિ છે અને આત્મદર્શનથી તે ધ્રુવ છે, તેના અભાવથી તેનો ભાવ નથી, તે કારણથી તેનાથી મુક્તિ પણ છે. ।।૪૬૦।।**

**ટીકા :-**

**तृष्णा लोभलक्षणा यद्=यस्मात्, जन्मनः=पुनर्भवस्य, योनिः=हेतुः, ध्रुवा=निश्चिता, सा च=सा पुनः=तृष्णा, आत्मदर्शनात्-'अहमस्मि' इति निरीक्षणरूपात्, तथापि किमित्याह – तदभावात्= आत्माभावात्, न तद्भावः=तृष्णाभावः, यतः तत्=तस्मात्, ततः=नैरात्म्यदर्शनात्, मुक्तिरित्यपि= मुक्तिः परम्परया अनन्तरभावेन च तृष्णाव्युच्छेदः सम्पद्यत इत्यपिशब्दार्थः ।।४६०।।**

**ટીકાર્થ :-**

**तृष्णा ..... इत्यपिशब्दार्थः ।। જે કારણથી લોભ સ્વરૂપ તૃષ્ણા જન્મની=પુનર્ભવની, યોનિ છે=હેતુ છે, વળી તે=તૃષ્ણા, આત્મદર્શનથી=હું છું એ પ્રકારના નિરીક્ષણરૂપ આત્મદર્શનથી, ધ્રુવ છે=નિશ્ચિત છે, તોપણ શું ?=આત્મદર્શનથી ધ્રુવ તૃષ્ણા છે તોપણ શું ? એથી કહે છે – તેના અભાવથી=આત્માના દર્શનના અભાવથી, જે કારણથી તેનો ભાવ નથી=તૃષ્ણાનો ભાવ નથી, તે કારણથી તેનાથી= નૈરાત્મ્યદર્શનથી, મુક્તિ પણ છે=પરંપરાથી મુક્તિ અને અનંતર ભાવથી તૃષ્ણાનો વ્યવચ્છેદ પ્રાપ્ત થાય છે, એ 'मुक्तिरित्यपि'માં રહેલા 'इत्यपि' શબ્દનો અર્થ છે. ॥૪૬૦॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધ દર્શનકારો યોગમાર્ગનું સર્વસ્વ નૈરાત્મ્યદર્શન છે એમ કહે છે, કેમ નૈરાત્મ્યદર્શનથી યોગમાર્ગની પ્રાપ્તિ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે તે બતાવવા અર્થે કહે છે –

જન્મની ઉત્પત્તિનું સ્થાન તૃષ્ણા છે, તેથી જીવમાં જ્યાં સુધી તૃષ્ણા છે ત્યાં સુધી નવા જન્મની પ્રાપ્તિ થશે, તેથી મોક્ષના અર્થી જીવો તૃષ્ણાના ઉચ્છેદના અર્થી છે અને હું છું એ પ્રકારે આત્મદર્શનથી આત્મા પ્રત્યે સ્નેહના પરિણામરૂપ તૃષ્ણા અવશ્ય થાય છે અને આત્મા નથી તેવો બોધ સ્થિર થવાથી પોતાના આત્મા પ્રત્યે સ્નેહ થવા રૂપ તૃષ્ણાનો અભાવ થાય છે, તેથી નૈરાત્મ્યદર્શનને કારણે તત્કાલ તૃષ્ણાનો વિચ્છેદ થાય છે અને ક્ષીણ-ક્ષીણતર થયેલી તૃષ્ણાના અત્યંત ઉચ્છેદના કારણે પરંપરાએ મોક્ષ થાય છે; કેમ કે તૃષ્ણાના અભાવને કારણે ફરી જન્મની પ્રાપ્તિ થતી નથી, તેથી અવશ્ય મોક્ષ થાય છે. **॥૪૬૦॥**

**અવતરણિકા :-**

**एतदेव व्यतिरेकदोषदर्शनद्वारेण भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=નૈરાત્મ્યદર્શનને જ, વ્યતિરેકથી દોષદર્શન દ્વારા=નૈરાત્મ્યદર્શનથી વિપરીત આત્મદર્શનમાં દોષ બતાવવા દ્વારા, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**न ह्यपश्यन्नहमिति, स्निह्यत्यात्मनि कश्चन ।**
**न चात्मनि विना प्रेम्णा, सुखकामोऽभिधावति ।।४६१।।**

**અન્વયાર્થ :-**

**हि=જે કારણથી, अहमिति='હું છું' એ પ્રમાણે, अपश्यन्=નહિ જોતો, कश्चन=કોઈ, आत्मनि=આત્મામાં, न स्निह्यति=સ્નેહ કરતો નથી, च=અને, आत्मनि=આત્મામાં, प्रेम्णा विना=પ્રેમ વગર, सुखकामः=સુખની**

કામનાવાળો, ન अभिधावति=દોડતો નથી. (તે કારણથી નૈરાત્મ્યદર્શન મોક્ષનું કારણ છે એમ પૂર્વ શ્લોક સાથે સંબંધ છે.) ॥૪૬૧॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી 'હું છું' એ પ્રમાણે નહિ જોતો કોઈ આત્મામાં સ્નેહ કરતો નથી અને આત્મામાં પ્રેમ વગર સુખની કામનાવાળો દોડતો નથી. ॥૪૬૧॥**

**ટીકા :-**

**न=नैव, हि:=यस्मात्, अपश्यन्=अनिरीक्षमाणः, अहमित्युल्लेखेन, स्निह्यति=स्नेहवान् भवति, आत्मनि विषयभूते, कश्चन बुद्धिमान्, न=नैव, चः-समुच्चये आत्मनि विषये विना=अन्तरेण, प्रेम्णा=प्रियत्वेन, सुखकामः=सुखाभिलाषी, अभिधावति=प्रवर्तते ।।४६१।।**

**ટીકાર્થ :-**

**न=नैव ..... प्रवर्तते ॥ જે કારણથી 'હું' એ પ્રમાણેના ઉલ્લેખથી નહિ જોતો=પોતાના આત્માને નહિ જોતો, સ્નેહ કરતો નથી જ=સ્નેહવાન થતો નથી.**

ક્યાં સ્નેહવાન થતો નથી ? એથી કહે છે –

**સ્નેહના વિષયભૂત આત્મામાં કોઈ બુદ્ધિમાન સ્નેહવાન્ થતો નથી એમ અન્વય છે અને આત્માના વિષયમાં પ્રેમ વગર સુખની કામનાવાળો=સુખનો અભિલાષી, દોડતો નથી જ. ॥૪૬૧॥**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી મોક્ષપ્રાપ્તિનો એક ઉપાય નૈરાત્મ્યદર્શન છે તે દૃઢ કરવા અર્થે કહે છે –

કોઈ યોગી નૈરાત્મ્યદર્શનથી આત્માને અત્યંત ભાવિત કરે, જેનાથી 'હું છું' એ પ્રમાણે પ્રત્યક્ષથી થતા અનુભવરૂપ આત્માને નહિ જોનારો બને છે, તેથી અત્યંત નૈરાત્મ્યના ભાવનને કારણે પોતાના આત્માને નહિ જોતો બુદ્ધિમાન એવો તે પોતાના આત્મામાં સ્નેહ કરતો નથી અને આત્મામાં સ્નેહ ન હોય તો સંસારી જીવો જે રીતે સુખની કામનાથી દોડે છે તે રીતે યોગી ભોગાદિ અર્થે પ્રવૃત્તિ કરતા નથી, પરંતુ આત્મા નથી એવી સ્થિરબુદ્ધિથી સર્વ ભાવો પ્રત્યે તૃષ્ણા વગરના બને છે, જેનાથી પરંપરાએ મોક્ષ થાય છે. **॥૪૬૧॥**

**અવતરણિકા :-**

**ततः –**

**અવતરણિકાર્થ :-**

**તેથી શું? તે શ્લોકમાં બતાવે છે=આત્મામાં પ્રેમ વગર સુખની કામનાવાળો દોડતો નથી એમ પૂર્વશ્લોકમાં કહ્યું તેથી શું? તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**सत्यात्मनि स्थिरे प्रेम्णि, न वैराग्यस्य सम्भवः ।**
**न च रागवतो मुक्तिर्दातव्योऽस्या जलाञ्जलिः ।।४६२।।**

**અન્વયાર્થ :-**

**सत्यात्मनि स्थिरे प्रेम्णि=આત્મા અને પ્રેમ સ્થિર થયે છતે, वैराग्यस्य सम्भवः=વૈરાગ્યનો સંભવ, न=નથી, च=અને, रागवतः=રાગવાળાને, मुक्तिः न=મુક્તિ નથી તેથી, अस्याः=આને=મુક્તિને, जलाञ्जलिः=જલાંજલિ, दातव्यः=આપવી જોઈએ. ॥૪૬૨॥**

**શ્લોકાર્થ :-**

**આત્મા અને પ્રેમ સ્થિર થયે છતે વૈરાગ્યનો સંભવ નથી અને રાગવાળાને મુક્તિ નથી તેથી આને જલાંજલિ આપવી જોઈએ. ।।૪૬૨।।**

**ટીકા :-**

**सत्यात्मनि स्थिरे=स्थिररूपे, तथा प्रेम्णि स्थिररूप एव न=नैव, वैराग्यस्य सम्भवस्तृष्णाभावरूपः, न च रागवतो जीवस्य मुक्तिः, तस्मादात्मदर्शिभिः वादिभिः दातव्योऽस्याः=मुक्तेः, जलाञ्जलिर्लोकप्रसिद्धः, आत्मदर्शनवज्रपातेन तस्या उपहतत्वात् ।।४६२।।**

❖ 'तृष्णाभावरूपः'ના સ્થાને 'तृष्णाभावरूपस्य' પાઠ હોવો જોઈએ; કેમ કે 'वैराग्यस्य' નું વિશેષણ છે. પાઠશુદ્ધિ મળેલ નથી.

**ટીકાર્થ :-**

**सत्यात्मनि ..... उपहतत्वात् । આત્મા સ્થિર હોતે છતે=સ્થિર રૂપવાળો આત્મા હોતે છતે, અને સ્થિર રૂપ જ પ્રેમ હોતે છતે, તૃષ્ણાના અભાવરૂપ વૈરાગ્યનો સંભવ નથી જ અને રાગવાળા જીવને મુક્તિ નથી, તે કારણથી આત્મદર્શી એવા વાદીઓએ આને=મુક્તિને, લોકપ્રસિદ્ધ એવી જલાંજલિ આપવી જોઈએ; કેમ કે આત્મદર્શનરૂપી વજ્રપાતથી તેનું=મુક્તિનું, ઉપહતપણું છે. ।।૪૬૨।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનકાર કહે છે કે જે દર્શનવાદીઓ નૈરાત્મ્યદર્શનને માનતા નથી અને આત્મા છે એમ સ્થાપન કરવા અર્થે યત્ન કરે છે અને તે આત્મા નિત્ય છે તેમ કહે છે તેઓના મતાનુસાર આત્મા સ્થિર હોતે છતે પોતાના આત્મા ઉપર પ્રેમ પણ સ્થિર જ થશે, તેથી તૃષ્ણાના અભાવરૂપ વૈરાગ્યનો તેઓને સંભવ નથી અને આત્માને નિત્ય માનીને આત્મા પ્રત્યે રાગવાળા જીવને મુક્તિ પ્રાપ્ત થાય નહિ, તેથી આત્માને જોનારા એવા બધા વાદીઓએ મુક્તિને જલાંજલિ આપવી જોઈએ અર્થાત્ મુક્તિની પ્રાપ્તિની કામના કરવી જોઈએ નહિ; કેમ કે તે તે દર્શન અનુસાર આત્મદર્શન કરવા રૂપ વજ્રપાતથી મુક્તિનું ઉપહતપણું છે=મુક્તિને

અનુકૂળ પ્રયત્નનો અસંભવ છે, માટે જો તેઓ આત્માને નિત્ય માનીને પોતાના દર્શનને સ્થિર કરવા યત્ન કરતા હોય તો તેઓએ મુક્તિની પ્રાપ્તિની સંભાવના જ છોડી દેવી જોઈએ, આ પ્રકારે કહીને બૌદ્ધદર્શનકાર એ જ સ્થાપન કરે છે કે મુક્તિની પ્રાપ્તિ અર્થે રાગનો ત્યાગ આવશ્યક છે અને રાગનો ત્યાગ નૈરાત્મ્યદર્શનથી જ થઈ શકે, માટે મોક્ષપ્રાપ્તિનો ઉપાય નૈરાત્મ્યદર્શન જ છે, અન્ય કંઈ નથી. **॥૪૬૨॥**

**અવતરણિકા :-**

अत्र प्रतिविधीयते –

**અવતરણિકાર્થ :-**

**આમાં=શ્લોક-૪૫૮થી શ્લોક-૪૬૨ સુધી મોક્ષપ્રાપ્તિના ઉપાયના વિષયમાં બૌદ્ધમત બતાવ્યો એમાં, પ્રતિવિધાન કરાય છે=નિરાકરણ કરાય છે –**

**શ્લોક :-**

नैरात्म्यमात्मनोऽभावः, क्षणिको वाऽयमित्यदः ।
विचार्यमाणं नो युक्त्या, द्वयमप्युपपद्यते ।।४६३।।

**અન્વયાર્થ :-**

नैरात्म्यं=નૈરાત્મ્ય, आत्मनोऽभावः=આત્માનો અભાવ છે, वा=અથવા, अयमिति=આ=આત્મા, क्षणिकः=ક્ષણિક છે, अयं विचार्यमाणं द्वयमपि=આ વિચાર કરાતું દ્વય પણ, युक्त्या=યુક્તિથી, नो उपपद्यते=ઘટતું નથી. ।।૪૬૩।।

**શ્લોકાર્થ :-**

**નૈરાત્મ્ય આત્માનો અભાવ છે અથવા આ ક્ષણિક છે, આ વિચાર કરાતું દ્વય પણ યુક્તિથી ઘટતું નથી. ।।૪૬૩।।**

**ટીકા :-**

अत्र हि द्वयी कल्पना, नैरात्म्यं यद्दर्शनात्किल मुक्तिस्तत् आत्मनोऽभावः स्यादुत क्षणिको वा=क्षणमात्रस्थायी वा, अयमात्मा ? इतिर्विकल्पद्वयसमाप्त्यर्थः, ततः किमित्याह – अदः=एतत्, विचार्यमाणं=चिन्त्यमानं, नो=नैव, युक्त्या-शुद्धहेतुप्रयोगरूपया द्वयमपि=द्विरूपितमपि विकल्पितं, उपपद्यते=घटत इति ।।४६३।।

**ટીકાર્થ :-**

अत्र हि ..... घटत इति ।। અહીં=નૈરાત્મ્યના વિષયમાં, બે કલ્પના છે, જેના દર્શનથી ખરેખર મુક્તિ છે તે નૈરાત્મ્ય આત્માનો અભાવ થાય અથવા ક્ષણિક=ક્ષણમાત્ર સ્થાયી, આ આત્મા થાય, 'इति'

**શબ્દ=શ્લોકમાં રહેલો 'इति' શબ્દ, વિકલ્પદ્વયની સમાપ્તિઅર્થવાળો છે, તેનાથી શું=નૈરાત્મ્યના વિષયમાં બે વિકલ્પો કર્યા તેનાથી શું? એથી કહે છે-આ વિચાર કરાતું દ્વય પણ=બે રૂપવાળું પણ વિકલ્પિત, શુદ્ધ હેતુના પ્રયોગરૂપ યુક્તિથી ઘટતું નથી જ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૬૩।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૫૮થી શ્લોક-૪૬૨ સુધી ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે બૌદ્ધ મતાનુસાર મોક્ષપ્રાપ્તિનો ઉપાય નૈરાત્મ્યદર્શન છે, હવે તે મતનું નિરાકરણ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

જેના દર્શનથી મુક્તિની પ્રાપ્તિ થાય છે તે દર્શનના વિષયભૂત નૈરાત્મ્ય આત્માના અભાવરૂપ થઈ શકે અથવા પોતાને 'अहम्' રૂપે પ્રતીત થતો આત્મા ક્ષણિક છે તેમ સ્વીકારવાથી થઈ શકે; કેમ કે આત્મા સર્વથા ન હોય તો તેના અભાવનું દર્શન થઈ શકે અને ક્ષણિક હોય'તો વર્તમાનમાં છે, ઉત્તરમાં નથી, માટે ઉત્તરના પોતાના અભાવનું દર્શન થઈ શકે, આ બે વિકલ્પ સિવાય નૈરાત્મ્યને સ્વીકારવા માટે અન્ય કોઈ વિકલ્પ સંભવતો નથી.

વળી પદાર્થને જોનારી શુદ્ધ યુક્તિથી વિચારવામાં આવે તો બન્ને પણ વિકલ્પો સંગત થતા નથી અર્થાત્ આત્માનો સર્વથા અભાવ છે એ વિકલ્પ પણ સંગત થતો નથી અને આત્મા ક્ષણિક છે એ વિકલ્પ પણ સંગત થતો નથી, માટે જે વસ્તુ શુદ્ધ યુક્તિથી સંગત થતી ન હોય તેવી વસ્તુને સ્વીકારીને તેને મોક્ષનું કારણ કહેવું તે બુદ્ધિમાનને ઉચિત નથી, કેમ આ બન્ને વિકલ્પો શુદ્ધયુક્તિથી સંગત થતા નથી તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવે છે. **।।૪૬૩।।**

**અવતરણિકા :-**

**एतदेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=શ્લોક-૪૬૩માં નૈરાત્મ્યના વિષયમાં બે વિકલ્પો કર્યા, તેમાંથી પ્રથમ વિકલ્પને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**सर्वथैवात्मनोऽभावे, सर्वा चिन्ता निरर्थका ।**
**सति धर्मिणि धर्मा यच्चिन्त्यन्ते नीतिमद्वचः ।।४६४।।**

**અન્વયાર્થ :-**

**सर्वथैव=સર્વથા જ, आत्मनोऽभावे=આત્માનો અભાવ હોતે છતે, सर्वा चिन्ता=સર્વ ચિંતા=સ્વર્ગ મોક્ષાદિફલ વિષયક સર્વ ચિંતા, निरर्थका=નિરર્થક છે, यद्=જે કારણથી, सति धर्मिणि=ધર્મિ હોતે**

છતે=ધર્મિ એવો આત્મા હોતે છતે, धर्माः=ધર્મો=આત્માના મુક્ત અવસ્થા આદિ ધર્મો, चिन्त्यन्ते=વિચારાય છે, नीतिमद्वचः=એ પ્રકારે નીતિમાન પુરુષનું વચન છે. ।।૪૬૪।।

**શ્લોકાર્થ :-**

**સર્વથા જ આત્માનો અભાવ હોતે છતે સર્વ ચિંતા નિરર્થક છે, જે કારણથી ધર્મી હોતે છતે ધર્મો વિચારાય છે એ પ્રકારે નીતિમાન પુરુષનું વચન છે. ।।૪૬૪।।**

**ટીકા :-**

**सर्वथैव=द्वयरूपतयापि, आत्मनोऽभावे=विरहे, किमित्याह – सर्वा-स्वर्गमोक्षादिफला, चिन्ता-अनुष्ठानफलपर्यालोचनरूपा निरर्थका, फलभोक्तुः कस्यचित्कदाचिदभावात्, सति धर्मिणि-द्रव्यरूपे धर्मा विशेषाः यद्=यस्मात्, चिन्त्यन्त इति नीतिमद्वचो=नीतिधनपुरुषभाषितमिति, न हि वन्ध्यासुतादावेकान्तेनाविद्यमाने कश्चिद्विपश्चित्सुरूपकुरूपादीन्विशेषांश्चिन्तयितुमारभत इति ।।४६४।।**

**ટીકાર્થ :-**

**सर्वथैव ..... मारभत इति । સર્વથા જ=દ્વયરૂપપણાથી પણ=સંસારરૂપ અને મુક્તરૂપ બન્ને રૂપપણાથી પણ, આત્માનો અભાવ હોતે છતે=વિરહ હોતે છતે, શું? એથી કહે છે – સર્વ=સ્વર્ગ-મોક્ષાદિ ફ્લ વિષયક સર્વ, ચિંતા=અનુષ્ઠાનના ફ્લ પર્યાલોચનરૂપ ચિંતા, નિરર્થક છે; કેમ કે ફ્લભોક્તા એવા કોઈકનો ક્યારે પણ અભાવ છે=સદા અભાવ છે, જે કારણથી દ્રવ્યરૂપ ધર્મી હોતે છતે વિશેષ ધર્મો વિચારાય છે, એ પ્રમાણે નીતિમાન પુરુષનું વચન છે=નીતિધન પુરુષથી ભાષિત છે, 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

**हि=જે કારણથી, એકાંતથી અવિદ્યમાન એવા વંધ્યાસુતાદિમાં કોઈ બુદ્ધિમાન પુરુષ સુરૂપ-કુરૂપ આદિ વિશેષની ચિંતા કરવા માટે આરંભ કરતો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૬૪।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૪૬૩માં ક્ષણિકવાદી બૌદ્ધને કહ્યું કે નૈરાત્મ્યદર્શનથી મોક્ષ છે એમ જો તું માને છે તે નૈરાત્મ્ય આત્માના અભાવરૂપ છે કે આત્માના ક્ષણિકરૂપ છે, તેમાંથી આત્માના અભાવરૂપ નૈરાત્મ્ય સ્વીકારી શકાય નહિ તે બતાવવા અર્થે કહે છે –

જો આત્માનો સંસાર અવસ્થારૂપે અને મુક્ત અવસ્થારૂપે એમ બન્ને સ્વરૂપે સર્વથા અભાવ હોય તો જે આત્મા નથી તેના સ્વર્ગ કે મોક્ષફળની ચિંતા નિરર્થક છે અને તેના ઉપાયની ચિંતા પણ નિરર્થક છે; કેમ કે આત્મારૂપ ધર્મી જ ન હોય તો તેના વિશેષ ધર્મોની વિચારણા બુદ્ધિમાનપુરુષ કરે નહિ, તેથી જો આત્માનો સર્વથા અભાવ હોય તો નૈરાત્મ્યદર્શનથી મોક્ષ છે એ પ્રકારની વિચારણા કરવાનું જ કોઈ પ્રયોજન રહેતું નથી. જેમ જગતમાં વંધ્યા સ્ત્રીનો પુત્ર નથી, તેથી તેનો પુત્ર સુરૂપ છે કે કુરૂપ છે તેની વિચારણા કોઈ

બુદ્ધિમાન પુરુષ કરતો નથી, તેમ આત્માનો સંસારરૂપે પણ અભાવ હોય અને મોક્ષરૂપે પણ અભાવ હોય તેવા આત્માનું અદર્શન થવાથી પ્રેમનો અભાવ થાય તેથી મોક્ષ થાય છે એ પ્રમાણે કોઈ બુદ્ધિમાન પુરુષ વિચારણા કરે નહિ. માટે આત્માના અભાવરૂપ નૈરાત્મ્યદર્શનથી મોક્ષ છે એ વચન યુક્તિ રહિત છે. **॥૪૬૪॥**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**સર્વથા આત્માનો અભાવ સ્વીકારીએ તો શું દોષ આવે તેનો 'तथा' થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**नैरात्म्यदर्शनं कस्य, को वाऽस्य प्रतिपादकः ।**
**एकान्ततुच्छतायां हि, प्रतिपाद्यस्तथेह कः ।।४६५।।**

**અન્વયાર્થ :-**

**हि=સ્પષ્ટ, एकान्ततुच्छतायां=આત્માની એકાંત તુચ્છતા હોતે છતે, नैरात्म्यदर्शनं=નૈરાત્મ્યદર્શન, कस्य=કોને થાય?, वा=અથવા, अस्य=આનો=નૈરાત્મ્યદર્શનનો, प्रतिपादकः कः=પ્રતિપાદક કોણ થાય?, तथा=અને, इह=અહીં=નૈરાત્મ્યની પ્રજ્ઞાપના પ્રકૃત હોતે છતે, प्रतिपाद्यः कः=પ્રતિપાદ્ય કોણ છે? ।।૪૬૫।।**

**શ્લોકાર્થ :-**

**સ્પષ્ટ આત્માની એકાંત તુચ્છતા હોતે છતે નૈરાત્મ્યદર્શન કોને થાય? અથવા આનો પ્રતિપાદક કોણ થાય? અને અહીં પ્રતિપાદ્ય કોણ છે? ।।૪૬૫।।**

**ટીકા :-**

**नैरात्म्यदर्शनं कस्य द्रष्टुः को वास्य=नैरात्म्यस्य, प्रतिपादकः=प्रणेता, एकान्ततुच्छतायामात्मनः हिः=स्फुटम्, प्रतिपाद्यः=प्रज्ञापनीयः, 'तथा' इति समुच्चये, इह=नैरात्म्यप्रज्ञापनायां प्रकृतायाम्, को-न कश्चिदपीति ।।४६५।।**

**ટીકાર્થ :-**

**नैरात्म्यदर्शनं ..... कश्चिदपीति । સ્પષ્ટ આત્માની એકાંત તુચ્છતા હોતે છતે કયા દ્રષ્ટાને નૈરાત્મ્યદર્શન થાય? અથવા આનો=નૈરાત્મ્યનો, કોણ પ્રતિપાદક થાય?=કોણ પ્રણેતા થાય? અને અહીં=નૈરાત્મ્યપ્રજ્ઞાપના પ્રકૃત હોતે છતે, પ્રતિપાદ્ય=પ્રજ્ઞાપનીય, નૈરાત્મ્યદર્શન શબ્દથી કથનીય કોણ થાય? અર્થાત્ કોઈ થાય નહિ.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૬૫।।**

**ભાવાર્થ :-**

નૈરાત્મ્યદર્શનથી મોક્ષ થાય છે એમ સ્વીકારવામાં આત્માને એકાંત અભાવરૂપ નૈરાત્મ્ય સ્વીકારવામાં આવે તો ત્રણ વિકલ્પ સંભવે છે –

(૧) નૈરાત્મ્યને જોનારા દ્રષ્ટા કોણ છે અર્થાત્ આત્માનો સર્વથા અભાવ હોય તો જગતમાં નૈરાત્મ્યદર્શન કરનાર કોઈ પુરુષ નથી તેમ માનવું પડે.

(૨) નૈરાત્મ્યના પ્રણેતા કોણ પુરુષ છે અર્થાત્ કોઈ પુરુષ નથી તેમ માનવું પડે.

(૩) નૈરાત્મ્યનો વિષય આત્મા જ ન હોય તો દર્શનનો વિષય કે પ્રજ્ઞાપનાનો વિષય કોઈ નથી તેમ માનવું પડે.

વળી જો નૈરાત્મ્યનું દર્શન કરનાર કોઈ ન હોય, નૈરાત્મ્યનું પ્રતિપાદન કરનાર કોઈ ન હોય અને નૈરાત્મ્યના પ્રતિપાદનનો વિષય કોઈ ન હોય તો જ આત્માનો સર્વથા અભાવ છે તેમ કહી શકાય, પરંતુ નૈરાત્મ્યદર્શનથી મોક્ષ છે એ પ્રકારનું પ્રતિપાદન કરનાર વિદ્યમાન છે, તે દર્શન અનુસાર નૈરાત્મ્યદર્શન માટે યત્ન કરનાર યોગીઓ વિદ્યમાન છે અને તેના પ્રતિપાદનના વિષયભૂત આત્માનો અભાવ છે એમ કહેવામાં આવે, તેનાથી જ આત્માની સિદ્ધિ થાય છે અર્થાત્ સંસારરૂપે જે આત્મા દેખાય છે તેને સંસારના અભાવરૂપે જોવામાં આવે અર્થાત્ દેહ-કર્માદિથી રહિત સ્વરૂપે જોવામાં આવે તે નૈરાત્મ્યદર્શન છે તેમ કહેવામાં આવે તો કોઈ વિરોધની પ્રાપ્તિ થાય નહિ. **॥૪૬૫॥**

**અવતરણિકા :-**

**अथ ज्ञानवादिमतमाशंक्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જ્ઞાનવાદિમતની આશંકા કરીને પરિહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

જ્ઞાનવાદી બૌદ્ધ દર્શનકાર જ્ઞાનસ્વરૂપ જ આત્માનું દર્શન છે તેમ બતાવીને સર્વથા આત્માનો અભાવ સ્થાપન કરે છે તે મતની યુક્તિ બતાવીને તેનો પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**कुमारीसुतजन्मादिस्वप्नबुद्धिसमोदिता ।**
**भ्रान्तिः सर्वेयमिति चेन्ननु सा धर्म एव हि ।।४६६।।**

**અન્વયાર્થ :-**

**कुमारीसुतजन्मादिस्वप्नबुद्धिसमा=કુમારી કન્યાને પુત્રજન્માદિના સ્વપ્નની બુદ્ધિ સમાન, उदिता=પ્રતિપાદન**

કરાયેલી, सर्वा इयं=સર્વ આ=પ્રતિપાદ્ય-પ્રતિપાદકાદિરૂપ સર્વ આ, भ्रान्तिः इति चेन्ननु=ભ્રાંતિ છે એ પ્રમાણે જો પૂર્વપક્ષ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – सा=તે=ભ્રાંતિ, धर्म एव हि=કોઈ વસ્તુનો ધર્મ જ છે, અભાવ નથી. ॥૪૬૬॥

**શ્લોકાર્થ :-**

**કુમારી કન્યાને પુત્રજન્માદિના સ્વપ્નની બુદ્ધિ સમાન પ્રતિપાદન કરાયેલી સર્વ આ ભ્રાંતિ છે એ પ્રમાણે જો પૂર્વપક્ષ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – તે કોઈ વસ્તુનો ધર્મ જ છે, અભાવ નથી. ॥૪૬૬॥**

**ટીકા :-**

**कुमार्याः=अद्याप्यप्राप्तविवाहाया, या सुतजन्मादिस्वप्नबुद्धिः तत्समोदिता=प्रतिपादिता, भ्रान्तिः सर्वेयं प्रतिपाद्यप्रतिपादकादिरूपा इति=एवम्, चेद्यदि ब्रूषे हे ज्ञानवादिन्? तथा चैतदार्षम् – 'यथा कुमारी स्वप्नान्तरेऽस्मिञ्जातं च पुत्रं विगतं च पश्येत्, जाते च हृष्टा, विगते च खिन्ना, तथोपमान् जानत सर्वधर्मान्।।१।।' अत्र प्रतिविधीयते ननु- इति परपक्षाक्षमायां सा=कुमारीसुतजन्मादिबुद्धिः, धर्म एव हि=अवस्थाविशेष एव, नापरं किञ्चित् ।।४६६।।**

**ટીકાર્થ :-**

'कुमार्याः ..... किञ्चित् । કુમારીની=હજી પણ અપ્રાપ્ત વિવાહવાળી સ્ત્રીની, જે પુત્રજન્માદિ સ્વપ્નબુદ્ધિ, તેની સમાન કહેવાયેલી=પ્રતિપાદન કરાયેલી, સર્વ પ્રતિપાદ્ય-પ્રતિપાદિકારૂપ આ ભ્રાંતિ છે એ પ્રમાણે જો હે જ્ઞાનવાદી તું કહે છે અને તે પ્રમાણે આ જ્ઞાનવાદીનું આર્ષ છે – જે પ્રમાણે કુમારી સ્વપ્નાંતર એવા આમાં થયેલા પુત્રને અને મરેલા પુત્રને જુએ છે અને થયેલા પુત્રને જોઈને હર્ષિત થાય છે અને મરેલાને જોઈને ખિન્ન થાય છે તેવી ઉપમાવાળા સર્વ ધર્મોને તું જાણ.

અહીં=પૂર્વપક્ષીએ કુમારીના દૃષ્ટાંતથી નૈરાત્મ્યદર્શનના પ્રતિપાદ્ય-પ્રતિપાદકાદિ પદાર્થોની સંગતિ કરી એમાં, પ્રતિવિધાન કરે છે=તેનું નિરાકરણ કરે છે – શ્લોકમાં 'ननु' શબ્દ પરપક્ષની અક્ષમામાં છે, તે=કુમારીની સુતજન્માદિની બુદ્ધિ, ધર્મ જ છે=અવસ્થાવિશેષ જ છે=કુમારિકાની તથાપ્રકારની પરિણતિરૂપ અવસ્થાવિશેષ જ છે, પરંતુ બીજું કંઈ નથી. ॥૪૬૬॥

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનમાં જ્ઞાનવાદી મત છે અને તે કહે છે કે જ્ઞાનથી અતિરિક્ત જગતમાં કોઈ વસ્તુ નથી તેમ જ્ઞાનથી અતિરિક્ત આત્મા પણ નથી અને પોતાનો આત્મા નથી છતાં જ્ઞાનસ્વરૂપ છે તેમ દેખાય છે, જેમ બાહ્ય ઘટ-પટાદિ નથી છતાં જ્ઞાનસ્વરૂપ દેખાય છે અને 'જ્ઞાનસ્વરૂપ દેખાતો આત્મા નથી' એ પ્રકારના ભાવનથી આત્માનો અભાવ પ્રતિત થાય ત્યારે 'હું છું' એ પ્રકારનું જ્ઞાન નિવર્તન પામે છે, તેથી આત્મા પ્રત્યે સ્નેહ થતો નથી, તેથી આત્માની મુક્તિ થાય છે.

વળી જ્ઞાનથી અતિરિક્ત આત્મા નથી તે સ્પષ્ટ કરવા જ્ઞાનવાદી બૌદ્ધ દૃષ્ટાંત બતાવે છે –

જેમ કોઈ કુમારી કન્યા હોય અને તેને પૂર્વમાં આવેલા સ્વપ્ન કરતાં અન્ય એવું પુત્રજન્મનું સ્વપ્ન આવે ત્યારે તે હર્ષિત થાય છે, વળી સ્વપ્નાંતરમાં તે પુત્ર મરી ગયો છે તેવું જ્ઞાન થાય છે ત્યારે તે ખિન્ન થાય છે તેના જેવા જ જગતના સર્વ પદાર્થો છે અર્થાત્ જ્ઞાનમાં દેખાય છે, વાસ્તવિક જ્ઞાનથી અતિરિક્ત કોઈ વસ્તુ નથી તેમ આત્મા પણ નથી, તેથી નૈરાત્મ્યનો પ્રતિપાદક અને નૈરાત્મ્યનો જોનાર અને નૈરાત્મ્યના પ્રતિપાદકથી પ્રતિપાદ્ય એવું નૈરાત્મ્ય કુમારી કન્યાની પુત્રજન્માદિના સ્વપ્નની બુદ્ધિ જેવું ભ્રાંતિરૂપ છે, વાસ્તવિક રીતે જેમ તે કન્યાને કોઈ પુત્ર થયો નથી અને કોઈ પુત્રનું મૃત્યુ થયું નથી તેમ નૈરાત્મ્યને જોનાર કોઈ પુરુષ નથી. તેનો પ્રણેતા કોઈ પુરુષ નથી, ફક્ત ભ્રાંતિ સ્વરૂપ જ્ઞાનનો જ પરિણામ છે. આ પ્રકારના પૂર્વપક્ષીના વચનને અપ્રમાણભૂત માનતા ગ્રંથકારશ્રી 'ननु' થી કહે છે –

તે કુમારીના સુતજન્માદિની બુદ્ધિ ધર્મ જ છે=કુમારી કન્યાની અવસ્થાવિશેષ જ છે બીજું કંઈ નથી, આ કથનથી જ્ઞાનવાદીમતનું નિરાકરણ કઈ રીતે થાય છે તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે. **॥૪૬૬॥**

**અવતરણિકા :-**

कुत इत्याह –

**અવતરણિકાર્થ :-**

**કેમ?=કુમારી કન્યાના સુતજન્માદિની બુદ્ધિ કેમ ધર્મ જ છે? એથી કહે છે –**

**શ્લોક :-**

**कुमार्या भाव एवेह, यदेतदुपपद्यते ।**
**वन्ध्यापुत्रस्य लोकेऽस्मिन्न जातु स्वप्नदर्शनम् ।।४६७।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, इह=અહીં=જગતમાં, कुमार्या भाव एव=કુમારીના ભાવમાં જ, एतद्=આ=પ્રકૃત સ્વપ્નદર્શન, उपपद्यते=ઉપપન્ન થાય છે, अस्मिन् लोके=આ લોકમાં, वन्ध्यापुत्रस्य=વંધ્યાપુત્રને, जातु=ક્યારેય, स्वप्नदर्शनम् न=સ્વપ્નદર્શન નથી. ॥૪૬૭॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં કુમારીના ભાવમાં જ આ ઉપપન્ન થાય છે, આ લોકમાં વંધ્યાપુત્રને ક્યારેય સ્વપ્નદર્શન નથી. ॥૪૬૭॥**

**ટીકા :-**

**कुमार्याः=कुमारीरूपायाः स्त्रियाः, भाव एव=सत्तायामेव, इह=जगति, यद्=यस्मात्, एतत्=प्रकृतं स्वप्नदर्शनम्, उपपद्यते, अत्रैव व्यतिरेकेण प्रतिवस्तूपमामाह – वन्ध्यापुत्रस्य प्रतीतरूपस्य लोकेऽस्मिन् न=नैव, जातु=कदाचित्, स्वप्नदर्शनम्, तथा कुमारीसमः कश्चिदवस्थित एवात्माभ्युपगन्तव्यः, यस्येमे तत्त्वचिन्तादयो विशेषाः सुतजन्मादिस्वप्नबुद्धिसमा भवद्भिः कल्प्यन्त इति ।।४६७।।**

**ટીકાર્થ :-**

**कुमार्याः ..... कल्प्यन्त इति । કુમારીના ભાવમાં જ=કુમારી રૂપ સ્ત્રીની સત્તામાં જ, જે કારણથી અહીં=જગતમાં, આ=પ્રકૃત સ્વપ્નદર્શન, ઘટે છે, આમાં જ=શ્લોકના પૂર્વાર્ધના કથનમાં જ, વ્યતિરેકથી પ્રતિવસ્તુની ઉપમાને કહે છે – પ્રતીતિરૂપ એવા વંધ્યાપુત્રને આ લોકમાં ક્યારેય સ્વપ્નદર્શન નથી જ, તે રીતે કુમારીની જેમ કોઈક અવસ્થિત જ આત્મા સ્વીકારવો જોઈએ, જેને આ તત્ત્વચિંતાદિ વિશેષો=મોક્ષનો ઉપાય શું છે ઈત્યાદિ તત્ત્વચિંતાદિ વિશેષો, પુત્રજન્માદિના સ્વપ્નની બુદ્ધિ જેવા તમારા વડે કલ્પાય છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૬૭॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનવાદી બૌદ્ધ કુમારીના સુતજન્માદિના સ્વપ્નની બુદ્ધિના દૃષ્ટાંતથી આત્મા નથી તેમ સ્થાપન કરે છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

જગતમાં કુમારીની સત્તા જ વિદ્યમાન છે, જેથી તેને સુતજન્માદિના સ્વપ્નની બુદ્ધિ થાય છે. જો કુમારીની સત્તા જ ન હોય તો તેને સ્વપ્નદર્શન થઈ શકે નહિ, જેમ વંધ્યાપુત્રની જગતમાં સત્તા નથી, તેથી ક્યારેય વંધ્યાપુત્રને સ્વપ્નદર્શન થતું નથી. માટે જો આત્માની સત્તા ન હોય તો તેને કુમારીના સ્વપ્ન જેવું નૈરાત્મ્યદર્શન કે નૈરાત્મ્યદર્શનનું પ્રતિપાદન થઈ શકે નહિ, માટે માનવું જોઈએ કે પુરુષ વિદ્યમાન છે તે જ મોક્ષની ચિંતા કરે છે, મોક્ષના ઉપાયની ચિંતા કરે છે, માટે સર્વથા આત્માનો અભાવ છે તેમ કહેવું ઉચિત નથી, પરંતુ સંસારઅવસ્થારૂપે આત્માનો અભાવ જોવા માટેનો અને દેહાદિથી પૃથક્ એવા શુદ્ધ આત્માને જોવા માટેનો યત્ન તે નૈરાત્મ્યદર્શન છે તેમ બૌદ્ધ સ્વીકારે તો સ્યાદ્વાદનો સ્વીકાર થાય અર્થાત્ કથંચિદ્ આત્મા સંસારરૂપ છે અને કથંચિદ્ આત્મા મુક્ત સ્વરૂપ છે અને મુક્ત આત્માના સ્વરૂપને જોવાથી અને તેમાં લીન થવાથી મુક્ત આત્મા સદૃશ રાગાદિ રહિત અવસ્થા પ્રગટે છે અને સંસાર સ્વરૂપે આત્માને અભાવરૂપે જોવા માટે કરાયેલા યત્નથી મુક્તિ પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારી શકાય, પરંતુ સર્વથા આત્માનો અભાવ સ્વીકારવામાં આવે તો મોક્ષના ઉપાયની ચિંતા આદિ ધર્મો કોઈના નથી એમ પ્રાપ્ત થાય તેથી 'નૈરાત્મ્યદર્શનથી મુક્તિ છે' એ પ્રકારે ચિંતવન કરનાર કોઈ પુરુષ નથી, તેમ પ્રાપ્ત થાય અને મોક્ષના ઉપાયો ચિંતવન કરનારા યોગીઓ છે એ સ્વ-અનુભવથી સિદ્ધ છે. તેથી સર્વથા આત્માનો અભાવ સ્વીકારવો સંગત થાય નહિ. **॥૪૬૭॥**

**અવતરણિકા :-**

**अथ द्वितीयपक्षमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે બીજા પક્ષને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૬૩માં પ્રશ્ન કરેલ કે જેના દર્શનથી તમે મુક્તિ માનો છો તે નૈરાત્મ્ય આત્માના અભાવરૂપ છે કે આત્માના "ક્ષણિકરૂપ" છે તેમાં આત્માના અભાવરૂપ નૈરાત્મ્યદર્શન સ્વીકારી શકાય નહિ, એ પ્રથમ પક્ષની વિચારણા કર્યા પછી આત્મા ક્ષણિક છે એ પ્રકારના બીજા પક્ષને આશ્રયીને કહે છે –

**શ્લોક :-**

**क्षणिकत्वं तु नैवास्य, क्षणादूर्ध्वं विनाशतः ।**
**अन्यस्याभावतोऽसिद्धेरन्यथाऽन्वयभावतः ।।४६८।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, अस्य=આનું=આત્માનું, क्षणिकत्वं=ક્ષણિકપણું, नैव=ઘટતું નથી જ, क्षणादूर्ध्वं विनाशतः अन्यस्याभावतोऽसिद्धेः=કેમ કે ક્ષણ પછી વિનાશ હોવાને કારણે અન્યનો અભાવ હોવાથી અસિદ્ધિ છે=આત્માની અનુત્પત્તિ છે, अन्यथा=અન્યથા=પૂર્વક્ષણના આત્માથી ઉત્તરક્ષણનો આત્મા થાય છે એમ સ્વીકારવાથી, अन्वयभावतः=અન્વયનો ભાવ હોવાને કારણે=પૂર્વક્ષણવાળા અને ઉત્તરક્ષણવાળા આત્મામાં અન્વયિ દ્રવ્ય હોવાને કારણે આત્માનું ક્ષણિકપણું ઘટતું નથી એમ અન્વય છે. ।।૪૬૮।।**

**શ્લોકાર્થ :-**

**વળી આનું ક્ષણિકપણું ઘટતું નથી જ; કેમ કે ક્ષણ પછી વિનાશ હોવાને કારણે અન્યનો અભાવ હોવાથી અસિદ્ધિ છે, અન્યથા અન્વયનો ભાવ હોવાને કારણે આત્માનું ક્ષણિકપણું ઘટતું નથી એમ અન્વય છે. ।।૪૬૮।।**

**ટીકા :-**

**क्षणिकत्वं तु=एकक्षणस्थायित्वं पुनः, नैवास्य=आत्मनो, युज्यते, कुत इत्याह – क्षणात् स्वरूपलाभसमयलक्षणात् ऊर्ध्वं=उपरि विनाशतः=सर्वथोपरमात्, अन्यस्य=अनन्तरलक्षणस्य, अभावतः= अभावाद्वन्ध्यासुतादिप्रख्यात्, असिद्धेः=अनुत्पत्तेः, अन्यथा- यदि भावादेव भावसिद्धिरभ्युपगम्यते तदा अन्वयभावतः=अन्वयसम्भवात्, पूर्वक्षणस्यैव कथञ्चिदभावीभूतस्यान्वयानुवृत्तिः कार्यतया भवनादित्यर्थः (भवनमित्यर्थः) तस्य भावतः=सम्भवात्, इदमुक्तं भवति – यदि सर्वथा क्षणिक**

एवायमात्मा, तदा तस्य द्वितीयक्षणे सर्वथोच्छेदेन हेतोरभावान्नोत्तरक्षणप्रसूतिः प्रसज्यते, अथोत्तरक्षणप्रसूतिरभ्युपगम्यते, तदा पूर्वक्षणस्यैव कथञ्चिदभावीभूतस्योत्तरकार्यतया भवनेनान्वयः समाढौकत इति ।।४६८।।

❖ અહીં ટીકામાં 'कार्यतया भवनादित्यर्थः' પાઠ છે તેના સ્થાને 'कार्यतया भवनमित्यर्थः' એ પ્રમાણે પાઠ જોઈએ.

**ટીકાર્થ :–**

**क्षणिकत्वं ..... समाढौकत इति । વળી ક્ષણિકપણું=એક ક્ષણસ્થાયિપણું, આનું=આત્માનું, ઘટતું નથી જ, કેમ ઘટતું નથી? એથી કહે છે – ક્ષણથી=સ્વરૂપના લાભના સમયરૂપ ક્ષણથી ઊર્ધ્વમાં વિનાશ હોવાને કારણે=સર્વથા ઉપરમ હોવાને કારણે, અન્યનો અભાવ હોવાથી=પછીની ક્ષણ સ્વરૂપ આત્માનો વંધ્યાસુતાદિ નામનો અભાવ હોવાથી, અસિદ્ધિ હોવાના કારણે=અનુત્પત્તિ હોવાના કારણે, આત્માનું ક્ષણિકપણું ઘટતું નથી=પછીની ક્ષણમાં 'આત્મા ન હોય તો મુક્તિ અર્થે તત્ત્વચિંતનાદિ કરનાર આત્મા ઘટતો નથી એમ અન્વય છે. અન્યથા=સ્વરૂપ લાભની પછીની ક્ષણમાં આત્માનો અભાવ નથી પરંતુ જો ભાવથી જ ભાવની સિદ્ધિ સ્વીકારાય છે તો અન્વયનો ભાવ હોવાને કારણે=અન્વયનો સંભવ હોવાને કારણે અર્થાત્ કથંચિદ્ અભાવીભૂત એવા પૂર્વના ક્ષણના જ અન્વયની અનુવૃત્તિ=કાર્યપણાથી ભવન, તેનો ભાવ હોવાથી=સંભવ હોવાથી, ક્ષણિકત્વ નથી એમ અન્વય છે, આ કહેવાયેલું થાય છે=શ્લોકના કથનથી આગળ કહે છે એ કહેવાયેલું થાય છે – જો સર્વથા ક્ષણિક જ આ આત્મા છે તો તેની બીજી ક્ષણમાં સર્વથા ઉચ્છેદ હોવાને કારણે=આત્માનો સર્વથા ઉચ્છેદ હોવાને કારણે હેતુનો અભાવ હોવાથી=ઉત્તરની ક્ષણના આત્માની નિષ્પત્તિના હેતુનો અભાવ હોવાથી, ઉત્તરની ક્ષણની પ્રસૂતિ પ્રાપ્ત થાય નહિ, હવે જો ઉત્તરની ક્ષણની પ્રસૂતિ સ્વીકારાય છે તો કથંચિદ્ અભાવીભૂત એવી પૂર્વની ક્ષણનું જ ઉત્તરના કાર્યપણાથી ભવનને કારણે અન્વય=કથંચિદ્ ધ્રુવ આત્મા, સંપ્રાપ્ત થાય છે. 'इति' શબ્દ 'इदमुक्तं भवति'ના કથનથી સમાપ્તિ માટે છે. ।।૪૬૮।।**

**ભાવાર્થ :–**

બૌદ્ધદર્શનકાર નૈરાત્મ્ય દર્શનથી મુક્તિ માને છે અને પોતાના આત્માને ક્ષણિકરૂપે સ્વીકારીને તે નૈરાત્મ્યદર્શન સ્વીકારે તો એ પ્રાપ્ત થાય કે પોતાનો આત્મા વર્તમાનક્ષણમાં છે, પછી નથી, તેથી પોતાના આત્માને ક્ષણિક જોવા રૂપે નૈરાત્મ્યદર્શન કરવાથી પોતાના આત્મા પ્રત્યે રાગ થાય નહિ, તેથી મુક્તિ થાય છે એમ બૌદ્ધમત પ્રમાણે સિદ્ધ થાય, પરંતુ આત્માનું ક્ષણિકપણું સંગત થતું નથી; કેમ કે ક્ષણ પછી આત્માનો વિનાશ હોવાને કારણે ઉત્તરક્ષણમાં અન્યનો અભાવ થવાથી આત્માની સર્વથા અસિદ્ધિ થાય, તેથી સ્વરૂપ લાભ ક્ષણ પછી જો આત્મા ન હોય તો નૈરાત્મ્યદર્શન કરનાર કોઈ નથી તેમ સિદ્ધ થાય, તેથી મુક્તિ અર્થે નૈરાત્મ્યદર્શન ઉપાય છે એમ કહેવું અર્થ વગરનું છે અને જો બૌદ્ધદર્શનકાર કહે કે ક્ષણિક એવા આત્માના ભાવથી જ ઉત્તરના આત્માનો ભાવ થાય છે તો પૂર્વક્ષણના અને ઉત્તરક્ષણના આત્મા વચ્ચે અન્વયનો ભાવ છે; કેમ કે પ્રથમ ક્ષણનો આત્મા બીજી ક્ષણમાં સર્વથા ઉચ્છેદ થતો હોય તો ઉત્તરક્ષણના આત્માની પ્રસૂતિના

હેતુના અભાવની પ્રાપ્તિ થાય, તેથી ઉત્તરક્ષણના આત્માની ઉત્પત્તિ થઈ શકે નહિ અને ક્ષણ સંતાનરૂપ આત્મા છે તેમ સ્વીકારીને ઉત્તરના ક્ષણના આત્માની પ્રસૂતિ પૂર્વક્ષણના આત્માથી થાય છે એમ બૌદ્ધદર્શનકાર સ્વીકારે તો પૂર્વક્ષણનો આત્મા કોઈક સ્વરૂપથી અભાવરૂપ થયો અને ઉત્તરક્ષણના કાર્યરૂપે થયો તેમ માનવું પડે, તેથી દરેક ક્ષણના વર્તતા આત્મામાં અન્વયરૂપે ધ્રુવ આત્મદ્રવ્ય છે તેમ પ્રાપ્ત થાય, તેથી પૂર્વની ક્ષણનો આત્મા પોતાના પૂર્વના સ્વરૂપને ત્યાગ કરીને પોતાના ઉત્તરના સ્વરૂપને પ્રાપ્ત કરે છે તેમ અનુભવ અનુસાર માનવું જોઈએ અને તેમ સ્વીકારીએ તો ઉત્તરના પોતાના આત્માની મુક્તિ અર્થે તત્ત્વની વિચારણા થાય અને મુક્તિના ઉપાયના સેવનથી પોતાના સંસારના પરિભ્રમણરૂપ પર્યાયનો ઉચ્છેદ થાય છે અને સર્વથા ઉપદ્રવ રહિત મુક્ત અવસ્થાની પ્રાપ્તિ થાય છે તેમ યુક્તિ અને અનુભવ અનુસાર સ્વીકારવું જોઈએ એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૬૮॥**

**અવતરણિકા :-**

एतदेव भावयति –

**અવતરણિકાર્થ :-**

**આને જ=ભાવથી ભાવની નિષ્પત્તિ સ્વીકારીને ક્ષણસંતાન આત્મા સ્વીકારવામાં આવે તો તે ક્ષણસંતાનમાં અન્વયની પ્રાપ્તિ છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

भावाऽविच्छेद एवायमन्वयो गीयते यतः ।
स चानन्तरभावित्वे, हेतोरस्याऽनिवारितः ।।४६९।।

**અન્વયાર્થ :-**

यतः=જેનાથી=જે ભાવથી, अयं भावाऽविच्छेद एव=ભાવનો અવિચ્છેદ જ, अन्वयः=આ અન્વય, गीयते=કહેવાયો છે, च=અને, अस्य=આના=ઉત્તર ક્ષણના કાર્યના, हेतोः=હેતુથી=પ્રાચ્યક્ષણથી, अनन्तरभावित्वे=અનંતર ભાવિપણામાં, स=તે=અન્વય, अनिवारितः=અનિવારિત છે. ॥૪૬૯॥

**શ્લોકાર્થ :-**

**જેનાથી આ ભાવનો અવિચ્છેદ જ અન્વય કહેવાયો છે અને આના હેતુથી અનંતરભાવિપણામાં તે અનિવારિત છે. ॥૪૬૯॥**

**ટીકા :-**

भावाऽविच्छेद एव=सद्रूपताऽवित्रुटनमेव, अयम् अत्यसम्भवः प्राक्प्रतिपादितः, अन्वयः=अनुवृत्तिः, गीयते यतो=यस्मात्सकाशात्, स च=स पुनः, अन्वयः अनन्तरभावित्वे अव्यवहितोत्पादे, कुत

**इत्याह – हेतोः प्राच्यक्षणात्सकाशात्, अस्य=कार्यस्य, अनिवारितः=अप्रतिस्खलितः, हेतुस्वरूपानुकारिण एव कार्यस्योपलम्भात् ।।४६९।।**

**ટીકાર્થ :-**

**भावाऽविच्छेद ..... कार्यस्योपलम्भात् । જેનાથી આ=પૂર્વમાં કહેવાયેલો અત્યસંભવ અર્થાત્ પૂર્વશ્લોકમાં કહ્યું એ પ્રમાણે કંઈક અસંભવ છે પરંતુ સર્વથી અસંભવ નથી એવો આ, ભાવનો અવિચ્છેદ જ= સદ્રૂપતાનું અવિત્રુટન જ, અન્વય=અનુવૃત્તિ કહેવાય છે, વળી તે અન્વય અનંતર ભાવિપણામાં= અવ્યવહિત ઉત્પાદમાં, કોનાથી અવ્યવહિત ઉત્પાદમાં? એથી કહે છે – આના=કાર્યના, પ્રાચ્યક્ષણરૂપ હેતુથી અવ્યવહિત ઉત્પાદમાં, અનિવારિત છે=અન્વય અપ્રતિસ્ખલિત છે; કેમ કે હેતુના સ્વરૂપના અનુકારી જ કાર્યનો ઉપલંભ છે=હેતુમાં વર્તતા સ્વરૂપને અનુસરનાર જ કાર્યનો ઉપલંભ છે. ।।૪૬૯।।**

**ભાવાર્થ :-**

દરેક વસ્તુથી ઉત્તરક્ષણમાં ભાવનો અવિચ્છેદ જ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે વસ્તુની સદ્રૂપતાનું અવિત્રુટન જ થાય છે એ અવિત્રુટન અન્વય કહેવાયો છે=કોઈક અવસ્થા જવા છતાં પૂર્વની અવસ્થાનો ઉત્તરમાં સર્વથા અસંભવનથી પરંતુ કંઈક પૂર્વની અવસ્થાનો સંભવ હોવા છતાં અન્ય અવસ્થારૂપે સંભવ છે, તેથી પૂર્વની અવસ્થા કરતાં કંઈક અતિક્રાંત અવસ્થારૂપે જે ઉત્તરની ક્ષણનો સંભવ છે તે અન્વય કહેવાયો છે. આ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધથી અન્વય વસ્તુ શું છે તે સ્પષ્ટ કર્યું. હવે શ્લોકના ઉત્તરાર્ધથી તે અન્વય દરેક પદાર્થમાં છે, માટે એકાંતે આત્મા ક્ષણિક નથી, પરંતુ કથંચિદ્ ધ્રુવ છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

ઉત્તરની ક્ષણના કાર્યનો હેતુ એવી પ્રાચ્યક્ષણથી ઉત્તરની ક્ષણનું અનંતરભાવિપણું હોતે છતે તે અન્વય દરેક પદાર્થમાં અનિવારિત છે; કેમ કે પૂર્વક્ષણના હેતુના સ્વરૂપનું કંઈક અનુસરણ કરીને ઉત્તરની ક્ષણના કાર્યની પ્રાપ્તિ થાય છે, તેથી નક્કી થાય છે કે પૂર્વની ક્ષણવાળી વસ્તુના કંઈક સ્વરૂપનો ત્યાગ થાય છે અને કંઈક સ્વરૂપનું અનુસરણ થાય છે એવા પ્રકારના કાર્યનો ઉપલંભ છે, તેથી પૂર્વક્ષણ અને ઉત્તરક્ષણ વચ્ચે અનુગત એવી કોઈક ધ્રુવ વસ્તુ છે, માટે એકાંત ક્ષણિક વસ્તુ નથી તેમ સિદ્ધ થાય છે, આથી જ દરેક આત્માનું પ્રતિક્ષણ કંઈક પરાવર્તન થવા છતાં પૂર્વની ક્ષણનું કોઈક સ્વરૂપ ઉત્તરની ક્ષણમાં અનુવૃત્તિ રૂપે છે, તેથી જ હેતુથી અનંતર ભાવિ એવું કાર્ય થયું છે એ પ્રકારની પ્રતીતિ થાય છે, તેથી હેતુરૂપ પ્રાચ્યક્ષણ અને કાર્યરૂપ ઉત્તરક્ષણ વચ્ચે અન્વય ધ્રુવ છે અને શ્લોકના પૂર્વાર્ધમાં કહ્યું એ પ્રમાણે ભાવના અવિચ્છેદરૂપ જ અન્વય છે, તેથી એકાંત ક્ષણિક આત્મા નથી, પરંતુ કથંચિદ્ ક્ષણિક હોવા છતાં કથંચિદ્ ધ્રુવ છે તેમ જ સ્વીકારવું જોઈએ. **।।૪૬૯।।**

**અવતરણિકા :-**

**अपि च स क्षणिकोऽर्थः १ स्वनिवृत्तिस्वभावो, २ अन्यजननस्वभावो, ३ उभयस्वभावो, वा स्यादिति तिस्रः कल्पनाः, ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**અને વળી તે ક્ષણિક અર્થ સ્વનિવૃત્તિ સ્વભાવવાળો થાય, અન્યજનન સ્વભાવવાળો થાય અથવા ઉભય સ્વભાવવાળો થાય, એ પ્રકારની ત્રણ કલ્પના થઈ શકે, તેનાથી શું? એથી શ્લોકમાં કહે છે -**

**ભાવાર્થ :-**

નૈરાત્મ્યદર્શનથી મુક્તિ છે એમ કહેનાર બૌદ્ધદર્શનવાદી નૈરાત્મ્યના વિષયભૂત આત્માને ક્ષણિક સ્વીકારે તો તે આત્માનું ક્ષણિકપણું ઉચિત નથી તે બતાવવા અર્થે ક્ષણિક આત્માના સ્વીકારના વિષયમાં ત્રણ વિકલ્પો સંભવી શકે તે બતાવીને તે ત્રણ વિકલ્પોની વિચારણા કરવા અર્થે કહે છે –

ક્ષણિક એવો આત્મા બીજી ક્ષણમાં સ્વનિવૃતિ સ્વભાવવાળો છે માટે ક્ષણિક છે એમ કહી શકાય અથવા અન્ય જનન સ્વભાવવાળો છે=ઉત્તરની ક્ષણના પદાર્થને ઉત્પન્ન કરવાના સ્વભાવવાળો છે તેમ સ્વીકારી શકાય અથવા પોતાની ક્ષણના નિવૃત્તિના અભાવપૂર્વક ઉત્તરની ક્ષણના જનનરૂપ ઉભય સ્વભાવવાળો છે તેમ સ્વીકારી શકાય. આ ત્રણ વિકલ્પોથી ક્ષણિકત્વની વિચારણા થઈ શકે, એ સિવાય અન્ય વિકલ્પ સંભવી શકે નહિ, આ રીતે ત્રણ વિકલ્પ કર્યા પછી તેનાથી શું પ્રાપ્ત થાય છે તે શ્લોકમાં કહે છે –

**શ્લોક :-**

**स्वनिवृत्तिस्वभावत्वे क्षणस्य नापरोदयः ।**
**अन्यजन्मस्वभावत्वे स्वनिवृत्तिरसङ्गता ।।४७०।।**

**અન્વયાર્થ :-**

**क्षणस्य स्वनिवृत्तिस्वभावत्वे=ક્ષણનું સ્વનિવૃત્તિ સ્વભાવપણું હોતે છતે, अपरोदयः न=અપરનો ઉદય નથી=બીજી ક્ષણવાળી વસ્તુનું અસ્તિત્વ નથી, अन्यजन्मस्वभावत्वे=અન્યજન્મસ્વભાવપણું હોતે છતે=પૂર્વની ક્ષણનું અન્ય ક્ષણવાળી વસ્તુના જન્મને કરવાનું સ્વભાવપણું હોતે છતે, स्वनिवृत्तिः=સ્વનિવૃત્તિ=પ્રથમક્ષણવાળી વસ્તુની નિવૃત્તિ, असङ्गता=અસંગત છે. ।।૪૭૦।।**

**શ્લોકાર્થ :-**

**ક્ષણનું સ્વનિવૃત્તિ સ્વભાવપણું હોતે છતે અપરનો ઉદય નથી, અન્યજન્મસ્વભાવપણું હોતે છતે સ્વનિવૃત્તિ અસંગત છે. ।।૪૭૦।।**

**ટીકા :-**

**स्वनिवृत्तिस्वभावत्वे क्षणस्य न=नैव, अपरोदयः-उत्तरक्षणप्रसूतिरूपः स्यात्, तज्जनकस्य कस्यचिद-भावात्, द्वितीयविकल्पमधिकृत्याह – अन्यजन्मस्वभावत्वे=प्राच्यक्षणस्योत्तरक्षणजननैकस्वभावत्वे, स्वनिवृत्तिः=आत्मोपरमलक्षणा, असङ्गता=अघटमाना, तस्यान्यजननैकस्वभावादिति ।।४७०।।**

**ટીકાર્થ :-**

**स्वनिवृत्तिस्वभावत्वे ..... स्वभावादिति । ક્ષણનું=વર્તમાન ક્ષણવાળી વસ્તુનું, સ્વનિવૃત્તિ સ્વભાવપણું હોતે છતે=વર્તમાનની ક્ષણવાળી વસ્તુ ઉત્તરક્ષણમાં નાશ પામે તેવું સ્વભાવપણું હોતે છતે, અપરનો ઉદય=ઉત્તરક્ષણની પ્રસૂતિરૂપ અપરનો ઉદય=ઉત્તરક્ષણ સ્વરૂપે વસ્તુની પ્રાપ્તિરૂપ વસ્તુનો ઉદય, ન જ થાય; કેમ કે તેના જનક એવા કોઈકનો અભાવ છે=ઉત્તરક્ષણની વસ્તુની જનક એવી કોઈક પૂર્વ ક્ષણવાળી વસ્તુનો અભાવ છે.**

**બીજા વિકલ્પને આશ્રયીને=અવતરણિકામાં કરેલા ત્રણ વિકલ્પમાંથી બીજા વિકલ્પને આશ્રયીને, શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે –**

**અન્યજન્મસ્વભાવપણું હોતે છતે=પ્રાચ્ય ક્ષણવાળી વસ્તુનું ઉત્તરક્ષણવાળી વસ્તુનું જનન કરવાના એક સ્વભાવપણું હોતે છતે, સ્વની નિવૃત્તિ=પૂર્વક્ષણવાળી વસ્તુના ઉપરમરૂપ નિવૃત્તિ, અસંગત થાય=અઘટમાન થાય; કેમ કે તેનું=પૂર્વક્ષણવાળી વસ્તુનું, અન્ય જનન એક સ્વભાવપણું છે અર્થાત્ પોતાના ઉપરમનો સ્વભાવ નથી, પરંતુ અન્યના જનનનો એક સ્વભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૭૦।।**

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદી નૈરાત્મ્યદર્શનથી મુક્તિ માને છે અને તે નૈરાત્મ્યદર્શન કરવા અર્થે કહે છે કે આત્મા ક્ષણિક છે તે સ્વરૂપે જ તેને જોવાથી નૈરાત્મ્યદર્શન થાય છે અને તેનાથી મુક્તિ થાય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે આત્માને ક્ષણિક સ્વીકારવા માટે ત્રણ વિકલ્પ થઈ શકે છે, તેમાંથી પ્રથમ વિકલ્પ સ્વીકારવામાં આવે કે આત્મા ઉત્પત્તિક્ષણમાં જ સ્વનિવૃત્તિ સ્વભાવવાળો હોય છે તેમ સ્વીકારીએ તો ઉત્પત્તિક્ષણવાળા આત્માની બીજી ક્ષણમાં નિવૃત્તિ થાય, પરંતુ બીજીક્ષણમાં જે ઉત્તરની ક્ષણવાળો આત્મા પ્રતીત થાય છે તેની પ્રાપ્તિ થવી જોઈએ નહિ; કેમ કે ક્ષણિક એવા આત્માનો સ્વનિવૃત્તિ સ્વભાવ જ છે, તેથી ઉત્તરની ક્ષણવાળા આત્માનો જનક કોઈ નથી, માટે આત્માનો સ્વનિવૃત્તિ સ્વભાવ સ્વીકારીને આત્માને ક્ષણિક કહેવામાં આવે તો ઉત્તરની ક્ષણમાં પ્રાપ્ત થતા આત્માનો વિરોધ પ્રાપ્ત થાય.

તેથી બૌદ્ધદર્શનકાર બીજો વિકલ્પ સ્વીકારે અને કહે કે અન્ય જનન સ્વભાવ હોવાથી પૂર્વક્ષણના આત્માથી ઉત્તરક્ષણનો આત્મા ઉત્પન્ન થાય છે તેને ગ્રંથકારશ્રી કહે છે – જો ક્ષણિક એવા આત્માનો અન્ય જનન સ્વભાવ માત્ર હોય તો ઉત્તરની ક્ષણમાં તેની=પૂર્વનાક્ષણવાળી વસ્તુની નિવૃત્તિ થવી જોઈએ નહિ; કેમ કે તેનો અન્ય જનન એક સ્વભાવ છે, તેથી તે ઉત્તરની ક્ષણના આત્માને માત્ર ઉત્પન્ન કરી શકે, પરંતુ પોતે નિવૃત્ત થાય નહિ. **।।૪૭૦।।**

**અવતરણિકા :-**

**अथ तृतीयविकल्पस्याश्रयेण स्वमतमेव स्थापयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્રીજા વિકલ્પના આશ્રયણથી સ્વમતને જ સ્થાપન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૭૦ની અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ ક્ષણિકવાદીને આત્મા ક્ષણિક સ્વીકારવા અર્થે ત્રણ વિકલ્પો બતાવ્યા અને તેમાંથી બે વિકલ્પો ક્ષણિકવાદને સ્થાપન કરવા સમર્થ થતા નથી તેમ બતાવ્યું, તેથી અનન્ય ગતિથી ક્ષણિકવાદીને ત્રીજો વિકલ્પ સ્વીકારવો પડે અને તે ત્રીજો વિકલ્પ સ્વીકારવાથી સ્યાદ્વાદનું સ્થાપન થાય છે, ક્ષણિકવાદનું નહિ તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**इत्थं द्वयैकभावत्वे, न विरुद्धोऽन्वयोऽपि हि ।**
**व्यावृत्त्याद्येकभावत्वयोगतो भाव्यतामिदम् ।।४७१।।**

**અન્વયાર્થ :-**

**इत्थं=આ રીતે=શ્લોક-૪૭૦ની અવતરણિકામાં ત્રણ વિકલ્પો બતાવેલા તેમાંથી બે વિકલ્પો અસંગત છે તેમ શ્લોક-૪૭૦માં સ્થાપન કર્યું તેથી હવે અવશેષ ત્રીજો વિકલ્પ ઉપસ્થિત થાય છે એ રીતે, द्वयैकभावत्वे=દ્રયના એકભાવપણામાં=સ્વનિવૃત્તિ અને અપર જનનરૂપ દ્રયના એક ભાવપણામાં, अन्वयोऽपि हि=અન્વય પણ, विरुद्धः न=વિરુદ્ધ નથી, व्यावृत्त्याद्येकभावत्वयोगतो=વ્યાવૃત્તિ આદિ એક ભાવત્વના યોગથી, इदं=આ=અન્વય વિરુદ્ધ નથી એ, भाव्यताम्=ભાવન કરવું જોઈએ. ।।૪૭૧।।**

**શ્લોકાર્થ :-**

**આ રીતે દ્રયના એકભાવપણામાં અન્વય પણ વિરુદ્ધ નથી, વ્યાવૃત્તિ આદિ એકભાવત્વના યોગથી આ ભાવન કરવું જોઈએ. ।।૪૭૧।।**

**ટીકા :-**

इत्थम् उक्तप्रकारं द्वयं स्वनिवृत्त्यपरजननलक्षणं तस्यैकभावत्वे=विवक्षितैकवस्तुरूपतायां सत्याम्, न विरुद्धो=अयुक्तः, अन्वयोऽपि हि किं पुनः प्रकृतमेव द्वयमित्यपिशब्दार्थः, कुत इत्याह –व्यावृत्तिः स्वगता, आदिशब्दादपरजननं, तयोः एकभावत्वं कथञ्चिदेकरूपत्वात् तद्योगतः भाव्यतां= मीमांस्यतामिति, उभयस्वभावत्वे हि यदेव किञ्चिन्निवर्तते तदेवापरजन्मस्वभावमपरात्मभावस्वभावरूपं वर्तत इति बलाच्छब्दार्थान्यथानुपपत्त्याऽन्वयः सिद्ध इति ।।४७१।।

**ટીકાર્થ :-**

इत्थमुक्तप्रकारं ..... सिद्ध इति । આ રીતે ઉક્તપ્રકાર રૂપ સ્વનિવૃત્તિ-અપર જનનસ્વરૂપ દ્રય તેનું

**એક ભાવપણું હોતે છતે=વિવક્ષિત એક વસ્તુરૂપતા હોતે છતે, અન્વય પણ વિરુદ્ધ નથી=અયુક્ત નથી, શું વળી પ્રકૃત દ્રય જ? એ 'अन्वयोऽपि हि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, કેમ અન્વય વિરુદ્ધ નથી? એથી કહે છે – સ્વગત વ્યાવૃત્તિ અને 'आदि' શબ્દથી અપરનું જનન એ બેનું એકભાવપણું તેના યોગથી=કથંચિદ્ એકરૂપપણાને કારણે એકભાવપણાના યોગથી, અન્વય વિરુદ્ધ નથી એ ભાવન કરવું જોઈએ=સૂક્ષ્મ વિચારણા કરવી જોઈએ. 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે. ઉભયસ્વભાવપણામાં જે જ કંઈક નિવર્તન પામે છે=જે જ વસ્તુ કોઈક અંશથી નિવર્તન પામે છે, તે જ વસ્તુ અપર જન્મ સ્વભાવ=અપર એવા આત્મભાવ સ્વભાવરૂપ વર્તે છે એ પ્રકારના બલથી શબ્દાર્થની અન્યથા અનુપપત્તિને કારણે અન્વય સિદ્ધ છે. 'इति' શબ્દ 'उभयस्वभावत्वे'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ॥૪૭૧॥**

**ભાવાર્થ :-**

ક્ષણિકવાદના સ્થાપન માટે પૂર્વપક્ષી પદાર્થનો ઉભય સ્વભાવ સ્વીકારે તો અન્વયનો વિરોધ નથી અર્થાત્ પદાર્થ પ્રતિક્ષણ સ્વનિવૃત્તિ અને અપર જન્મરૂપ એક સ્વભાવવાળો છે તેમ સ્વીકારવામાં આવે તો તે એક સ્વભાવવાળો પદાર્થ જ સતત પૂર્વક્ષણથી કોઈક અવસ્થાની નિવૃત્તિ કરે છે અને અન્ય અવસ્થારૂપે પરિણમન પામે છે તેવો એક સ્વભાવ તે વસ્તુનો છે તેમ સ્વીકારવાથી પૂર્વ-ઉત્તરક્ષણમાં અનુવૃત્તિરૂપ ધ્રુવ એવા આત્માનો એક સ્વભાવ છે કે પૂર્વક્ષણની પરિણતિથી નિવૃત્તિ થઈને ઉત્તરક્ષણની પરિણતિરૂપ થાય, તેથી પ્રતિક્ષણ થતી પરિણતિઓમાં અનુગત ધ્રુવ એવો એક આત્મા છે તેમ અનુભવ અનુસાર તત્ત્વના અર્થી જીવે ભાવન કરવું જોઈએ, આ કથનને જ યુક્તિથી ટીકાકારશ્રી સ્પષ્ટ કરે છે –

જો પદાર્થમાં ઉભય સ્વભાવ સ્વીકારવામાં આવે તો જે જ કંઈક નિવર્તન પામે છે તે જ વસ્તુ કંઈક અપર સ્વરૂપે થાય તે પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય અને આ પ્રકારના શબ્દના અર્થની પૂર્વક્ષણની અને ઉત્તરક્ષણની વચ્ચે અન્વય દ્રવ્ય ન સ્વીકારવામાં આવે તો અનુપપત્તિ થવાથી તે પ્રકારના અર્થની સંગતિ માટે અન્વય દ્રવ્ય સ્વીકારવું જોઈએ, માટે પદાર્થમાં અન્વય સિદ્ધ છે. **॥૪૭૧॥**

**અવતરણિકા :-**

**अथ प्रकृतयोजनामाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રકૃતમાં યોજનાને કહે છે –**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી નૈરાત્મ્યદર્શનથી મુક્તિ માને છે અને તે નૈરાત્મ્યદર્શનના વિષયભૂત આત્માનો અભાવ સ્વીકારીએ તો તે સંગત નથી અને નૈરાત્મ્યદર્શનનો વિષયભૂત આત્મા ક્ષણિક સ્વીકારીએ તો તે પણ સંગત નથી તેમ અત્યાર સુધી સ્થાપન કર્યું અને યુક્તિથી બતાવ્યું કે પ્રતિક્ષણ નાશ પામતા પણ આત્મામાં

અન્વયરૂપ ધ્રુવ આત્મા છે, હવે અન્વયરૂપ ધ્રુવ આત્મા સ્વીકારવારૂપ પ્રકૃતમાં ક્ષણિકવાદના અસ્વીકારથી જે પ્રકારના દોષોની પ્રાપ્તિ છે તે પ્રકારના કોઈ દોષોની પ્રાપ્તિ નથી એ પ્રકારની યોજનાને કહે છે –

**શ્લોક :-**

**अन्वयार्थश्च न आत्मा, चित्रभावो यतो मतः ।**
**न पुनर्नित्य एवेति, ततो दोषो न कश्चन ।।४७२।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, अन्वयार्थः आत्मा न=અન્વયાર્થ આત્મા નથી=ધ્રુવરૂપ આત્મા નથી, यतः=જે કારણથી, चित्रभावः मतः=ચિત્ર ભાવવાળો મનાયો છે, पुनः=પરંતુ, नित्य एव न=નિત્ય જ મનાયો નથી, ततो दोषो न कश्चन=તેથી કોઈ દોષ નથી=એકાંત નિત્યવાદમાં પ્રાપ્ત થતા કોઈ દોષની પ્રાપ્તિ નથી.**

**इति='इति' શબ્દ પાદપૂર્તિ માટે છે. ।।૪૭૨।।**

**શ્લોકાર્થ :-**

**વળી અન્વયાર્થ આત્મા નથી, જે કારણથી ચિત્રભાવવાળો મનાયો છે, પરંતુ નિત્ય જ મનાયો નથી, તેથી કોઈ દોષ નથી. ।।૪૭૨।।**

**ટીકા :-**

अन्वयार्थस्योत्पादव्ययध्रौव्यलक्षणस्य वस्तुनो योऽन्वयरूपोंऽशः पुनर्ध्रौव्यनामा, नोऽस्माकं, आत्मा चित्रभावो=नानाविधपरिणामो, यतो मतो=अभिप्रेतः, व्यवच्छेद्यमाह – न पुनर्नित्य एव=अप्रच्युतानुत्पत्ति-स्थिरैकरूपः पराभ्युपगतः, इतिः पादपरिसमाप्तौ, ततो – नित्यत्वप्रतिषेधाद्, दोषो बन्धमोक्षाद्यनुपपत्ति-रूपो न कश्चनेति ।।४७२।।

**ટીકાર્થ :-**

अन्वयार्थस्यो ..... कश्चनेति । ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ અન્વયાર્થ વસ્તુનો જે અન્વયરૂપ અંશ વળી ધ્રૌવ્ય નામનો છે એ અમારા મતે આત્મા નથી, જે કારણથી ચિત્ર ભાવવાળો=જુદા જુદા પ્રકારના પરિણામવાળો, આત્મા મનાયો છે=જૈનશાસનને અભિપ્રેત છે.

વ્યવચ્છેદ્યને કહે છે – પરંતુ નિત્ય જ નથી=અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એક સ્વરૂપવાળો પર વડે સ્વીકારાયેલો નિત્ય જ આત્મા નથી, શ્લોકમાં 'इति' શબ્દ પાદની પરિસમાપ્તિમાં છે, તેથી=એકાંત નિત્યત્વનો પ્રતિષેધ કર્યો તેથી, બંધ-મોક્ષ આદિની અનુપપત્તિરૂપ કોઈ દોષ નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૭૨।।

**ભાવાર્થ :-**

સ્યાદ્વાદીના મતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ વસ્તુ છે તે વસ્તુના ધ્રૌવ્ય અંશરૂપ માત્ર આત્મા સ્યાદ્વાદી સ્વીકારતા નથી, પરંતુ આત્માને જુદા જુદા પ્રકારના પરિણામવાળો સ્વીકારે છે અર્થાત્ સંસાર અવસ્થામાં નર-નરકાદિ અવસ્થાવાળો આત્મા સ્વીકારે છે આ કથનથી શેનો વ્યવચ્છેદ થાય છે તે શ્લોકના ઉત્તરાર્ધથી બતાવે છે -

એકાંત નિત્યવાદી એવા નૈયાયિક આદિ આત્માને પોતાના સ્વરૂપથી અપ્રચ્યુત કોઈ સ્વરૂપે અનુપપન્ન અને સ્થિર એક સ્વરૂપવાળો માને છે તેવો એકાંતનિત્ય જ આત્મા સ્યાદ્વાદી માનતા નથી, તેથી એકાંત નિત્યવાદીને બંધ-મોક્ષાદિની અનુપપત્તિરૂપ જે દોષની પ્રાપ્તિ થાય છે તે દોષની આપત્તિ ક્ષણીકવાદી બૌદ્ધ નૈયાયિકને આપે છે. તે દોષોની પ્રાપ્તિ સ્યાદ્વાદીના મતમાં નથી. **॥૪૭૨॥**

**અવતરણિકા :-**

**परप्रयुक्तदूषणोत्तरायाऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**પરપ્રયુક્ત દૂષણનો ઉત્તર આપવા માટે=બૌદ્ધદર્શનવાદી દ્વારા કહેવાયેલ કે આત્માને નિત્ય માનવાથી નિત્યરૂપે આત્માના દર્શનથી આત્મા ઉપર સ્નેહ થશે, તેથી આત્માની મુક્તિ થશે નહિ એ પ્રકારના અપાયેલા પરના દૂષણનો ઉત્તર આપવા માટે, ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न चात्मदर्शनादेव, स्नेहो यत्कर्महेतुकः ।**
**नैरात्म्येऽप्यन्यथाऽयं स्याज्ज्ञानस्यापि स्वदर्शनात् ।।४७३।।**

**અન્વયાર્થ :-**

**च=અને, आत्मदर्शनादेव स्नेहः न=આત્મદર્શનથી જ સ્નેહ નથી=આત્મા વિષયક સ્નેહ નથી, यत्=જે કારણથી, कर्महेतुकः=કર્મહેતુ સ્નેહ છે, अन्यथा=અન્યથા=કર્મહેતુક સ્નેહ ન સ્વીકારવામાં આવે તો, नैरात्म्येऽपि=નૈરાત્મ્યમાં પણ, अयं स्यात्=આ થાય=સ્નેહ થાય, ज्ञानस्यापि स्वदर्शनात्=કેમ કે જ્ઞાનનું પણ સ્વદર્શન છે=સ્વસંવેદનથી પ્રત્યક્ષ છે. ।।૪૭૩।।**

**શ્લોકાર્થ :-**

**અને આત્મદર્શનથી જ સ્નેહ નથી, જે કારણથી કર્મહેતુક સ્નેહ છે, અન્યથા નૈરાત્મ્યમાં પણ આ થાય; કેમ કે જ્ઞાનનું પણ સ્વદર્શન છે. ।।૪૭૩।।**

**ટીકા :-**

**न चात्मदर्शनादेव=आत्माऽवलोकनमात्रात्, स्नेह आत्मविषय एव, कुतः? – यत्=यस्मात्, कर्महेतुकः चारित्रमोहनीयकर्मनिमित्तः स्नेहः, अत्रैव विपक्षे बाधामाह – नैरात्म्येऽपि पराभ्युपगते सति अन्यथा=कर्महेतुत्वानभ्युपगमे सति, अयं स्नेहः स्यात्=भवेत्, कुत इत्याह, ज्ञानस्यापि-क्षणमात्रस्थायिनः स्वदर्शनात्=स्वसंवेदनप्रत्यक्षेण समवलोकनात् ।।४७३।।**

**ટીકાર્થ :-**

**न चात्मदर्शना ..... समवलोकनात् । આત્મદર્શનથી જ=આત્માના અવલોકન માત્રથી, આત્મવિષયક જ સ્નેહ નથી, શેનાથી આત્મવિષયક સ્નેહ છે? એથી કહે છે – જે કારણથી કર્મહેતુક ચારિત્રમોહનીય કર્મ નિમિત્ત સ્નેહ છે, આના વિષયક જ=આત્માના દર્શનથી આત્મા ઉપર સ્નેહ સ્વીકારવાના વિષયક જ, વિપક્ષમાં=નૈરાત્મ્યદર્શનમાં, બાધાને કહે છે=નૈરાત્મ્યદર્શનમાં પણ સ્નેહની આપત્તિરૂપ બાધાને કહે છે – પર વડે સ્વીકારાયેલું નૈરાત્મ્ય હોતે છતે પણ અન્યથા=કર્મના હેતુત્વનો અસ્વીકાર કરાયે છતે=સ્નેહપ્રાપ્તિનું કારણ કર્મ છે એ પ્રમાણે અસ્વીકાર કરાયે છતે, આ સ્નેહ થાય=નૈરાત્મ્યદર્શનમાં પણ સ્નેહ થાય, કેમ નૈરાત્મ્યદર્શનમાં સ્નેહ થાય? એથી કહે છે – જ્ઞાનનું પણ=ક્ષણમાત્રસ્થાયી એવા જ્ઞાનનું પણ, સ્વદર્શન હોવાથી=સ્વસંવેદન પ્રત્યક્ષ વડે સમવલોકન હોવાથી, જ્ઞાન સ્વરૂપ પોતાના પ્રત્યે સ્નેહ થાય. ।।૪૭૩।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી કહે છે કે આત્માને ધ્રુવ સ્વીકારવાથી પોતાના આત્મા ઉપર સ્નેહ થાય છે અને જ્યાં સુધી સ્નેહ હોય ત્યાં સુધી મુક્તિ થઈ શકે નહિ, માટે આત્મા નથી એ પ્રકારનું નૈરાત્મ્યદર્શન જ મોક્ષનો ઉપાય છે અને તે નૈરાત્મ્યદર્શન સંગત નથી તેમ ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું, તેથી કથંચિદ્ ધ્રુવ આત્માની સિદ્ધિ થઈ, છતાં ધ્રુવ આત્મા સ્વીકારવાથી આત્મા ઉપર સ્નેહ થાય છે એમ સ્વીકારવામાં આવે તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે નહિ, એ પ્રકારના પરથી અપાયેલા દૂષણના નિવારણ માટે ગ્રંથકારશ્રી કહે છે-

આત્માના અવલોકનમાત્રથી આત્માના વિષયમાં સ્નેહ થાય છે તેમ નથી, પરંતુ ચારિત્રમોહનીય કર્મના નિમિત્તે આત્મા ઉપર સ્નેહ થાય છે, આથી જ સંસારી જીવોને ચારિત્રમોહનીયકર્મના ઉદયથી દેહથી અભિન્ન દેખાતા આત્મા પ્રત્યે સ્નેહ થાય છે અને દેહથી અભિન્ન એવા પોતાના આત્માને સુખી કરવા અર્થે ધનઅર્જનાદિ કરે છે અને વિવેકદૃષ્ટિ ખૂલે છે ત્યારે શરીરથી અભિન્ન એવા આત્મા પ્રત્યેના સ્નેહનો ત્યાગ કરીને યોગીઓ શરીરથી ભિન્ન એવા આત્મા પ્રત્યે સ્નેહ કરે છે અને તે સ્નેહ દ્વારા જ રાગાદિ આકુળતા કરાવનાર મોહનીય કર્મનો નાશ કરે છે ત્યારે રાગાદિ અનાકુળ આત્મા પ્રત્યે પણ સ્નેહ રહેતો નથી; કેમ કે સ્નેહ નિમિત્તક કર્મોના નાશથી સ્નેહનો અભાવ થાય છે, માટે આત્માના દર્શનમાત્રથી આત્મા ઉપર સ્નેહ થતો નથી અને જો આત્માના દર્શનથી આત્મા ઉપર અવશ્ય સ્નેહ થાય એમ સ્વીકારવામાં આવે તો

નૈરાત્મ્યદર્શનમાં પણ સ્નેહ થવો જોઈએ; કેમ કે નૈરાત્મ્યદર્શન એ જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે અને જ્ઞાનનો ઉપયોગ સ્વસંવેદનથી પોતાને થઈ રહ્યો છે તે સંવેદનરૂપ જ્ઞાનમાં તેને સ્નેહ થાય, તેથી સ્નેહના ઉચ્છેદનો ઉપાય નૈરાત્મ્યદર્શન નથી, પરંતુ સ્નેહના હેતુ એવા ચારિત્રમોહનીય કર્મનો નાશ સ્નેહના નાશનો ઉપાય છે. ॥૪૭૩॥

**શ્લોક :-**

**अध्रुवेक्षणतो नो चेत्, कोऽपराधो ध्रुवेक्षणे ।**
**तद्गता कालचिन्ता चेन्नासौ कर्मनिवृत्तितः ॥४७४॥**

**અન્વયાર્થ :-**

**अध्रुवेक्षणतः=અધ્રુવ ઈક્ષણથી=આત્મા અધ્રુવ છે એ પ્રમાણે જોવાથી, नो चेत्=સ્નેહ નથી એમ જો બૌદ્ધ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ध्रुवेक्षणे=ધ્રુવ ઈક્ષણમાં=આત્માના ધ્રુવ અવલોકનમાં, कः अपराधः=શું અપરાધ છે? જેથી સ્નેહ થાય?, तद्गता कालचिन्ता चेत्=જો પૂર્વપક્ષી કહે કે તદ્ગત કાલચિંતા છે=આત્માવિષયક આગામી કાળની ચિંતા સ્નેહનું કારણ છે તેને ગ્રંથકારશ્રી કહે છે – असौ=આ=ધ્રુવ આત્મા વિષયક કાલચિંતા, कर्मनिवृत्तितः न=કર્મનીનિવૃત્તિને કારણે નથી. ॥૪૭૪॥**

**શ્લોકાર્થ :-**

**અધ્રુવ ઈક્ષણથી સ્નેહ નથી એમ જો બૌદ્ધ કહે તો ગ્રંથકારશ્રી કહે છે – ધ્રુવ ઈક્ષણમાં શું અપરાધ છે? જેથી સ્નેહ થાય? જો પૂર્વપક્ષી કહે કે તદ્ગત કાલચિંતા છે તેને ગ્રંથકારશ્રી કહે છે – આ કર્મનીનિવૃત્તિને કારણે નથી. ॥૪૭૪॥**

**ટીકા :-**

**अध्रुवेक्षणतो=अध्रुवस्यास्थिरस्यात्मन एवावलोकनात्, नो चेद्यदि स्नेहः, आचार्यः पृच्छति – कोऽपराधो ध्रुवेक्षणे=ध्रुवस्य-नियतस्यात्मनोऽवलोकने? अथ परः – तद्गता=नित्यात्मविषया कालचिन्ता – 'आगामिनि काले सुखप्राप्तिदुःखपरिहारौ कथं मे स्याताम्' एवंरूपा चेत्=यदि, आचार्यः - न=नैव, असौ चिन्ता कुत इत्याह – कर्मनिवृत्तितः=सिद्धयोगानां योगिनामुपप्लवहेतुकर्मह्रासात् ॥४७४॥**

**ટીકાર્થ :-**

अध्रुवेक्षणतो ..... कर्मह्रासात् । **અધ્રુવ ઈક્ષણથી=અધ્રુવ-અથિર આત્માના જ અવલોકનથી, સ્નેહ નથી એમ જો પૂર્વપક્ષી કહે તો આચાર્ય પૂછે છે – ધ્રુવ ઈક્ષણમાં=ધ્રુવરૂપ નિત્ય આત્માના અવલોકનમાં શું, અપરાધ છે? અહીં પર કહે છે – તદ્ગત=ધ્રુવ આત્માગત=નિત્ય આત્મા વિષયક, કાલચિંતા થાય છે=આગામી કાલમાં સુખની પ્રાપ્તિ અને દુઃખનો પરિહાર કેવી રીતે મને થાય, એવા સ્વરૂપવાળી**

**કાલચિંતા થાય છે એમ જો પૂર્વપક્ષી કહે તો આચાર્ય કહે છે – આ ચિંતા નથી જ, કેમ નથી એથી કહે છે – કર્મની નિવૃત્તિ હોવાને કારણે=સિદ્ધયોગવાળા યોગીઓને ઉપપ્લવના હેતુ કર્મનો હ્રાસ હોવાને કારણે, આગામી કાલની ચિંતા નથી એમ અન્વય છે. ॥૪૭૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં ગ્રંથકારશ્રીએ બૌદ્ધદર્શનકારને કહ્યું કે કર્મહેતુક સ્નેહ ન માનવામાં આવે તો નૈરાત્મ્યદર્શનમાં પણ સ્નેહ થાય, ત્યાં બૌદ્ધદર્શનકાર કહે કે આત્માને અધ્રુવ માનવાથી સ્નેહ ન થાય તેને ગ્રંથકારશ્રી પૂછે છે – આત્માને ધ્રુવ માનવામાં શું અપરાધ છે? જેથી સ્નેહ થાય? ત્યાં બૌદ્ધદર્શનકાર કહે છે કે પોતાનો આત્મા ધ્રુવ છે તેવો બોધ થવાથી ધ્રુવ આત્મગત આગામી કાલમાં મને સુખની પ્રાપ્તિ થાય અને દુઃખનો પરિહાર થાય એ વિષયક ચિંતા પ્રવર્તે છે તેથી આત્મા ઉપર સ્નેહ થાય છે તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે મહાત્માઓએ સાધના કરીને ચારિત્રમોહનીય કર્મની નિવૃત્તિ પ્રાપ્ત કરી છે તે મહાત્માઓને આગામી કાલની ચિંતા થતી નથી, ; કેમ કે આત્માનાં અનિચ્છાના સ્વરૂપનો ત્યાગ કરાવીને ઇચ્છાના ઉપપ્લવને કરાવનારા ચારિત્રમોહનીયકર્મ છે. તેનો નાશ થયેલ છે. માટે આત્માને કથંચિદ્ ધ્રુવ અને કથંચિદ્ અધ્રુવ સ્વીકારવો જોઈએ, જેથી સંસાર અને મોક્ષની સંગતિ થાય અને મોક્ષના ઉપાયોમાં યોગીની પ્રવૃત્તિની સંગતિ થાય; કેમ કે ધ્રુવ એવો આત્મા કર્મ નિમિત્તક સ્નેહના ઉચ્છેદમાં યત્ન કરીને સ્નેહવાળી અવસ્થાનો ત્યાગ કરીને વીતરાગ બને છે એ કથન કથંચિદ્ ધ્રુવ આત્માને સ્વીકારીને અન્ય અન્ય પર્યાયરૂપે થાય છે તેમ સ્વીકારવાથી સંગત થાય છે. **॥૪૭૪॥**

**અવતરણિકા :-**

एतदेव भावयति –

**અવતરણિકાર્થ :-**

**આને જ=આત્માને ધ્રુવ જોવા છતાં કર્મની નિવૃત્તિને કારણે આગામી કાલની ચિંતા થતી નથી એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**उपप्लववशात्प्रेम, सर्वत्रैवोपजायते ।**
**निवृत्ते तु न तत्तस्मिन्, ज्ञाने ग्राह्यादिरूपवत् ।।४७५।।**

**અન્વયાર્થ :-**

**उपप्लववशात्=ઉપપ્લવના વશથી=ચિત્તના સંક્લેશના વશથી, सर्वत्रैव=સર્વત્ર જ, प्रेम=પ્રેમ, उपजायते=ઉત્પન્ન થાય છે, तु=વળી, तस्मिन् निवृत्ते=તે નિવૃત્ત થયે છતે=ઉપપ્લવ નિવૃત્ત થયે છતે, तत् न=તે નથી=પ્રેમ નથી, ज्ञाने=જ્ઞાનમાં, ग्राह्यादिरूपवत्=ગ્રાહ્યાદિરૂપની જેમ. ॥૪૭૫॥**

**શ્લોકાર્થ :-**

**ઉપપ્લવના વશથી સર્વત્ર જ પ્રેમ ઉત્પન્ન થાય છે, વળી તે નિવૃત્ત થયે છતે તે નથી, જ્ઞાનમાં ગ્રાહ્યાદિરૂપની જેમ. ।।૪૭૫।।**

**ટીકા :-**

**उपप्लववशात्=संक्लेशायत्ततया, प्रेम=प्रतिबन्धः सर्वत्रैव=बाह्याभ्यन्तररूपे वस्तुनि, उपजायते, निवृत्ते तु=निवृत्तिभाजि पुनः, न तत्=प्रेम, तस्मिन्नुपप्लवे जायते, दृष्टान्तमाह 'ज्ञाने' तथागतसम्बन्धिन्युपप्लवव्यावृत्तौ भवन्मतेन 'ग्राह्यादिरूपवत्', तथा च तव सिद्धान्तः –**

'ग्राह्यं न तस्य ग्रहणं न तेन, ज्ञानान्तरग्राह्यतयापि शून्यम्।

तथापि च ज्ञानमप्य(या)प्रकाशः, प्रत्यक्षतस्तस्य तथाधि(वि)रासीत्।।१।।' ।।४७५।।

**ટીકાર્થ :-**

**उपप्लववशात् ..... रासीत्।।१ । ઉપપ્લવના વશથી=સંક્લેશના આધીનપણાથી, સર્વત્ર જ=બાહ્ય-અભ્યંતર રૂપ વસ્તુમાં=બાહ્ય એવા ધનાદિમાં અને અભ્યંતર એવા પોતાના ભાવોમાં અને પોતાના આત્મારૂપ વસ્તુમાં, પ્રતિબંધરૂપ પ્રેમ થાય છે, વળી તે ઉપપ્લવ નિવૃત્ત થયે છતે તે=પ્રેમ થતો નથી.**

**દૃષ્ટાંતને કહે છે=ઉપદ્રવ નિવૃત્ત થયે છતે પ્રેમ થતો નથી તેમાં દૃષ્ટાંતને કહે છે – તથાગત સંબંધી જ્ઞાનમાં ઉપપ્લવની વ્યાવૃત્તિ થયે છતે તમારા મતથી ગ્રાહ્યાદિ રૂપની જેમ=તથાગતના જ્ઞાનમાં ઉપપ્લવનો નાશ થવાને કારણે ગ્રાહ્ય એવા ઘટ-પટાદિના રૂપની નિવૃત્તિ થાય છે તેમ પ્રેમ નિવૃત્ત થાય છે અને તે રીતે=તથાગત સંબંધી જ્ઞાનમાં ઉપપ્લવની નિવૃત્તિ થયે છતે ગ્રાહ્યાદિરૂપની નિવૃત્તિ થાય છે તે રીતે, તમારો સિદ્ધાંત છે.**

"તેનું=ઉપપ્લવ વગરના તથાગતના જ્ઞાનનું, ગ્રાહ્ય નથી, તેના વડે ગ્રહણ નથી=તે જ્ઞાન વડે કોઈ વસ્તુનું ગ્રહણ નથી, જ્ઞાનાન્તર ગ્રાહ્યપણાથી પણ શૂન્ય છે, તો પણ જ્ઞાનમય અપ્રકાશ છે પ્રત્યક્ષથી તેને=બુદ્ધને તથા=તે પ્રકારે બુદ્ધિ હતી." () ।।૪૭૫।।

**ભાવાર્થ :-**

શ્લોક-૪૭૪માં કહ્યું કે કર્મની નિવૃત્તિને કારણે મહાત્માને સ્નેહ થતો નથી તે કથનને જ સ્પષ્ટ કરતાં કહે છે – જીવમાં ઉપપ્લવને વશ=પોતાના સ્વ સ્વરૂપની અવસ્થાના ત્યાગપૂર્વક સંક્લેશની આધીનતાને વશ, સર્વ પદાર્થોમાં પ્રેમ થાય છે અર્થાત્ બાહ્ય એવા ધનાદિમાં, અંતરંગ એવી શાતામાં અને પોતાના આત્મામાં સ્નેહ થાય છે અને યોગસાધના દ્વારા જે મહાત્માઓ ઉપપ્લવનો નાશ કરે છે તેઓને કોઈ વસ્તુમાં પ્રેમ થતો નથી, તેથી પોતાનો આત્મા ધ્રુવ છે તેવું દર્શન હોવા છતાં ઉપપ્લવ રહિત એવી પરિણતિવાળા મહાત્માને કોઈ વસ્તુમાં સ્નેહ થતો નથી, જેમ બૌદ્ધદર્શનકારના મતે તથાગત સંબંધી જ્ઞાનમાં સાધના દ્વારા ઉપપ્લવનો નાશ થવાને કારણે ગ્રાહ્ય-ગ્રહણ વગેરેની નિવૃત્તિ થાય છે તેમ ઉપપ્લવની

નિવૃત્તિથી સર્વ પદાર્થ વિષયક સ્નેહથી નિવૃત્તિ થાય છે માટે આત્માને ધ્રુવ સ્વીકારવા છતાં ઉપપ્લવની નિવૃત્તિથી સ્નેહહેતુક કર્મની નિવૃત્તિ થાય છે અને સ્નેહજન્ય નવા કર્મનો અભાવ થવાને કારણે તે મહાત્માને ક્યારેય સ્નેહ થતો નથી, માટે નૈરાત્મ્યદર્શનથી મુક્તિ છે તેમ માનવું ઉચિત નથી, પરંતુ ચારિત્રમોહનીય કર્મના ઉચ્છેદથી સ્નેહના અભાવને કારણે મુક્તિ છે તેમ માનવું ઉચિત છે. **॥૪૭૫॥**

**અવતરણિકા :-**

**एवं सति यत्सिद्धं तद्दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આમ હોતે છતે=ઉપપ્લવની નિવૃત્તિથી પ્રેમ નથી એમ હોતે છતે, જે સિદ્ધ છે તેને બતાવે છે –**

**શ્લોક :-**

**स्थिरत्वमित्थं न प्रेम्णो, यतो मुख्यस्य युज्यते ।**

**ततो वैराग्यसंसिद्धेर्मुक्तिरस्य नियोगतः ।।४७६।।**

**અન્વયાર્થ :-**

यतः=જે કારણથી, इत्थं=આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે ઉપપ્લવના હ્રાસથી, मुख्यस्य प्रेम्णः=મુખ્ય એવા પ્રેમનું, स्थिरत्वं युज्यते न=સ્થિરત્વ ઘટતું નથી, ततः=તેનાથી=પ્રેમના અસ્થૈર્યથી, वैराग्यसंसिद्धेः=વૈરાગ્યની સંસિદ્ધિ હોવાને કારણે, अस्य=આની=આત્માની, नियोगतः=નક્કી, मुक्तिः=મુક્તિ છે. ।।૪૭૬।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આ રીતે મુખ્ય એવા પ્રેમનું સ્થિરત્વ ઘટતું નથી, તેનાથી વૈરાગ્યની સંસિદ્ધિ હોવાને કારણે આની નક્કી મુક્તિ છે. ।।૪૭૬।।**

**ટીકા :-**

**स्थिरत्वं स्थिरभावलक्षणमात्मदर्शनद्वारेण परैरुद्भावितम् इत्थम् उपप्लवह्रासात्, न प्रेम्ण आत्मस्नेहलक्षणस्य यतो=यस्मात्, मुख्यस्य=प्रधानस्य, पुत्रकलत्रादिबाह्यार्थगोचरस्नेहहेतुतया संसारकारणस्येत्यर्थः युज्यते=घटते, ततः=प्रेम्णोऽस्थैर्यात्, वैराग्यसंसिद्धेर्मुक्तिरस्य=आत्मनो, नियोगतः कथञ्चित्स्थिररूपस्यापि ।।४७६।।**

**ટીકાર્થ :-**

स्थिरत्वं ..... कथञ्चित्स्थिररूपस्यापि । **જે કારણથી આ રીતે=પૂર્વશ્લોકમાં કહ્યું એ રીતે ઉપપ્લવના હ્રાસથી=અંતરંગ મોહના ઉપદ્રવના ક્રમસર નાશથી, પર વડે ઉદ્ભાવિત આત્મદર્શન દ્વારા સ્થિરભાવસ્વરૂપ સ્થિરત્વ મુખ્ય એવા પ્રેમનું=પુત્ર-કલત્રાદિ બાહ્ય અર્થગોચર સ્નેહના હેતુપણાથી સંસારના કારણ**

**એવા પ્રધાનરૂપ પ્રેમનું=આત્મસ્નેહરૂપ પ્રેમનું, ઘટતું નથી=આત્માને સ્થિર જોવાથી પ્રેમનું સ્થિરપણું ઘટતું નથી, તેથી=પ્રેમના અસ્થૈર્યથી, વૈરાગ્યની સંસિદ્ધિ હોવાને કારણે આને=કથંચિદ્ સ્થિરરૂપ પણ આત્માને, નિયોગથી મુક્તિ છે. ॥૪૭૬॥**

**ભાવાર્થ :-**

પર એવા બૌદ્ધદર્શનકારે કહેલ કે આત્માને ધ્રુવ જોવામાં આવે તો આત્મા ઉપર અવશ્ય પ્રેમ થશે તેને ગ્રંથકારશ્રી કહે છે –

જે યોગીઓ ઉપપ્લવના નાશ માટે યત્ન કરે છે તેઓનો ઉપપ્લવનો હ્રાસ ક્રમસર થાય છે, તેથી સ્ત્રી આદિ બાહ્ય અર્થ વિષયક અને આત્મવિષયક પ્રેમ આત્મામાં ઘટતો નથી; કેમ કે જેમ જેમ ઉપપ્લવનો હ્રાસ થાય છે તેમ તેમ ઉપપ્લવને કરનારા ચારિત્રમોહનીયકર્મનો નાશ થાય છે, તેથી પ્રેમનું અસ્થૈર્ય હોવાથી વૈરાગ્યની સિદ્ધિ થાય છે અને જે મહાત્માને બાહ્ય પદાર્થો પ્રત્યે વિરક્તિ ભાવ થાય છે. તેઓને કથંચિદ્ આત્મા નિત્યરૂપ સ્વીકારવા છતાં નક્કી મુક્તિ થાય છે; કેમ કે આત્માના નિત્ય સ્વીકાર માત્રથી મુક્તિનો અભાવ થતો નથી, પરંતુ સ્નેહને કારણે જ મુક્તિનો અભાવ થાય છે અને જે મહાત્માઓ ઉપપ્લવના હ્રાસ દ્વારા વૈરાગ્યને સ્થિર કરે છે તેઓને સર્વ ભાવો પ્રત્યે અસંગ પરિણતિ પ્રગટે છે, જેનાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. **॥૪૭૬॥**

**અવતરણિકા :-**

**अत्रैव युक्त्यन्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=નૈરાત્મદર્શનથી મુક્તિ નથી પરંતુ ચારિત્રમોહનીય કર્મનાં નાશથી પ્રેમનો નાશ થવાને કારણે મુક્તિની સિદ્ધિ છે એમાં જ, અન્ય યુક્તિને કહે છે –**

**શ્લોક :-**

**बोधमात्रेऽद्वये तत्त्वे, कल्पिते सति कर्मणि ।**
**कथं सदास्या भावादि, नेति सम्यग्विचिन्त्यताम् ।।४७७।।**

**અન્વયાર્થ :-**

**बोधमात्रेऽद्वये तत्त्वे=બોધ માત્રરૂપ અદ્વય તત્ત્વમાં=બોધથી અતિરિક્ત અન્ય વસ્તુથી રહિત બોધ માત્ર તત્ત્વમાં, कल्पिते कर्मणि सति=કલ્પિત કર્મ હોતે છતે, अस्याः=આના=મુક્તિના, भावादि=ભાવાદિ=ભાવ અથવા અભાવ, कथम्=કેવી રીતે, सदा न?=સદા ન થાય?, इति=એ પ્રમાણે, सम्यग्=સમ્યગ્, विचिन्त्यताम्=વિચાર કરો. ॥૪૭૭॥**

**શ્લોકાર્થ :-**

**બોધ માત્રરૂપ અદ્વય તત્ત્વમાં કલ્પિત કર્મ હોતે છતે આના ભાવાદિ કેવી રીતે સદા ન થાય? એ પ્રમાણે સમ્યગ્ વિચાર કરો. ।।૪૭૭।।**

**ટીકા :-**

**बोधमात्रेऽत एव अद्वये=स्वव्यतिरिक्तकर्मादिविकले, तत्त्वे=परमार्थे, तदा कल्पिते=कल्पनामात्रविषये सति कर्मणि शुभाशुभे, तथा च भवत्सिद्धान्तः –**

'चित्तमेव हि संसारो, रागादिक्लेशवासितम् ।

तदेव तैर्विनिर्मुक्तं, भवान्त इति कथ्यते' ।।१।। ()

**कथं सदा=सर्वकालं, अस्या=मुक्तेः, भावादि=भावोऽभावो वा, न=नैव, स्यात्? इति=एतत्, सम्यग्विचिन्त्यतामिति, तथा च पठन्ति –**

'नित्यं सत्त्वमसत्त्वं वाऽहेतोरन्यानपेक्षणात् ।

अपेक्षातो हि भावानां, कादाचित्कत्वसम्भवः ।।१।।' () ।।४७७।।

**ટીકાર્થ :-**

**बोधमात्रेऽत ..... सम्भवः ।।' । બોધમાત્ર હોતે છતે, આથી જ અદ્વય તત્ત્વ હોતે છતે=સ્વવ્યતિરિક્ત કર્માદિ વિકલ પરમાર્થ હોતે છતે, ત્યારે=અદ્વય તત્ત્વ હોય ત્યારે, કલ્પિત કર્મ હોતે છતે=કલ્પનામાત્ર વિષયવાળાં શુભાશુભ કર્મ હોતે છતે, કેવી રીતે સર્વકાલ આના=મુક્તિના, ભાવાદિ=ભાવ અથવા અભાવ, ન જ થાય? એ સમ્યગ્ વિચાર કરો, 'इति' શબ્દ શ્લોકસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.**

બૌદ્ધમતે શુભાશુભ કર્મ કલ્પિત છે તે બતાવવા અર્થે કહે છે –

**અને તે રીતે=શુભાશુભ કર્મ કલ્પિત જ છે તે રીતે, તમારો સિદ્ધાંત છે –**

'રાગાદિ ક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે, તેનાથી=રાગાદિ ક્લેશોથી, રહિત એવું તે જ=ચિત્ત જ, ભવાન્ત=ભવનો અંત, એ પ્રમાણે કહેવાય છે.'

શ્લોકસ્પર્શી ટીકા સમાપ્ત કર્યા પછી કલ્પિત કર્મ સ્વીકાર્યે છતે મુક્તિનો સદા ભાવ કે સદા અભાવ પ્રાપ્ત થાય તે બતાવવા માટે કહે છે –

**અને તે રીતે=શુભાશુભ કર્મ કલ્પિત હોય તો સદા મુક્તિનો ભાવ કે સદા મુક્તિનો અભાવ પ્રાપ્ત થાય તે રીતે, કહે છે –**

'અહેતુથી નિત્ય સત્ત્વ અથવા અસત્ત્વ થાય; કેમ કે અન્યનું અનપેક્ષણ છે=સત્ત્વની પ્રાપ્તિ કે અસત્ત્વની પ્રાપ્તિ માટે અન્યનું અપેક્ષણ નથી, માટે નિત્ય સત્ત્વ અથવા અસત્ત્વ થાય. हि=જે કારણથી, અપેક્ષાને કારણે ભાવોના કદાચિત્કત્વનો સંભવ છે.' () ।।૪૭૭।।

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહેલ કે ઉપપ્લવના હ્રાસથી વૈરાગ્ય થાય છે, તેથી ચારિત્રમોહનીય કર્મનો નાશ થવાને કારણે કથંચિદ્ ધ્રુવ આત્માને પણ નક્કી મુક્તિની પ્રાપ્તિ થાય છે, હવે વૈરાગ્યથી ચારિત્રમોહનીય કર્મ નાશ થાય છે તે સ્વીકાર માટે અન્ય યુક્તિ બતાવે છે–

બૌદ્ધ મતાનુસાર બોધ માત્ર જ તત્ત્વ છે, પરંતુ બોધથી અતિરિક્ત શુભ-અશુભ કર્મ નથી, તેથી બોધ અદ્વય તત્ત્વસ્વરૂપ છે અને જે કર્મો દેખાય છે અર્થાત્ રાગાદિ ક્લેશોરૂપ કર્મો દેખાય છે તે કલ્પિત છે, વાસ્તવિક નથી. આ પ્રકારના બૌદ્ધ વચનાનુસાર અદ્વય તત્ત્વ બોધમાત્રરૂપ સ્વીકારવામાં આવે તો મુક્તિનો સદા ભાવ અથવા સદા અભાવ કેવી રીતે પ્રાપ્ત ન થાય ? એ પ્રમાણે બૌદ્ધદર્શનવાદીએ સદા વિચારવું જોઈએ.

બૌદ્ધદર્શનકાર બોધથી અતિરીક્ત કર્મ સ્વીકારતો નથી તેથી ચારિત્રમોહનીય કર્મનાં ઉદયથી પ્રેમ થાય છે અને તેના નાશથી મક્તિ થાય છે તે સંગત થાય નહીં તેને ગ્રંથકારશ્રી કહે છે –

બોધ માત્ર અદ્વય તત્ત્વ હોય તો મુક્તિનો સદા ભાવ કે સદા અભાવ પ્રાપ્ત થાય. વસ્તુતઃ બૌદ્ધદર્શનકાર પણ સાધનાથી મોક્ષ માને છે તે સંગત થાય નહીં.

અહીં બૌદ્ધદર્શનકાર કર્મો કલ્પિત કહે છે તેમાં તેઓની માન્યતાની સાક્ષી બતાવે છે. તેઓ માને છે કે આત્મા તો બોધ સ્વરૂપ જ છે, બોધથી અતિરિક્ત કંઇ નથી, પરંતુ રાગાદિ ક્લેશવાસિત ચિત્ત જ સંસાર છે અને રાગાદિ રહિત એવું તે ચિત્ત જ ભવનો અંત છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સ્વકલ્પનાથી ચિત્તમાં રાગાદિ ઉત્પન્ન થાય છે અને તે રાગાદિરૂપ બોધથી અતિરીક્ત કર્મ નથી, તેથી જો રાગાદિ રહિત બોધ થાય તો તેને મુક્તિની પ્રાપ્તિ થાય છે અને રાગાદિ ભાવો બોધરૂપ જ છે બોધથી અન્ય કર્મરૂપ નથી તેથી સંસારનું કારણ એવું કર્મ કલ્પિત છે, આ પ્રકારે બૌદ્ધ દર્શનકાર માને છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે. જો બોધ માત્રરૂપ તત્ત્વ હોય તો તે તત્ત્વ સદા જે સ્વરૂપે હોય તે સ્વરૂપે જ રહેવું જોઈએ; કેમ કે જેને હેતુની અપેક્ષા નથી તે સદા હોય છે અથવા સદા તેનો અભાવ હોય છે, જેમ આત્માને કોઈ હેતુની અપેક્ષા નથી માટે આત્માનો સદા ભાવ છે અને શશશૃંગને પણ કોઈ હેતુની અપેક્ષા નથી તેથી સદા શશશૃંગનો અભાવ પ્રાપ્ત થાય છે, તેમ બોધ માત્ર તત્ત્વને કોઈ હેતુની અપેક્ષા ન હોય અને બોધરૂપ તત્ત્વ સદા ક્લેશ રહિત હોય તો સદા તેને મુક્તિની પ્રાપ્તિ થવી જોઈએ અને જો બોધરૂપ તત્ત્વ સદા ક્લેશ રહિત ન હોય તો સદા તેને મુક્તિના અભાવની પ્રાપ્તિ થવી જોઈએ, માટે જો સાધનાથી મુક્તિ થાય છે અને તેના પૂર્વ સંસાર છે એમ બૌદ્ધદર્શનકાર સ્વીકારે તો અવશ્ય બોધમાં ક્લેશ આપાદક ચારિત્રમોહનીય કર્મ આત્માથી અન્ય બૌદ્ધદર્શનકારે સ્વીકારવું જોઈએ અને તેના નાશથી ક્લેશ આપાદક પ્રેમ થતો નથી એમ માનવું જોઈએ. **॥૪૭૭॥**

**અવતરણિકા :-**

अथ नित्यमतनिराकरणार्थमाह –

**અવતરણિકાર્થ :-**

હવે નિત્યમતના નિરાકરણ માટે કહે છે –

**શ્લોક :-**

एवमेकान्तनित्योऽपि, हन्तात्मा नोपपद्यते ।
स्थिरस्वभाव एकान्ताद्, यतो नित्योऽभिधीयते ।।४७८।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=પૂર્વમાં કહ્યું કે એકાંત અનિત્ય આત્મા ઘટતો નથી એ રીતે, एकान्तनित्योऽपि आत्मा=એકાંત નિત્ય પણ આત્મા, हन्त=ખરેખર, नोपपद्यते=ઘટતો નથી, यतः=જે કારણથી, एकान्तात्=એકાંતથી, स्थिरस्वभावः=સ્થિરસ્વભાવ, नित्यः=નિત્ય, अभीधीयते=કહેવાય છે. ।।૪૭૮।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે એકાંત નિત્ય પણ આત્મા ખરેખર ઘટતો નથી, જે કારણથી એકાંતથી સ્થિરસ્વભાવ નિત્ય કહેવાય છે. ।।૪૭૮।।**

**ટીકા :-**

एवं=यथैकान्ततोऽनित्यः, तथैकान्तनित्योऽपि हन्तात्मा नोपपद्यते, कुत इत्याह – स्थिरस्वभावः एकस्वरूपः, एकान्तात्=सर्वथा, यतो नित्योऽभिधीयते भावः ।।४७८।।

**ટીકાર્થ :-**

एवं यथैकान्ततो ..... भावः । આ રીતે=જે રીતે એકાંતથી અનિત્ય આત્મા ઘટતો નથી, તે પ્રમાણે આત્મા એકાંતનિત્ય પણ ખરેખર ઘટતો નથી,

કેમ આત્મા એકાંતનિત્ય ઘટતો નથી ? એથી કહે છે –

જે કારણથી એકસ્વરૂપ સ્થિર સ્વભાવ એકાંતથી=સર્વથા, નિત્યભાવ કહેવાય છે. ।।૪૭૮।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં એકાંત ક્ષણિક આત્મા સંગત નથી તેમ સ્થાપન કર્યું એ રીતે એકાંતનિત્ય આત્મા પણ ઘટતો નથી, તેથી આત્માને કથંચિદ્ નિત્ય-અનિત્ય સ્વરૂપ જ સ્વીકારવો જોઈએ અને તેમ સ્વીકારવામાં આવે તો સંસાર અવસ્થા અને મુક્ત અવસ્થાની સંગતિ થાય અને મોક્ષ માટેનો કરાયેલો પ્રયત્ન સંગત થાય, માટે આત્માને એકાંતે નિત્ય માનવો ઉચિત નથી.

કેમ આત્માને એકાંતનિત્ય માનવો ઉચિત નથી? તેથી કહે છે –

જે કારણથી સ્થિર એક સ્વભાવવાળો સર્વથા નિત્યભાવ કહેવાય છે તે પ્રકારે સ્વીકારવાથી એકાંતનિત્ય આત્મા કેમ ઘટતો નથી તે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે, તેથી તે સર્વ દોષોની પ્રાપ્તિને કારણે એકાંતનિત્ય આત્મા ઘટતો નથી એ પ્રકારે શ્લોકના પૂર્વાર્ધ સાથે સંબંધ છે. **॥૪૭૮॥**

**અવતરણિકા :-**

**यदि नामैवं, ततः किमित्याह –**

**અવતરણિકાર્થ :-**

**જો આ પ્રમાણે છે=સર્વથા સ્થિર સ્વભાવ નિત્ય છે એ પ્રમાણે છે તેનાથી શું?=તેમ સ્વીકારવાથી એકાંતનિત્ય આત્મા ઘટતો નથી એ પ્રમાણે કેમ કહી શકાય? એથી કહે છે –**

**શ્લોક :-**

**तदयं कर्तृभावः स्याद्, भोक्तृभावोऽथवा भवेत् ।**
**उभयानुभयभावो वा, सर्वथापि न युज्यते ।।४७९।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વથા સ્થિર સ્વભાવવાળો નિત્ય કહેવાય છે તે કારણથી, अयं=આ=નિત્ય આત્મા, कर्तृभावः=કર્તૃસ્વભાવવાળો, स्याद्=થાય, अथवा=અથવા, भोक्तृभावः=ભોક્તૃ, ભાવવાળો, भवेत्=થાય, वा=અથવા, उभयानुभयभावः=ઉભય-અનુભય ભાવવાળો થાય=કર્તૃ-ભોક્તૃરૂપ ઉભયભાવવાળો થાય અથવા કર્તૃ-ભોક્તૃના અભાવરૂપ અનુભયભાવવાળો થાય, सर्वथापि=સર્વથા પણ=સર્વ પણ વિકલ્પોથી, न युज्यते=ઘટતો નથી=એકાંત નિત્ય આત્મા ઘટતો નથી. ।।૪૭૯।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી આ કર્તૃભાવવાળો થાય અથવા ભોક્તૃભાવવાળો થાય અથવા ઉભય-અનુભય ભાવવાળો થાય, સર્વથા પણ ઘટતો નથી. ।।૪૭૯।।**

**ટીકા :-**

**तत्=तस्माद्, अयं=नित्य आत्मा, कर्तृभावः=शुभकर्मकारकस्वभावः स्याद्, भोक्तृभावः= प्राक्कृतकर्मवेदकस्वभावः अथवा भवेत्, तथोभयं कर्तृभोक्तृलक्षणमनुभयं च तत्प्रतिषेधरूपं भावो यस्य स तथा 'वा' इति तृतीयचतुर्थविकल्पसूचकः, ततः किमित्याह – सर्वथापि=सर्वैरपि विकल्पैः, न युज्यते इति ।।४७९।।**

**ટીકાર્થ :-**

**तत्=तस्माद् ..... युज्यते इति । તે કારણથી=શ્લોક-૪૭૮માં કહ્યુ કે એકાંત સ્થિર સ્વભાવવાળો નિત્ય કહેવાય છે તે કારણથી, આ=નિત્ય આત્મા, કર્તૃભાવવાળો થાય=શુભ કર્મના કારક સ્વભાવવાળો થાય અથવા ભોક્તૃભાવવાળો થાય=પૂર્વમાં કરાયેલા કર્મના વેદક સ્વભાવવાળો થાય અને કર્તૃત્વ-ભોક્તૃત્વ લક્ષણ ઉભય અને તેના પ્રતિષેધરૂપ અનુભય=કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રતિષેધરૂપ અનુભય, ભાવ છે જેને તે તેવું છે=ઉભય-અનુભય ભાવવાળું છે. 'वा' શબ્દ ત્રીજા-ચોથા વિકલ્પનો સૂચક છે, તેનાથી શું?=શ્લોકનાં ત્રણ પદોથી ચાર વિકલ્પ પડ્યા તેનાથી શું? એને કહે છે – સર્વથા પણ=સર્વ પણ વિકલ્પોથી, ઘટતો નથી=એકાંત નિત્ય આત્મા ઘટતો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૭૯॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૭૮માં કહ્યું કે એકાંત નિત્ય આત્મા ઘટતો નથી, કેમ ઘટતો નથી તેમાં હેતું કહ્યો કે જે કારણથી એકાંતથી સ્થિર સ્વભાવવાળો નિત્ય કહેવાય છે, ત્યાં પ્રશ્ન થાય કે એકાંત સ્થિર સ્વભાવવાળો નિત્ય આત્મા સ્વીકારીએ તો શું વાંધો આવે? તેથી ગ્રંથકારશ્રી કહે છે – એકાંત સ્થિર સ્વભાવવાળો નિત્ય આત્મા સ્વીકારવો હોય તો તેની વિચારણા ચાર વિકલ્પોથી થઈ શકે છે – (૧) એકાંત નિત્ય આત્મા શુભકર્મકારક સ્વભાવવાળો છે (૨) એકાંતનિત્ય આત્મા ભોક્તૃ સ્વભાવવાળો છે=પૂર્વમાં કરાયેલાં કર્મોને ભોગવવાના સ્વભાવવાળો છે અથવા (૩) કર્તૃ-ભોક્તૃ ઉભય સ્વભાવવાળો છે અથવા (૪) કર્તૃ-ભોક્તૃ ઉભય સ્વભાવના અભાવવાળો છે.

આ ચાર વિકલ્પોથી અન્ય કોઈ વિકલ્પની પ્રાપ્તિ નથી; કેમ કે સંસારી જીવો કોઈક કર્મો કરે છે તે દેખાય છે, તેથી તે સ્વભાવ તેનો છે એમ એક વિકલ્પ થઈ શકે અથવા સંસારી જીવો પોતાના કરેલા કર્મના ફળને વેદન કરતા દેખાય છે, જેમ ધનાર્જન કરે છે તેનો ઉપભોગ કરતા દેખાય છે, તેથી નિત્ય આત્મા ભોક્તૃ સ્વભાવવાળો છે એ પ્રકારનો વિકલ્પ થઈ શકે અને કર્તૃ સ્વભાવ અને ભોક્તૃ સ્વભાવ ભિન્ન ભિન્ન કાળમાં સ્વીકારવામાં આવે તો નિત્યત્વની હાનિ પ્રાપ્ત થાય, તેથી તે વિકલ્પને છોડીને કર્તૃ-ભોક્તૃ સ્વરૂપ ઉભય સ્વભાવ સ્વીકારવામાં આવે, એ પ્રકારે ત્રીજો વિકલ્પ પ્રાપ્ત થાય અથવા કર્તૃ-ભોક્તૃ ઉભય આત્માનો સ્વભાવ નથી તેમ સ્વીકારીને નિત્ય આત્મા સ્થાપન કરવામાં આવે.

આ રીતે ચાર વિકલ્પને આશ્રયીને નિત્ય આત્માની વિચારણા થઈ શકે, પરંતુ તે સર્વ વિકલ્પોથી એકાંત નિત્ય આત્મા સંગત થતો નથી. કેમ સંગત થતો નથી તે સ્વયં ગ્રંથકારશ્રી આગળ સ્પષ્ટ કરે છે. **॥૪૭૯॥**

**અવતરણિકા :-**

**इदमेव भावयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=એકાંત નિત્ય આત્માના સ્વીકારમાં ચાર વિકલ્પો થાય છે તેનાથી એકાંત નિત્ય આત્મા સંગત થતો નથી એને જ, ભાવન કરે છે –**

**શ્લોક :-**

**एकान्तकर्तृभावत्वे, कथं भोक्तृत्वसम्भवः ।**
**भोक्तृभावनियोगेऽपि, कर्तृत्वं ननु दुःस्थितम् ।।४८०।।**

**અન્વયાર્થ :-**

एकान्तकर्तृभावत्वे=એકાંતકર્તૃભાવપણામાં , कथं=કેવી રીતે, भोक्तृत्वसंभवः=ભોક્તૃત્વનો સંભવ છે?, भोक्तृभावनियोगेऽपि=ભોક્તૃભાવના નિયોગમાં પણ=ભોક્તૃભાવના સ્વીકારમાં પણ, कर्तृत्वं=કર્તૃત્વ, ननु=નિશ્ચિત=નક્કી, दुःस्थितम्=દુઃસ્થિત છે. ।।૪૮૦।।

**શ્લોકાર્થ :-**

**એકાંત કર્તૃભાવપણામાં કેવી રીતે ભોક્તૃત્વનો સંભવ છે? ભોક્તૃભાવના નિયોગમાં પણ કર્તૃત્વ નક્કી દુઃસ્થિત છે. ।।૪૮૦।।**

**ટીકા :-**

**एकान्तकर्तृभावत्वे=कर्मकारकस्वभावत्वे, कथं भोक्तृत्वसम्भवो=भोक्तृभावः? कर्तृत्वभोक्तृत्वयोर्विरोधसम्भवात्, भोक्तृभावनियोगेऽपि=भोक्तृत्वनियमलक्षणे, किं पुनः कर्तृत्वैकरूपत्वे भोक्तृत्वाभाव इत्यपिशब्दार्थः, कर्तृत्वं ननु=निश्चितम्, दुःस्थितं=दुष्प्रतिष्ठितमिति ।।४८०।।**

**ટીકાર્થ :-**

एकान्तकर्तृभावत्वे ..... दुष्प्रतिष्ठितमिति । એકાંત કર્તૃભાવપણામાં=કર્મના કારક સ્વભાવપણામાં, કેવી રીતે ભોક્તૃત્વનો સંભવ થાય=ભોક્તૃભાવ થાય? અર્થાત્ થાય નહિ; કેમ કે કર્તૃત્વ-ભોક્તૃત્વના વિરોધનો સંભવ છે=એકાંત નિત્ય આત્મા સ્વીકારવામાં કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ બે ભાવોના વિરોધનો સંભવ છે, ભોક્તૃભાવના નિયોગમાં પણ=ભોક્તૃત્વના નિયમ સ્વરૂપ ભોક્તૃભાવના સ્વીકારવામાં પણ, કર્તૃત્વ નિશ્ચિત દુઃસ્થિત છે=દુષ્પ્રતિષ્ઠિત છે=કર્તૃત્વ સંગત નથી, શું વળી કર્તૃત્વ એકરૂપપણામાં ભોક્તૃત્વનો અભાવ એ भोक्तृभावनियोगेऽपि માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૮૦।।

**ભાવાર્થ :-**

કેટલાક દર્શનકારો આત્માને એકાંત નિત્ય માને છે તેઓએ આત્માને એકાંત નિત્ય માનીને સંસારમાં

દેખાતી વ્યવસ્થાની સંગતિ કરવી પડે અને તેની સંગતિ કરીને આત્માને એકાંત નિત્ય સિદ્ધ કરવો પડે, તેથી ગ્રંથકારશ્રીએ તેમને પ્રશ્ન કર્યો કે એકાંત નિત્ય એવો આત્મા કર્તૃસ્વભાવવાળો છે તેમ સ્વીકારીએ તો એકાંત નિત્ય આત્મા સદા કર્તૃસ્વભાવવાળો જ પ્રાપ્ત થાય, અન્ય સ્વભાવવાળો પ્રાપ્ત થઈ શકે નહિ, અને જો પૂર્વપક્ષી અન્ય સ્વભાવવાળો આત્મા સ્વીકારે તો એકાંત નિત્ય આત્મા સિદ્ધ થાય નહિં, તેથી ગ્રંથકારશ્રી કહે છે – એકાંત નિત્યવાદી પક્ષમાં આત્માનો એકાંત કર્તૃસ્વભાવ માનવામાં આવે તો પોતાનાં કર્મોના ફળને સંસારી જીવો ભોગવતા દેખાય છે તે ભોક્તૃસ્વભાવ કેવી રીતે સંગત થાય? અર્થાત્ સંગત થાય નહિ. આ આપત્તિના નિવારણ માટે એકાંતનિત્યવાદી આત્માનો ભોક્તૃસ્વભાવ સ્વીકારે તો આત્મા એકાંતે ભોક્તૃત્વસ્વભાવવાળો હોય તો તેમાં કર્તૃત્વસ્વભાવ સંગત થાય નહિ; કેમ કે પહેલાં કર્તૃત્વ સ્વભાવ સ્વીકારવામાં આવે અને ત્યાર પછી ભોક્તૃત્વ સ્વભાવ સ્વીકારવામાં આવે તો સ્વભાવભેદને કારણે આત્મા એકાંતનિત્ય સ્વીકારી શકાય નહિ માટે કર્તૃત્વ સ્વભાવ સ્વીકારીએ તો ભોક્તૃત્વનો વિરોધ છે અને ભોક્તૃત્વ સ્વભાવ સ્વીકારીએ તો કર્તૃત્વ દુઃસ્થિત છે, માટે આત્માને કર્તા અને ભોક્તા સ્વીકારવો હોય તો આત્માને પરિણામી સ્વીકારવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૦॥**

**અવતરણિકા :-**

**तर्हि भोक्तृत्वैकस्वभावः कर्तृत्वैकरूपो वा स्यादित्याशंक्याऽऽह –**

**અવતરણિકાર્થ :-**

**તો પછી=કર્તૃત્વ અને ભોક્તૃત્વ બન્નેનો પરસ્પર એક સાથે સ્વીકારનો વિરોધ છે એમ પૂર્વશ્લોકમાં કહ્યું તો પછી, ભોક્તૃત્વ એક સ્વભાવ થાય=એકાંત નિત્ય આત્માનો ભોક્તૃત્વ એક સ્વભાવ થાય, અથવા કર્તૃત્વ એકરૂપ થાય=એકાંત નિત્ય આત્મા કર્તૃત્વ એક સ્વરૂપવાળો થાય એ પ્રકારની આશંકા કરીને કહે છે=શ્લોકના પૂર્વાર્ધથી કહે છે –**

**શ્લોક :-**

**न चाकृतस्य भोगोऽस्ति, कृतं चाऽभोगमित्यपि ।**
**उभयानुभयभावत्वे, विरोधासम्भवौ ध्रुवौ ।।४८१।।**

**અન્વયાર્થ :-**

**च=અને, अकृतस्य भोगोऽस्ति न=અકૃતનો ભોગ નથી=નહિ કરાયેલાં કર્મોનો ભોગ નથી, च=અને, कृतं=કરાયેલું કર્મ, अभोगमित्यपि=અભોગ પણ=ભોગ વિકલ પણ નથી, उभयानुभयभावत्वे विरोधासम्भवौ ध्रुवौ=ઉભય-અનુભય ભાવપણામાં વિરોધ અને અસંભવ ધ્રુવ છે=કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ ઉભય ભાવમાં વિરોધ ધ્રુવ છે અને કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ અનુભય ભાવમાં અસંભવ ધ્રુવ છે. ।।૪૮૧।।**

**શ્લોકાર્થ :-**

**અને અકૃતનો ભોગ નથી અને કરાયેલું કર્મ અભોગ પણ નથી, ઉભય-અનુભય ભાવપણામાં વિરોધ અને અસંભવ ધ્રુવ છે. ।।૪૮૧।।**

**ટીકા :-**

**न च=न पुनः, अकृतस्य कर्मणो भोगोऽस्ति तथा कृतं च कर्म अभोगं=भोगविकलमित्यपि नास्ति, अथ तृतीयचतुर्थौ विकल्पावाश्रित्याह – उभयानुभयभावत्वे विरोधासम्भवौ, ध्रुवौ=उभयस्वभावत्वे ध्रुवो विरोधो भवति परमताङ्गीकाररूपः, अनुभयस्वभावत्वेऽसम्भवो ध्रुवः, तादृशस्य वस्तुनो वन्ध्यासुतस्येवाभावात् ।।४८१।।**

**ટીકાર્થ :-**

**न च ..... वन्ध्यासुतस्येवाभावात् । વળી અકૃત કર્મનો ભોગ નથી અને કરાયેલું કર્મ અભોગવાળું= ભોગવિકલ, એ પણ નથી. હવે ત્રીજા-ચોથા વિકલ્પને આશ્રયીને કહે છે – ઉભય-અનુભય ભાવપણામાં વિરોધ અને અસંભવ ધ્રુવ છે અર્થાત્ ઉભય સ્વભાવપણામાં પરમત અંગીકારરૂપ વિરોધ ધ્રુવ છે=પરિણામી આત્મા સ્વીકારરૂપ વિરોધ ધ્રુવ છે, અનુભય સ્વભાવપણામાં અસંભવ ધ્રુવ છે=એકાંતનિત્ય આત્માને કર્તૃત્વ અને ભોક્તૃત્વના અભાવરૂપ અનુભય સ્વભાવપણામાં અસંભવ ધ્રુવ છે; કેમ કે તેવા પ્રકારની વસ્તુનો=જેમાં કર્તૃત્વ અને ભોક્તૃત્વ ન હોય તેવા પ્રકારની વસ્તુનો, વંધ્યાપુત્રની જેમ અભાવ છે. ।।૪૮૧।।**

**ભાવાર્થ :-**

જેઓ આત્માને એકાંત નિત્ય માને છે તેઓને એકાંત કર્તૃત્વ સ્વભાવ સ્વીકારવામાં ભોક્તૃત્વ સ્વભાવનો વિરોધ પ્રાપ્ત થાય છે અને એકાંત ભોક્તૃત્વ સ્વભાવ સ્વીકારવામાં આત્મામાં દેખાતો કર્તૃત્વ સ્વભાવ સંગત થતો નથી, તે દોષનિવારણ માટે અકાન્તનિત્યવાદી કહે કે આત્માનો ભોક્તૃત્વ એક સ્વભાવ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – અકૃત કર્મનો ભોગ થાય નહિ, તેથી આત્માનો ભોક્તૃત્વ સ્વભાવ સ્વીકારવો હોય તો પણ તે ભોગની પ્રાપ્તિ પૂર્વે તે કર્મનો કર્તા આત્માને માનવો પડે અને જો પૂર્વપક્ષી આત્માને કર્મ ાો કર્તા સ્વીકારે અને ત્યારપછી તે કર્મનો ભોક્તા સ્વીકારે તો આત્મા પરિણામી સિદ્ધ થાય, માટે એકાંત નિત્યપક્ષમાં ભોક્તૃત્વ એક સ્વભાવ સ્વીકારી શકાય નહિ, તે દોષના નિવારણ માટે આત્માને એકાંત નિત્ય સ્વીકારનાર પૂર્વપક્ષી કહે છે કે આત્મા કર્તૃત્વ એકરૂપ છે, તેને ગ્રંથકારશ્રી કહે છે – કરાયેલું કર્મ ભોગવિકલ નથી, તેથી જો આત્માનો કર્તૃત્વ સ્વભાવ સ્વીકારવામાં આવે તો અવશ્ય તેને ભોગ પ્રાપ્ત થશે, તેથી આત્મા પરિણામી સિદ્ધ થશે, માટે કર્તૃત્વ એક સ્વભાવ સ્વીકારી શકાશે નહિ.

આ રીતે નિત્ય આત્મામાં કરાયેલા ચાર વિકલ્પોમાંથી બે વિકલ્પો સંગત નથી તેમ બતાવીને હવે ત્રીજો-ચોથો વિકલ્પ પણ સંગત નથી તે બતાવતાં કહે છે –

પૂર્વપક્ષી આત્માને એકાંત નિત્ય સ્વીકારીને આત્મામાં કર્તૃત્વ અને ભોક્તૃત્વરૂપ ઉભય સ્વભાવનો સ્વીકાર કરે તો તેના મતમાં આત્માના ધ્રુવનો વિરોધ પ્રાપ્ત થાય; કેમ કે આત્માનો પ્રથમ કર્તૃત્વ સ્વભાવ છે અને ઉત્તરમાં તે કર્મના ફળનો ભોક્તૃત્વ સ્વભાવ છે, તેમ પૂર્વપક્ષીએ માનવું પડે તેથી પૂર્વ ઉત્તરનાં સ્વભાવભેદને કારણે આત્મા પરિણામી સિદ્ધ થાય, તેથી પૂર્વપક્ષીને ઉભય સ્વભાવ સ્વીકારવો હોય તો પરમતના સ્વીકારરૂપ ધ્રુવ વિરોધ=સ્યાદ્વાદના સ્વીકારરૂપ સ્વમત સાથે ધ્રુવ વિરોધ, પ્રાપ્ત થાય, માટે અર્થથી પૂર્વપક્ષીને આત્મા પરિણામી સ્વીકારવો પડે, આ રીતે ત્રીજા વિકલ્પમાં એકાંત નિત્યતાની હાનિ થવાથી એકાંત નિત્યવાદી કહે છે કે અમે આત્માને અનુભય સ્વભાવવાળો સ્વીકારશું અર્થાત્ આત્માનો કર્તૃત્વ સ્વભાવ પણ નથી, ભોક્તૃત્વ સ્વભાવ પણ નથી, પરંતુ અકર્તૃત્વ-અભોક્તૃત્વ સ્વભાવ છે તેને ગ્રંથકારશ્રી કહે છે – અનુભય સ્વભાવ સ્વીકારવામાં નક્કી અસંભવ નામનો દોષ છે; કેમ કે જેમ જગતમાં વંધ્યાપુત્ર નથી તેમ કોઈપણ પ્રકારનું કૃત્ય કરતો ન હોય અને કોઈપણ પ્રકારના કૃત્યના ફળને ભોગવતો ન હોય તેવા આત્માનો અભાવ છે; કેમ કે સંસારીજીવો સુખ માટે પ્રયત્ન કરે છે અને વિવેકપૂર્વકનાં કૃત્યનું ફળ મેળવે છે છતાં તેવો કોઈ ધર્મ ન હોય તેવો આત્મા અપ્રસિદ્ધ છે માટે આત્મામાં અકર્તૃ-અભોક્તૃ સ્વભાવનો અસંભવ છે, તેથી આત્માને પરિણામી સ્વીકારવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૧॥**

**અવતરણિકા :-**

**पुनस्तृतीयविकल्पमेवाधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**વળી ત્રીજા વિકલ્પને જ આશ્રયીને ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**यत्तथोभयभावत्वेऽप्यभ्युपेतं विरुध्यते ।**
**परिणामित्वसङ्गत्या, न त्वागोऽत्रापरोऽपि वः ।।४८२।।**

**અન્વયાર્થ :-**

**यत्=જે કારણથી, तथोभयभावत्वेऽपि=તે પ્રકારના ઉભયભાવપણામાં પણ=ત્રીજા વિકલ્પમાં સ્વીકાર્યું તે પ્રકારના કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ ઉભયપણામાં પણ, अभ्युपेतं=સ્વીકારાયેલું=પૂર્વપક્ષી દ્વારા સ્વીકારાયેલું આત્માનું એકાંતિક એકરૂપપણું, विरुध्यते=વિરોધ પામે છે, परिणामित्वसङ्गत्या=કેમ કે પરિણામિત્વની સંગતિ છે, तु=વળી, अत्र=આમાં=ત્રીજો વિકલ્પ સ્વીકારવામાં, वः=તમારો, अपरोऽपि आगः न=બીજો પણ અપરાધ નથી. ।।૪૮૨।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી તે પ્રકારના ઉભયભાવમાં પણ સ્વીકારાયેલું વિરોધ પામે છે; કેમ કે પરિણામિત્વની સંગતિ છે, વળી આમાં તમારો બીજો પણ અપરાધ નથી. ॥૪૮૨॥**

**ટીકા :-**

यद्=यस्मात्, तथोभयभावत्वेऽपि सति, किं पुनः केवले कर्तृत्वे भोक्तृत्वे वाऽभ्युपगत इत्यपिशब्दार्थः, अभ्युपेतमैकान्तिकरूपत्वं विरुध्यते कथमित्याह – परिणामित्वसङ्गत्या=परिणामोऽवस्थित-स्यैवावस्थान्तरप्राप्तिस्तद्वत्त्वप्राप्त्या, न तु=न पुनः, आगः=अपराधः, अत्र=अभ्युपगमे, अपरोऽपि कश्चित् वः=युष्माकम्, तस्मादुभयरूप एवात्माऽभ्युपगन्तुमुचित इति ।।४८२।।

**ટીકાર્થ :-**

यद्=यस्मात् ..... मुचित इति । જે કારણથી તે પ્રકારનું ઉભય ભાવત્વ પણ હોતે છતે=ત્રીજા વિકલ્પમાં સ્વીકાર્યું તે પ્રકારનું કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ ઉભય ભાવત્વ પણ હોતે છતે, સ્વીકારાયેલું એકાંતિકરૂપપણું=આત્માનું સ્વીકારાયેલું એકાંતિક એકરૂપપણું, વિરોધ પામે છે, શું વળી કેવલ કર્તૃત્વ અથવા ભોક્તૃત્વ સ્વીકારવામાં? એ 'तथोभयभावत्वेऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે, કેમ એકાંત એકરૂપપણાનો વિરોધ થાય? એથી કહે છે – પરિણામિત્વની સંગતિ હોવાથી=પરિણામ અવસ્થિત વસ્તુના જ અવસ્થાંતરની પ્રાપ્તિ છે તદ્વત્વની પ્રાપ્તિ હોવાથી, આત્માનું એકાંતિક એકરૂપપણું વિરોધ પામે છે એમ અન્વય છે, વળી આ અભ્યુપગમમાં=આત્માના કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ ઉભય સ્વભાવના સ્વીકારમાં, તમારો બીજો પણ કોઈ અપરાધ નથી, તે કારણથી ઉભયરૂપ જ આત્મા સ્વીકારવો ઉચિત છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૮૨॥

**ભાવાર્થ :-**

શ્લોક-૪૭૯માં ગ્રંથકારશ્રીએ એકાંતનિત્ય આત્મા સ્વીકારનારને કર્તૃત્વ-ભોક્તૃત્વ આશ્રયીને ચાર વિકલ્પો થઈ શકે તેમ બતાવ્યું. હવે ત્રીજા વિકલ્પમાં પૂર્વપક્ષીને શું દોષ આવે છે અને ત્રીજો વિકલ્પ જ વસ્તુના વાસ્તવિક સ્વરૂપને બતાવનાર છે તે બતાવવા અર્થે કહે છે –

જો પૂર્વપક્ષી સંસારી જીવોને જોઈને કહે કે સંસારી જીવોનો તે તે પ્રકારનાં કર્મોનો કર્તૃત્વ સ્વભાવ છે અને તે કરાયેલાં કર્મોનો ભોક્તૃત્વ સ્વભાવ છે તેમ સ્વીકારે તો નિત્ય એવો આત્મા પરિણામી સિદ્ધ થાય અર્થાત્ નિત્ય એવો આત્મા કથંચિત્ કર્તૃત્વ સ્વભાવવાળો છે અને ત્યારપછી તે કર્મના ફળના ભોક્તૃત્વ સ્વભાવવાળો છે તેમ સિદ્ધ થાય અને તેમ પૂર્વપક્ષી સ્વીકારે તો સર્વથા સ્થિર સ્વભાવરૂપ નિત્યત્વની હાનિ થાય, એ સિવાય અન્ય કોઈ દોષની પ્રાપ્તિ પૂર્વપક્ષીને નથી, તેથી પૂર્વપક્ષીએ કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ આત્મા જ સ્વીકારવો ઉચિત છે, પરંતુ એકાંતનિત્ય આત્મા સ્વીકારવો ઉચિત નથી. **॥૪૮૨॥**

**અવતરણિકા :-**

अपि च –

**અવતરણિકાર્થ :-**

વળી=એકાંત નિત્ય આત્મા સ્વીકારવામાં અન્ય શું દોષ આવે છે તેને 'अपि च' થી કહે છે –

**શ્લોક :-**

एकान्तनित्यतायां तु, तत्तथैकत्वभावतः ।
भवापवर्गभेदोऽपि, न मुख्य उपपद्यते ।।४८३।।

**અન્વયાર્થ :-**

तु=વળી, एकान्तनित्यतायां=એકાંતનિત્યતામાં=આત્માની એકાંતનિત્યતામાં, तत्तथैकत्वभावतः=તેના તથા એકત્વભાવને કારણે=આત્માના એકાંત એકત્વભાવને કારણે, भवापवर्गभेदोऽपि=ભવ-અપવર્ગનો ભેદ પણ, मुख्य न उपपद्यते=મુખ્ય ઉપપન્ન થતો નથી=અનુપચરિત ઘટતો નથી. ।।૪૮૩।।

**શ્લોકાર્થ :-**

**વળી એકાંતનિત્યતામાં તેના તથા એકત્વભાવને કારણે ભવ-અપવર્ગનો ભેદ પણ મુખ્ય ઉપપન્ન થતો નથી. ।।૪૮૩।।**

**ટીકા :-**

एकान्तनित्यतायां तु-परेणाभ्युपगतायां पुनः, किमित्याह – तत्तथैकत्वभावतः=तस्यात्मनस्तथैकान्तेनैकत्वभावतः कारणात्, भवापवर्गभेदोऽपि न केवलं कर्तृत्वभोक्तृत्वादीत्यपिशब्दार्थः न मुख्यः= अनुपचरितः, उपपद्यते=घटते ।।४८३।।

**ટીકાર્થ :-**

एकान्तनित्यतायां ..... घटते । વળી પર વડે સ્વીકારાયેલી એકાંતનિત્યતામાં શું? એથી કહે છે – તેના તથા એકત્વભાવને કારણે=આત્માના તે પ્રકારના એકાંતથી એકત્વભાવને કારણે, ભવ-અપવર્ગનો ભેદ પણ=સંસાર અને મોક્ષનો ભેદ પણ, મુખ્ય=અનુપચરિત, ઘટતો નથી, કેવલ કર્તૃત્વ-ભોક્તૃત્વ આદિ નહિ એ 'भवापवर्गभेदोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ।।૪૮૩।।

**ભાવાર્થ :-**

વળી જેઓ આત્માને એકાંત નિત્ય સ્વીકારે છે તેઓના મતાનુસાર આત્માનું તે પ્રકારે એકાંતથી એક સ્વભાવપણું હોવાને કારણે સંસાર અને મોક્ષ પણ અનુપચરિત ઘટતા નથી; કેમ કે આત્માના સ્વભાવનો ભેદ સ્વીકારીએ તો જ સંસારના સ્વભાવવાળો આત્મા પાછળથી સાધના કરીને મુક્ત સ્વભાવવાળો બન્યો

તેમ સ્વીકારી શકાય, પરંતુ આત્મા પરિણામી જ ન હોય તો સંસાર સ્વભાવ અને મોક્ષ સ્વભાવનો ભેદ નહિ હોવાથી સંસાર અને મોક્ષ કાલ્પનિક જ સ્વીકારવા પડે અર્થાત્ જેઓએ સાધના કરી નથી તેઓ કલ્પનાથી સંસારી છે અને જેઓએ સાધના કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો છે તેઓ કલ્પનાથી મુક્ત છે એ પ્રકારની સંસારીની અને મુક્તની કલ્પના માત્ર થાય અને સંસારમાં જીવોનું કર્તૃત્વ-ભોક્તૃત્વ દેખાય છે તે પણ કલ્પના માત્ર છે તેમ માનવું પડે, માટે આત્માને પરિણામી જ સ્વીકારવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૩॥**

**અવતરણિકા :-**

**कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કયા કારણથી એકાંત નિત્ય આત્મા સ્વીકારવામાં ભવ-અપવર્ગનો ભેદ મુખ્ય ઘટે નહિ, એથી કહે છે –**

**શ્લોક :-**

**स्वभावापगमे यस्माद् व्यक्तैव परिणामिता ।**
**तयाऽनुपगमे त्वस्य, रूपमेकं सदैव हि ।।४८४।।**

**અન્વયાર્થ :-**

**यस्माद्=જે કારણથી, स्वभावापगमे=સ્વભાવના અપગમમાં=સાધના દ્વારા મુક્તિના પ્રાપ્તિકાળમાં ભવ સ્વભાવના અપગમમાં, व्यक्तैव परिणामिता=વ્યક્ત જ પરિણામિતા છે, तु=વળી, अस्य=આનો= ભવસ્વભાવનો, तया=તેપણાથી=પરિણામિપણાથી, अनुपगमे=અનુપગમમાં=અસ્વીકારમાં, सदैव हि=સદા જ=ભવ-અપવર્ગ સર્વ કાળમાં જ, एकं रूपं=એક રૂપ પ્રાપ્ત થાય=આત્માનું એકરૂપ પ્રાપ્ત થાય, તેથી મુખ્ય ભવ-અપવર્ગનો ભેદ ઘટતો નથી એમ અન્વય છે. ॥૪૮૪॥**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી સ્વભાવના અપગમમાં વ્યક્ત જ પરિણામિતા છે, વળી આનો તેપણાથી અનુપગમમાં સદા જ એકરૂપ પ્રાપ્ત થાય. ॥૪૮૪॥**

**ટીકા :-**

**स्वभावस्य भवभाविनो मुक्तावपगमे यस्मात्कारणात्, व्यक्तैव=स्फुटमेव, परिणामिता प्राप्नोति, तया=परिणामितया, अनुपगमे त्वस्य=भवस्वभावस्य, किमित्याह – रूपं स्वलक्षणम् एकं सदैव हि=भवेऽपवर्गे च ।।४८४।।**

**ટીકાર્થ :-**

**स्वभावस्य ..... भवेऽपवर्गे च । જે કારણથી ભવભાવી સ્વભાવનો મુક્તિમાં અપગમ સ્વીકાર કરાયે છતે વ્યક્ત જ=સ્પષ્ટ જ, પરિણામિતા પ્રાપ્ત થાય છે વળી આનો=ભવસ્વભાવનો, તેપણાથી= પરિણામિપણાથી, અનુપગમ કરાયે છતે=અસ્વીકાર કરાયે છતે, શું પ્રાપ્ત થાય? એથી કહે છે – સદા જ=ભવ-અપવર્ગરૂપ સર્વ કાળમાં જ, એક સ્વલક્ષણરૂપ આત્મા પ્રાપ્ત થાય છે, માટે અનુપચરિત ભવ-મોક્ષ આત્મા ઘટતો નથી. ।।૪૮૪।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૮૩માં કહ્યું કે આત્માને એકાંત નિત્ય સ્વીકારમાં આવે તો સંસારનો અને અપવર્ગનો ભેદ મુખ્ય ઘટે નહિ, તેમાં યુક્તિ બતાવે છે –

જો પૂર્વપક્ષી કહે કે મુક્તિના પ્રાપ્તિકાળમાં ભવમાં વર્તતા સ્વભાવનો નાશ થાય છે તો અનુપચરિત મુક્તિ ઘટે, પરંતુ પૂર્વપક્ષી તેમ સ્વીકારે તો આત્માની વ્યક્ત જ પરિણામિતા પ્રાપ્ત થાય છે; કેમ કે ભવસ્વભાવનો નાશ થયો અને મુક્ત સ્વભાવની ઉત્પત્તિ થઈ તેમ સ્વીકારવાથી નિત્ય એવો આત્મા પૂર્વસ્વભાવનો ત્યાગ કરીને અન્ય સ્વભાવરૂપે પરિણમન પામે છે, તેમ પ્રાપ્ત થાય અને જો પૂર્વપક્ષી આત્માને પરિણામી સ્વીકારે નહિ તો ભવમાં અને મોક્ષમાં સદા આત્માના એક સ્વરૂપની પ્રાપ્તિ થાય, તેથી આત્માના સ્વરૂપમાં કંઈ ભેદ ન હોય છતાં આ આત્મા સંસારી છે અને આ આત્મા મુક્ત છે તે કેવલ શબ્દ માત્રથી જ પ્રાપ્ત થાય, માટે સાધના દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ સ્વીકારવું હોય તો આત્માને પરિણામી માનવો જોઈએ તો જ મોક્ષમાર્ગના ઉપદેશનું સાફલ્ય સિદ્ધ થાય, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્માની પરિણામિતા ન સ્વીકારવામાં આવે તો ભવ અને મોક્ષ મુખ્ય ઘટે નહિ તે કથનને જ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**तत्पुनर्भाविकं वा स्यादापवर्गिकमेव वा ।**
**आकालमेकमेतद्धि, भवमुक्ती न सङ्गते ।।४८५।।**

**અન્વયાર્થ :-**

**तत्पुनर्भाविकं वा स्यात्=તેનું પુનર્ભાવિક થાય=આત્માનું એકરૂપ પુનર્ભાવિક થાય=સાધના કર્યા પછી આત્મા મુક્ત થાય છે તેમ સ્વીકારવામાં પણ સંસારમાં થનારું રૂપ મુક્ત અવસ્થામાં પુનર્ભાવિક થાય, वा=અથવા, आपवर्गिकमेव=આપવર્ગિક જ થાય=સાધના પૂર્વે સંસાર અવસ્થામાં પણ મોક્ષમાં**

જેવું સ્વરૂપ છે તેવું આપવર્ગિક જ થાય, हि=જે કારણથી, एतद्=આ=આત્માનું સ્વરૂપ, आकालमेकं=આકાલ એક છે (તેથી), भवमुक्ती=ભવ અને મુક્તિ, न सङ्गते=સંગત નથી. ॥૪૮૫॥

**શ્લોકાર્થ :-**

**તેનું પુનર્ભાવિક થાય અથવા આપવર્ગિક જ થાય, જે કારણથી આ આકાલ એક છે, તેથી ભવ અને મુક્તિ સંગત નથી. ॥૪૮૫॥**

**ટીકા :-**

**तत्पुना रूपं भाविकं=संसारभवं, वा स्यादापवर्गिकमेव वा=मोक्षानुगतं वा, नित्यात्मनः, ततः किमित्याह – आकालं=सर्वकालमपि, एकं=अनानारूपं, एतत् रूपम् हिः=यस्मात्, ततो भवमुक्ती-संसारमोक्षरूपे न सङ्गते, स्वभावभेदाक्षेपकत्वात्तयोः ।।४८५।।**

**ટીકાર્થ :-**

तत्पुना ..... भेदाक्षेपकत्वात्तयोः । તે=જીવનું સ્વરૂપ, પુના રૂપ ભાવિક થાય=ફરી સંસારમાં થનારું થાય=સાધના પૂર્વે જેવું સંસારમાં થનારું સ્વરૂપ હતું તેવું જ સ્વરૂપ સાધના પછી આ મુક્ત થયો છે એમ કહેવામાં આવે ત્યારે પણ થાય, અથવા આપવર્ગિક જ=મોક્ષ અનુગત જ, નિત્ય આત્માનું રૂપ થાય=સાધના પૂર્વે મોક્ષ અનુગત જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ થાય, તેનાથી શું ?=પૂર્વમાં કહ્યું કે નિત્ય આત્માનું રૂપ પુનર્ભાવિક થાય અથવા આપવર્ગિક જ થાય તેનાથી શું પ્રાપ્ત થાય ? એથી કહે છે - हि=જે કારણથી, આકાલ=સર્વકાલ પણ, એક=અનાનારૂપવાળું આ રૂપ=આત્માનું સ્વરૂપ છે, તેથી ભવ-મુક્તિ સંગત નથી=સંસાર-મોક્ષરૂપ ભવ-મુક્તિ સંગત નથી; કેમ કે એ બેનું=સંસાર અને મોક્ષનું, સ્વભાવભેદનું આક્ષેપકપણું છે. ॥૪૮૫॥

**ભાવાર્થ :-**

જેઓ આત્માને એકાંતનિત્ય સ્વીકારે છે તેઓના મતે આત્મા અપ્રચ્યુત-અનુત્પન્ન-સ્થિર એક સ્વભાવવાળો છે, તેથી સંસારકાળમાં જે સ્વરૂપવાળો છે તે જ સ્વરૂપવાળો સાધના કરીને મુક્ત થાય ત્યારે પણ પ્રાપ્ત થાય, તેથી સાધના પછી પણ તે આત્મામાં સંસારનું સ્વરૂપ પુનર્ભાવિક થાય અથવા મોક્ષમાં જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ સાધના પૂર્વે પણ તે આત્મામાં અવશ્ય હોવું જોઈએ, તેથી નિત્ય આત્મા સદા આપવર્ગિક જ થાય=અપવર્ગરૂપ મોક્ષમાં જેવો સ્વભાવ છે તેવો જ સ્વભાવ પૂર્વમાં પણ પ્રાપ્ત થવો જોઈએ; કેમ કે આકાળ એક સ્વરૂપવાળો આત્મા છે, તેથી મુક્ત અવસ્થામાં જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ તેનું આકાળ હોવું જોઈએ અથવા સંસાર અવસ્થામાં જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ તેનું આકાળ રહેવું જોઈએ અને તેમ સ્વીકારીએ તો જીવની ભવ અને મોક્ષ બે અવસ્થા સંગત થાય નહિ; કેમ કે જીવની બે અવસ્થા જીવના સ્વભાવભેદની આક્ષેપક છે, માટે જીવની ભવ અને મુક્તિ બે અવસ્થા સ્વીકારવી હોય તો આત્માને પરિણામી માનવો જોઈએ. **॥૪૮૫॥**

**અવતરણિકા :-**

अत्रैवाभ्युच्चयमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=ભવ-મુક્તિની સંગતિ અર્થે આત્માને પરિણામી સ્વીકારવાના વિષયમાં જ, અભ્યુચ્ચયને કહે છે=પુષ્ટ કરનારા કથનને કહે છે –

**શ્લોક :-**

बन्धाच्च भवसंसिद्धिः, सम्बन्धश्चित्रकार्यतः ।
तस्यैकान्तैकभावत्वे, न त्वेषोप्यनिबन्धनः ।।४८६।।

**અન્વયાર્થ :-**

च=અને, बंधात्=બંધથી=કર્મના સંચયરૂપ બંધથી, भवसंसिद्धिः=ભવની સંસિદ્ધિ છે=સંસારની ઉપપત્તિ છે, सम्बन्धः=સંબંધ=ચિત્રરૂપવાળો કર્મનો સંબંધ, चित्रकार्यतः=ચિત્રકાર્યથી છે=સંસારમાં દેખાતા ચિત્રકાર્યથી આત્માની સાથે ચિત્રકર્મનો સંબંધ છે એ અનુમેય છે, तु=વળી, तस्य=તેનું=આત્માનું, एकान्तैकस्वभावत्वे=એકાંત સ્વભાવપણું હોતે છતે, अनिबन्धनः एषोऽपि=અનિબંધનવાળો આ પણ= ચિત્રરૂપવાળો બંધ, न=નથી. ।।૪૮૬।।

**શ્લોકાર્થ :-**

**અને બંધથી ભવની સંસિદ્ધિ છે, સંબંધ ચિત્રકાર્યથી છે, વળી તેનું એકાંત સ્વભાવપણું હોતે છતે અનિબંધવાળો આ પણ નથી. ।।૪૮૬।।**

**ટીકા :-**

बन्धात् कर्मसंचयरूपात्, चः-समुच्चये, भवसंसिद्धिः=संसारोपपत्तिः, सम्बन्धश्चित्रो=नानारूपः, चित्रकार्यतः=कार्यवैचित्र्यात्, न ह्यचित्रात्कारणाच्चित्रकार्यप्रसूतिरिति, यदि नामैवं ततः किमित्याह - तस्य=आत्मनः, एकान्तैकभावत्वे=सर्वथैकस्वभावतायां सत्यां, न त्वेषोऽपि=चित्ररूपो बन्धः, किं पुनर्भवमुक्ती इत्यपिशब्दार्थः, अनिबन्धनः=निर्निमितः, चित्रपरिणामनिमित्तत्वात्तस्य ।।४८६।।

**ટીકાર્થ :-**

बन्धात् ..... निमित्तत्वात्तस्य । 'च' સમુચ્ચયમાં છે, કર્મસંચયરૂપ બંધથી ભવસંસિદ્ધિ છે=સંસારની ઉપપત્તિ છે, ચિત્ર=નાના રૂપવાળો, સંબંધ ચિત્રકાર્યથી છે=ચિત્રકાર્યથી અનુમેય છે, हि=જે કારણથી, અચિત્ર કારણથી ચિત્રકાર્યની પ્રસૂતિ નથી એથી ચિત્રકાર્યથી ચિત્રસંબંધ અનુમેય છે એમ પૂર્વ સાથે સંબંધ છે, જો આ પ્રમાણે છે=બંધથી ભવસંસિદ્ધિ છે અને ચિત્રકાર્યથી ચિત્ર સંબંધ અનુમેય છે એ

**પ્રમાણે છે, તેનાથી શું? એથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – તેનું=આત્માનું, એકાંત એકસ્વભાવપણું હોતે છતે=સર્વથા એકસ્વભાવતા હોતે છતે, આ પણ=ચિત્રકાર્યથી અનુમેય એવો ચિત્ર બંધ પણ નથી, કેમ નથી? તેથી હેતુઅર્થક વિશેષણ કહે છે – અનિબંધવાળો છે=નિર્નિમિત્ત છે; કેમ કે તેનું=ચિત્રરૂપ બંધનું, ચિત્રપરિણામ નિમિત્તપણું છે=ચિત્રપરિણામ નિમિત્તક ચિત્ર બંધ છે, શું વળી ભવ-મુક્તિ? એ 'एषोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૪૮૬॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૮૫માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આત્મા એકાંતનિત્ય હોય તો સંસાર સ્વભાવ સદા રહેવો જોઈએ અથવા મોક્ષસ્વભાવ સદા રહેવો જોઈએ, પરંતુ પૂર્વમાં સંસાર સ્વભાવ અને સાધના પછી મુક્ત સ્વભાવ એ પ્રકારનો ભેદ અપરિણામી આત્મામાં સંગત થાય નહિ. હવે એ કથનને જ અધિક પુષ્ટ કરવા અર્થે કહે છે કે સંસારમાં જે ભવની સંસિદ્ધિ છે તે પણ એકાંતનિત્ય આત્મામાં સંગત થાય નહિ, કેમ સંગત થાય નહિ? એથી કહે છે –

કર્મના સંચયરૂપ બંધથી તે તે જન્મરૂપ ભવની પ્રાપ્તિ થાય છે અને જીવમાં તે તે જન્મની પ્રાપ્તિરૂપ અને તે તે પ્રકારનાં સુખ-દુઃખાદિની પ્રાપ્તિરૂપ કાર્યથી જીવમાં ચિત્ર પ્રકારના કર્મનો સંબંધ છે તેમ અનુમાન થાય છે અને તેમ સ્વીકારવાથી જ સંસારના વૈચિત્ર્યની સંગતિ થાય છે. હવે જો આત્માને એકાંત એક સ્વભાવવાળો માનીએ તો આત્મામાં ચિત્ર પ્રકારનો કર્મબંધ પણ સંગત થતો નથી; કેમ કે ચિત્ર પ્રકારના કર્મબંધને અનુકૂળ ચિત્ર પરિણામ આત્મામાં સ્વીકારીએ તો જ ચિત્ર કર્મબંધ સંગત થાય અને આત્મા સર્વથા એક સ્વભાવવાળો હોય તો તેમાં ચિત્રપરિણામ ઘટે નહિ અને આત્મામાં ચિત્રપરિણામ ન હોય તો ચિત્ર કર્મબંધ ઘટે નહિ અને આત્મામાં ચિત્ર કર્મબંધ ન હોય તો આત્મામાં ચિત્રભવ આદિની પ્રાપ્તિરૂપ ચિત્ર કાર્યો દેખાય છે તે સર્વ સંગત થાય નહિ, માટે દૃષ્ટ વ્યવસ્થાની સંગતિ અર્થે આત્માને પરિણામી સ્વીકારવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૬॥**

**અવતરણિકા :-**

**एवं च सति यत्सिद्धं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**અને આમ હોતે છતે=શ્લોક-૪૮૬માં કહ્યું એ પ્રમાણે એકાંત સ્વભાવવાળો આત્મા સ્વીકારવાથી ભવમાં દેખાતી વિચિત્રતાની સંગતિ નથી એમ હોતે છતે, જે સિદ્ધ થાય છે=આત્માને એકાંત નિત્ય સ્વીકારનાર સાંખ્યદર્શનના મત વિષયક જે સિદ્ધ થાય છે, તેને કહે છે –**

**શ્લોક :-**

**नृपस्येवाभिधानाद्यः, सातबन्धः प्रकीर्त्यते ।**
**अहिशङ्काविषज्ञाताच्चेतरोऽसौ निरर्थकः ।।४८७।।**

**અન્વયાર્થ :-**

नृपस्येवाभिधानात्=રાજાની જેમ અભિધાનથી=કોઈક પુરુષ રાજા ન હોય છતાં આ રાજા છે એ પ્રકારના કથનથી, यः सातबन्धः=જે સાતબંધ, प्रकीर्त्यते=કહેવાય છે=સાંખ્યદર્શનકાર વડે કહેવાય છે, च=અને, अहिशङ्काविषज्ञातात्=સાપની શંકાને કારણે વિષના જ્ઞાનથી='મને સાપ કરડ્યો છે' એ પ્રકારની શંકાને કારણે પોતાના શરીરમાં વિષ છે એ પ્રકારના જ્ઞાનથી, इतरोऽसौ=ઈતર એવો આ= અશાતા બંધ પર વડે કહેવાયો છે એ, निरर्थकः=નિરર્થક છે=પરનું કથન નિરર્થક છે. ।।૪૮૭।।

**શ્લોકાર્થ :-**

**રાજાની જેમ અભિધાનથી જે સાતબંધ કહેવાય છે અને સાપની શંકાને કારણે વિષના જ્ઞાનથી ઈતર એવો આ નિરર્થક છે. ।।૪૮૭।।**

**ટીકા :-**

परे हि नित्येऽप्यात्मनि सङ्कल्पमात्रभेदादेव सातासातयोः सम्बन्धमभिमन्यते, तन्निराकरणार्थमुच्यते, नृपस्येव=तथाविधनरपतेरिव, अभिधानात्=राजाऽयमिति भणनरूपात्, यः सातबन्धः सुखसम्बन्धरूपः प्रकीर्त्यते नित्यस्याप्यात्मनः परैः, अहिशङ्काविषज्ञातात् अहिनाऽदष्टस्यापि तथाविधप्रघट्टकवशाद्, अहिशङ्काविषमना=अहमनेनाहिना दष्ट इत्येवंरूपं, तदेव ज्ञातं=दृष्टान्तः, तस्मात् चः समुच्चये, इतरो=असातबन्धो, यः प्रकीर्त्यते शुद्धसङ्कल्पवशादसौ निरर्थकः, एकान्तनित्यसङ्कल्पमात्रभेदस्याप्यसम्भवात् ।।४८७।।

**ટીકાર્થ :-**

परे हि ..... सम्भवात् । પર એવા સાંખ્યદર્શનકારો નિત્ય પણ આત્મામાં=આત્મા નિત્ય છે એમ સ્વીકારવામાં, સંકલ્પમાત્રના ભેદથી જ શાતા-અશાતાનો સંબંધ માને છે તેના નિરાકરણ માટે કહેવાય છે=ગ્રંથકારશ્રી વડે કહેવાય છે, રાજાની જેમ=કોઈ પુરુષ રાજા ન હોય છતાં તેવા પ્રકારના રાજાની જેમ કથનથી='આ રાજા છે, એ પ્રકારના કથનથી, જે સુખ સંબંધરૂપ સાતબંધ પર વડે નિત્ય પણ આત્માને કહેવાય છે, અહિ શંકા વિષના જ્ઞાતથી=સાપથી નહિ ડસાયેલા પુરુષને પણ તેવા પ્રકારના પ્રઘટ્ટકના વશથી સાપની શંકાને કારણે વિષમનવાળો અર્થાત્ હું આ સાપ વડે ડસાયેલો છું એવા સ્વરૂપવાળા મનવાળો તે જ દૃષ્ટાંત છે તેનાથી, ઈતર=અસાતબંધ, જે તે પ્રકારના સંકલ્પના વશથી કહેવાય છે એ=સાતબંધ અને અસાતબંધ કહેવાય છે એ, નિરર્થક છે; કેમ કે એકાંત નિત્ય આત્મામાં સંકલ્પમાત્રના ભેદનો પણ અસંભવ છે. (ટીકાના અંતે 'शुद्धसङ्कल्पवशात्' પાઠ છે, ત્યાં 'तथासङ्कल्पवशात्' પાઠ જોઈએ.) ।।૪૮૭।।

**ભાવાર્થ :-**

સાંખ્યદર્શનકાર આત્માને કૂટસ્થ નિત્ય માને છે અને પ્રકૃતિમાંથી સંસારના સર્વ પ્રપંચો થાય છે તેમ માને છે અને સંસારી જીવોને જે શાતાનો અનુભવ થાય છે અને જે અશાતાનો અનુભવ થાય છે તેની સંગતિ કરવાર્થે કહે છે કે આત્મા કૂટસ્થ નિત્ય છે, તેથી તેમાં શાતાનો પરિણામ કે અશાતાનો પરિણામ સંભવે નહિ, છતાં સંસારી જીવોને જે શાતાનો અને અશાતાનો અનુભવ થાય છે તે અભિમાન માત્ર છે, જેમ રાજા ન હોય અને લોકો તેને આ રાજા છે તેમ કહે ત્યારે તેને અભિમાન થાય છે કે હું રાજા છું, તેથી તેને સુખનો અનુભવ થાય છે તેના જેવો આત્માને શાતાનો અનુભવ છે અર્થાત્ સંકલ્પમાત્રથી શાતાનો અનુભવ છે.

વળી કોઈ પુરુષ સાપથી ડસાયેલો ન હોય છતાં કોઈક તેવા પ્રસંગથી તેને સાપ સ્પર્શ્યો હોય અને તેને લાગે કે મને સાપ કરડ્યો છે, માટે મારા શરીરમાં વિષ છે, તેથી જેમ શરીરમાં વિષ નહિ હોવા છતાં વિષની શંકાથી તે અસ્વસ્થ થાય છે તેમ આત્માને કોઈ અશાતા નથી, પરંતુ સંકલ્પમાત્રથી તેને અશાતાનો અનુભવ થાય છે આ પ્રકારે શાતા-અશાતાની સંગતિ નિત્ય આત્મામાં સાંખ્યદર્શનકારો કરે છે તે નિરર્થક છે; કેમ કે જો આત્મા એકાંતનિત્ય હોય તો સંકલ્પમાત્રના ભેદની પણ પ્રાપ્તિ તેને થાય નહિ અને જો આત્મામાં બે પ્રકારના સંકલ્પો થાય છે અર્થાત્ 'હું સુખી છું' એ પ્રકારનો સંકલ્પ થાય છે અને 'હું દુઃખી છું' એ પ્રકારનો સંકલ્પ થાય છે એમ સાંખ્યદર્શનકાર કહે છે તો તે સંકલ્પના ભેદથી પણ આત્મા પરિણામી છે એમ પ્રાપ્ત થાય, માટે આત્માને એકાંત નિત્ય સ્વીકારીને સંકલ્પના ભેદથી શાતા-અશાતાની સંગતી કરનારું સાંખ્યદર્શનકારનું વચન ઉચિત નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે આત્માના ચિત્ર પરિણામને સ્વીકાર્યા વગર ભવની સિદ્ધિ થાય નહિ અને ભવમાં દેખાતાં ચિત્રકાર્ય પણ સંગત થાય નહિં અને શાતા-અશાતાનો અનુભવ જે સંસારી જીવોને થાય છે તે પણ સંગત થાય નહિ, માટે આત્માને પરિણામી સ્વીકારવામાં આવે તો સર્વ દૃષ્ટ વ્યવસ્થા સંગત થાય છે. **॥૪૮૭॥**

**અવતરણિકા :-**

**વળી આત્માને પરિણામી ન સ્વીકારવાથી સાંખ્યદર્શનકારને અન્ય શું દોષ પ્રાપ્ત થાય તે બતાવે છે –**

**શ્લોક :-**

**एवं च योगमार्गोऽपि, मुक्तये यः प्रकल्प्यते ।**
**सोऽपि निर्विषयत्वेन, कल्पनामात्रभद्रकः ।।४८८।।**

**અન્વયાર્થ :-**

**एवं च=અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે આત્મા પરિણામી ન હોય તો દેખાતી સર્વ વ્યવસ્થા સાંખ્યદર્શનકાર સંગત કરે છે તે નિરર્થક છે એ રીતે, मुक्तये=મોક્ષ માટે, यः योगमार्गः अपि=જે યોગમાર્ગ**

પણ, प्रकल्प्यते=કલ્પાય છે=સાંખ્ય દર્શનકાર વડે સ્વીકારાય છે, सोऽपि=તે પણ, निर्विषयत्वेन=નિર્વિષયપણું હોવાથી=યોગમાર્ગના સેવનથી આત્મામાં કોઈ પરિવર્તન નહિ હોવાને કારણે યોગમાર્ગનું નિર્વિષયપણું હોવાથી, कल्पनामात्रभद्रकः=કલ્પનામાત્ર ભદ્રક છે=કલ્પનામાત્રથી સુંદર જણાય છે, પરમાર્થથી નિરર્થક ચેષ્ટા છે. ॥૪૮૮॥

**શ્લોકાર્થ :-**

**અને આ રીતે મોક્ષ માટે જે યોગમાર્ગ પણ કલ્પાય છે, તે પણ નિર્વિષયપણું હોવાથી કલ્પનામાત્ર ભદ્રક છે. ॥૪૮૮॥**

**ટીકા :-**

**एवं चास्मिंश्चार्थे सिद्धे सति योगमार्गोऽपि किं पुनर्भवमुक्ती इत्यपिशब्दार्थः मुक्तये=मोक्षाय, यः-परैः प्रकल्प्यते सोऽपि निर्विषयत्वेनैकान्तनित्यत्वाभ्युपगमान्निर्गोचरत्वेन कल्पनामात्रभद्रकः-न पुनः परमार्थस्वरूपः कश्चित् ।।४८८।।**

**ટીકાર્થ :-**

एवं चास्मिंश्चार्थे ..... कश्चित् । અને આ રીતે=શ્લોક-૪૮૭માં વર્ણન કર્યું એ રીતે, આ અર્થ સિદ્ધ થયે છતે=આત્મામાં સાતબંધ-અસાતબંધ નિરર્થક સિદ્ધ થયે છતે, યોગમાર્ગ પણ મોક્ષ માટે જે પર વડે=સાંખ્યદર્શનકાર વડે, કલ્પાય છે તે પણ નિર્વિષયપણું હોવાથી=આત્માના એકાંત નિત્યત્વના સ્વીકારને કારણે યોગમાર્ગનો વિષય કોઈ નહિ હોવાથી, કલ્પનામાત્ર ભદ્રક છે, પરંતુ પરમાર્થ સ્વરૂપ કંઈ નથી=પરમાર્થ સ્વરૂપ મોક્ષમાર્ગ નથી, શું વળી ભવ-મુક્તિ ? એ 'योगमार्गोऽपि'માં રહેલા 'अपि' શબ્દનો અર્થ છે. ॥૪૮૮॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે આત્મા પરિણામી સ્વીકારવામાં ન આવે તો ભવ અને મુક્તિ સંગત થાય નહિ, સંસારમાં ચિત્ર પ્રકારના જીવોને આશ્રયીને જે કાર્યો થાય છે તે સંગત થાય નહિ અને સંસારી જીવોને સાતબંધ કે અસાતબંધ સાંખ્યદર્શનકાર કલ્પનારૂપે સ્વીકારે છે તે પણ સંગત થાય નહિ, આ-રીતે પરિણામી આત્મા સ્વીકાર્યા વગર આ સર્વ વ્યવસ્થા અસંગત થાય છે તેમ સાંખ્યદર્શનકાર મોક્ષ માટે યોગમાર્ગને સ્વીકારે છે તે પણ કલ્પના માત્ર સુંદર બને, વસ્તુતઃ જીવ પરિણામી ન હોય તો યોગમાર્ગની પ્રવૃત્તિનો વિષય કોઈ નથી; કેમ કે અપરિણામી એવો આત્મા કોઈ પ્રકારની પ્રવૃત્તિ કરનાર નહિ હોવાથી યોગમાર્ગને સેવીને કોઈ પ્રકારના પરિણામાંતરને પામનાર નથી અને યોગમાર્ગને સેવીને મોક્ષ પામનાર પણ નથી, માટે યોગમાર્ગના ઉપદેશનું વચન કલ્પનામાત્રથી સુંદર જણાય, બુદ્ધિમાનને સુંદર જણાય નહિ, માટે જો આત્માને પરિણામી સ્વીકારવામાં આવે તો સંસારી આત્મા યોગમાર્ગને સેવીને સંસારના ભાવોથી પર થાય છે અને અંતે મુક્ત અવસ્થાને પામે છે તે સર્વ સંગત થાય, માટે આત્માને પરિણામી સ્વીકારવો જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૪૮૮॥**

**અવતરણિકા :-**

વળી આત્માને એકાંત નિત્ય સ્વીકારવાથી સાંખ્યદર્શનકારને અન્ય શું દોષ પ્રાપ્ત થાય છે તે બતાવે છે –

**શ્લોક :-**

दिदृक्षादिनिवृत्त्यादि, पूर्वसूर्युदितं तथा ।
आत्मनोऽपरिणामित्वे, सर्वमेतदपार्थकम् ।।४८९।।

**અન્વયાર્થ :-**

तथा=અને, पूर्वसूर्युदितं दिदृक्षादिनिवृत्त्यादि सर्वमेतद्=પૂર્વસૂરિઓ વડે કહેવાયેલું દિદક્ષા આદિ અને નિવૃત્તિ આદિ સર્વ આ, आत्मनोऽपरिणामित्वे=આત્માના અપરિણામિપણામાં, अपार्थकम्=નિષ્ફળ છે. ॥૪૮૯॥

**શ્લોકાર્થ :-**

**અને પૂર્વસૂરિઓ વડે કહેવાયેલું દિદક્ષા આદિ અને નિવૃત્તિ આદિ સર્વ આ આત્માના અપરિણામિપણામાં નિષ્ફળ છે. ॥૪૮૯॥**

**ટીકા :-**

दिदृक्षोक्तरूपा आदिशब्दाद् भवबीजं वासनाऽविद्या च तत्तद्वाद्यभिप्रेता गृह्यते, तस्य=दिदृक्षादेरर्थस्य, निवृत्यादिः, निवृत्तिः=उपरमः, आदिशब्दादवस्थान्तरे प्रवृत्तिश्च पूर्वसूरिभिः=पतञ्जलिप्रभृतिभिः, उदितम्, 'तथा' इति समुच्चये, आत्मनोऽपरिणामित्वे=एकान्तेन नित्यत्वे, सर्वमेतदुक्तरूपम् अपार्थकं= निष्फलमिति ।।४८९।।

**ટીકાર્થ :-**

दिदृक्षोक्तरूपा ..... निष्फलमिति । દિદક્ષા=શ્લોક-૧૬૯માં કહેવાયેલા સ્વરૂપવાળી દિદક્ષા, 'आदि' શબ્દથી='दिदृक्षादि'માં રહેલા 'आदि' શબ્દથી, ભવબીજ-વાસના અને અવિદ્યા તે તે વાદીથી અભિપ્રેત=તે તે દર્શનકાર દ્વારા સ્વીકારાયેલ, ગ્રહણ થાય છે, તેની=દિદક્ષાદિ અર્થની, નિવૃત્તિ આદિ, નિવૃત્તિ=દિદક્ષાદિનો ઉપરમ, 'निवृत्त्यादि'માં રહેલ 'आदि' શબ્દથી અવસ્થાંતરમાં પ્રવૃત્તિ, આત્માના અપરિણામિપણામાં=એકાંતથી નિત્યપણામાં, પૂર્વસૂરિઓ વડે=પતંજલિ ઋષિ વગેરેથી, કહેવાયેલું ઉક્તિરૂપવાળું સર્વ આ અપાર્થક છે=નિષ્ફળ છે. શ્લોકમાં 'तथा' શબ્દ સમુચ્ચયમાં છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૮૯॥

**ભાવાર્થ :-**

પતંજલિઋષિ પ્રકૃતિના વિકારને જોવાની ઇચ્છારૂપ દિદક્ષા પુરુષને સ્વીકારે છે અને તેના કારણે જ પ્રકૃતિમાંથી સંસારની આ સર્વ વ્યવસ્થા ઉત્પન્ન થઈ છે તેમ માને છે અને યોગીઓ યોગમાર્ગના સેવન દ્વારા દિદક્ષાની નિવૃત્તિ કરે છે એ પ્રકારે માને છે અને આત્માને અપરિણામી સ્વીકારે છે, તેથી જો આત્મા એક અવસ્થામાંથી અન્ય અવસ્થારૂપે પરિણામ પામતો ન હોય તો તેને દિદક્ષા થાય છે અને સાધના દ્વારા દિદક્ષાની નિવૃત્તિ થાય છે તે સર્વ કથન નિરર્થક છે.

વળી પતંજલિઋષિ સિવાય અન્ય દર્શનકારો આત્માને એકાંત નિત્ય માનીને દિદક્ષાને બદલે કેટલાક ભવબીજ કહે છે, કેટલાક વાસના કહે છે, કેટલાક અવિદ્યા કહે છે તે સર્વ પણ એકાંત નિત્ય આત્મા સ્વીકારવાથી નિરર્થક છે.

વળી પતંજલિઋષિ દિદક્ષાની નિવૃત્તિ સ્વીકારે છે તેમ અન્ય દર્શનવાળા અવસ્થાંતરમાં પ્રવૃત્તિ સ્વીકારે છે, જેનાથી ભવનો ઉચ્છેદ થાય છે તેમ કહે છે તે સર્વ કથન આત્માને અપરિણામી સ્વીકારવાથી નિરર્થક છે; કેમ કે આત્મામાં અન્ય પરિણામ પ્રગટ થતો ન હોય તો દિદક્ષા અને દિદક્ષાની નિવૃત્તિ થાય છે તે વચનો સંગત થતાં નથી, માટે જો તેઓને સંસારમાર્ગરૂપે દિદક્ષા અને મોક્ષમાર્ગરૂપે દિદક્ષાની નિવૃત્તિ આદિ સ્વીકારવાં હોય તો આત્માને પરિણામી માનવો જોઈએ. **II૪૮૯II**

**અવતરણિકા :-**

**यथा च योगमार्गादि घटते तथाह –**

**અવતરણિકાર્થ :-**

**અને જે પ્રમાણે યોગમાર્ગાદિ ઘટે છે તે પ્રમાણે કહે છે –**

**શ્લોક :-**

**परिणामिन्यतो नीत्या, चित्रभावे तथाऽऽत्मनि ।**
**अवस्थाभेदसंगत्या योगमार्गस्य सम्भवः ।।४९०।।**

**અન્વયાર્થ :-**

**तथा=અને, अतः=આથી=અપરિણામી આત્મામાં યોગમાર્ગનો સંભવ નથી આથી, परिणामिनि आत्मनि=પરિણામી આત્મા હોતે છતે, नीत्या=નીતિથી=અન્યથા અનુપપત્તિરૂપ યુક્તિથી, चित्रभावे= ચિત્રભાવવાળા આત્મામાં, अवस्थाभेदसंगत्या=અવસ્થાભેદથી સંગતિ હોવાથી, योगमार्गस्य सम्भवः= યોગમાર્ગનો સંભવ છે. ।।૪૯૦।।**

**શ્લોકાર્થ :-**

**અને આથી પરિણામી આત્મા હોતે છતે નીતિથી ચિત્રભાવવાળા આત્મામાં અવસ્થાભેદની સંગતિ હોવાથી યોગમાર્ગનો સંભવ છે. ।।૪૯૦।।**

**ટીકા :-**

**परिणामिन्यतः=अस्माद्=अपरिणामिन्यात्मनि योगासम्भवाद्धेतोः, नीत्याऽन्यथानुपपत्तिलक्षणया, चित्रभावे=नानारूपपर्याये, तथा इति प्राग्वत्, आत्मनि किमित्याह – अवस्थाभेदसङ्गत्या= अपरापरावस्थाविशेषलाभेन, योगमार्गस्य=अध्यात्मादिभेदस्य, सम्भवः ।।४९०।।**

**ટીકાર્થ :-**

**परिणामिन्यतो ..... सम्भवः । આથી=અપરિણામી આત્મામાં યોગમાર્ગનો અસંભવ હોવાથી, પરિણામી આત્મા હોતે છતે નીતિથી=અન્યથા અનુપપત્તિ સ્વરૂપ નીતિથી, ચિત્રભાવવાળા આત્મામાં=જુદા જુદા પર્યાયવાળા આત્મામાં, શું ? એથી કહે છે – અવસ્થાભેદની સંગતિ હોવાથી=અપર-અપર અવસ્થાવિશેષની પ્રાપ્તિ હોવાથી, યોગમાર્ગનો=અધ્યાત્માદિ ભેદનો, સંભવ છે. 'तथा' પૂર્વની જેમ સમુચ્ચયમાં છે, એથી શ્લોકના પ્રારંભમાં ગ્રહણ કરવો. ॥૪૯૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૮૮માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે આત્મા અપરિણામી સ્વીકારવામાં આવે તો પતંજલિ આદિ ઋષિ મુક્તિ માટે યોગમાર્ગ કહે છે તે ઘટતો નથી, આથી જો પરિણામી આત્મા સ્વીકારવામાં આવે તો આત્મા યુક્તિથી નાના પર્યાયવાળો સિદ્ધ થાય અર્થાત્ જુદા જુદા પર્યાયવાળો સિદ્ધ થાય અને આત્મા જુદા જુદા પર્યાયવાળો હોય તો આત્મામાં અવસ્થાભેદની સંગતિ થાય છે, તેથી આત્મા યોગમાર્ગનું સેવન કરે તો તેની સંસારને અનુકૂળ જે અવસ્થા હતી તેમાંથી યોગમાર્ગના સેવનને કારણે મોક્ષને અનુકૂળ એવી અવસ્થાની પ્રાપ્તિ થાય, તેથી યોગમાર્ગનું સેવન કરનારને મોક્ષને અનુકૂળ પરિણતિરૂપ અધ્યાત્માદિ ભેદ પ્રાપ્ત થાય છે તે સંગત થાય.

અહીં કહ્યું કે નીતિથી પરિણામી આત્મામાં ચિત્ર સ્વભાવ ઘટે છે અને નીતિનો અર્થ કર્યો-અન્યથા અનુપપત્તિ લક્ષણ.

તેથી એ પ્રાપ્ત થાય કે પરિણામી આત્મા સ્વીકારવામાં ન આવે તો ચિત્રભાવવાળો આત્મા પ્રાપ્ત થાય નહિ, માટે પરિણામી આત્મા સ્વીકાર્યા વગર આત્માના ચિત્રભાવની અનુપપત્તિ છે અને આત્માનો ચિત્ર-ભાવ ન સ્વીકારવામાં આવે તો અવસ્થાભેદની અસંગતિ છે અને અવસ્થાભેદની અસંગતિ હોય તો અધ્યાત્માદિ ભેદનો અસંભવ છે, માટે નીતિથી પરિણામી આત્મા સ્વીકારવો જોઈએ એમ અન્વય છે. **॥૪૯૦॥**

**અવતરણિકા :-**

**कुत इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેમ ? એથી કહે છે=પરિણામી આત્મા સ્વીકારવાથી નીતિથી યોગમાર્ગનો સંભવ છે એમ પૂર્વમાં કહ્યું એ કેમ છે ? એથી કહે છે –**

**શ્લોક :-**

**तत्स्वभावत्वतो यस्मादस्य तात्त्विक एव हि ।**
**क्लिष्टस्तदन्यसंयोगात्, परिणामो भवावहः ।।४९१।।**

**અન્વયાર્થ :-**

यस्माद्=જે કારણથી, अस्य=આના=પરિણામી આત્માના, तत्स्वभावत्वतः=તત્સ્વભાવપણાને કારણે= આત્માના અન્ય સાથે સંયોગ થવાના સ્વભાવપણાને કારણે, तदन्यसंयोगात्=તેની સાથે અન્યના સંયોગથી, तात्त्विक एव हि=તાત્ત્વિક જ, भवावहः क्लिष्टः परिणामः=ભવને લાવનાર ક્લિષ્ટ પરિણામ થાય છે. ।।૪૯૧।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી આના તત્સ્વભાવપણાને કારણે તેની સાથે અન્યના સંયોગથી તાત્ત્વિક જ ભવને લાવનાર ક્લિષ્ટ પરિણામ થાય છે. ।।૪૯૧।।**

**ટીકા :-**

तत्स्वभावत्वः=तत्स्वाभाव्यनियमात्, यस्मादस्य=परिणामिन आत्मनः, तात्त्विक एव हि=निरुपचरित एव, क्लिष्टो=अशुभः, तदन्यसंयोगात्=स्वव्यतिरिक्तकर्मसंयोगात्, परिणामः अवस्थान्तररूपः भवावहः= संसारहेतुः, स्यात् ।।४९१।।

**ટીકાર્થ :-**

तत्स्वभावत्वतः ..... स्यात् ।। જે કારણથી આના=પરિણામી આત્માના, તત્સ્વભાવપણાથી= તત્સ્વાભાવ્યના નિયમથી, તાત્ત્વિક જ=નિરુપચરિત જ, તેનાથી અન્યની સાથે સંયોગને કારણે= સ્વવ્યતિરિક્ત કર્મના સંયોગને કારણે, ક્લિષ્ટ=અશુભ, ભવને લાવનાર=સંસારનો હેતુ, અવસ્થાંતરરૂપ પરિણામ થાય છે, તે કારણથી પરિણામી આત્મામાં યોગમાર્ગનો સંભવ છે એમ શ્લોક-૪૯૦ સાથે સંબંધ છે. ।।૪૯૧।।

**ભાવાર્થ :-**

આત્માને પરિણામી સ્વીકારવામાં આવે તો સંસારી જીવોનો તેવા જ પ્રકારનો સ્વભાવ છે કે કર્મના નિમિત્તને પામીને તે તે પ્રકારના પરિણામવાળા થાય અને યોગમાર્ગને સેવીને કર્મના ઉચ્છેદને અનુકૂળ પરિણામવાળા થાય અને પરિણામી આત્માનો તેવો સ્વભાવ હોવાને કારણે આત્માની સાથે અન્ય એવા કર્મના સંયોગને કારણે આત્મામાં તાત્ત્વિક જ ક્લિષ્ટ ભાવ થાય છે, તે ભાવ સંસારને લાવનારો પરિણામ છે, તેથી તે પ્રકારના પરિણામને પામીને જીવ સદા ક્લિષ્ટ ભાવ કરે છે અને ક્લિષ્ટ ભાવથી નવાં કર્મ બાંધે

છે અને તે કર્મ અનુસાર ભવચક્રમાં પરિભ્રમણ કરે છે. અને કર્મથી થતાં ક્લિષ્ટ ભાવોનાં નાશના ઉપાયરૂપ જ યોગમાર્ગ છે તે પરિણામી આત્મા સ્વીકારવાથી ઘટે છે. **॥૪૯૧॥**

**અવતરણિકા :-**

**વળી પરિણામી આત્મા સ્વીકારવાને કારણે અન્યનાં સંયોગને કારણે ભવને લાવનાર ક્લિષ્ટ પરિણામ થાય છે તેમ પૂર્વનાં શ્લોકમાં બતાવ્યાં પછી હવે યોગમાર્ગનો સંભવ છે એમ જે શ્લોક-૪૯૦માં કહેલ તે કઈ રીતે સંગત થાય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**स योगाभ्यासजेयो यत्, तत्क्षयोपशमादितः ।**
**योगोऽपि मुख्य एवेह, शुद्ध्यवस्थास्वलक्षणः ।।४९२।।**

**અન્વયાર્થ :-**

यत्=જે કારણથી, तत्क्षयोपशमादितः=તેના ક્ષયોપશમ આદિથી=ક્લિષ્ટ પરિણામના ક્ષયોપશમ આદિથી, योगाभ्यासजेयः=યોગાભ્યાસથી જેય, स=તે છે=ભવને લાવનારો પરિણામ છે, इह=અહીં=યોગના વિચારમાં, शुद्ध्यवस्थास्वलक्षणः=શુદ્ધિ અવસ્થા સ્વલક્ષણવાળો, योगोऽपि मुख्य एव=યોગ પણ મુખ્ય જ છે. (તે કારણથી પરિણામી આત્મામાં યોગમાર્ગનો સંભવ છે એમ અન્વય છે.) ॥૪૯૨॥

**શ્લોકાર્થ :-**

**જે કારણથી તેના ક્ષયોપશમ આદિથી યોગાભ્યાસથી જેય તે છે, અહીં શુદ્ધિ અવસ્થા સ્વલક્ષણવાળો યોગ પણ મુખ્ય જ છે. ॥૪૯૨॥**

**ટીકા :-**

**स=भवावहः परिणामः, योगाभ्यासजेयो यद्=यस्मात्, तत्क्षयोपशमादितः=तस्य क्लिष्टपरिणामस्य ये क्षयोपशमोपशमक्षयास्तेभ्यः, योगोऽपि मुख्य एव इह=योगविचारे, कीदृश इत्याह – शुद्ध्यवस्थास्व-लक्षणः=शुद्धिरूपावस्था स्वलक्षणं यस्येति विग्रहः ।।४९२।।**

**ટીકાર્થ :-**

स=भवावहः ..... विग्रहः । **જે કારણથી તે=ભવને લાવનાર પરિણામ, યોગના અભ્યાસથી જેય છે.**

કઈ રીતે યોગના અભ્યાસથી જેય છે? તેથી કહે છે –

**તેનો ક્ષયોપશમ આદિથી જેય છે=તેનો અર્થાત્ ક્લિષ્ટ પરિણામનો જે ક્ષયોપશમ-ઉપશમ કે ક્ષય તેનાથી જેય છે, એમ અન્વય છે યોગ પણ મુખ્ય જ અહીં=યોગ વિચારમાં છે, કેવા પ્રકારનો યોગ**

**છે ? એથી કહે છે – શુદ્ધિ અવસ્થા સ્વલક્ષણવાળો છે=શુદ્ધિરૂપ અવસ્થા સ્વ-સ્વરૂપ છે જેને એવા પ્રકારનો છે, એ પ્રમાણે વિગ્રહ છે=સમાસનો વિગ્રહ છે. ।।૪૯૨।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૧માં કહ્યું કે જે કારણથી કર્મના સંયોગને કારણે જીવને ક્લિષ્ટ પરિણામ થાય છે અને પ્રસ્તુત શ્લોકમાં કહ્યું કે જે કારણથી યોગાભ્યાસથી જેય તે ક્લિષ્ટ ભાવ છે તે કારણથી પરિણામી આત્મામાં યોગમાર્ગનો સંભવ છે એમ શ્લોક-૪૯૦ સાથે શ્લોક-૪૯૧-૪૯૨નો સંબંધ છે.

જે યોગીઓ ક્લિષ્ટ ભાવનો ક્ષયોપશમ-ઉપશમ કે ક્ષય થાય તે પ્રકારે યોગમાર્ગનો અભ્યાસ કરે છે તેનાથી ભવને લાવનારો ક્લિષ્ટ પરિણામ જેય છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે યોગીઓ તેલપાત્ર ધારણ કરનારા પુરુષની જેમ કે રાધાવેધ સાધનારા પુરુષની જેમ સંયમની સર્વ ક્રિયાઓ સ્વભૂમિકા અનુસાર અપ્રમાદથી સેવે છે તેઓમાં અનાદિકાળથી કર્મના સંયોગને કારણે જે કષાયોની પરિણતિ કે નોકષાયોની પરિણતિ ઉદયમાં આવી રહી છે તે અપ્રમાદથી યોગમાર્ગના સેવનને કારણે ક્ષયોપશમ ભાવને પામે છે કે તે પ્રકારનો વીર્યનો પ્રકર્ષ થાય તો ઉપશમ ભાવને પામે છે કે તે પ્રકારનો વીર્યનો પ્રકર્ષ થાય તો ક્ષય ભાવને પામે છે, આથી જ તે યોગીઓ સ્વપરાક્રમ અનુસાર મોહનીયની કર્મપ્રકૃતિઓનો ક્ષયોપશમ-ઉપશમ કે ક્ષય કરે છે અને તે પ્રકારના ક્ષયોપશમાદિ ભાવોને કારણે તેઓમાં ભવને લાવનારો પરિણામ ક્ષીણ-ક્ષીણતર થાય છે અને તેના કારણે તેઓમાં મુખ્ય એવો યોગ પ્રગટ થાય છે અર્થાત્ માત્ર બાહ્ય ક્રિયારૂપ નહિ, પરંતુ આત્માની શુદ્ધ થતી અવસ્થાના સ્વરૂપવાળો મુખ્ય યોગ પ્રગટ થાય છે, તેથી આત્માને પરિણામી સ્વીકારવાને કારણે આત્મા પ્રમાદના બળથી ક્લિષ્ટ ભાવોને કરે છે અને યોગમાર્ગ વિષયક અપ્રમાદના બળથી ક્લિષ્ટ ભાવોના ક્ષયોપશમ આદિ ભાવોને કરે છે તે સંગત થાય છે, તેથી આત્માની શુદ્ધ થતી અવસ્થાની પ્રાપ્તિરૂપ યોગમાર્ગનો સંભવ પરિણામી આત્મામાં ઘટે છે. **।।૪૯૨।।**

**શ્લોક :-**

**ततस्तथा तु साध्वेव, तदवस्थान्तरं परम् ।**
**तदेव तात्त्विकी मुक्तिः, स्यात्तदन्यवियोगतः ।।४९३।।**

**અન્વયાર્થ :-**

**ततः=તેનાથી=શ્લોક-૪૯૨માં કહ્યું કે શુદ્ધિ અવસ્થા સ્વલક્ષણવાળો યોગ છે તેનાથી, तथा तु=વળી તે પ્રકારે=અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકના ક્રમના પ્રકારથી, साध्वेव=સુંદર જ, तदवस्थान्तरं=તેનું અવસ્થાંતર=આત્માનું અવસ્થાંતર, परम्=જે પરમ વર્તે છે, तदेव=તે જ, तात्त्विकी मुक्तिः=તાત્ત્વિકી મુક્તિ, स्यात्=થાય, तदन्यवियोगतः=કેમ કે તેનાથી અન્યનો વિયોગ છે=આત્માથી ભિન્ન એવા કર્મનો વિયોગ છે. ।।૪૯૩।।**

**શ્લોકાર્થ :-**

**તેનાથી વળી તે પ્રકારે સુંદર જ તેનું અવસ્થાંતર જે પરમ વર્તે છે તે જ તાત્ત્વિકી મુક્તિ થાય; કેમ કે તેનાથી અન્યનો વિયોગ છે. ॥૪૯૩॥**

**ટીકા :-**

**ततो=योगात्, तथा तु=अविरतसम्यग्दृष्ट्यादिगुणस्थानकक्रमेण पुनः, साध्वेव=सुन्दरमेव, तदवस्थान्तरं परं तस्य=आत्मनोऽवस्थान्तरं प्रकृष्टं यद्वर्तते तदेव तात्त्विकी=निरुपचरिता मुक्तिः स्यात्, तदन्यवियोगतः=आत्मविभिन्नकर्मवियोगात्, न तु सांख्यशैवानामिव तत्तदवस्थ एवात्मा, नापि सौगतानामिवैकेषां सर्वथा सन्तानोच्छेदोऽपरेषां पुनः शुद्धलक्षणोत्पाद इति ।।४९३।।**

**ટીકાર્થ :-**

**ततो ..... शुद्धलक्षणोत्पाद इति । તેનાથી=યોગથી=શ્લોક-૪૯૨માં કહેલ શુદ્ધિ અવસ્થા સ્વલક્ષણવાળા યોગથી, તે પ્રકારે વળી=અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકના ક્રમથી વળી, સુંદર જ તેનું અવસ્થાંતર=આત્માનું અવસ્થાંતર, જે પર=પ્રકૃષ્ટ, વર્તે છે તે જ તાત્ત્વિકી=નિરુપચરિત મુક્તિ થાય; કેમ કે તેનાથી અન્યનો વિયોગ છે=આત્માથી ભિન્ન એવા કર્મનો વિયોગ છે, પરંતુ સાંખ્ય અને શૈવ મતવાળાની જેમ તદ્ અવસ્થાવાળો જ આત્મા નથી=એકાંતનિત્ય જ આત્મા નથી, વળી એક પ્રકારના સૌગતોની જેમ સર્વથા સંતાનના ઉચ્છેદવાળો નથી, વળી અપર એવો સૌગતોની જેમ શુદ્ધ લક્ષણના ઉત્પાદવાળો નથી.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૯૩॥**

❖ અહીં सांख्यशैवानामिव પછી तत्तदवस्थ एवात्मा છે ત્યાં तत्तदवस्थ ને સ્થાને तदवस्थ જોઈએ.

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૨માં કહ્યું કે પરિણામી આત્મા સ્વીકારવાને કારણે શુદ્ધ અવસ્થાના સ્વલક્ષણવાળો યોગ પણ આત્મામાં મુખ્ય ઘટે છે. તેથી હવે તે યોગથી શું સિદ્ધ થાય છે તે બતાવતાં કહે છે. તે યોગની પ્રાપ્તિથી તે મહાત્મા અવિરત સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકના ક્રમથી ઉત્તર-ઉત્તરના યોગને પ્રાપ્ત કરે છે અને જેના બળથી આત્માની પ્રકૃષ્ટ સુંદર અવસ્થાને પ્રાપ્ત કરે છે અને તે સુંદર અવસ્થા જ જીવની તાત્ત્વિકી મુક્તિ છે; કેમ કે સંસાર અવસ્થામાં આત્માથી ભિન્ન એવા કર્મનો સંયોગ હતો તે યોગમાર્ગના સેવનને કારણે નાશ પામ્યો, તેથી કર્મથી મુક્તિરૂપ તાત્ત્વિકી મુક્તિ આત્માને પ્રાપ્ત થાય છે, પરંતુ સાંખ્ય અને શૈવદર્શનવાદી આત્માને કૂટસ્થ નિત્ય માને છે, તેથી તેઓના મતે યોગસાધનાથી મુક્તિ થાય છે ત્યારે પણ આત્મા તદવસ્થ જ છે=સાધના પૂર્વે જેવી અવસ્થાવાળો હતો તેવી જ અવસ્થાવાળો છે તેવી મુક્તિ જૈનદર્શન અનુસાર થતી નથી, પરંતુ કર્મવાળી અવસ્થા કરતાં અવસ્થાંતરવાળી મુક્તિ થાય છે, માટે તાત્ત્વિકી મુક્તિ છે.

વળી બૌદ્ધદર્શનવાદીમાંથી કેટલાક દર્શનકારો કહે છે કે સંસાર અવસ્થામાં આત્મા ક્ષણિક છે તો પણ તેનું સંતાન સતત ચાલે છે; કેમ કે ક્ષણિક એવો આત્મા ઉત્તરના આત્માને ઉત્પન્ન કરીને નાશ પામે છે, તેથી સંસાર અવસ્થામાં આત્માના સંતાનનો સદ્ભાવ હતો અને યોગમાર્ગની સાધનાથી આત્માના સંતાનનો સર્વથા ઉચ્છેદ થાય છે તે રૂપ મુક્તિ છે એમ જે સૌગતો માને છે તેવી મુક્તિ જૈનોની નથી, પરંતુ આત્માના અવસ્થાંતરની પ્રાપ્તિરૂપ મુક્તિ છે; કેમ કે કર્મના વિયોગવાળી આત્માની અવસ્થા છે, પરંતુ આત્માના અભાવરૂપ સૌગતો જેવી મુક્તિ નથી, માટે તાત્ત્વિકી મુક્તિ છે.

વળી કેટલાક સૌગતો માને છે કે સંસારમા અશુદ્ધ સંતાનની ઉત્પત્તિ હતી અને મુક્ત થાય છે ત્યારે શુદ્ધ લક્ષણનો ઉત્પાદ થાય છે=પોતાની શુદ્ધ ક્ષણનો ઉત્પાદ થાય છે તેવી પણ મુક્તિ જૈનોની નથી; કેમ કે જૈનોની કર્મના વિયોગવાળી મુક્તિ છે, માટે તાત્ત્વિકી છે, જ્યારે સૌગત મતાનુસાર આત્માથી અન્ય એવા કર્મના સંયોગરૂપ સંસાર નથી અને કર્મના વિયોગરૂપ મુક્તિ નથી, પરંતુ સાધના પૂર્વે આત્મા અશુદ્ધ ક્ષણનો ઉત્પાદ કરતો હતો, સાધના પછી શુદ્ધ ક્ષણનો ઉત્પાદ કરે છે, આમ છતાં પૂર્વમાં આત્મા અન્યની સાથે સંયોગવાળો હતો અને પછી સંયોગવાળો નથી એ પ્રકારનો સ્વીકાર નહિ હોવાથી મુક્તિ શબ્દની સંગતિ સૌગત મતમાં થતી નથી; કેમ કે સાધનાથી આત્મામાં લાગેલા કર્મના વિયોગ સ્વરૂપ મુક્તિ તેઓના મતે નથી, માટે તાત્ત્વિકી નથી. **॥૪૯૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૯૩માં કહ્યું કે આત્માથી ભિન્ન એવા કર્મના વિયોગને કારણે પરિણામી આત્મામાં તાત્ત્વિકી મુક્તિ થાય છે તેને જ સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अत एव च निर्दिष्टं, नामास्यास्तत्त्ववेदिभिः ।**
**वियोगोऽविद्यया बुद्धिः, कृत्स्नकर्मक्षयस्तथा ।।४९४।।**

**અન્વયાર્થ :-**

**च=અને, अत एव=આથી જ=અન્યના વિયોગથી આત્માના અવસ્થાંતરરૂપ મુક્તિ થાય છે આથી જ, अस्याः नाम=આનું નામ=મુક્તિનું નામ=મુક્તિ એ પ્રકારનું નામ, तत्त्ववेदिभिः=તત્ત્વના જાણનારાઓ વડે, निर्दिष्टं=બતાવાયું છે, अविद्यया वियोगः=અવિદ્યાથી વિયોગ, बुद्धिः=બુદ્ધિ, तथा=અને, कृत्स्नकर्मक्षयः= કૃત્સ્ન કર્મક્ષય એ પ્રકારે તે તે દર્શન અનુસાર મુક્તિનાં નામો છે. ।।૪૯૪।।**

**શ્લોકાર્થ :-**

**અને આથી જ આનું નામ તત્ત્વના જાણનારાઓ વડે બતાવાયું છે, અવિદ્યાથી વિયોગ, બુદ્ધિ અને કૃત્સ્ન કર્મક્ષય. ।।૪૯૪।।**

**ટીકા :-**

**अत एव च=अन्यवियोगतो मुक्तेरात्मावस्थान्तरत्वाद्धेतोः निर्दिष्टं नाम=अभिधानम्, अस्या= मुक्तेः, तत्त्ववेदिभिः=शास्त्रकारैः, कथमित्याह – वियोगः=विघटनम्, अविद्यया वेदान्तिकानां, बुद्धिः- सौगतानां, कृत्स्नकर्मक्षयः जैनानाम्, तथा इति प्राग्वत् ।।४९४।।**

**ટીકાર્થ :-**

**अत एव ..... प्राग्वत् । અને આથી જ=અન્યના વિયોગને કારણે મુક્તિનું આત્માના અવસ્થાંતરરૂપપણું હોવાથી, આનું=મુક્તિનું, નામ=મુક્તિ એ પ્રકારનું નામ, તત્ત્વના જાણનારાઓ વડે કહેવાયું છે, કેવા પ્રકારનું નામ કહેવાયું છે? એથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે – વેદાંતીઓના મતે અવિદ્યાથી વિયોગ= વિઘટન, મુક્તિ છે, સૌગતોના મતે બુદ્ધિ=રાગાદિ અનાકુળ એવી બુદ્ધિ, મુક્તિ છે, જૈનોના મતે કૃત્સ્ન કર્મક્ષય મુક્તિ છે, 'तथा' શબ્દ પૂર્વની જેમ સમુચ્ચયમાં છે=ત્રણ પ્રકારના મતોના સમુચ્ચયમાં છે. ॥૪૯૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૩માં કહ્યું કે આત્માથી ભિન્ન એવા કર્મના વિયોગને કારણે આત્માના અવસ્થાંતરરૂપ તાત્ત્વિકી મુક્તિ થાય છે, આથી જ મુક્તિના તત્ત્વને જાણનારા યોગીઓ વડે મુક્તિનું મુક્તિ એ પ્રકારે નામ બતાવાયું છે; કેમ કે કોઈકથી આત્મા મુક્ત થતો હોય તેવી આત્માની અવસ્થાને મુક્તિ કહી શકાય.

તત્ત્વના જાણનારાઓ આત્માની મુક્તિને કયા કયા શબ્દોથી કહે છે તે શ્લોકના ઉત્તરાર્ધથી સ્પષ્ટ કરતાં કહે છે –

વેદાંતીઓ અવિદ્યાથી વિયોગને મુક્તિ કહે છે, તેથી સંસાર અવસ્થામાં આત્મામાં અવિદ્યાનો યોગ હતો તેનો વિયોગ મુક્ત અવસ્થામાં થાય છે, માટે તેને મુક્તિ કહી શકાય, ફક્ત અવિદ્યા શબ્દથી પરમાર્થથી અવિદ્યા આપાદક કર્મોનું ગ્રહણ થાય છે; કેમ કે અવિદ્યા આપાદક કર્મો ન હોય તો આત્મામાં અવિદ્યા થઈ શકે નહિ, વેદાંતીઓ આત્માને પરિણામી સ્વીકારતા નથી, તેથી તેઓના મતે તાત્ત્વિકી મુક્તિ સંગત થતી નથી તો પણ મુક્તિ શબ્દનો અવિદ્યાથી મુક્તિ કહેવાથી આત્માના વિપર્યાસરૂપ ભાવથી મુક્તિ એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય છે, માટે મુક્તિ એ પ્રકારનું નામ અન્વર્થ યોગવાળું છે.

વળી સૌગતો બુદ્ધિરૂપ મુક્તિ કહે છે તે પણ પૂર્વમાં અબુદ્ધિ અવસ્થાના ત્યાગરૂપ હોવાથી અબુદ્ધિથી મુક્તિ સ્વરૂપ છે, ફક્ત સૌગતો આત્માને પરિણામી માનતા નથી, માટે તેઓના મતે તાત્ત્વિકી મુક્તિ ઘટતી નથી, પરંતુ મુક્તિ શબ્દનો અન્વર્થ યોગ તો તેઓને પણ સંમત છે.

વળી જૈનો સંપૂર્ણ કર્મના ક્ષયરૂપ મુક્તિ માને છે, તેથી મુક્તિ શબ્દના અન્વર્થનો યોગ જૈનમતમાં સંગત થાય છે અને આત્માને પરિણામી સ્વીકારે છે, તેથી જૈનમતમાં તાત્ત્વિકી=નિરૂપચરિત, મુક્તિ સંગત થાય છે. **॥૪૯૪॥**

**અવતરણિકા :-**

**अथ यः कर्मक्षयतः समाधिरुत्पद्यते तं दर्शयति –**

❖ અવતરણિકા અશુદ્ધ જણાય છે. તેથી નીચે પ્રમાણે અવતરણિકા હોવાની સંભાવના જણાય છે.

**અવતરણિકા :-**

**यस्मात्समाधेः कृत्स्नकर्मक्षय उत्पद्यते तं दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**જે સમાધિથી સંપૂર્ણ કર્મક્ષય થાય છે તે સમાધિને બતાવે છે –**

**શ્લોક :-**

**शैलेशीसंज्ञिताच्चेह, समाधिरुपजायते ।**
**कृत्स्नकर्मक्षयः सोऽयं, गीयते वृत्तिसंक्षयः ।।४९५।।**

❖ શ્લોકમાં 'समाधिरुपजायते' પાઠ છે તેના સ્થાને 'समाधेरुपजायते' પાઠ જોઈએ.

**અન્વયાર્થ :-**

**इह=અહીં=જૈનમતમાં, शैलेशीसंज्ञितात् समाधेः=શૈલેશી સંજ્ઞિત એવી સમાધિથી, कृत्स्नकर्मक्षयः उपजायते=કૃત્સ્ન કર્મક્ષય થાય છે, सोऽयं=તે આ=શૈલેશી સંજ્ઞિત એવી સમાધિ, वृत्तिसंक्षयः=વૃત્તિસંક્ષય, गीयते=કહેવાય છે. ।।૪૯૫।।**

**શ્લોકાર્થ :-**

**અહીં શૈલશીસંજ્ઞિત એવી સમાધિથી કૃત્સ્ન કર્મક્ષય થાય છે તે આ વૃત્તિસંક્ષય કહેવાય છે. ।।૪૯૫।।**

**ટીકા :-**

**शैलेशीसंज्ञिताच्चोक्तरूपात्पुनः इह=जैनमते, समाधिः सकाशादुपजायते=प्रादुर्भवति, कृत्स्नकर्मक्षयः सोऽयं शैलेशीसंज्ञितः समाधिः, गीयते वृत्तिसंक्षयो योगविशेषराज(संज्ञ) इति ।।४९५।।**

❖ 'समाधिः सकाशात्' પાઠ છે તેના સ્થાને 'समाधेः सकाशात्' પાઠ જોઈએ.

**ટીકાર્થ :-**

**शैलेशीसंज्ञिता ..... योगविशेषराज(संज्ञ) इति ।। વળી અહીં=જૈનમતમાં, ઉક્ત સ્વરૂપવાળી શૈલેશીસંજ્ઞિત સમાધિથી=શ્લોક-૩૬૭ની ટીકામાં કહેલા સ્વરૂપવાળી શૈલેશી નામની સમાધિથી, કૃત્સ્ન કર્મક્ષય પ્રાદુર્ભાવ થાય છે તે આ શૈલેશીસંજ્ઞિત સમાધિ વૃત્તિસંક્ષયરૂપ યોગવિશેષરાજ કહેવાય છે. ।।૪૯૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૪માં કહ્યું કે જૈનો કૃત્સ્ન કર્મક્ષયરૂપ મુક્તિ કહે છે, તેથી હવે કૃત્સ્ન કર્મક્ષય કઈ સમાધિથી થાય છે તે બતાવવા અર્થે કહે છે –

યોગમાર્ગમાં પ્રવર્તતા યોગી યોગની પરાકાષ્ઠાની ભૂમિકાને પામે ત્યારે શૈલેશી સંજ્ઞાવાળી સમાધિને પ્રાપ્ત કરે છે જેનાથી સંપૂર્ણ કર્મનો ક્ષય થાય છે અને શૈલેશી સંજ્ઞાવાળી સમાધિને વૃત્તિસંક્ષય એ પ્રકારનો શ્રેષ્ઠ કોટીનો યોગ કહેવાય છે.

આશય એ છે કે સંસારથી ભય પામેલા યોગીઓ અધ્યાત્મ-ભાવના-ધ્યાન અને સમતાના યોગને સેવીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારપછી સર્વ સંવરરૂપ યોગનો નિરોધ કરે છે તે વખતે તે મહાત્માના આત્મપ્રદેશો પુદ્ગલમાં પ્રવૃત્તિનો નિરોધ કરીને આત્મભાવમાં સ્થિર થાય છે, તેથી તે મહાત્મા વીતરાગ હોવાથી મોહથી અનાકુળ છે અને યોગનિરોધ થયેલો હોવાથી સંપૂર્ણ વીર્ય આત્મભાવમાં સ્થિર થયેલું છે તે વખતે શ્રેષ્ઠ કોટિની સમાધિ વર્તે છે જેનાથી સંપૂર્ણ કર્મનો નાશ થાય છે અને સંપૂર્ણ કર્મનાશના કારણીભૂત સમાધિને વૃત્તિસંક્ષય કહેવાય છે અર્થાત્ મન-વચન-કાયાની વૃત્તિઓનો સમ્યક્ પ્રકારે અપુનર્ભાવથી ક્ષય છે અને તે સમાધિ વિશેષ પૂર્વના સર્વ યોગો કરતાં શ્રેષ્ઠ યોગ હોવાથી યોગવિશેષરાજ કહેવાય છે. **॥૪૯૫॥**

**અવતરણિકા :-**

**अथ योगावस्थान्तरत्वमेव मुक्तेर्भावयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે મુક્તિના યોગના અવસ્થાંતરપણાને જ ભાવન કરે છે –**

**શ્લોક :-**

**तथा तथा क्रियाविष्टः, समाधिरभिधीयते ।**
**निष्ठाप्राप्तस्तु योगज्ञैर्मुक्तिरेष उदाहृतः ।।४९६।।**

**અન્વયાર્થ :-**

**तथा तथा क्रियाविष्टः समाधिरभिधीयते=તે તે પ્રકારે ક્રિયાથી આવિષ્ટ સમાધિ કહેવાય છે=જે જે પ્રકારે સંસારના ભાવોનો ઉચ્છેદ થાય તે તે પ્રકારે અંતરંગ ક્રિયાથી આવિષ્ટ આત્માની સ્વસ્થતાની પરિણતિ સમાધિ કહેવાય છે, एष=આ=સમાધિ, तु=વળી, निष्ठाप्राप्तः=પૂર્ણતાને પ્રાપ્ત, योगज्ञैः=યોગના જાણનારાઓ વડે, मुक्तिः उदाहृतः=મુક્તિ કહેવાઈ છે. ॥૪૯૬॥**

**શ્લોકાર્થ :-**

**તે તે પ્રકારે ક્રિયાથી આવિષ્ટ સમાધિ કહેવાય છે, આ વળી પૂર્ણતાને પ્રાપ્ત યોગના જાણનારાઓ વડે મુક્તિ કહેવાઈ છે. ॥૪૯૬॥**

**ટીકા :-**

**तथा तथा=तेन तेन प्रकारेण, क्रियाविष्टः=तत्तत्कर्मक्षपणाय प्रवृत्तो, योगः समाधिरभिधीयते, निष्ठाप्राप्तस्तु=कर्मक्षपणापर्यान्तप्राप्तः पुनः, योगज्ञैः=अध्यात्मादियोगविशारदैः, मुक्तिरेष योगः उदाहृतो=निरूपितः ।।४९६।।**

**ટીકાર્થ :-**

**तथा तथा ..... निरूपितः । તે તે પ્રકારે ક્રિયાવિષ્ટ=તે તે કર્મક્ષપણ માટે પ્રવૃત્ત એવો યોગ, સમાધિ કહેવાય છે, વળી નિષ્ઠાપ્રાપ્ત=કર્મક્ષપણના પર્યંતને પ્રાપ્ત=સર્વ કર્મક્ષયરૂપ પર્યંતને પ્રાપ્ત, આ યોગ યોગના જાણનારાઓ વડે=અધ્યાત્માદિ યોગના વિશારદો વડે, મુક્તિ કહેવાઈ છે. ॥૪૯૬॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માને કર્મના ઉદયજન્ય જીવની અવસ્થા જીવની વિડંબના છે તેવો સ્પષ્ટ બોધ થયો છે અને તે બોધને અનુકૂળ નિર્મળ કોટિનો ક્ષયોપક્ષમ ભાવ જે મહાત્માઓએ વજ્રની ભીંત જેવો દુર્ભેદ્ય કર્યો છે તેવા બોધવાળા મહાત્મા સ્વશક્તિ અનુસાર તે તે કર્મના ક્ષપણ માટે સતત સ્વભૂમિકાના ઉચિત અનુષ્ઠાનમાં યત્ન કરે છે અને તેવા મહાત્માવડે કરાયેલા સર્વ પ્રયત્ન માત્ર બાહ્ય ક્રિયામાં વિશ્રાંત થતો નથી, પરંતુ કર્મજન્ય ભાવોના ઉન્મૂલન માટે કારણ બને તેવા પ્રકારની બાહ્યક્રિયાથી યુક્ત અંતરંગ પરિણતિના કારણભૂત વ્યાપારવાળો હોય છે અને તેવા પ્રકારનો પ્રવર્તતો યોગ સમાધિ કહેવાય છે અર્થાત્ જે જે પ્રકારે કર્મશક્તિ ક્ષીણ થાય છે તે તે પ્રકારે આત્માની સ્વસ્થતાની પરિણતિરૂપ સમાધિ પ્રાપ્ત થાય છે માટે તે યોગને સમાધી કહેવાય છે. અને આ સમાધિ ઉત્તર ઉત્તર વૃદ્ધિને પ્રાપ્ત કરીને સંપૂર્ણ કર્મક્ષયમાં વિશ્રાંત થાય છે જેને નિષ્ઠા પ્રાપ્ત સમાધિ કહેવાય છે અર્થાત્ જે સમાધિ માટે યોગીએ પ્રારંભ કર્યો તે સમાધિ ઉત્તર-ઉત્તરના કર્મને ક્ષય કરીને સંપૂર્ણ કર્મક્ષય થાય ત્યારે નિષ્ઠાને પામે છે અને નિષ્ઠાને પામેલી સમાધિને અધ્યાત્માદિ યોગના વિશારદો મુક્તિ કહે છે. **॥૪૯૬॥**

**અવતરણિકા :-**

**अत्र हेतुः –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=નિષ્ઠા પ્રાપ્ત યોગ મુક્તિ છે એમ શ્લોક-૪૯૬માં કહ્યું એમાં, હેતુ કહે છે –**

**શ્લોક :-**

**संयोगयोग्यताऽभावो, यदिहात्मतदन्ययोः ।**
**कृतो न जातु संयोगो, भूयो नैवं भवस्ततः ।।४९७।।**

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી, इह=અહીં=નિષ્ઠાપ્રાપ્ત સમાધિમાં, आत्मतदन्ययोः=આત્મા અને તેનાથી અન્યનો=આત્મા અને આત્માથી અન્ય એવા કર્મનો, संयोगयोग्यताऽभावः कृतः=સંયોગની યોગ્યતાનો અભાવ કરાયો, भूयः जातु संयोगः न=ફરી ક્યારે સંયોગ નથી, एवं न भवः=આ રીતે ભવ નથી, ततः=તેથી આ સમાધિ મુક્તિ કહેવાઈ છે એમ શ્લોક-૪૯૬ સાથે સંબંધ છે. ।।૪૯૭।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી અહીં આત્મા અને તેનાથી અન્યનો સંયોગની યોગ્યતાનો અભાવ કરાયો. ફરી ક્યારે સંયોગ નથી, આ રીતે ભવ નથી, તેથી આ સમાધિ મુક્તિ કહેવાઈ છે એમ શ્લોક-૪૯૬ સાથે સંબંધ છે. ।।૪૯૭।।**

**ટીકા :-**

**संयोगयोग्यताया अभावो, यद्=यस्माद्, इह=निष्ठाप्राप्ते समाधौ, आत्मतदन्ययोः=जीवकर्मणोः, कृतो=निर्वर्तितः, समाधिनैव, ततः किमित्याह – न=नैव, जातु=कदाचिदपि, संयोगः जीवकर्मणोः भूयः=पुनरपि, ततोऽपि किमित्याह – नैवं संयोगयोग्यताभावे सति भवः=संसारः, ततः= तस्माद्धेतोरिरिति ।।४९७।।**

**ટીકાર્થ :-**

संयोगयोग्यताया ..... तस्माद्धेतोरिरिति । જે કારણથી અહીં=નિષ્ઠાપ્રાપ્ત સમાધિમાં, આત્મા અને તેનાથી અન્યના=જીવ અને કર્મના, સંયોગની યોગ્યતાનો અભાવ કરાયો=સમાધિથી જ નિષ્પન્ન કરાયો, તેનાથી શું એથી કહે છે – ક્યારે પણ જીવ અને કર્મનો સંયોગ ફરી પણ નથી જ, તેનાથી પણ શું ?=કર્મના સંયોગના થયેલા અભાવનો ફરી પણ સંયોગ નથી તેનાથી શું પ્રાપ્ત થાય? એથી કહે છે – આ રીતે સંયોગની યોગ્યતાનો અભાવ થયે છતે ભવ=સંસાર, નથી તેથી=તે હેતુથી, આ યોગ મુક્તિ કહેવાયો છે એ પ્રમાણે શ્લોક-૪૯૬ સાથે સંબંધ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૪૯૭।।

**ભાવાર્થ :-**

જે મહાત્મા અધ્યાત્મ-ભાવના-ધ્યાન-સમતા અને વૃત્તિસંક્ષયરૂપ યોગને સેવીને યોગ નિરોધના ઉત્તરકાળમાં જ્યારે સર્વ કર્મ રહિત થાય છે ત્યારે નિષ્ઠાપ્રાપ્ત સમાધિવાળા હોય છે અને તેવી સમાધિ આત્મા અને કર્મ તે બેના સંયોગની યોગ્યતાના અભાવવાળી હોય છે, તેથી ત્યારપછી તે મહાત્માને ક્યારેય ફરી કર્મનો સંયોગ પ્રાપ્ત થતો નથી, તેથી કર્મજન્ય ભવ તે મહાત્માને ક્યારેય પ્રાપ્ત થતો નથી, તેથી નિષ્ઠાપ્રાપ્ત સમાધિને મુક્તિ કહેવાય છે.

આનાથી એ ફલિત થાય કે યોગમાર્ગમાં પ્રવૃત્ત યોગી ઉચિત અનુષ્ઠાનો દ્વારા જે જે અંશથી મોહની આકુળતાની શક્તિ ક્ષીણ કરે છે તે તે અંશથી તે મહાત્મામાં સમાધિ પ્રગટે છે અને સર્વ કર્મ રહિત અવસ્થાકાળમાં તે સમાધિ નિષ્ઠાપ્રાપ્ત બને છે અર્થાત્ સદા માટે તે સમાધિ આત્મામાં સુસ્થિર થાય છે, તેને અધ્યાત્મના જાણનાર યોગીઓ મુક્તિ કહે છે. **॥૪૯૭॥**

**અવતરણિકા :-**

**अथ परमतमाशंक्य परिहरन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે પરમતની આશંકા કરીને=આત્માની સાથે જે કર્મનો સંયોગ છે તેની યોગ્યતા વિષયક પરમતની આશંકા કરીને, પરિહાર કરતાં=પરમતની આશંકાનો પરિહાર કરતાં, ગ્રંથકારશ્રી કહે છે -**

**શ્લોક :-**

**योग्यतात्मस्वभावस्तत्, कथमस्या निवर्तनम् ।**
**तत्तत्स्वभावतायोगादेतल्लेशेन दर्शितम् ।।४९८।।**

**અન્વયાર્થ :-**

योग्यता=યોગ્યતા=કર્મના સંયોગની યોગ્યતા, आत्मस्वभावः=આત્મસ્વભાવ છે, तत्=તે કારણથી, अस्याः=આનું=આત્મસ્વરૂપ યોગ્યતાનું, कथं=કેવી રીતે, निवर्तनं=નિવર્તન થાય? (તેથી ગ્રંથકારશ્રી કહે છે –), तत्तत्स्वभावतायोगात्=તેના તત્સ્વભાવતાના યોગથી=કર્મબંધની યોગ્યતાના નિવર્તન પામવાની સ્વભાવતાના યોગથી નિવર્તન ઘટે છે, एतद्=આ=કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવનું નિવર્તન, लेशेन=લેશથી, दर्शितम्=બતાવાયું=શ્લોક-૪૯૨માં બતાવાયું. ।।૪૯૮।।

**શ્લોકાર્થ :-**

**યોગ્યતા આત્મસ્વભાવ છે તે કારણથી આનું કેવી રીતે નિવર્તન થાય? (તેથી ગ્રંથકારશ્રી કહે છે –) તેના તત્સ્વભાવતાના યોગથી નિવર્તન ઘટે છે, આ લેશથી બતાવાયું. ।।૪૯૮।।**

**ટીકા :-**

योग्यताप्रस्तावात् जीवतदन्यसंयोगहेतुरात्मस्वभावो वर्तते, तत्कथमस्याः=आत्मस्वभावभूताया योग्यतायाः, निवर्तनम्=उपरतिरिति परः, आचार्यः-तत्=तस्या योग्यतायाः तत्स्वभावतायोगात्=निवर्तनस्वभाव्यसम्बन्धात्, युज्यत एव निवर्तनं सर्वसंवरलाभे, एतत्=स्वाभाव्यनिवर्तनं, लेशेन दर्शितं अनन्तरमेव परिणामवादप्रतिष्ठायामिति ।।४९८।।

**ટીકાર્થ :-**

**योग्यताप्रस्तावात्प्रभवो ..... प्रतिष्ठायामिति । યોગ્યતાના પ્રસ્તાવથી જીવ અને તેનાથી અન્ય એવા કર્મના સંયોગનો હેતુ આત્મસ્વભાવ વર્તે છે, તે કારણથી કેવી રીતે આનું=આત્મસ્વભાવભૂત યોગ્યતાનું, નિવર્તન=ઉપરતિ થાય? એ પ્રમાણે પર પ્રશ્ન કરે છે, આચાર્ય ઉત્તર આપે છે – તત્=તે યોગ્યતાનો, તત્સ્વભાવતાનો યોગ હોવાથી=નિવર્તન સ્વભાવપણાનો સંબંધ હોવાથી, સર્વ સંવરના લાભમાં નિવર્તન ઘટે જ છે, આ=સ્વભાવપણાનું નિવર્તન, અનંતર જ પરિણામવાદ પ્રતિષ્ઠામાં લેશથી બતાવાયું છે=શ્લોક-૪૯૦થી ૪૯૨માં પરિણામવાદના સ્થાપનમાં લેશથી બતાવાયું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૪૯૮॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૭માં કહ્યું કે સમાધિ દ્વારા મહાત્માએ સંયોગની યોગ્યતાનો અભાવ કર્યો એથી ફરી ભવની પ્રાપ્તિ નથી, ત્યાં કોઈક શંકા કરતાં કહે છે કે આત્માનો અન્યની સાથે સંયોગનો હેતુ એવો આત્મસ્વભાવ જ આત્મામાં વર્તતો હોય તો તે સ્વભાવનું નિવર્તન કેવી રીતે થઈ શકે? અર્થાત્ થઈ શકે નહિ, જેમ જીવનો જ્ઞાનસ્વભાવ છે તે ક્યારેય નિવર્તન પામતો નથી તેમ કર્મની સાથે સંયોગ થવાનો હેતુ એવો યોગ્યતારૂપ જીવનો સ્વભાવ હોય તો તે નિવર્તન પામે નહિ, તેને ગ્રંથકારશ્રી કહે છે –

કર્મની સાથે સંબંધ થવાની યોગ્યતાનો તેવો જ સ્વભાવ છે કે નિવર્તન પામે, તેથી જે મહાત્મા અધ્યાત્માદિ યોગોને સેવીને યોગનિરોધરૂપ સર્વ સંવરને પ્રાપ્ત કરે છે ત્યારે કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવ નિવર્તન પામે છે અને આ કથન શ્લોક-૪૯૦થી ૪૯૨માં ગ્રંથકારશ્રીએ પરિણામવાદને બતાવવા લેશથી બતાવ્યું છે અર્થાત્ શ્લોક-૪૯૨માં કહેલ છે કે ભવને લાવનારો એવો પરિણામ યોગાભ્યાસ દ્વારા ક્લિષ્ટ પરિણામના ક્ષયોપશમ આદિ ભાવથી જેય છે, તેથી એ પ્રાપ્ત થાય કે કર્મબંધની યોગ્યતાનો તેવો જ સ્વભાવ છે કે યોગાભ્યાસ દ્વારા તેનો નાશ થઈ શકે છે. **॥૪૯૮॥**

**અવતરણિકા :-**

**परः –**

**અવતરણિકાર્થ :-**

**પર કહે છે=પૂર્વપક્ષી કહે છે –**

**શ્લોક :-**

**स्वनिवृत्तिः स्वभावश्चेदेवमस्य प्रसज्यते ।**
**अस्त्वेवमपि नो दोषः, कश्चिदत्र विभाव्यते ।।४९९।।**

**અન્વયાર્થ :-**

**एवं=આ રીતે=આત્માનો કર્મબંધની યોગ્યતાનો સ્વભાવ નિવર્તન પામે એવો છે એમ પૂર્વમાં કહ્યું એ રીતે, अस्य=આનો=આત્માનો, स्वनिवृत्तिः स्वभावः=સ્વનિવૃત્તિ સ્વભાવ, प्रसज्यते=પ્રાપ્ત થાય છે, चेद्=એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – अस्त्वेवमपि=એ રીતે પણ હો=કર્મબંધની યોગ્યતાની નિવૃત્તિરૂપે આત્માની નિવૃત્તિ થાય છે એ રૂપે પણ હો, अत्र=અહીં=સ્વનિવૃત્તિમાં, कश्चिद् दोषः न विभाव्यते=કોઈ દોષ વિભાવન કરાતો નથી=કોઈ દોષ પ્રાપ્ત થતો નથી. ॥૪૯૯॥**

**શ્લોકાર્થ :-**

**આ રીતે આનો સ્વનિવૃત્તિ સ્વભાવ પ્રાપ્ત થાય છે એમ જો પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે – એ રીતે પણ હો, અહીં કોઈ દોષ વિભાવન કરાતો નથી. ॥૪૯૯॥**

**ટીકા :-**

**स्वनिवृत्तिः=आत्मनो निवर्तनं, स्वभावः=स्वरूपं, चेद्यदि ब्रूषे, एवम्=अस्मिन्नभ्युपगमे, अस्य=आत्मनः, प्रसज्यते, आचार्यः-अस्तु=भवतु, एवमपि=स्वनिवृत्तिरपि, नो=नैव, दोषः=अपराधः, कश्चिदत्र= स्वनिवृत्तौ, विभाव्यते ।।४९९।।**

**ટીકાર્થ :-**

**स्वनिवृत्तिरात्मनो ..... विभाव्यते । આ રીતે=આ પ્રમાણે સ્વીકાર કરાયે છતે=કર્મના સંબંધની યોગ્યતા નિવર્તન સ્વભાવવાળી છે એમ સ્વીકાર કરાયે છતે, આની=આત્માની, સ્વનિવૃત્તિ=પોતાનું નિવર્તન, સ્વભાવ=સ્વરૂપ, પ્રાપ્ત થાય છે એ પ્રમાણે જો પૂર્વપક્ષી કહે તો આચાર્ય કહે છે – એ રીતે પણ સ્વની નિવૃત્તિ પણ હો=કર્મબંધની યોગ્યતાની નિવૃત્તિરૂપે આત્માની નિવૃત્તિ પણ હો, અહીં=સ્વનિવૃત્તિમાં, કોઈ દોષ=અપરાધ, વિભાવન કરાતો નથી જ=પ્રાપ્ત થતો નથી જ. ॥૪૯૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કર્મબંધની યોગ્યતારૂપ આત્માનો સ્વભાવ નિવર્તન પામે તેવા સ્વભાવવાળો છે, તેથી સર્વ સંવરના લાભમાં તે સ્વભાવનું નિવર્તન થાય છે, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે આત્માના સ્વભાવનું નિવર્તન સ્વીકારવામાં આવે તો તે સ્વભાવથી અભિન્ન એવા આત્માનું પણ નિવર્તન પ્રાપ્ત થશે તેને ગ્રંથકારશ્રી કહે છે –

કર્મબંધની યોગ્યતાના સ્વભાવની નિવૃત્તિરૂપે આત્માનું નિવર્તન આત્માને પ્રાપ્ત થાય, તેમ સ્વીકારવામાં કોઈ દોષની પ્રાપ્તિ નથી; કેમ કે કર્મબંધની યોગ્યતાના સ્વભાવ સાથે કથંચિદ્ અભિન્ન એવો તે આત્મા પણ તે સ્વરૂપે નિવર્તન પામે છે તેમ સ્યાદ્વાદી સ્વીકારે છે માટે કોઈ દોષની પ્રાપ્તિ નથી, કેમ કોઈ દોષની પ્રાપ્તિ નથી તે સ્વયં ગ્રંથકારશ્રી જ આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. **॥૪૯૯॥**

**અવતરણિકા :-**

एतदेव भावयति –

**અવતરણિકાર્થ :-**

આને જ=કર્મબંધની યોગ્યતાના અપગમમાં તે સ્વરૂપે આત્માની નિવૃત્તિ સ્વીકારવામાં કોઈ દોષ નથી એમ પૂર્વશ્લોકમાં કહ્યું એને જ, ભાવન કરે છે=સ્પષ્ટ કરે છે –

**શ્લોક :-**

परिणामित्व एवैतत्, सम्यगस्योपपद्यते ।
आत्माभावोऽन्यथा तु स्यादात्मसत्तेत्यदश्च न ।।५००।।

**અન્વયાર્થ :-**

परिणामित्व एव=પરિણામિપણું હોતે છતે જ, अस्य=આનું=આત્માનું, एतद्=આ=સ્વભાવનું નિવર્તન, सम्यग्=સમ્યગ્, उपपद्यते=ઉત્પન્ન થાય છે, तु=વળી, अन्यथा=અન્યથા=પરિણામિત્વના અભાવમાં સ્વભાવ નિવૃત્ત થયે છતે, आत्मसत्ता=આત્મસત્તા, आत्माभावः=આત્માનો અભાવ, स्याद्=થાય, च=અને, अदः न=એ યુક્ત નથી, इति='इति' પાદપૂર્તિ માટે છે. ।।૫૦૦।।

**શ્લોકાર્થ :-**

**પરિણામિપણું હોતે છતે જ આનું આ સમ્યગ્ ઉપપન્ન થાય છે, વળી અન્યથા આત્મસત્તા આત્માનો અભાવ થાય અને એ યુક્ત નથી. ।।૫૦૦।।**

**ટીકા :-**

परिणामित्व एवोक्तलक्षण एव एतत्=स्वभावनिवर्तनम्, सम्यग्=यथावत्, अस्य=आत्मनः, उपपद्यते, विपक्षे बाधामाह – आत्माभावोऽन्यथा तु=परिणामित्वाभावे पुनः, स्यात् स्वभावनिवृत्तौ सत्यां, कासावित्याह – आत्मसत्ता=आत्मनो रूपम्=आत्मभाव, एतत्स्यादित्यर्थः, इतिः प्राग्वत्, एतदपि भविष्यतीत्याह – अदश्च न=एतच्च न युक्तं, भावाभावरूपत्वादात्मन इति ।।५००।।

**ટીકાર્થ :-**

परिणामित्व एव ..... रूपत्वादात्मन इति । ઉક્તસ્વરૂપવાળું જ=શ્લોક-૪૮૨ની ટીકામાં કહેલ સ્વરૂપવાળું જ, પરિણામપણું હોતે છતે આ=સ્વભાવનું નિવર્તન આનું=આત્માનું, સમ્યગ્=યથાવત્, ઉત્પન્ન થાય છે.

વિપક્ષમાં=આત્માને પરિણામી સ્વીકાર્યા વગર સ્વભાવની નિવૃત્તિરૂપ વિપક્ષમાં, બાધાને કહે છે -

**વળી અન્યથા=પરિણામિત્વના અભાવમાં, સ્વભાવની નિવૃત્તિ થયે છતે આત્માનો અભાવ થાય, આ કઈ છે ?=આત્માના અભાવરૂપ આ કાઈ સત્તા છે? એથી કહે છે – આત્મસત્તા=આત્માનું રૂપ અર્થાત્=આત્મભાવ અર્થાત્ સ્વભાવની નિવૃત્તિરૂપ આત્માનો અભાવ આત્મભાવ છે, એ થાય=એ અર્થ પ્રાપ્ત થાય, એ પ્રકારનો અર્થ છે, 'इति' શબ્દ=શ્લોકમાં રહેલો 'इति' શબ્દ પૂર્વની જેમ, આ પણ=આત્મા પરિણામી ન સ્વીકારવામાં આવે અને સ્વભાવની નિવૃત્તિ થાય તો આત્માના અભાવરૂપ આત્માની સત્તા પ્રાપ્ત થાય એ પણ, થશે, એથી કહે છે – આ નથી=આ યુક્ત નથી=આત્માના અભાવરૂપ આત્માની સત્તા યુક્ત નથી; કેમ કે આત્માનું ભાવાભાવરૂપપણું છે.**

**'इति' શબ્દની ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૦૦।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯૯માં કહ્યું કે કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવની નિવૃત્તિ થયે છતે આત્માની નિવૃત્તિ થાય છે તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી, કેમ દોષ નથી તે સ્પષ્ટ કરતાં કહે છે –

આત્માને પરિણામી સ્વીકારવામાં આવે તો કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવનું નિવર્તન આત્મામાં સ્પષ્ટ ઘટે છે; કેમ કે કર્મબંધની યોગ્યતા સ્વરૂપ આત્મા પણ તે સ્વરૂપે નાશ પામે છે અને કર્મબંધની યોગ્યતાના અભાવ સ્વરૂપે ઉત્પન્ન થાય છે તે પરિણામી આત્મા સ્વીકારવાથી સંગત થાય છે. જો આત્માને પરિણામી ન સ્વીકારવામાં આવે અને આત્માના સ્વભાવની નિવૃત્તિ સ્વીકારવામાં આવે અર્થાત્ કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવની નિવૃત્તિ સ્વીકારવામાં આવે તો તે સ્વભાવની નિવૃત્તિ થયે છતે કર્મબંધની યોગ્યતાના સ્વભાવથી અભિન્ન એવા આત્માની જ નિવૃત્તિ પ્રાપ્ત થાય, તેથી આત્માના અભાવરૂપ જ આત્માની સત્તા પ્રાપ્ત થાય અને આત્માના અભાવરૂપ આત્માની સત્તા ઇષ્ટ નથી; કેમ કે આત્માનું ભાવાભાવરૂપપણું છે.

આશય એ છે કે આત્માને પરિણામી ન સ્વીકારવામાં આવે અને સાધના દ્વારા કર્મબંધની યોગ્યતારૂપ આત્માનો સ્વભાવ નાશ પામે છે તેમ સ્વીકારવામાં આવે તો તે સ્વભાવની સાથે અભિન્ન એવા આત્માનો અભાવ પ્રાપ્ત થાય, તેથી સાધના પૂર્વે આત્મા કર્મબંધની યોગ્યતાના સ્વભાવવાળો હતો અને સાધના પછી આત્માનો અભાવ છે તેમ પ્રાપ્ત થાય, વસ્તુતઃ આત્મા સદા ભાવાભાવ સ્વભાવવાળો છે, તેથી કર્મબંધની યોગ્યતારૂપ સ્વભાવવાળા આત્માનો પૂર્વમાં ભાવ હતો તે ભાવનો અભાવ થાય છે અને કર્મબંધની યોગ્યતાના અભાવના સ્વભાવવાળો આત્મા ઉત્પન્ન થાય છે, જેમ કોઈ મનુષ્ય મરીને દેવ થાય ત્યારે તે દેવભવમાં તે જીવનો મનુષ્યરૂપે અભાવ છે અને દેવરૂપે ભાવ છે તેમ સાધના પૂર્વે કર્મબંધની યોગ્યતારૂપે આત્માનો ભાવ છે અને કર્મબંધની યોગ્યતાના અભાવરૂપે આત્માનો અભાવ છે અને સાધનાથી કર્મબંધની યોગ્યતાનો નાશ થાય છે ત્યારે આત્માનો કર્મબંધની યોગ્યતારૂપે અભાવ છે અને કર્મબંધની યોગ્યતાના અભાવરૂપે આત્માનો ભાવ છે. **।।૫૦૦।।**

**અવતરણિકા :-**

परिणामित्व एव स्वभावनिवृत्तिरिति दृढयन्नाह –

**અવતરણિકાર્થ :-**

પરિણામપણામાં જ=આત્માના પરિણામિપણામાં જ, સ્વભાવની નિવૃત્તિ છે=કર્મના સંયોગની યોગ્યતારૂપ સ્વભાવની નિવૃત્તિ છે, એને દઢ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

स्वभावविनिवृत्तिश्च, स्थितस्यापीह दृश्यते ।
घटादेर्नवतात्यागे, तथातद्भावसिद्धितः ।।५०१।।

**અન્વયાર્થ :-**

च=અને, इह=અહીં=લોકમાં, स्थितस्यापि घटादेः स्वभावनिवृत्तिः=સ્થિત પણ ઘટાદિની સ્વભાવની નિવૃત્તિ, दृश्यते=દેખાય છે, नवतात्यागे तथातद्भावसिद्धितः=કેમ કે નવતાના ત્યાગમાં તથા તદ્ભાવ સિદ્ધિ છે=ઉત્પન્ન થયેલા ઘટાદિના નૂતન પર્યાયના ત્યાગ સ્વરૂપે ઘટના સદ્ભાવની સિદ્ધિ છે. ।।૫૦૧।।

**શ્લોકાર્થ :-**

**અને અહીં સ્થિત પણ ઘટાદિની નિવૃત્તિ દેખાય છે; કેમ કે નવતાના ત્યાગમાં તથા તદ્ભાવની સિદ્ધિ છે. ।।૫૦૧।।**

**ટીકા :-**

**स्वभावविनिवृत्तिश्च प्रस्तुता स्थितस्य=व्यवस्थितस्यापि, इह=लोके, दृश्यते घटादेरर्थस्य, अत्र हेतुः – नवतात्यागे-नवत्वनिवृत्तिरूपे, तथा=निवृत्तनवतापर्यायत्वेन, तद्भावसिद्धितो=घटत्वोपलम्भाद् बालाबलादिभिरिति ।।५०१।।**

**ટીકાર્થ :-**

स्वभावविनिवृत्तिश्च ..... बालाबलादिभिरिति । અને અહીં=લોકમાં, સ્થિતની=વ્યવસ્થિત પણ ઘટાદિ અર્થની, પ્રસ્તુત એવી સ્વભાવની નિવૃત્તિ દેખાય છે, એમાં હેતુ કહે છે – નવતાના ત્યાગમાં=નવત્વની નિવૃત્તિરૂપ નવતાના ત્યાગમાં, તથા તદ્ભાવની સિદ્ધિ છે=નિવૃત્તિ થયેલા નવતાના પર્યાયપણાથી બાલ-અબલાદિ વડે ઘટત્વનો ઉપલંભ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૦૧।।

**ભાવાર્થ :-**

આત્માને પરિણામી સ્વીકારીને કર્મબંધની યોગ્યતારૂપ સંસાર સ્વભાવની નિવૃત્તિ મુક્ત આત્મામાં સંગત છે તે અનુભવ અનુસાર બતાવતાં કહે છે –

ઉત્પન્ન થયેલા ઘટાદિ અર્થો કેટલાક કાળ પછી નૂતન પર્યાયનો ત્યાગ કરીને જીર્ણ થાય છે ત્યારે પણ લોકમાં ઘટના ભાવની ઉપલબ્ધિ છે, તેથી નક્કી થાય છે કે દેખાતો ઘટ પણ નૂતન પર્યાયનો ત્યાગ કરીને જીર્ણ પર્યાયસ્વરૂપે વિદ્યમાન છે, તેથી ઘટ પરિણામી હોવાને કારણે જ તેના નૂતન પર્યાયની નિવૃત્તિ થાય છે. જો ઘટ પરિણામી ન હોય તો તેના સ્વભાવની નિવૃત્તિની સાથે ઘટની સત્તાની પણ નિવૃત્તિ પ્રાપ્ત થાય, પરંતુ ઘટ પરિણામી હોવાથી નૂતન પર્યાયનો ત્યાગ કરવા છતાં ઘટભાવનો ઉપલંભ થાય છે તેમ કર્મના સંયોગની યોગ્યતાના પર્યાયનો આત્મામાં નાશ થવા છતાં પરિણામી આત્મા મોક્ષમાં વિદ્યમાન છે તેમ અનુભવ અનુસાર સ્વીકારવું જોઈએ. **॥૫૦૧॥**

**અવતરણિકા :-**

**દેખાતા ઘટાદિમાં પરિણામિપણું અનુભવ અનુસાર સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**नवताया न चात्यागस्तथा नातत्स्वभावता ।**
**घटादेर्न न तद्भाव, इत्यत्रानुभवः प्रमा ।।५०२।।**

❖ 'नातत्स्वभावता'ને સ્થાને હસ્તલિખિત પ્રત અનુસાર 'नात्मस्वभावता' પાઠ જોઈએ.

**અન્વયાર્થ :-**

**नवतायाः=નવતાનો=ઘટાદિ અર્થની નવતાનો, अत्यागः न च=અત્યાગ નથી જ=ત્યાગ જ છે, तथा=અને, नात्मस्वभावता ('न च' એ શબ્દ अनुवर्तते)=આત્મસ્વભાવતા નથી જ એમ નહિ=ઘટાદિ અર્થની આત્મસ્વભાવતા નથી જ એમ નહિ, પરંતુ આત્મસ્વભાવતા છે, घटादेर्न न तद्भावः=ઘટાદિનો તદ્ભાવ નથી એમ નહિ, इति=એ પ્રમાણે, अत्र=અહીં=ઘટાદિ અર્થમાં, अनुभवः=અનુભવ, प्रमा=પ્રમા છે=પ્રમાણ છે. ।।૫૦૨।।**

**શ્લોકાર્થ :-**

**નવતાનો અત્યાગ નથી જ અને આત્મસ્વભાવતા નથી જ એમ નહિ, ઘટાદિનો તદ્ભાવ નથી એમ નહિ, એ પ્રમાણે અહીં અનુભવ પ્રમાણ છે. ।।૫૦૨।।**

**ટીકા :-**

**तथा नवताया न च=नैव, अत्यागः=अहानिः, किन्तु त्याग एव, तथा न=नैव, आत्मस्वभावता= पुराणस्वभावता, न च इत्यनुवर्तते, ततो 'द्वौ नञौ प्रकृतमर्थं गमयत' इति कृत्वा कथञ्चिदतत्स्वभावतैव,**

घटादेरर्थस्य तथा न न तद्भावो=घटभावः, प्राग्रूपपरित्यागोत्तररूपोत्पादयोः सतोरपि कथञ्चिद् घटभाव एव इत्यर्थः, इत्यत्रार्थे अनुभवो लोकप्रतीतिरूपः, प्रमा=प्रमाणम् ।।५०२।।

**ટીકાર્થ :-**

**तथा नवताया ..... प्रमा=प्रमाणम् । અને નવતાનો અત્યાગ=અહાનિ, નથી જ, પરંતુ ત્યાગ જ છે અને આત્મસ્વભાવતા=પુરાણસ્વભાવતા=નવો ઘટ જૂનો થાય છે ત્યારે પૂર્વમાં જે ઘટસ્વભાવ હતો તે રૂપ પુરાણ સ્વભાવતા, નથી જ એમ નહિ અર્થાત્ પુરાણસ્વભાવતા છે, શ્લોકમાં 'न च' અનુવર્તન પામે છે, તેથી 'नात्मस्वभावता' પછી અધિક એવા એક 'न'નું ગ્રહણ છે, તેથી બે नञ પ્રકૃત અર્થને જણાવે છે એથી કરીને કથંચિદ્ અતત્સ્વભાવતા જ છે=કથંચિદ્ નવીનતા સ્વભાવ છે તો કથંચિદ્ પૂર્વના ઘટત્વરૂપ સ્વભાવ પણ છે, તેથી કથંચિત્ તત્સ્વભાવતા છે અને કથંચિદ્ અતત્સ્વભાવતા છે, અને ઘટાદિ અર્થનો તદ્ભાવ=ઘટભાવ નથી એમ નહિ અર્થાત્ પૂર્વના રૂપનો પરિત્યાગ અને ઉત્તરના રૂપનો ઉત્પાદ હોતે છતે પણ કથંચિદ્ ઘટભાવ જ છે એ પ્રકારનો અર્થ છે, અહીં=એ પ્રકારના ઘટાદિ અર્થમાં, લોકપ્રતીતિરૂપ અનુભવ પ્રમા છે=પ્રમાણ છે. ॥૫૦૨॥**

**ભાવાર્થ :-**

લોકમાં દેખાતા ઘટાદિ અર્થો કિંચિત્ કાળ પછી જૂના થતા દેખાય છે તે વખતે ઘટઉત્પત્તિકાળમાં જે ઘટમાં નવતાનો પરિણામ હતો તેનો અત્યાગ નથી જ એમ નહિ, પરંતુ ત્યાગ છે જ, તેથી તે સ્વરૂપે અર્થાત્ નવતાના સ્વભાવસ્વરૂપે ઘટ નિવર્તન પામે છે, આમ છતાં જૂના થયેલા તે ઘટમાં નવીનતાના કાળમાં જે ઘટત્વરૂપ પુરાણસ્વભાવતા હતી તે નથી જ એમ નહિ, તેથી જૂના થયેલા ઘટમાં પણ ઘટત્વરૂપ પુરાણ સ્વભાવ અનુવર્તન પામે છે અને નવીન સ્વભાવનો ત્યાગ થાય છે, તેથી ઘટાદિ અર્થ ઘટભાવવાળા નથી એમ નહિ અર્થાત્ ઉત્તરમાં ઘટભાવવાળા છે જ, તેમ આત્મામાં કર્મબંધની યોગ્યતાના સ્વભાવનો ત્યાગ થાય છે તોપણ ઉત્તરમાં આત્મા અનુવૃત્તિરૂપે રહે છે, એ પ્રકારે ઘટાદિ અર્થમાં લોકપ્રતીતિરૂપ અનુભવ અનુસાર સ્વીકારીને કર્મબંધની યોગ્યતાના નાશમાં પણ આત્મા અનુવૃત્તિરૂપે છે તેમ સ્વીકારવું જોઈએ, એ પ્રકારનો ગ્રંથકારશ્રીનો આશય છે. **॥૫૦૨॥**

**અવતરણિકા :-**

**अथ प्रस्तुते योजयति –**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રસ્તુતમાં=કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ થાય છે ત્યારે પરિણામી એવો આત્મા મોક્ષમાં વિદ્યમાન છે તે રૂપ પ્રસ્તુતમાં, યોજન કરે છે=શ્લોક-૫૦૨માં બતાવેલા ઘટાદિના અનુભવને યોજન કરે છે –**

**શ્લોક :-**

**योग्यतापगमेऽप्येवमस्य भावो व्यवस्थितः ।**
**सर्वौत्सुक्यविनिर्मुक्तः, स्तिमितोदधिसन्निभः ।।५०३।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે=શ્લોક-૫૦૨માં ઘટાદિ અર્થમાં અનુભવ અનુસાર ઉત્તરમાં ઘટભાવની અનુવૃત્તિ બતાવી એ રીતે, योग्यतापगमेऽपि=યોગ્યતાના અપગમમાં પણ=કર્મના સંયોગની યોગ્યતાના અપગમમાં પણ, अस्य=આનો=આત્માનો, सर्वौत्सुक्यविनिर्मुक्तः स्तिमितोदधिसन्निभः भावः व्यवस्थितः=સર્વ ઔત્સુક્યથી રહિત સ્થિર સમુદ્ર જેવો ભાવ વ્યવસ્થિત છે. ।।૫૦૩।।

**શ્લોકાર્થ :-**

**આ રીતે યોગ્યતાના અપગમમાં પણ આનો સર્વ ઔત્સુક્યથી રહિત સ્થિર સમુદ્ર જેવો ભાવ વ્યવસ્થિત છે. ।।૫૦૩।।**

**ટીકા :-**

योग्यतापगमेऽपि=अन्यसंयोगयोग्यताया अपगमेऽपि, अस्य=आत्मनो भावः-स्वसत्तालक्षणो, व्यवस्थितो=अनुपरतः, सर्वौत्सुक्यविनिर्मुक्तो=निःशेषत्वराविरहितः, तथा स्तिमितोदधिसन्निभः= व्यावृत्तक्षोभसलिलनिधिनिभः ।।५०३।।

**ટીકાર્થ :-**

योग्यतापगमे ..... निधिनिभः । યોગ્યતાના અપગમમાં પણ=અન્ય સંયોગની યોગ્યતાના અપગમમાં પણ, આ રીતે=શ્લોક-૫૦૨માં કહ્યું એ રીતે, આનો=આત્માનો, ભાવ=સ્વસત્તા લક્ષણ ભાવ, વ્યવસ્થિત છે=અનુપરત છે=વિરામ પામેલો નથી પરંતુ વિદ્યમાન છે,

એ ભાવ કેવો છે તે સ્પષ્ટ કરે છે –

**સર્વ ઔત્સુક્યથી વિનિર્મુક્ત=સંપૂર્ણ ત્વરાથી રહિત, અને સ્તિમિત સમુદ્રના જેવો=વ્યાવૃત્ત થયો છે પાણીનો ક્ષોભ જેમાં એવા સમુદ્ર જેવો ભાવ, મુક્ત અવસ્થામાં વિદ્યમાન છે, શ્લોકમાં 'एवं' શબ્દ છે તે ટીકામાં 'अपगमेऽपि' પછી હોવો જોઈએ. લહિયાની ક્ષતિથી છૂટી ગયો છે. ।।૫૦૩।।**

**ભાવાર્થ :-**

ઘટાદિ અર્થમાં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે નવો ઘટ જૂનો થાય છે ત્યારે પણ ઘટભાવ વિદ્યમાન રહે છે, તેથી ઘટ પરિણામી છે, એ રીતે જે મહાત્મા યોગમાર્ગનું સેવન કરે છે તેના બળથી કર્મના સંયોગની યોગ્યતાનો અપગમ થાય છે તોપણ કર્મબંધની યોગ્યતાના સ્વભાવથી ભિન્ન એવો આત્માનો સ્વભાવ મોક્ષમાં વ્યવસ્થિત છે અને તે સ્વભાવ કેવો છે તે સ્પષ્ટ કરે છે – સંસારી જીવોને ઇન્દ્રિયોના વિષયોને

જોવામાં જે ઔત્સુક્ય ભાવ છે તે સર્વ ઔત્સુક્યથી રહિત સ્થિર સમુદ્ર જેવો આત્માનો ભાવ મોક્ષમાં વિદ્યમાન છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવોમાં બાહ્ય પદાર્થ વિષયક ઔત્સુક્ય ભાવ વર્તે છે, તેથી જેમ સમુદ્રમાં પાણીના કલ્લોલો થાય છે તેમ સંસારી જીવોના આત્મામાં મોહના કલ્લોલો થાય છે અને જેઓ યોગમાર્ગના પરમાર્થને જાણનારા બને છે તેઓ બાહ્ય પદાર્થ વિષયક જે ઔત્સુક્ય ભાવ છે તેના શમન માટે જ સર્વ યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે અને જ્યારે ક્ષપકશ્રેણિને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ ઔત્સુક્યના સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ ભાવનો ત્યાગ કરે છે ત્યારે બારમા ગુણસ્થાનકે સર્વ ઔત્સુક્યથી રહિત થાય છે અને જ્યારે કેવળજ્ઞાન પામીને યોગનિરોધ કરે છે ત્યારે તેમનો સ્થિર સમુદ્ર જેવો આત્મભાવ પ્રગટ થાય છે જેથી કર્મબંધની યોગ્યતાનો નાશ થાય છે અને તે સ્વભાવરૂપે સિદ્ધઅવસ્થામાં મુક્ત આત્મા સદા રહે છે. **॥૫૦૩॥**

**શ્લોક :-**

**एकान्तक्षीणसंक्लेशो, निष्ठितार्थस्ततश्च सः ।**
**निराबाधः सदानन्दो, मुक्तावात्माऽवतिष्ठते ।।५०४।।**

**અન્વયાર્થ :-**

**च=વળી, ततः=ત્યારપછી=સાધના દ્વારા કર્મમલની યોગ્યતાનો અપગમ થાય છે ત્યારપછી, सः=તે= કર્મબંધની યોગ્યતાના અપગમવાળો, एकान्तक्षीणसंक्लेशः=એકાંતક્ષીણ સંક્લેશવાળો, निष्ठितार्थः= નિષ્ઠિત અર્થવાળો, निराबाधः=નિરાબાધ, सदानन्दः आत्मा=સદા આનંદવાળો આત્મા, मुक्तौ=મુક્તિમાં, अवतिष्ठते=રહે છે. ।।૫૦૪।।**

**શ્લોકાર્થ :-**

**વળી ત્યાર પછી તે એકાંતક્ષીણ સંક્લેશવાળો નિષ્ઠિત અર્થવાળો નિરાબાધ સદા આનંદવાળો આત્મા મુક્તિમાં રહે છે. ।।૫૦૪।।**

**ટીકા :-**

**तथा-एकान्तक्षीणसंक्लेशः=सर्वथोपरताविशुद्धिः, निष्ठितार्थः=कृतकृत्यभूतः, ततश्च=तदनन्तरं पुनः, स=सम्पन्नयोग्यतापगमः, निराबाधः=सर्वव्यसनविरहितः, सदानन्दः=सर्वकालं सदाऽऽनन्दो यस्येति विग्रहः, मुक्तौ=निवृतौ, आत्माऽवतिष्ठते=आस्ते ।।५०४।।**

**ટીકાર્થ :-**

**तथा-एकान्त ..... आस्ते । અને વળી ત્યારપછી=તદનંતર=સાધના દ્વારા યોગ્યતાનો નાશ કર્યા પછી, એકાંત ક્ષીણ સંક્લેશવાળો=સર્વથા શાંત થઈ છે અવિશુદ્ધિ જેની એવો, નિષ્ઠિત અર્થવાળો= કૃતકૃત્યભૂત=સર્વ પ્રયોજન જેણે સિદ્ધ કર્યાં છે એવો, તે=સંપન્ન યોગ્યતા અપગમવાળો, નિરાબાધ=સર્વ**

**આપત્તિઓ વગરનો, સદા આનંદવાળો આત્મા મુક્તિમાં=નિવૃત્તિમાં રહે છે. 'सदानन्दः' શબ્દનો સમાસ સ્પષ્ટ કરે છે – સર્વકાલ=સદા આનંદ છે જેને, એ પ્રમાણે વિગ્રહ છે=સમાસનો વિગ્રહ છે. ॥૫૦૪॥**

**ભાવાર્થ :-**

જે યોગી યોગમાર્ગની ચરમભૂમિકાને પ્રાપ્ત કરે છે તે યોગીમાં કર્મબંધની યોગ્યતાનો અપગમ થાય છે, તેથી અત્યાર સુધી સંસારમાં જે પ્રચુર કે અલ્પ પણ સંક્લેશ હતો તે એકાંત ક્ષીણ થાય છે અર્થાત્ કર્મકૃત સંક્લેશ આપાદક અવિશુદ્ધિ સર્વથા દૂર થાય છે.

વળી તે મહાત્મા નિષ્ઠિત અર્થવાળા થાય છે અર્થાત્ આત્માનાં સર્વ પ્રયોજનો સિદ્ધ થઈ ગયેલાં હોવાથી કૃતકૃત્ય થાય છે.

વળી સંસારમાં જે બાધાઓ હતી તે સર્વ બાધા રહિત યોગ્યતાના અપગમવાળા તે મહાત્મા થાય છે અર્થાત્ સંસાર અવસ્થામાં જન્માદિકૃત અલ્પ કે પ્રચુર જે કંઈ બાધાઓ હતી તેનો સર્વથા અભાવ થાય છે.

વળી તે મહાત્મા મુક્તિમાં મુક્તિકાલની પ્રાપ્તિથી માંડીને સદા આનંદવાળા વર્તે છે, જે સંસાર અવસ્થામાં કરાયેલી યોગમાર્ગની સાધનાનું પ્રકૃષ્ટ ફળ છે. **॥૫૦૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૦૪માં કહ્યું કે મુક્ત આત્મા સદા આનંદવાળા છે, તેથી હવે તે આનંદ કેવા પ્રકારનો છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अस्यावाच्योऽयमानन्दः, कुमारीस्त्रीसुखं यथा ।**
**अयोगी न विजानाति, सम्यग्जात्यन्धवद् घटम् ।।५०५।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, कुमारीस्त्रीसुखं=કુમારી સ્ત્રીને સુખ=ભોગજન્ય સુખ અન્ય સ્ત્રી દ્વારા અવાચ્ય છે તે પ્રકારે, अस्य=આનો=મુક્ત આત્માનો, अयं आनन्दः=આ આનંદ, अवाच्यः=અવાચ્ય છે, जात्यन्धवद् घटं=જાત્યંધ પુરુષ જેમ ઘટને, सम्यग्=સમ્યગ્, न विजानाति=જાણતો નથી, अयोगी=તેમ અયોગી જાણતા નથી=અકેવલી મોક્ષના સુખને સમ્યગ્ જાણતા નથી. ॥૫૦૫॥**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે કુમારી સ્ત્રીને સુખ અર્થાત્ ભોગજન્ય સુખ અન્ય સ્ત્રી દ્વારા અવાચ્ય છે તે પ્રકારે આ આનંદ અવાચ્ય છે, જાત્યંધ પુરુષ જેમ ઘટને સમ્યગ્ જાણતો નથી તેમ અયોગી જાણતા નથી. ॥૫૦૫॥**

**ટીકા :-**

**अस्य=मुक्तस्य, अवाच्यो=वक्तुमशक्यः, अयं=मुक्तिभाव्यानन्दः, कुमारीस्त्रीसुखं यथा=यथा कुमार्या अद्याप्यप्राप्तपुरुषसम्भोगायाः स्त्रियाः, सुखं पुरुषसम्भोगजन्यमन्ययाऽनुभूतरतसुखयाऽप्यप्रत्याय्यं-प्रत्याययितुमशक्यमित्यर्थः, अत एवाह – अयोगी=अकेवली, न विजानाति सम्यग् जात्यन्धवद् घटम् ।।५०५।।**

**ટીકાર્થ :-**

**अस्य ..... जात्यन्धवद् घटम् । આનો=મુક્તનો, આ આનંદ=મુક્તિભાવી આનંદ, અવાચ્ય છે=શબ્દો દ્વારા કહી શકાય તેવો નથી, જે પ્રમાણે કુમારી સ્ત્રીને સુખ અવાચ્ય છે=જે પ્રમાણે હજી પણ અપ્રાપ્ત પુરુષના સંભોગવાળી કુમારી સ્ત્રીને પુરુષના સંભોગજન્ય સુખ અનુભવ કરાયેલા રતના સુખવાળી અન્ય સ્ત્રી વડે પણ અપ્રત્યાય્ય છે=શબ્દો દ્વારા તે સુખ પ્રતીતિ ન કરાવી શકાય તેવું છે માટે પ્રતીતિ કરાવવા માટે અશક્ય છે, આથી જ કહે છે અર્થાત્ કેવલી સાક્ષાત્ તે સુખને જાણે છે તોપણ કહી શકતા નથી આથી જ કહે છે – અયોગી=અકેવલી, સમ્યગ્ જાણતા નથી=મોક્ષના સુખને સમ્યગ્ જાણતા નથી, ઘટને જાત્યંધપુરુષની જેમ અકેવલી મોક્ષના સુખને સમ્યગ્ જાણતા નથી એમ અન્વય છે. ।।૫૦૫।।**

**ભાવાર્થ :-**

મોક્ષમાં સિદ્ધના જીવોને જે પ્રકૃષ્ટ સુખ છે તે કેવલી કેવલજ્ઞાનથી જાણી શકે છે તોપણ શબ્દોથી કોઈને કહી શકતા નથી, જેમ કોઈ સ્ત્રીએ ભોગનું સુખ અનુભવ્યું હોય તો પણ તે સ્ત્રી કુમારી સ્ત્રીને ભોગથી થનારું સુખ કેવું હોય તેનો બોધ કરાવી શકતી નથી, તેથી કુમારી સ્ત્રીને ભોગના સુખનો બોધ કરાવવા માટે પુરુષના ભોગજન્ય સુખ અવાચ્ય છે તેમ છદ્મસ્થને મોક્ષના સુખનો બોધ કરાવવા માટે મોક્ષનું સુખ અવાચ્ય છે અર્થાત્ કલ્પનાતીત શ્રેષ્ઠ કોટીનું સુખ છે.

વળી જન્મથી અંધ પુરુષ ઘટને હસ્તસ્પર્શાદિથી કંઈક જાણી શકે છે તોપણ ઘટના રૂપાદિને જોનાર નહિ હોવાથી ઘટને સમ્યગ્ જાણતો નથી તેમ કેવલી સિવાયના અન્ય સર્વ છદ્મસ્થો સિદ્ધના સુખને જાણી શકતા નથી, ફક્ત સિદ્ધના જીવોને તે સુખનો સાક્ષાત્ અનુભવ છે અને સિદ્ધના જીવોને તે સુખ કેવું છે તે કેવલી કેવલજ્ઞાનથી સાક્ષાત્ જાણી શકે છે. **॥૫૦૫॥**

**શ્લોક :-**

**योगस्यैतत्फलं मुख्यमैकान्तिकमनुत्तरम् ।**
**आत्यन्तिकं परं ब्रह्म, योगविद्भिरुदाहृतम् ।।५०६।।**

**અન્વયાર્થ :-**

**योगविद्‌भिः=યોગના જાણનારાઓ વડે, योगस्यैतत्फलं=યોગનું આ ફળ, मुख्यं एकान्तिकं अनुत्तरं आत्यन्तिकं परं ब्रह्म=મુખ્ય એકાંતિક અનુત્તર આત્યંતિક પરં બ્રહ્મ, उदाहृतम्=કહેવાયું છે. ॥૫૦૬॥**

**શ્લોકાર્થ :-**

**યોગના જાણનારાઓ વડે યોગનું આ ફળ મુખ્ય એકાંતિક અનુત્તર આત્યંતિક પરં બ્રહ્મ કહેવાયું છે. ॥૫૦૬॥**

**ટીકા :-**

**योगस्य प्रपञ्चितरूपस्य, एतत्फलं=कार्यं, मुख्यम्=अनुपचरितम्, एकान्तिकं=एकान्तेनैव भवनस्वभावम्, अनुत्तरं=सर्वफलातिशायि, आत्यन्तिकम्=अत्यन्तभवम् किमित्याह – परं ब्रह्म-सिद्धत्वलक्षणं, योगविद्‌भिः=शास्त्रकारैः, उदाहृतम् ॥५०६॥**

**ટીકાર્થ :-**

**योगस्य ..... उदाहृतम् । યોગનું=વિસ્તારથી કહેવાયેલા અધ્યાત્માદિ યોગનું, આ ફળ=શ્લોક-૫૦૪-૫૦૫માં બતાવ્યું એ કાર્ય, મુખ્ય=અનુપચરિત, એકાંતિક=એકાંતથી જ થવાના સ્વભાવવાળું, અનુત્તર=સર્વફલથી અતિશાયી, આત્યંતિક=અત્યંત થનારું, યોગનું કાર્ય છે એમ અન્વય છે, શું યોગનું કાર્ય છે ? એથી કહે છે – પરં બ્રહ્મ=સિદ્ધત્વલક્ષણ પરં બ્રહ્મ, યોગના જાણનારા શાસ્ત્રકારો વડે કહેવાયું છે. ॥૫૦૬॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અધ્યાત્માદિ યોગોનું સ્વરૂપ બતાવ્યું, તેનું કાર્ય સિદ્ધત્વ સ્વરૂપ પરં બ્રહ્મ છે અને તે સિદ્ધત્વસ્વરૂપ પરં બ્રહ્મ યોગનું મુખ્ય કાર્ય છે=અનુપચરિત કાર્ય છે, જ્યારે સદ્‌ગતિની પરંપરારૂપ કાર્ય મુખ્ય કાર્ય નથી, ઉપચારથી કાર્ય છે; કેમ કે યોગ કર્મબંધની યોગ્યતાના ઉચ્છેદ માટે પ્રવૃત્ત હોવાથી કર્મબંધનો સર્વથા ઉચ્છેદ જ તેનું મુખ્ય કાર્ય કહેવાય, સદ્‌ગતિની પરંપરા આનુષંગિક કાર્ય છે.

વળી સિદ્ધત્વનું સુખ એકાંતિક છે અર્થાત્ એકાંતે જ સુખરૂપે ભવન સ્વભાવવાળું છે, પરંતુ સંસારના સુખની જેમ કંઈક દુઃખના આશ્લેષવાળું નથી.

વળી યોગના ફલરૂપે થનારું સિદ્ધત્વનું સુખ સર્વફલથી અતિશાયી છે અર્થાત્ તેના જેવું કોઈ શ્રેષ્ઠ સુખ નથી, તે સુખ આત્યંતિક છે=પ્રાપ્ત થયા પછી ક્યારેય જનાર નથી, માટે અત્યંત થનારું છે, આવું પરં બ્રહ્મ સ્વરૂપ સુખ યોગનું ફળ છે એમ યોગના જાણનારા શાસ્ત્રકારો કહે છે. **॥૫૦૬॥**

અવતરણિકા :-

अथोपसंहरन्नाह –

અવતરણિકાર્થ :-

હવે ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે અર્થાત્ શ્લોક-૪માં કહેલ કે યોગની ગોચર આદિ સંશુદ્ધિ વિચારકે જાણવી જોઈએ તે કથનનો અત્યાર સુધી વિચાર કર્યો, હવે તે કથનનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

શ્લોક :-

सद्गोचरादिसंशुद्धिरेषाऽऽलोच्येह धीधनैः ।
साध्वी चेत्प्रतिपत्तव्या, विद्वत्ताफलकाङ्क्षिभिः ।।५०७।।

અન્વયાર્થ :-

इह=અહીં=લોકમાં, धीधनैः=બુદ્ધિમાન પુરુષે, एषा सद्गोचरादिसंशुद्धिः=આ સદ્ગોચરાદિની સંશુદ્ધિ= ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી વર્ણન કર્યું એ સદ્ગોચરાદિની સંશુદ્ધિ, आलोच्या=આલોચન કરવી જોઈએ, साध्वी चेत्=જો સુંદર હોય=બુદ્ધિમાન પુરુષે આલોચનાથી તે સુંદર છે તેવો નિર્ણય થાય તો, विद्वत्ताफलकाङ्क्षिभिः=વિદ્વત્તાફળના કાંક્ષી એવા તેણે, प्रतिपत्तव्या=સ્વીકારવી જોઈએ= સદ્ગોચરાદિ સંશુદ્ધિ સ્વીકારવી જોઈએ. ।।૫૦૭।।

શ્લોકાર્થ :-

**અહીં બુદ્ધિમાન પુરુષે આ સદ્ગોચરાદિની સંશુદ્ધિ આલોચન કરવી જોઈએ, જો સુંદર હોય તો વિદ્વત્તાફળના કાંક્ષી એવા તેણે સ્વીકારવી જોઈએ. ।।૫૦૭।।**

ટીકા :-

सद्गोचरादिसंशुद्धिरेषा=उक्तरूपा, आलोच्या=विमृश्या, इह=जने, धीधनैः, साध्वी=सङ्गता, चेद्=यदि, प्रतिपत्तव्या श्रद्धेया, कीदृशैरित्याह – विद्वत्ताफलकाङ्क्षिभिः पुम्भिः ।।५०७।।

ટીકાર્થ :-

सद्गोचरादि ..... पुम्भिः । આ=અત્યાર સુધી વર્ણન કરાયેલા સ્વરૂપવાળી, સદ્ગોચરાદિની સંશુદ્ધિ અહીં=લોકમાં, બુદ્ધિમાન્ પુરુષે આલોચના કરવી જોઈએ, જો સુંદર જણાય=સદ્ગોચરાદિ સંશુદ્ધિ સંગત જણાય, તો શ્રદ્ધાથી સ્વીકારવી જોઈએ, કેવા પુરુષે શ્રદ્ધાથી સ્વીકારવી જોઈએ ? એથી કહે છે – વિદ્વત્તાફલના કાંક્ષી પુરુષે શ્રદ્ધાથી સ્વીકારવી જોઈએ. ।।૫૦૭।।

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અત્યંત મધ્યસ્થતાપૂર્વક શાસ્ત્રવચન, યુક્તિ અને અનુભવ અનુસાર યોગમાર્ગના ગોચર, સ્વરૂપ અને ફળનું અત્યાર સુધી વિસ્તારથી વર્ણન કર્યું અને જેઓ યોગના પરમાર્થને જાણવાને અનુકૂળ બુદ્ધિવાળા છે તેઓએ મધ્યસ્થતાથી પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલા પદાર્થનું સમ્યગ્ આલોચન કરવું જોઈએ અને જો તે આલોચન દ્વારા બુદ્ધિમાનને જણાય કે ગોચરાદિની સંશુદ્ધિ જે પ્રકારે પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ બતાવી છે તે સુંદર છે તો કલ્યાણના અર્થી જીવે રુચિપૂર્વક તે યોગમાર્ગનો સ્વીકાર કરવો જોઈએ, જેથી પોતાને હિતની પ્રાપ્તિ થાય.

કેવા પુરુષે પ્રસ્તુત યોગમાર્ગને શ્રદ્ધાપૂર્વક સ્વીકારવો જોઈએ? તેથી કહે છે –

વિદ્વત્તાફલના કાંક્ષી પુરુષે શ્રદ્ધાપૂર્વક ગોચરાદિ સંશુદ્ધિ સ્વીકારવી જોઈએ. **॥૫૦૭॥**

**અવતરણિકા :-**

**यतः –**

**અવતરણિકાર્થ :-**

**જે કારણથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે વિદ્વત્તાના ફળના કાંક્ષીએ સદ્ગોચરાદિ સંશુદ્ધિ સ્વીકારવી જોઈએ. કેમ વિદ્વત્તાના ફળના કાંક્ષીએ સ્વીકારવી જોઈએ? તેથી કહે છે – જે કારણથી –**

**શ્લોક :-**

**विद्वत्तायाः फलं नान्यत्, सद्योगाभ्यासतः परम् ।**
**तथा च शास्त्रसंसार उक्तो विमलबुद्धिभिः ।।५०८।।**

**અન્વયાર્થ :-**

**सद्योगाभ्यासतः परं=સદ્યોગાભ્યાસથી પ્રકૃષ્ટ, विद्वत्तायाः अन्यत् फलं=વિદ્વત્તાનું અન્ય ફળ, न=નથી, तथा च=અને તે રીતે=સદ્યોગનો અભ્યાસ ન કરવામાં આવે તે રીતે, शास्त्रसंसारः=શાસ્ત્ર જ સંસાર, विमलबुद्धिभिः=વિમલ બુદ્ધિ વડે, उक्तः=કહેવાયો છે. ।।૫૦૮।।**

**શ્લોકાર્થ :-**

**સદ્યોગાભ્યાસથી પ્રકૃષ્ટ વિદ્વત્તાનું અન્ય ફળ નથી અને તે રીતે શાસ્ત્ર જ સંસાર વિમલબુદ્ધિ વડે કહેવાયો છે. ।।૫૦૮।।**

**ટીકા :-**

**विद्वत्तायाः फलं=पाण्डित्यस्य फलं, नान्यत् कुतः सकाशादित्याह – सद्योगाभ्यासतः=गोचरादिशुद्धा-**

**द्योगाभ्यासात्, परं=प्रकृष्टम्, एतत्समर्थनायैवाह – तथा च शास्त्रसंसारः=शास्त्राण्येव संसारः, उक्तः=निरूपितः, विमलबुद्धिभिः=निर्मलप्रज्ञैः ।।५०८।।**

**ટીકાર્થ :-**

**विद्वत्तायाः ..... निर्मलप्रज्ञैः । વિદ્વત્તાનું ફલ=પાંડિત્યનું ફલ, અન્ય નથી, કોનાથી અન્ય નથી? એથી કહે છે – સદ્યોગના અભ્યાસથી=ગોચરાદિ શુદ્ધ એવા યોગના અભ્યાસથી, પર=પ્રકૃષ્ટ, અન્ય ફળ નથી એમ અન્વય છે, આના સમર્થન માટે જ=વિદ્વત્તાનું ફળ સદ્યોગ અભ્યાસ છે એના સમર્થન માટે જ, કહે છે – અને તે રીતે=સદ્યોગનો અભ્યાસ ન થાય તે રીતે, શાસ્ત્રસંસાર=શાસ્ત્રો જ સંસાર= શાસ્ત્રાભ્યાસ કરીને પ્રાપ્ત થયેલો બોધ જ ભવપરંપરાની વૃદ્ધિના કારણભૂત સંસાર, વિમલબુદ્ધિ વડે કહેવાયો છે=નિર્મલ પ્રજ્ઞાવાળા વડે નિરૂપણ કરાયો છે. ।।૫૦૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે હું વિદ્વાન છું એમ માનીને પોતાની વિદ્વત્તાના ફળને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા છે તેઓએ સદ્યોગ અભ્યાસમાં રત રહેવું જોઈએ; કેમ કે વિદ્વત્તાનું સદ્યોગ અભ્યાસથી અન્ય કોઈ પ્રકૃષ્ટ ફળ નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે વિદ્વાન પુરુષ સંસારમાં લોકોથી પૂજાય તે આનુષંગિક ફળ છે અથવા આ લોકમાં ઉપદ્રવ વગર સારી રીતે જીવે તે આનુષંગિક ફળ છે, વિદ્વત્તાનું પ્રકૃષ્ટ ફળ સદ્યોગનો અભ્યાસ છે, તેથી જે જીવોમાં જેટલા પ્રમાણમાં માર્ગાનુસારી બુદ્ધિ પ્રગટી છે તે બુદ્ધિનો સમ્યગ્ ઉપયોગ કરવા અર્થે પ્રસ્તુત ગ્રંથમાં વર્ણન કર્યું એ પ્રમાણે પૂર્વ સેવાનું સ્વરૂપ સતત અત્યંત ભાવન કરવું જોઈએ અને પૂર્વસેવાના બળથી અધ્યાત્મ-ભાવના આદિ યોગો જીવમાં કઈ રીતે પ્રગટ થાય છે તેનું પારમાર્થિક સ્વરૂપ પુનઃ પુનઃ ભાવન કરવું જોઈએ અને પોતાની શક્તિ અનુસાર તે ભાવો પોતાનામાં પ્રગટ કરવા અર્થે જપ-પ્રતિક્રમણ આદિ અનુષ્ઠાનો કઈ રીતે કરવાં જોઈએ તેનું રહસ્ય ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત ગ્રંથમાં બતાવ્યું છે તેનું સૂક્ષ્મ બુદ્ધિથી વારંવાર સમાલોચન કરવું જોઈએ, જેથી વિદ્વત્તાનું પ્રકૃષ્ટ ફળ પ્રાપ્ત થાય અને જેઓ તે રીતે યોગગ્રંથોને ભણતા નથી, પરંતુ સ્થૂલ બુદ્ધિથી યોગગ્રંથોને ભણીને હુ યોગગ્રંથોને ભણ્યો છું તેવી બુદ્ધિ ધારણ કરે છે તેઓનો યોગને કહેનારાં શાસ્ત્રોનો અભ્યાસ જ સંસાર કહેવાયો છે; કેમ કે મોહથી મૂઢ જીવો સંસારમાં મૂઢની જેમ જીવે છે તેમ યોગશાસ્ત્રો ભણીને પણ મૂઢ એવો તે આત્મા મોહના ભાવોના ઉન્મૂલન માટે કંઈ યત્ન કરતો નથી, તેથી વિમલ બુદ્ધિવાળા મહાત્માઓએ તેવા જીવોનો શાસ્ત્રાભ્યાસ જ સંસાર છે એમ કહેલ છે. **।।૫૦૮।।**

**અવતરણિકા :-**

**एतदेव दर्शयति –**

**અવતરણિકાર્થ :-**

**આને જ=સદ્યોગ અભ્યાસ રહિત શાસ્ત્રાભ્યાસ સંસાર છે એને જ, બતાવે છે –**

**શ્લોક :-**

**पुत्रदारादिसंसारः, पुंसां सम्मूढचेतसाम् ।**
**विदुषां शास्त्रसंसारः, सद्योगरहितात्मनाम् ।।५०९।।**

**અન્વયાર્થ :-**

**सम्मूढचेतसां पुंसां=સંમૂઢ ચિત્તવાળા પુરુષોનો=બાહ્ય પદાર્થ માત્રમાં સુખના કારણની બુદ્ધિને ધારણ કરનારા પુરુષોનો, पुत्रदारादिसंसारः=પુત્રદારાદિ સંસાર છે=પુત્ર-સ્ત્રી-ધનાદિ સંસાર છે, सद्योगरहितात्मनाम् विदुषां=સદ્યોગ રહિત એવા વિદ્વાનોનો, शास्त्रसंसारः=શાસ્ત્રસંસાર છે. ।।૫૦૯।।**

**શ્લોકાર્થ :-**

**સંમૂઢ ચિત્તવાળા પુરુષોનો પુત્રદારાદિ સંસાર છે, સદ્યોગ રહિત એવા વિદ્વાનોનો શાસ્ત્રસંસાર છે. ।।૫૦૯।।**

**ટીકા :-**

**पुत्रदारादिसंसारो भवभ्रमणहेतुत्वात् पुंसां=नृणां, सम्मूढचेतसां=तत्त्वज्ञानरहितधियाम्, विदुषां=पण्डितानाम् शास्त्रसंसारः=शास्त्राण्येव संसारः, कीदृशानामित्याह – सद्योगरहितात्मनां=शुद्धयोगाभ्यासवर्जितानाम् ।।५०९।।**

**ટીકાર્થ :-**

पुत्रदारादि.....योगाभ्यासवर्जितानाम् । **સંમૂઢ ચિત્તવાળા પુરુષોનો=તત્ત્વજ્ઞાન રહિત બુદ્ધિવાળા જીવોનો, પુત્ર-દારાદિ સંસાર છે; કેમ કે ભવભ્રમણનું હેતુપણું છે, વિદ્વાનોનો=પંડિતોનો, શાસ્ત્રસંસાર છે=શાસ્ત્રો જ સંસાર છે, કેવા પંડિતોનો શાસ્ત્ર સંસાર છે? એથી કહે છે – સદ્યોગ રહિત એવા આત્માઓનો=શાસ્ત્ર-અધ્યયન દ્વારા શુદ્ધ યોગના અભ્યાસથી વર્જિત એવા પંડિતોનો, શાસ્ત્રસંસાર છે. ।।૫૦૯।।**

**ભાવાર્થ :-**

સંસારમાં જે જીવો આત્માના પારમાર્થિક સ્વરૂપના તત્ત્વને જોનારા નથી અને સંસારની વાસ્તવિકતાને જોનારા નથી, માત્ર ઇન્દ્રિયોને જે અનુકૂળ જણાય છે તે પોતાને ઇષ્ટ છે અને ઇન્દ્રિયોને જે પ્રતિકૂળ જણાય છે તે પોતાને અનિષ્ટ છે તેવી મૂઢ બુદ્ધિવાળા છે તેઓને પુત્ર-સ્ત્રી-ધન આદિ સર્વ પદાર્થો ભવભ્રમણના હેતુ હોવાથી સંસાર છે અર્થાત્ સંસારની વિડંબનાનું કારણ છે તેમ કેટલાક જીવો કંઈક સંસારના સ્વરૂપને જોનારા થયા, તેથી આત્મકલ્યાણ અર્થે મારે શાસ્ત્ર ભણવું જોઈએ તેવી બુદ્ધિ થઈ છતાં શાસ્ત્રઅભ્યાસ કરીને શુદ્ધ યોગમાર્ગ આત્મામાં પ્રગટ થાય તેવો કોઈ અભ્યાસ કરતા નથી, માત્ર હું શાસ્ત્ર ભણેલો છું, હું તત્ત્વને જાણું છું એવી મૂઢબુદ્ધિને ધારણ કરે છે તેવા વિદ્વાનો માટે શાસ્ત્રનો બોધ મૂઢતાનું કારણ હોવાને કારણે ભવભ્રમણનો હેતુ છે, તેથી વિવેકીએ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું જોઈએ કે માત્ર શાસ્ત્ર ભણવાથી કે માત્ર

ધર્મની ક્રિયાઓ કરવાથી ભવભ્રમણનો અંત નથી, પરંતુ મન-વચન-કાયાના યોગો મોક્ષને અનુકૂળ શુદ્ધ ભાવોને પ્રગટ કરે તો ભવભ્રમણનો અંત થાય, અને તેવો શુદ્ધ યોગનો અભ્યાસ પોતાનામાં પ્રગટ થાય તે રીતે સર્વધર્મ અનુષ્ઠાન સેવવાં જોઈએ અને તે રીતે શાસ્ત્રઅભ્યાસ કરવો જોઈએ, જેથી શુદ્ધ યોગનો અભ્યાસ પ્રતિદિન પ્રવર્ધમાન બને. **॥૫૦૯॥**

**અવતરણિકા :-**

तस्मात् –

**અવતરણિકાર્થ :-**

**તે કારણથી=વિદ્વત્તાનું પ્રકૃષ્ટ ફળ સદ્યોગનો અભ્યાસ છે તે કારણથી, શું ? તે શ્લોકમાં બતાવે છે -**

**શ્લોક :-**

कृतमत्र प्रसङ्गेन, प्रायेणोक्तं तु वाञ्छितम् ।
अनेनैवानुसारेण, विज्ञेयं शेषमन्यतः ।।५१०।।

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=યોગના વિષયમાં, प्रसङ्गेन=વિસ્તારથી, कृतं=સર્યું, तु=વળી, प्रायेण=બહુલતાએ, वाञ्छितं उक्तं=વાંછિત એવું યોગનું સ્વરૂપ કહેવાયું, अनेनैवानुसारेण=આ જ અનુસારથી=જે કહ્યું એ જ અનુસારથી, अन्यतः=અન્ય ગ્રંથોથી, शेषं विज्ञेयं=શેષ જાણવું. ।।૫૧૦।।

**શ્લોકાર્થ :-**

**અહીં વિસ્તારથી સર્યું, વળી બહુલતાએ વાંછિત એવું યોગનું સ્વરૂપ કહેવાયું, આ જ અનુસારથી અન્ય ગ્રંથોથી શેષ જાણવું. ।।૫૧૦।।**

**ટીકા :-**

कृतमत्र=विचारे, प्रसङ्गेन=विस्तरेण, प्रायेण=बाहुल्येन, उक्तं तु वाञ्छितं=वक्तुमिष्टं, योगस्वरूपं पुनः, अनेनैवानुसारेण=अनयैव नीत्या, विज्ञेयं शेषं यदिह नोक्तम्, अन्यतः=अन्यस्माद्योग-शास्त्रात् ।।५१०।।

**ટીકાર્થ :-**

कृतमत्र ..... शास्त्रात् । **અહીં=યોગવિષય આનુષંગિક વિચારમાં, પ્રસંગથી સર્યું=વિસ્તારથી સર્યું, વળી ગ્રંથકારશ્રી વડે વાંછિત=કહેવા માટે ઈષ્ટ એવું, યોગનું સ્વરૂપ પ્રાયઃ=બહુલતાથી, કહેવાયું, આ જ અનુસારથી=ગ્રંથકારશ્રીએ સદ્ગોચરાદિની શુદ્ધિ અનુસાર યોગનું સ્વરૂપ બતાવ્યું એ જ નીતિથી, જે અહીં ગ્રંથકારશ્રી વડે કહેવાયું નથી એવું શેષ અન્યથી=અન્ય એવા યોગશાસ્ત્રથી, જાણવું. ।।૫૧૦।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અધ્યાત્માદિ યોગના ભેદોનું વર્ણન કર્યું, ત્યારપછી ગોચરાદિ શુદ્ધિને અધિક સ્પષ્ટ કરવા અર્થે અન્ય અન્ય દર્શનના એકાંતવાદમાં મોક્ષની સંગતિ નથી તેની પ્રાસંગિક વિચારણા કરી તેનો ઉપસંહાર કરતાં પ્રાસંગિક કહ્યું કે વિદ્વત્તાના ફલને ઇચ્છનારા યોગીએ સદ્ગોચરાદિની સંશુદ્ધિ આલોચન કરીને સ્વીકારવી જોઈએ તે પ્રાસંગિક કથનના વિસ્તારથી સર્યું.

વળી ગ્રંથકારશ્રીને યોગનું સ્વરૂપ કહેવાનું ઇષ્ટ હતું જેને પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ બહુલતાએ કહેલ છે, આમ છતાં યોગવિષયક અનેક ભૂમિકાઓનું વર્ણન વિદ્યમાન છે જે ગ્રંથકારશ્રીએ અહીં કહ્યું નથી, છતાં યોગના રહસ્યને પ્રાપ્ત કરવાના અર્થી જીવે અન્ય ગ્રંથોથી આ રીતે જ તેને જાણવા યત્ન કરવો જોઈએ, જે રીતે ગ્રંથકારશ્રીએ સદ્ગોચરાદિની સંશુદ્ધિ પ્રસ્તુત ગ્રંથમાં બતાવી છે, જો તે રીતે યત્ન કરવામાં ન આવે તો અન્ય યોગના ગ્રંથોથી યોગના નામોનો બોધ થાય, પરંતુ પરમાર્થથી યોગમાર્ગની પ્રાપ્તિ થાય નહિ. **॥૫૧૦॥**

**શ્લોક :-**

**एवं तु मूलशुद्ध्येह, योगभेदोपवर्णनम् ।**
**चारुमात्रादिसत्पुत्रभेदव्यावर्णनोपमम् ।।५११।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=યોગના વિચારમાં, एवं तु=આ રીતે=ગ્રંથકારશ્રીએ અત્યારસુધી ગોચરશુદ્ધિ આદિ બતાવી એ રીતે, मूलशुद्ध्या=મૂલશુદ્ધિથી=ગોચરાદિની શુદ્ધિથી, योगभेदोपवर्णनं=યોગભેદનું ઉપવર્ણન, चारुमात्रादि-सत्पुत्रभेदव्यावर्णनोपमम्=સુંદર માતા-પિતાના સત્પુત્રના ભેદના વ્યાવર્ણની ઉપમાવાળું છે. ।।૫૧૧।।**

**શ્લોકાર્થ :-**

**અહીં આ રીતે મૂલશુદ્ધિથી યોગભેદનું ઉપવર્ણન સુંદર માતા-પિતાના સત્પુત્રના ભેદના વ્યાવર્ણની ઉપમાવાળું છે. ।।૫૧૧।।**

**ટીકા :-**

**एवन्त्वस्मिंश्च परिणाम्यात्माभ्युपगमे सति मूलशुद्ध्या-गोचरादिशुद्धिरूपया, इह=योगविचारे, योगभेदोपवर्णनमध्यात्मादिभेदेन किमित्याह – चारुजातिकुलशीलादिशुद्धौ यौ मात्रादि=मातापितरौ, ताभ्यां सकाशात्सन्तः सुन्दरा ये पुत्रस्य भेदाः=विशेषाः, तेषां व्यावर्णनेनोपमा यस्या तत्तथा, सर्वत्र कारणशुद्धिपूर्वकत्वात्कार्यशुद्धेरिति ।।५११।।**

**ટીકાર્થ :-**

**एवन्त्वस्मिंश्च ..... शुद्धेरिति । આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, પરિણામી આત્મા સ્વીકાર કરાયે છતે મૂલશુદ્ધિ થવાથી=ગોચરાદિ શુદ્ધિ રૂપ મૂલશુદ્ધિ થવાથી, અહીં=યોગના વિચારમાં, અધ્યાત્માદિ ભેદથી યોગના ભેદનું ઉપવર્ણન, કેવું છે ? એથી કહે છે – સુંદર જાતિ-કુળ-શીલ આદિની શુદ્ધિવાળાં જે માતા-પિતા, એમનાથી થયેલા પુત્રના જે સુંદર ભેદો, તેઓના વ્યાવર્ણનની ઉપમા છે જેને તે તેવું છે=સુંદર માતાદિના સત્પુત્રના ભેદના વ્યાવર્ણનની ઉપમાવાળું છે; કેમ કે સર્વત્ર કાર્યથી શુદ્ધિનું કારણની શુદ્ધિપૂર્વકપણું છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૧૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અનેક યુક્તિઓથી બતાવ્યું કે આત્મા પરિણામી સ્વીકારવામાં આવે તો ગોચરાદિની શુદ્ધિની સંગતિ થાય અને જે મહાત્મા યોગમાર્ગના સેવનના અર્થી છે અને યોગમાર્ગને સેવીને યોગમાર્ગના ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરવાના અર્થી છે તેણે ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બતાવ્યું એ રીતે પરિણામી આત્માને શાસ્ત્રવચન-યુક્તિ-અનુભવ અનુસાર સ્વીકારવો જોઈએ અને વિચારવું જોઈએ કે મારો આત્મા પરિણામી છે, તેથી હું ઉચિત યત્ન કરીશ તો તે તે ભાવરૂપે પરિણમન પામીશ, જેમ માટી ઘટરૂપે પરિણમન પામવાના સ્વભાવવાળી છે અને ઘટ બને તે પ્રકારે કુંભાર સમ્યગ્ યત્ન કરે છે ત્યારે તે માટીમાંથી ઘટ થાય છે, યથા-તથા કરાયેલા યત્નથી ઘટ થતો નથી, તેથી જેમ ઘટની નિષ્પત્તિના અર્થી પરિણામી એવી માટીમાં ઘટનિષ્પત્તિને અનુકૂળ ઉચિત વ્યાપાર કરીને ઘટની પ્રાપ્તિ કરે છે, તેમ હું પણ પરિણામી છું માટે મોક્ષરૂપ ફળનો યથાર્થ નિર્ણય કરીને તેનું કારણ બને તે પ્રકારે યોગમાર્ગમાં ઉચિત યત્ન કરીશ તો તે તે પ્રકારની યોગની ભૂમિકાને પામીને અંતિમ ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરી શકીશ.

આ પ્રકારે અનુભવ અનુસાર પરિણામી આત્માનો સ્વીકાર, પરિણામી આત્મા યોગના સેવનથી તે તે ભૂમિકારૂપે પરિણમન પામે છે તેનો અનુભવ અનુસાર સ્વીકાર અને અનુભવ અનુસાર તેનું અંતિમ ફળ મોક્ષ જે યોગમાર્ગના વર્ણનથી યોગમાર્ગનો નિર્ણય કરીને તે પ્રમાણે સેવાયેલા યોગથી પ્રાપ્ત થતું હોય તે યોગભેદનું વર્ણન સુંદર માતાદિના સત્પુત્રના ભેદના વર્ણન જેવું છે. જેમ ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, ઉત્તમ શીલ આદિની શુદ્ધિવાળા માતા-પિતાથી થયેલા પુત્રોની જે સુંદરતા છે તેનું કોઈ વર્ણન કરે તો તે વાસ્તવિકતાને સ્પર્શનાર વર્ણન છે, માટે પ્રામાણિક છે; કેમ કે સુંદર એવાં માતા-પિતાદિ રૂપ કારણથી ઉત્પન્ન થયેલા તેના કાર્યરૂપ પુત્રોની પણ શુદ્ધિ હોય છે તેમ ગોચરાદિ શુદ્ધિવાળા યોગભેદોનું વર્ણન પણ યથાર્થ તત્ત્વને સ્પર્શનારું હોવાથી સુંદર છે; કેમ કે તે વર્ણન અનુસાર યોગમાર્ગના રહસ્યને પામીને ઘણા યોગ્ય જીવો યોગમાર્ગના સેવનના ફળરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે. **।।૫૧૧।।**

**શ્લોક :-**

**अन्यद्वान्ध्येयभेदोपवर्णनाकल्पमित्यतः ।**
**न मूलशुद्ध्यभावेन, भेदसाम्येपि वाचिके ।।५१२।।**

**અન્વયાર્થ :-**

**अन्यद्=અન્ય=શ્લોક-૫૧૧માં યોગભેદના વર્ણનનું સ્વરૂપ બતાવ્યું તેનાથી અન્ય, वान्ध्येयभेदोपवर्णनाकल्पं=વાન્ધ્યેયના ભેદના ઉપવર્ણન જેવું છે=વંધ્યાપુત્રના ભેદોના વર્ણન જેવું છે, इत्यतः न=એથી નથી=વસ્તુ નથી, वाचिके भेदसाम्येऽपि मूलशुद्ध्यभावेन=કેમ કે વાચિક ભેદનું સામ્ય હોવા છતાં પણ મૂલશુદ્ધિનો અભાવ છે. ।।૫૧૨।।**

**શ્લોકાર્થ :-**

**અન્ય વાન્ધ્યેયના ભેદના ઉપવર્ણ જેવું છે, એથી નથી; કેમ કે વાચિક ભેદનું સામ્ય હોવા છતાં પણ મૂલશુદ્ધિનો અભાવ છે. ।।૫૧૨।।**

**ટીકા :-**

**अन्यद्=उक्तरूपाद्विलक्षणं, योगभेदोपवर्णनं वान्ध्येयभेदोपवर्णनाकल्पं निर्विषयमित्यर्थः इत्यतः= यस्माद्धेतोः, न=नैव, तत् वस्तु इति गम्यते, मूलशुद्ध्यभावेन=गोचरादिशुद्धिविरहेण, भेदसाम्ये-ऽप्यध्यात्मादिसंख्यारूपे, वाचिके=वचनमात्रप्रतिबद्धे ।।५१२।।**

**ટીકાર્થ :-**

**अन्यदुक्त ..... वचनमात्रप्रतिबद्धे । અન્ય=ઉક્ત સ્વરૂપથી વિલક્ષણ=શ્લોક-૫૧૧માં બતાવ્યું તેવા સ્વરૂપથી વિલક્ષણ, યોગના ભેદનું ઉપવર્ણન નિર્વિષય છે=વંધ્યા સ્ત્રીના પુત્રના ભેદના વર્ણન જેવું વર્ણનના વિષયભૂત પદાર્થ વગરનું છે, આથી=જે હેતુથી નિર્વિષય છે તે હેતુથી, તે વસ્તુ નથી જ, 'તે વસ્તુ' એ શ્લોકમાં અધ્યાહાર છે તે બતાવવા માટે 'तद्वस्तु इति गम्यते' એમ ટીકામાં કહ્યું છે.**

કેમ તે વસ્તુ નથી તેથી કહે છે –

**મૂલશુદ્ધિના અભાવને કારણે=ગોચરાદિ શુદ્ધિના વિરહને કારણે, વાચિક ભેદ સામ્ય હોવા છતાં પણ=વચન માત્ર પ્રતિબદ્ધ અધ્યાત્માદિ સંખ્યારૂપ ભેદનું સામ્ય હોવા છતાં પણ, તે વસ્તુ નથી=યોગના ભેદરૂપ વસ્તુ નથી. ।।૫૧૨।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી યોગભેદોનું વર્ણન કર્યું, જે વર્ણનમાં ગોચરાદિ ત્રણની શુદ્ધિ સ્પષ્ટ યુક્તિ અને અનુભવ અનુસાર બતાવી, તેથી તેવી ગોચરાદિ શુદ્ધિવાળું યોગના ભેદનું વર્ણન વાસ્તવિક યોગના

ફળમાં વિશ્રાંત થાય તેવા ઉત્તમ સ્વરૂપવાળું છે અને તેનાથી અન્ય એવું યોગનું સ્વરૂપ જેઓ વર્ણન કરે છે તેમાં યોગના ભેદોનું વાચિક સામ્ય હોવા છતાં પણ ગોચરાદિ ત્રણમાંથી કોઈપણ શુદ્ધિનો અભાવ હોય તો તે યોગના ભેદનું વર્ણન વંધ્યા સ્ત્રીના પુત્રના ભેદના વર્ણન જેવું છે. જેમ કોઈ કહે કે આ વંધ્યા સ્ત્રીનો પુત્ર બહુ ચતુર છે, રૂપસંપન્ન છે વગેરે, તે વર્ણનના વિષયભૂત વસ્તુ નથી તેમ જેઓ મોક્ષ અર્થે અધ્યાત્માદિ ભેદોનું વર્ણન કરે છે અને જેઓના મતાનુસાર આત્મા પરિણામી નથી તેઓના મત પ્રમાણે યોગના આચારના સેવનથી આત્મા યોગરૂપે પરિણમન પામે છે તે સંગત થાય નહિ અને ઉત્તર-ઉત્તરના યોગની પ્રાપ્તિ દ્વારા મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે છે તે સંગત થાય નહિ.

વળી જેઓ આત્માને પરિણામી સ્વીકારતા હોય છતાં યોગમાર્ગની ક્રિયાઓ જે રીતે મોક્ષને અનુકૂળ નિર્લેપ પરિણતિ પ્રગટ કરે છે તે સ્વરૂપને સ્પર્શે તે પ્રકારે યોગભેદના વર્ણનને કરતા નથી તેઓનું તે વર્ણન યથા-તથા જપાદિ પ્રવૃત્તિ દ્વારા કે પ્રતિક્રમણ આદિની ક્રિયા દ્વારા મોક્ષનું કારણ બનતું નથી, તેથી યોગના સ્વરૂપની શુદ્ધિ નહિ હોવાથી તે યોગમાર્ગનું વર્ણન વંધ્યાપુત્રના વર્ણન તુલ્ય છે.

વળી જેઓ કંઈક યોગમાર્ગને સેવે છે છતાં તેઓના યોગમાર્ગનું વર્ણન વિપર્યાસથી સંવલિત હોવાથી મોક્ષરૂપ ફલમાં પર્યવસાન પામે તેવું નથી એવા યોગભેદનું વર્ણન પણ ફલશુદ્ધિવાળું નહિ હોવાથી વાન્ધ્યેય ભેદના વર્ણન જેવું છે, જેમ કોઈ મહાત્માને બોધ થાય કે જ્ઞાનનું ફળ વિરતિ છે અને તે વિરતિ ચરણસિત્તરી-કરણસિત્તરીના શુદ્ધ પાલનસ્વરૂપ છે તે સિવાયનું અન્ય નયવાદનું વર્ણન વાદરસિક જીવોને ઉપકારક છે, મોક્ષ અર્થે ઉપયોગી નથી તેમ માની નયવાદ ભણવા પ્રત્યે નિરુત્સાહી છે અને તેઓ યોગ્ય જીવોને સ્વરુચિ અનુસાર તેમ જ કહે કે 'જ્ઞાનનું ફળ વિરતિ છે માટે મોક્ષના અર્થીએ ચરણસિત્તરી-કરણસિત્તરીમાં જ સૂક્ષ્મબોધપૂર્વક યત્ન કરવો જોઈએ' તેઓને ક્ષપકશ્રેણિના અનન્ય કારણભૂત દ્રવ્યાનુયોગના અંગભૂત નયવાદના વિષયમાં રુચિ નહિ હોવાથી તેઓનો બોધ મિથ્યાત્વયુક્ત છે અને તેઓના વચનથી વર્ણન કરાયેલું યોગમાર્ગનું સ્વરૂપ પણ મોક્ષરૂપ ફલમાં પરિણમન પામે તેવું નહિ હોવાથી કંઈક સ્વરૂપ શુદ્ધિવાળું હોવા છતાં કંઈક સ્વરૂપની અશુદ્ધિવાળું અને ફલની અશુદ્ધિવાળું છે, માટે વંધ્યાપુત્રના વર્ણન જેવું નિર્વિષય છે. **॥૫૧૨॥**

**અવતરણિકા :-**

**ગોચરશુદ્ધિના અભાવમાં યોગભેદનું વર્ણન વાંધ્યેય ભેદના ઉપવર્ણન જેવું છે તે દૃષ્ટાંતથી બતાવે છે –**

**શ્લોક :-**

**यथेह पुरुषाद्वैते, बद्धमुक्ताऽविशेषतः ।**
**तदन्यभाववादे च तद् द्वैतेऽपि निरूप्यताम् ।।५१३।।**

અન્વયાર્થ :-

यथा=જે પ્રમાણે, इह=અહીં=જગતમાં, पुरुषाद्वैते=પુરુષ અદ્વૈતમાં, बद्धमुक्ताऽविशेषतः=બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી (યોગભેદનું ઉપવર્ણન વાંધ્યેય ભેદના ઉપવર્ણન કલ્પ છે એમ અન્વય છે.), च=અને, तदन्यभाववादे=તેનાથી અન્યના ભાવવાદવાળા બૌદ્ધમતમાં, तद् द्वैतेऽपि=તદ્દ્વૈત હોવા છતાં પણ (બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી યોગભેદનું ઉપવર્ણન વાંધ્યેય ભેદના ઉપવર્ણન કલ્પ) निरूप्यताम्=જાણો. ।।૫૧૩।।

શ્લોકાર્થ :-

જે પ્રમાણે અહીં પુરુષ અદ્વૈતમાં બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી અને તેનાથી અન્યના ભાવવાદમાં તદ્દ્વૈત હોવા છતાં પણ બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી, યોગભેદનું ઉપવર્ણન વાંધ્યેયભેદના ઉપવર્ણન કલ્પ જાણો. ।।૫૧૩।।

ટીકા :-

यथेह=जगति, पुरुषाद्वैते 'पुरुष एवेदं ग्निं भवत् यद् भूतं यच्च भाव्यम्' इत्यादिवेदवचनाद्वेदान्तिकप्रतिपन्ने, बद्धमुक्तयोरविशेषाद्=अनानात्वात्, वान्ध्येयभेदोपवर्णनकल्पम् इत्यनुवर्तते, तथा तदन्यज्ञानरूपस्य पुरुषव्यतिरेकिणः कर्मणो भाववादे च बौद्धमते, तद्द्वैतेऽपि-पुरुषार्थलक्षणे निरूप्यतामिति, अत्रापि बद्धमुक्ताऽविशेष इत्ययमेव हेतुः ।।५१३।।

ટીકાર્થ :-

यथेह ..... हेतुः । જે પ્રમાણે અહીં=જગતમાં, 'પુરુષ જ આ થતું, જે થયેલું અને જે થશે' ઇત્યાદિ વેદવચનથી વેદાન્તિક વડે સ્વીકારાયેલા પુરુષ અદ્વૈતમાં બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી=અનાનાપણું હોવાથી, વાંધ્યેય ભેદ ઉપવર્ણન કલ્પ યોગભેદનું ઉપવર્ણન છે, શ્લોકમાં વાંધ્યેય ભેદ ઉપવર્ણન કલ્પ છે એ પૂર્વશ્લોકમાંથી અનુવર્તન પામે છે એ બતાવવા માટે ટીકામાં 'वान्ध्येयभेदोपवर्णनकल्पम् इत्यनुवर्तते' કહેલ છે.

અને તેનાથી અન્ય જ્ઞાનરૂપના=પુરુષથી વ્યતિરિક્ત કર્મના, ભાવવાદવાળા બૌદ્ધમતમાં તેનું દ્વૈત હોવા છતાં પણ=પુરુષાર્થ સ્વરૂપ દ્વૈત હોવા છતાં પણ, નિરૂપણ કરાય=વાંધ્યેય ભેદના ઉપવર્ણન કલ્પ યોગભેદનું ઉપવર્ણન છે એ પ્રમાણે નિરૂપણ કરાય, એથી અહીં પણ=બૌદ્ધમતમાં પણ, બદ્ધ-મુક્ત અવિશેષ છે એ પ્રકારનો આ જ હેતુ છે=શ્લોકના પૂર્વાર્ધનો જ હેતુ છે. ।।૫૧૩।।

ભાવાર્થ :-

વેદાંતિકો પુરુષ અદ્વૈત માને છે અને પોતાના મતને સ્થાપન કરવા અર્થે 'પુરુષ જ આ થતું છે, જે થયેલું છે અને જે થશે' ઇત્યાદિ વેદવચનનું અવલંબન લે છે અને તે વેદવચન અનુસાર જે વર્તમાનમાં છે, જે

ભૂતમાં થયેલું અને જે ભવિષ્યમાં થશે તે સર્વ પુરુષ જ છે એમ સ્વીકારીને પુરુષથી અતિરિક્ત જગતમાં કોઈ વસ્તુ નથી તેમ માને છે, તેથી તેઓના મતે સંસારી જીવો બદ્ધ છે અને સાધના કરીને કર્મથી મુકાયેલા જીવો મુક્ત છે તેવો ભેદ પ્રાપ્ત થતો નથી, આમ છતાં પુરુષ અદ્વૈત સ્વીકારીને શ્લોક-૫૧૬માં કહેશે એ પ્રમાણે સમુદ્રની ઊર્મિઓ જેવા બ્રહ્મના અંશરૂપ સંસારી જીવો છે તેમ કહીને યોગમાર્ગનું વર્ણન કરે છે અને તે પ્રમાણે યોગમાર્ગને સેવીને શુદ્ધ બ્રહ્મમાં સંસારી જીવોનો લય થાય છે તેમ માને છે તે સર્વ બતાવવા અર્થે જે યોગભેદનું વર્ણન વેદાંતીઓ કરે છે તે વાંધ્યેયના ભેદના ઉપવર્ણન જેવું છે; કેમ કે જેમ વંધ્યા સ્ત્રીને પુત્ર નથી, તેથી તેના પુત્રનું વર્ણન નિર્વિષયક છે તેમ પુરુષ જ માત્ર જગત હોય તો બદ્ધ અને મુક્તનો ભેદ નહિ હોવાથી મુક્ત થવાના ઉપાયનું વર્ણન નિર્વિષયક છે.

વળી બૌદ્ધમત પુરુષથી વ્યતિરિક્ત જ્ઞાનરૂપ કર્મ સ્વીકારે છે અને કહે છે કે 'રાગાદિ વાસિત ચિત્ત જ સંસાર છે અને રાગાદિ રહિત ચિત્ત જ મોક્ષ છે' તેના મત પ્રમાણે પુરુષથી વ્યતિરિક્ત રાગાદિ ભાવરૂપ કર્મનો ભાવવાદ છે, તેથી તેના મતે દ્વૈતની પ્રાપ્તિ છે અર્થાત્ રાગાદિરૂપ પુરુષાર્થ રાગાદિ રહિત પુરુષાર્થ એ રૂપ દ્વૈતની પ્રાપ્તિ છે, તેથી સ્થૂલથી સંસારરૂપ રાગાદિ પુરુષાર્થ છે અને મોક્ષરૂપ રાગાદિ રહિત પુરુષાર્થ છે એમ પ્રાપ્ત થાય તેથી સ્થૂલથી સંસારની અને મોક્ષની સંગતી જણાય પરંતુ સંસારના કારણભૂત આત્માથી પૃથક્ એવા કર્મનો બંધ છે અને બંધાયેલા કર્મના ઉચ્છેદથી મુક્તિ છે એ પ્રમાણે તેના મતમાં નથી, પણ રાગાદિ પરિણામવાળું જ્ઞાન જ સંસાર છે અને રાગાદિ પરિણામથી રહિત જ્ઞાન જ મુક્તિ છે એમ તેઓ માને છે. તેથી સંસાર અવસ્થામાં આત્મા બદ્ધ હતો અને સાધનાને કારણે કર્મથી મુક્ત થયો તેવો ભેદ બૌદ્ધમતમાં પ્રાપ્ત થતો નથી, તેથી બૌદ્ધ મતાનુસાર સંસારકાળમાં પણ આત્મા રાગાદિ જ્ઞાનસ્વરૂપ હતો અને સાધના પછી રાગાદિ વગરના જ્ઞાનસ્વરૂપ થયો તેમ પ્રાપ્ત થાય, વસ્તુતઃ આત્માના બે પ્રકારના સ્વરૂપનું ભેદક કર્મ ન હોય તો સાધના પૂર્વે પણ જ્ઞાનસ્વરૂપ આત્મા હતો અને પછી પણ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, છતાં પૂર્વમાં તે જ્ઞાન રાગાદિવાળું હતું અને પછી રાગાદિ રહિત થયું તેમ સ્વીકારવામાં કર્મબંધ નામના અન્ય પદાર્થને ન સ્વીકારવામાં આવે તો બદ્ધ-મુક્તનો અવિશેષ પ્રાપ્ત થાય, તેથી સંસારરૂપ પુરુષાર્થ અને મોક્ષરૂપ પુરુષાર્થ એમ દ્વૈત સ્વીકારવા છતાં પણ મોક્ષના ઉપાયભૂત યોગભેદનું વર્ણન વાંધ્યેયભેદના ઉપવર્ણન જેવું બૌદ્ધ મતે પ્રાપ્ત થાય; કેમ કે જેમ વંધ્યાનો પુત્ર નથી તેમ બદ્ધ અને મુક્તનો ભેદ ન હોય તો તેના ઉપાયનું વર્ણન અસત્ કલ્પ થાય. **॥૫૧૩॥**

**અવતરણિકા :-**

**अथैतदेव मतद्वयं क्रमेण विशेषतो दूषयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે આ જ મતદ્વયને=શ્લોક-૫૧૩માં બતાવેલા પુરુષાદ્વૈત અને બૌદ્ધ મતરૂપ મતદ્વયને, ક્રમથી વિશેષ પ્રકારે દૂષણ આપતાં ગ્રંથકારશ્રી કહે છે –**

શ્લોક :-

अंशावतार एकस्य, कुत एकत्वहानितः ।
निरंश एक इत्युक्तः, स चाद्वैतनिबन्धनम् ।।५१४।।

અન્વયાર્થ :-

एकस्य=એકના=પરંબ્રહ્મરૂપ એકના, अंशावतारः=અંશનો અવતાર, कुतः=કોનાથી હોય? અર્થાત્ હોઈ શકે નહિ, एकत्वहानितः=કેમ કે એકત્વની હાનિ છે=પુરુષાદ્વૈતમતે પુરુષના એકત્વની હાનિ છે, કેમ એકત્વની હાનિ છે? એથી કહે છે – निरंश एकः=નિરંશ એક બ્રહ્મ છે, इत्युक्तः=એ પ્રમાણે કહેવાયો છે=બ્રહ્મ કહેવાયો છે, च=અને, स=તે=નિરંશ એક, अद्वैतनिबन्धनम्=અદ્વૈતનું કારણ છે. ।।૫૧૪।।

શ્લોકાર્થ :-

**એકના અંશનો અવતાર કોનાથી હોય? કેમ કે એકત્વની હાનિ છે, કેમ એકત્વની હાનિ છે? એથી કહે છે – નિરંશ એક બ્રહ્મ છે એ પ્રમાણે કહેવાયો છે અને તે અદ્વૈતનું કારણ છે. ।।૫૧૪।।**

ટીકા :-

अंशावतार – इहावयवानामवतरणरूपः, एकस्य=परमब्रह्मणः सम्बन्धिनाम्, कुतः-कस्मात् न कुतोऽपीत्यर्थः, एकत्वहानितः=एकरूपताविनाशाद् ब्रह्मणः, एतदपि कथमित्याह – निरंशः=निरवयवः, एक इत्युक्तः, स च=स पुनरनंश एकः-अद्वैतः अद्वैतनिबन्धनम्, एकस्य निरंशस्याद्वैतत्वात् ।।५१४।।

ટીકાર્થ :-

अंशावतार ..... निरंशस्याद्वैतत्वात् । અંશનો અવતાર=અહીં અર્થાત્ સંસારમાં અવયવોના અવતરણરૂપ અંશનો અવતાર, એકનો=પરં બ્રહ્મ સંબંધી એવા જીવોનો, કેવી રીતે થાય? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે એકત્વની હાનિ છે=બ્રહ્મની એકરૂપતાનો વિનાશ છે, આ પણ=બ્રહ્મનો અવતાર સ્વીકારવાથી એકત્વની હાનિ પણ, કેમ છે? એથી કહે છે – નિરંશ=નિરવયવ, એક એ પ્રમાણે કહેવાયો છે=નિરંશ એક બ્રહ્મ કહેવાયો છે, અને તે=વળી અનંશ એક એવો તે, અદ્વૈતનું નિબંધ છે; કેમ કે નિરંશ એવા એકનું અદ્વૈતપણું છે. ।।૫૧૪।।

ભાવાર્થ :-

પુરુષાદ્વૈતવાદી બ્રહ્મસ્વરૂપ જગતને માને છે અને બ્રહ્મથી અતિરિક્ત જગતમાં કંઈ નથી તેમ માને છે, આમ છતાં સંસારમાં પ્રત્યક્ષથી દેખાતા જુદાજુદા જીવો બ્રહ્માદ્વૈતમતે કઈ રીતે સંગત થાય તે બતાવવા અર્થે કહે છે કે પરંબ્રહ્મ સંબંધી સંસારમાં દેખાતા જીવો અને ઘટપટાદિ પદાર્થો બ્રહ્મના અંશો છે, તેથી બ્રહ્મમાંથી

સ્ફુલ્લિંગોની જેમ અંશો સંસારમાં અવતરણ પામેલા છે અને જેઓ યોગમાર્ગને સેવે છે તેઓ પરંબ્રહ્મમાં વિલય પામે છે, તેથી પરંબ્રહ્મમાં વિલય પામેલા તે બ્રહ્મના અંશોને સંસારની કદર્થના નથી એમ બ્રહ્માદ્વૈતવાદી કહે છે, તેને ગ્રંથકારશ્રી કહે છે –

અહીં=જગતમાં, બ્રહ્મના અંશોનો અવતાર શેનાથી થયો? અર્થાત્ જો એક બ્રહ્મ હોય તો તેના અંશો છૂટા પાડવા માટે કોઈક કારણ હોવું જોઈએ, અને બ્રહ્મથી અતિરીક્ત કંઈજ વસ્તુ નહીં હોવાથી પરંબ્રહ્મને છુટા પાડનાર કોઈ કારણ નહિ હોવાને કારણે તેનો અવતાર સંભવે નહિ છતાં જો બ્રહ્મના અંશોનો અવતાર સ્વીકારવામાં આવે તો બ્રહ્મની એકરૂપતાનો વિનાશ થાય છે; કેમ કે બ્રહ્મના ઘણા અંશો પ્રત્યક્ષથી સંસારમાં દેખાઈ રહ્યા છે, તેથી બ્રહ્મની એકરૂપતા નથી તેમ સ્વીકારવું પડે. વળી તેઓના જ વચનથી કહે છે કે પુરુષાદ્વૈતવાદી મતાનુસાર નિરંશ એક બ્રહ્મ કહેવાયો છે, તેથી અનશંક એવો બ્રહ્મ જ અદ્વૈતનું કારણ છે, માટે બ્રહ્મના અંશો ન હોય તે બ્રહ્મના અંશોનો અવતાર જગતમાં છે તેમ કહેવું અનુભવ વિરુદ્ધ છે અને સ્વશાસ્ત્ર વિરુદ્ધ છે માટે પુરુષાદ્વૈતના મતે યોગભેદનું વર્ણન વાંધ્યેય ભેદના ઉપવર્ણન જેવું છે. **॥૫૧૪॥**

**અવતરણિકા :-**

**तथा-**

**અવતરણિકાર્થ :-**

**અને –**

**શ્લોક :-**

**मुक्तांशत्वे विकारित्वमंशानां नोपपद्यते ।**
**तेषां चेहाऽविकारित्वे, सन्नीत्या मुक्ततांशिनः ।।५१५।।**

**અન્વયાર્થ :-**

**मुक्तांशत्वे=મુક્તના અંશપણામાં=સંસારમાં વર્તતા જીવોમાં મુક્તના અંશપણામાં, अंशानां विकारित्वं=અંશોનું વિકારીપણું=અહીં અવતીર્ણ અંશોનું વિકારીપણું, नोपपद्यते=સંગત થતું નથી, च=વળી, इह तेषां=અહીં તેઓનું=અહીં અવતીર્ણ એવા અંશોનું, अविकारित्वे=અવિકારીપણું હોતે છતે, सन्नीत्या=સન્નીતિથી, मुक्ततांशिनः=મુક્તતાના અંશીઓ છે=પરંબ્રહ્મના અંશીઓ છે. ॥૫૧૫॥**

**શ્લોકાર્થ :-**

**મુક્તના અંશપણામાં અંશોનું વિકારીપણું સંગત થતું નથી, વળી અહીં તેઓનું અવિકારીપણું હોતે છતે સન્નીતિથી મુક્તતાના અંશીઓ છે. ॥૫૧૫॥**

**ટીકા :-**

**मुक्तांशत्वे=मुक्तरूपपरमब्रह्मावयवत्वे, विकारित्वं=कामक्रोधादिदोषत्वम्, अंशानामिहावतीर्णानां नोपपद्यते तदभिन्नत्वात्, तेषां च=तेषां पुनः, अंशानामिहावतीर्णानां अविकारित्वे सन्नीत्या मुक्ततांशिनः, परमब्रह्मणोऽभिन्नत्वादेव ।।५१५।।**

**ટીકાર્થ :-**

**मुक्तांशत्वे ..... भिन्नत्वादेव । મુક્તના અંશપણામાં=મુક્ત રૂપ પરમબ્રહ્મના અવયવપણામાં, અહીં અવતીર્ણ અંશોનું વિકારીપણું=કામ-ક્રોધાદિ દોષપણું ઘટતું નથી; કેમ કે તેનાથી અભિન્નપણું છે=મુક્તરૂપ પરંબ્રહ્મથી અભિન્નપણું છે, વળી અહીં અવતીર્ણ એવા તેઓના અંશોનું અવિકારીપણું હોતે છતે સન્નીતિથી મુક્તતાના અંશીઓ છે=સંસારમાં દેખાતા જીવો મુક્તતાના અંશીઓ છે; કેમ કે પરબ્રહ્મથી અભિન્નપણું જ છે. ।।૫૧૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૫૧૪માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે એક એવા બ્રહ્મના અંશોનો અવતાર થઈ શકે નહિ અને અવતાર સ્વીકારીએ તો એકત્વની હાનિ છે.

હવે 'तथा'થી સમુચ્ચય કરતાં કહે છે કે મુક્ત આત્માના સંસારી જીવો અંશો છે એમ સ્વીકારી લઈએ તોપણ સંસારી જીવોમાં કામ-ક્રોધાદિ વિકારો દેખાય છે તે ઘટે નહિ; કેમ કે પરંબ્રહ્મ અવિકારી છે અને તેના જ અંશો સંસારી જીવો છે તેમ સ્વીકારવામાં આવે તો મુક્તના જીવો જેમ કામ-ક્રોધાદિ વિકારો વગરના છે તેમ તેમાંથી અવતીર્ણ અંશો પણ વિકારી નથી તેમ જ માનવું પડે, તેથી મુક્તના અંશોરૂપે અહીં અવતીર્ણ અંશોમાં સન્નીતિથી અવિકારીપણું જ સ્વીકારવું પડે અને સંસારી જીવો કામ-ક્રોધાદિ વિકારવાળા છે તે સ્પષ્ટ દેખાય છે માટે તેઓને મુક્તરૂપ પરંબ્રહ્મના અંશરૂપ સ્વીકારી શકાય નહિ.

આનાથી એ પ્રાપ્ત થાય કે શ્લોક-૫૧૪ અનુસાર નિરંશ એવા બ્રહ્મના અંશોનો અવતાર ઘટે નહિ, આમ છતાં પૂર્વપક્ષી કહે છે તેમ નિરંશ એવા પણ બ્રહ્મના અંશો સંસારમાં અવતીર્ણ છે તેમ સ્વીકારી લઈએ તોપણ તેમાં વિકારીપણું ઘટી શકે નહિ; કેમ કે મુક્ત આત્માઓથી તેના અંશો અભિન્ન છે, તેથી જેમ મુક્ત અંશો અવિકારી છે તેમ તેનાથી અભિન્ન અહીં અવતીર્ણ અંશો પણ અવિકારી જ પ્રાપ્ત થવા જોઈએ અને સંસારમાં દેખાતા જીવો કામ-ક્રોધાદિ વિકારવાળા દેખાય છે, માટે એકાંત બ્રહ્મનો અદ્વૈત માનવો સંગત નથી. **।।૫૧૫।।**

**અવતરણિકા :-**

**अथ ननु तेंऽशास्ततोंऽशिनो भिन्ना अभिन्ना वा वर्तन्त इति पर्यनुयुक्तस्य यदुत्तरं ब्रह्मवादिनस्तन्निरस्यन्नाह –**

**અવતરણિકાર્થ :-**

'ननु'થી શંકા કરે છે – તે અંશો=સંસારમાં અવતીર્ણ અંશો, તે અંશિથી=મુક્તમાં રહેલા અંશિથી, ભિન્ન વર્તે છે કે અભિન્ન વર્તે છે? એ પ્રકારે પ્રશ્ન કરાયેલાનો જે ઉત્તર બ્રહ્મવાદીનો છે તેનો નિરાસ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**समुद्रोर्मिसमत्वं च, यदंशानां प्रकल्प्यते ।**
**न हि तद्भेदकाभावे, सम्यग्युक्त्योपपद्यते ।।५१६।।**

**અન્વયાર્થ :-**

च=અને, समुद्रोर्मिसमत्वं=સમુદ્રની ઊર્મિસમાનપણું, अंशानां=અંશોનું=પર બ્રહ્મના અંશોનું , यद्=જે, प्रकल्प्यते=કલ્પાય છે, भेदकाभावे=ભેદકના અભાવમાં=ઊર્મિઓને નિષ્પન્ન કરનાર ભેદક પદાર્થના અભાવમાં, युक्त्या=યુક્તિથી, तद्=તે=સમુદ્રની ઊર્મિસમાનપણું, सम्यग्=સમ્યગ્, न हि उपपद्यते=ઘટતું નથી જ. ।।૫૧૬।।

**શ્લોકાર્થ :-**

**અને સમુદ્રની ઊર્મિસમાનપણું અંશોનું જે કલ્પાય છે, ભેદકના અભાવમાં યુક્તિથી તે સમ્યગ્ ઘટતું નથી જ. ।।૫૧૬।।**

**ટીકા :-**

**समुद्रोर्मिभिः समत्वं च, 'यथा हि समुद्रोर्मयो न समुद्रात्काश्चिद् भिन्नाः किन्तु समुद्र एव ताः एवं परमब्रह्मणोऽप्यंशा' इत्येवंरूपं पुनर्यदंशानां प्रकल्प्यते परैः न हि=नैव, तत्=समुद्रोर्मिसमत्वम्, भेदकाभावे सम्यग्युक्त्योपपद्यते समुद्रोर्मयो हि भेदकस्य वायोर्भावे जायन्ते न चाद्वैते तद्भेदकमस्तीति ।।५१६।।**

**ટીકાર્થ :-**

समुद्रोर्मिभिः ..... भेदकमस्तीति । જે પ્રમાણે કોઈ સમુદ્રની ઊર્મિઓ સમુદ્રથી ભિન્ન નથી, પરંતુ સમુદ્ર જ તે છે=ઊર્મિઓ છે, એ રીતે પરંબ્રહ્મના પણ અંશો છે, એ સ્વરૂપવાળું સમુદ્રની ઊર્મિઓ સાથે સમાનપણું અંશોનું જે પર વડે કલ્પાય છે તે=સમુદ્રની ઊર્મિઓ સાથે સમાનપણું, ભેદકના અભાવમાં=પરંબ્રહ્મ અને તેની ઊર્મિઓ રૂપ અંશોના ભેદકના અભાવમાં, યુક્તિથી સમ્યગ્ ઉપપન્ન થતું નથી જ, हि=જે કારણથી, સમુદ્રની ઊર્મિઓ ભેદક એવા વાયુના ભાવમાં થાય છે અને અદ્વૈતમાં=પુરુષાદ્વૈતમતમાં, તેનો ભેદક=બ્રહ્મ અને તેના અંશોનો ભેદક, નથી.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૧૬।।

**ભાવાર્થ :-**

અવતરણિકામાં બતાવ્યું એ પ્રમાણે બ્રહ્માદ્વૈતવાદીને કોઈ પ્રશ્ન કરે કે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલા અંશો અહીં સંસારમાં અવતીર્ણ છે એમ તું માને છે તે અંશો બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન છે તેનો ઉત્તર આપતા બ્રહ્મવાદી કહે છે કે જેમ સમુદ્રમાં ઊર્મિઓ ઊઠે છે તે ઊર્મિઓ સમુદ્રથી ભિન્ન નથી, પરંતુ સમુદ્રરૂપ જ તે ઊર્મિઓ છે તેમ પરંબ્રહ્મમાંથી જે અંશો અહીં અવતીર્ણ છે અને સંસારી જીવોરૂપે દેખાય છે તે પરંબ્રહ્મથી ભિન્ન નથી, પરંતુ પરંબ્રહ્મ સ્વરૂપ જ છે, માટે પરંબ્રહ્મથી અતિરિક્ત જગતમાં કંઈ નથી, આ પ્રકારે પુરુષાદ્વૈતવાદી વડે કલ્પના કરાય છે તે સમુદ્રની ઊર્મિઓનું સમાનપણું ભેદકના અભાવમાં યુક્તિથી સમ્યગ્ ઘટે નહિ, જેમ સમુદ્રની ઊર્મિઓનો વાયુ ભેદક હોવાને કારણે સમુદ્રમાંથી ઊર્મિઓ ઊઠે છે, જો વાયુરૂપ ભેદક ન હોય તો સમુદ્રમાંથી ઊર્મિઓ ઉઠી શકે નહિ, તેથી સમુદ્રની ઊર્મિઓ સમાન સંસારી જીવો છે તેમ સ્વીકારવું હોય તો સમુદ્ર જેવા શુદ્ધ બ્રહ્મમાંથી અંશોને પૃથક્ કરીને તેઓને સંસારમાં અવતાર કરવા અર્થે કોઈક ભેદક માનવો પડે અને અદ્વૈત મતમાં='પુરુષથી અતિરિક્ત કંઈ નથી' એ પ્રકારના અદ્વૈતમતમાં ભેદક કોઈ નથી, તેથી સમુદ્રની ઊર્મિ જેવા બ્રહ્મના અંશોરૂપ સંસારી જીવો છે તેમ કહીને પુરુષાદ્વૈતનું સ્થાપન કરવું ઉચિત નથી. **॥૫૧૬॥**

**અવતરણિકા :-**

**किञ्चाद्वैतवादिनाम् –**

**અવતરણિકાર્થ :-**

**વળી અદ્વૈતવાદીઓના મતે=પુરુષાદ્વૈતવાદીઓના મતે, શું? તે શ્લોકમાં કહે છે –**

**શ્લોક :-**

**सदाद्यमत्र हेतुः स्यात्, तात्त्विके भेद एव हि ।**
**प्रागभावादिसंसिद्धेर्न सर्वथाऽन्यथा त्रयम् ।।५१७।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=બ્રહ્માદ્વૈતવાદી સંસારી જીવોને સમુદ્રની ઊર્મિ જેવા બ્રહ્મના અંશો સ્વીકારે છે એમાં, सत्=સત્ત્વ, आद्यं हेतुः स्यात्=આદ્ય હેતુ થાય=ઊર્મિ જેવા સંસારી જીવોના અંશોનું આદ્ય કારણ થાય, तात्त्विके भेद एव हि प्रागभावादिसंसिद्धेः=કેમ કે તાત્ત્વિક ભેદ હોતે છતે જ પ્રાગ્ભાવ આદિની સંસિદ્ધિ છે, अन्यथा=અન્યથા=પ્રાગભાવ આદિની સિદ્ધિ વગર, सर्वथा त्रयं न=સર્વથા ત્રય નથી=સમુદ્ર, ઊર્મિ અને ભેદક એવા વાયુની જેમ બ્રહ્મ, તેના અંશોરૂપ સંસારી જીવો અને તેનો ભેદક એ રૂપ ત્રય સર્વથા નથી જ. ।।૫૧૭।।**

**શ્લોકાર્થ :-**

**અહીં સત્ત્વ આદ્ય હેતુ થાય; કેમ કે તાત્ત્વિક ભેદ હોતે છતે જ પ્રાગભાવ આદિની સંસિદ્ધિ છે, અન્યથા સર્વથા ત્રય નથી. ||૫૧૭||**

**ટીકા :-**

सत्=सत्त्वं, आद्यं-शुद्धसङ्ग्रहाभिमतं सर्वं जगदशेषविशेषरहितं सत्त्वमात्रमेवेत्यर्थः अत्र हेतुः, हेतुत्रयं नाम द्वे भिद्यमाने वस्तुनी तृतीयं च तद्भेदकमित्यस्य त्रयस्याभावे पुनः स्यात्, कुतः स्यादित्याह – तात्त्विके=अनुपचरिते, भेद एव हि सति, प्रागभावादिसंसिद्धेः-प्रागभावः प्रध्वंसाभाव इतरेतराभावोऽत्यन्ताभावश्चेत्यस्यैवाभावचतुष्टयस्यासत्त्वरूपत्वेन सत्त्वप्रतिपन्थिनः संसिद्धेः, विपक्षे बाधामाह – न=नैव, सर्वथाऽन्यथा=प्रागभावादिसंसिद्धिमन्तरेण, त्रयम् उक्तलक्षणम्।

प्रागभावादिलक्षणं चेत्थमवसेयम् – 'क्षीरे दध्यादि यन्नास्ति, प्रागभावः स कथ्यते। नास्तिता पयसो दध्नि प्रध्वंसाभावलक्षणम्।।१।। गवि योऽश्वाद्यभावश्च, सोऽन्योन्याभाव उच्यते। शिरसोऽवयवाऽभिन्ना, वृद्धिकाठिन्यवर्जिताः।।२।। शशशृङ्गादिरूपेण, सोऽत्यन्ताभाव उच्यते।।' यदि हि प्रागभावाद्यपेक्षकमुक्तरूपं त्रयं नाभ्युपगम्यते, तदा सर्वं जगत्सत्त्वसामान्यमात्रमेव स्यात्, ततो यत्समुद्रोर्मिसमत्वमात्मांशानां परैः परिकल्प्यते तत्सर्वथा निरवकाशमेव स्यात्, तत्रापि तदभिप्रायेण समुद्रोर्मिवायुरूपस्य त्रितयस्याभावादिति ।।५१७।।

**ટીકાર્થ :-**

सत्सत्त्वमाद्यं ..... त्रितयस्याभावादिति । **અહીં=બ્રહ્માદ્વૈતવાદી સંસારી જીવોને સમુદ્રની ઊર્મિ જેવા બ્રહ્મના અંશો સ્વીકારે છે એમાં, સત્=સત્ત્વ, આદ્ય હેતુ છે એમ અન્વય છે.**

તે આદ્ય હેતુરૂપ સત્ત્વને સ્પષ્ટ કરે છે –

**શુદ્ધ સંગ્રહનયને અભિમત અશેષ વિશેષ રહિત એવું સર્વ જગત સત્ત્વ માત્ર જ છે એ સત્ત્વ આદ્ય હેતુ છે એમ અન્વય છે.**

અહીં પ્રશ્ન થાય કે આદ્ય હેતુ કહેવાથી અન્ય હેતુની પ્રાપ્તિ છે, તેથી અન્ય હેતુ કયા છે તે શ્લોક-૫૧૬ પ્રમાણે સમુદ્ર, ઊર્મિ અને ભેદક એ ત્રણ હેતુની પ્રાપ્તિ છે, તેથી કહે છે –

**હેતુત્રય એટલે ભિદ્યમાન એવી બે વસ્તુમાં ત્રીજો તેનો ભેદક એ રૂપ આ ત્રણના ભાવમાં વળી સત્ત્વ આદ્ય હેતુ થાય એમ અન્વય છે.**

(ટીકામાં 'अस्य त्रयस्याभावे पुनः स्यात्' પાઠ છે તે સ્થાનમાં 'अस्य त्रयस्यभावे पुनः स्यात्' એ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.)

**કયા કારણથી સત્ત્વ આદ્ય હેતુ થાય ? એથી કહે છે – તાત્ત્વિક=અનુપચરિત, ભેદ હોતે છતે પ્રાગભાવ આદિની સંસિદ્ધિ હોવાથી સત્ત્વ આદ્ય હેતુ થાય એમ અન્વય છે.**

પ્રાગભાવ આદિની સંસિદ્ધિનો અર્થ સ્પષ્ટ કરે છે –

**પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ=પ્રધ્વંસરૂપ અભાવ, ઈતરેતરાભાવ=અન્યોન્યાભાવ, અને અત્યંતાભાવ એ પ્રકારે આ જ અભાવચતુષ્ટયના અસત્ત્વરૂપપણાથી સત્ત્વના પ્રતિપંથીની સંસિદ્ધિ હોવાથી સત્ત્વ આદ્ય હેતુ થાય એમ અન્વય છે.**

**વિપક્ષમાં=પ્રાગભાવ આદિના અસ્વીકારરૂપ વિપક્ષમાં, બાધાને કહે છે – અન્યથા=પ્રાગભાવ આદિની સંસિદ્ધિ વગર, સર્વથા=સર્વપ્રકારે, ઉક્તલક્ષણવાળું ત્રય=સમુદ્ર-ઊર્મિ અને તદ્‌ભેદક ઉક્ત લક્ષણવાળું ત્રય, નથી જ.**

**અને પ્રાગભાવ આદિનું લક્ષણ આ પ્રમાણે જાણવું – દૂધમાં દહીં આદિ જે નથી તે પ્રાગભાવ કહેવાય છે, દહીંમાં દૂધની નાસ્તિતા પ્રધ્વંસાભાવનું લક્ષણ છે, ગાયમાં જે અશ્વનો અભાવ છે તે અન્યોન્યાભાવ કહેવાય છે, મસ્તકના અવયવોથી અભિન્ન વૃદ્ધિ-કાઠિન્યથી વર્જિત શશશૃંગ આદિ સ્વરૂપથી છે તે અત્યન્તાભાવ કહેવાય છે.**

**જો પ્રાગભાવ આદિની અપેક્ષાવાળું ઉક્તરૂપ ત્રય=સમુદ્ર-ઊર્મિ અને તેના ભેદક જેવું પરંબ્રહ્મ-તેના અંશો અને તેના ભેદકરૂપ ઉક્તત્રય, સ્વીકારવામાં ન આવે તો સર્વ જગત સત્વ સામાન્ય માત્ર જ થાય, તેથી સમુદ્ર-ઊર્મિ સમાનપણું આત્માના અંશોનું જે પર વડે=બ્રહ્માદ્વૈતવાદી વડે, પરિકલ્પાય છે તે=સમુદ્રની ઊર્મિઓની સમાન સંસારી જીવોનું બ્રહ્મના અંશપણું, સર્વથા નિરવકાશ જ થાય; કેમ કે ત્યાં પણ=દૃષ્ટાંતમાં પણ, તેના અભિપ્રાયથી=બ્રહ્માદ્વૈતવાદીના અભિપ્રાયથી, સમુદ્ર-ઊર્મિ અને વાયુરૂપ ત્રિતયનો અભાવ છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૧૭।।**

**ભાવાર્થ :-**

બ્રહ્માદ્વૈતવાદી બ્રહ્મના અંશરૂપ સંસારી જીવોને સ્વીકારે છે અને કહે છે કે પરંબ્રહ્મથી અતિરિક્ત જગતમાં કોઈ વસ્તુ નથી અને દેખાતા જગતના જીવોની સંગતિ અર્થે તે કહે છે કે સમુદ્રમાં જેમ ઊર્મિઓ ઉત્પન્ન થાય છે તેમ બ્રહ્મના અંશરૂપ જ આ જગતના જીવો છે તેને ગ્રંથકારશ્રીએ પૂર્વશ્લોકમાં કહ્યું કે સમુદ્રમાં જે ઊર્મિઓ થાય છે તેનો ભેદક વાયુ છે તેમ સ્વીકારવામાં આવે તો ઊર્મિઓ સંગત થઈ શકે અને તેમ સ્વીકારવું હોય તો સત્ આદ્ય હેતુ થાય, જેમ સમુદ્રમાં ઊર્મિઓ ઉત્પન્ન થઈ તેનો આદ્ય હેતુ સમુદ્ર છે તેમ સંસારી જીવોરૂપ અંશોનો આદ્ય હેતુ શુદ્ધ સંગ્રહનયને અભિમત સર્વ વિશેષતા રહિત સત્ત્વ માત્ર થાય અર્થાત્ શુદ્ધ સંગ્રહનયને અભિમત જે સત્ત્વ છે તેમાંથી જ ઊર્મિઓરૂપે સંસારી જીવો અને ઘટપટાદિ પદાર્થો ઉત્પન્ન થયા તેમ સ્વીકારી શકાય અને તે સ્વીકારવું હોય તો અનુપચરિતભેદ સ્વીકારવો પડે, જેનાથી

પ્રાગભાવ આદિની સંસિદ્ધિ થાય, જેમ સમુદ્રમાંથી ઊર્મિ ઉત્પન્ન થઈ તેના પૂર્વે તે ઊર્મિનો સમુદ્રમાં પ્રાગભાવ હતો, ત્યારપછી ઊર્મિ થઈ ત્યારે ઊર્મિના પ્રાગભાવનો ધ્વંસ થાય છે અને તે ઊર્મિ શાંત થાય છે ત્યારે તે ઊર્મિનો ધ્વંસ થાય છે, આ રીતે જો ઊર્મિનો સમુદ્રથી ભેદ સ્વીકારવામાં આવે તો પ્રાગભાવ આદિ સિદ્ધ થાય, અને જો સમુદ્રથી ઊર્મિનો સર્વથા ભેદ ન માનવામાં આવે તો પ્રાગભાવ આદિની સિદ્ધિ થાય નહિ અને પ્રાગભાવ આદિ ન સ્વીકારવામાં આવે તો સમુદ્ર, તેની ઊર્મિ અને તેનો ભેદક સર્વથા ઘટે નહિ, તેમ શુદ્ધબ્રહ્મ, તેનાથી ભિન્ન તેના અંશો અને તેનો ભેદક ત્રણે ઘટે નહિ અને ત્રણે ન સ્વીકારવામાં આવે તો દૃષ્ટ જગતની વ્યવસ્થા સંગત થાય નહિ, માટે પૂર્વપક્ષીએ શુદ્ધબ્રહ્મથી ભિન્ન તેના અંશોરૂપ જગતના જીવો અને ઘટ-પટાદિ વસ્તુ સ્વીકારવા હોય તો તેના પ્રાગભાવ આદિ સ્વીકારવા પડે અને તે ન સ્વીકારે તો સમુદ્ર, ઊર્મિ અને તેના ભેદકની જેમ શુદ્ધબ્રહ્મ, તેના અંશો અને તેનો ભેદક એ ત્રણ પ્રાપ્ત થાય નહિ, તેથી પૂર્વપક્ષીએ પરંબ્રહ્મ કરતાં સંસારી જીવોના અંશોનો તાત્ત્વિક ભેદ સ્વીકારવો જોઈએ અને તેમ સ્વીકારે તો સત્ આદ્ય હેતુ થઈ શકે.

ટીકામાં ચાર પ્રકારના અભાવ કહ્યા, તેમાં અત્યન્તાભાવનું સ્વરૂપ આ પ્રમાણે છે – સસલાના મસ્તકના અવયવો, તેનાથી અભિન્ન વૃદ્ધિને પામતા અને કાઠિન્યવાળા જે ગાય આદિના શીંગડાની પ્રાપ્તિ છે તેવા શીંગડાથી વર્જિત એવા શશશૃંગ આદિ સ્વરૂપથી જે અભાવ છે તે અત્યંતાભાવ છે. **॥૫૧૭॥**

**અવતરણિકા :-**

**તથા –**

**અવતરણિકાર્થ :-**

**બ્રહ્માદ્વૈત સ્વીકારવામાં અન્ય દોષ આવે છે તે બતાવવા માટે 'તથા'થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**सत्त्वाद्यभेद एकान्ताद् यदि तद्भेददर्शनम् ।**
**भिन्नार्थमसदेवेति, तद्वदद्वैतदर्शनम् ।।५१८।।**

**અન્વયાર્થ :-**

**यदि=જો, एकान्तात्=એકાંતથી, सत्त्वाद्यभेदः=સત્ત્વાદિનો અભેદ તમારા વડે સ્વીકારાય છે તો=સત્ત્વ સામાન્ય અને સત્ત્વ વિશેષનો અભેદ તમારા વડે સ્વીકારાય છે તો, तद्भेददर्शनं=તેના ભેદનું દર્શન=સત્ત્વ સામાન્ય કરતાં સત્ત્વ વિશેષના ભેદનું દર્શન, भिन्नार्थं=ભિન્નાર્થ=સત્ત્વ સામાન્ય કરતાં ભિન્ન આલંબનવાળું, असदेव=અસત્ જ છે, इति=એ રીતે, तद्वत्=તેની જેમ=સત્ત્વવિશેષનું ભેદદર્શન અસત્ છે તેની જેમ, अद्वैतदर्शनम्=અદ્વૈતદર્શન અસત્ છે. ।।૫૧૮।।**

**શ્લોકાર્થ :-**

**જો એકાંતથી સત્ત્વાદિનો અભેદ તમારા વડે સ્વીકારાય છે તો તેના ભેદનું દર્શન ભિન્નાર્થ અસત્ જ છે એ રીતે તેની જેમ અદ્વૈતદર્શન અસત્ છે. ।।૫૧૮।।**

**ટીકા :-**

**सत्त्वाद्यभेदः सत्त्वस्यादिशब्दात्सत्त्वविशेषाणां चाभेदेऽनानात्वे आद्य सत्त्वमात्र एवेत्यर्थः, एकान्ताद्यदि भवद्भिरभ्युपगम्यते, तद्भेददर्शनं-सत्त्वादिभेदप्रतीतिरूपम्, भिन्नार्थं=भिन्नालम्बनम्, असदेव= अविद्यमानं, द्विचन्द्रादिभ्रान्तितुल्यत्वात्, इति=एवम्, तद्वद्=भेददर्शनमिव, अद्वैतदर्शनं तत्प्रतिपन्नमसदेव स्वप्नायमानावस्थायामपि तस्याप्रतिभासात्, सुतरामस्यासत्त्वमेवेत्यर्थः ।।५१८।।**

❖ 'तत्पतिपन्नं' ને સ્થાને त्वत्प्रतिपन्नं ભાષે છે.

**ટીકાર્થ :-**

**सत्त्वाद्यभेदः ..... सत्त्वमेवेत्यर्थः । સત્ત્વાદિનો અભેદ એકાંતથી જો તમારા વડે સ્વીકારાય છે=સત્ત્વનો અને 'आदि' શબ્દથી સત્ત્વવિશેષોનો અભેદ હોતે છતે અર્થાત્ અનાનાપણું હોતે છતે આદ્ય સત્ત્વમાત્ર જે એકાંતથી જો તમારા વડે સ્વીકારાય છે, તો તેના ભેદનું દર્શન=સત્ત્વાદિના ભેદની પ્રતીતિરૂપ તેના ભેદનું દર્શન, ભિન્નાર્થ=ભિન્ન આલંબનવાળું=સત્ત્વમાત્રથી ભિન્નતા આલંબનવાળું, અસદ્ જ છે=અવિદ્યમાન છે; કેમ કે દ્વિચંદ્રાદિની ભ્રાંતિતુલ્યપણું છે, એ રીતે તેની જેમ=ભેદદર્શનની જેમ=સત્ત્વમાત્ર કરતાં સત્ત્વવિશેષના ભેદ દર્શનની જેમ, તમારા દ્વારા સ્વીકારાયેલું અદ્વૈતદર્શન અસદ્ જ છે; કેમ કે સ્વપ્નાયમાન અવસ્થામાં પણ તેનો અપ્રતિભાસ છે અર્થાત્ આનું=અદ્વૈતદર્શનનું અત્યંત અસત્ત્વ જ છે. ।।૫૧૮।।**

**ભાવાર્થ :-**

બ્રહ્માદ્વૈતવાદી બ્રહ્મ સિવાય જગતમાં કોઈ વસ્તુ નથી તેમ સ્વીકારે છે અને સમુદ્રના દૃષ્ટાંતના બળથી કહે છે કે સમુદ્રમાં જેમ ઊર્મિઓ દેખાય છે તેના જેવા સંસારમાં દેખાતા જીવો અને ઘટ-પટાદિ પદાર્થો છે, તેથી શુદ્ધ બ્રહ્મથી તે સંસારી જીવોનો અને ઘટ-પટાદિ પદાર્થોનો એકાંતથી અભેદ છે, એમ બ્રહ્માદ્વૈતવાદી કહે છે. અર્થાત્ શુદ્ધબ્રહ્મરૂપ સત્ત્વ, શ્લોકમાં કહેલા 'सत्त्वाद्यभेदः' માં રહેલા 'आदि' શબ્દથી પ્રાપ્ત સત્ત્વવિશેષરૂપ સંસારી જીવો અને ઘટ-પટાદિ પદાર્થો છે તેનો આદ્યસત્ત્વ સાથે એકાંત અભેદ છે અર્થાત્ શુદ્ધ બ્રહ્મ સાથે એકાંત અભેદ છે, તેમ બ્રહ્મવાદી કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે શુદ્ધબ્રહ્મ કરતાં ભિન્ન આલંબનવાળું તેના ભેદનું દર્શન=સત્ત્વવિશેષનું દર્શન, અસત્ જ છે તેમ તમારે માનવું પડે, જેમ જગતમાં બે ચંદ્રાદિ નથી, છતાં ચક્ષુદોષને કારણે બે ચંદ્રાદિનું ભ્રાંત જ્ઞાન થાય છે તેમ પરંબ્રહ્મથી અતિરિક્ત સંસારી જીવોના સત્ત્વનું અને ઘટાદિના સત્ત્વનું જ્ઞાન થાય છે તે ભ્રાંત છે તેમ તમારા મતે સિદ્ધ થાય અને તેમ સ્વીકારીએ તો જેમ શુદ્ધબ્રહ્મથી સંસારી જીવોના ભેદનું દર્શન અને ઘટાદિનું દર્શન અસત્ છે તેમ બ્રહ્માદ્વૈતનું દર્શન પણ અસત્

છે એમ માનવું પડે; કેમ કે સ્વપ્નઅવસ્થામાં પણ બ્રહ્માદ્વૈતનું દર્શન થતું નથી, અને સંસારીજીવો તેમજ ઘટાદિ વસ્તુઓ પ્રત્યક્ષથી દેખાય છે છતાં તેને પણ બ્રહ્માદ્વૈતવાદી અસત્ કહી શકે તો જેનું દર્શન ક્યારેય થતું નથી એવું બ્રહ્માદ્વૈત તો 'सुतराम्' અસત્ જ છે તેમ માનવું પડે. **II૫૧૮II**

**અવતરણિકા :-**

**तथा –**

**અવતરણિકાર્થ :-**

**શ્લોક-૫૧૩ની ટીકામાં કહેલ કે પુરુષના અદ્વૈતમાં બદ્ધ-મુક્તનો અવિશેષ હોવાથી યોગભેદનું વર્ણન વંધ્યાપુત્રના ભેદના વર્ણન જેવું છે તેની સિદ્ધિ શ્લોક-૫૧૪થી શ્લોક-૫૧૮ સુધી કરી અને શ્લોક-૫૧૩ના ઉત્તરાર્ધમાં કહેલ કે પુરુષથી વ્યતિરિક્ત કર્મ નહીં સ્વીકારનાર બૌદ્ધમતમાં દ્વૈત સ્વીકારવા છતાં યોગભેદનું વર્ણન વંધ્યાપુત્રના ભેદના વર્ણન જેવું છે. તેથી જિનાજ્ઞા થાય કે બૌદ્ધમતમાં સંસારરૂપ પુરુષાર્થ અને મોક્ષરૂપ પુરુષાર્થ સ્વીકારવારૂપ દ્વૈતસ્વીકૃત છે છતાં તેનાં મતમાં યોગના ભેદોનું કેથન કેમ સંગત નથી તે સ્પષ્ટ કરવા અર્થે બ્રહ્માદ્વૈતના મતનું નિરાકરણ કર્યા પછી 'तथा'થી બૌદ્ધમતના નિરાકરણ અર્થે કહે છે –**

**શ્લોક :-**

**यदा नार्थान्तरं तत्त्वं, विद्यते किञ्चिदात्मनाम् ।**
**मालिन्यकारी तत्त्वेन, न तदा बन्धसम्भवः ।।५१९।।**

**અન્વયાર્થ :-**

**यदा=જો, आत्मानां=આત્માઓના=જીવોના, मालिन्यकारी=માલિન્યકારી, अर्थान्तरं किञ्चित् तत्त्वं=અર્થાન્તર કોઈક તત્ત્વ=આત્માથી ભિન્ન એવું કર્મરૂપ તત્ત્વ, तत्त्वेन=તત્ત્વથી=પરમાર્થથી, न विद्यते=વિદ્યમાન નથી, तदा=તો, बन्धसम्भवः न=બંધનો સંભવ નથી. ।।૫૧૯।।**

**શ્લોકાર્થ :-**

**જો આત્માઓના માલિન્યકારી અર્થાંતર કોઈક તત્ત્વ તત્ત્વથી વિદ્યમાન નથી તો બંધનો સંભવ નથી. ।।૫૧૯।।**

**ટીકા :-**

**यदा नार्थान्तरं-भिन्नमित्यर्थः तत्त्वं कर्मलक्षणम् विद्यते किञ्चिदात्मनां=जीवानाम्, मालिन्यकारि= मलीमसभावविधायि, तत्त्वेनाकल्पितेन रूपेण, न तदा बन्धसम्भवः, बन्धहेतोः कस्यचिदभावाद् बौद्धानाम् ।।५१९।।**

**ટીકાર્થ :-**

**यदा ..... बौद्धानाम् । જો અર્થાન્તર=ભિન્ન એવું કોઈક કર્મ લક્ષણ તત્ત્વ, આત્માઓના=જીવોના, માલિન્યકારિ=મલીમસ ભાવને કરનાર, તત્ત્વથી=અકલ્પિતરૂપ તત્ત્વથી, વિદ્યમાન નથી તો બંધનો સંભવ નથી; કેમ કે બૌદ્ધોના મતે કોઈપણ બંધના હેતુનો અભાવ છે. ।।૫૧૯।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી બ્રહ્માદ્વૈતની જેમ કેવલ એક બ્રહ્મ સ્વીકારતા નથી, પરંતુ અનેક જીવોને સ્વીકારે છે અને રાગાદિ વાસિત ચિત્ત સંસાર છે અને રાગાદિ રહિત મુક્ત આત્મા છે તેમ સ્વીકારે છે, પરંતુ સંસારી જીવોને મલિન કરનાર આત્માથી ભિન્ન કર્મ લક્ષણ તત્ત્વ સ્વીકારતા નથી, તેથી સંસારઅવસ્થામાં પણ કેવલ આત્મા હોય અને મુક્ત અવસ્થામાં પણ કેવલ આત્મા હોય તો મુક્ત અવસ્થા કરતાં સંસારી જીવોને મલિન કરનાર આત્માથી અતિરિક્ત કર્મ નામનું તત્ત્વ નથી તેમ માનવું પડે અને આત્માને બદ્ધ સ્વીકારવો હોય તો આત્માથી અતિરિક્ત કર્મ નામનું તત્ત્વ સ્વીકારવું પડે અને તેવું કર્મરૂપ તત્ત્વ પરમાર્થથી બૌદ્ધદર્શનવાદી સ્વીકારતા નથી, તેથી બૌદ્ધ મતાનુસાર બંધનો સંભવ નથી; કેમ કે બૌદ્ધ મતે આત્માથી ભિન્ન બંધના હેતુ એવા કર્મરૂપ કોઈ વસ્તુનો સદ્ભાવ નથી, તેથી સંસારમાં જેવા જીવો છે તેવા જીવો મુક્તમાં છે તેમ બૌદ્ધમતે પ્રાપ્ત થાય. **।।૫૧૯।।**

**અવતરણિકા :-**

**ततः –**

**અવતરણિકાર્થ :-**

**તેથી=બૌદ્ધમતાનુસાર બંધનો સંભવ નથી તેથી, શું પ્રાપ્ત થાય તે બતાવે છે –**

**શ્લોક :-**

**असत्यस्मिन् कुतो मुक्तिर्बन्धाभावनिबन्धना ।**
**मुक्तमुक्तिर्न यन्न्याय्या, भावेऽस्यातिप्रसङ्गिता ।।५२०।।**

**અન્વયાર્થ :-**

**असत्यस्मिन्=આ અવિદ્યમાન હોતે છતે=શ્લોક-૫૧૯માં કહ્યું એ પ્રમાણે બૌદ્ધમતે બંધ અવિદ્યમાન હોતે છતે, बन्धाभावनिबन्धना मुक्तिः=બંધના અભાવના કારણવાળી મુક્તિ, कुतः=ક્યાંથી હોય? અર્થાત્ હોઈ શકે નહિ, यद्=જે કારણથી, मुक्तमुक्तिः=મુક્તની મુક્તિ=બંધ વગરના જીવની મુક્તિ, न न्याय्या=ન્યાય્ય નથી, भावे=ભાવમાં=મુક્તની મુક્તિના સદ્ભાવમાં, अस्य=આને=મુક્તને, अतिप्रसङ्गिता=અતિપ્રસંગિતા છે=મુક્તને મુક્તિ સ્વીકારવાનો અતિપ્રસંગ છે. ।।૫૨૦।।**

**શ્લોકાર્થ :-**

**આ અવિધમાન હોતે છતે બંધના અભાવના કારણવાળી મુક્તિ ક્યાંથી હોય ? અર્થાત્ હોઈ શકે નહિ, જે કારણથી મુક્તની મુક્તિ ન્યાય્ય નથી, ભાવમાં આને અતિપ્રસંગિતા છે. ।।૫૨૦।।**

**ટીકા :-**

**असत्यस्मिन् बन्धे, कुतो मुक्तिर्बन्धाभावनिबन्धना=प्राक्संवृत्तबन्धोपरमनिमित्ता, एतदपि कुत इत्याह – मुक्तमुक्तिः=मुक्तस्य सतो मुक्तिः, न यत्=यस्मात्, न्याय्या, भावे मुक्तेः अस्य=मुक्तस्य, अतिप्रसङ्गिता अतिव्याप्तिरूपेति ।।५२०।।**

**ટીકાર્થ :-**

**असत्यस्मिन् ..... अतिव्याप्तिरूपेति । આ બંધ નહિ હોતે છતે=બૌદ્ધમતે આત્માથી અતિરિક્ત કર્મના બંધરૂપ બંધ નહિ હોતે છતે, બંધના અભાવના કારણવાળી=પૂર્વમાં કરાયેલા બંધના ઉપરમના નિમિત્તવાળી, મુક્તિ ક્યાંથી હોય? અર્થાત્ હોઈ શકે નહિ, આ પણ શેનાથી છે?=બંધ નહિ હોતે છતે મુક્તિ નથી એ પણ શેનાથી છે? એથી કહે છે – જે કારણથી મુક્તની મુક્તિ=મુક્ત છતાં જીવની મુક્તિ, ન્યાય્ય નથી, મુક્તિના ભાવમાં=મુક્ત છતાં જીવની મુક્તિના સદ્ભાવમાં, આને=મુક્તને, અતિવ્યાપ્તિરૂપ અતિપ્રસંગિતા છે=મુક્તને પણ મુક્તિ માનવાનો પ્રસંગ આવે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૨૦।।**

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનવાદી મોક્ષના ઉપાયનું વર્ણન કરે છે, તેથી મુક્તિ સ્વીકારે છે, પરંતુ આત્માને મલિન કરનાર કર્મ આત્મા ઉપર લાગે છે તેમ સ્વીકારતો નથી, પરંતુ આત્મામાં રહેલી વાસનાને જ સંસારના કારણરૂપે સ્વીકારે છે અને તે વાસનાના નાશથી મુક્તિ સ્વીકારે છે, તેથી રાગાદિ વાસનાના નાશનો ઉપાય બતાવે છે, વસ્તુતઃ આત્મા સાથે આત્માને મલિન કરનાર કર્મ નામનું ભિન્ન તત્ત્વ હોય નહિ તો આત્માની મુક્તિ કેવી રીતે થાય? અર્થાત્ પૂર્વમાં કરાયેલા બંધના ઉપરમ નિમિત્ત જ મુક્તિ છે, તેથી જો આત્માથી ભિન્ન કર્મ ન હોય તો સંસાર અવસ્થામાં પણ આત્મા કર્મથી રહિત છે, તેથી મુક્ત છે અને કર્મથી મુક્ત એવા સંસારી જીવની મુક્તિ સાધના દ્વારા થાય છે તેમ સ્વીકારવું પડે અને મુક્તની મુક્તિ સ્વીકારવી ન્યાય્ય નથી, છતાં સંસારી જીવો કર્મ વગરના છે અને તેઓની મુક્તિ થાય છે તેમ સ્વીકારવામાં આવે તો જેઓ સાધના કરીને મુક્ત થયેલા છે તેઓની પણ મુક્તિ થાય છે તેમ સ્વીકારવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય, માટે જેમ વંધ્યાસ્ત્રીનો પુત્ર નથી અને તેના પુત્રનું વર્ણન કરવું તે અસમંજસ છે તેમ કર્મવાળો જીવ ન હોય તો કર્મથી મુક્તિ નથી, છતાં તેના ઉપાયનું વર્ણન કરવું તે વંધ્યાપુત્રના સ્વરૂપના કથન તુલ્ય અસમંજસ છે. **।।૫૨૦।।**

**અવતરણિકા :-**

तथा –

**અવતરણિકાર્થ :-**

શ્લોક-૫૨૦માં કહ્યું કે બંધ ન હોય તો બૌદ્ધ મતે મુક્તિ સ્વીકારી શકાય નહિ તે વસ્તુમાં અધિક સમુચ્ચય અર્થે 'तथा' થી કહે છે.

**શ્લોક :-**

कल्पितादन्यतो बन्धो, न जातु स्यादकल्पितः ।
कल्पितश्चेत्ततश्चिन्त्या, ननु मुक्तिरकल्पिता ।।५२१।।

**અન્વયાર્થ :-**

कल्पितात्=કલ્પિતથી=કલ્પિત એવા બંધથી, अन्यतः=અન્ય એવી વાસનાથી, बन्धः=બંધ, जातु=ક્યારેય, अकल्पितः=અકલ્પિત, न स्याद्=થાય નહિ, ततः=તેનાથી=વાસનાથી, कल्पितः चेत्=કલ્પિત છે એમ જો કહે તો=બંધ કલ્પિત છે એમ જો બૌદ્ધ કહે તો, अकल्पिता मुक्तिः चिंत्या=અકલ્પિતા મુક્તિ ચિંત્ય છે= અકલ્પિતા મુક્તિ નથી, ननु=શબ્દ અક્ષમામાં છે=બૌદ્ધમતના કથનના અસ્વીકારમાં છે. ।।૫૨૧।।

**શ્લોકાર્થ :-**

**કલ્પિતથી અન્ય એવી વાસનાથી બંધ ક્યારેય અકલ્પિત થાય નહિ, તેનાથી કલ્પિત છે એમ જો કહે તો અકલ્પિતા મુક્તિ ચિંત્ય છે. ।।૫૨૧।।**

**ટીકા :-**

कल्पिताद्=उपचरितात्, अन्यतो वासनादेः, बन्धो न जातु=कदाचित्, स्यादकल्पितः, कल्पितश्चेत्ततो बन्धः, चिन्त्या नास्त्येवेत्यर्थः, ननु इत्यक्षमायाम्, मुक्तिरकल्पिता मुख्यबन्धपूर्वकत्वात्तस्याः ।।५२१।।

**ટીકાર્થ :-**

कल्पितादुपचरितात् ..... पूर्वकत्वात्तस्याः । કલ્પિતથી=ઉપચરિત એવા બંધથી, અન્ય એવી વાસનાથી બંધ ક્યારેય અકલ્પિત થાય નહિ, તેનાથી=વાસનાથી, કલ્પિત બંધ છે એમ જો બૌદ્ધ કહે તો અકલ્પિતા મુક્તિ ચિંત્ય છે=નથી જ; કેમ કે તેનું=મુક્તિનું, મુખ્યબંધપૂર્વકપણું છે, શ્લોકમાં 'ननु' શબ્દ અક્ષમામાં છે=પૂર્વપક્ષીનું કથન સહન ન થાય તેવું છે તે બતાવવા અર્થે છે. ।।૫૨૧।।

**ભાવાર્થ :-**

બૌદ્ધદર્શનકાર આત્માથી અન્ય એવું કર્મ આત્મા ઉપર લાગે છે તેમ સ્વીકારતા નથી અને સંસારી જીવો બદ્ધ છે તેમ સ્વીકારીને મુક્તિ અર્થે યોગમાર્ગનો ઉપદેશ આપે છે, તેથી તેના મતે સંસારઅવસ્થામાં બંધ

કર્મજન્ય નથી, પરંતુ કલ્પિત છે અર્થાત્ ઉપચરિત છે અને તેવા ઉપચરિત બંધથી અન્ય એવા વાસનાદિ તેઓ સ્વીકારે છે અને વાસનાદિને વશ સંસારી જીવો સંસારમાં ભમે છે તેમ કહે છે તેને ગ્રંથકારશ્રી કહે છે-

તેવા વાસનાદિથી આત્માને ક્યારેય અકલ્પિત બંધ સ્વીકારી શકાય નહિ; કેમ કે સંસારી જીવને કોઈ દોરડાથી બાંધે તો તે બંધાયેલો કહી શકાય, પરંતુ દોરડાદિ કોઈ વસ્તુથી બંધાયેલો ન હોય, છતાં કહે છે કે હું બંધાયેલો છું તો તે કલ્પિત બંધાયેલો છે તેમ કહેવું પડે તે રીતે સંસારી આત્મા આત્માથી અતિરિક્ત કર્મ પુદ્ગલોથી બંધાયેલો હોય તો તેને અકલ્પિત બંધ છે તેમ કહી શકાય, પરંતુ આત્મા સંસાર અવસ્થામાં પણ આત્માથી અતિરિક્ત કર્મથી બંધાયેલો નથી, ફક્ત એકલો આત્મા હોવા છતાં રાગાદિ વાસનાને કારણે તે બંધાયેલો છે તેમ કહીએ તો સંસારી જીવને અકલ્પિત જ બંધ પ્રાપ્ત થાય નહિ, પરંતુ વાસનાદિને કારણે કલ્પિત જ બંધ છે તેમ માનવું પડે.

આ પ્રકારે બૌદ્ધદર્શનવાદીને ગ્રંથકારશ્રીએ આપત્તિ આપી ત્યાં બૌદ્ધદર્શનકાર કહે કે રાગાદિ વાસનાથી કલ્પિત બંધ છે એમ અમે સ્વીકારશું તો ગ્રંથકારશ્રી કહે છે – તેના મતમાં અકલ્પિત મુક્તિ નથી; કેમ કે અકલ્પિત મુક્તિ મુખ્ય બંધપૂર્વક છે, માટે જો બૌદ્ધ દર્શનના મતે કલ્પિત મુક્તિ હોય અને તેવી કલ્પિત મુક્તિના ઉપાયરૂપે યોગમાર્ગનું સેવન તે સ્વીકારતો હોય તો કલ્પિત એવા વંધ્યાપુત્રના સ્વરૂપના વર્ણન જેવું મોક્ષના ઉપાયનું વર્ણન છે તેમ સ્વીકારવું પડે. **॥૫૨૧॥**

**અવતરણિકા :-**

તથા –

**અવતરણિકાર્થ :-**

**પૂર્વમાં બ્રહ્માદ્વૈતમતમાં અને બૌદ્ધમતમાં મુક્તિ અકલ્પિત નથી એમ બતાવ્યું, હવે નૈયાયિકાદિના મતમાં પણ આત્માથી પૃથક્ કર્મનો અસ્વીકાર હોવાને કારણે ભવાદિ કલ્પિત છે તે બતાવવા અર્થે 'તથા'થી સમુચ્ચય કરે છે –**

**શ્લોક :-**

**नान्यतोऽपि तथाभावादृते तेषां भवादिकम् ।**
**ततः किं केवलानां तु, ननु हेतुसमत्वतः ।।५२२।।**

**અન્વયાર્થ :-**

**तथाभावादृते=તથાભાવને છોડીને=સ્વયં જ ભવાદિને અનુકૂળ પરિણામને છોડીને, अन्यतोऽपि=અન્યથી પણ=કર્મથી પણ, तेषां=તેઓના=આત્માઓના, भवादिकं न=ભવાદિક નથી=નૈયાયિકાદિ મતે ભવાદિક નથી, ततः किं=તેથી શું? એથી ગ્રંથકારશ્રી કહે છે, केवलानां तु=કેવલ આત્માઓને=પુરુષાદ્વૈત મતાનુસાર એકાકી એવા આત્માઓને ક્યા કારણથી ભવાદિક ન થાય? અર્થાત્ થઈ શકે, हेतुसमत्वतः=કેમ કે**

હેતુનું સમાનપણું છે=આત્માથી અતિરિક્ત ભવના કારણ એવા હેતુનો અભાવ પુરુષાદ્વૈતવાદી મતમાં પણ સમાન છે, નનુ='નનુ' પરપક્ષની અક્ષમામાં છે. ।।૫૨૨।।

શ્લોકાર્થ :-

**તથાભાવને છોડીને અન્યથી પણ તેઓના ભવાદિક નથી, તેથી શું? એથી ગ્રંથકારશ્રી કહે છે- કેવલ આત્માઓને ક્યા કારણથી ભવાદિક ન થાય? કેમ કે હેતુનું સમાનપણું છે. ।।૫૨૨।।**

ટીકા :-

न=नैव, अन्यतोऽपि=कर्मणोऽपि सकाशात् तथाभावात्=स्वयमेव भवादिपरिणामात्, ऋते=विना, तेषाम्=आत्मना, नैयायिकादिमते भवादिकं=भवो भववतामपरपर्यायाश्च स्युरिति, एवं तथाभावाद् भवादिके प्रसाधिते परः प्राह-ततः=तथाभावेन भवादिभावात् किं, कस्मात् केवलानां तु=एकाकिनामपि, पुरुषाद्वैतवादिमते भवादिकं 'न स्यात्' इत्यनुवर्तते, ननु इत्यक्षमायाम्, कुत इत्याह हेतुसमत्वतः= हेतोस्तथाभावलक्षणस्य समत्वतः-तुल्यत्वात्, यथाहि-सत्यप्यन्यस्मिन्नात्मनां तथाभावमन्तरेण न भवादिकमिति तथाभाव एव भवद्भिः प्रधानो हेतुः कल्प्यते, एवमन्याभावेऽपि केवलानामप्यात्मनां पुरुषाद्वैतवादिमते सौगतमते वा तथाभावादेव भवादिकं भविष्यतीति ।।५२२।।

ટીકાર્થ :-

न=नैव ..... भविष्यतीति । તથાભાવને છોડીને=સ્વયં જ ભવાદિને અનુકૂળ પરિણામને છોડીને, અન્યથી પણ=કર્મથી પણ નૈયાયિકાદિ મતે તેઓના=આત્માઓના, ભવાદિ ન થાય=ભવ અને ભવવાળા જીવોના અપર પર્યાયો ન જ થાય. અર્થાત્ નૈયાયિક માને છે કે આત્માના ધર્મ અધર્મરૂપ પરિણામ સ્વીકાર્યા વગર કર્મથી પણ ભવાદિ થઈ શકે નહીં માટે ભવાદિનું કારણ જૈનો માને છે તેમ કર્મ સ્વીકારવું આવશ્યક નથી પરંતુ ઉપાદાન કારણ એવા આત્માનો તથા ભાવ જ ભવાદિનું કારણ છે તેમ સ્વીકારવું જોઈએ.

એ રીતે તથાભાવથી=શ્લોકના પૂર્વાર્ધમાં બતાવ્યું એ રીતે સ્વયં ભવાદિને અનુકૂળ પરિણામથી, ભવાદિ પ્રસાધન કરાયે છતે પર કહે છે=નૈયાયિક કહે છે – તેનાથી=તથાભાવને કારણે ભવાદિનો ભાવ હોવાથી, શું=શું દોષ છે? તેને ગ્રંથકારશ્રી કહે છે – કેવલ=એકાકી પણ, પુરુષાદ્વૈતાદિ મતમાં કયા કારણથી ભવાદિ નહિ થાય?=આત્માથી ભિન્ન ભવાદિનાં કારણરૂપે કર્મ સ્વીકાર્યા વગર માત્ર આત્માના તથાભાવથી ભવ અને ભવના અન્ય પયાર્યા પ્રાપ્ત થતા હોય તો પુરુષાદ્વૈતાદિમતમાં પણ ભવાદિ સ્વીકારવાની નૈયાયિકને આપત્તિ આવે. અહીં 'केवलानां तु' શ્લોકમાં છે ત્યાં કયા કારણથી ભવાદિક નહિ થાય ? એ ઉપરથી અનુવર્તન પામે છે, શ્લોકમાં 'ननु' શબ્દ અક્ષમામાં છે, કયા કારણથી પુરુષાદ્વૈતાદિમતમાં પણ ભવાદિક માનવાનો નૈયાયિકને પ્રસંગ આવે? એથી

**ગ્રંથકારશ્રી કહે છે – હેતુનું સમાનપણું હોવાથી=તથાભાવ લક્ષણ ભવના કારણનું નૈયાયિક મતે અને પુરુષાદ્વૈતમતે સમાનપણું હોવાથી અર્થાત્ તુલ્યપણું હોવાથી, પુરુષાદ્વૈતમાં પણ ભવાદિકની સંગતિ થાય. જે આ પ્રમાણે – અન્ય વસ્તુ હોવા છતાં પણ=નૈયાયિકાદિના મતે આત્માથી ભિન્ન ઘટ-પટાદિ અન્ય વસ્તુ હોવા છતાં પણ, આત્માના તથાભાવ વગર ભવાદિક નથી એથી તથાભાવ જ તમારા વડે=નૈયાયિક વડે, પ્રધાન હેતુ કલ્પાય છે=ભવનિષ્પત્તિનું પ્રધાન કારણ કલ્પાય છે એ રીતે=જે રીતે નૈયાયિક વડે ભવનિષ્પત્તિનું પ્રધાન કારણ કલ્પાય છે એ રીતે, અન્યના અભાવમાં પણ=આત્માથી અતિરિક્ત અન્ય પદાર્થોના અભાવમાં પણ, કેવલ પણ આત્માઓને પુરુષાદ્વૈતવાદી મતે અથવા સૌગતાદિ મતે તથાભાવથી જ ભવાદિક થશે. 'इति' શબ્દ 'यथाहि'થી કરાયેલા કથનની સમાપ્તિ માટે છે. ।।૫૨૨।।**

**ભાવાર્થ :-**

નૈયાયિક દર્શનવાદી આત્માથી અતિરિક્ત કર્મને સ્વીકારતા નથી, પરંતુ આત્માના તે પ્રકારના ભાવથી જ ધર્મ-અધર્મરૂપ પરિણામો થાય છે અને તેના કારણે ભવની પ્રાપ્તિ અને ભવવાળા જીવોને શાતા-અશાતા આદિ અનેક ભાવોની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે, તેથી ભવના કારણીભૂત આત્માથી અતિરિક્ત કર્મ ભવનું કારણ નૈયાયિકાદિ મતે નથી, તેમ સ્વીકારવાથી શું દોષ પ્રાપ્ત થાય તે ગ્રંથકારશ્રી કહે છે –

જે રીતે નૈયાયિક આત્માથી અતિરિક્ત ભવના કારણ એવા કર્મ પુદ્ગલનો સંયોગ સંસારી જીવોને સ્વીકારતો નથી, તેથી તેઓના મતે સંસારઅવસ્થામાં પણ કેવલ આત્મા છે, પરંતુ આત્માથી અતિરિક્ત કર્મ નામના પુદ્ગલો આત્મા સાથે બંધાયેલા નથી, છતાં સંસારી જીવોને ભવની પ્રાપ્તિ થાય છે તેમ સ્વીકારે છે તે રીતે પુરુષાદ્વૈતવાદીના મતમાં પણ તથાભાવને કારણે=પુરુષ અદ્વૈતરૂપ બ્રહ્મનો તથાભાવ થવાને કારણે, ભવાદિકની પ્રાપ્તિ થઈ શકે, માટે નૈયાયિક કહે છે કે પુરુષ અદ્વૈત સ્વીકારવામાં આવે તો સંસારમાં જીવોના ભવાદિ દેખાય છે તે ભવાદિ પુરુષ અદ્વૈતવાદીના મતમાં ઘટે નહિ તે નૈયાયિકનું કથન અયુક્ત છે; કેમ કે જેમ નૈયાયિક મતે આત્માથી અતિરિક્ત અન્ય વસ્તુનો સ્વીકાર છે અને અનેક આત્માઓનો સ્વીકાર છે છતાં સંસારી આત્માઓ સાથે કર્મપુદ્ગલનો સંયોગ સ્વીકારતા નથી, તેથી કર્મપુદ્ગલના સંયોગ વગરનો કેવલ આત્મા પણ તથાભાવને કારણે ભવાદિરૂપે થઈ શકતો હોય તો પુરુષ અદ્વૈતના મતમાં બ્રહ્મરૂપ આત્મા પણ સમુદ્રની ઊર્મિઓની જેમ સંસારના તે તે ભાવો રૂપે થઈ શકે અને બૌદ્ધદર્શનવાદી પણ વાસનાથી ભવાદિને સ્વીકારે છે તેમ સ્વીકારીને આત્મા સંસારના તે તે ભાવો રૂપે થઈ શકે. એમ નૈયાયિકે સ્વીકારવું જોઈએ. માટે જે યુક્તિથી નૈયાયિક દર્શનવાદી પુરુષ અદ્વૈતના મતમાં ભવાદિક સંગત નથી તેમ કહે છે તે યુક્તિથી તેના મતમાં પણ ભવાદિક નથી તેમ માનવાનો પ્રસંગ આવે, માટે અકલ્પિત ભવ સ્વીકારવો હોય તો નૈયાયિકને પણ આત્માથી અતિરિક્ત કર્મના પુદ્ગલનો સંયોગ સ્વીકારવો જોઈએ, જેથી અકલ્પિત બંધની અને અકલ્પિત મુક્તિની સંગતિ થાય. **।।૫૨૨।।**

**અવતરણિકા :-**

अत्र समाधिः –

**અવતરણિકાર્થ :-**

આમાં=ભવની સંગતિમાં, સમાધિ=સમાધાન, બતાવે છે –

**શ્લોક :-**

**मुक्तस्येव तथाभावकल्पना यन्निरर्थका ।**
**स्यादस्यां प्रभवन्त्यां तु, बीजादेवाङ्कुरोदयः ।।५२३।।**

**અન્વયાર્થ :-**

यद्=જે કારણથી, मुक्तस्येव=મુક્તની જેમ, तथाभावकल्पना निरर्थका स्यात्=તથાભાવ કલ્પના નિરર્થક થાય=આત્માથી અતિરિક્ત કર્મ ન સ્વીકારવામાં આવે અને આત્મામાં તેવા સ્વભાવની કલ્પના કરવામાં આવે તો નિરર્થક થાય (તે કારણથી આત્માથી અતિરિક્ત કર્મનો સંયોગ સ્વીકારવો જોઈએ એમ અધ્યાહાર છે.), अस्यां प्रभवन्त्यां तु=આનો પ્રભવ હોતે છતે પણ=તથાભાવ ભવની નિષ્પત્તિમાં સમર્થ હોતે છતે પણ, बीजादेवाङ्कुरोदयः=બીજાદિથી જ અંકુરાદિ છે. (તેમ બીજભૂત કર્મથી જ ભવની નિષ્પત્તિ છે તેમ સ્વીકારવું જોઈએ.) ।।૫૨૩।।

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મુક્તની જેમ તથાભાવ કલ્પના નિરર્થક થાય, આનો પ્રભવ હોતે છતે પણ બીજાદિથી જ અંકુરાદિ છે. ।।૫૨૩।।**

**ટીકા :-**

मुक्तस्येव जन्तुविशेषस्यान्यसंयोगाभावे तथाभावकल्पना भवादिनिबन्धना क्रियमाणापि यद्-यस्मात् निरर्थका=निष्फला, भवादिफलाभावात्, स्याद्=भवेत्, एतदेव प्रतिवस्तूपमया भावयति – अस्यां= तथाभावकल्पनायां, प्रभवन्त्यां तु=प्रभवन्त्यामपि समर्थायामपि बीजादेव – मुद्गादेर्न तु यतः कुतश्चिदुपलादेः, अङ्कुरोदयः, यथाहि – तथाभावे कल्प्यमानेऽपि न बीजमन्तरेणाङ्कुरोदयः तथान्याभावे तथाभावकल्पनायामपि न भव इति। तस्मादन्यसंयोग एव तथाभावकल्पना फलवती स्यादिति ।।५२३।।

**ટીકાર્થ :-**

मुक्तस्येव ..... स्यादिति । મુક્તની જેમ જંતુવિશેષને અન્યના સંયોગના અભાવમાં=મુક્ત કરતાં ભિન્ન એવા સંસારી જીવોને કર્મ પુદ્ગલરૂપ અન્યના સંયોગના અભાવમાં, ભવાદિના કારણીભૂત

**કરાતી પણ તથાભાવની કલ્પના જે કારણથી નિરર્થક થાય=નિષ્ફળ થાય; કેમ કે ભવાદિફળનો અભાવ છે, આને જ=સંસારી જીવોને અન્ય સંયોગ વગર ભવાદિના કારણ એવા તથાભાવની કલ્પના નિરર્થક છે એને જ, પ્રતિવસ્તુની ઉપમાથી=સદશ દૃષ્ટાંતથી, ભાવન કરે છે – આનો પ્રભવ હોતે છતે પણ=તથાભાવની કલ્પના ભવની નિષ્પત્તિમાં સમર્થ હોતે છતે પણ, બીજાદિથી જ=મગ આદિ બીજાદિથી જ, અંકુરાદિ છે, પરંતુ જે કંઈ ઉપલાદિથી નથી, દાર્ષ્ટાંતિક ભાવને 'यथाहि'થી સ્પષ્ટ કરે છે –**

**કલ્પ્યમાન પણ તે પ્રકારના ભાવમાં બીજ વગર અંકુરાદિ નથી, તે પ્રમાણે અન્યના અભાવમાં=આત્માથી અતિરિક્ત કર્મના અભાવમાં, તથાભાવની કલ્પના કરાયે છતે પણ=સંસારી જીવનો તેવો જ સ્વભાવ છે કે ભવને પ્રગટ કરે તેવા પ્રકારની કલ્પના કરાયે છતે પણ, ભવ નથી. 'इति' શબ્દ દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવના કથનની સમાપ્તિ માટે છે.**

**શ્લોકનો ફલિતાર્થ કરતાં કહે છે – તે કારણથી અન્યના સંયોગમાં જ=આત્માથી અન્ય એવા કર્મના સંયોગમાં જ, તથાભાવની કલ્પના=સંસારી જીવોમાં તેવો ભાવ વર્તે છે તે પ્રકારની કલ્પના, ફલવાળી થાય.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ॥૫૨૩॥**

**ભાવાર્થ :-**

મુક્ત જીવોમાં તથાભાવની કલ્પના કરવામાં આવે અર્થાત્ ભવાદિને કરે તેવા તથાભાવની કલ્પના કરવામાં આવે તોપણ તે કલ્પના નિરર્થક છે; કેમ કે મુક્ત જીવોમાં તેવા ભાવની કલ્પના કરવા માત્રથી ભવાદિરૂપ ફળ પ્રાપ્ત થતું નથી, જેમ મુક્ત જીવો અન્યના સંયોગરૂપ કર્મવાળા નથી, માટે તેઓમાં તથાભાવની કલ્પના કરવા માત્રથી ભવની પ્રાપ્તિ થાય નહિ તેમ સંસારી જીવોમાં પણ આત્માથી અતિરિક્ત એવા કર્મનો સંયોગ ન હોય તો ભવાદિના કારણભૂત તથાભાવની કલ્પના કરવામાં આવે તો તે કલ્પના નિરર્થક છે, તે કારણથી આત્માથી અતિરિક્ત કર્મને અવશ્ય સ્વીકારવું જોઈએ, જેથી ભવાદિની સંગતિ થાય, આ કથનને જ ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે –

બીજ વગર પત્થરાદિથી ક્યારે પણ અંકુરો થઈ શકે નહિ, કદાચ કોઈ કલ્પના કરે કે પત્થરમાં પણ અંકુરો થવાની યોગ્યતા છે તોપણ મગાદિ બીજ વગર અંકુરો થઈ શકે નહિ તેમ આત્મામાં ભવના કારણીભૂત અન્યના સંયોગરૂપ બીજ વિદ્યમાન ન હોય અને સંસારી જીવોમાં ભવના કારણભૂત તથાભાવની કલ્પના કરવામાં આવે તોપણ ભવની પ્રાપ્તિ થાય નહિ, માટે આત્માથી અતિરિક્ત એવા કર્મપુદ્ગલનો સંયોગ આત્માની સાથે વિદ્યમાન હોય અને કહેવામાં આવે કે આત્માનો તેવો સ્વભાવ છે કે ભવાદિને કરે તો તે કલ્પના ફલવાળી થાય, જેમ મુદ્ગાદિ બીજ વિદ્યમાન હોય અને કહેવામાં આવે કે મુદ્ગાદિનો તેવો જ સ્વભાવ છે કે જમીનમાં વાવવામાં આવે તો અંકુરો થાય તો તે કથન સંગત થાય. **॥૫૨૩॥**

**અવતરણિકા :-**

अथोपसंहरन्नाह –

**અવતરણિકાર્થ :-**

હવે ઉપસંહાર કરતાં કહે છે –

**ભાવાર્થ :-**

શ્લોક-૫૧૧માં કહેલ કે આત્માને પરિણામી સ્વીકારીને ગોચરાદિની શુદ્ધિથી યોગભેદનું વર્ણન ઉચિત છે અને શ્લોક-૫૧૨માં કહ્યું કે ગોચરાદિ શુદ્ધિ વગરનું વર્ણન વંધ્યાપુત્રના ભેદના વર્ણન જેવું છે અને તેને શ્લોક-૫૧૩થી અત્યાર સુધી બતાવ્યું, તે સર્વ કથનનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**શ્લોક :-**

**एवमाद्यत्र शास्त्रज्ञैस्तत्त्वतः स्वहितोद्यतैः ।**
**माध्यस्थ्यमवलम्ब्योच्चैरालोच्यं स्वयमेव तु ।।५२४।।**

**અન્વયાર્થ :-**

अत्र=અહીં=યોગના વિચારમાં, स्वहितोद्यतैः शास्त्रज्ञैः=સ્વહિતમાં ઉદ્યત એવા શાસ્ત્રના જાણનારાઓએ, माध्यस्थ्यमवलम्ब्य=માધ્યસ્થનું અવલંબન કરીને, तत्त्वतः=તત્ત્વથી=નિશ્ચયવૃત્તિથી, एवमादि=આ વગેરે=ગોચર સ્વરૂપ અને ફલ વગેરે, स्वयमेव तु=સ્વયં જ, उच्चैः=અત્યંત, आलोच्यं=આલોચન કરવું જોઈએ. ।।૫૨૪।।

**શ્લોકાર્થ :-**

**અહીં સ્વહિતમાં ઉદ્યત એવા શાસ્ત્રના જાણનારાઓએ માધ્યસ્થ્યનું અવલંબન કરીને તત્ત્વથી આ વગેરે સ્વયં જ અત્યંત આલોચન કરવું જોઈએ. ।।૫૨૪।।**

**ટીકા :-**

एवमादि=गोचरश्च स्वरूपं च फलं चेत्यादि, निरूपितस्वरूपमेव, अत्र=योगविचारे, शास्त्रज्ञैः पुम्भिः तत्त्वतो=निश्चयवृत्त्या, स्वहितोद्यतैः=स्वकल्याणाधानाधीनधीभिः, माध्यस्थ्यमुक्तरूपम् अवलम्ब्योच्चैरलम् आलोच्यं=मीमांसनीयं, स्वयमेव तु=आत्मनैव ।।५२४।।

**ટીકાર્થ :-**

एवमादि ..... त्वात्मनैव । एवं વગેરે=પૂર્વમાં યોગવિષયક ગોચર સ્વરૂપ અને ફલ બતાવ્યા એ વગેરે, નિરૂપિત સ્વરૂપવાળું જ અહીં=યોગના વિચારમાં, તત્ત્વથી=નિશ્ચયવૃત્તિથી, સ્વહિતમાં ઉદ્યત એવા શાસ્ત્રના જાણનાર પુરુષે=સ્વકલ્યાણના આધાનને આધીન બુદ્ધિવાળા પુરુષે, ઉક્તરૂપવાળા મધ્યસ્થનું

**અવલંબન લઈને=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ જે રીતે મધ્યસ્થનું અવલંબન લઈને ગોચરાદિ શુદ્ધિ બતાવી તેવા સ્વરૂપવાળા મધ્યસ્થનું અવલંબન લઈને, સ્વયં જ અત્યંત આલોચન કરવું જોઈએ=સૂક્ષ્મ ઊહપૂર્વક યોગના ગોચર-સ્વરૂપ અને ફલવિષયક મીમાંસા કરવી જોઈએ. ।।૫૨૪।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ યોગના ગોચર, સ્વરૂપ અને ફલનું વર્ણન અત્યાર સુધી કર્યું અને તે વર્ણનમાં કોઈ દર્શનના પક્ષપાત વગર મધ્યસ્થભાવથી યોગનાં સર્વ અંગો બતાવવા યત્ન કર્યો. હવે કહે છે કે જે મહાત્માઓ પોતાના હિતમાં ઉદ્યત થયા છે અને તેના કારણે શાસ્ત્રનો અભ્યાસ કરનારા છે તેવા જીવોએ 'આ મારું દર્શન છે, આ પારકું દર્શન છે' તેવો પક્ષપાત કર્યા વગર મધ્યસ્થભાવને અવલંબીને વિચારવું જોઈએ કે કઈ રીતે પદાર્થને સ્વીકારવામાં આવે તો સંસારની, મુક્ત અવસ્થાની અને મુક્ત અવસ્થાના કારણીભૂત યોગમાર્ગની સંગતિ થાય અને મોક્ષરૂપ કાર્યને અનુકૂળ યોગ કેવા સ્વરૂપવાળો સ્વીકારીએ તો તે યોગ મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પામે તે યુક્તિ અને અનુભવ અનુસારે સૂક્ષ્મ રીતે આલોચન કરવું જોઈએ, જેથી ઉચિત યોગમાર્ગનો નિર્ણય કરીને સમ્યગ્ રીતે યોગમાર્ગને સેવીને યોગમાર્ગના સેવનના ફળની પ્રાપ્તિ થાય. **।।૫૨૪।।**

**અવતરણિકા :-**

**कुतः ? यतः –**

**અવતરણિકાર્થ :-**

**કયા કારણથી સ્વહિતમાં ઉદ્યમ એવા શાસ્ત્રના જાણનારાઓએ સ્વયં જ મધ્યસ્થતાપૂર્વક ગોચરાદિનું આલોચન કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે – જે કારણથી શું તે શ્લોકમાં બતાવે છે –**

**શ્લોક :-**

**आत्मीयः परकीयो वा, कः सिद्धान्तो विपश्चिताम् ।**
**दृष्टेष्टाबाधितो यस्तु, युक्तस्तस्य परिग्रहः ।।५२५।।**

**અન્વયાર્થ :-**

**विपश्चितां=બુદ્ધિમાનોને, आत्मीयः=આત્મીય, वा=અથવા, परकीयः=પરકીય, सिद्धांतः कः=સિદ્ધાંત કયો છે ? અર્થાત્ કોઈ નથી, तु=વળી, दृष्टेष्टाबाधितः=દૃષ્ટ-ઈષ્ટ અબાધિત, च युक्तः=જે યુક્ત છે=જે સિદ્ધાંત યુક્ત છે, तस्य=તેનો, परिग्रहः=સ્વીકાર છે. ।।૫૨૫।।**

**શ્લોકાર્થ :-**

**બુદ્ધિમાનોને આત્મીય અથવા પરકીય સિદ્ધાંત કયો છે? વળી દૃષ્ટ-ઈષ્ટ અબાધિત જે યુક્ત છે તેનો સ્વીકાર છે. ।।૫૨૫।।**

**ટીકા :-**

**आत्मीयो=जैनादिः, परकीयो वा=शैवसौगतादिः को-न कश्चिदित्यर्थः सिद्धान्तो विपश्चितां=विदुषाम्, दृष्टेष्टाबाधितो=दृष्टेष्टाभ्यां वस्तुस्वरूपाभ्याम् अबाधितोऽविरुद्धः, यस्तु=यः पुनः, तयोर्मध्ये, युक्तो=न्याय्यः, तस्य परिग्रहः=अङ्गीकारः, तस्यैव फलसिद्ध्यवञ्चकत्वात् ।।५२५।।**

**ટીકાર્થ :-**

**आत्मीयो=जैनादिः ..... वञ्चकत्वात् । આત્મીય=જૈનાદિ, અથવા પરકીય=શૈવ-સૌગતાદિ, કોઈ સિદ્ધાંત બુદ્ધિમાનોને નથી=બુદ્ધિમાનોને કોઈ સિદ્ધાંત આત્મીય અને પરકીય નથી, દૃષ્ટ-ઈષ્ટ અબાધિત=દૃષ્ટ અને ઈષ્ટ એવી વસ્તુના સ્વરૂપથી અબાધિત અર્થાત્ અવિરુદ્ધ, જે વળી તે બેમાં=આત્મીય અને પરકીય સિદ્ધાંતરૂપ તે બેમાં, યુક્ત છે=ન્યાય્ય છે, તેનો પરિગ્રહ છે=બુદ્ધિમાનો વડે સ્વીકાર છે; કેમ કે તેનું જ=દૃષ્ટ-ઈષ્ટ અબાધિત સિદ્ધાંતનું જ, ફલસિદ્ધિમાં અવંચકપણું છે. ।।૫૨૫।।**

**ભાવાર્થ :-**

જે બુદ્ધિમાન પુરુષ છે તે સંસારના વાસ્તવિક સ્વરૂપને યથાર્થ જોનાર છે અને સંસારથી ભય પામીને સંસારના ઉચ્છેદના ઉપાયભૂત યોગમાર્ગને સેવવામાં તત્પર થયેલ હોય છે એટલું જ નહીં પણ બુદ્ધિમાન પુરુષો આ મારું દર્શન છે અર્થાત્ જૈનદર્શન છે માટે મારું છે આ પરકીય દર્શન છે અર્થાત્ શૈવ-સૌગતાદિનું દર્શન છે, માટે પરકીય છે એ પ્રકારનો વિભાગ કરીને આપણું દર્શન પ્રમાણભૂત અને અન્યનું દર્શન અપ્રમાણ તેમ સ્વીકારતા નથી, પરંતુ જે દર્શનનું વચન દૃષ્ટ વસ્તુના સ્વરૂપ સાથે અને ઇષ્ટ વસ્તુના સ્વરૂપ સાથે અબાધિત હોય તેનો સ્વીકાર કરે છે.

આશય એ છે કે પ્રત્યક્ષથી દેખાતા અને સ્વઅનુભવથી દેખાતા દૃષ્ટ પદાર્થો છે અને તે દૃષ્ટ પદાર્થો સાથે પોતાનો સ્વીકારાયેલો સિદ્ધાંત વિરોધ પામતો હોય તો તે સિદ્ધાંત દૃષ્ટથી વિરુદ્ધ છે અને આત્માને ઇષ્ટ પૂર્ણ સુખમય મોક્ષ છે અને તેના ઉપાયને બતાવનાર આગમ છે અને તે આગમમાંથી જે સિદ્ધાંતો પોતે સ્વીકારતા હોય તે સ્વીકારેલા સિદ્ધાંતોનો આગમના જ અન્ય વચન સાથે વિરોધ આવતો હોય તો તે આગમ ઇષ્ટથી બાધિત છે. તેથી બુદ્ધિમાન પુરુષ દૃષ્ટ પદાર્થોને સ્વબુદ્ધિ અનુસાર અને સ્વઅનુભવ અનુસાર યથાર્થ જાણીને તેનો અવિરોધ પ્રાપ્ત થાય તેવા જ સિદ્ધાંતને સ્વીકારે અને પોતાના સ્વીકારેલા આગમના વચનથી અન્ય તે જ આગમના વચનોનો વિરોધ ન આવતો હોય તેવા જ સિદ્ધાંતને સ્વીકારે તે સિદ્ધાંત કદાચ આત્મીય પણ હોઈ શકે કે પરકીય પણ હોઈ શકે, પરંતુ દૃષ્ટ-ઇષ્ટથી અબાધિત હોય તો નિયમા તે સિદ્ધાંત ફલસિદ્ધિનું અવંચક કારણ છે, માટે દૃષ્ટ-ઇષ્ટ અબાધિત આગમનો નિર્ણય કરીને તેના વચન અનુસાર બુદ્ધિમાન પુરુષે પક્ષપાત વગર યોગના ગોચર, સ્વરૂપ અને ફલનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ, નિર્ણય કરીને તેનો જ સ્વીકાર કરવો જોઈએ અને તેવા ગોચરાદિ શુદ્ધિવાળા યોગને સ્વભૂમિકા અનુસાર સેવવો જોઈએ, જેથી યોગનું ફળ સદ્ગતિઓની પરંપરા દ્વારા મોક્ષની પ્રાપ્તિ છે તેની પ્રાપ્તિ થાય. **।।૫૨૫।।**

અવતરણિકા :-

अथास्य योगशास्त्रविरचनस्य प्रयोजनमुद्धारस्थानं स्वनाम च सूचयन् शास्त्रकार इदमाह –

અવતરણિકાર્થ :-

હવે આ યોગશાસ્ત્રના વિરચનનું=પ્રસ્તુત યોગગ્રંથની રચનાનું, પ્રયોજન, ઉદ્ધારસ્થાન અને પોતાનું નામ સૂચન કરતાં શાસ્ત્રકાર=ગ્રંથકારશ્રી, આને કહે છે=પ્રસ્તુત શ્લોકને કહે છે –

શ્લોક :-

स्वल्पमत्यनुकम्पायै, योगशास्त्रमहार्णवात् ।
आचार्यहरिभद्रेण, योगबिन्दुः समुद्धृतः ।।५२६।।

અન્વયાર્થ :-

आचार्यहरिभद्रेण=આચાર્ય હરિભદ્રસૂરિએ, योगशास्त्रमहार्णवात्=યોગશાસ્ત્રરૂપી મહાસમુદ્રમાંથી, स्वल्पमत्यनुकम्पायै=સ્વલ્પમતિવાળા જીવોની અનુકંપા માટે, योगबिन्दुः समुद्धृतः=યોગબિંદુનો સમુદ્ધાર કર્યો. ।।૫૨૬।।

શ્લોકાર્થ :-

આચાર્ય હરિભદ્રસૂરિએ યોગશાસ્ત્રરૂપી મહાસમુદ્રમાંથી સ્વલ્પમતિવાળા જીવોની અનુકંપા માટે યોગબિંદુનો સમુદ્ધાર કર્યો. ।।૫૨૬।।

ટીકા :-

स्वल्पमत्यनुकम्पायै=तुच्छमतिजनानुग्रहाय, योगशास्त्राण्येव तत्तत्तन्त्रान्तरप्रसिद्धानि महार्णवो= महासमुद्रः, तस्मात् आचार्यहरिभद्रेणेति शास्त्रकृतो नाम किमित्याह – योगबिन्दुः समुद्धृतः- पृथक्कृत इति ।।५२६।।

ટીકાર્થ :-

स्वल्पम ..... पृथक्कृत इति । સ્વલ્પમતિવાળા જીવોની અનુકંપા માટે=યોગશાસ્ત્રોમાંથી યોગનાં રહસ્યોને ગ્રહણ કરવા માટે તુચ્છ મતિવાળા જીવોના અનુગ્રહ માટે, તે તે તંત્રાતરમાં પ્રસિદ્ધ=તે તે દર્શનમાં પ્રસિદ્ધ, એવાં યોગશાસ્ત્રો જ મહાર્ણવ છે=મહાસમુદ્ર છે, તેમાંથી આચાર્ય હરિભદ્રસૂરિએ શું કર્યું? એથી કહે છે – યોગબિંદુ સમુદ્ધૃત કર્યો=સર્વદર્શનોના યોગશાસ્ત્રમાંથી દૃષ્ટ-ઈષ્ટ અબાધિત એવા યોગને કહેનાર યોગબિંદુ નામનો ગ્રંથ પૃથક્ કર્યો.

આચાર્ય હરિભદ્રસૂરિ એ શાસ્ત્રકારનું નામ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।૫૨૬।।

**ભાવાર્થ :-**

આચાર્ય હરિભદ્રસૂરિએ મધ્યસ્થતાપૂર્વક તે તે દર્શનના યોગને કહેનારા શાસ્ત્રનું અધ્યયન કર્યું જે મહાસમુદ્ર તુલ્ય છે, તેથી જેઓની આચાર્ય હરિભદ્રસૂરિની જેવી નિર્મળ મતિ નથી, પરંતુ અલ્પમતિ છે, છતાં યોગમાર્ગના રહસ્યને જાણવાના અર્થી છે તેવા જીવોને મહાસમુદ્ર જેવાં યોગશાસ્ત્રોમાંથી તત્ત્વની પ્રાપ્તિ દુર્લભ જણાવાથી તેઓના ઉપકાર અર્થે ગ્રંથકારશ્રીએ દૃષ્ટ-ઇષ્ટ સાથે અવિરુદ્ધ એવા યોગમાર્ગનું ઉદ્ધરણ કરીને પ્રસ્તુત ગ્રંથમાં નિબંધન કરેલ છે, જેથી યોગ્ય જીવોને પારમાર્થિક યોગમાર્ગનું રહસ્ય પ્રાપ્ત થાય, જેના બળથી તે યોગ્ય જીવો હિત સાધી શકે, આ પ્રકારનું શાસ્ત્રરચના કરવાનું ગ્રંથકારશ્રીનું પ્રયોજન છે.

વળી કોઈ દર્શનના પક્ષપાત વગર સર્વ દર્શનનાં યોગશાસ્ત્રો તેનું ઉદ્ધારસ્થાન છે. **॥૫૨૬॥**

**અવતરણિકા :-**

**अथ शास्त्रकृदेव प्रणिधानमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે શાસ્ત્રકારના જ=હરિભદ્રસૂરિના જ, પ્રણિધાનને=પ્રસ્તુત ગ્રંથવિષયક પ્રણિધાનને, કહે છે -**

**શ્લોક :-**

**समुद्धृत्यार्जितं पुण्यं, यदेनं शुभयोगतः ।**
**भवान्ध्यविरहात्तेन, जनः स्ताद्योगलोचनः ।।५२७।।**

**અન્વયાર્થ :-**

**एनं=આનો=પ્રસ્તુત ગ્રંથોનો, समुद्धृत्य=સમુદ્ધાર કરીને=યોગશાસ્ત્રના મહાસમુદ્રમાંથી ઉદ્ધાર કરીને, शुभयोगतः=શુભયોગથી=યોગ્ય જીવોના ઉપકારના શુભ પરિણામથી, यद् पुण्यं अर्जितं=જે પુણ્ય પ્રાપ્ત કરાયું, तेन=તેનાથી, भवान्ध्यविरहात्=ભવના આન્ધ્યના વિરહને કારણે, योगलोचनः=યોગલોચનવાળો, जनः=લોક, स्तात्=થાવ.॥૫૨૭॥**

**શ્લોકાર્થ :-**

**આનો સમુદ્ધાર કરીને શુભયોગથી જે પુણ્ય પ્રાપ્ત કરાયું, તેનાથી ભવના આન્ધ્યના વિરહને કારણે યોગલોચનવાળો લોક થાવ. ॥૫૨૭॥**

**ટીકા :-**

**समुद्धृत्य=उद्धारस्थानाविसंवादेन पृथक्कृत्य, अर्जितम्=उपात्तम्, पुण्यं=शुभकर्म यद्विशिष्टस्वरूपम्, एनं=योगबिन्दुम्, शुभयोगतः=परोपकाररूपशुभव्यापारात्=प्रशस्तयोगात्, भवान्ध्यविरहाद्=रागद्वेषमोहलक्षणसंसारान्धभावस्य परिहारेण, तेन शुभकर्मणा=सुकृतेन, जनो=भव्यलोकः, स्ताद्=भवतु, कीदृश**

**इत्याह – योगलोचनः=यथावस्थितवस्तुपरिज्ञानावन्ध्यकारणत्वाद्योग एव लोचनम्-अक्षि यस्य स तथा । विरह इति च भगवतः श्रीहरिभद्रसूरेः स्वप्रकरणाङ्कप्रद्योतक इति ।।५२७।।**

**ટીકાર્થ :-**

**समुद्धृत्य ..... स तथा । સમુદ્ધાર કરીને=ઉદ્ધારસ્થાનની સાથે અવિસંવાદથી પૃથક્ કરીને, જે પુણ્ય=વિશિષ્ટ સ્વરૂપવાળું શુભકર્મ, પ્રાપ્ત કરાયું.**

શેનો ઉદ્ધાર કરીને ? એથી કહે છે –

**આ યોગબિંદુનો સમુદ્ધાર કરીને શુભયોગથી=પરોપકારરૂપ શુભ વ્યાપારથી=પ્રશસ્ત યોગથી, જે પુણ્ય પ્રાપ્ત કરાયું તે શુભકર્મથી=સુકૃતથી, ભવ-આન્ધ્યના વિરહને કારણે=રાગ-દ્વેષ-મોહસ્વરૂપ સંસારના અંધભાવના પરિહારને કારણે, લોક=ભવ્યલોક થાઓ, કેવો થાઓ ? એથી કહે છે – યોગલોચનવાળો થાવ,** યોગલોચનનો સમાસ સ્પષ્ટ કરે છે – **યથાવસ્થિત વસ્તુના પરિજ્ઞાનનું અવન્ધ્ય કારણપણું હોવાથી યોગ જ લોચન=આંખ છે જેને તે તેવો છે=યોગલોચનવાળો છે.**

**અને વિરહ એ પ્રમાણે=શ્લોકમાં વિરહ એ પ્રમાણે, શબ્દ છે તે ભગવાન હરિભદ્રસૂરિના સ્વપ્રકરણના ચિહ્નનો પ્રદ્યોતક છે.**

**'इति' શબ્દ ટીકાની સમાપ્તિ માટે છે. ।।પ૨૭।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ સર્વ દર્શનોનાં યોગશાસ્ત્રો સ્વભૂમિકા અનુસાર જાણવા યત્ન કરેલ અને તે સર્વ દર્શનનાં યોગશાસ્ત્રોરૂપી સમુદ્રમાં જે મોક્ષને અનુકૂળ યોગમાર્ગને કહેનારાં સુંદર વચનો છે તેને યોગ્ય જીવોના ઉપકાર માટે પૃથક્ કર્યાં, તે પૃથક કરવાના પ્રવૃત્તિકાળમાં ગ્રંથકારશ્રીનો જે શુભાશય હતો કે યોગ્ય જીવો આ યોગબિંદુ ગ્રંથના પરમાર્થને જાણીને યોગમાર્ગનું રહસ્ય પ્રાપ્ત કરે, જેથી તે યોગ્ય જીવો સુખપૂર્વક દુસ્તર એવા સંસારસમુદ્રથી પારને પામે. આ પ્રકારના ગ્રંથકારશ્રીના શુભાશયને કારણે જે પુણ્ય અર્જન થયું છે તે પુણ્યના ફળ સ્વરૂપે ગ્રંથકારશ્રી પ્રણિધાન કરે છે કે આ ગ્રંથના બળથી તેવા યોગ્ય જીવો ભવની પ્રાપ્તિના કારણીભૂત જે આન્ધ્યભાવ છે તેનો વિરહ પ્રાપ્ત કરે, જેથી યોગ્ય જીવોને સંસારના વાસ્તવિક સ્વરૂપના પરિજ્ઞાનની પ્રાપ્તિ થાય અને સંસારના ઉચ્છેદના વાસ્તવિક સ્વરૂપના પરિજ્ઞાનની પ્રાપ્તિ થાય, તેવા સ્વરૂપવાળા યોગચક્ષુને=મોક્ષમાર્ગને જોનાર નિર્મળ દૃષ્ટિને, તે જીવો પ્રાપ્ત કરે, આ પ્રકારનું ગ્રંથના નિર્માણથી યોગ્ય જીવોને ફળ પ્રાપ્ત થાય તેવો અભિલાષ ગ્રંથકારશ્રીએ કરેલ છે. **।।પ૨૭।।**

## યોગબિંદુ સમાપ્ત

औचित्याद् वृत्तयुक्तस्य, वचनात्तत्त्वचिन्तनम् ।
मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ।।

✻

ઔચિત્યથી વ્રતયુક્ત જીવને અત્યંત
મૈત્ર્યાદિ સારવાળું વચનથી તત્ત્વચિંતન
તેના જાણનારાઓ અધ્યાત્મ કહે છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in